॥ પૂર્ણ પરમાત્માને નમઃ ॥

# જીવન જીવવાનો રસ્તો

## (Way of Living)

## जीने की राह


**લેખક**

**સંત રામપાલદાસ**

**શિષ્ય**

**સ્વામી રામદેવાનંદજી મહારાજ**


***જીવ હમારી જાતિ હૈ, માનવ** (Mankind) **ધર્મ હમારા ।***

***હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઈ, ધર્મ નહીં કોઇ ન્યારા ॥***

## અવશ્ય જુઓ

### સંત રામપાલજી મહારાજના મંગલ પ્રવચન

ઉપર રાત્રે 07-30 થી 08-30

ઉપર બપોરે 02-00 થી 03-00

ઉપર સવારે 06-00 થી 07-00

ઉપર રાત્રે 08-30 થી 09-30

ઉપર રાત્રે 08-00 થી 09-00

ઉપર રાત્રે 09-30 થી 10-30

ઉપર રાત્રે 09-00 થી 10-00

ઉપર બપોરે 01-30 થી 02-30

ઉપર રાત્રે 07-30 થી 08-30

ઉપર સવારે 05-55 થી 06-55

ઉપર સવારે 05-30 થી 06-30

**ધર્માર્થ મૂલ્ય : 20**

**લેખક : સંત રામપાલજી મહારાજ**

**પ્રકાશક : પ્રચાર પ્રસાર સમિતિ તથા સર્વ ભક્તજનો**

**સતલોક આશ્રમ, હિસાર-ટોહાના રોડ, બરવાલા જિલ્લો : હિસાર (હરિયાણા) ભારત**

Printing Press :-

**Kabir Printers** C-117, Sector-3, Bawana Industrial Area,New Delhi.

**સંપર્ક સૂત્ર : 08222880541, 08222880542, 08222880543, 08222880544, 08222880545**

**Visit us at : www.jagatgururampalji.org**

**e-mail : jagatgururampalji@yahoo.com**

# વિષય સૂચિ

| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| 01✪ | ભૂમિકા | VII |
| 02✪ | બે શબ્દો | 01 |
| 03✪ | માનવજીવનની આમ (સાધારણ) ધારણા | 05 |
| 04✪ | કથા - માર્કણ્ડેય ઋષિ તથા અપ્સરાનો સંવાદ | 16 |
| 05✪ | આજે ભાઈને ફુરસદ (નવરાશ) | 23 |
| 06✪ | ભક્તિ ન કરવાથી નુકસાનનું અન્ય વિવરણ | 28 |
| 07✪ | ભક્તિ ન કરવાથી બહુ જ દુઃખ પડશે | 32 |
| 08✪ | ભક્તિ માર્ગ પર યાત્રા | 33 |
| 09✪ | વિવાહ કેવી રીતે કરવા ? | 34 |
| 10✪ | પ્રેમ પ્રસંગ કેવા હોય છે ? | 37 |
| 11✪ | ભગવાન શિવ દ્વારા પોતાની પત્નીનો ત્યાગ કરવો | 37 |
| 12✪ | કૃતઘ્ની પુત્ર | 42 |
| 13✪ | સંતાનો વગરના ! સાવધાન | 43 |
| 14✪ | વિવાહ (લગ્ન)માં અજ્ઞાનીઓ નાચે છે | 44 |
| 15✪ | સંતોની શિક્ષા (સલાહ) | 44 |
| 16✪ | વિવાહ કર્યા પછીની યાત્રા | 47 |
| 17✪ | વિશેષ (ખાસ) મંથન | 51 |
| 18✪ | ચરિત્રવાનની કથા | 54 |
| 19✪ | સત્સંગીઓ (સંગત)નો પ્રભાવ અને પ્રભુનો વિશ્વાસ | 56 |
| 20✪ | કબીર પરમેશ્વર દ્વારા કાશી શહેરમાં ભોજન-ભંડારો આપવો | 60 |
| | ● એક બીજો ચમત્કાર જે તે વખતે ભંડારામાં થયો | 63 |
| 21✪ | હરલાલ જાટની કથા | 66 |
| 22✪ | તંબાકુ ખાવી મહાપાપ છે | 70 |
| 23✪ | તંબાકુની ઉત્પત્તિ કથા | 70 |
| 24✪ | તંબાકુ વિશે અન્ય વિચારો | 75 |
| 25✪ | તંબાકુથી ગધેડા-ઘોડા પણ નફરત કરે છે | 77 |
| 26✪ | નશો નાશ કરાવે છે | 78 |
| 27✪ | માતા-પિતાની સેવા તથા આદર કરવો પરમ (શ્રેષ્ઠ) કર્તવ્ય | 84 |
| 28✪ | પિતા બાળકોની શક્ય એટલી ભૂલો માફ કરી દે છે | 86 |

| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| 29✪ | સત્સંગથી ઘરનો ઝઘડો (કલેશ) સમાપ્ત થાય છે | 93 |
| 30✪ | પુહલો બાઈની શિખામણ | 96 |
| 31✪ | વર્તમાન સમયની કેટલીક સત્ય કથાઓ | 104 |
| | ● ભક્ત સુરેશદાસના ઉજડેલ પરિવારને વસાવ્યો | 104 |
| | ● સત્સંગ ના સાંભળવાથી સર્વનાશ થયો | 107 |
| | ● સત્સંગમાં જવાથી મોટી આપત્તિઓ પણ ટળી જાય છે | 108 |
| | ● મીરાંબાઈને ઝેરથી મારવાનો વ્યર્થ પ્રયત્ન | 111 |
| | ● મીરાંબાઈને સતગુરૂનું શરણું મળ્યું | 112 |
| | ● ચોર ક્યારેય ધનવાન નથી થતો | 120 |
| | ● સાંસારિક ચીં-ચૂં (શોરબકોર) માં જ ભક્તિ કરવી પડશે | 124 |
| | ● ચૌધરી જીતા જાટને જ્ઞાન થયું | 127 |
| | ● વેશ્યાનો ઉદ્ધાર | 130 |
| | ● રંકા-બંકાની કથા | 133 |
| | ● કબીરજી દ્વારા શિષ્યોની પરીક્ષા લેવી | 136 |
| | ● ખૂની હાથી દ્વારા કબીર પરમેશ્વરને મારવાની કુચેષ્ટા | 142 |
| 32✪ | દીક્ષા લીધા બાદ | 144 |
| 33✪ | પરમાત્મા માટે કશું પણ અસંભવ નથી | 144 |
| 34✪ | એક લેવા (લેણદાર) અને એક દેવા (દેણદાર) દૂતં | 151 |
| 35✪ | કથની અને કરણીમાં અંતર ઘાતક છે | 153 |
| 36✪ | સત્સંગથી મળ્યો ભક્તિનો માર્ગ (રસ્તો) | 154 |
| 37✪ | મનીરામ કથાવાચક પંડિતની કરણી | 160 |
| 38✪ | રાજા પરીક્ષિતનો ઉદ્ધાર | 162 |
| 39✪ | પંડિતની પરિભાષા (વ્યાખ્યા) | 165 |
| 40✪ | સુદામાજી પંડિત હતા | 166 |
| 41✪ | અનુરાગ સાગર અધ્યાયનો સારાંશ | 167 |
| | ● ભક્તનો સ્વભાવ કેવો હોય ? | 174 |
| | ● મન કેવી રીતે પાપ-પુણ્ય કરાવે છે ? | 180 |
| | ● ભક્તના 16 ગુણ (આભૂષણ) | 181 |
| | ● કાળનો જીવ સતગુરૂનું જ્ઞાન નથી માનતો | 184 |
| | ● હંસ (ભક્ત) ના લક્ષણ | 186 |

| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| | ● જ્ઞાની એટલે કે સત્સંગીના લક્ષણ | 186 |
| | ● ભક્ત પરમાર્થી હોવો જોઇએ | 186 |
| 42✪ | દીક્ષા લઈને નામનું સ્મરણ કરવું અનિવાર્ય (ફરજિયાત) છે | 189 |
| | ● દસ મુકામી રેખતા | 193 |
| | ● ભક્ત જતી તથા સતી હોવો જોઇએ | 196 |
| 43✪ | ગરૂડ બોધ અધ્યાયનો સારાંશ | 206 |
| 44✪ | હનુમાન બોધ અધ્યાયનો સારાંશ | 218 |
| 45✪ | આપણે કાળની જાળમાં કેવી રીતે ફસાયા ? | 233 |
| 46✪ | કબીર પરમેશ્વરજીની કાળ સાથે વાર્તા | 233 |
| | ● કાળ નિરંજન દ્વારા કબીરજી પાસેથી ત્રણેય યુગોમાં ઓછા જીવ (આત્મા) લઈ જવાનું વચન લેવું | 237 |
| 47✪ | તેર (13) ગાડી ભરેલા કાગળોને લખવા | 245 |
| 48✪ | કળયુગ વર્તમાન સમયે કેટલો વીતી ચુક્યો છે | 250 |
| 49✪ | ગુરૂ વગર મોક્ષ નથી | 251 |
| 50✪ | પૂર્ણ ગુરૂના વચનની શક્તિથી જ ભક્તિ થાય છે | 253 |
| 51✪ | વાસુદેવની પરિભાષા (વ્યાખ્યા) | 263 |
| 52✪ | ભગવદ્ ગીતા અનુસાર ''ભક્તિ કયા ભગવાનની કરવી જોઈએ ?'' | 271 |
| 53✪ | પૂજા તથા સાધનામાં અંતર | 288 |
| 54✪ | ઋષિ દુર્વાસા દ્વારા ગુનાની માફીની - ભીખ માંગવી (કગરવું) | 296 |
| 55✪ | સૃષ્ટિ રચના | 306 |
| | ● આત્માઓ કાળની જાળમાં કેવી રીતે ફસાઈ ? | 310 |
| | ● શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શંકરજીની ઉત્પત્તિ | 315 |
| | ● ત્રણે ગુણ શું છે ? પ્રમાણ સહિત (સાથે) | 316 |
| | ● કાળ (બ્રહ્મ)ની અવ્યક્ત રહેવાની પ્રતિજ્ઞા | 318 |
| | ● બ્રહ્માનો પોતાના પિતાની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન | 321 |
| | ● માતા (દુર્ગા) દ્વારા બ્રહ્માને શ્રાપ આપવો | 322 |
| | ● વિષ્ણુનું પોતાના પિતાની પ્રાપ્તિ માટે પ્રસ્થાન તથા માતાના આશીર્વાદ પ્રાપ્ત કરવા | 323 |
| | ● પરબ્રહ્મના સાત શંખ બ્રહ્માંડોની સ્થાપના | 332 |
| | ● પવિત્ર અથર્વવેદમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ | 334 |

| ક્રમ | વિવરણ | પૃષ્ઠાંક |
|---|---|---|


● પવિત્ર ઋગ્વેદમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 339
● પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 346
● પવિત્ર શિવ મહાપુરાણમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 348
● શ્રીમદ્ ભગવત ગીતાજીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 349
● પવિત્ર બાઈબલ તથા પવિત્ર કુરાન શરીફમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 352
● પૂજ્ય કબીર પરમેશ્વર (કવિર્ દેવ)જીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 354
● આદરણીય ગરીબદાસ સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 357
● આદરણીય નાનક સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ 364
● અન્ય સંતો દ્વારા સૃષ્ટિ રચનાની દંતકથા 369
56✪ ભક્તિ મર્યાદા 371
● દીક્ષા લેવાવાળા વ્યક્તિઓ વિશે આવશ્યક જાણકારી 371
● કર્મકાંડના વિશે સત્ય કથા 380
57✪ શાસ્ત્રાનુકૂળ ભક્તિથી થયેલા ભક્તોને લાભ : 388
● ઉજડેલો પરિવાર વસ્યો 388
● કિડની સારી કરવી અને શેતાનને માણસ બનાવવો 390
● ભૂતો તથા રોગો દ્વારા સતાવેલ પરિવારને આબાદ કરવો 393
● ભક્ત સતીશની આત્મકથા 396
● ભક્ત બહીદ ખાંની આત્મકથા 398
● ભક્તમતિ તારા કટ્ટા પર અસીમ કૃપા થઈ 399
● ગુરૂકૃપાની મહિમા 400
● 11000 વોલ્ટેજના કરંટવાળા તારથી છોડાવવો 403
● ભક્ત દીપક દાસના પરિવારની આત્મકથા 406
● પરમેશ્વરની અસીમ કૃપા 410


❑ ❑ ❑

# ✪ ભૂમિકા

'જીવવાનો રસ્તો' પુસ્તક ઘરે ઘરે રાખવા યોગ્ય છે. આને વાંચવાથી તથા તેનો અમલ કરવાથી આ લોક તથા પરલોક બંનેમાં સુખી રહેશો. પાપોથી બચશો, ઘરના ઝઘડા સમાપ્ત થઈ જશે. દીકરો-વહુ પોતાના માતા-પિતાની વિશેષ (ખાસ) સેવા કર્યા કરશે. ઘરમાં પરમાત્માનો નિવાસ થશે. ભૂત-પ્રેત, પિતૃ-ભૈરવ-વૈતાળ જેવી આત્માઓ તે પરિવારની આસપાસ નહીં આવી શકે. દેવતાઓ તે ભક્ત પરિવારની સુરક્ષા કરે છે. તે ભક્તનું અકાળે મૃત્યુ નહિ થાય જે આ પુસ્તકને વાંચીને દીક્ષા ગ્રહણ કરીને મર્યાદામાં રહીને સાધના કરતો રહેશે.

આ પુસ્તકને વાંચવાથી ઉજડી (વિખરાઈ) ગયેલા પરિવારો ફરીથી વસી જશે. જે પરિવારમાં આ પુસ્તક રહેશે, એને વાંચશે. જેના કારણે નશો આપોઆપ છૂટી જશે કારણ કે આમાં એવાં પ્રમાણ છે કે જે આત્માને સ્પર્શી જાય છે. દારૂ, તંબાકુ તથા બીજા નશા પ્રત્યે એવી ધૃણા થઈ જશે કે એનું નામ લેવાથી પણ રૂહ (આત્મા) કંપી ઊઠ્યા કરશે. સમગ્ર પરિવાર સુખી જીવન વીતાવશે. જીવનનો પ્રવાસ આસાનીથી કપાશે કારણ કે જીવનનો રસ્તો સાફ (ચોખ્ખો) થઈ જાય છે.

આ પુસ્તકમાં, પૂર્ણ પરમાત્મા કોણ છે ? તેમનું નામ શું છે ? તેમની ભક્તિ કેવી છે ? બધી જાણકારી મળશે. માનવજીવન સફળ થઈ જશે. પરિવારમાં કોઈપણ પ્રકારની બુરાઈ (ખરાબી) નહિ રહે. પરમાત્માની કૃપા કાયમ બનેલી રહેશે. જીવવાનો રસ્તો ઉત્તમ મળવાથી યાત્રા આસાન થઈ જશે. જે આ પુસ્તકને ઘરમાં નહિ રાખે, તે જીવનનો ઉત્તમ રસ્તો ન મળવાથી સંસારરૂપી વનમાં ભટકીને અનમોલ જીવન નષ્ટ કરશે. પરમાત્માના ઘરે જઈને પશ્ચાત્તાપ સિવાય બીજું કંઈ પણ હાથ નહિ લાગે. તે વખતે આપને ખબર પડશે કે જીવવાનો રસ્તો ઉત્તમ ન મળવાથી આખું જીવન બરબાદ થઈ ગયું. પછી આપ પરમાત્માને વિનંતી કરશો કે હે પ્રભુ ! એક માનવ જીવન બીજું બક્ષી દો. હું સાચા મનથી સત્ય ભક્તિ કરીશ. જીવનનો સાચો માર્ગ શોધવા માટે સત્સંગમાં જયા કરીશ. આજીવન ભક્તિ કરીશ. પોતાનું કલ્યાણ કરાવીશ. તે પરમાત્માના દરબાર (કાર્યાલય) માં આપના પૂર્વ જન્મોની ફિલ્મ ચલાવવામાં આવશે જેમાં આપ દરેક વાર જ્યારે જ્યારે માનવ

જીવન પ્રાપ્ત થયું હતું, ત્યારે આપે આજ પ્રમાણે કહ્યું હતું કે એક માનવ જીવન બીજું આપી દો, ક્યારેય બુરાઈ નહિ કરું. આજીવન ભક્તિ પણ કરીશ. ઘરનું કામકાજ ગુજારા માટે પણ કરીશ. પૂર્ણ સતગુરૂથી દીક્ષા લઈને કલ્યાણ કરાવીશ. જે ભૂલ આ વખતના માનવજીવનમાં થઈ છે તે ક્યારેય ફરીવાર (રિપીટ) નહિ કરું.

પછી પરમેશ્વરજી કહે છે કે પોતાની જાતને મૂર્ખ બનાવી જીવન નષ્ટ કર્યું અને પાપોની ગાડી ભરી લઈને ફરી સામે આવીને ઊભો છે, તું મને પણ મૂર્ખ બનાવવા માંગે છે. ચાલ નરકમાં. ફરી ચોર્યાસી લાખ પ્રકારના પ્રાણીઓના શરીરમાં ચક્કર લગાવ. જ્યારે કોઈ વખતે માનવ (સ્ત્રી-પુરૂષ)નું શરીર મળે, સાવધાન થઈને સંતોનો સત્સંગ સાંભળજે અને પોતાનું કલ્યાણ કરાવજે.

વાચકજનોને નિવેદન છે કે આ પવિત્ર પુસ્તકને વાંચવાથી આપની એકસો એક (**101**) પેઢી લોક તથા પરલોકમાં સુખી રહેશે. આને પરમેશ્વરનો આદેશ માનીને સમગ્ર પરિવાર વાંચે. એક વાંચે તથા અન્ય સાંભળે અથવા એકથી વધારે પુસ્તક લઈને જુદા જુદા લોકો દરરોજ વાંચે. આમાં લખેલ દરેક પ્રકરણને સત્ય માને. મજાકમાં ન લે. આ કોઈ સાંગી (બહુરૂપી-નાટકબાજ)ની બનાવેલ નથી, આ પરમેશ્વરના ગુલામ રામપાલદાસ દ્વારા હૃદયથી માનવ કલ્યાણના ઉદ્દેશ્યથી લખવામાં આવેલ છે. લાભ ઊઠાવો.

॥ સત સાહેબ ॥

લેખક
દાસોનો દાસ રામપાલદાસ
પુત્ર/શિષ્ય સ્વામી રામદેવાનંદજી
સતલોક આશ્રમ બરવાલા
જિ. હિસાર - હરિયાણા (ભારત)

●

# ✪ બે શબ્દ

પ્રાણીના જીવનની યાત્રા જન્મથી પ્રારંભ (શરૂ) થઈ જાય છે. તેની મંઝિલ નિર્ધારિત (નકકી કરેલી) હોય છે. અહીં આ પવિત્ર પુસ્તકમાં માનવજીવનની યાત્રાના માર્ગ ઉપર વિસ્તારપૂર્વક વર્ણન છે. માનવ (સ્ત્રી/પુરૂષ) ની મંઝિલ મોક્ષની પ્રાપ્તિ છે. તેના માર્ગમાં પાપ તથા પુણ્ય કર્મોના ખાડા તથા કાંટાઓ છે. આપજીને આશ્ચર્ય થશે કે પાપ કર્મ તો બાધક હોય છે, પુણ્ય તો સુખદાયી હોય છે. આને ખાડા કહેવા યોગ્ય નથી આનું સંક્ષિપ્ત (ટૂંકમાં) વર્ણનઃ-

પાપરૂપી ખાડા તથા કાંટાઃ- માનવ જીવન પરમાત્માની શાસ્ત્રવિધિ અનુસાર સાધના કરીને મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રાપ્ત થાય છે. પાપ કર્મનું કષ્ટ (દુઃખ) ભક્તિમાં અવરોધ કરે છે. ઉદાહરણ રૂપે પાપ કર્મના કારણે શરીરમાં રોગ થઈ જવો, પશુધનમાં તથા ખેતીના પાકમાં નુકસાન થઈ જવું. ઋણ (દેવું) વધારી દે છે. દેવાદાર વ્યક્તિ દિવસ-રાત ચિંતિત રહ્યા કરે છે. તે ભક્તિ નથી કરી શકતો. પૂર્ણ સતગુરૂથી દીક્ષા લીધા પછી જ પરમેશ્વર તે ભક્તના ઉપરોક્ત દુઃખો સમાપ્ત કરી નાંખે છે. ત્યારે ભક્ત પોતાની ભક્તિ વધુ શ્રદ્ધાથી કરવા લાગે છે. પરમાત્મા ઉપર વિશ્વાસ વધે છે, દૃઢ થાય છે. પરંતુ ભક્ત એ પરમાત્મા પ્રતિ (ઉપર) સમર્પિત થવું જોઈએ. જેવી રીતે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય કોઈ પુરૂષ સાથે કામપૂર્તિ **(Sexual Satisfaction)** માટે સ્વપ્નમાં પણ નથી વિચારતી, ચાહે તે ગમે તેટલો સુંદર કેમ ના હોય. તેનો પતિ હંમેશા હરસંભવ પ્રયત્ન કરીને પોતાની પત્નીને દરેક સુવિધાઓ આપવાનો પ્રયત્ન કરે છે. વિશેષ પ્રેમ કરે છે. આ જ પ્રમાણે દીક્ષા લીધા પછી આત્માનો સંયોગ (મિલન) પરમાત્માથી થાય છે. ગુરૂજી આત્માનો વિવાહ પરમાત્માથી કરાવી દે છે. અગર તે માનવ શરીરધારી આત્મા પોતાના પતિ પરમેશ્વર પ્રતિ (ઉપર) પતિવ્રતાની જેમ સમર્પિત રહે છે એટલે કે પૂર્ણ પરમાત્મા સિવાય બીજા કોઈ દેવી-દેવતાઓથી મનોકામનાની પૂર્તિ નથી ઈચ્છતો તો તેનો પતિ પરમેશ્વર તેના જીવન માર્ગમાં બાધક બધા પાપ કર્મોના કાંટાઓને બુહાર (સાફ કરી) દે છે. તે આત્માનો જીવવાનો રસ્તો (રાહ) સુગમ (સરળ) અને અડચણ વગરનો થઈ જાય છે. તેને મંઝિલ સરળતાથી મળી જાય છે. તે આત્મા માટે પરમાત્મા શું કરે છે ? તેને સંત ગરીબદાસજીએ પરમેશ્વર કબીરજી પાસેથી પ્રાપ્ત કરેલા જ્ઞાનને આ પ્રમાણે બતાવ્યું છે :-

*ગરીબ, પતિવ્રતા જમીં પર, જ્યોં-જ્યોં ધરિ હૈ પાઁવૈ ।*
*સમર્થ ઝાડુ દેત હૈ, ના કાઁટા લગ જાવૈ ।।*

**કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કેઃ-**

*કબીર, સાધક કે લક્ષણ કહૂઁ, રહૈં જ્યોં પતિવ્રતા નારી ।*
*કહ કબીર પરમાત્મા કો, લગૈ આત્મા પ્યારી ।।*
*પતિવ્રતા કે ભક્તિ પથ કો, આપ સાફ કરે કરતાર ।*
*આન ઉપાસના ત્યાગ દે, સો પતિવ્રતા પાર ।।*

**ભક્તિ કરવાથી પાપનો નાશ થઈ જાય છે જે ભક્તિના માર્ગ (રાહ)માં અવરોધક બને છે.**

*કબીર, જબ હી સત્યનામ હ્રદય ધરો, ભયો પાપ કો નાશ ।*
*જૈસે ચિંગારી અગ્નિ કી, પડૈ પુરાને ઘાસ ।।*

**એટલા માટે પૂર્ણ ગુરૂથી દીક્ષા લઈને દરેક સ્ત્રી-પુરૂષ, બાળક (ત્રણ વર્ષનું થયા પછી) વૃદ્ધ - યુવાને ભક્તિ અવશ્ય કરવી જોઈએ.**

**✳ પુણ્ય પણ ભક્તિ માર્ગમાં બાધક છેઃ-**

**પૂર્વ જન્મના પુણ્યોના કારણે ઘરમાં ધન (પૈસો) હોય છે. સર્વ સુવિધાઓ હોય છે. કોઈને રાજ પદ પ્રાપ્ત થાય છે, જે ભક્તિમાં બાધક થાય છે. તે સુખ તેને પરમાત્માથી કોસોં (કેટલાય કિલોમીટર) દૂર કરી દે છે. આવું સુખ પણ જીવનના રસ્તા (રાહ)માં પથ્થરા (અવરોધક) છે. પરમાત્મા પ્રાપ્તિની મંઝિલને દૂર કરી દે છે.**

*કબીર, સુખ કે માથે પથ્થર પડો, નામ હ્રદય સે જાવૈ ।*
*બલિહારી વા દુઃખ કે, જો પલ-પલ નામ રટાવૈ ।।*

**એક ધની (ધનવાન) તથા રાજ પદ પ્રાપ્ત (રાજકીય/રાજકારણી) વ્યક્તિને પરમાત્માની કથા સંભળાવાનો પ્રયત્ન કરીને જુઓ. તેની બિલકુલ રૂચિ (ઇચ્છા) નહિ બને. બીજી તરફ પાપ કર્મોનો માર ભોગવી રહેલ વ્યક્તિને પરમાત્માની ચર્ચા સંભળાવો. તેને બતાવો કે પરમાત્મા સર્વ દુઃખ દૂર કરી દે છે. આપ પરમાત્માની ભક્તિ કર્યા કરો. જુઓ, આપણા ગામનો અમુક વ્યક્તિ પેલા સંત પાસેથી દીક્ષા લઈને સુખી થઈ ગયો. તે પણ આપની જેમ જ દુઃખમાં જ હતો. તો તે દુઃખી વ્યક્તિ ભક્તિ પર લાગી જાય છે. તેના માટે તે દુઃખ વરદાન બની ગયું. જે સુખી છે, તેને કેવી રીતે સમજાવવો, તેની પાસે તો પુણ્યોની મલાઈ પ્રાપ્ત છે. તે ધની વ્યક્તિ પોતાના પુણ્યોને ખાઈ-ખર્ચીને ખાલી થઈને તથા પોતાના પાપોની માલગાડી ભરીને મૃત્યુ પછી પરમાત્માના દરબારમાં મોંઢુ ઢીલું કરીને, ગભરાયેલો થઈને જશે અને કૂતરા-ગધેડા, ભૂંડનો જન્મ પ્રાપ્ત કરશે. આનાથી વિરુદ્ધ દુઃખી-નિર્ધન વ્યક્તિ પરમાત્માની ભક્તિ કરીને દાન-ધર્મ કરીને વર્તમાન જીવનમાં પણ**

સુખી થઈ જશે. પાપ કર્મોથી બચીને પુણ્યોની માલગાડી ભરીને ભક્તિના ધનથી ધની (શાહુકાર) બનીને પરમાત્માના દરબારમાં નિર્ભય થઈને જશે. પરમાત્મા તેને છાતી સરસો ચાંપશે. તે ભક્તને મોક્ષ આપીને કાયમ માટે સુખી કરી દેશે.

અગર ધનવાન-રાજ્યપદ પ્રાપ્ત સુખી વ્યક્તિ પણ ભક્તિ માર્ગ પર લાગી જાય તો તેનું કાર્ય બન્યું-બનાવેલું તૈયાર જ છે, મોક્ષમાં કોઈ અડચણ (તકલીફ) નહિ આવે.

**પ્રશ્નઃ- એક સજ્જન પુરૂષે કહ્યું કે હું કોઈ નશો નથી કરતો, દરેક બુરાઈઓથી દૂર છું. બીજાની બેન-બેટીઓને પોતાની સમજુ છું. કોઈ પાપ નથી કરતો. મારે ભક્તિની કોઈ જરૂરિયાત નથી. સત્સંગમાં એવા એવા સ્ત્રી-પુરૂષોને જતા જોયા છે જેઓ દરેક બુરાઈ કરતા હતા, બદનામ હતા.**

ઉત્તરઃ- જેમ કે બે એકર જમીન છે. એક એકર જમીનને ખેડીને સાફ-સુથરી કરીને સરસ બનાવી દીધી છે એટલે કે તેના ઝાડવા-ઝાંખરાં તથા ઘાસ કાપીને હળ અથવા ટ્રેક્ટરથી બાહ (ગુડાઈ/ખેડી) કરીને સાફ-સુથરી કરી રાખી છે અને બીજ વાવ્યું નથી.

બીજી એકર જમીનમાં બધા પ્રકારનું નીંદામણ, ઝાડ-ઝાંખરા તથા આડુ અવળું ઊભું ઘાસ છે તો બંને વ્યર્થ જ છે. અગર બીજી એકર જમીનને કોઈએ સફાઈ કરીને પછી ખેડીને તેમાં ઘઉંની વાવણી કરી દીધી અને પહેલી સાફ કરેલી એકર જમીનમાં કોઈ પણ વાવણી ના કરી તો બીજી જમીન પેલી પહેલાવાળી જમીનથી કેટલાય ગણી ઉપયોગી (સારી) છે જેને સાફ કરીને ખેડીને રાખી મૂકી, કોઈ બીજની વાવણી નથી કરી.

એટલા માટે અગર આપ વિકાર-બુરાઈ વગરના છો તો આપજીએ ભક્તિ બીજ તો વાવવું પડશે, ત્યારે જ આપજીને શરીરરૂપી જમીનનો લાભ થશે.

જે બુરાઈ કરતા હતા, તેમને જ્ઞાન થયું અને બુરાઈ ત્યાગીને ભક્તિ કરે છે તો તેમણે પોતાનો જીવવાનો રસ્તો બદલી લીધો, સાફ કરી લીધો, મંઝિલ નજીક થઈ ગઈ.

આપ આગળ વાંચશો કે એક વેશ્યાએ કબીર પરમાત્માજીનો સત્સંગ સાંભળ્યો અને પોતાનો રાહ (રસ્તો) બદલી લીધો અને નામ દીક્ષા લઈને સત્સંગમાં જવા લાગી. નગરના લોકોને આ ના ગમ્યું. અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે કબીરના સત્સંગમાં બદનામ સ્ત્રીઓ જાય છે. આ સારા સંત નથી. બધા આવા જ પ્રકારના લોકો સ્ત્રીઓ (લુગાઈઓ) એમના સત્સંગમાં જાય છે. પોતાની બહેન-બેટીઓને ત્યાં બિલકુલ ન જવા દેતા. લોકોના આવા

વિચાર સાંભળીને કેટલાક ભક્તો ગુરૂજીને ગામવાળાઓની ભાષા બોલવા લાગ્યા. ત્યારે પરમેશ્વર કબીરજીએ બતાવ્યું કેઃ-

*કુષ્ટી હો સંત બંદગી કીજિએ ।*

*જે હો વૈશ્યા કો પ્રભુ વિશ્વાસ, ચરણ ચિત દીજિએ ॥*

※ **ભાવાર્થઃ-** અગર કોઈ ભક્તને કુષ્ટ રોગ છે અને તે ભક્તિ કરવા લાગ્યો છે તો ભક્ત સમાજે વિચારવું જોઈએ કે તેનાથી ઘૃણા ના કરે. તેને પ્રણામ કરે જેવી રીતે બીજા ભક્તોને કરીએ છીએ. તેનું સન્માન કરવું જોઈએ. તેનો ઉત્સાહ વધારવો જોઈએ. ભક્તિ કરવાથી તેનું જીવન સફળ થઈ જશે, રોગ પણ મટી જશે. આ જ પ્રમાણે કોઈ વેશ્યા બેટી-બહેનને પ્રેરણા બની છે ભક્તિ કરવા માટેની, સત્સંગમાં આવવાની તો તેને પરમાત્મા ઉપર વિશ્વાસ થયો છે. તે સત્સંગના વિચાર સાંભળશે તો બુરાઈ પણ છૂટી જશે. તેનું કલ્યાણ થઈ જશે. સમાજમાંથી બુરાઈ નીકળીજશે. અગર તે સત્સંગમાં આવશે જ નહિ તો તેને પોતાના પાપ કર્મોનો અહેસાસ (અનુભવ) કેવી રીતે થશે ? જેમ કે મેલું કપડું હોય તે પાણી તથા સાબુના સંપર્કમાં નહિ આવે તો સ્વચ્છ કેવી રીતે થશે ? એટલા માટે આવી બદનામ સ્ત્રી પણ ભક્તિ કરે છે તો તેને પણ વિશેષ આદરથી બોલાવો જેથી તેને સત્સંગમાં આવવામાં સંકોચ ના થાય. અગર તેને રોકશો તો આપ પાપના ભાગી બની જશો. આનાથી આગળની કથા આપ આ જ પુસ્તક ‘જીવવાનો રસ્તો’ ના પૃષ્ઠ 135 પર વાંચજો જેનું શીર્ષક છે : “કબીરજી દ્વારા શિષ્યોની પરીક્ષા”.

શ્રીમદ્ ભગવત ગીતાના અધ્યાય 9 ના શ્લોક 30માં આ જ પ્રમાણ છે. લખ્યું છે કે કોઈ અતિશય દુરાચારી વ્યક્તિ પણ છે. અગર તે વિશ્વાસની સાથે પરમાત્માની ભક્તિ કરવા લાગી ગયો છે તો તેને મહાત્મા તુલ્ય માનવો જોઈએ. તે સંતોના વિચાર સાંભળીને સુધરી જશે અને પોતાનું કલ્યાણ કરાવી લેશે. એટલા માટે માનવ શરીરધારી પરમાત્મા યુક્ત પ્રાણીએ પરમાત્માની ભક્તિ તથા શુભ કર્મ, દાન-ધર્મ ગુરૂજીના શરણમાં આવીને અવશ્ય કરવા જોઈએ.

પૂજ્ય કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કેઃ-

*કબીર, માનુષ જન્મ દુર્લભ હૈ, મિલે ન બારં-બાર ।*

*તરવર સે પત્તા ટૂટ ગિરે, બહુર ના લાગે ડાર ॥*

※ **ભાવાર્થઃ-** કબીર પરમાત્માજીએ સમજાવ્યું છે કે હે માનવ શરીરધારી પ્રાણી ! આ માનવ જન્મ (સ્ત્રી/પુરૂષ) બહુજ કઠિનતાથી (ખૂબ તકલીફો-પીડા-યાતનાઓ વેઠ્યા પછી) યુગો પશ્ચાત (પછી) પ્રાપ્ત થાય છે. આ વારંવાર નથી મળતો. આ શરીર રહે ત્યાં સુધી શુભ કર્મ તથા

**પરમાત્માની ભક્તિ કર, અન્યથા (નહીં તો) આ શરીર સમાપ્ત થઈ ગયું તો આપ પુનઃ આજ સ્થિતિ એટલે કે માનવશરીર પ્રાપ્ત કરી નહિ શકો. જેમ કે વૃક્ષ ઉપરથી પાંદડું તૂટ્યા પછી એ જ ડાળી ઉપર ફરી વાર નથી લાગતું.**

**એટલા માટે આ મળેલ માનવશરીરના અવસરને વ્યર્થ ના જવા દે. કબીરજીએ પછી કહ્યું છે કે:-**

*કબીર, માનુષ જન્મ પાય કર, નહીં રટૈં હરિ નામ ।*
*જૈસે કુંઆ જલ બિના, બનવાયા ક્યા કામ ।।*

**※ ભાવાર્થઃ- માનવજીવનમાં અગર ભક્તિ નથી કરતો તો તે જીવન એવું છે જેમ કે સુંદર કૂવો બનાવીને રાખ્યો છે. અગર એમાં પાણી નથી અથવા પાણી છે તો ખારું (પીવાલાયક નથી) છે, તેનું પણ નામ ભલે જ કૂવો છે પરંતુ ગુણ કૂવા (Well) વાળા નથી. આ જ પ્રમાણે મનુષ્ય ભક્તિ નથી કરતો તો તેને પણ માનવ કહીએ છીએ, પરંતુ માનવવાળા ગુણ નથી હોતા.**

**પૂર્વ જન્મોંમાં કરેલા શુભ-અશુભ કર્મો તથા ભક્તિના કારણે કોઈ સ્વસ્થ (નિરોગી) છે. તે અચાનક રોગી થઈ જાય છે અને લાખો રૂપિયા સારવારનો ખર્ચ કરીને મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. કોઈ જન્મથી રોગી હોય છે, આજીવન દુઃખો ભોગવીને મરી જાય છે. કોઈ નિર્ધન હોય છે, કોઈ ધનવાન જ જન્મે છે. કોઈને છોકરા-છોકરી હોય છે તો કોઈને સંતાનની પ્રાપ્તિ જ નથી થતી. કોઈને એકલી પુત્રી-પુત્રી જ સંતાન થાય છે, ઈચ્છા રાખવા છતાં પણ પુત્ર નથી થતો. આ બધા પૂર્વ જન્મોનોં કર્મોના ફળ મનુષ્ય ભોગવે છે. જ્યાં સુધી ફરીથી ભક્તિ કરવાની શરૂઆત નથી કરતો ત્યાં સુધી પૂર્વ (પાછલા) જન્મોના સંસ્કાર જ પ્રાણીને પ્રાપ્ત થાય છે. જે સમયે પૂર્ણ સતગુરૂ પાસેથી દીક્ષા લઈને મર્યાદામાં રહીને ભક્તિ કરવા લાગે છે તો શુભ સંસ્કારોમાં વધારો થવાથી દુઃખનો સમય સુખમાં બદલાવા લાગી જાય છે.**

## ✪ ''માનવ જીવનની આમ (સામાન્ય) ધારણા''

*(માનવ જીવન વિશેની દરેક જનની ધારણા)*

**જ્યાં સુધી યોગ્ય આધ્યાત્મિક જ્ઞાન હોતું નથી ત્યાં સુધી દરેક જનની ધારણા હોય છે કે:-**

**(1) મોટા થઈને ભણી-ગણીને પોતાના જીવનનિર્વાહની શોધ કરીને લગ્ન કરાવીને પરિવારનું પોષણ કરીશું. બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીશું. પછી તેમને કામધંધો મળી જાય. તેમના લગ્ન કરાવીશું. પરમાત્મા છોકરાઓને છોકરાં આપે. પછી અમારું કર્તવ્ય પૂરું થયું. ઘણી વખત ગામના**

અથવા પડોશી ગામના વૃદ્ધો ભેગા મળીને એકબીજાને કુશળ મંગળના સમાચાર પૂછે છે તો એક વ્યક્તિએ કહ્યું કે પરમાત્માની કૃપાથી બે છોકરા અને બે છોકરી છે. સખ્ત મહેનત કરીને પાલન-પોષણ કરીને ભણાવ્યા, લગ્ન કરાવી દીધા. તે સૌએ સૌ દિકરા-દિકરીઓવાળા છે. મારું કાર્ય પૂરું થઈ ગયું. 75 વર્ષનો થઈ ગયો છું. હવે ભલેને મરી જઉં, મારું જીવન સફળ થઈ ગયું. વંશ વેલો આગળ વધી રહ્યો છે, સંસારમાં નામ રહેશે.

※ **વિવેચનઃ-** ઉપરોક્ત પ્રસંગમાં જે પણ પ્રાપ્ત થયું, તે પૂર્વ જન્મના નક્કી કરેલા કર્મ સંસ્કાર જ પ્રાપ્ત થયા, નવું કંઈ પણ મળ્યું નહિ.

એક વ્યક્તિના લગ્ન થયા. સંતાનમાં દીકરીની પ્રાપ્તિ થઈ. માનવ સમાજની એવી ધારણા બંધાયેલી છે કે પુત્ર ના હોય તો તેનો વંશ નથી ચાલતો. (પરંતુ આધ્યાત્મિક જ્ઞાનની દૃષ્ટિએ દીકરા-દીકરીમાં કોઈ અંતર નથી માનવામાં આવતું) આશા રાખી કે હવે પછીનું સંતાન તો છોકરો જ થશે. બીજી પણ છોકરી જન્મી. ફરી આશા રાખી કે પરમાત્મા ત્રીજો તો પુત્ર જ આપશે. પરંતુ ત્રીજી પણ છોકરી જ જન્મી. આ પ્રમાણે કુલ પાંચ પુત્રીઓની પ્રાપ્તિ થઈ. પુત્રનો જન્મ તો થયો જ નહિ. આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે ન તો મનુષ્યનું ધારેલું (ઇચ્છેલું) અને ન કરેલું થયું. જે કંઈ પણ થયું તે પાછલા જન્મોના સંસ્કારવશ જ થયું. આ પરમેશ્વરનું વિધાન છે. માનવ શરીર પ્રાપ્ત પ્રાણીએ વર્તમાન જન્મમાં પૂર્ણ સંત (સતગુરૂ) પાસેથી દીક્ષા લઈને ભક્તિ કરવી જોઈએ તથા પુણ્ય-દાન, ધર્મ તથા શુભ કર્મો અવશ્ય (જરૂર) કરવા જોઈએ, નહિ તો પાછલા જન્મોના પુણ્ય માનવજીવનમાં ખાઈ-ખર્ચીને વાપરીને ખાલી (કંગાળ) થઈને પરમાત્માના દરબારમાં જશે. પછી પશુ વગેરેના જીવન ભોગવવા પડશે.

※ જેમ કે ખેડૂત પોતાના ખેતરમાં ઘઉં-ચણા વગેરે વાવે છે. પછી મહેનત કરીને તેને પકવીને પોતાના ઘરે લાવીને પોતાના કક્ષ (રૂમ)માં મૂકી દે છે. અગર તે ફરીવાર બી વાવીને પાક તૈયાર નથી કરતો અને પાછલા વર્ષના ઘઉં-ચણાને ખાઈ-ખર્ચીને વાપરી રહ્યો છે તો વર્તમાનમાં તો તેને કોઈ તકલીફ નહિ પડે કારણ કે પાછલા વર્ષના ઘઉં-ચણા વધેલા છે, પરંતુ એક દિવસ પાછલું ભેગું કરેલું ધાન્ય (અનાજ) ખલાસ થઈ જશે અને તે ખેડૂત પરિવાર ભિખારી થઈ જશે. બરાબર આ જ પ્રમાણે માનવશરીરને હાલમાં એટલે કે આ જન્મમાં જે કંઈ પણ પ્રાપ્ત થઈ રહ્યું છે, તે પૂર્વ જન્મોનો સંગ્રહ છે. અગર વર્તમાનમાં શુભ કર્મ તથા ભક્તિ નથી કરી તો આગળનું (ભવિષ્યનું) જીવન નરક થઈ જશે.

આધ્યાત્મિક જ્ઞાન થઈ ગયા પછી માનવ બુદ્ધિશાળી ખેડૂતની જેમ દર વર્ષે દરેક ઋતુમાં દાન-ધર્મ, સ્મરણરૂપી (સુમરણરૂપી) પાક વાવશે તથા પોતાના ઘરમાં સંગ્રહ કરીને ખાશે તથા વેચીને પોતાના ઘરનો ખર્ચો પણ તેમાંથી ચલાવશે. એટલે કે પૂર્ણ ગુરૂજી પાસેથી દીક્ષા લઈને તેમના બતાવ્યા અનુસાર સાધના તથા દાન-ધર્મ દરેક સત્સંગમાં કરતો રહીને ભક્તિ ધનનો સંગ્રહ કરશે. એટલા માટે જ પરમ સંત માનવને જીવવાનો રાહ (રસ્તો) બતાવે છે. તેનો આધાર સાચું (સત્ય) આધ્યાત્મિક જ્ઞાન સર્વ ગ્રંથોથી પ્રમાણિત હોય છે.

જેમ કે આગળના પ્રસંગમાં એક વૃદ્ધએ બતાવ્યું કે બધા બાળકોને પાળી- પોષીને મોટા કરીને લગ્ન કરાવી દીધા. મારા જીવનનું કાર્ય પૂરું થઈ ગયું, મારું જીવન સફળ થઈ ગયું. હવે ભલેને મૃત્યુ આવી જાય. વિચારવા જેવી બાબત છે કે તેણે તો પૂર્વેનું (પાછલા જન્મનું) જમા (ભેગું) કરેલું હતું તે જ વાપરી (ખર્ચી) દીધું, ભવિષ્ય માટે તો કશું કર્યું જ નથી. જેના કારણે તે વ્યક્તિનું માનવ જીવન વ્યર્થ (ફોગટ) ગયું.

કબીરજીએ કહ્યું છે કેઃ-

*ક્યા માંગુઁ કુછ થિર ના રહાઈ । દેખત નૈન ચલા જગ જાઈ ।।*
*એક લખ પૂત સવા લખ નાતી । ઉસ રાવણ કૈ દીવા ન બાતી ।।*

✻ **ભાવાર્થઃ-** અગર એક મનુષ્ય એક પુત્રથી વંશવેલો આગળ વધારવા ઈચ્છતો હોય અન કાયમ વંશ ચાલુ રાખવા માંગતો હોય તો આ તેની ભૂલ છે. જેમ કે શ્રીલંકાના રાજા રાવણના એક લાખ પુત્ર હતા તથા સવા લાખ પૌત્ર હતા. વર્તમાનમાં તેના કુળ (વંશ)માં ઘરમાં કોઈ દીવો કરવાવાળો પણ નથી. બધા નષ્ટ થઈ ગયા. એટલા માટે હે માનવ (સ્ત્રી/ પુરૂષ) ! પરમાત્મા પાસે આ શું માંગે છે કે જે કાયમી (સ્થાયી) જ નથી. આવી પ્રેરણા આધ્યાત્મિક જ્ઞાનના અભાવને કારણે બની છે. પરમાત્મા તો આપજીને આપના સંસ્કાર (કર્મોનાં સંસ્કારરૂપી ફળ) આપે છે. આપનું કરેલું કંઈપણ નથી થઈ રહ્યું. પેલા વૃદ્ધની વાત માનીએ કે પુત્ર હોવાથી વંશ વૃદ્ધિ થવાથી સંસારમાં નામ આગળ ચાલતું રહેશે. એક ગામડામાં શરૂઆતમાં ચાર અથવા પાંચ વ્યક્તિઓ રહેતા હતા. તેમના વંશથી સેંકડો પરિવાર બન્યા છે. તેમનો વંશ ચાલી રહ્યો છે. તેમનું સંસારમાં નામ પણ ચાલી રહ્યું છે. પરંતુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભક્તિ ન કરવાને કારણે પરમાત્માના વિધાન (કાયદા) અનુસાર તે ભલો પુરૂષ ક્યાંક ગધેડો બનીને દુઃખ ભોગવી રહ્યો હશે. ત્યાં આગળ ગધેડાના વંશની વૃદ્ધિ કરીને પછી કૂતરાનો જન્મ પ્રાપ્ત

**કરીને ત્યાં તે કૂતરાના કુળની વૃદ્ધિ કરીને અન્ય પ્રાણીઓના શરીર પ્રાપ્ત કરીને અસંખ્યો જન્મ દુઃખ ભોગવશે. ભાવાર્થ છે કે માનવજીવન પ્રાપ્ત પ્રાણીએ વિચારવું જોઈએ કે સાંસારિક કર્તવ્ય કર્મો કરતા-કરતા આત્મ કલ્યાણનું કાર્ય પણ કરે. જેના કારણે પૂર્વ જન્મના આવવાવાળા પાપોનો માર પરિવાર ઉપરથી ટળી જશે. પરિવાર (કુટુંબ) આનંદથી રહેશે. અન્યથા (નહિ તો) શુભ-અશુભ બંને કર્મોના ફળ ભોગવવાથી કોઈ વખત સુખ તથા કોઈ વખત દુઃખનો ભારે માર પણ વેઠવો પડે છે.**

**એક વખત દાસ (લેખક) એક ગામડામાં ત્રણ દિવસનો સત્સંગ-પાઠ કરી રહ્યો હતો. તે જ પરિવારના એક સંબંધી એક ચાર વર્ષના બાળકને સાથે લઈને આવ્યા. ચર્ચામાં તેણે બતાવ્યું કે મારે ચાર પુત્ર, બે પુત્રી સંતાન રૂપે પ્રાપ્ત થયાં હતાં. બધાના લગ્ન કરાવી દીધા. મારા જેવો સુખી અમારા ગામમાં કદાચ ભાગ્યે જ બીજો કોઈ હતો. પછી એવી તકલીફ આવી કે બે વર્ષમાં આખું ઘર ઉજડી (વેરવિખેર થઈ) ગયું. બે છોકરાઓ મોટર સાઈકલ પર સાસરે જતા હતા, અકસ્માત થવાથી ભગવાનના ઘરે ચાલ્યા ગયા. તેમની પત્નીઓના બીજા ગામમાં લગ્ન કરાવી દીધા. એક વર્ષ પશ્ચાત (પછી) એક પુત્રને રાત્રિના સમયે ખેતરમાં ટ્યુબવેલ પર સાપે ડંખ માર્યો, તે મૃત અવસ્થામાં મળ્યો. ચોથો છોકરો આ દુઃખ જોઈને હૃદયને આઘાત(એટેક) લાગવાથી મરી ગયો. બધી વહુઓ પણ જતી રહી. પત્નીનું માનસિક સંતુલન બગડી ગયું (ગાંડી થઈ ગઈ). આ છોકરો મોટી દીકરીનો છે જેના ભરોસે બાકી જીવનના દિવસ કાપી રહ્યો છું. દીકરીને ઘેર રાખી છે. પ્રિય વાચક જનોને વિનંતી છે કે વિવેકથી કામ પાર પાડો અને માનવજીવનનો સાચો રાહ (રસ્તો) પકડો, ભક્તિ અવશ્ય કરો.**

**❊ સંતાન હોવા કે ના હોવા આ આપના પૂર્વ (પાછલા) કર્મોનું ફળ છે. અગર સંતાનને ધર્મ-કર્મનું જ્ઞાન નથી તો તે ગમે એટલું સારું હશે, પણ ગમેત્યારે ને ગમેત્યારે ભૂલ જરૂર કરી જ દેશે. તે બધું પાપ કર્મોના કારણે થશે. એક વ્યક્તિએ બતાવ્યું કે મારા સસરા ચાર એકર જમીનના માલિક જાટ ખેડૂત હતા. તેમણે રાત દિવસ મહેનત-મજૂરી કરીને કુલ 16 (સોળ) એકર જમીન ખરીદીને મિલકત બનાવી લીધી એટલે કે 12 એકર જમીન બીજી વેચાણ લઈ લીધી. ચાર છોકરા હતા અને એક છોકરી હતી. બધાના લગ્ન કરી દીધા. સાઈઠ વર્ષની ઉંમરે મારા સસરાને અધરંગ (લકવો) થઈ ગયો. ચારે છોકરાઓ અલગ રહેતા હતા.**

કેટલાક દિવસ મોટા દિકરાના ઘરમાં રહ્યા, પરંતુ 6 મહિનામાં જ કપડામાંથી દુર્ગંધ આવવા લાગી. પછી ત્રીજા નંબરના છોકરાના ઘરમાં રહ્યા, કેટલાક દિવસો પછી તેણે પણ હાથ અદ્ધર કરી દીધા. આ પ્રમાણે ચારેય પુત્ર સેવા કરવાથી તંગ આવી ગયા. ગામની પંચાયતે મારા સસરાની સેવા કરાવવાના ઉદ્દેશ્ય (હેતુ/આશય)થી નિર્ણય કર્યો કે જે દીકરો પોતાના પિતાની સેવા-ચાકરી કરશે. બે એકર જમીન તેને વધારે આપવામાં આવશે. આ લાલચમાં સૌથી નાના છોકરાએ સેવા કરવાની વાત માની લીધી. 6 મહિનામાં તેણે કહ્યું કે સેવા કરવી મારા હાથની વાત નથી. સંબંધીઓ ભેગા થયા. બધા છોકરાઓને દરેક રીતે સમજાવ્યા, પરંતુ કોઈ સેવા માટે તૈયાર ના થયા. તે ભકત બતાવી રહ્યો હતો કે મારા સસરા લકવાના કારણે બોલી પણ નહોતા શકતા. જયારે નાનો પૌત્ર સામે આવ્યો તો માથું હલાવીને પોતાની નજીક આવવાનો ઈશારો કર્યો કે મારી પાસે આવ, તને લાડ કરું. 'આ જ તો મોટી ભૂલ પડી છે.' છોકરાઓએ તો કરાવી દીધી મૌજ (મજા), પણ પૌત્રની કસર બાકી રહી ગઈ હતી. તે બે એકર જમીન ઠેકા (ભાડે) આપીને તેના માટે એક નોકર રાખ્યો, ખરાબ ગતિથી મર્યો.

વિચાર કરો કે આવા મહેનતી (કાળી મજૂરીવાળા) વ્યક્તિને જો આ જ્ઞાન પણ હોત કે ભક્તિ તથા ધર્મ વગર માનવજીવન નરક બની જાય છે તો તે તેની સાથે-સાથે પરમાત્માની ભક્તિ પણ કરતો તથા આવી દુર્દશાને પ્રાપ્ત ન થતો. બાળકો પણ સેવા કરતા. સત્સંગના સમયે આ જ શિક્ષણ આપવામાં આવે છે. શ્રદ્ધાળુઓને દયા-ધર્મના પાઠ ભણાવવામાં આવે છે. આશ્રમમાં સત્સંગ દરમ્યાન વૃદ્ધ, રોગી, અપંગ, નાના બાળકો સહિત માતાઓ, બહેનો, દીકરીઓ આવે છે. આશ્રમમાં જૂના ભકતો તથા ભકતમતિઓની ડયુટી (સેવા) લગાડવામાં આવે છે. તેઓ આવવાવાળા વૃદ્ધો, રોગીઓ તથા અન્ય અસહાય વ્યક્તિઓની સેવા કરે છે. તેમને નવડાવે છે. તેમના કપડા ધોઈ દે છે. ભોજનાલયમાંથી ભોજન-પ્રસાદ લાવીને પંડાલ (સત્સંગ સ્થળ)માં બેઠા હોય ત્યાં જ જમાડે છે. ચાય-દૂધ પણ ત્યાં જ બેઠેલાઓને લાવીને આપે છે. વિચાર કરો કે જે બાળકો (સત્સંગમાં જવાવાળા) તથા દીકરી, બહેનો, માતા તથા ભકત-ભાઈ સત્સંગમાં આવવાવાળા ગૈર (ઓળખતા નથી તેવા) ની સેવા કરે છે તો તેઓ ઘરમાં પોતાના માતા-પિતા, ભાઈ-બહેન, સાસુ-સસરાની પણ એ જ ભાવથી સેવા કરશે કારણ કે આ તેમનો સ્વભાવ બની જાય છે. તેમના હૃદયમાં દયા ભરેલી રહે છે. તેમને પરમાત્માનું વિધાન (કાયદો / નિયમ) સારી રીતે યાદ હોય છે. જે પ્રમાણે પૂર્વ પ્રસંગમાં

જોયું કે એક મહેનતુ ખેડૂતને લકવો મારવો તથા છોકરાઓએ મોઢું ફેરવી લીધું (સેવા ના કરી). અગર તે છોકરાઓ તથા વહુઓ સત્સંગમાં જતા તો તેઓ પોતાના પિતાની ખૂબ જ સેવા-ચાકરી કરતા. અગર તે ખેડૂત પરમાત્માની ભક્તિ કરતો તો તેનું શરીર પણ સ્વસ્થ રહેતું અને તેની ભક્તિના કારણે ભજનના તેજથી પ્રભાવિત થઈને કુટુંબ આપમેળે જ આદર કરે છે. ઉદાહરણ રૂપે સાધુ-સંત ભક્તિ જ કરે છે, જેના કારણે આખા ગામોના ગામો તેમની સેવા-સત્કાર કરે છે. આ જ પ્રમાણે ભક્તિ કરવાથી પરમાત્માની શક્તિ પોતાની મેળે જ બીજી વ્યક્તિને પ્રેરિત (તૈયાર) કરીને ભક્તના અનુકૂળ પરિસ્થિતિ બનાવી દે છે. એટલા માટે ભક્તિ કરવાની પ્રેરણા સંત જનો આપે છે. સત્સંગથી જીવન જીવવાનો રસ્તો સારો બને છે.

※ કબીર પરમેશ્વરજીએ ફરી બતાવ્યું છે કેઃ-

*બિન ઉપદેશ અચમ્ભ હૈ, ક્યોં જીવત હૈં પ્રાણ ।*
*ભક્તિ બિના કહાઁ ઠૌર હૈ, યે નર નાહીં પાષાણ ।।*

**ભાવાર્થઃ-** પરમાત્મા કબીરજી કહી રહ્યા છે કે હે ભોળા માનવ ! મને આશ્ચર્ય છે કે ગુરૂ વગર દીક્ષા લીધા વગર કઈ આશાને લઈને જીવિત છે ? ન તો શરીર તારું છે, આ પણ છોડીને જઈશ. પછી સંપત્તિ તારી કેવી રીતે છે ?

*કબીર, કાયા તેરી હૈ નહીં, માયા કહાઁ સે હોય ।*
*ભક્તિ કર દિલ પાક સે, જીવન હૈ દિન દોય ।।*

જેમને એ વિવેક નથી કે ભક્તિ વગર આ જીવનું ક્યાંય પણ ઠેકાણું નથી તો તે નર એટલે કે માનવ નથી, તે તો પથ્થર છે. તેમની બુદ્ધિ ઉપર પથ્થર પડ્યા (બુદ્ધિ બહેર મારી જવી) છે. કબીરજીએ પછી કહ્યું છે કે :-

બેગારની પરિભાષાઃ-

*અગમ નિગમ કો ખોજ લે, બુદ્ધિ વિવેક વિચાર ।*
*ઉદય-અસ્ત કા રાજ મિલે, તો બિન નામ બેગાર ।।*

※ **ભાવાર્થઃ-** પહેલાના સમયમાં પોલીસ સ્ટેશનોમાં જીપ-કાર વગેરે ગાડીઓ નહોતી. જ્યારે પોલીસવાળાઓને ક્યાંક રેડ (છાપો મારવો) પાડવી હોય તો કોઈ પ્રાઈવેટ ત્રણ પૈડા કે ચાર પૈડાવાળા વાહનચાલકને જબરદસ્તી પકડી લેતા અને તે ગાડી (ત્રણ પૈડા કે ચાર પૈડાવાળી)માં બેસીને જ્યાં જવું હોય ત્યાં લઈ જતા હતા. ડ્રાઈવર પણ થ્રી વ્હીલર (રીક્ષા)વાળો પોતે જ રહેતો હતો. પેટ્રોલ-ડિઝલના પૈસા પણ પોતાના ગજવામાંથી કાઢીને ચુકવતો હતો. તે દિવસનો કામ-ધંધો પણ નહતો કરી શકતો. પોલીસવાળા આખો દિવસ તેને આમ-તેમ ફેરવ્યા કરતા હતા. સામાન્ય વ્યક્તિ તો એવો વિચાર

**કરતા હતા કે આ ત્રણ પૈડાવાળો આજે તો બહુ સારી એવી કમાણી કરશે. આખો દિવસ દોડ્યો છે, પરંતુ તેનું મન જ જાણતું હતું કે તે દિવસે તેના ઉપર શું વીત્યું હતું ? આ જ પ્રમાણે રાજા લોકો આ જન્મમાં ભક્તિ ના કરીને કેવળ રાજય વ્યવસ્થા ચલાવવામાં પોતાનું જીવન સમાપ્ત કરી રહ્યા છે તો તેઓ બેગાર (બગાડ) કરીને જાય છે. પૂર્વ જન્મના ધર્મ-કર્મથી રાજા બને છે. વર્તમાન જન્મમાં તે જ પુણ્યને તે ખર્ચી-ખાઈ (વાપરી) રહ્યો હોય છે. જનસમુદાયને તો લાગે છે રાજા ખૂબ મજા કરી રહ્યો છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તે બેગાર (બગાડ) કરી રહ્યો છે. ભક્તિની કમાણી નથી કરી રહ્યો. અગર વ્યક્તિ પૂર્ણ ગુરૂથી દીક્ષા લઈને ભક્તિ નથી કરતો તો તેને ચાહે ઉદય-અસ્તનું એટલે કે પૂરી પૃથ્વીનું રાજય પણ મળી જાય તો પણ તે પેલા થ્રી વ્હીલર (રીક્ષા) વાળાની જેમ વ્યર્થની દોડા-દોડી, મારા-મારી એટલે કે લડાઈ-ઝઘડા કરી રહ્યો છે. તેને કોઈ લાભ પ્રાપ્ત નથી થવાનો. એટલા માટે રાજા હોય કે પ્રજા, ધનવાન હોય કે નિર્ધન, બધાએ નવેસરથી ભક્તિ કરવી જોઈએ. તેનાથી જ તેમનું ભવિષ્ય ઉજ્જવળ થશે.**

**❋ પરમાત્મા કબીરજીએ પોતાના શિષ્ય સંત ગરીબદાસજીને તત્વજ્ઞાન સમજાવ્યું જે આ પ્રમાણે છેઃ- (રાગ આસાવરી શબ્દ નં. 1)**

*મન તૂ ચલિ રે સુખ કે સાગર, જહાઁ શબ્દ સિંધુ રત્નાગર । (ટેક)*
*કોટિ જન્મ તોહે મરતાં હોગે, કુછ નહીં હાથ લગા રે ।*
*કુકર-સુકર ખર ભયા બૌરે, કૌઆ હઁસ બુગા રે ।। 1 ।।*
*કોટિ જન્મ તૂં રાજા કિન્હા, મિટિ ન મન કી આશા ।*
*ભિક્ષુક હોકર દર-દર હાંડ્યા, મિલ્યા ન નિર્ગુણ રાસા ।। 2 ।।*
*ઈન્દ્ર કુબેર ઈશ કી પદવી, બ્રહ્મા, વરૂણ ધર્મરાયા ।*
*વિષ્ણુનાથ કે પુર કૂં જાકર, બહુર અપૂઠા આયા ।। 3 ।।*
*અસંખ્ય જન્મ તોહે મરતે હોગે, જીવિત ક્યૂં ના મરૈ રે ।*
*દ્વાદશ મધ્ય મહલ મઠ બૌરે, બહુર ન દેહ ધરૈ રે ।। 4 ।।*
*દોજખ બહિશ્ત સભી તૈ દેખે, રાજ-પાટ કે રસિયા ।*
*તીન લોક સે તૃપ્ત નાહીં, યહ મન ભોગી ખસિયા ।। 5 ।।*
*સતગુરૂ મિલૈ તો ઈચ્છા મેટૈં, પદ મિલ પદૈ સમાના ।*
*ચલ હઁસા ઉસ લોક પઠાઊં, જો આદિ અમર અસ્થાના ।। 6 ।।*
*ચાર મુક્તિ જહાઁ ચમ્પી કરતી, માયા હો રહી દાસી ।*
*દાસ ગરીબ અભય પદ પરસૈ, મિલૈ રામ અવિનાશી ।। 7 ।।*

**સૂક્ષ્મવેદની વાણીનો ભાવાર્થઃ-**

**વાણીનો સરળાર્થઃ-** આત્મા અને મનને પાત્ર બનાવીને સંત ગરીબદાસજીએ સંસારના માનવોને સમજાવ્યા છે. કહ્યું છે કે ‘‘આ સંસાર દુઃખોનું ઘર છે. આનાથી ભિન્ન (જુદો/અલગ) બીજો એક સંસાર છે. જ્યાં કોઈ દુઃખ નથી. તે સ્થાન (સનાતન પરમ ધામ = સત્યલોક) છે તથા ત્યાંના પ્રભુ (અવિનાશી પરમેશ્વર) સુખોના સાગર છે.

સુખ સાગર એટલે કે અમર પરમાત્મા તથા તેમની રાજધાની અમરલોકની સંક્ષિપ્ત પરિભાષા બતાવી છે :-

*શંખોં લહર મેહર કી ઉપજૈં, કહર નહીં જહાઁ કોઈ ।*
*દાસ ગરીબ અચલ અવિનાશી, સુખ કા સાગર સોઈ ॥*

※ **ભાવાર્થઃ-** જે વખતે હું (લેખક) એકલો હોઉં છું, ત્યારે ક્યારેક ક્યારેક અંદરથી એવી હિલોર (ઉમંગો) ઊઠે છે, તે સમયે બધા પોતાના જ લાગે છે. ચાહે કોઈએ મને કેટલુંય પણ દુઃખ દીધેલું હોય, તેના પ્રતિ (ઉપર) દ્વેષ ભાવના નથી રહેતો. બધાની ઉપર દયા ભાવ બની જાય છે. આ સ્થિતિ થોડી મિનિટો સુધી જ રહે છે. તેને મહેરની લહેર કહે છે. સતલોક એટલે કે સનાતન પરમ ધામમાં ગયા પછી પ્રત્યેક (દરેક) પ્રાણીને એટલો આનંદ આવે છે. ત્યાં આગળ એવી અસંખ્યોં લહેરોં આત્મામાં ઊઠતી રહે છે. જ્યારે તે લહેર મારી આત્માથી ખસી જાય છે તો તે જ દુઃખમય સ્થિતિનો પ્રારંભ થઈ જા છે. તેણે આવું કેમ કહ્યું ? તે વ્યક્તિ સારો નથી, પેલું નુકસાન થઈ ગયું, આ થઈ ગયું, તે થઈ ગયું. આને કહેર (દુઃખ)ની લહેર કહેવામાં આવે છે.

તે સતલોકમાં અસંખ્ય લહેર મેહર (દયા)ની ઊઠે છે, ત્યાં કોઈ કહેર (ભયંકર દુઃખ) નથી. એમ જોવા જઈએ તો સતલોકમાં કોઈ દુઃખ નથી. કહરનો અર્થ ભયંકર દુઃખ થાય છે. જેમ કે એક ગામમાં અંદરો અંદરના ઝઘડાને કારણે વિરોધીઓએ સામેના પક્ષના એક જ કુટુંબના ત્રણ સભ્યોની હત્યા કરી દીધી, કોઈ જગ્યાએ ભૂંકપને કારણે હજારો વ્યક્તિઓ મરી જાય છે, એને કહે છે કહેર તૂટી પડ્યો અથવા કાળો કહેર વર્તાવી દીધો. ઉપર લખેલી વાણીમાં સુખ સાગરની પરિભાષા ટૂંકમાં બતાવી છે. કહ્યું છે કે તે અમરલોક અચલ અવિનાશી એટલે કેક્યારેય ચલાયમાન એટલે કે ધ્વંસ (નાશ) નથી થતો તથા ત્યાં રહેવાવાળો પરમેશ્વર અવિનાશી છે. તે સ્થાન તથા પરમેશ્વર સુખનો સમુદ્ર છે. જેમ કે સમુદ્રી જહાજ બંદરના કિનારેથી 100 કે 200 કિલોમીટર દૂર ચાલ્યું જાય છે તો જહાજના યાત્રીઓને

**પાણી એટલે કે સમુદ્ર સિવાય બીજું કંઈપણ દેખાતું નથી. ચારે તરફ પાણી જ પાણી નજરે પડે છે. આ જ પ્રમાણે સતલોક (સત્યલોક)માં સુખ સિવાય બીજું કંઈ પણ નથી એટલે કે ત્યાં કોઈપણ પ્રકારનું દુઃખ નથી.**

**હવે પૂર્વ (પાછલી) લખેલી વાણીનો સરળાર્થ કરીએ છીએઃ-**

*મન તૂ ચલ રે સુખ કે સાગર, જહાં શબ્દ સિંધુ રત્નાગર ।। (ટેક)*
*કોટિ જન્મ તોહે ભ્રમત હોગે, કુછ નહીં હાથ લગા રે ।*
*કુકર શુકર ખર ભયા બૌરે, કૌઆ હંસ બુગા રે ।।*

**પરમેશ્વર કબીરજીએ પોતાની સારી આત્મા સંત ગરીબદાસજીને સૂક્ષ્મ વેદ સમજાવ્યો, તેને સંત ગરીબદાસજી (ગામ : છુડાની, જિલ્લો - ઝજ્જર, હરિયાણા પ્રાન્ત)એ આત્મા તથા મનને પાત્ર બનાવીને વિશ્વના માનવોને કાળ (બ્રહ્મ)ના લોકનું કષ્ટ (દુઃખ) તથા સતલોકનું સુખ બતાવીને (વર્ણન કરીને) તે પરમ-ધામમાં જવા માટે સત્ય સાધના જે શાસ્ત્રોકત (શાસ્ત્રોથી પ્રમાણિત) છે, તે કરવાની પ્રેરણા આપી છે. મન તૂ ચલ રે સુખ કે સાગર એટલે કે સનાતન પરમધામમાં ચાલ જ્યાં આગળ શબ્દ નાશ નથી થતો. એટલા માટે શબ્દનો અર્થ અવિનાશીપણાથી છે કે તે સ્થાન અમરત્વનો સિંધુ એટલે કે સાગર છે અને મોક્ષરૂપી રત્નનો આગર એટલે કે ખાણ છે. આ કાળ બ્રહ્મના લોકમાં આપજીએ ભક્તિ પણ કરી. પરંતુ શાસ્ત્રાનુકૂળ સાધના બતાવવાવાળા તત્વદર્શી સંત ન મળવાને કારણે આપ કરોડો જન્મોંથી ભટકી રહ્યા છો. કરોડો-અબજો રૂપિયા ભેગા કરવામાં પૂરું જીવન લગાડી દો છો, પછી મૃત્યુ થઈ જાય છે. તે ભેગું કરેલું ધન જે આપના પૂર્વના સંસ્કારોથી પ્રાપ્ત થયું હતું, તેને છોડીને સંસારથી ચાલી ગયા. તે ધનને સંગ્રહ કરવા માટે જે પાપ કર્યું, તે આપજીની સાથે ગયું. આપજીએ તે માનવજીવનમાં તત્વદર્શી સંતની પાસેથી દીક્ષા લઈને શાસ્ત્રવિધિ અનુસાર ભક્તિની સાધના નથી કરી. જેના કારણે આપની સાથે હાથમાં કંઈ આવ્યું નથી. પૂર્વ જન્મના પુણ્યના બદલામાં ધન લઈ લીધું. તે ધન અહીં જ રહી ગયું, આપને કંઈપણ મળ્યું નહીં. આપને મળ્યાં ધન સંગ્રહ કરવાના પાપ તથા ભક્તિ શાસ્ત્રાનુકૂળ નથી કરી તેનાં પાપ.**

**જેના કારણે આપ કુકર = કૂતરો, ખર = ગધેડો, સુકર = સૂઅર (ભૂંડ), કૌઆ = કાગડો, હંસ = એક પક્ષી જે સરોવરમાં માત્ર મોતી ખાય છે, બુગા = બગલો વગેરે વગેરે યોનિઓને પ્રાપ્ત કરીને દુઃખ ભોગવ્યા.**

*કોટિ જન્મ તૂ રાજા કીન્હા, મિટિ ન મન કી આશા ।*
*ભિક્ષુક હોકર દર-દર હાંડ્યા, મિલા ન નિર્ગુણ રાસા ।।*

❊ **સરળાર્થઃ-** હે માનવ ! આપજીએ કાળ (બ્રહ્મ) ની કઠણથી પણ કઠણ સાધના કરી. ઘર છોડીને જંગલમાં રહેવા ગયા, પછી ગામ કે નગરીમાં ઘર-ઘરના દરવાજે હાંડ્યા એટલે કે ફર્યો. ભિક્ષા મેળવવા માટે જંગલમાં સાધના કરવાવાળા સાધક નજીકના ગામ કે શહેરમાં જાય છે. એક ઘરેથી પૂરી ભિક્ષા નથી મળતી તો અન્ય ઘરેથી ભોજન લઈને જંગલમાં ચાલ્યો જાય છે. ક્યારેક ક્યારેક તો સાધક એક દિવસ ભિક્ષા માંગીને લાવે છે અને તેમાંથી જ બે-ત્રણ દિવસ સુધી નિર્વાહ કરે છે. રોટલીઓને રૂમાલ જેવું પાતળું કપડું જેને છાલના (ગરણું) કહે છે. તે છાલનામાં લપેટીને વૃક્ષની ડાળીઓ સાથે બાંધી દેતા હતા. તે રોટલીઓ સૂકાઈ જતી હતી. તેને પાણીમાં પલાળીને નરમ કરીને ખાતા હતા. તેઓ દરરોજ ભિક્ષા માંગવા માટે જવાનો જે સમય વ્યર્થ જતો હતો, તેની બચત કરીને તે સમયને કાળ બ્રહ્મની સાધનામાં લગાડતા હતા. ભાવાર્થ એ છે કે જન્મ-મરણથી છુટકારો મેળવવા માટે એટલે કે પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ માટે વેદોમાં વર્ણિત વિધિ તથા લોકવેદના આધારે ઘોર (આકરું) તપ કરતા હતા. તેમને તત્વદર્શી સંત ન મળવાને કારણે નિર્ગુણ રાસા એટલે કે ગુપ્ત જ્ઞાન જેને તત્વજ્ઞાન કહે છે. તે ના મળ્યું કારણ કે યજુર્વેદ અધ્યાય 40 મંત્ર 10 માં તથા ચારેય વેદોના સારાંશરૂપ શ્રીમદ્ ભગવત ગીતાના અધ્યાય 4 શ્લોક 32 તથા 34માં કહ્યું છે કે જે યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું વિસ્તૃત (વિસ્તારપૂર્વક) જ્ઞાન સ્વયં સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ પોતાના મુખકમળથી બોલીને સંભળાવે છે, તે તત્વજ્ઞાન એટલે કે સૂક્ષ્મવેદ છે. ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે કહ્યું છે કે તે તત્વજ્ઞાનને તું તત્વજ્ઞાનીઓ પાસે જઈને સમજ, તેમને દંડવત્ પ્રણામ કરવાથી નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે પરમાત્મ તત્વને સારી રીતે જાણવાવાળા તત્વદર્શી સંત તને તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે. આનાથીસિદ્ધ થયું કે તત્વજ્ઞાન ન વેદોમાં છે અને ન તો ગીતા શાસ્ત્રમાં. અગર હોતું તો એક અધ્યાય બીજો બોલી કાઢત. કહી દેતો કે તત્વજ્ઞાનને તે અધ્યાયમાં વાંચો. સંત ગરીબદાસજીએ મનના બહાને માનવ શરીરધારી પ્રાણીઓને સમજાવ્યા છે કે તે નિર્ગુણ રાસા એટલે કે તત્વજ્ઞાન ના મળવાને કારણે કાલ બ્રહ્મની સાધના કરીને આપજી કરોડો જન્મોંમાં રાજા બન્યા. છતાં પણ મનની ઈચ્છા સમાપ્ત ના થઈ, કારણ કે રાજા વિચારે છે કે સ્વર્ગમાં સુખ છે, અહીંયા રાજમાં કોઈ સુખ-ચેન નથી, શાંતિ નથી.

**નિર્ગુણ રાસાનો ભાવાર્થઃ-** નિર્ગુણનો અર્થ છે કે તે વસ્તુ તો છે પરંતુ તેનો લાભ નથી મળી રહ્યો. વૃક્ષના બીજમાં ફળ તથા વૃક્ષ નિર્ગુણ

**રૂપમાં છે, તે બીજને માટીમાં વાવીને સિંચાઈ કરીને તે સરગુણ વસ્તુ (વૃક્ષ, વૃક્ષને ફળ) પ્રાપ્ત કરવામાં આવે છે. આ જ્ઞાન ન હોવાના કારણે આંબાનાં ફળ તથા છાંયડાથી વંચિત રહી જાય છે. રાસા = ઝંઝટ એટલે કે ઉલઝાયેલું (ગુંચવાયેલું) કાર્ય. સૂક્ષ્મ વેદમાં પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે :-**

*નૌ મન (360 કિ.ગ્રા.) સૂત = કચ્ચા ધાગા (કાચો દોરો)*

*કબીર, નૌ મન સૂત ઉલજિયા, ઋષિ રહે જખ માર ।*

*સતગુરૂ ઐસા સુલઝા દે, ઉલ્ઝે ન દુજી બાર ।।*

※ **સરળાર્થઃ- પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે અધ્યાત્મ જ્ઞાનરૂપી નૌ મન સૂત ઉલઝાયેલું(ગુંચવાયેલું) છે. એક કિલોગ્રામ ગુંચવાયેલ સૂત્તરને ખોલવામાં એક દિવસથી પણ વધુ સમય વણકરોને લાગી જતો હતો. અગર ગૂંચ ખોલતી વખતે દોરો ટૂટી જાય તો કાપડમાં ગાંઠ આવી જતી. ગાંઠ-ગાંઠોવાળા કપડાને કોઈ વેચાણ લેતું નહતું. એટલા માટે પરમેશ્વર કબીર જુલાહા (વણકર)એ જુલાહાઓનું (વણકરોનું) સટીક (સચોટ) ઉદાહરણ આપીને સમજાવ્યું છે કે વધારે ગુંચાયેલા સૂત્તરને કોઈ ઉકેલતું નહતું. અધ્યાત્મ જ્ઞાન તે જ નૌ મણ ગુંચવાયેલા સૂત્તરના સમાન છે જેને સતગુરૂ એટલે કે તત્વદર્શી સંત એવું સુલઝાવી (ખોલી) દેશે જે ફરીથી ઉલજશે (ગુંચાશે) નહિ. સુલજ્યા વગરના એટલે કે ગુંચાઈ ગયેલા (ખીચડો થઈ ગયેલા) અધ્યાત્મ જ્ઞાનના આધારે એટલે કે લોકવેદ અનુસાર સાધના કરીને સ્વર્ગ-નરક, ચોર્યાસી લાખ પ્રકારના પ્રાણીઓના જીવન, પૃથ્વી પર કોઈ નાના ટુકડાનું રાજ્ય, સ્વર્ગનું રાજ્ય પ્રાપ્ત કર્યું, ફરી પાછા જન્મ-મરણના ચક્રમાં પડીને દુઃખો ઉપર દુઃખો ઊઠાવ્યા. પરંતુ કાળ બ્રહ્મની વેદોમાં વર્ણિત વિધિ અનુસાર સાધના કરવાથી તે પરમ શાંતિ તથા સનાતન પરમ ધામ પ્રાપ્ત ન થયું જે ગીતા અધ્યાય 18 ના શ્લોક 62માં કહ્યું છે અને ન તો પરમેશ્વરનું તે પરમપદ પ્રાપ્ત થયું જ્યાં ગયા પછી સાધક પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા જે ગીતા અધ્યાય-15 શ્લોક 4માં કહ્યું છે. કાળ બ્રહ્મની સાધનાથી નીચે પ્રકારના લાભ થતા રહે છે.**

***વાણી નં. 3 :-*** *ઈન્દ્ર-કુબેર, ઈશ કી પદવી, બ્રહ્મા વરૂણ ધર્મરાયા ।*

*વિષ્ણુનાથ કે પૂર કું જાકર, બહુર અપૂઠા આયા ।।*

※ **સરળાર્થઃ- કાળ બ્રહ્મની સાધના કરીને સાધક ઈન્દ્રનું પદ પણ પ્રાપ્ત કરે છે. ઈન્દ્ર સ્વર્ગના રાજાનું પદ છે. તેને દેવરાજ એટલે કે દેવતાઓના રાજા તથા સુરપતિ પણ કહે છે. એ સિંચાઈ વિભાગ એટલે કે વર્ષા મંત્રાલયને પણ પોતાના આધિન રાખે છે.**

**પ્રશ્નઃ- ઇન્દ્રની પદવી કેવી રીતે પ્રાપ્ત થાય છે ?**

**ઉત્તરઃ-** ખૂબ તપ કરવાથી તથા એકસો (100)મણ (4 હજાર કિલોગ્રામ) ગાય અથવા ભેંસના ઘીનો ઉપયોગ કરીને ધર્મયજ્ઞ કરવાથી એક ધર્મયજ્ઞ સંપન્ન (પૂરો) થાય છે. આવા આવા એકસો (100) ધર્મયજ્ઞ નિર્વિઘ્ન રીતે કરવાથી ઇન્દ્રની પદવી સાધક પ્રાપ્ત કરે છે. તપ અથવા યજ્ઞ કરતા સમયે યજ્ઞની કે તપની મર્યાદા ભંગ થઈ જાય છે તો ફરીથી (નવેસરથી) યજ્ઞ તથા તપ કરવું પડે છે. આ પ્રમાણે ઇન્દ્રની પદવી પ્રાપ્ત થાય છે.

**પ્રશ્નઃ- ઇન્દ્રનો શાસનકાળ કેટલા સમયનો હોય છે ? મૃત્યુ ઉપરાંત ઇન્દ્રના પદને છોડીને પ્રાણી કઈ યોનિને પ્રાપ્ત કરે છે ?**

**ઉત્તરઃ-** ઇન્દ્ર સ્વર્ગના રાજાની પદવી પર 72 ચોકડી એટલે કે 72 ચતુર્યુગ સુધી રાજ કરે છે. એક ચતુર્યુગમાં સત્યયુગ + ત્રેતા યુગ + દ્વાપર યુગ તથા કળિયુગનો સમય હોય છે. જે 17,28,000 + 12,96,000 + 8,64,000 + 4,32,000 ક્રમશઃ સત્યયુગ + ત્રેતા યુગ + દ્વાપર યુગ + કળિયુગનો સમય એટલે કે 43 લાખ 20 હજાર વર્ષનો સમય એક ચતુર્યુગમાં હોય છે. આવા બનેલા 72 ચતુર્યુગ સુધી તે સાધક ઇન્દ્રની પદવી પર સ્વર્ગના રાજાનું સુખ ભોગવે છે. એક કલ્પ એટલે કે બ્રહ્માજીના એક દિવસમાં (જે એક હજાર આઠ (1008) ચતુર્યુગનો થાય છે) 14 જીવ ઇન્દ્રની પદવી પર રહીને પોતાનું કરેલ પુણ્ય-કર્મ ભોગવે છે. ઇન્દ્રના પદને ભોગવીને એ પ્રાણી (ચૌદે-ચૌદ ઇન્દ્ર) ગધેડાનું જીવન પ્રાપ્ત કરે છે.

## ✪ કથા : ''માર્કણ્ડેય ઋષિ તથા અપ્સરાનો સંવાદ''

એક વખત માર્કણ્ડેય ઋષિ બંગાળની ખાડીમાં તપ કરી રહ્યા હતા. ઇન્દ્રના પદ પર વિરાજમાન આત્માને આ પ્રમાણેની શરત હોય છે કે જો તેના શાસનકાળમાં 72 ચૌકડી યુગ દરમ્યાન અગર પૃથ્વી પર કોઈ વ્યક્તિ ઇન્દ્રની પદવી પ્રાપ્ત કરવા યોગ્ય તપ અથવા ધર્મયજ્ઞ કરી લે છે અને તેની ક્રિયામાં કોઈ અવરોધ નથી આવતો તો તે સાધકને ઇન્દ્રની પદવી આપી દેવામાં આવે છે અને વર્તમાન ઇન્દ્ર પાસેથી તે પદવી છીનવી લેવામાં આવે છે. એટલા માટે જ્યાં સુધી સંભવ હોય છે,ત્યાં સુધી ઇન્દ્ર પોતાન શાસનકાળમાં કોઈ સાધકના તપ અથવા ધર્મયજ્ઞ પૂર્ણ નથી થવા દેતો. તેની સાધના ભંગ કરાવી દે છે, ચાહે કંઈ પણ કરવું પડે.

જ્યારે ઇન્દ્રને તેના દૂતોએ બતાવ્યું કે બંગાળની ખાડીમાં માર્કણ્ડેય ઋષિ તપ કરી રહ્યા છે. ઇન્દ્રએ માર્કણ્ડેય ઋષિનું તપ ભંગ કરવા માટે ઉર્વશી (ઇન્દ્રની પત્ની) ને મોકલી. બધા શ્રૃંગાર કરીને દેવપરી માર્કણ્ડેય ઋષિની

સામે નાચવા-ગાવા લાગી. પોતાની સિદ્ધિથી તે જગ્યા ઉપર વસંત ઋતુ જેવું વાતાવરણ બનાવી દીધું. માર્કણ્ડેય ઋષિએ કોઈ ઉત્સુકતા ના દેખાડી. ઉર્વશીએ કમરનું નાડુ તોડી નાખ્યું, નિઃવસ્ત્ર થઈ ગઈ. ત્યારે માર્કણ્ડેય ઋષિ બોલ્યા, હે બેટી ! હે બહેન ! હે મા ! આપ આ શું કરી રહ્યા છો ? આપ અહીં ગાઢ જંગલમાં એકલી શા માટે આવી છો ? ઉર્વશીએ કહ્યું કે ઋષિજી મારા રૂપને જોઈને આ આરણ્ય ખંડ (વન-ખંડ)ના સર્વ સાધકોએ પોતાનું સંતુલન ખોઈ દીધું પરંતુ આપ ડગમગ થયા નહિ, ન જાણે આપની સમાધિ ક્યાં હતી? કૃપા કરીને આપ મારી સાથે ઈન્દ્રલોક ચાલો, નહિ તો મને સજા મળશે કે તુ હારીને આવી ગઈ. માર્કણ્ડેય ઋષિએ કહ્યું કે મારી સમાધિ બ્રહ્મલોકમાં ગઈ હતી, જ્યાં આગળ હું તે ઉર્વશીઓનો ડાન્સ જોઈ રહ્યો હતો, તે એટલી બધી સુંદર છે કે તારા જેવી તો તેમની સાત-સાત બાંદિયાં એટલે કે નોકરાણીઓ છે. એટલા માટે હું તને શા માટે જોઉં ? તારા પર શું આસક્ત થાઉં ? અગર તારાથી કોઈ સુંદર હોય તો તેને લઈ આવ. ત્યારે દેવપરીએ કહ્યું કે ઈન્દ્રની પટરાણી એટલે કે મુખ્ય રાણી હું જ છું. મારાથી સુંદર સ્વર્ગલોકમાં કોઈ સ્ત્રી નથી.

ત્યારે માર્કણ્ડેય ઋષિએ પૂછ્યું કે ઈન્દ્રનું મૃત્યુ થશે, ત્યારે તું શું કરીશ? ઉર્વશીએ જવાબ આપ્યો કે હું **14** ઈન્દ્રને ભોગવીશ. ભાવાર્થ છે કે શ્રી બ્રહ્માજીના એક દિવસમાં **1008** ચતુર્યુગ થાય છે જેમાં **72-72** ચતુર્યુગનું શાસનકાળ પૂરું કરીને **14** ઈન્દ્ર મૃત્યુને પ્રાપ્ત થાય છે. ઈન્દ્રની રાણી વાળા આત્માએ કોઈ માનવ જન્મમાં એટલા બધા વધારે પુણ્ય કર્યા હતા, જેના કારણે તે **14** ઈન્દ્રોની પટરાણી બનીને સ્વર્ગ સુખ તથા પુરૂષ સુખને ભોગવશે.

માર્કણ્ડેય ઋષિએ કહ્યું કે **14** ઈન્દ્ર પણ મરશે, ત્યારે તું શું કરીશ ? ઉર્વશીએ કહ્યું કે પછી મને મૃત્યુલોક (પૃથ્વી લોકને = મનુષ્ય લોક એટલે કે મૃત્યુ લોક કહે છે) માં ગધેડી બનાવવામાં આવશે અને જેટલા ઈન્દ્ર મારા પતિ થશે, તે પણ પૃથ્વી ઉપર ગધેડાની યોનિ પ્રાપ્ત કરશે.

માર્કણ્ડેય ઋષિ બોલ્યા કે પછી તું મને એવા લોકમાં શા માટે લઈ જઈ રહી હતી જેનો રાજા ગધેડો બને અને રાણી ગધેડીની યોનિ પ્રાપ્ત કરશે ? ઉર્વશી બોલી કે પોતાની ઈજ્જત (આબરૂ) રાખવા માટે, નહીં તો તેઓ કહેશે કે તું હારીને આવી છે.

માર્કણ્ડેય ઋષિએ કહ્યું કે ગધેડીઓની કેવી ઈજ્જત ? તું વર્મમાનમાં પણ ગધેડી જ છે કારણ કે તું **14** (ચૌદ) ખસમ (પતિ) કરીશ અને મૃત્યુ થયા પછી તું સ્વયં સ્વીકાર કરી રહી છે કે હું ગધેડી બનીશ. ગધેડીની કેવી

ઈજ્જત ? એટલામાં જ ત્યાં આગળ ઈન્દ્ર આવી ગયો. વિધાન (કાયદા/નિયમ) અનુસાર પોતાનું ઈન્દ્રનું રાજ્ય માર્કણ્ડેય ઋષિને આપવા માટે. કહ્યું કે ઋષિજી અમે હાર્યા અને આપ જીત્યા. આપ ઈન્દ્રની પદવી સ્વીકાર કરો. માર્કણ્ડેય ઋષિ બોલ્યા અરે-અરે ઈન્દ્ર ! ઈન્દ્રની પદવી મારા માટે કોઈ કામની નથી. મારા માટે તો તે કાગડાની બીટ (ટટ્ટી) સમાન છે. માર્કણ્ડેય ઋષિએ ઈન્દ્રને ફરી કહ્યું કે તું મારા બતાવ્યા અનુસાર સાધના કર, તને બ્રહ્મલોક લઈ ચાલીશ. આ ઈન્દ્રનું રાજ્ય છોડી દે. ઈન્દ્રએ કહ્યું કે હે ઋષિજી અત્યારે તો મને મોજ-મસ્તી કરવા દો. પછી કોઇ વખત જોઈશ.

પાઠક(વાંચક) જનો ! વિચાર કરોઃ- ઈન્દ્રને ખબર છે કે મૃત્યુ થયા પછી ગધેડાનું જીવન મળશે, છતાં પણ તે ક્ષણિક સુખને ત્યાગવા નથી માંગતો. કહે છે કે પછી ક્યારેક જોઈશ. પછી ક્યારે જોશે ? ગધેડો બન્યા પછી તો કુંભાર જોશે. કેટલું વજન ગધેડાની કમર ઉપર રાખવું છે ? ક્યાં આગળ ડંડો મારવાનો છે? બસ આ જ પ્રમાણે પૃથ્વી ઉપર કોઈ નાના સરખા ટુકડા (દેશ)નો પ્રધાનમંત્રી, મંત્રી, મુખ્યમંત્રી અથવા રાજ્યમાં મંત્રી બન્યો છે અથવા કોઈ સરકારી પદ ઉપર સરકારી અધિકારી કે કર્મચારી બન્યો છે અથવા ધની (સુખી/પૈસાદાર) છે. તેને કહેવામાં આવે છે કે આપ ભક્તિ કરો નહિ તો ગધેડા બનશો. તે અથવા તો નારાજ થઈ જાય છે. કહેશે કે અમે શું કામ ગધેડા બનીશું ? ફરીથી આવું નહિ કહવાનું. કેટલાક સમજદાર (સારા) હોય છે, તે કહે છે કે કોણે જોયું છે ? ગધેડો બને છે ? પછી તેમને બતાવવામાં આવે છે કે બધા સંત તથા ગ્રંથ બતાવે છે, ત્યારે મોટા ભાગના કહે છે કે જોયું જશે.

તેમને બધાને નિવેદન છે કે મૃત્યુ ઉપરાંત ગધેડો બન્યા પછી આપ શું જોશો, પછી તો કુંભાર જ જોશે કે તમારી સાથે કેવું વર્તન કરવાનું છે ? જોવું જ હોય તો વર્તમાનમાં જ દેખ (જો). બુરાઈઓ છોડીને શાસ્ત્ર અનુકૂળ સાધના કરો જે વર્તમાન (હાલ)માં વિશ્વમાં માત્ર મારી (રામપાલદાસની) પાસે છે. આવો ગ્રહણ કરો અને પોતાના જીવનું કલ્યાણ કરાવો.

ઉપર લખેલ વાણી નં. 3 માં બતાવ્યું છે કે ઈન્દ્ર-કુબેર તથા ઈશની પદવી પ્રાપ્ત કરવાવાળા તથા બ્રહ્માજીનું પદ તથા વરૂણ, ધર્મરાયનું પદ પ્રાપ્ત કરીને તથા વિષ્ણુજીના લોકને પ્રાપ્ત કરી દેવ પદ પ્રાપ્ત કરેલા પણ પાછા જન્મ-મરણના ચક્રમાં જ રહે છે.

સ્વર્ગ લોકમાં 33 કરોડ દેવ પદ છે. જે પ્રમાણે ભારત દેશની સંસદમાં 540 સાંસદોના પદ છે. વ્યક્તિ બદલાતા રહે છે. તે જ સાંસદોમાંથી પ્રધાનમંત્રી તથા અન્ય કેન્દ્રિય મંત્રી વગેરે વગેરે બને છે.

આ જ પ્રમાણે તે 33 કરોડ દેવતાઓમાંથી જ એક કુબેરનું પદ એટલે કે ધનના દેવતાનું પદ પ્રાપ્ત થાય છે, જે પ્રમાણે નાણા મંત્રી હોય છે. ઈશની પદવીનો અર્થ થાય છે પ્રભુનું પદ જે લોકવેદમાં કુલ ત્રણ માનવામાં આવ્યા છેઃ- (1) શ્રી બ્રહ્માજી (2) શ્રી વિષ્ણુજી તથા (3) શ્રી શિવજી.

વરૂણદેવ પાણીના દેવતા છે. ધર્મરાય મુખ્ય ન્યાયાધીશ છે જે બધા જીવોને કર્મોનું ફળ આપે છે, તેને ધર્મરાજ પણ કહે છે. આ બધા જ કાળ બ્રહ્મની સાધના કરીને પદ પ્રાપ્ત કરે છે. પુણ્ય ક્ષીણ (સમાપ્ત) થઈ ગયા પછી બધા દેવતાઓને પદથી મુક્ત કરીને પશુ-પક્ષીઓ વગેરેની 84 લાખ પ્રકારની યોનિઓમાં નાંખવામાં આવે છે. પછી નવા બ્રહ્માજી, નવા વિષ્ણુજી તથા નવા શિવજી આ પદો પર વિરાજમાન થાય છે.

આ ઉપર જણાવેલ બધા જ દેવતાઓ જન્મે છે અને મરે છે. આ અવિનાશી નથી. એમની સ્થિતિ આપજીને ''સૃષ્ટિ રચના'' અધ્યાયમાં આ જ પુસ્તકમાં સ્પષ્ટ થશે કે આ કેવડા પ્રભુ (ક્યાં સુધી તેમની પ્રભુતા કાર્યક્ષેત્ર) છે ? કોના પુત્ર છે અને કોણ તેમના માતાજી છે ?

**અન્ય પ્રમાણઃ-** શ્રી દેવી પુરાણ (સચિત્ર મોટા ટાઈપ ફક્ત હિન્દી, ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત) ના ત્રીજા સ્કંદમાં પૃષ્ઠાંક 123 પર લખ્યું છે કે તમે શુદ્ધ સ્વરૂપા છો, આ સમગ્ર સંસાર આપજીથી જ ઉદ્‌ભાસિત થઈ રહ્યો છે. હું (વિષ્ણુ), બ્રહ્મા અને શંકર આપની કૃપાથી જ વિદ્યમાન છીએ. અમારો તો આર્વિભાવ એટલે કે જન્મ તથા તિરોભાવ એટલે કે મૃત્યુ થયા કરે છે. આપ પ્રકૃતિ દેવી છો.

શંકર ભગવાન બોલ્યા કે હે દેવી ! અગર વિષ્ણુના પછી ઉત્પન્ન થવાવાળા બ્રહ્મા આપથી જ ઉત્પન્ન થયા છે તો શું હું તમોગુણી લીલા કરવાવાળો શંકર શું આપની સંતાન ના થયો એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળી તમે જ છો. અમે તો કેવળ નિયમિત કાર્ય જ કરી શકીએ છીએ એટલે કે જેના ભાગ્યમાં જે લખ્યું છે, તે જ અમો આપી શકીએ છીએ. નથી વધારી શકતા, કે નથી ઘટાડી શકતા.

પાઠકજનો ! આ શ્રીદેવી પુરાણના ઉલ્લેખથી સ્પષ્ટ થયું છે કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શંકરજી નાશવાન છે. એમની માતાજીનું નામ શ્રીદેવી દુર્ગા છે. વધારે જાણકારી આપ ''સૃષ્ટિ રચના''ના અધ્યાયમાંથી મેળવશો જે આ જ પુસ્તકમાં આગળ લખેલી છે. આ પ્રધાન દેવતા છે. બીજા આમનાથી ઉતરતી કક્ષાના દેવ છે. આ બધા જન્મે છે - મરે છે. અવિનાશી રામ નથી, અવિનાશી પરમાત્મા નથી.

શ્રીમદ્ ભગવદ ગીતા અધ્યાય-10 શ્લોક 2 માં લખ્યું છે કે ગીતા જ્ઞાનદાતા કાળ બ્રહ્મે કહ્યું છે કે ''મારી ઉત્પત્તિ (જન્મ)ને ના તો દેવતાઓ જાણે છે અને ન તો મહર્ષિઓ જાણે છે કારણ કે આ બધાનું આદિ (મૂળ) કારણ હું જ છું એટલે કે આ બધા મારાથી જ ઉત્પન્ન (જન્મવાન) થયા છે.''

ગીતા અધ્યાય-4 શ્લોક 5માં ગીતા જ્ઞાન બોલવાવાળાએ કહ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઈ ચુક્યા છે, તુ નથી જાણતો, હું જાણું છું. ગીતા અધ્યાય-2 શ્લોક 12 માં સ્પષ્ટ કહ્યું છે કે તું અને હું તથા આ બધા રાજાઓ-સેના પહેલાં પણ જન્મ્યા હતા, આગળ (ભવિષ્ય)માં પણ જન્મીશું.

ગીતા અધ્યાય-14 શ્લોક-3 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! મારી પ્રકૃતિ એટલે કે દુર્ગા તો ગર્ભ ધારણ કરે છે, હું જ તેના ગર્ભમાં બીજ સ્થાપિત કરું છું, જેનાથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે.

ગીતા અધ્યાય-14 શ્લોક-4 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! જુદા જુદા પ્રકારની સર્વ યોનિઓમાં જેટલી પણ શરીરધારી મૂર્તિઓ ઉત્પન્ન થાય છે (મહત્) પ્રકૃતિ તો તે બધાની ગર્ભ ધારણ કરવાવાળી માતા છે. (અહમ બ્રહ્મ) હું બ્રહ્મ બીજ સ્થાપિત કરવાવાળો પિતા છું.

ગીતા અધ્યાય-14 શ્લોક-5 માં ગીતા જ્ઞાનદાતાએ સ્પષ્ટ કર્યું છે કે હે અર્જુન ! સત્વગુણ શ્રી વિષ્ણુજી, રજગુણ શ્રી બ્રહ્માજી તથા તમગુણ શ્રી શિવજી - આ પ્રકૃતિ એટલે કે દુર્ગા દેવીથી ઉત્પન્ન (જન્મેલા) ત્રણે દેવતા એટલે કે ત્રણે ગુણ અવિનાશી જીવાત્માને કર્મો પ્રમાણે શરીરમાં બાંધે છે.

ઉપરના પ્રમાણોથી સ્પષ્ટ થયું કે ઉપરોક્ત (ઉપર જણાવેલા) બધા દેવતાઓ નાશવાન છે તથા કાળ બ્રહ્મના બાળકો છે.

પ્રસંગ ચાલી રહ્યો છે કે વાણી સંખ્યા-3 નો સરળાર્થઃ-

ઈન્દ્ર, કુબેર, ઈશ એટલે કે બ્રહ્મા, વિષ્ણુ, શિવજી સુધીની પદવી પ્રાપ્ત કરીને તથા વરૂણ, ધર્મરાયની પદવી તથા શ્રી વિષ્ણુનાથના લોકને પ્રાપ્ત કરીને પણ જન્મ-મૃત્યુના ચક્રમાં રહે છે.

※ માર્કણ્ડેય ઋષિજી બ્રહ્મ સાધના કરી રહ્યા હતા. તેને જ સર્વોત્તમ માની રહ્યા હતા. એટલા માટે જ તેઓ ઈન્દ્રને કહી રહ્યા હતા કે આવ તને બ્રહ્મ સાધનાનું જ્ઞાન કરાવું. બ્રહ્મલોકની સરખામણીએ સ્વર્ગનું રાજ્ય હલવા (શીરા)ની સરખામણીમાં જેમ કે કાગડાની ટટ્ટી છે.

પાઠકજનો ! આપજીએ બ્રહ્મ સાધના કરવાવાળા શ્રી ચુણક ઋષિ, શ્રી દુર્વાસા ઋષિ તથા કપિલ મુનિ જેમણે બ્રહ્મ સાધના કરી હતી, તેમની

**સાધનાને ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-7 શ્લોક 18 માં 'અનુત્તમ' એટલે કે ઘટિયા (ખરાબ) બતાવી છે. તે જ શ્રેણીની સાધના માર્કણ્ડેય ઋષિજીએ કરી હતી. જેને અતિ ઉત્તમ માનીને કરી રહ્યા હતા તથા ઈન્દ્રજીને પણ સલાહ આપી રહ્યા હતા કે બ્રહ્મ સાધના કરી લે.**

**સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે :-**

*ઔરોં પંથ બતાવ હીં, આપ ન જાને રાહ । 1 ।*
*મોતી મુક્તા દર્શત નાહીં, યહ જગ હૈ સબ અન્ધ રે ।*
*દિખત કે તો નૈન ચિસમ હૈં, ફિરા મોતિયા બિન્દ રે ।। 2 ।।*
*વેદ પઢેં પર ભેદ ના જાનેં, બાંચે પુરાણ અઠારા ।*
*પથ્થર કી પૂજા કરેં, ભૂલે સિરજનહારા ।। 3 ।।*

**વાણી નં. 1 નો ભાવાર્થઃ- બીજાને રસ્તો (માર્ગદર્શન) બતાવે છે પરંતુ પોતાને ભક્તિ માર્ગનું જ્ઞાન નથી.**

**વાણી નં. 2નો ભાવાર્થઃ- તત્વદર્શી સંતના અભાવના (ના મળવાને) કારણે મોતી મુકતા એટલે કે મોક્ષરૂપી મોતી એટલે કે મોક્ષ મંત્ર દેખાતો નથી. આ સર્વ સંસાર અધ્યાત્મજ્ઞાનની (આંખો વગરનો) નેત્રહીન આંધળો છે. જે કોઈને પણ મોતિયા બિંદ જે એક પ્રકારનો આંખનો રોગ છે જેમાં આંખો સ્વસ્થ દેખાય છે, પરંતુ તે રોગગ્રસ્ત વ્યક્તિને કશું દેખાતું નથી. આ ઉદાહરણ આપીને બતાવ્યું છે કે કડકડાટ (એકધારું) સંસ્કૃત ભાષા બોલે છે. લાગે છે મહાવિદ્વાન છે, પરંતુ સદ્ગ્રંથોના ગૂઢ રહસ્યોને નથી જાણતા. એમને અજ્ઞાનરૂપી મોતિયો થયો છે.**

**વાણી નં. 3 નો ભાવાર્થઃ- વેદોને વાંચીને કંઠસ્થ કરવાવાળા (ગોખી રાખવાવાળા) વેદોના ગૂઢ રહસ્યોને ન સમજીને તેની વિરુદ્ધ સાધના કરે છે અને કરાવે છે. વેદોમાં પથ્થરની મૂર્તિની પૂજાનો ક્યાંય ઉલ્લેખ નથી. તે વેદોના વિદ્વાન કહેવડાવવા વાળાઓ પથ્થરની પૂજા કરે છે તથા કરાવે છે. વેદોમાં વર્ણવેલ સર્જનહાર (પરમેશ્વર)ને ભૂલવાડી દીધા છે.**

**શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-4 શ્લોક 25 થી 29 સુધી આ જ બતાવ્યું છે કે જે સાધક કોઈપણ સાધના કરે છે, તેને ઉત્તમ માનીને કરી રહ્યો હોય છે, બધા સાધકો પોત-પોતાની ભક્તિને પાપનાશ કરવાવાળી માને છે.**

**ગીતા અધ્યાય-4 શ્લોક 32 માં સ્પષ્ટ કર્યું છે કે યજ્ઞોં એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું જ્ઞાન સ્વયં (જાતે જ) સચ્ચિદાનંદ ધન બ્રહ્મે પોતાના મુખકમળથી બોલેલી વાણીમાં વિસ્તારની સાથે કહ્યું છે, તે તત્વજ્ઞાન છે. જેને જાણીને સાધક બધા પાપોથી મુક્ત થઈ જાય છે.**

ગીતા અધ્યાય-4 શ્લોક 34માં સ્પષ્ટ કર્યું છે કે તે તત્વજ્ઞાનને કોઈ તત્વદર્શી સંત જાણે છે, તેમને દંડવત પ્રણામ કરવાથી, નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે તત્વજ્ઞાનને જાણવાવાળા જ્ઞાની મહાત્મા તને તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

તે તત્વજ્ઞાન જેને ઉપરની વાણીમાં નિર્ગુણ રાસા કહ્યું છે, તે ન મળવાથી સર્વ સાધક જન્મ-મરણના ચક્રમાં જ રહી ગયા.

માર્કણ્ડેય ઋષિ બ્રહ્મ સાધના કરી રહ્યા હતા. શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-8 શ્લોક-16 માં કહ્યું છે કે બ્રહ્મલોકમાં ગયેલ સાધક પણ પુનરાવર્તી એટલે કે વારંવાર જન્મ-મરણના ચક્રમાં જ રહે છે.

અગાઉ લખેલ શબ્દની વાણી સંખ્યા-4:-

*અસંખ્ય જન્મ તોહે મરતાં હોગે, જીવિત ક્યોં ન મરૈ રે ।*

*દ્વાદશ મધ્ય મહલ મઠ બોરે, બહુર ન દેહ ધરૈ રે ।।*

✻ **સરળાર્થઃ-** હે માનવ ! તું અનંતો વાર જન્મ્યો અને મરી ચુક્યો છે. સત્ય સાધના કર તથા જીવતો મર. જીવતો મરવાનો અર્થ છે કે ભક્તને જ્ઞાન થઈ જાય છે કે આ સંસારની પ્રત્યેક (દરેક) વસ્તુ અસ્થાયી છે (કાયમી નથી). આ શરીર પણ સ્થાયી (કાયમી) નથી. જન્મ-મૃત્યુનો બખેડો (બખાડો-ડખો) પણ ભયંકર (ખતરનાક) છે. આ સંસારમાં દુઃખ સિવાય બીજું કંઈ જ નથી. માનવશરીર પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત નથી કર્યો તો પશુ જેવું જીવન જીવ્યા. જેમ કે ગીતા અધ્યાય-7 શ્લોક 29માં કહ્યું છે કે જે સાધક કેવળ જરા એટલે કે વૃદ્ધાવસ્થાના કષ્ટ (દુઃખ) તથા મરણના દુઃખથી મુક્ત થવા માટે જ સાધનારત છે, તે તત્ બ્રહ્મને તથા સંપૂર્ણ અધ્યાત્મને તથા કર્મોને જાણે છે.

આ જ પ્રમાણે તત્વજ્ઞાન થઈ ગયા પછી માનવને બિનજરૂરી વસ્તુઓની ઈચ્છા નથી થતી, તંબાકુ, શરાબ-માંસ સેવન નથી કરતો. નાચ-ગાના (નાચવું-ગાવું એ) મૂર્ખાઓનું કામ લાગે છે. જેવું ભોજન મળી જાય, તેમાં જ સંતુષ્ટ રહે છે.

✻ આત્મ કલ્યાણ કરાવવા માટે સાધક વિચાર કરે છે કે અગર હું સત્સંગમાં નહીં જઉં તો ગુરૂજીના દર્શન નહિ કરી શકું. સત્સંગના વિચાર ન સાંભળવાથી મન પાછું વિકારો કરવા લાગશે. તે સાધક બધા કામ છોડીને સત્સંગ સાંભળવા માટે ચાલી નીકળે છે. તે વિચાર કરે છે કે અમે દરરોજ સાંભળીએ છીએ તથા જોઈએ છીએ કે નાના-નાના બાળકોને છોડીને પિતા સંસારમાંથી ચાલ્યા જાય છે, મરી જાય છે. મોટા-મોટા ધનપતિઓ

દુર્ઘટનામાં મરી જાય છે. બધી મિલકત જે આખી જિંદગીમાં ભેગી કરી હતી, તેને છોડીને ચાલ્યા જાય છે. ફરીવાર તે સંપત્તિનું ધ્યાન રાખવા નથી આવતા. મૃત્યુ આવ્યા પહેલાં એક દિવસ પણ કામ-ધંધો છોડવાનું દિલ કરતું નહતું હવે કાયમ માટે કામકાજ છૂટી ગયું.

## ✪ ''આજે ભાઈને નવરાશ છે''

એક ભક્ત સત્સંગમાં જવા લાગ્યો. દીક્ષા લઈ લીધી, જ્ઞાન સાંભળ્યું અને ભક્તિ કરવા લાગ્યો. પોતાના મિત્રને પણ સત્સંગમાં આવવા અને ભક્તિ કરવાને માટે પ્રાર્થના કરી. પરંતુ મિત્રએ વાત ના માની. કહી દેતો કે કામકાજના કારણે બિલકુલ નવરાશ (ખાલી સમય) નથી. નાના-નાના બાળકો છે. એમનું પાલન-પોષણ પણ કરવાનું છે. કામકાજ છોડીને સત્સંગમાં જવા લાગીશ તો પૂરો ધંધો ચૌપટ (બંધ) થઈ જશે.

તે સત્સંગમાં જવાવાળો ભક્ત જ્યારે પણ સત્સંગમાં આવવા માટે પોતાના મિત્રને કહેતો હતો ત્યારે તે આમજ કહેતો હતો કે અત્યારે કામ-ધંધામાંથી સમય નથી મળતો. એક વર્ષ બાદ પેલા મિત્રનું મૃત્યુ થઈ ગયું. તેની અર્થી (ઠાઠડી)ને ખભે મુકીને કુળ (કુટુંબ)ના લોકો, નગરવાસીઓ, નગર-મહોલ્લાના માણસો પણ સાથે-સાથે ચાલ્યા. બધા બોલી રહ્યા હતા કે 'રામ નામ સત્ હૈ, સત્ બોલે ગત્ હૈ'.

ભક્ત બોલી રહ્યો હતો કે રામ નામ તો સત્ હૈ (સત્ય છે) પરંતુ આજે ભાઈને ફુરસદ (નવરાશ) છે. નગરવાસી બોલી રહ્યા હતા કે સત્ (સત્ય) બોલવાથી ગત્ (ગતિ) થાય છે, ભક્ત કહી રહ્યો હતો કે આજે ભાઈને ફુરસદ (ખાલી સમય / નવરાશ) છે. અન્ય માણસો તેને (ભક્તને) કહી રહ્યા હતા કે આવું ના બોલ, એના ઘરવાળાને ખોટું લાગશે. ભક્તએ કહ્યું કે હું તો આવું જ બોલીશ. મેં આ મૂર્ખને હાથ જોડીને પ્રાર્થના કરી હતી કે સત્સંગમાં ચાલ, થોડી ભક્તિ કરી લે. આ કહેતો હતો કે હમણાં ફુરસદ (ટાઈમ બિલકુલ) નથી એટલે કે ખાલી સમય નથી. આજે આની પાસે કાયમી ફુરસદ (નવરાશને-નવરાશ જ) છે. નાના નાના બાળકોને પણ છોડીને ચાલ્યો જેમના પાલન-પોષણનું બહાનું કાઢીને પરમાત્માથી દૂર રહ્યો. ભક્તિ કરી હોત તો ખાલી હાથે જતો નહિ, થોડું ભક્તિનું ધન પણ સાથે લઈ જતો. બાળકોનું ભરણ-પોષણ તો પરમાત્મા કરે છે. ભક્તિ કરવાથી સાધકની ઉંમર પણ પરમાત્મા વધારી દે છે. ભક્તજન આવો વિચાર કરીને ભક્તિ કરે છે, કામધંધો છોડીને સત્સંગ સાંભળવા જાય છે.

ભક્ત વિચાર કરે છે કે પરમાત્મા ના કરે અને અમારું મૃત્યુ થઈ જાય, પછી અમારું કામકાજ કોણ કરશે ? દાખલા તરીકે આપણે આવું માની લઈએ કે આપણું મૃત્યુ થઈ ગયું. આપણે ત્રણ દિવસ સુધી મરી ગયા, આમ વિચાર કરીને સત્સંગમાં ચાલ્યા, પોતાને મૃત્યુ પામેલો માની લો અને સત્સંગમાં ચાલ્યા જાઓ. આમ જોવા જઈએ તો પરમાત્માના ભક્તોના કામકાજ બગડતા નથી, તેમ છતાં પણ આપણે માની લઈએ કે આપણી ગેરહાજરીથી કોઈ કામ બગડી ગયું છે તો ત્રણ દિવસ પશ્ચાત (પછી) જઈને ઠીક (બરાબર) કરી લઈશું. અગર હકીકતમાં ઉપર જવાની ટિકિટ કપાઈ ગઈ એટલે કે મૃત્યુ થઈ ગયું તો કાયમ માટે કામકાજ બગડી ગયું. પછી ક્યારેય ઠીક (બરાબર) કરવા નથી આવી શકતા. આ સ્થિતિને જીવતા મરવું કહે છે.

વાણીનો બાકીનો સરળાર્થ:-

*દ્વાદશ મધ્ય મહલ મઠ બૌરે, બહુર ન દેહિ ધરૈ રે ।*

❋ **સરળાર્થ:-** શ્રીમદ્ ભગવદ ગીતા અધ્યાય-15 શ્લોક 4 માં કહ્યું છે કે તત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયા પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા એટલે કે તેમનો પુનર્જન્મ નથી થતો. તેઓ ફરીથી દેહ ધારણ કરતા નથી. સૂક્ષ્મવેદની આ વાણી આ જ સ્પષ્ટ કરી રહી છે કે તે પરમધામ દ્વાદશ એટલે કે બારમા દ્વારને પાર કરીને તે પરમધામમાં જવાય છે. આજ સુધી બધા જ ઋષિ-મહર્ષિ, સંત, મંડલેશ્વર કેવળ 10 દ્વાર જ બતાવ્યા કરતા હતા, પરંતુ પરમેશ્વર કબીરજીએ પોતાના સ્થાનને પ્રાપ્ત કરાવવાનો સત્યમાર્ગ, સત્ય સ્થાન જાતે (સ્વયં) જ આવીને બતાવ્યું છે. તેમણે 12મું દ્વાર બતાવ્યું (વર્ણન કર્યું) છે. આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે આજ સુધી (ઇ.સ. 2012 સુધી) પહેલાંના સર્વ ઋષિઓ, સંતો, પંથોની ભક્તિ કાળ બ્રહ્મ સુધીની જ હતી. જેના કારણે જન્મ-મૃત્યુનું ચકકર ચાલતું રહ્યું.

***વાણી સંખ્યા 5:****-દોજખ બહિશ્ત સભી તૈ દેખે, રાજપાટ કે રસિયા ।*
*તીન લોક સે તૃપ્ત નાહીં, યહ મન ભોગી ખસિયા ।।*

❋ **સરળાર્થ:-** તત્વજ્ઞાનના અભાવથી પૂર્ણ મોક્ષનો માર્ગ ના મળવાને કારણે ક્યારેક દોજખ એટલે કે નરકમાં ગયા, ક્યારેક બહિશ્ત એટલે કે સ્વર્ગમાં ગયા, ક્યારેક રાજા બનીને આનંદ લીધો. અગર આ માનવને ત્રણ લોકનું રાજપાઠ પણ આપી દો તો પણ તૃપ્તિ નથી થતી.

**ઉદાહરણ:-** અગર કોઈ ગામનો સરપંચ બની જાય છે તો તે ઈચ્છા કરે છે કે ધારાસભ્ય બનું તો મજા પડે. ધારાસભ્ય ઈચ્છા કરે છે કે મંત્રી બનું

**તો વાત કંઈક જુદી જ બની જાય. મંત્રી બનીને ઈચ્છા કરે કે મુખ્યમંત્રી બનું તો પૂર્ણ સુખ થાય, તેનો આનંદ જ અલગ હશે, પૂરો ચૌધર (પંચાયતી) થઈ જાઉં. રાજ્ય ઉપર મારું આધિપત્ય ચાલે. મુખ્યમંત્રી બની ગયા પછી પ્રબળ ઈચ્છા જન્મે છે કે જો પ્રધાનમંત્રી બનું તો જીવન સાર્થક થઈ જાય. ત્યાં સુધીમાં જીવનલીલા પણ પૂરી થઈ જશે. પછી ગધેડો બનીને કુંભારના ધોકા (ડંડા) ખાઈ રહ્યો હશે. એટલા માટે તત્વજ્ઞાનમાં સમજાવ્યું છે કે કાળ બ્રહ્મ દ્વારા બનાવેલ સ્વર્ગ-નરક તથા રાજપાટની પ્રાપ્તિની ભૂલભુલૈયામાં પૂરું જીવન વ્યર્થ કરી દીધું. ક્યાંય સંતોષ ના થયો, આ મન આવું ખુસરો (હિજડો) છે.**

**એક અબ્રાહિમ સુલ્તાન અધમ નામનો રાજા બલખ શહેરનો રાજા હતો. તે પૂર્વ જન્મનો ખૂબ સારો ભક્ત હતો. પરંતુ વર્તમાનમાં ઐશ્વર્યમાં મદમસ્ત થઈને પરમેશ્વરને ભૂલી ચુક્યો હતો. રાજાના ઠાઠમાં તથા મહેલોમાં આનંદ માની બેઠો હતો. એક દિવસ પરમાત્મા સત્યલોકથી આવીને એક યાત્રીનું રૂપ બનાવીને રાજાના મહેલમાં ગયા તથા કહ્યું કે હે સરાયવાળા (ધર્મશાળાવાળા) ! એક રૂમ ભાડે રહેવા આપ, બોલપૈસા કેટલા આપું, રાત્રિ વિતાવવી છે. રાજાએ કહ્યું કે હે ભોળા યાત્રી ! આપને આ સરાય (ધર્મશાળા) દેખાય છે. હું રાજા છું અને આ મારો મહેલ છે. યાત્રી રૂપમાં પરમાત્માએ પૂછ્યું કે તમારા પહેલાં આ મહેલમાં કોણ રહેતું હતું ? રાજાએ કહ્યું કે મારા પિતા, દાદા-પરદાદા રહેતા હતા. યાત્રી રૂપમાં પરમેશ્વરે પૂછ્યું કે તમે કેટલા દિવસ રહેશો આ મહેલમાં ? રાજાએ કહ્યું કે એક દિવસ હું પણ આ મહેલને છોડીને ચાલ્યો જઈશ ? પરમેશ્વર બોલ્યા કે આ ધર્મશાળા નથી તો શું છે ? આ ધર્મશાળા જ છે. જેવી રીતે તારા બાપ-દાદા ગયા, એવી જ રીતે તું પણ ચાલ્યો જઈશ, એટલા માટે મેં મહેલોને ધર્મશાળા કહી છે. રાજાને વાસ્તવિકતા (સાચી સ્થિતિ)નું ભાન થયું. સંસારની ઈચ્છા ત્યાગીને આત્મ-કલ્યાણ કરાવ્યું. કાયમ રહેવાવાળું સુખ તથા અમર જીવન પ્રાપ્ત કરવાને માટે દીક્ષા લીધી અને આજીવન ભક્તિ કરી, પોતાનું માનવજીવન સફળ કર્યું.**

*વાણી સંખ્યા 6:-સતગુરૂ મિલૈં તો ઈચ્છા મેટૈં, પદ મિલ પદે સમાના ।*
*ચલ હંસા ઉસ લોક પઠાઉં, જો આદિ અમર અસ્થાના ।।*

**※ સરળાર્થ:- અગર કોઈ તત્વદર્શી સંત સતગુરૂ મળે તો ઉપર પ્રમાણેનું જ્ઞાન બતાવીને કાળ બ્રહ્મના લોકની બધી વસ્તુઓથી તથા પદોથી ઈચ્છાઓ સમાપ્ત કરીને ''પદ મિલ પદે સમાના'' આમાં એક 'પદ'નો અર્થ છે પદ્ધતિ એટલે કે શાસ્ત્રવિધિ અનુસાર સાધના. બીજા 'પદ'નો અર્થ છે 'પરમ પદ' એટલે કે 'પદવી'. સતગુરૂ શાસ્ત્રવિધિ અનુસાર પદ્યતિ (ભક્તિની રીત)**

**બતાવીને પરમેશ્વરના એ પરમ પદની પ્રાપ્તિ કરાવી દે છે જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને ક્યારેય આ સંસારમાં નથી આવતા. હે ભક્ત ! ચાલ તને પણ એ જ લોકમાં મોકલી દઉં, જે આદિ અમર અસ્થાન છે એટલે કે ગીતા અધ્યાય-18 શ્લોક 62માં વર્ણિત સનાતન પરમધામ છે જ્યાં આગળ પરમ શાંતિ છે.**

*વાણી સંખ્યા 7:- ચાર મુક્તિ જહાઁ ચમ્પી કરતી, માયા હો રહી દાસી ।*
*દાસ ગરીબ અભય પદ પરસૈ, મિલે રામ અવિનાશી ।।*

**※ સરળાર્થ:- તે સનાતન પરમધામમાં પરમ શાંતિ તથા પુષ્કળ (માપ વગરનું) સુખ છે. કાળ બ્રહ્મના લોકમાં ચાર મુક્તિ માનવામાં આવે છે, જેને પ્રાપ્ત કરીને સાધક પોતાને ધન્ય માને છે. પરંતુ તે સ્થાયી નથી. કેટલાક સમય પછી પુણ્ય સમાપ્ત થઈ જતાં જ ફરી 84 લાખ પ્રકારની યોનિઓમાં દુ:ખ ભોગવે છે. પરંતુ તે સત્યલોકમાં ચારે મુક્તિવાળું સુખ કાયમ માટે બનેલું રહેશે. માયા આપની નોકરાણી બનીને રહેશે.**

**સંત ગરીબદાસજીએ બતાવ્યું છે કે અમરલોકમાં ગયા પછી પ્રાણી નિર્ભય થઈ જાય છે અને તે સનાતન પરમ ધામમાં તે અવિનાશી રામ એટલે કે પરમેશ્વર મળશે. એટલા માટે પૂર્ણમોક્ષની પ્રાપ્તિ માટે શાસ્ત્ર અનુકૂળ ભક્તિ કરવી જોઈએ, જેનાથી તે ભગવાન સુધી જઈ શકાય છે.**

**ઉપરની વાણી તથા અગાઉના વિવરણથી એ સ્પષ્ટ થાય છે કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી અને એમના પિતા કાળ બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ આ બધા રામ એટલે કે પ્રભુ નાશવાન છે. કેવળ પરમ અક્ષર બ્રહ્મ જ અવિનાશી રામ એટલે કે પ્રભુ છે. આ પરમાત્માની ભક્તિથી જ પરમશાંતિ તથા સનાતન પરમધામ એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થશે, જ્યાં આગળ ચાર મુક્તિનું સુખ સદા (કાયમ) રહેશે. માયા એટલે કે સર્વ સુખ-સુવિધાઓ સાધકના નોકરની જેમ હાજર રહે છે. સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે :-**

*કબીર, માયા દાસી સંત કી, ઉભય દે આશિષ ।*
*વિલસી ઔર લાતોં છડી, સુમર-સુમર જગદીશ ।।*

**※ ભાવાર્થ:- બધી સુખ-સુવિધાઓ ધનથી થાય છે. તે ધન શાસ્ત્રવિધિ અનુસાર ભક્તિ કરવાવાળા સંત-ભક્તની ભક્તિથી એની મેળે જ પ્રાપ્ત થવાવાળું, જેને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય નથી, તે છતાં પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. By Product હોય છે. જેમ કે કોઈએ ઘઉંની ખેતી કરી તો તેનો ઉદ્દેશ્ય તો ઘઉંનું અનાજ પ્રાપ્ત કરવાનો જ હોય છે, પરંતુ ભૂસું એટલે કે**

**ઘાસચારો પણ સાથે સાથે અવશ્ય પ્રાપ્ત થાય છે. ચારો, ભૂસું ઘઉંનાં અનાજનું By Product છે. આ જ પ્રમાણે સત્ય સાધના કરવાવાળાને આપમેળે ધન માયા મળે છે. સાધક તેને ભોગવે છે, તે ચરણોમાં પડી રહે છે એટલે કે ધનનો અભાવ નથી રહેતો. પરંતુ જરૂરિયાતથી વધારે પ્રાપ્ત રહે છે. પરમેશ્વરની ભક્તિ કરીને માયાનો આનંદ પણ ભક્ત, સંત પ્રાપ્ત કરે છે તથા પૂર્ણ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે.**

**❋ તે જ પ્રસંગને આગળ વધારીએ છીએ કે માનવ શરીર ધારણ કરનાર પ્રાણીએ પોતાનો ઉદ્દેશ્ય યાદ રાખવો જોઈએ. ભક્તિ કરીને પોતાનું કલ્યાણ કરાવવું જોઈએ. સૂક્ષ્મવેદમાં લખ્યું છે કેઃ-**

*(રાગ આસાવરી શબ્દ નં. 71)*

*યહ સૌદા ફિર નાહીં સન્તો, યહ સૌદા ફિર નાહીં ।*
*લોહે જૈસા તાવ જાત હૈ, કાયા દેહ સરાહી ।।*
*તીન લોક ઔર ભુવન ચતુર્દશ, સબ જગ સૌદે આહીં ।*
*દુગને-તિગુને કિયે ચૌગુને, કિન્હૂં મૂલ ગવાહીં ।।*

**❋ ભાવાર્થઃ- જેમ કે બે વેપારી (Businessmen) દૂર કોઈ શહેરમાં સૌદા (વેપાર) કરવા ગયા અને 5-5 લાખ રૂપિયાની મૂડી લઈને ગયા. એક એ પોતાના ધનનો સદ્દુપયોગ કર્યો. ધર્મશાળા કે હોટલમાં ભાડે રૂમ રાખી. માલસામાન ખરીદ્યો અને મોંઘા ભાવે વેચ્યો. જેનાથી તેને 20 લાખ રૂપિયા બીજા વધારે કમાઈ લીધા. બે વર્ષમાં પાછો પોતાના ઘરે આવી ગયો. દરેક જગ્યાએ પ્રશંસા થઈ અને ધનવાન બની ગયો.**

**બીજા વેપારીએ પણ હોટલ અથવા ધર્મશાળામાં રૂમ ભાડે લીધી. દારૂ પીવા લાગ્યો, વેશ્યાઓના નૃત્ય જોતો, ખાતો અને ઊંઘી જતો. એણે પોતાની મૂડી 5 લાખ રૂપિયા પણ વાપરી કાઢ્યા (નાશ કરી નાખ્યા), ઘેર પાછો આવ્યો ઋણી (દેવાદાર) થઈ ગયો. જેની પાસેથી 5 લાખ રૂપિયા ઉધાર લઈને ગયો હતો, તેણે પોતાના પૈસા પાછા માંગ્યા. કરજ ના આપી શકવાને કારણે તેણે પોતાને ત્યાં મજૂર તરીકે રાખ્યો અને તેની પાસેની પોતાની 5 લાખની આપેલી મૂડી (ધન) વસૂલ કર્યું. ઉપરોક્ત વાણીનો કહેવાનો ભાવાર્થ આજ છે કે ત્રણ લોક (સ્વર્ગલોક, પાતાળલોક તથા પૃથ્વીલોક)માં જેટલા પણ પ્રાણી છે, તે બધા પોતાનો રામ-નામનો સૌદા (વેપાર) કરવા આવ્યા છે. કોઈએ તો બે ઘણું, ત્રણ ઘણું, ચાર ઘણું ધન કમાઈ લીધું એટલે કે પૂર્ણ સંત પાસેથી દીક્ષા લઈને મનુષ્ય જીવનની શ્વાંસોની પૂંજી જે મૂળ ધન છે, તેને સત્ય ભક્તિ કરીને વધાર્યું. અન્ય વ્યક્તિ જેમણે**

**ભક્તિ નથી કરી, શાસ્ત્રવિધિને ત્યાગીને મનમાન્યું આચરણ કર્યું એટલે કે મનમરજીની ભક્તિ કરી અથવા અધિકાર વગરના ગુરૂ પાસેથી દીક્ષા લઈને ભક્તિ કરી, તેને કોઈ લાભ મળતો નથી. આ પવિત્ર ગીતા અધ્યાય-16ના શ્લોક 23-24 માં તેનું પ્રમાણ છે. જેના કારણે તેણે પણ પોતાના મનુષ્ય જીવનના શ્વાંસ રૂપી મૂળ ધનને સત્ય ભક્તિ વગર નાશ કરી દીધું.**

## ✪ ભક્તિ ન કરવાથી હાનિ (નુકસાન) નું બીજુ વર્ણન

*યહ દમ ટૂટૈ પિંડા ફૂટૈ, હો લેખા દરગાહ માંહી ।*
*ઉસ દરગાહ મેં માર પડૈગી, જમ પકડેંગે બાંહી ।।*
*નર-નારાયણ દેહિ પાય કર, ફેર ચૌરાસી જાંહી ।*
*ઉસ દિન કી મોહે ડરની લાગે, લજ્જા રહ કે નાંહી ।।*
*જા સતગુરૂ કી મૈં બલિહારી, જો જામણ મરણ મિટાહીં ।*
*કુલ પરિવાર તેરા કુટુંબ કબીલા, મસલિત એક ઠહરાહીં ।।*
*બાંધ પીંજરી આગૈ ધર લિયા, મરઘટ કૂં લે જાહીં ।।*
*અગ્નિ લગા દિયા જબ લમ્બા, ફૂંક દિયા ઉસ ઠાહીં ।*
*પુરાણ ઉઠા ફિર પંડિત આએ, પીછે ગરૂડ પઢાહીં ।।*

**ભાવાર્થઃ- આ દમ એટલે કે શ્વાંસ જે દિવસે સમાપ્ત થઈ જશે, તે જ દિવસે આ શરીરરૂપી પિંડ છૂટી જશે. પછી પરમાત્માના દરબારમાં પાપ-પુણ્યનો હિસાબ થશે. ભક્તિ ન કરવાવાળા અથવા શાસ્ત્રવિરુદ્ધ ભક્તિ કરવાવાળાને યમના દૂત ભૂજા (હાથનું બાવડું) પકડીને લઈ જશે, ભલે તે પછી કોઈપણ દેશનો રાજા કેમ ના હોય, તેની પીટાઈ (ધોલાઈ) કરવામાં આવશે. સંત ગરીબદાસને પરમેશ્વર કબીરજી મળ્યા હતા. તેમની આત્માને ઉપર લઈને ગયા હતા. બધા બ્રહ્માંડોને દેખાડીને સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન સમજાવીને પાછા (આત્માને) શરીરમાં મુકી ગયા હતા. સંત ગરીબદાસજીએ આંખો સમક્ષ રૂબરૂ જોયેલી સ્થિતિનું અને થયેલા અનુભવનું વર્ણન કરી રહ્યા છે કે :- હે માનવ ! આપને નર શરીર મળ્યું છે, જે નારાયણ એટલે કે પરમાત્માના શરીર જેવું એટલે કે તેમનું જ સ્વરૂપ છે. અન્ય પ્રાણીઓને આ સુંદર શરીર નથી મળ્યું. આ શરીર મળ્યા પછી પ્રાણીએ આજીવન ભગવાનની ભક્તિ કરવી જોઈએ. આવું પરમાત્મા સ્વરૂપ શરીર પ્રાપ્ત કરીને સત્ય ભક્તિ ન કરવાને કારણે ફરી ચોર્યાસી લાખવાળા ચક્રમાં જઈ રહ્યો છે, ધિક્કાર છે તારા માનવજીવનને ! મને તો તે દિવસની ચિંતા થઈ રહી છે, ડર લાગે છે કે ક્યાંક ભક્તિ ઓછી થશે અને તે પરમાત્માના દરબારમાં**

ખબર નહિ મારી આબરૂ રહેશે કે નહિ. હું તો ભક્તિ કરતા કરતાં પણ ડરું છું કે ક્યાંક ભક્તિ ઓછી ના પડી જાય. આપ તો ભક્તિ જ નથી કરતા. અગર કરો છો તો શાસ્ત્ર વિરુદ્ધ કરી રહ્યા છો. તમારી હાલત તો ખૂબ ખરાબ થશે અને હું તો સલાહ આપું છું કે એવા સતગુરૂ પસંદ કરો જે જન્મ-મરણનો દીર્ઘ (ભયંકર) રોગ મટાડી દે, સમાપ્ત કરી દે. જે સત્ય ભક્તિ નથી કરતા, તેમના શું હાલ થાય છે મૃત્યુ થયા પછી ! આજુબાજુના કુળ (કુટુંબ)ના લોકો ભેગા થઈ જાય છે. પછી બધાની એક જ મસલત એટલે કે સલાહ બને છે કે આને ઉઠાવો. (ઉઠાવીને સ્મશાન ઘાટ પર લઈ જઈને ફૂંકી મારે છે, લાકડી અથવા અણીદાર સળિયાના ઘા મારી-મારીને છાતીનો ભાગ તોડે છે. સંપૂર્ણ શરીરને સળગાવી નાંખે છે. જે કાંઈ પણ ખિસ્સામાં હોય છે, તેને કાઢી લે છે. પછી શાસ્ત્રવિધિ ત્યાગીને મનમરજીનું આચરણ કરવાવાળા તથા કરાવાવાળા સંસારમાંથી ચાલી ગયેલા તે જીવના કલ્યાણ માટે ગુરૂજી ગરૂડ પુરાણનો પાઠ કરે છે.)

તત્વજ્ઞાન (સૂક્ષ્મવેદ) માં કહ્યું છે કે પોતાનું મનુષ્ય જીવન પૂરું કરીને તે જીવ ચાલ્યો ગયો. પરમાત્માના દરબારમાં તેનો હિસાબ થશે. તે કર્મ અનુસાર ક્યાંક ગધેડા-કૂતરા બનવાની લાઈનમાં ઊભો હશે. મૃત્યુ થયા પછી ગરૂડ પુરાણનો પાઠ તેના શું કામમાં આવશે ? આ વ્યર્થનું શાસ્ત્ર વિરુદ્ધનું ક્રિયાકરમ છે. તે પ્રાણી જયારે મનુષ્ય શરીરમાં હાજર હતો ત્યારે, તેને ભગવાનના સંવિધાનનું જ્ઞાન કરવું જોઈતું હતું. જેનાથી તેને સારા-ખરાબ (ખોટા)નું જ્ઞાન થતું અને તે પોતાનું માનવ જીવન સફળ કરતો.

*પ્રેત શિલા પર જાય વિરાજે, ફિર પિતરોં પિણ્ડ ભરાહીં ।*
*બહુર શ્રાદ્ધ ખાન કૂં આયા, કાગ ભયે કલિ માહીં ।।*

ભાવાર્થ છે કે મૃત્યુ થયા પછી તે જીવના કલ્યાણ માટે એટલે કે ગતિ કરાવવા માટે કરવામાં આવતી શાસ્ત્ર વિરુદ્ધ ક્રિયાઓ વ્યર્થ છે. જેમ કે ગરૂડ પુરાણનો પાઠ કરાવ્યો, તે મરવાવાળાની ગતિ એટલે કે મોક્ષ માટે. પછી અસ્થિઓ (ફૂલ-હાડકાં) ગંગામાં પ્રવાહિત કરી તેની ગતિ (મોક્ષ) કરાવવા માટે. પછી તેરમી કે સત્તારમીએ હવન તથા ભંડારો (લંગર/ભોજન) કર્યો તેની ગતિ કરાવવા માટે. પહેલા દરેક મહિને એક વર્ષ સુધી માસિક ક્રિયા કરતા હતા, તેની ગતિ કરાવવા માટે, પછી છઠ્ઠા મહિને છઃ માહી ક્રિયા કરતા હતા, તેની ગતિ કરાવવા માટે, પછી વર્ષી ક્રિયા કરતા હતા તેની ગતિ કરાવવા માટે, પછી તેની પિંડોદક (પિંડદાન)ની ક્રિયા કરાવે છે, તેની ગતિ કરાવવા માટે. શ્રાદ્ધ કાઢે છે એટલે કે શ્રાદ્ધ ક્રિયા કરાવે છે, શ્રાદ્ધવાળા દિવસે

**પુરોહિત ભોજન જાતે બનાવે છે અને કહે છે કે થોડુંક ભોજન મકાનની છત (ધાબા/છાપરા) ઉપર રાખો, ક્યાંક તમારા પિતા કાગડો (કાગ) ન બની ગયા હોય. જ્યારે કાગડો ભોજન ખઈ જાય તો કહે છે કે તારા પિતા અથવા માતા વગેરે જે મૃત્યુને પ્રાપ્ત થઈ ચુક્યા છે જેના હેતુ (કારણે) આ બધી ક્રિયાઓ કરવામાં આવી છે અને આ શ્રાદ્ધ કરવામાં આવ્યું છે. તે કાગડો બન્યા છે, આનું શ્રાદ્ધ સફળ થઈ ગયું. આ ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ થયું કે તે વ્યક્તિ જેનું ઉપર જણાવ્યું તે બધું ક્રિયાકરમ કર્યું હતું, તે કાગડો બની ચુક્યો છે.**

**શ્રાદ્ધ કરવાવાળા પુરોહિત કહે છે કે શ્રાદ્ધ કરવાથી તે જીવ એક વર્ષ સુધી તૃપ્ત થઈ જાય છે. પછી એક વર્ષમાં શ્રાદ્ધ ફરી વાર કરવાનું છે.**

**વિચાર કરોઃ- જીવિત માણસ દિવસમાં ત્રણ વાર ભોજન કરતો હતો. હવે એક દિવસ ભોજન કરવાથી એક વર્ષ સુધી કેવી રીતે તૃપ્ત થઈ શકે છે ? અગર દરરોજ છત (ધાબા) ઉપર ભોજન રાખવામાં આવે તો તે કાગડો દરરોજ ભોજન ખાશે.**

**બીજી વાતઃ- મૃત્યુ થયા પછી કરવામાં આવેલ બધી જ ક્રિયાઓ ગતિ (મોક્ષ) કરાવવાના ઉદ્દેશ્યથી જ કરવામાં આવી હતી. તે જ્ઞાનહીન ગુરૂઓએ અંતે (છેલ્લે) કાગડો બનાવીને છોડ્યો. તે મરનાર વ્યક્તિ તો પ્રેત શિલા પર પ્રેત (ભૂતની) યોનિ ભોગવી રહ્યો છે. પાછળથી ગુરૂ અને કાગડો મોજથી ભોજન કરી રહ્યા છે. પિંડ ભરાવવાનો લાભ બતાવ્યો છે કે પ્રેત યોનિ છૂટી જાય છે. માની લો કે પ્રેત યોનિ છૂટી ગઈ. પછી તે ગધેડો અથવા બળદ બની ગયો તો શું ગતિ કરાવી ?**

*નર સે ફિર પશુવા કીજૈ, ગધા, બૈલ બનાઈ।*
*છપ્પન ભોગ કહાં મન બૌરે, કહીં કુરડી ચરને જાઈ॥*

**મનુષ્ય જીવનમાં આપણે કેટલા સારા છપ્પન પ્રકારના ભોજન ખાઈએ છીએ. ભક્તિ ન કરવાથી અથવા શાસ્ત્ર વિરુદ્ધ સાધના કરવાથી ગધેડો બનશે. પછી આ છપ્પન પ્રકારના ભોજન ક્યાં મળશે, ક્યાંક કુરડીઓ (ગંદકી, ટટ્ટીવાળા વિસ્તારમાં જ્યાં આમતેમ જગ્યા પર કચરાના ઢગલા હોય) પર પેટ ભરવા માટે ઘાસ ખાવા જશે. આ જ પ્રમાણે બળદ વગેરે-વગેરે પશુઓની યોનિઓમાં દુઃખ ઉપર દુઃખ ભોગવશે.**

*જૈ સતગુરૂ કી સંગત કરતે, સકલ કર્મ કટિ જાઈ।*
*અમર પુરિ પર આસન હોતે, જહાઁ ધૂપ ન છાંઈ॥*

**સંત ગરીબદાસે પરમેશ્વર કબીરજી પાસેથી પ્રાપ્ત સૂક્ષ્મવેદમાં આગળ કહ્યું છે કે અગર સતગુરૂ (તત્વદર્શી સંત) ની શરણમાં જઈને દીક્ષા લીધી**

**હોત તો ઉપરના બધા કર્મોના દુઃખ કપાઈ જતા એટલે કે ન પ્રેત (ભૂત) બનતો, ન ગધેડો, ન બળદ બનતો. અમરપુરી ઉપર આસન હોત એટલે કે ગીતા અધ્યાય 18 શ્લોક 62 તથા અધ્યાય 15 શ્લોક 4 માં વર્ણિત સનાતન પરમ ધામ પ્રાપ્ત થતું, પરમ શાંતિ પ્રાપ્ત થઈ જતી. પછી ક્યારેય પાછા વળીને સંસારમાં નથી આવતા એટલે કે જન્મ-મરણનું કષ્ટદાયક (દુઃખદાયક) ચક્ર હંમેશ માટે સમાપ્ત થઈ જતું. તે અમરલોક (સત્યલોક) માં તડકો-છાંયડો નથી એટલે કે જેમ કે તડકો દુઃખદાયી બન્યો તો છાંયડાની જરૂરિયાત પડી. તે સત્યલોકમાં કેવળ સુખ છે, દુઃખ નથી.**

*સુરત નિરત મન પવન પયાના, શબ્દૈ શબ્દ સમાઈ।*
*ગરીબ દાસ ગલતાન મહલ મેં, મિલે કબીર ગોસાંઈ ॥*

**સંત ગરીબદાસજીએ કહ્યું છે કે મને કબીર પરમેશ્વર મળ્યા છે. મને સુરત-નિરત, મન તથા શ્વાંસ પર ધ્યાન રાખીને નામનું સ્મરણ કરવાની વિધિ બતાવી. જે સાધનાથી સતલોકમાં થઈ રહેલી શબ્દ ધુનિને પકડીને સત્યલોકમાં ચાલ્યો ગયો. જેના કારણે સત્યલોક (શાશ્વત સ્થાન) માં પોતાના મહેલમાં આનંદથી રહું છું કારણ કે સત્ય સાધના જે પરમેશ્વર કબીરજીએ સંત ગરીબદાસજીને બતાવી હતી અને તે સ્થાન (સત્યલોક) ને ગરીબદાસજી પરમેશ્વરની સાથે જઈને જોઈને આવ્યા હતા. જેના કારણે વિશ્વાસની સાથે કહી રહ્યા હતા કે હું જે શાસ્ત્ર અનુકૂળ સાધના કરી રહ્યો છું, આ પરમાત્માએ બતાવી છે. જે શબ્દ એટલે કે નામનો જાપ કરવાથી હું અવશ્ય (જરૂર) પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરીશ, એમાં કોઈ શંકા નથી રહી. જેના કારણે હું (ગરીબદાસ) સત્યલોકમાં બનેલ મારા મહેલ (વિશાળ ઘર) માં જઈશ, જેના કારણે નિશ્ચિંત (ચિંતારહિત) તથા ગલતાન (મહેલ પ્રાપ્ત થવાની ખુશીમાં મસ્ત) છું કારણ કે મને પૂર્ણ ગુરૂ સ્વયં પરમાત્મા કબીરજી પોતાના લોકથી આવીને મળ્યા છે.**

*ગરીબ, અજબ નગર મેં લે ગયે, હમકો સતગુરૂ આન।*
*ઝિલકે બિમ્બ અગાધ ગતિ, સૂતે ચાદર તાન ॥*

*** ભાવાર્થઃ- ગરીબદાસજીએ બતાવ્યું છે કે સતગુરૂ એટલે કે સ્વયં પરમેશ્વર કબીરજી પોતાના નિજધામ સત્યલોકથી આવીને મને સાથે લઈને અજબ (અદ્ભૂત) નગરમાં લઈ ગયા એટલે કે સત્યલોકમાં બનેલ શહેરમાં લઈ ગયા. તે સ્થાનને આંખોથી રૂબરૂ જોઈને હું પરમાત્માના બતાવેલ ભક્તિ માર્ગ પર ચાલી રહ્યો છું. સત્યનામ, સારનામની સાધના કરી રહ્યો છું. એટલા માટે ચાદર તાણીને સૂઈ રહ્યો છું એટલે કે મારા મોક્ષમાં કોઈ સંદેહ (શંકા) નથી.**

ચાદર તાણીને ઊંઘવું = નિશ્ચિંત (ચિંતા વગરના) થઈને રહેવું. જેનું કોઈપણ કામ શેષ (બાકી) ન રહ્યું હોય અને કોઈ ચાદર ઓઢીને સૂઈ રહ્યો હોય તો ગામમાં લોકો કહે છે કે બરાબર ચાદર તાણીને (ઓઢીને) એ તો આરામથી સૂઈ રહ્યો છે. શું કોઈ કામ જ નથી ? આ જ પ્રમાણે ગરીબદાસજીએ કહ્યું છે કે હવે મોટા-મોટા મહેલ બનાવવા વ્યર્થ લાગી રહ્યા છે. હવે તો તે સત્યલોકમાં જઈશું. જ્યાં તૈયાર બનાવેલા વિશાળ ભવન (ભુવન-મહેલ) છે, જેને અમે છોડીને ભૂલ કરીને અહીંયા કાળના મૃત્યુલોકમાં આવી ગયા છીએ. હવે દાવ લાગ્યો છે. સત્ય ભક્તિ મળી છે તથા તત્વજ્ઞાન મળ્યું છે.

સજ્જનો ! તે સત્ય ભક્તિ અત્યારે વર્તમાનમાં મારી (રામપાલદાસની) પાસે છે. જેનાથી આ દુઃખોનું ઘરસંસારથી પાર થઈને તે પરમ શાંતિ તથા શાશ્વત સ્થાન (સનાતન પરમ ધામ) પ્રાપ્ત થઈ જાય છે જેના વિશે ગીતા અધ્યાય **18** શ્લો **62**માં કહ્યું છે તથા ગીતા ધ્યાય **15** શ્લોક **4** માં કહ્યું છે કે તત્વદર્શી સંત પાસેથી તત્વજ્ઞાન પ્રાપ્ત કરીને, તે તત્વજ્ઞાનથી અજ્ઞાનનો નાશ કરીને, તેના પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ, જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા.

## ✪ ''ભક્તિ નહિ કરવાથી ખૂબ દુઃખ પડશે''

સૂક્ષ્મવેદમાં કહ્યું છે કેઃ-

*યહ સંસાર સમઝદા નાહીં,કહંદા શામ દુપહરે નૂં ।*
*ગરીબદાસ યહ વક્ત જાત હૈ, રોવોગે ઈસ પહરે નૂં ।।*

આધ્યાત્મિક જ્ઞાનના અભાવે પરમાત્માના વિધાન (કાયદા)થી અપરિચિત હોવાને કારણે આ પ્રાણી આ દુઃખોના ઘરરૂપી સંસારમાં ખૂબ ભયંકર દુઃખ વેઠી રહ્યા છે અને આને જ સુખમય સ્થાન માની રહ્યા છે.

જેમ કે કોઈ વ્યક્તિ જૂન માસના દિવસમાં બપોરે **12** થી **1** વાગે હરિયાણા રાજ્યમાં દારૂ પીને બળબળતા તાપમાં ગોથું ખાઈને ખુલ્લામાં જમીન પર પડ્યો છે, પરસેવાથી હાલત ખરાબ છે, રેતી શરીરને ચોંટી ગઈ છે. એક વ્યક્તિએ કહ્યું કે હે ભાઈ! ઊઠ, તને ઝાડની નીચે બેસાડી દઉં, અહીં તું ગરમીમાં શેકાઈ રહ્યો છે. દારૂડિયો બોલ્યો કે હું અહીં બિલકુલ ઠીક (બરાબર) છું, ખૂબ મજા આવી રહી છે, કોઈ દુઃખ નથી.

❊ એક વ્યક્તિ કોઈ કારણસર કોર્ટમાં ગયો. ત્યાં તેનો સંબંધી મળી ગયો. એકબીજાએ ખબર અંતર પૂછ્યા, બંનેએ કહ્યું, બધું બરાબર છે, મજા છે.

❋ એક વ્યક્તિનો એકનો એક પુત્ર બહુ રોગી હતો. તેને **P.G.I.** માં દાખલ કરી રાખ્યો હતો. છોકરાની બચવાની આશા બહુ ઓછી હતી. આવી સ્થિતિમાં માતા-પિતાની શું દશા થાય છે, તે આસાનીથી સમજી શકાય છે. સંબંધી મળવા આવ્યા અને પૂછ્યું કે બાળકની શું સ્થિતિ છે ? પિતાએ કહ્યું કે બચવાનો કોઈ ભરોસો (વિશ્વાસ) નથી, પછી પૂછ્યું બીજું બધું કુશલ-મંગળ છે, પિતાએ કહ્યું કે બાકી બીજી બધી તો મજા છે.

*વિચાર કરોઃ-* દારૂના નશામાં બળબળતા તડકામાં ગરમી સહન કરી રહ્યો હતો, છતાં પણ કહી રહ્યો હતો કે મઝા આવી રહી છે.

❋ કોર્ટ-કચેરીઓમાં જે સંબંધીઓ મળ્યા, બંને કહી રહ્યા હતા કે બધી મજા છે. વિચાર કરો કે જે વ્યક્તિ કોર્ટના ચકરડામાં ફસાયો છે, તેને સ્વપ્નમાં પણ સુખ નથી હોતું. તેમ છતાં પણ બંને કહી રહ્યા હતા કે મૌજ છે એટલે કે આનંદ છે.

❋ જે વ્યક્તિનો એકનો એક પુત્ર મરણના ખાટલા પર હોય, તેને મૌજ (આનંદ) કેવી રીતે હોઈ શકે ? એટલા માટે સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે આ સંસારરૂપી દુઃખાલય (દુઃખોના ઘર) માં આ પ્રાણી મહા દુઃખને પણ સુખ માની રહ્યો છે.

*યહ સંસાર સમંઝદા નાહીં, કહંદા શામ દોપહરે નૂં ।*
*ગરીબ દાસ યહ વક્ત જાત હૈ, રોવોગે ઈસ પહરે નૂં ॥*

સંત ગરીબદાસજીએ બતાવ્યું છે કે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને જે વ્યક્તિ ભક્તિ નથી કરતો, તે કૂતરા, ગધેડા વગેરે-વગેરે યોનિઓમાં દુઃખ (કષ્ટ) ભોગવે છે. કૂતરો રાત્રિના સમયે આકાશ તરફ મોંઢું કરીને રડે છે. એટલા માટે ગરીબદાસજીએ બતાવ્યું છે કે આ માનવ શરીરમાં મળેલ સમય એકવાર હાથમાંથી નીકળી ગયો અને ભક્તિ ના કરી તો આ સમય (આ પહરે-પહાંર) ને યાદ કરીને રડ્યા કરશો.

## ✪ ''ભક્તિ માર્ગ પર યાત્રા''

જ્યાં સુધી આધ્યાત્મિક જ્ઞાન નથી, ત્યાં સુધી તો જીવ માયાના નશામાં પોતાનો ઉદ્દેશ્ય (ધ્યેય) બિલકુલ ભૂલી જ ગયો હતો અને જેમ ઉપર બતાવ્યું છે કે દારૂડિયો નશામાં જેઠ મહિનાની ગરમીમાં દિવસે બપોરના સમયે કાળઝાળ ગરમીમાં પડ્યો પડ્યો પરસેવાથી અને રેતીથી ખરડયેલો પણ કહી રહ્યો હતો કે આનંદ મળી રહ્યો છે. પરંતુ નશો ઉતરી ગયા પછી તેને ખબર પડે છે કે તું તો જંગલમાં પડ્યો છે, ઘર તો હજી દૂર છે.

કબીરજીએ કહ્યું છે કેઃ-

*કબીર, યહ માયા અટપટી, સબ ઘટ આન અડી ।*
*કિસ-કિસ કો સમઝાઊં, યા કૂએં ભાંગ પડી ।।*

આધ્યાત્મિક જ્ઞાનરૂપી ઔષધિનું સેવન કરવાથી જીવનો નશો ઉતરી જાય છે. પછી તે ભક્તિના માર્ગ પર ચાલે છે કારણ કે તેને પરમાત્માની પાસે પહોંચવાનું છે, જે તેના પોતાના પિતા છે તથા તે સતલોક જીવનું પોતાનું ઘર છે.

યાત્રા પર ચાલવાવાળો વ્યક્તિ બધો પૂરો સામાન ઉપાડીને નથી ચાલી શકતો. માત્ર જરૂરી સામગ્રી લઈને જ યાત્રા પર જાય છે. આ જ પ્રમાણે ભક્તિના માર્ગ પર પોતાએ હલકા થઈને ચાલવું પડશે. ત્યારે મંઝિલને પ્રાપ્ત કરી શકીશું. ભક્તિરૂપી રસ્તા પર ચાલવા માટે પોતાની અંદર માનસિક શાંતિ હોવી ખાસ જરૂરી (ફરજિયાત) છે. માનસિક પરેશાની (તકલીફ)નું કારણ છે આપણી પરંપરાઓ તથા નશો (વ્યસનો), માન-અભિમાન, લોક દેખાવો કરવો, આ ભાર (બોજો) વ્યર્થ (ખોટો) લઈને ઊભા છીએ. જેમ કે મોટો બંગલો, ખૂબ મોંઘી ગાડી, શણગાર કરવો, મોંઘા દર-દાગીના (સોનાના આભૂષણ), સંગ્રહ કરવો, વિવાહમાં દહેજ લેવું-આપવું, બેંડ-વાજા, ડી.જે. વગાડવું, જાન પ્રસ્થાન વખતે ઘોડે ચઢે તે સમયે સમગ્ર કુટુંબનું બેશર્મોની જેમ નાચવું, મરેલાનું ભોજન કરવું, બાળકના જન્મ પર ખુશી મનાવવી, છોકરાના જન્મનો આનંદ મનાવવો, ખુશીના અવસરે ફટાકડા ફોડવા, ખોટા ખર્ચા કરવા વગેરે-વગેરે જીવનના ભક્તિમાર્ગમાં અવરોધક (નુકસાનકારક) હોવાને કારણે ત્યાગવા પડશે.

## ✪ ''વિવાહ કેવી રીતે કરશો ?''

જેમ કે શ્રીદેવી દુર્ગાજીએ પોતાના ત્રણે પુત્રો (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ના વિવાહ કર્યા હતા, આ જ પુસ્તકમાં આપ આગળ વાંચશો. મારા (લેખકના) અનુયાયી આ પ્રમાણે જ કરે છે. 17 મિનિટની અસુર નિકંદન રમૈણી છે. ફેરાના સ્થળ પર તેને બોલવામાં આવે છે જે કરોડ ગાયત્રી મંત્ર (ૐ ભૂર્ભવઃ....) થી ઉત્તમ તથા લાભદાયક છે. જેમાં વિશ્વના બધા દેવી-દેવ તથા પૂર્ણ પરમાત્માનું આહ્વાન તથા સ્તુતિ-પ્રાર્થના છે. જેના કારણે બધી શક્તિઓ તે વિવાહીત દંપત્તિની (વિવાહવાળા જોડાની) હંમેશા રક્ષા તથા સહાયતા કરે છે. એનાથી દીકરી બચેલી રહેશે. જીવવાનો સુગમ (સરળ) રસ્તો થઈ જશે.

**વિવાહમાં પ્રચલિત વર્તમાન પરંપરાનો ત્યાગઃ-**

વિવાહમાં ખોટા/ફોગટ ખર્ચાઓનો ત્યાગ કરવો પડશે. જેમ કે દીકરીના વિવાહમાં મોટી બારાતનું (જાનનું) આવવું, દહેજ આપવું, આ ખોટી પરંપરા છે. જેના કારણે દીકરી પરિવાર ઉપર ભાર (બોજ) માનવામાં આવી રહી છે અને તેને ગર્ભમાં જ મારી નાખવાની પરંપરા શરૂ થઈ છે જે માતા-પિતા માટે મહા પાપનું કારણ બને છે. દિકરી દેવીનું સ્વરૂપ હોય છે. અમારી કુપરંપરા (ખરાબ રીત-રિવાજો)ઓએ દિકરીને દુશ્મન બનાવી દીધી. શ્રીદેવી પુરાણના ત્રીજા સ્કંદમાં પ્રમાણ છે કે આ બ્રહ્માંડના પ્રારંભમાં ત્રણે દેવતાઓ (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ના જ્યારે તેમની માતા શ્રી દુર્ગાજીએ વિવાહ કર્યા, તે સમયે ન તો કોઈ બારાતી (જાનૈયા)ઓ હતા, ન કોઈ ભાતી (ન કોઈ મામેરું ભરવાવાળા) હતા. ન તો કોઈ ભોજન સમારંભ કરવામાં આવ્યો હતો. ન તો ડી.જે. વગાડવામાં આવ્યું હતું, ન કોઈપણ પ્રકારનો ડાન્સ (નાચ-કૂદ) કરવામાં આવ્યો હતો. શ્રી દુર્ગાજીએ પોતાના મોટા પુત્ર શ્રી બ્રહ્માજીને કહ્યું કે હે બ્રહ્મા ! આ સાવિત્રી નામની છોકરી તને તારી પત્નીના રૂપમાં આપવામાં આવે છે. આને લઈ જાઓ અને તમારું ઘર વસાવો. આ જ પ્રમાણે વચલા (વચોટ) પુત્ર શ્રી વિષ્ણુજીને લક્ષ્મીજી તથા નાના દિકરા શ્રી શિવજીને પાર્વતીજી આપીને કહ્યું કે આ તમારી પત્નીઓ છે. આમને લઈ જાઓ અને પોત-પોતાનું ઘર વસાવો. ત્રણેય પોત-પોતાની પત્નીઓને લઈને પોત-પોતાના લોકમાં ચાલી ગયા, જેનાથી વિશ્વનો વિસ્તાર થયો.

※ **શંકા સમાધાનઃ-** કેટલાક વ્યક્તિ કહે છે કે પાર્વતીજીનું તો મૃત્યુ થઈ ગયું હતું. તે દેવીનો પુર્નજન્મ રાજા દક્ષના ઘરે થયો હતો. યુવાન થઈ ગયા ત્યારે દેવી સતી (પાર્વતી)જીએ નારદે બતાવ્યું તેના પછી શ્રી શિવજીને પોતાના પતિ બનાવવાનો દૃઢ સંકલ્પ કરી લીધો અને પોતાની માતાજીના માધ્યમથી પોતાની ઈચ્છા પિતા દક્ષને બતાવી તો રાજા દક્ષે કહ્યું કે તે શિવજી મારો જમાઈ બનવા યોગ્ય નથી કારણ કે તે નગ્ન (નાગો) રહે છે. માત્ર એક હરણનું ચામડું નિતંબ (ગુપ્તાંગ) ઉપર વીંટાળે છે. શરીર પર ભસ્મ લગાડીને ભાંગના નશામાં રહે છે. સાપો (સર્પ)ને જોડે રાખે છે. આવી વ્યક્તિ સાથે મારી દીકરીના લગ્ન કરાવીને હું જગતમાં હાસ્યાસ્પદ બનવા નથી માંગતો. પરંતુ દેવી પાર્વતી પણ ખૂબ જિદ્દી હતી. તેણે પોતાની ઈચ્છા શ્રી શિવજીને મોકલાવી દીધી કે હું આપની સાથે લગ્ન કરવા ઈચ્છું છું. રાજા દક્ષે પાર્વતીજીનો વિવાહ બીજા (અન્ય)ની સાથે પાકકો કરી રાખ્યો હતો. તે

જ દિવસે શ્રી શિવજી પોતાની સાથે હજારોની સંખ્યામાં ભૂત-પ્રેત, ભૈરવ તથા તેમના ગણોને લઈને વિવાહ મંડપ આગળ પહોંચી ગયા. રાજા દક્ષના સૈનિકોએ વિરોધ કર્યો. શિવજીની સેના અને દક્ષની સેના વચ્ચે યુદ્ધ થયું. પાર્વતીએ શિવજીને વરમાળા પહેરાવી દીધી. પાર્વતીને બળપૂર્વક લઈને શ્રી શિવજી કૈલાસ પર્વત પર પોતાના ઘેર લઈ ગયા. કેટલાક વ્યક્તિ કહે છે કે જુઓ ! શિવજી પણ ભવ્ય બારાત (જાન) લઈને પાર્વતીથી વિવાહ કરવા આવ્યા હતા. એટલા માટે બારાત (જાન)ની પરંપરા જુની છે. એટલા માટે બારાત (જાન) વગર લગ્નની શોભા નથી થતી. આનો જવાબ આ છે કે એ વિવાહ નહતા, એ તો પ્રેમ પ્રસંગ હતો. શ્રી શિવજી બારાત (જાન) નહિ સેના લઈને આવ્યા હતા પાર્વતીને બળપૂર્વક ઊઠાવીને લઈ જવા માટે. વિવાહની જૂની પરંપરા શ્રીદેવી મહાપુરાણના ત્રીજા સ્કંદમાં જે ઉપર બતાવી દીધી છે. દિકરીઓ તથા દીકરાઓએ ખાસ ધ્યાનમાં લે કે પોતાના મા-બાપની ઈચ્છા મુજબ લગ્ન કરે. પ્રેમવિવાહ મહા કલેશ (ભારે ઝઘડા)નું કારણ બની જાય છે. જેમ કે ભગવાન શિવજી અને પાર્વતીજીનો કોઈ વાત ઉપર ઝઘડો થઈ ગયો. શિવજીએ પાર્વતીજી સાથે પત્ની વ્યવહાર બંધ કરી દીધો અને બોલવાનું પણ બંધ કરી દીધું. પાર્વતીજીએ વિચાર્યું કે હવે આ ઘર મારા માટે નરક સમાન બની ગયું છે. એટલે થોડા દિવસ માટે હું મારી માતા પાસે જતી રહું છું. પાર્વતીજી પોતાના પિતા દક્ષના ઘેર પિયર જતી રહી. તે દિવસે રાજા દક્ષે એક હવન યજ્ઞનું આયોજન કર્યું હતું. રાજા દક્ષે પોતાની બેટીને આવકાર ના આપ્યો તથા ઉપરથી કહ્યું કે આજે શું લેવા આવી છે તું ? જોઈ લીધો તેનો પ્રેમ, ચાલી જા ઘરેથી. પાર્વતીજીએ પોતાની માતાને શ્રી શિવજીની નારાજ થવાની વાત બતાવી દીધી હતી. માતાએ પોતાના પતિ દક્ષને તમામ વાત કહી દીધી હતી. પાર્વતીજી માટે હવે ના પિયરમાં સ્થાન હતું, ન તો સાસરિયામાં. પ્રેમ વિવાહે આવી ગંભીર પરિસ્થિતિ ઊભી કરી દીધી કે દક્ષ પુત્રીને આત્મહત્યા સિવાય કોઈ વિકલ્પ દેખાયો નહિ અને રાજા દક્ષના વિશાળ હવન કુંડમાં બળીને મરી ગઈ. ધાર્મિક અનુષ્ઠાનનો નાશ કરી કાઢ્યો. પોતાનું અણમોલ માનવ જીવન ફોગટ ખોઈ નાંખ્યું. પિતાશ્રીનો નાશ કરાવ્યો કારણ કે જ્યારે શ્રી શિવજીને ખબર પડી તો તે પોતાની સેના લઈને પહોંચી ગયા અને પોતાના સસરા દક્ષજીનું ડોકું કાપી કાઢ્યું. બાદમાં બકરાનું ડોકું લગાડીને જીવિત કર્યા. તે પ્રેમ વિવાહે કેવું ધમાસાણ (સામસામે તોફાન) મચાવ્યું. શિવજીની સેનાને બારાત (જાન) બતાવીને (કહીને) કુપ્રથાને (લગ્નમાં જાનૈયા લાવવાના ખરાબ-કુરિવાજને) જન્મ આપ્યો અને આ પ્રસંગ પ્રેમ વિવાહરૂપી કુપ્રથા (ખરાબ રિવાજ)નો પિતા (જનક) છે જે સમાજના નાશનું કારણ છે.

વિવાહ જે સુપ્રથા (સારી પ્રથા) અનુસાર થયા, તે આજસુધી સુખી જીવન જીવી રહ્યા છે. જેમ કે શ્રી બ્રહ્માજી તથા શ્રી વિષ્ણુજી.

**વિવાહ કરવાનો ઉદ્દેશ્યઃ-** લગ્ન કરવાનો ઉદ્દેશ્ય માત્ર સંતાન પ્રાપ્તિ કરવાનો છે. પછી પતિ-પત્ની ભેગા મળીને પરિશ્રમ કરીને બાળકોનું પાલન પોષણ કરે છે. તેમના લગ્ન કરી દે છે. પછી તે બધા પોતાનું ઘર વસાવે છે. આના સિવાય પ્રેમ વિવાહ કરવા એ સમાજમાં અશાંતિના બીજ વાવવા બરાબર છે. સમાજને બગાડવા માટેની ચિનગારી છે.

## ✪ પ્રેમ પ્રસંગ કેવો હોય છે ?

**ઉત્તરઃ-** જે ચરિત્રહીન છોકરા-છોકરીઓ હોય છે, તેઓ ચાલતી વખતે અજીબો ગરીબ એક્ટિંગ કરે છે. તે લાજ-શરમ વગરનાઓની દૃષ્ટિ (નજર) પણ આડી-અવળી ફરતી હોય છે. ક્યારેક બનાવટી હાસ્ય. વળી-વળીને આગળ પાછળ ડાફેરાં મારવાં. ચેન-ચાળા કરતાં કરતાં ચાલવું તે બધા પાપાત્માઓનો શોખ હોય છે જે અંતે પ્રેમ વિવાહનું રૂપ બની જાય છે. ત્યારબાદ તેમને ખબર પડે છે કે બંને જણને અગાઉ પણ અન્ય પ્રેમી-પ્રેમિકાઓ પણ હતી. પછી તેમની દશા શિવ-પાર્વતી વાળી થાય છે. ન ઘરના રહે છે, ના ઘાટના. લગ્ન કરવાનો ઉદ્દેશ્ય ઉપર જણાવી દીધો છે. એનાથી હટીને કોઈપણ (યુવાન/યુવતી) અલગ પગલું ભરે છે તો તે જીવન સફરને નરક બનાવવાવાળું હોય છે. અગર કોઈનો પ્રેમ સંબંધ પણ થઈ જાય તો આ વાતનું ધ્યાન અવશ્ય (ચોકકસ) રાખે કે પોતાના સમાજની મર્યાદા (જેમ કે ગોત્ર,ગામ તથા વિવાહક્ષેત્ર) નો ભંગ ના થતો હોય જેનાથી કુળ (કુટુંબ) અને માતા-પિતાની આબરૂને ઠેસ ના પહોંચે. ભૂલથી આવું થઈ પણ જાય અને પાછળથી ખબર પડે તો છોકરા-છોકરી બન્ને વિચારે કે તે આ પ્રેમવિવાહને તર્ત જ તોડી નાંખે. આ વર્તમાન સમયમાં આંતર જ્ઞાતિય વિવાહ કરવામાં કોઈ નુકસાન નથી, પરંતુ ઉપર જણાવેલ મર્યાદાનું ધ્યાન અવશ્ય (ચોકકસ) રાખે. ભગવાન શિવજીએ પણ દેવી પાર્વતીનો આ જ કારણથી ત્યાગ કર્યો હતો. કથા આ પ્રમાણે છેઃ-

## ✪ ''ભગવાન શિવ દ્વારા પોતાની પત્નીનો ત્યાગ કરવો''

જે સમયે દશરથ પુત્ર શ્રી રામચંદ્ર (રાજા અયોધ્યા) વનવાસનો સમય વ્યતિત કરી રહ્યા હતા. તે સમયે સીતાજીનું અપહરણ લંકાના રાજા રાવણે કરી લીધું હતું. શ્રી રામને તેની ખબર નહતી કે કોણ ઊઠાવીને લઈ ગયું. સીતાજીના વિયોગમાં શ્રીરામજી વિલાપ કરી રહ્યા હતા. આકાશમાંથી શિવ-

પાર્વતીએ જોયું. પાર્વતીએ શિવજીને પૂછ્યું કે આ વ્યક્તિ આટલો જોર જોરથી બૂમો પાડીને કેમ રડી રહ્યો છે ? આના ઉપર શું આફત આવી પડી છે ? શ્રી શિવજીએ કહ્યું કે આ કોઈ સાધારણ વ્યક્તિ નથી. આ શ્રી વિષ્ણુજી છે, જે રાજા દશરથના ઘેર જન્મ્યા છે. હવે વનવાસનો સમય વ્યતિત કરી રહ્યા છે. એમની પત્ની સીતા પણ એમની સાથે આવી હતી, તેનું કોઈએ અપહરણ કરી લીધું છે. એટલા માટે દુઃખી છે. પાર્વતીજીએ કહ્યું કે હું સીતારૂપ ધારણ કરીને એમની સામે જઈશ. અગર મને ઓળખી કાઢશે તો હું માનીશ કે તેઓ વાસ્તવમાં ભગવાન છે. શિવજીએ પાર્વતીને કહ્યું હતું કે આ ભૂલ ના કરતી. અગર તમે સીતાનું રૂપ ધારણ કરી લીધું તો તું મારા કોઈ કામની નહિ રહે. પાર્વતીજીએ તે સમયે તો કહી દીધું કે, સારું, હું પરીક્ષા નહિ લઉં. પરંતુ શિવજી ઘરમાંથી જેવા બહાર ગયા કે તરત જ પાર્વતી પોતે સીતાજીનું રૂપ ધારણ કરીને શ્રીરામની સામે ઊભી રહી ગઈ. શ્રીરામ બોલ્યા કે હે દક્ષ પુત્રી માયા ! આજે એકલા કેમ આવ્યા છો ? શ્રી શિવજીને ક્યાં મુકીને આવી છો ? ત્યારે દેવીજી લજ્જિત થઇ (શરમાઈ) ગઈ અને બોલી કે ભગવાન શિવ સાચું જ કહી રહ્યા હતા કે આપ ત્રિલોકી નાથ છો. આપે મને ઓળખી કાઢી. હું તો પરીક્ષા કરવા આવી હતી. ભગવાન શિવજીને પણ ખબર પડી ગઈ કે પાર્વતીએ સીતાજીનું રૂપ ધારણ કરીને પરીક્ષા લીધી છે. શિવજીએ પાર્વતીજીને પૂછ્યું, કરી દીધુંને એ જ કામ જે કામ માટે મેં તને મનાઈ કરી હતી. પાર્વતીજીએ શરૂઆતમાં જુઠ્ઠું પણ બોલ્યું કે મેં કોઈ પરીક્ષા નથી લીધી, પરંતુ શિવજી પૂર્ણ રીતે નારાજ થઈ ગયા અને પ્રેમ વિવાહ નરકનું કારણ બની ગયું જે આપજીએ ઉપર વાંચ્યું છે.

એટલા માટે યુવાનોને નિવેદન છે કે પોતાની કમજોરીના કારણે માતા-પિતા તથા સમાજમાં ઝેર ન ઘોળો (ભેળવો). લગ્ન કરવા સારી વાત છે. બકવાસ [બકવાસ એટલે અનેક પ્રકારથી કરવામાં આવતાં ખરાબ કર્મો-વિકારો-વ્યસનો-ખરાબ આદતો. જેમ કે બન્ને યુવાન પાત્રો મા-બાપને છેતરીને એકબીજા સાથે લગ્નના જુઠ્ઠા વચનો આપીને લગ્ન પહેલાં કામુક (sexy) બનીને એકબીજાથી છલળ-કપટ કરીને ખરાબ આચરણરૂપી કર્મોમાં બરાબરરીતે ફસાઈ જઈને મજબૂર બનીને / બનાવીને પછી ફસાયેલી ઝાળમાંથી નીકળવામાં મોડું થઈ જવાથી સમાજના ડરના કારણે ઉતાવળમાં લગ્નનું સ્વરૂપ આપે છે જેને પ્રેમ લગ્નની વ્યાખ્યા આપી દે છે અને જીવનભરની પ્રસ્તાવવાળી ઝાળમાં ફસાઈને મરે છે.] કરવો ખરાબ વાત છે. વિવાહ યોગ્ય સંતાન થાય ત્યારે માતા પિતા જાતે જ ચિંતિત થઈ જાય છે

અને લગ્ન થઈ ગયા બાદ જ શાંતિનો શ્વાસ લે છે. તો પછી યુવાનો કેમ માથાનો દુઃખાવો સામેથી માથે લઈ લે છે ? જ્યાં સુધી લગ્ન નથી થતા, ત્યાં સુધી ચાવ (મનમાં લગ્નના ખુમારનો - રસ) ચઢેલો રહે છે. લગ્ન થઈ ગયા પછી બાળકો થઈ જાય છે. સાત વર્ષ પછી અનુભવ થવા લાગે છે કે ‘‘આ શું બન્યું ?’’ જેમ કે હરિયાણાના કવિ (સ્વાંગી) જાટ મેહર સિંહજીએ કહ્યું છે કે:-

*વિવાહ કરકે દેખ લિયો, જિસને દેખી જેલ નહીં હૈ ।*

જેમ કે જેલમાં ચાર દિવાલોની વચ્ચે રહેવું મજબૂરી હોય છે. આ જ પ્રમાણે લગ્ન થઈ ગયા પછી માતા-પિતા પોતાના પરિવારના ભરણપોષણ માટે ગૃહસ્થી જીવન જીવવા માટે સામાજિક મર્યાદારૂપી ચાર દિવાલોની અંદર રહેવું અનિવાર્ય (ફરજિયાત) થઈ જાય છે. પોતાની ઈચ્છા (મરજી) નથી ચલાવી શકતા એટલે કે નોકરીવાળો માણસ નોકરી પર જાય છે. મજૂર મજૂરી પર તથા ખેડૂત ખેતીકાર્ય કરવા માટે મજબૂર છે - જે જરૂરી છે. એટલા માટે લગ્નજીવનને મર્યાદારૂપી જેલ કહેવામાં આવે છે. પરંતુ આ કારાગાર (જેલ) વગર સંસારની ઉત્પત્તિ નથી થઈ શકતી. આપણા માતા-પિતાજીએ પણ લગ્ન કર્યા. આપણને અણમોલ મનુષ્ય શરીર મળ્યું. આ શરીરમાં ભક્તિ કરીને મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકે છે જે લગ્નનું જ વરદાન છે. આ પવિત્ર સંબંધને ચરિત્રહીન વ્યક્તિ કામુક (sexy) કથાઓ સંભળાવીને તથા અશ્લીલ રાગ અને ગાયનો ગાઈને યુવાનોમાં વાસનાઓને ભડકાવે છે, જેનાથી શાંત તથા મર્યાદિત માનવ સમાજમાં આગ લાગી જાય છે. જેના કારણે અનેક કુટુંબો બરબાદ (ઉજ્જડ) થઈ જાય છે. જેમ કે સમાચારપત્રોમાં (છાપાઓમાં) વાંચવા મળે છે કે યુવક તથા યુવતીએ એક જ ગામમાં પ્રેમ કરીને નાશનું બીજ વાવી દીધું. છોકરીવાળાઓએ પોતાની છોકરીને ખૂબ જ સમજાવી, પરંતુ ગંદા ચલચિત્ર (પિક્ચર)થી પ્રેરાયેલી છોકરીએ કોઈની વાત માની નહિ. પરિવારજનોએ છોકરીની હત્યા કરી નાંખી. જેના કારણે છોકરીનો ભાઈ-પિતા, માતા તથા ભાભી પણ જેલમાં ગયા. આજીવન કારાગાર (જેલ)ની સજા થઈ ગઈ. તે બંનેએ પ્રેમપ્રસંગ રૂપી અગ્નિથી પરિવારને સળગાવી દીધો. હસતા-ખિલતા ભર્યા પરિવારનો નાશ કરી દીધો. અન્ય (બીજા) ઘણા બનેલા દાખલાઓ છે જેમાં ઑનર કિલિંગનો કેસ બનવાથી ફાંસી સુધીની સજાની જોગવાઈ છે. હે યુવાન બાળકો ! વિચાર કરો ! માતાપિતા તમારાથી શું શું ઉમ્મીદો (આશાઓ) રાખીને જીવે છે ? આપને ભણાવે છે, પાલન-પોષણ કરે છે. આપ સામાજિક મર્યાદાને ભૂલી જઈને

નાની અમથી ભૂલના કારણે બહુ મોટી ભૂલ કરીને જીવન નષ્ટ (નાશ) કરી કાઢો છો. એટલા માટે બાળકોને સત્સંગ સંભળાવવો અનિવાર્ય (ફરજિયાત) છે. સામાજિક ઊંચ-નીચ (સારા-ખોટા વિચારો)ના પાઠ ભણાવવા જરૂરી છે, જેનો અભાવ થઈ ચુક્યો છે.

**પ્રશ્નઃ-** લગ્નની જાન (બારાત) ની શરૂઆત કેવી રીતે થઈ ?

**જવાબઃ-** રાજાઓથી તેનો પ્રારંભ થયો. તેઓ છોકરા (પુત્ર)ના લગ્નમાં સેના લઈને જતા હતા. રસ્તામાં રાજાની સુરક્ષા માટે સેના જતી હતી. જેનો તમામ ખર્ચ છોકરીવાળો રાજા ભોગવતો હતો.

શેઠ-શાહુકાર દહેજમાં વધુ આભૂષણ (ઘરેણાં) અને ધન આપતા હતા. તેઓ ગામના અન્ય ગરીબ વર્ગના માણસોને દૈનિક પગાર પર લઈ જતા હતા, જે સુરક્ષા (રક્ષણ) માટે રહેતા હતા. તેમને પહેલા દિવસે છોકરાવાળા પોતાના ઘરે મિઠાઈ ખવડાવતા હતા. છોકરીવાળા પાસેથી દરેક ચોકીદારને એક ચાંદીનો રૂપિયો તથા એક પિત્તળનો ગ્લાસ અપાવવામાં આવતો હતો. જે ગરીબ લોકો પોતાનું ગાડું તથા બળદ લઈને જતા હતા, તેમને થોડુંક વધુ ધન આપવાની લાલચ આપવામાં આવતી હતી. પહેલાના જમાનામાં જંગલો વધારે હતા. એક-બીજા ગામમાં આવવા જવાના સાધનો પણ નહોતા. આ પ્રમાણે આ એક પરંપરા શરૂ થઈ, આગળ જતાં રિવાજ બની ગયો. તે સમયે દુકાળ પડતો હતો. લોકો ગરીબીમાં જીવતા અને કોઈ એકલો ધનવાન મળી જાય તો તેને લૂંટી લેવો સામાન્ય ઘટના બની ગઈ હતી. આ કારણે જાનૈયારૂપી સેનાની શરૂઆત થઈ. પછી આ લોક દેખાડો કરવાની એક પરંપરા બની ગઈ, જેની હાલના સમયમાં બિલકુલ જરૂરિયાત નથી. [પૂર્વજોએ શરૂ કરેલી ઘણી બધી ક્રિયાઓની આજે જરૂરિયાત ન હોવા છતાં આજનો સભ્ય કહેવાતો સમાજ તે જૂની ક્રિયાઓને પાખંડ રૂપમાં ચલાવી રહ્યો છે એટલે કે ઘણી બધી જૂની ક્રિયાઓએ પાખંડનું રૂપ ધરી લીધું છે. જે આજે દુખનું અને આર્થિક નુકસાનનું કારણ પણ બની રહ્યું છે.]

**પ્રશ્નઃ-** ભાત (મામેરું) અને ન્યોંદા-ન્યોંદાર (લગ્ન પ્રસંગનું નોંતરું) કેવી રીતે શરૂ થયા ?

**ઉત્તરઃ-** આનું મૂળ પણ જાનનું આવવું, દહેજનું આપવું. જાન લઈ જવા માટે છોકરાવાળા તરફથી મિઠાઈ ખવડાવવી. છોકરીવાળા તરફથી પણ તે જાનૈયાઓને મિઠાઈ તથા રૂપિયા-ગ્લાસ આપવા વગેરેના કારણે ભાત (મામેરું) તથા નોતરું (ન્યોંદા) પ્રથા શરૂ થઈ. નોંતરુ આપવાથી બધા ભેગા (સમૂહમાં) ગામના તથા આસપાસના ગવાંડ (પડોશી) ગામના પ્રેમી

વ્યક્તિઓ હોય છે. જેના છોકરા તથા છોકરીના લગ્ન હોય તો એકલા પરિવારની ખર્ચ કરવાની તે વખતે કોઈની નાણાકીય શક્તિ નહોતી. તેના માટે લગભગ **100** અથવા તેનાથી વધારે સભ્યો તે સમૂહમાં રહેતા હતા. જેના છોકરાના લગ્ન થવાના હોય તો બધા સભ્યો પોતાની નાણાકીય સ્થિતિ અનુસાર નોતરાનો ચાંલ્લો (રૂપિયા પૈસા) લગ્નવાળા છોકરાના પિતાને આપતા હતા. કોઈ સો રૂપિયા, કોઈ બસો રૂપિયા, કોઈ ઓછા, કોઈ વધારે જે એક પ્રકારની નિઃશુલ્ક ઉધારી હોય છે, જેના ઉપર વ્યાજ નથી આપવું પડતું. બધા નોતરાવાળાઓનું ધન (પૈસા) લખવામાં આવે છે. દરેકની ડાયરીમાં દરેક લગ્ન વખતે આપેલું નોતરું લખેલું હોય છે. આ પ્રમાણે લગ્નવાળા પરિવારમાં રૂપિયાની કોઈ સમસ્યા (તકલીફ) નહોતી આવતી.

**ભાતઃ-** ભાત (મામેરું) પણ આ લગ્ન સમયે જ ભરવામાં આવે છે. બહેનના છોકરાઓના લગ્નમાં કેટલાક કપડા તથા રોકડા રૂપિયા (ભાઈ દ્વારા કરવામાં આવેલ સહાયતા) આપવાને ભાત (મામેરું) કહેવામાં આવે છે, જે રૂપિયા બહેને પરત કરવાના નથી હોતા. જે બહેનાના ભાઈ નથી, તે એ દિવસે ખૂબ દુઃખી થાય છે, એકાંતમાં બેસીને રડે છે.

**પીલિયાઃ-** (ભાણેજને રમાડવા અને દિકરી માટે ગુંદનું બંધન લઈને જવું) સંતાન ઉત્પન્ન થાય ત્યારે પિયરવાળા તરફથી જચ્ચા (બાળકની જન્મદાતા માતા) માટે ઘરનું દેશી ઘી, કેટલોક ગુંદર (ઘી + લોટ શેકીને + નાળિયેરની કાચરી + અજમો + મરીના મિશ્રણને ગુંદનું બંધન તૈયાર કર્યું કહેવાય છે), નવજાત બાળક માટે નાના-નાના કપડા (ઝભલાં) પણ પિયરવાળા તથા છોકરીની નણંદો દ્વારા લાવવામાં આવે છે. આ પરંપરા છે જે કપડા એક વર્ષ પછી નાના પડવાથી વ્યર્થ થઈ જાય છે.

આવી રીતની પરંપરાને ત્યાગવાની છે કારણ કે જીવનના સફરમાં આ ખોટો ભાર (બોજ બને) છે. તમે તમારી દિકરીની સહાયતા કરી શકો છો. જેમ કે ગાય-ભેંસ લેવાની હોય. દિકરીની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો રોકડ રૂપિયા આપી શકો છો. દિકરીને પોતાની સંપત્તિમાંથી હકક (ભાગ) આપી શકો છો, અગર દિકરી લેવા ઈચ્છે તો. દિકરીએ ધ્યાનમાં રાખવું જોઈએ કે જરૂરિયાત પડે ત્યારે પૈસા લઈ લે, પરંતુ પછી પાછા આપી દે. પરમાત્મા પર વિશ્વાસ રાખે. તમારું સન્માન જળવાયેલું રહેશે.

**સમાધાનઃ-** આ બધાનું સમાધાન છે કે લગ્નને સૂક્ષ્મવેદ અનુસાર કરાવવામાં આવે. આપજીએ ચાર વેદ સાંભળ્યા છે : યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ તથા અથર્વવેદ. પરંતુ પાંચમો વેદ સૂક્ષ્મ વેદ છે જે સ્વયં પૂર્ણ

બ્રહ્મજીએ પૃથ્વી પર પ્રગટ થઈને પોતાના મુખકમળથી અમૃતવાણી દ્વારા પ્રદાન કર્યો છે.

મારા (રામપાલદાસના) અનુયાયીઓ આ પાંચમા વેદ અનુસાર જ લગ્નની વિધિ કરે છે, જેમાં ઉપરોક્ત કોઈ પણ પરંપરાની જરૂરિયાત નથી પડતી. લગ્નમાં તથા બીજા પ્રસંગોમાં છોકરા તથા છોકરીવાળા પક્ષનો કોઈ ખર્ચ કરવાનો હોતો નથી. કેવળ કન્યાદાન એટલે કે દિકરી દાન કરવાની છે. દિકરી પોતાની સાથે પહેરવા માટે ફક્ત ચાર જોડ કપડા લઈ જઈ શકે છે. ચંપલ તો પહેરેલાં જ હોય છે, બસ. જે ઘરમાં જશે, તે પરિવાર તે બેટીને પોતાના ઘરના સભ્યની જેમ રાખશે. પોતાના ઘરની આર્થિક સ્થિતિ અનુસાર બીજા સદસ્યની જેમ બધી જરૂરિયાતવાળી ચીજવસ્તુઓ લાવીને આપશે. દિકરી પોતાના માતા-પિતા, ભાઈ-ભાભી ઉપર કોઈપણ રીતે બોજો નહિ બને. જ્યારે કોઇ વખત તે પોતાના પિયર આવશે તો કોઈ શુટ (ડ્રેસ, સાડી) તથા રોકડા રૂપિયા લેશે નહીં. જેના કારણે ભાઈ-ભાભીને સારી (પ્યારી) લાગશે. ભાભીને નણંદ એટલા માટે ખટકે છે આ આવી ગઈ હવે ચાર-પાંચ હજાર રૂપિયા ખર્ચ કરાવીને જશે. પરંતુ અમારી દિકરી સન્માનની સાથે આવશે અને સન્માનની સાથે પાછી જશે. પોતાના પિયરવાળાઓની કોઈ વસ્તુ નહિ લે. જેનાથી બંને પક્ષો વચ્ચે પરસ્પર વધારે પ્રેમ સદા (કાયમ) બનેલો રહેશે. ભક્તિ પણ સારી થશે. આ પ્રમાણે જીવવાના યોગ્ય રાહ (રસ્તા) પર ચાલીને આપણે જલ્દી જ મંઝિલ પર (મોક્ષ સુધી) પહોંચીશું.

**પ્રશ્નઃ-** જેમને સંતાન પ્રાપ્ત નથી થતા, તે નિઃસંતાનનું સવારે અથવા શુભ (સારા) કાર્ય માટે જતી વખતે મોંઢું જોવું પણ ખરાબ (અપશુકન) માનવામાં આવે છે ? આવું કેમ ?

**ઉત્તરઃ-** આ સંપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનની ખોટના કારણે ખોટી ધારણા છે. પાઠક (વાંચક)જન આ પુસ્તકના પૃષ્ઠાંક 8 ઉપર વાંચો કે એક વ્યક્તિના ચાર પુત્ર હતા. તેને લકવો મારી ગયો તો કોઈએ તેની સેવા નહોતી કરી. શું તે આદમીના દર્શન કરવા એટલા માટે સારા છે કે તેને સંતાન (બાળકો) છે. તેની દુર્ગતિને જોવી કોણ સારી સમજશે ?

## ✪ કૃતઘ્ની પુત્ર

એક વ્યક્તિના બે પુત્ર હતા. સેનામાંથી નિવૃત્તિ થયેલ હતો. પેન્શન આવતું હતું. પુત્ર અલગ અલગ થઈ ગયા. નાના પુત્રએ માતાને પોતાના ઘરે રાખી લીધી કારણ કે તેના બાળકો નાના હતા. માતા તેમની સારસંભાળ

કરવા માટે જોઈતી હતી. મોટાના ભાગમાં પિતાજી આવ્યા. પિતાએ કહ્યું કે હું પેન્શનના રૂપિયા તેને જ આપીશ જેને ત્યાં હું જમીશ. નાનો છોકરો કહેતો હતો કે અડધું અડધું પેન્શન વહેંચી દો. પિતાએ ના પાડી દીધી તો એક દિવસ તેણે પિતાના માથામાં મોટી લાકડી ફટકારી દીધી. પિતા ત્યાંને ત્યાં જ મરી ગયા. છોકરાને આજીવન કેદની સજા થઈ ગઈ. વ્યક્તિને પુત્ર પ્રાપ્ત હોવાના કારણે તેના દર્શન શુભ માનવામાં આવતા હતા જેની સાથે તો અશુભ (ખોટું/ખરાબ) થઈ ગયું. હવે આધ્યાત્મિક ત્રાજવા **(Balance)** માં જોખીને જોઈ લઈએ કે નિઃસંતાન (બાળક વગર)ના દર્શન શુભ છે કે અશુભ ? જેમ કે આ પુસ્તકમાં આગળ સ્પષ્ટ કર્યું છે કે પરિવાર (કુટુંબ) સંસ્કાર (અગાઉના જન્મોના કર્મોનો હિસાબ લેવડ-દેવડરૂપે વસૂલ થાય તે માટે નકકી થયેલ સંસ્કાર)થી બને છે. કોઈ દેવું ઉતારવા માટે પિતા-પુત્ર, પત્ની, માતા-પિતા, બહેન-ભાઈ વગેરેના રૂપમાં જન્મ લઈને પરિવારરૂપમાં ઠાઠ માઠથી રહેતા જોવા મળે છે, પરંતુ ઘણા યુવા અવસ્થામાં જ મરી જાય છે, ઘણા ખરા તો લગ્ન થતાં જ મરી જાય છે. આ બધા પોતાનું ઋણ પુરું થતાં જ તત્કાળ શરીરને ત્યાગી જાય છે. જેમને સંતાન નથી થયાં, તેમનું કોઈ લેણ-દેણ શેષ (બાકી) નથી. તે જો પૂર્ણ ગુરૂ પાસેથી દીક્ષા લઈને ભક્તિ કરે તો તેમના જેવા સૌભાગ્યશાળી કોઈ નથી. ન કોઈના જન્મની ખુશી, ન કોઈના મૃત્યુનું દુઃખ. તે વગર છોકરાંવાળો (નિઃસંતાનવાળા)ના દર્શન તો અતિ શુભ છે. અગર ભક્તિ નથી કરતા તો ભલે સંતાનવાળા હોય કે ભલે સંતાન વગરના (નિઃસંતાન) હોય બન્ને જ પોતાનું જીવન નષ્ટ (નાશ) કરીને જાય છે. અગર ભક્તિ કરે છે તો બંનેના દર્શન શુભ છે.

### ✪ બે-ઓલાદો (નિઃસંતાનો) ! સાવધાન

જે પુણ્યાત્માઓને સંતાન (બાળકો) નથી હોતા તેમને આધ્યાત્મિક જ્ઞાનના અભાવને કારણે સંતાન પ્રાપ્તિની તડફ (ભૂખ) બનેલી રહે છે. તેના માટે બનતા બધા જ પ્રયત્નો કરે છે. છતાં પણ કોઈ લેણ-દેણવાળું (સંતાન) નથી મળતું તો આજીવન (જીવનભર) સંતાન પ્રાપ્ત ન થવાનું દુઃખ વેઠે છે. ખાસ કરીને સ્ત્રીની સંતાન ઉત્પન્ન કરવાની ઈચ્છા પ્રબળ હોય છે. તે પોતાને વાંઝણી કહેવડાવવા નથી માંગતી. ભલે જ તપાસ કરીને ડૉકટર કહી દે કે તમારામાં વાંઝિયા રહેવાના કોઈ જ લક્ષણ નથી. વિધાતાની લીલા છે. પરંતુ તત્વજ્ઞાન હીન સ્ત્રી આ ઈચ્છામાં તડપીને મરી જાય છે. ભક્તિ ના કરવાને કારણે તેનો આગલો જન્મ કૂતરીનો થાય છે. પછી જમ (યમ)ના દૂત તેને કહે છે કે બહેનજી ! હવે સંતાન પેદા (ઉત્પન્ન) કરવાની સારી (બધી) કસર

**કાઢી નાંખ. એક બ્યાંત (વિવાણ)માં આઠ-આઠને જન્મ આપીશ. પછી તારો આગલો જન્મ સૂઅરી (ભૂંડણી)નો થશે. એક વારમાં બાર-બાર સંતાનને જન્મ આપીશ અને સાત થી આઠ વખત વિવાયા કરીશ, સંતાન (બાળક) મેળવવાની બધી ભૂખ મટી જશે.**

**હે પુણ્યાત્મા પાઠક (વાંચક) ભાઈઓ / બહેનો ! અધ્યાત્મ જ્ઞાનને સમજો. માનવ જીવનને સફળ બનાવો. જીવવાનો રાહ (રસ્તો) સાફ કરો (અડચણો વગરનો) બનાવો. એટલે કે પૂર્ણ ગુરૂ પાસેથી દીક્ષા લઈને ભક્તિ કરીને કલ્યાણ કરાવો.**

## ✪ વિવાહ (લગ્ન)માં અજ્ઞાનીઓ નાચે છે

**એક દિવસ સમાચારપત્રમાં વાંચ્યું કે રોહતકનો એક છોકરો લગ્ન કરવા ભિવાની તરફ ગાડીમાં જઈ રહ્યો હતો. તેની સાથે બંને બહેનોના પતિ પણ તેજ કાર (ગાડી)માં બેઠેલા હતા. પહેલા દિવસે બધા કુટુંબીજનો (બહનો, માતા-પિતા, ભાઈ-જમાઈ, કાકા-મોટા બાપા) ડી.જે. વગાડીને નાચી રહ્યા હતા. ધમળાટ મચાવી રાખ્યો હતો. કલાનૌર ગામની નજીક વરરાજાની ગાડી મોટા ટ્રેલરની સામે અથડાઈ. ગાડીના બધા વ્યક્તિઓ મરી ગયા. વરરાજા મર્યો, બંને બહેનો વિધવા બની, એક જ પુત્ર હતો, સર્વનાશ થઈ ગયો. હવે નાચી લ્યો ડી.જે. વગાડીને. પરમાત્માની ભક્તિ કરવાથી આવા સંકટ ટળી જાય છે. એટલા માટે મારા (રામપાલદાસના) અનુયાયીઓને સખ્ત આદેશ છે કે પરમાત્માથી ડરીને કાર્ય કરો. સામાન્ય વિધિથી વિવાહ કરો. આ ગંદા (ખરાબ) લોક (કાળના લોક) માં એક પળનો પણ વિશ્વાસ નથી કે ક્યારે વીજળી પડી જાય એટલે કે ગમે ત્યારે માથે કાળની આફત આવી પડે.**

## ✪ સંતોનું શિક્ષા (સલાહ)

**એક ગામનો વ્યક્તિ પહેલી વાર શ્રી નાનકદેવજી પાસે ગયો. તેણે જોયું કે સંતજી ઉદાસ થઈને એકાંતમાં બેઠા હતા. (સ્મરણ કરી રહ્યા હતા) તે વ્યક્તિએ સતનામ-વાહે ગુરૂ કહ્યું. શ્રી નાનકજીએ પણ ઉત્તર આપ્યો. ભોજન કરાવ્યું. જ્ઞાન વિચાર સંભળાવ્યા. તે વ્યક્તિ ચાલ્યો ગયો. એક દિવસ ફરી તે જ વ્યક્તિ આવ્યો અને કહ્યું કે મહારાજજી ! આપ ક્યારેય ખુશ નથી દેખાતા. શું કારણ છે ? સંત નાનકજીએ કહ્યું કેઃ-**

*ના જાને કાલ કી કર ડારે, કિસ વિધિ ઢલ જા પાસા વે ।*
*જિન્હાતે સિર તે મૌત ખુડકદી, ઉન્હાનૂં કેહડા હાંસા વે ।।*

**ભાવાર્થ:-** સંત નાનકજીએ કહ્યું કે હે ભાઈ ! આ મૃત્યુલોકમાં બધા નાશવાન છે. ખબર નહિ કોનો જવાનો વારો ક્યારે આવી જાય ? એટલા માટે જેમના માથે મોત ગરજી રહ્યું (ભમી રહ્યું) હોય, તે વ્યક્તિને નાચવું-ગાવું, હસી-મજાક કેવી રીતે સારું લાગશે ? મૂર્ખ અથવા તો નશાવાળી વ્યક્તિ આ ગંદા લોકમાં આનંદ (ખુશી) મનાવે છે. જેમ કે એક વ્યક્તિની પત્નીને લગ્નના દસ વર્ષ પછી પુત્ર થયો. તેના જન્મ થવાના આનંદમાં લાડુ બનાવ્યા, બેંડ-વાજા વગાડ્યા, ઉધમસ ઉતાર દિયા એટલે કે નાચી કૂદીને ધબરાટી મચાવી દીધી. ચેનચાળા અને કીકિયારીઓ મારી, જંગલી પ્રજા જેવું એક પ્રકારનું કૂદાકૂદવાળું તોફાન કર્યું, જેના કારણે ભદ્ર જનોને પણ તકલીફ પડે છે. આવો એક પ્રકારનો મૂર્ખાઓને ગમે એવો દેખાવ કર્યો. બીજા વર્ષે જન્મદિવસના દિવસે જ તેનું મૃત્યુ થઈ ગયું. એક બાજુ તો જન્મદિવસની ખુશી મનાવવાની તૈયારી હતી અને એક તરફ અચાનક રોવા કુટવાનું શરૂ થઈ ગયું. ઘર નરક બની ગયું. હવે મનાવી લ્યો ખુશી (આનંદ).

તે વ્યક્તિ આ સત્ય વાત સાંભળીને કંપી ગયો અને બોલ્યો કે હે પ્રભુ ! આપની વાત બિલકુલ સત્ય છે, પરંતુ આપ ક્યારેય ખુશી નથી મનાવતા ? શ્રી નાનકજીએ ઉત્તર આપ્યો કે ખુશી મનાઉં છું.

*સાધ મિલે સાડે શાદી હૂંદી, બિછુડદા દિલ ગીરી વે ।*
*અખદે નાનક સુનો જિહાના, મુશ્કિલ હાલ ફકીરી વે ।।*

**ભાવાર્થ:-** જ્યારે મારા શિષ્ય સત્સંગ સાંભળવા આવે છે ત્યારે સાધ સંગતને (શિષ્યોનો સમૂહ) જોઈને મને ખુશી (આનંદ) થાય છે કે બધા ભક્તિ પર લાગી ગયા છે. કોઈ વિચલિત નથી થયું. જ્યારે એ સત્સંગ પૂર્ણ થયા પછી જાય છે ત્યારે ઉદાસીનતા છવાઈ જાય છે કે કોઈ માથા ફરેલો એમને ભ્રમિત કરીને પરમાત્માથી દૂર ના કરી દે. શ્રી નાનકજીએ કહ્યું કે જ્ઞાનહીન સંતોએ ફકીરી એટલે કે ભક્તિને મુશ્કેલ બનાવી દીધી છે. તેઓ પૂર્ણ મોક્ષનો માર્ગ જાણતા નથી, ભ્રમિત કરવા માટે ગુરૂ બન્યા છે જે મીઠી મીઠી વાતોં કરીને મારા ભક્તોને કાળની જાળમાં લઈ જાય છે. એટલા માટે જ્યાં સુધી ફરી સત્સંગમાં બધા નથી આવતા ત્યાં સુધી મને ચિંતા રહ્યા કરે છે. બધા આવી જાય છે તો આનંદ ઉપજે (ખુશી થાય) છે, પરંતુ અમે નાચતા-ગાતા નથી, હૃદયમાં અનુભવ કરીએ છીએ. મૃત્યુને ક્યારેય નથી ભૂલતા. કબીરજીએ કહ્યું છે :-

*મૌત બિસારી મૂર્ખા, અચરજ કિયા કૌન ।*
*તન મિટ્ટી મેં મિલ જાએગા, જ્યોં આટે મેં લૌન ।।*

**અન્ય ઉદાહરણઃ-** એક શેઠ એક દિવસ એક સંતના આશ્રમમાં ગયા. સંતની કૃપાથી તેને સારો એવો લાભ થઈ ગયો. એટલે તે શેઠ સફરજન, સંતરા, કેળાંનો મોટો કોથળો ભરીને ગયો. સંતજીએ એક ટોપલામાં નાંખી દીધા જેમાં ફળ પ્રસાદ રાખતા હતા. શેઠ બે દિવસ પછી ફરી ગયા તો ટોપલો ફળોથી ભરેલો હતો. કેટલોક પ્રસાદ સંતે ભક્તોને વહેંચી દીધો હતો. કેટલાક ભક્તો ફળ પ્રસાદ લાવ્યા, તે ટોકરામાં નાંખી દીધા. શેઠે સંતને કહ્યું મહારાજ! આપ ફળ કેમ નથી ખાતા ? સંતજી બોલ્યા કે મને તો મૃત્યુ દેખાયા કરે છે. એટલા માટે ખઈ નથી શકતો. શેઠે પૂછ્યું, હે મહારાજ ! ક્યારે જઈ રહ્યા છો આ સંસારમાંથી ? સંત બોલ્યા, આજથી ચાલીસ વર્ષ પછી મારું મૃત્યુ થશે. શેઠ બોલ્યા, હે મહારાજ ! આમ તો બધાએ મરવાનું જ છે, પછી ડર શેનો ? આ પણ કોઈ વાત છે. આ રીતે તો સામાન્ય માણસ પણ નથી ડરતો. આપ કેવી વાત કરી રહ્યા છો ? શેઠજી બીજા-ત્રીજા દિવસે આવે અને આ જ રીતની વાત કરે. તે નગરીનો રાજા પણ આ સંતજીનો ભક્ત હતો. સંતજીએ રાજાને કહ્યું કે આપની નગરીમાં કરોડીમલ શેઠ છે. ચંદનના લાકડાંની દુકાન છે. તેને ફાંસીની સજા સંભળાવી દો અને એક મહિના બાદ ચાંદની ચૌદશે ફાંસીનો દિવસ રાખી દો. જેલમાં શેઠજીના રૂમમાં ફળોનો ટોપલો ભરેલો રહે અને દૂધનો લોટો એક શેર (કિલોગ્રામ)નો ભરીને રાખો. ખાવા માટે ખીર, હલવા, પૂરી-વડી અથવા શાક આપજો. રાજાએ આજ્ઞાનું પાલન કર્યું. જેલમાં શેઠજીને વીસ દિવસ કેદી તરીકે થઈ ગયા. નિર્બળ (કમજોર) થઈ ગયા. સંત જેલમાં ગયા. દરેક કેદીને મળ્યા. શેઠજીને જોઈને સંતે પૂછ્યું, ક્યાંના રહેવાવાળા છો ? શું નામ છે ? શેઠ બોલ્યા, હે મહારાજ ! આપે ઓળખ્યો નહીં, હું કરોડીમલ છું, ચંદનના લાકડાંની દુકાનવાળો. સંતજીએ કહ્યું અરે કરોડીમલ ! તમે દુર્બળ (દુબળા) કેવી રીતે થઈ ગયા ? કશું ખાતા-પીતાં નથી. અરે ! ફળોની ટોકરી પણ ભરેલી છે, દૂધનો લોટો ભરેલો છે. થાળીમાં હલવો, ખીર પીરસેલા છે. શેઠજી બોલ્યા, હે મહારાજ ! મોતની સજા સંભળાવી દીધી છે. સોગંધ ખાઈને કહું છું કે હું નિર્દોષ છું. બચાવી લ્યો મહારાજ ! મારા નાના-નાના બાળકો છે.સંતજી બોલ્યા, ભાઈ મરવાનું તો બધાએ છે જ. પછી ડરવાનું શેનું ? ખાઈ-પીને મોજ કર. શેઠજીએ સળિયાઓની વચ્ચેથી હાથ બહાર કાઢીને પગ પકડી લીધા. બોલ્યા, બચાવી લો મહારાજ ! કશું ખવાતું-પીવાતું નથી, ચાંદની ચૌદશ જ દેખાય છે. સંતે કહ્યું કે શેઠ કરોડીમલ ! જેવી રીતે આજે તને ચાંદની ચૌદશે મૃત્યુ નક્કી જ દેખાઈ રહ્યું છે, આ જ પ્રમાણે સાધુ-સંતોને પોતાની ચાંદની ચૌદશ દેખાય છે એટલે કે મૃત્યુ દેખાય છે, ભલે તે ચાલીસ વર્ષ પછી હોય.

આપ અધ્યાત્મ જ્ઞાન વગરના પ્રાણી મોજ મજા કરો છો અને અચાનક મૃત્યુ લઈ જાય છે. કશું નથી કરી શકતા. આવી જ રીતે મને પણ મારો મૃત્યુનો દિવસ દેખાઈ દે છે જે ચાલીસ વર્ષ બાદ આવવાનો છે. આ કારણે ખાવા-પીવાનું પણ ઠીક-ઠીક લઉં છું. મોજ-મજા મનમાં ક્યારેય નથી આવતી. પરમાત્મની યાદ બની રહે છે. આપની જ્ઞાનની આંખો ઉપર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે, જે સત્સંગમાં ખોલવામાં આવે છે જેનાથી જીવવાની રાહ (જીવવાનો રસ્તો) મળી જાય છે. મોક્ષ પ્રાપ્ત થાય છે. સંતે રાજાને કહીને શેઠને જેલમાંથી મુક્ત કરાવી દીધો. શેઠે નામ લઈને કલ્યાણ કરાવડાવ્યું.

## ✪ ''લગ્ન થઇ ગયા પછીની યાત્રા''

લગ્ન થયા પછી પતિ-પત્નીનું કર્તવ્ય બની જાય છે કે એકબીજા ઉપર પોતાનો વિશ્વાસ કાયમ રાખે. ભાવાર્થ છે કે બંને જણા જતિ-સતીની મર્યાદામાં રહીને નિર્વાહ (ગુજારો) કરે. પતિને અટલ વિશ્વાસ હોવો જોઈએ કે મારી પત્ની અન્ય પુરૂષને ક્યારેય સમર્પિત નહિ થાય, ચાહે તે કેટલોય સુંદર અને ધનવાન કેમ ના હોય. આ જ રીતે પત્નીને અતૂટ વિશ્વાસ હોવો જોઈએ કે મારો પતિ અન્ય સ્ત્રીથી પ્રભાવિત થઈને મિલન નહિ કરે, પછી ભલે સ્વર્ગથી કોઈ અપ્સરા પણ કેમ ન આવી જાય ?

⁕ **કથાઃ-** એક લશ્કરનો જવાન હતો. તેની પત્ની સતી એટલે કે પતિવ્રતા હતી. આ વાત તેણે પોતાના મિત્ર સૈનિકોને જણાવી દીધી. આ વાત રાજાના મંત્રી શેરખાન (મુસલમાન)ની પાસે પહોંચી તો તેણે રાજાને બતાવી અને આની સત્ય-અસત્યની તપાસ કરવાની પ્રાર્થના કરી. રાજાએ સભા બોલાવી અને પેલા સૈનિક ચાપસિંહ ચૌહાણને બોલાવ્યો. સભામાં રાજાએ પૂછ્યું કે આપ કહી રહ્યા છો કે આપની પત્ની પતિવ્રતા છે, તે અન્ય પુરૂષ સાથે કોઈપણ લાલચમાં આવીને મિલન નથી કરી શકતી. ફૌજી ચાપસિંહે કહ્યું કે આ શત પ્રતિશત (સો ટકા) સત્ય છે. રાજાએ કહ્યું કે અગર જૂઠ્ઠી નીકળી તો ? ફૌજીએ કહ્યું કે જે સજા તમે આપો, તે મને મંજૂર હશે.

શેરખાન મંત્રીએ કહ્યું કે રાજાજી ! આ પરીક્ષા હું સ્વયં કરીશ. રાજાએ કહ્યું કે ઠીક છે. ચાપસિંહે કહ્યું કે મારા વિવાહના સમયે મળેલી સુહાગની નિશાની એક પટકા (કપડાનો રૂમાલ) તથા કટારી (મોટું ચપ્પું) મારી પત્ની નહિ આપે. અગર શેરખાન આ લઈ આવ્યો તો હું હાર માની લઈશ અને મારી પત્નીના શરીરનું કોઇ ચિન્હ (નિશાન) બતાવી દેજે. હું માની લઈશ કે મારી પત્ની ધર્મથી વિપરીત થઈ ગઈ છે.

શેરખાને ચાપસિંહના નગરમાં જઈને એક બાતમીદાર (જાસૂસ) સ્ત્રીને કહ્યું કે એક ચાપસિંહ ફૌજીની પત્ની રહે છે. તેની સાથે મારું મિલન કરાવી આપ. તને બહુજ ધન હું આપીશ. પેલી સ્ત્રીએ કહ્યું કે આ કોઈ કિંમતે સંભવ નથી. પછી શેરખાને કહ્યું કે કોઈપણ ભોગે તેના ઘરેથી વિવાહમાં મળેલી સુહાગની નિશાની (પટકા) તથા કટારી લાવી આપ. ચાહે તું ચોરી કરીને લાવી આપ તથા ચાપસિંહની પત્ની સોમવતીના ગુપ્તાંગની નજીકમાં અથવા સાથળ - જાંઘ પર કોઈ ચિન્હ (નિશાન) હોય તો તેની તપાસ કરીને મને જણાવ. એ જાસૂસ સ્ત્રી મેહમાન બનીને ચાપસિંહની નકલી ફોઈ બનીને સોમવતીના ઘરે ગઈ. સોમવતીના વિવાહના સમયે તથા તે પછી ચાપસિંહની ફોઈ આવી નહોતી. બીમાર હોવાના કારણે વિવાહમાં પણ નહોતી આવી શકી. કેટલાક દિવસ રોકાઈ. સોમવતીને સ્નાન કરતી જોઈને તેની નજીક જઈને તેના સુંદર શરીરના વખાણ કરવાને બહાને અંગ-અંગ જોઈ લીધું. સોમવતીના ગુપ્તાંગની પાસે મોટો તલ હતો. આ બધી નિશાની જોઈને જાસૂસ સ્ત્રી પટકા (લગ્ન વખતનો રૂમાલ) તથા કટારી ચોરીને લઈ ગઈ અને શેરખાન મંત્રીએ રાજાને કહ્યું કે હું તેની સાથે મિલન કરીને આવ્યો છું. તેની જાંઘમાં કાળો તલ છે. આ સુહાગની વસ્તુ પતિવ્રતા કોઈને નથી આપતી. મારા પ્રેમમાં તથા ધનની લાલચમાં મને આપી દીધી.

રાજાએ સભા બોલાવી. ચાપસિંહને બોલાવ્યો. કહ્યું કે આ પટકા તથા કટારી કોની છે ? ચાપસિંહે ધ્યાનથી જોઈને સ્વીકાર કર્યો કે મારી છે. શેરખાને કહ્યું કે બીજી વાત કહું, સાંભળ ! તારી પત્નીની ડાબી જાંઘ પર ગુપ્તાંગ પાસે કાળો તલ છે. ચાપસિંહે કહ્યું કે આ બધુ સાચું છે. પરંતુ મારી પત્ની તેના ધર્મથી વિચલિત નથી થઈ શકતી. રાજાએ કહ્યું કે હજુ પણ તું એજ રટણ લગાવી રહ્યો છે, તું જુઠ્ઠો છે. તને આજથી એક મહિના પછી ફાંસી આપી દેવામાં આવશે. તારી જે અંતિમ (છેલ્લી) ઈચ્છા હોય તો તે કહી દે. ચાપસિંહે કહ્યું કે હું એકવાર મારી પત્નીને મળવા માંગું છું. રાજાએ પરવાનગી આપી દીધી. ચાપસિંહ પોતાની પત્ની પાસે ગયો. એની બેવફાઈને કારણે ઘણું બધું સારું-ખોટું નહિ કહેવાનું કહી દીધું અને કહ્યું કે મને એ દિવસે તારા હિસાબે ફાંસીની સજા થશે. સોમવતીએ કહ્યું કે તમારી ફોઈનું નામ લઈને એક સ્ત્રી આવી હતી. તેણે મારા અંગ ઉપરનું ચિન્હ જોયું તથા પટકો અને કટારી ચોરી કરીને લઈ ગઈ. ચાપસિંહે બતાવ્યું કે મંત્રી શેરખાન આવ્યો હતો. તેણે આ આખું ષડયંત્ર રચ્યું હતું. ચાપસિંહ પાછો ફર્યો. ફાંસીવાળા દિવસથી એક સપ્તાહ પૂર્વે સોમવતી રાજાની નગરીમાં એક નર્તકી

(નાચવાવાળી) બનીને ગઈ અને રાજાને નૃત્ય દેખાડવા માટે કહ્યું. રાજાએ આજ્ઞા આપી દીધી. બધા સભાસદો ઉપસ્થિત હતા. મંત્રી શેરખાન પણ ઉપસ્થિત હતો. નર્તકીના નૃત્ય (નાચ)થી રાજા ખૂબ પ્રસન્ન થયા અને નૃત્યાંગનાને કહ્યું કે માંગો, શું માંગો છો ? હું ખૂબ પ્રસન્ન છું. નર્તકીએ કહ્યું કે વચનબદ્ધ થઈ જાઓ, ત્યારે માંગીશ. રાજાએ કહ્યું કે રાજ્ય સિવાય કંઈ પણ માંગ, હું વચનબદ્ધ છું.

નર્તકીએ કહ્યું કે આપની સભામાં મારો ચોર છે. મારા ઘરેથી ચોરી કરીને આવ્યો છે. શેરખાન મંત્રી નામ છે. તેને ફાંસીની સજા આપવામાં આવે. શેરખાનને રાજાએ પૂછ્યું કે બોલ શેરખાન ! આમાં કેટલું સત્ય છે ? શેરખાન બોલ્યો કે હે પરવરદિગાર ! મેં તો આ સ્ત્રીનું આજથી પહેલાં ક્યારેય મોઢું પણ નથી જોયું.

ત્યારે સોમવતીએ કહ્યું કે અગર તેં મારું મોઢું નથી જોયું તો એ પટકા અને કટારી કોના ઘરેથી લાવ્યો ? હું એ ચાપસિંહની પતિવ્રતા પત્ની છું, જેને તારા જુઠ્ઠાણાને કારણે ફાંસીની સજા આપવામાં આવી રહી છે. ચાપસિંહને બોલાવવામાં આવ્યો. રાજાએ ચાપસિંહને અડધું રાજ્ય સોંપી દીધું અને ક્ષમા (માફ) કરી દીધો તથા શેરખાન મંત્રીને ફાંસીની સજા આપવામાં આવી. ધન્ય છે આવી દિકરીઓ જેના ઉપર ગર્વ છે ભારતને.

ગરીબદાસજીને પરમેશ્વર કબીરજીએ બતાવ્યું હતું કે :-

*તુરા ન તીખા કૂદના, પુરૂષ નહીં રણધીર ।*
*નહીં પદમની નગર મેં, યા મોટી તકસીર ।।*

**ભાવાર્થ:-** કબીરજીએ બતાવ્યું છે કે ગરીબદાસ ! જે નગર તથા દેશમાં તુરા (ઘોડો) તેજ (ઝડપથી) દોડવાવાળો તથા ઊંચો કૂદવાવાળો નથી અને નાગરિક રણધીર (શૂરવીર) નથી અને જે દેશમાં તથા નગરમાં પદ્મની એટલે કે પતિવ્રતા સ્ત્રી નથી તો આ મોટી તકસીર (બહુ મોટી ભૂલ) છે એટલે કે ઉણપ (ખોટ) છે. આ પ્રકારના ચરિત્રવાન સ્ત્રી-પુરૂષ બંનેનું હોવું અનિવાર્ય (ખાસ જરૂરી) છે.

※ લગ્ન કર્યા પછી સાસરીમાં કેટલીક છોકરીઓ સર્વ પ્રકારના શણગાર કરે છે. સજી-ધજીને ગલીઓમાંથી નીકળે છે. જબરા ચેન-ચાળા અને ખરાબ ઈશારા કરે છે. ખરાબ દેખાય તેવાં ભડકીલાં-ચમકીલાં વસ્ત્રો પહેરીને બજારમાં અથવા ખેતરોમાં અથવા પાણી લેવા નળ ઉપર કે કૂવા પર જાય છે. તેમનો ઉદેશ્ય શું હોય છે ? સ્પષ્ટ છે કે પોતાના પતિ સિવાય અન્ય (બીજા) પુરૂષોને પોતાની તરફ આકર્ષિત કરવા. પોતાની સુંદરતા તથા

વૈભવનું પ્રદર્શન કરવું જે એક સારી વહુ-દિકરીનું લક્ષણ નથી. અગર તે કહે કે પતિને પ્રસન્ન કરવા માટે આવું કરું છું તો તે ઘર સુધી જ સીમિત રહેતી તો સારું થતું, પરંતુ આવા લક્ષણ મનમાં દોષના પ્રતીક રૂપે હોય છે.

સાધારણ (વ્યવસ્થિત) વસ્ત્ર પહેરવા જોઈએ, ભલે તે મોંઘા હોય કે સસ્તા હોય. બહેન-દિકરી-વહુની નજર સામે 12 ફૂટ સુધી રહેવી જોઈએ. ચાલતા-બેસતા, ઉઠતી વખતે ધ્યાન રાખે કે કોઈ એવી ક્રિયા ના થઈ જાય જે કોઈના માટે ઉત્પ્રેરક (ખરાબ પ્રેરણારૂપ) થઈ જાય. સ્ત્રીની ખોટી ક્રિયાથી લફંગા લોકોની હિંમત વધી જાય છે. તેઓ હેરાન કરે છે. મહિલા (સ્ત્રી) દ્વારા હસી હસીને (ઠીઠિયા કાઢીને) વાતો કરવી ઉત્પ્રેરક (ખરાબ પ્રેરણારૂપ) તથા અસભ્ય હોય છે જે સામાજિક બુરાઈ છે. જેમકે બહેન-દિકરી, વહુ એટલે કે યુવતી પોતાના પરિવારજનોની સાથે રહે છે. એવું જ આચરણ ઘરની બહાર પણ થવું જોઈએ. તેનું વખાણ સભ્ય સમાજ કર્યા કરે છે. અન્ય યુવાનોને તેનું ઉદાહરણ આપીને સમજાવે છે. અગર પેટ્રોલને ચિનગારી (તણખો) નહિ મળે તો તે વિસ્ફોટક નથી થતું.

※ આનાથી વિપરીત ઉપરોક્ત ગતિવિધિ કરવી તે સમાજમાં આગ લગાડવા જેવું છે. આ વાત યુવતીઓ તથા યુવાનો બંને ઉપર લાગુ પડે છે.

યુવાની (જવાની) વિસ્ફોટક પદાર્થ જેવી હોય છે. અગર કોઈ ચિનગારી (તણખો) લાગી જાય તો સર્વનાશ થઈ જાય છે. અગર ચિનગારી (તણખો) ના લાગે તો વર્ષો સુધી સુરક્ષિત રહે છે.

※ દરેક પુરૂષ ઈચ્છે છે કે મારી દિકરી-બહેન-વહુ સારા ચારિત્ર્ય વાળી હોય. ગામ-નગરમાં કોઈ એ ન કહે કે તેમનું ખાનદાન આવું-તેવું છે.

※ જયારે આપણે કોઈ યુવતીને જોઈએ છીએ અને મનમાં દોષ ઉત્પન્ન થાય તો તરત જ વિચાર કરો કે અગર કોઈ અમારી દિકરી, બહેન, વહુના વિષયમાં ખોટો વિચાર કરે તથા દુષ્કર્મ (એકદમ ખરાબ નીચ ભાવ) ના ઉદ્દેશ્યથી કેટલીક અટપટી ગતિ વિધિ (વ્યંગ્ય કરીને પોતાના ગંદા વિચારોને પ્રગટ કરે, ખોટા ઈશારા કરે, આંખો મારવી, ખોટી નજરથી જુએ, એવી ખોટી હરકતો) કરે તો કેવું લાગશે. ઉત્તર સ્પષ્ટ છે કે પગ તોડી નાંખીશું. જે નિર્બળ છે, તે એકાંતમાં બેસીને રડશે. તે સમયે વિચાર કરો કેઃ-

*જૈસા દર્દ અપને હોવે, ઐસા જાન બિરાણૈ ।*
*જો અપનૈ સો ઔર કૈ, એકૈ પીડ પિછાનૈ ।।*

**આનું સમાધાનઃ-** પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કેઃ-

*કબીર, પરનારી કો દેખિયે, બહન-બેટી કે ભાવ ।*
*કહ કબીર કામ (Sex) નાશ કા, યહી સહજ ઉપાય ।।*

**યૌન ઉત્પીડન (યૌન શોષણ)ના પ્રેરક:-** ફિલ્મ (ચલચિત્ર) જેમાં નકલી, બનાવટી વાર્તાઓ તથા અભદ્ર (ખરાબ) અદાઓ દેખાડવામાં આવે છે. જેને જોઈને યુવાન બાળકો તેની જ નકલ કરીને ધીરે ધીરે બેશરમ (શરમ વગરના) બની જાય છે. જેવી ગતિવિધિ એ પિક્ચરમાં દેખાડવામાં આવે છે, એવી જ ગતિવિધિ ન તો ઘરમાં, ન ગલીમાં, ન સભ્ય સમાજમાં કરી શકાય છે. તો પછી તેને જોવાનો ઉદ્દેશ્ય શું રહી જાય છે ? કંઈ નહિ. કેવળ બહાનું જ છે મનોરંજન. તેજ મનોરંજન સમાજના નાશનું મૂળ કારણ છે. મારા (લેખકના) અનુયાયી બિલકુલ પણ ફિલ્મ (ચલચિત્રો) જોતાં નથી.

અશ્લીલ ડાન્સ, રાગ ગાવો, ફિલ્મી ગીતો, નાટક (શણગાર/પોશાક પહેરીને ચેનચાળા, ખરાબ દેખાવ કરવો, નાટક કરવું) તથા અશ્લીલ (ગંદી) ચર્ચા જે નકામા (ખરાબ) યુવાનો કરે છે. તેમની સોબતમાં સારા યુવાનો પણ તેમનાથી પ્રેરિત થઈને બકવાદ (ખરાબ, અશ્લીલ કાર્યો) કરવા લાગી જાય છે. કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કે:-

*કથા કરો કરતાર કી, સુનો કથા કરતાર ।*
*આન કથા સુનોં નહીં, કહ કબીર વિચાર ।।*

**ભાવાર્થ:-** કબીર પરમેશ્વરજીએ સમજાવ્યું છે કે અથવા તો પરમાત્માની મહિમાના ગુણગાન (કથા) કરો અથવા તો ક્યાંય પરમાત્માની ચર્ચા (કથા) થઈ રહી હોય તો તે સાંભળો. કામ એટલે કે અશ્લીલ ચર્ચા ક્યારેય ના સાંભળો. કબીરજીએ આ વિચાર એટલે કે મત બતાવ્યો છે.

## ✪ ''વિશેષ (ખાસ) મંથન''

કામ **(Sex)** ની ક્રિયાને વિશેષ (ખાસ) વિવેકની સાથે સમજો. પતિ-પત્નીના મિલનને સમાજ માન્યતા આપે છે કે આપ બંને જણા પરસ્પર સંતાન ઉત્પન્ન કરો. બધાના માતા-પિતાએ સંતાન ઉત્પત્તિની પ્રક્રિયા કરી જેને સંભોગ કહે છે, તે કર્યો. જેનાથી આપણો અને આપણા ભાઈ-બહેનોનો જન્મ થયો. તો વિચાર કરો કે આ ક્રિયા કેટલી પવિત્ર તથા સારી છે જેનાથી આપણને અણમોલ માનવ (મનુષ્ય)નું શરીર મળ્યું છે. કોઈ ડૉક્ટર બન્યા, કોઈ સૈનિક, કોઈ મંત્રી તો કોઈ ઍન્જિનીયર બન્યા છે. કોઈ ખેડૂત બન્યા છે, જેણે દરેકને અનાજ આપ્યું. કોઈ મજૂર બન્યા જેણે તમારા મહેલ ઊભા કર્યા. કોઈ કારીગર બન્યા. માનવ શરીર દ્વારા આપણે ભક્તિ-દાન-ધર્મનાં કર્મ કરીને આપણા જીવનું કલ્યાણ કરાવી શકીએ છીએ. સંભોગ ક્રિયા આ છે. આને ગમે એટલો બકવાદ (બકવાસ) કરીને રાગો કાઢીને ગાવું, ફિલ્મી ગીતો ગાઈને - સંભળાવીને મલિન વાસનાનું રૂપ આપે, બસ વાત એટલી જ

છે. આ પરદાની અંદર (મર્યાદામાં રહીને) કરવી સભ્યતા છે. પશુ-પક્ષી પ્રજનન ક્રિયા કરે છે જે ખુલ્લામાં કરે છે, જે બિલકુલ સારું નથી લાગતું. મનુષ્ય સભ્ય પ્રાણી છે. તેણે પડદામાં તથા મર્યાદામાં રહીને સભ્યતાને બનાવી રાખવાની છે.

ઉપરના વિચાર વાંચીને તમારામાં કોઈ પણ બહેન-દિકરી-વહુની તરફ જોતાં અશ્લીલ (ગંદા) વિચાર ઉત્પન્ન નથી થઈ શકતા. આ જ ક્રિયા દાદા-દાદીએ કરી જેનાથી આપણા પિતાજીનો જન્મ થયો. નાના-નાનીએ કરી જેનાથી આપણી માતાજીનો જન્મ થયો. જે માતાપિતાએ આપણે ઉત્પન્ન કર્યા, પાલન પોષણ કર્યું. કેટલા સારા છે આપણા માતા-પિતા જેમની ઉત્પત્તિ પણ કામક્રિડાથી થઈ. તો શું આ અશ્લીલ છે ? આને ખાનાબદોશ (બદોશ = ખરાબ દોષયુક્ત, ખરાબ હોશવાળા. ખાના = નાશક, માનવ જાતિના. જીવે છે પણ હોશમાં નથી અને બોલે છે તો માનવ જાતિના નાશનું જ કાર્ય કરે છે પાછા ભદ્ર બનીને માનવ સમાજમાં ફરે છે આવા) લોકો અશ્લીલતાથી (ગંદી રીતે) રજૂ કરીને અશ્લીલતાનો રંગ આપીને સમાજમાં આગ લગાડે છે.

※ દેશના સંવિધાન(બંધારણ)માં જોગવાઈ છે કે અગર કોઈ પુરૂષ કોઈ સ્ત્રીની છેડછાડ (મશ્કરી) કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની સજા આપવામાં આવે છે. અગર કોઈ સ્ત્રી ઉપર બળાત્કાર કરે છે તો દસ વર્ષની સજા થાય છે. કાયદાનું જ્ઞાન હોવાથી માણસ બુરાઈ-દુરાચારથી ડરે છે. કાયદાનું જ્ઞાન હોવું ખાસ જરૂરી પણ છે. આવી રીતનાં પાપ કાળ બ્રહ્મ કરાવડાવે છે. કાળ કોણ છે ? જાણો સૃષ્ટિ રચનામાં આ જ પુસ્તકના પૃષ્ઠાંક **306** ઉપર.

※ **ફિલ્મ (ચલચિત્ર) ન જોવા જોઈએઃ-** ચલચિત્ર (પિકચર) એક બનાવટી વાર્તા હોય છે, જેને જોતી વખતે આપણે ભૂલી જઈએ છીએ કે જે આના કલાકારો છે, તેઓ રોજીરોટી (જીવનનિર્વાહ) માટે આ ધંધો ચલાવી રહ્યા છે. કરોડો રૂપિયા એક ફિલ્મમાં કામ કરવાના લે છે. ભોળા યુવાનો વિવેક ભૂલીને તેમના ફેન (પ્રશંસક) બની જાય છે. તેઓ પોતાનો ધંધો ચલાવી રહ્યા છે, આપ મૂર્ખ બનીને સિનેમા (ચલચિત્ર) જોવામાં ધન (રૂપિયા) ગુમાવો (બરાબાદ કરો) છો. જે હીરો-હીરોઈનના આપ ફેન (પ્રશંસક) છો, આપ તેના ઘરે જઈને જુઓ. તેઓ તમને પાણી પણ નહિ પીવડાવે. ચા-નાસ્તો - જમવાનું તો બહુ દૂરની વાત છે. વિચાર કરો કે હું લાડવો ખઈ રહ્યો છું અને તમે જોઈ રહ્યા છો. આપ કહી રહ્યા છો કે વાહ ! લાડવો ખૂબ સ્ટાઈલથી ખાઈ રહ્યો છે. આપને શું મળ્યું ? આ જ દશા ફિલ્મી કલાકારો તથા દર્શકોની છે.

**⁕ આપણે આપણો દૃષ્ટિકોણ (વિચાર) બદલવાનો છે**

❁ જેમ કે આપણે અશ્લીલ (ખરાબ/નગ્ન) મૂર્તિઓ (ફોટાઓ) જોઈએ છીએ તો અશ્લીલતા (ગંદા વિચારો) ઉત્પન્ન થાય છે. કારણ કે તે ઉત્તેજક મૂર્તિએ આપણી અંદર ચિનગારી (તણખલી) લગાડી (ચાંપી) દીધી, પેટ્રોલ સળગવા લાગ્યું. આવી તસ્વીરોને તિલાંજલિ આપી દે એટલે કે કાઢીને ફેંકી દે.

❁ જેમ કે આપણે દેશભક્તોની જીવન કથા વાંચીએ છીએ અને તેમની મૂર્તિ જોઈએ છીએ તો આપણી અંદર દેશભક્તિની પ્રેરણા થાય છે. આવી તસ્વીર (ફોટો) ઘરની અંદર હોય તો કોઈ નુકસાન નથી.

❁ અગર આપણે સાધુ-સંત-ફકીરોની તથા સારા ચારિત્ર્યવાન નાગરિકોની જીવન ઝરમર વાંચીએ કે સાંભળીએ છીએ તો સર્વ દોષ શાંત થઈને આપણે એક સારા નાગરિક બનવાનો વિચાર કરીએ છીએ. એટલા માટે દરેકના માટે સંત તથા સત્સંગની વધારે જરૂરિયાત છે, જ્યાં સારા વિચારો બતાવવામાં આવે છે.

❁ આપણે પોતાની નાની સરખી દિકરીને નવડાવીએ છીએ, વસ્ત્ર પહેરાવીએ છીએ. આ પ્રમાણે બધું કરીએ છીએ. તે જ દિકરી લગ્ન થયા પછી સાસરે જાય છે. બીજાની દિકરી આપણા ઘેર વહુ બનીને આવે છે. હવે નવું શું થઈ ગયું ? આ શુદ્ધ વિચારથી વિચારવા જેવી બાબત છે. આ પ્રમાણે વિવેક કરવાથી ખાનાબદોષ (ખરાબ દોષયુક્ત - બદહોશ અને માનવતા નાશક) વિચારનો નાશ થઈ જાય છે. સાધુ ભાવ ઉત્પન્ન થઈ જાય છે.[ખાનાબદોશ = માનવતા દૂર થવી. ખરાબ દોષવાળો માનવતાનો નાશક. દા.ત., કોઈ કામી બને અને બલાત કરવા દોડે અને તેને રોકવા માટે એમ કહેવામાં આવે છે કે તું ભાન (હોશ)માં આવ. એ જ પ્રમાણે ક્રોધીને, લોભીને પણ કહે છે કે બહુ થઈ ગયું હવે તો ભાન (હોશ)માં આવી જા. આવા ખરાબ દોષયુક્ત વ્યક્તિને ખરાબ હોશમાં ભટકતો ખાનાબદોશ કહેવામાં આવે છે, જે પોતાનો, બીજાનો, પરિવારનો, સમાજનો નાશક કહેવાય છે. આવા ભયંકર દૂષણોમાંથી બચવા માટે અતિ વિવેકની ઉત્તામ સંસ્કારોની માનવતારૂપી સેવા કાર્યો અને તત્વજ્ઞાનરૂપી સાચા સત્સંગની જરૂર છે]

❁ સમાચાર પત્રોમાં પણ એટલા બધા અશ્લીલ (ગંદા-અર્ધનગ્ન) ફોટા છાપવામાં આવે છે કે જે યુવાન વર્ગને અસામાન્ય (અસંતુલિત) કરી કાઢે છે. કેટલાક નીકર (જાંગિયા)ની પ્રસિદ્ધિ (એડ)માં છોકરીઓ માત્ર અંડરવિયર તથા ચોલી (બ્રેસિયર) જ પહેરે છે જે ખોટું છે. આ જ પ્રમાણે પુરૂષ પણ અંડરવીયર (નીકર)ની જાહેરખબર માટે માત્ર અંડરવીયર પહેરેલો

જોવા મળે છે. જે મહા નીચતાનું પ્રતીક છે. એને બંધ કરી દેવા જોઈએ. આના માટે સભ્ય સંગઠનની જરૂરિયાત છે. જે સંવૈધાનિક રીતે આ પ્રકારની અશ્લીલતાને બંધ કરાવવા માટે સંઘર્ષ કરે તથા મનુષ્યને ચારિત્ર્યવાન, દયાવાન બનાવવા માટે સારા પુસ્તકો હાથવગા કરાવે. સત્સંગની વ્યવસ્થા કરાવે.

❀ સારા વિચાર સાંભળવાવાળા બાળકો સંયમી હોય છે. જોવામાં આવે છે કે જે દિકરીનો પતિ લગ્નના કેટલાક દિવસો પછી લશ્કરમાં પોતાની નોકરીએ ચાલ્યો ગયો. લગભગ આઠ-નવ મહિના સુધી રજા લઈને નથી આવતો. કેટલીક દિકરીઓના પતિ પોતાના રોજગાર માટે વિદેશ જાય છે અને ત્રણ વર્ષ સુધી પણ પાછા નથી આવતા તે દિકરીઓ સંયમથી રહે છે. કોઈ પરપુરૂષ વિશે સ્વપ્નમાં પણ નથી વિચારતી. એ ઉત્તમ પરિવારની દિકરીઓ છે. પુરૂષ પણ એટલા દિવસ સંયમ (મર્યાદા)માં રહે છે. તે બાળકો ઉચ્ચ કુટુંબના છે. અસલ ખાનદાનના હોય છે. જે ભડવા હોય છે, તે તાંક-ઝાંક (તાકવું - ઝાંકવું) કર્યા કરે છે. માથાના વાળને નવી સ્ટાઈલથી કટિંગ કરાવીને કાળા-પીળા ચશ્મા પહેરીને ગલીએ ગલીએ કૂતરાની જેમ ફરે છે. તેઓ ખાનાબદોશ હોય છે ? તેઓ કોઈને કોઈ ખોટું કામ કરીને સુખી - ઠરેલ પરિવારને બરબાદ કરી નાંખે છે કારણકે તેઓ કોઈની પણ બહેન-દિકરીને ઓગણીસ-એકવીસ (ઠીકસે-ટોપસે-મસ્તસે) કહેશે જેના કારણે ઝઘડો થશે. ન જાણે ઝઘડાનું સ્વરૂપ કેટલું મોટું થઈ જાય કંઈ નક્કી નહીં. કોઈનું મૃત્યુ પણ થઈ શકે છે. તે એક ભડવાએ બે કુટુંબોનો નાશ કરી નાંખ્યો. એટલા માટે પોતાના બાળકોને નાનપણથી જ સત્સંગના વચન સંભળાવીને વિચારશીલ તથા ચરિત્રવાન બનાવવા જોઈએ.

## ✪ ''ચરિત્રવાનની કથા''

એક શુકદેવ ઋષિ હતા. તેઓ શ્રી વેદવ્યાસના પુત્ર હતા. એક દિવસ તેઓ દીક્ષા લેવાના ઉદ્દેશ્યથી રાજા જનકજીની પાસે મિથિલા નગરીમાં ગયા. રાજા જનકે કહ્યું કે શુકદેવ કાલે સવારે નામ-દીક્ષા આપીશ. તેમની રહેવાની વ્યવસ્થા બીજા અલગ ભવનમાં કરવામાં આવી. એક સુંદર યુવતીને ઋષિજીની સેવામાં પરીક્ષા લેવાના ઉદ્દેશ્યથી મોકલી. યુવતી શુકદેવજીના પલંગ પર પગની બાજુએ બેસી ગઈ. ઋષિએ પગને પોતાની તરફ ખેંચી લઈને વાળીને ભેગા કરી લીધા. યુવતી ઋષિજીની વધુ નજીક ગઈ તો તે બેસીને ઊભા થઈ ગયા. કહ્યું કે હે બહેન ! આપ સારા ઘરની દિકરી લાગી રહ્યાં છો. કૃપા કરીને રૂમની બહાર જાઓ, નહિ તો હું જતો રહું છું. છોકરી ચાલી ગઈ. રાજા જનકની પાસે જઈને બતાવ્યું કે સાચો વ્યક્તિ છે. આમ-

આમ થયું. સવારે રાજા જનકજીએ ઋષિ શુકદેવજીને પૂછ્યું કે આપને મળવા કોઈ સ્ત્રી આવી હતી, આપે તેને ગ્રહણ ના કરીને સારા સંયમનું દર્શન કરાવ્યું છે. આપ સંયમી વ્યક્તિ છો. ધન્ય છે આપના માતા-પિતા.

❋ કબીર પરમેશ્વરજીના વિચાર આનાથી પણ ઉચ્ચ તથા શ્રેષ્ઠ છે. તે કહે છે કે ઋષિ શુકદેવજી પણ આત્મજ્ઞાની નહોતા કારણ કે જ્યારે યુવતી શુકદેવના પલંગ ઉપર બેઠી તો શુકદેવજીએ તેને સ્ત્રી સમજીને પોતાના શરીરને સ્પર્શ ન થવા દીધો અને ઊભા થઈને બહાર જવાની તૈયારી કરી લીધી. આનાથી સ્પષ્ટ થાય છે કે શુકદેવજીને આત્મ જ્ઞાન નહોતું. વિચાર કરો કે અગર કોઈ યુવતીની જગ્યાએ યુવક બેસી જતો તો શુકદેવજી શું કરતા ? તે એને કુશલ મંગળ પૂછતા અને પલંગ છોડીને ઊભા થતા નહીં. કહેતા કે ભાઈ ! પલંગ એક જ છે, આપ પલંગ ઉપર વિશ્રામ કરો, હું નીચે પૃથ્વી પર આસન પાથરી દઉં છું. અગર યુવક સભ્ય હોત તો કહેતો કે નહિ ઋષિજી ! આપ પલંગ ઉપર બિરાજો, હું પૃથ્વી પર વિશ્રામ કરું છું. પરંતુ યુવતી હોવાને કારણે ઋષિ શુકદેવને કામ દોષના કારણે ભય (ડર) લાગ્યો.

કબીર પરમેશ્વરજીએ બતાવ્યું છે કે સ્ત્રી તથા પુરૂષ આત્માની ઉપર બે વસ્ત્ર છે. જેમ કે ગીતા અધ્યાય-2 શ્લોક-22માં કહ્યું છે કે અર્જુન ! જીવ શરીર ત્યાગીને નવું શરીર ધારણ કરી લે છે, આને મૃત્યુ કહે છે. આ તો એવું છે જેમ કે મનુષ્ય જૂના વસ્ત્ર ત્યાગીને નવા વસ્ત્ર પહેરી લે છે. એટલા માટે આત્મ તત્વને જાણ.

**ઉદાહરણઃ-** એક ગામમાં નાટક મંડળી આવી. કેટલાય દિવસ સુધી ગામમાં નાટક કર્યા. પહેલાના જમાનામાં નાટકમાં પુરૂષ જ સ્ત્રીનો અભિનય કર્યા કરતા હતા. એક છોકરો પોતાના મિત્રની સાથે પહેલીવાર નાટક જોવા ગયો. નાટકમાં એક છોકરાને છોકરીના કપડા પહેરાવી રાખ્યા હતા. છાતીનો ભાગ પણ યુવાન છોકરી જેવો બનાવી રાખ્યો હતો. પહેલી વાર ગયેલ છોકરાએ પોતાના મિત્ર (જે કેટલીયે વાર નાટક જોઈ ચુક્યો હતો)ને કહ્યું કે જો ! કેટલી સુંદર છોકરી છે. મિત્રએ કહ્યું, આ છોકરી નથી, છોકરો છે. પરંતુ પહેલીવાર ગયેલ છોકરો તે માનવા જ તૈયાર નહિ. તેને પોતાના મિત્રની વાત ઉપર વિશ્વાસ નહોતો આવી રહ્યો. નાટક પૂરું થયા પછી નાટકના કલાકારો જ્યાં રોકાયા હતા ત્યાં પોત પોતાના સ્થાને જવા લાગ્યા. બંને છોકરાઓ પણ તેમની સાથે ત્યાં જ ગયા. તે છોકરાએ જે છોકરીનું રૂપ બનાવ્યું હતું તેણે પોતાના સ્ત્રીવાળા વસ્ત્ર ઉતારીને ખૂંટી પર લટકાવી દીધા. છાતી ઉપરથી બનાવટી દૂધી (સ્તન) ઉતારીને બેગમાં નાંખી દીધી. લંગોટ

પહેરેલી રહેવા દઈને ન્હાવા માટે જતો રહ્યો. આ જોઈને નવા દર્શકને વિશ્વાસ થયો કે ખરેખર આ તો છોકરો જ છે. બીજા દિવસે તે દર્શક છોકરાને તે છોકરીના વેશમાં રહેલા છોકરામાં છોકરીવાળી મલિન (ગંદી) વાસના દિલમાં ના આવી. તેને છોકરો જ દેખાઈ રહ્યો હતો. આ જ પ્રમાણે અગર શુકદેવ ઋષિને અધ્યાત્મ વિવેકથી આત્મજ્ઞાન હોત તો તેને સ્ત્રી નહિ આત્મારૂપમાં પુરૂષ સમજીને કહેતા કે આપ પલંગ ઉપર બિરાજો, હું પૃથ્વી પર વિશ્રામ કરું છું. સાધુ, સંત, ફકીર આ વિચારધારા સાથે જીવે છે. સાધના કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે.

## ✪ ''સત્સંગીઓ (સંગત)નો પ્રભાવ અને વિશ્વાસ પ્રભુનો''

એક ગામમાં એક વ્યક્તિના લગ્નને દસ-બાર વર્ષ થઈ ગયા હતા. સંતાન થયું નહતું. તે જ ગામની બહાર લગભગ 2 કિલોમીટર દૂર એક આશ્રમ હતો. તેમાં એક સિદ્ધ સંત રહેતા હતા. તે ગામમાંથી ભિક્ષા માંગીને લાવતા હતા. તેને ત્રણ-ચાર દિવસ કે તેથી વધુ દિવસ સુધી ચલાવતા હતા. એક દિવસ તે એ ઘરે ભિક્ષા લેવા ગયા કે જે વ્યક્તિને સંતાન ન હતું. સ્ત્રી-પુરૂષ બંનેએ સાધુજીની પાસે પુત્ર પ્રાપ્તિ માટે પગ પકડીને પ્રાર્થના કરી. સાધુએ કહ્યું કે એક શરત પર સંતાન થઈ શકે છે. સ્ત્રી-પુરૂષે કહ્યું કે બતાવો. સાધુએ કહ્યું કે પહેલો પુત્ર ઉત્પન્ન થશે. બે વર્ષનો થઈ ગયા પછી મને ચઢાવવો પડશે. તેને હું મારો ઉત્તરાધિકારી બનાવીશ. આપને મંજૂર હોય તો મને કહો. તેના પછી પુત્રી થશે. પછી એક પુત્ર થશે. બંનેએ તે શરતનો સ્વીકાર કરી લીધો. સાધુના આશીર્વાદથી દસમા મહિને જ પુત્ર થયો. બે વર્ષનો થયો ત્યારે સાધુને સોંપી દીધો. તે વખતે સ્ત્રી ફરીથી ગર્ભવતી હતી. તેણે કન્યાને જન્મ આપ્યો. પછી એક બીજો પુત્ર થયો. જેના કારણે સાધુની પ્રસિદ્ધિ બહુ વધુ થઈ ગઈ. તે આશ્રમમાં યુવાન છોકરીઓને પ્રવેશ આપવામાં નહોતો આવતો. જ્યારે તે છોકરો સોળ વર્ષનો થયો તો એક દિવસ ગુરૂજીને છાતીમાં સ્તનની બાજુમાં ફોલ્લો થઈ ગયો. જેના કારણે સાધુ મહારાજ દર્દની વ્યાકુળ રહેવા લાગ્યા. જડીબુટ્ટી બનાવીને તે ફોલ્લા ઉપર લગાડી. ચાર-પાંચ દિવસમાં તે ફોલ્લો ફૂટીને સારું થયું, ત્યારે સાધુજી હતા તેવા ઠીક ઠાક થઈ ગયા. કેટલાક દિવસ વીતી ગયા પછી સાધુજીને તાવ આવી ગયો. વૃદ્ધાવસ્થા તથા તાવને કારણે નબળાઈ આવવાથી હરવા-ફરવા માટે અસમર્થ થઈ ગયા. સાધુએ તે શિષ્યને ક્યારેય ગામમાં ભિક્ષા લેવા મોકલ્યો ન હતો. આ વિચાર કરીને કે આ યુવાન છોકરો ગામમાં છોકરાઓની સાથે બેસીને ખરાબ સંગતમાં પડીને કોઈ ભૂલ ના કરી બેસે.

ક્યાંક લગ્નની પ્રેરણા ના થઈ જાય. પરંતુ તે દિવસે નાછૂટકે સાધુએ પોતાના શિષ્યને કહ્યું કે બેટા ! ભિક્ષા માંગીને લાવ અને ગામમાં પ્રથમ ગલીમાં ચોથા ઘરેથી જે મળે તે લઈને આવતો રહેજે, આગળ ના જતો. છોકરો ગુરૂજીના આદેશ અનુસાર એ જ ઘરના દરવાજે ગયો અને બોલ્યો, અલખ નિરંજન ! તે ઘરમાંથી એક 14 વર્ષની ઉંમરની છોકરી ભિક્ષા આપવા માટે દરવાજા પર આવી તો સાધુ છોકરો તે છોકરીની છાતીની તરફ ધ્યાનથી જોઈ રહ્યો હતો. છોકરીએ જોઈ લીધું કે સાધુની દૃષ્ટિમાં ખોટ છે. છોકરીએ કહ્યું કે લે બાબા ભિક્ષા ! સાધુ બોલ્યો, હે માની બેટી ! તારી છાતી ઉપર બે ફોલ્લા થયા છે. આપ આશ્રમમાં આવી જજો. તારા ફોલ્લાને ગુરૂજી ઠીક કરી આપશે. હે માની બેટી ! તમને બહુ પીડા થઈ રહી હશે. મારા ગુરૂજીને તો એક જ ફોલ્લાએ દુઃખી કરી દીધા હતા. આ વાત સાધુ છોકરા પાસેથી સાંભળીને છોકરીનો અંદાજ વધુ મજબૂત થઈ ગયો કે આ સાધુ સારો નથી. છોકરી જોરથી ઊંચા અવાજમાં બોલવા લાગી કે તારી મા-બહેનના ફોલ્લા ઠીક કરાવી લે. નાલાયક ! તને તો જુત્તું મારીશ. આમ કહીને છોકરીએ પગનું જુત્તું કાઢી લીધું અને બોલી કે ચાલ્યો જા અહીંથી, ફરીથી ક્યારેય ના આવતો. મોટો અવાજ સાંભળીને છોકરીની માતા પણ દરવાજે આવી અને પૂછ્યું કે દિકરી ! શું વાત છે ? છોકરીએ તે સાધુની કરતુત માતાને કહી. માતાએ પૂછ્યું કે બાબાજી ! ક્યાંથી આવ્યા છો ? છોકરા સાધુએ કહ્યું કે આ આશ્રમથી આવ્યો છું. મારા ગુરૂજી બિમાર થઈ ગયા છે, હરી-ફરી શકવાને સમર્થ નથી એટલા માટે પહેલી વાર મને ભિક્ષા લેવા મોકલ્યો છે, હું એમનો શિષ્ય છું. મેં તો આ બહેનને પૂછ્યું હતું કે તારી છાતી પર બે ફોલ્લા છે, તો તું બહુ દુઃખી થઈ રહી હોઈશ. મારા ગુરૂજીને તો એક જ ફોલ્લો થયો હતો, દિવસ-રાત દુઃખાવાથી વ્યાકુળ રહેતા હતા. તે ઔષધિને ઓળખે છે. આપ ગુરૂજીની પાસે જઈને ફોલ્લાનો ઉપચાર કરાવી લ્યો. તે સાધુ છોકરો એ જ સ્ત્રીનો પુત્ર હતો જે સાધુને સોંપી દીધો હતો. તે છોકરી તે સાધુ બાબાની નાની બહેન હતી. માતાએ કહ્યું કે આ તારો ભાઈ છે, જે અમોએ સાધુજીને સોંપી દીધો છે. આ દુનિયાદારીની ખરાબ વાતોથી બચેલો છે. આને કંઈપણ ખબર નથી. જે દોષ (વિચારોનો દોષ) બેટી તને લાગ્યો છે, તે આ તારા ભાઈમાં નથી. આ તો પાક (પવિત્ર) આત્માથી કહી રહ્યો છે. તેં તો ગામના ચંચળ યુવકોવાળી શરારત (મશ્કરી) સમજીને આને પણ એવો સમજી લઈને ધમકાવ્યો. માતાએ કહ્યું કે સાધુજી ! મારી દિકરીની છાતી ઉપર ફોલ્લા નથી થયા. એ દૂધી (સ્તન) છે, દેખ ! જેમકે મારી છાતી ઉપર છે. આના

લગ્ન કરીશું. તેને સંતાન ઉત્પન્ન થશે. ત્યારે આ દૂધીઓ (સ્તન)થી એના બાળકો દૂધ પીશે. સાધુ બાળક બોલ્યો, હે માઈ ! આના લગ્ન ક્યારે થશે ? ક્યારે આને સંતાન થશે ? માતાએ કહ્યું કે લગભગ ત્રણ-ચાર વર્ષ પછી લગ્ન કરીશું. પછી ત્રણ-ચાર વર્ષ બાદ સંતાન થશે.

સાધુ બાળકે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિચાર કર્યો કે પરમાત્માને જન્મ લેવાવાળા બાળકની કેટલી ચિંતા છે . તેના જન્મના સાત-આઠ વર્ષ પહેલાં જ દૂધ પીવાની વ્યવસ્થા કરી રાખી છે. શું તે અમારા માટે ખાવાની વ્યવસ્થા આશ્રમમાં નહિ કરે ? અમે તો ગુરૂ-શિષ્ય તે પરમાત્માના ભરોસે બેઠા છીએ. હવે આજ પછી ભિક્ષા માંગવાની બંધ. આમ વિચાર કરી રહ્યો હતો એટલામાં માતાએ પૂછ્યું, બાબાજી ! શું ચિંતા કરી રહ્યા છો ? સાધુ બોલ્યો કે માઈ ચિંતા સમાપ્ત. આટલું કહીને ભિક્ષા સહિત થેલો (ઝોળી) ગલીમાં ફેંકીને આશ્રમમાં ખાલી હાથે આવી ગયો તો ગુરૂજીએ પૂછ્યું કે ભિક્ષા કેમ નથી લાવ્યો ? શું થેલો કોઈએ ઝૂંટવી લીધો ? છોકરાએ બતાવ્યું કે ગુરૂજી ! જ્યારે પરમાત્મા બાળકના જન્મના 7-8 વર્ષ પહેલા જ બધી ખાવાની વ્યવસ્થા કરી દે છે તો શું આપણા આશ્રમમાં નહીં કરે ? અવશ્ય કરશે. એટલા માટે હું થેલો ગલીમાં ફેંકીને આવ્યો છું. સાધુ સમજી ગયો કે આ કામચોર એટલે જ રસ્તામાં થેલો ફેંકીને આવી ગયો કે રોજ ભિક્ષા માંગવા જવું પડશે. સાધુ વિવશ (મજબૂર) હતો, કંઈ ના બોલ્યો. વિચાર્યું કે આવતી કાલે હું દુ:ખી-સુખી થઈને જેમ-તેમ કરીને જાતે ભિક્ષા લઈ આવીશ.

જ્યારે સાધુ બાળક થેલો તથા ભિક્ષા ગલી (મહોલ્લા)માં ફેંકીને આશ્રમમાં ચાલ્યો ગયો તો પરમાત્માએ ગામની કેટલીક વ્યક્તિઓને પ્રેરણા કરી કે મોટા સાધુ અસ્વસ્થ (બિમાર પડ્યા) છે. નાના સાધુને કોઈએ કંઈક કહી દીધું, તથા તે ભિક્ષા અને થેલો બંને ફેંકીને જતો રહ્યો. સાધુ ભૂખ્યા છે, બાળક પણ ભૂખ્યો રહેશે. આમ વિચાર કરીને સરસ ભોજન તૈયાર કર્યું. ખીર - ફૂલ્કા (રોટી) - દાળ બનાવીને પહેલાં એક જણ લઈને પહોંચ્યો અને સાધુને કહ્યું કે નાના બાબાજી કોઈના કહેવાથી નારાજ થઈને ભિક્ષા નથી લાવ્યા. થેલો અને ભિક્ષા ફેંકીને આવ્યા છે. આપ ભોજન આરોગો. સાધુએ કહ્યું કે પહેલા બાળકને ખવડાવો. બાળક બોલ્યો કે પહેલા ગુરૂજી જમશે, પછી ચેલો જમશે. સાધુ ભોજન જમવા લાગ્યા. એટલામાં બીજો માણસ હલવો (શીરો) - પૂરી - છોલે (ચણાનું શાક) લઈને આવી ગયો. આ પ્રમાણે ગામમાંથી લગભગ દસેક વ્યક્તિઓ આજ વિચાર કરીને જમવાનું લઈને આશ્રમમાં પહોંચ્યા. ચેલો બોલ્યો કે વાહ ભગવાન ! અમને ખબર નહતી કે આપ

**કેટલા સારા છો. એટલા માટે આપના નામની ચિંતા ઓછી અને ભોજનની વધારે રહેતી હતી. ગામના લોકોએ નંબર (વારો) બાંધી દીધો કે દરરોજ એક ઘરમાંથી સાધુઓ માટે ભોજન મોકલવામાં આવે. એ પ્રમાણે જ થયું.**

**શિક્ષા (સલાહ):- જેવી સંગત, તેવી જ રંગત! પોતાનો દોષ બીજામાં દેખાય છે. પરમાત્મા ઉપર વિશ્વાસ વગર ભક્ત અધૂરો છે. માંગીને ખાવું તે પણ શાસ્ત્ર વિરુદ્ધ છે કારણ કે અગર ભક્તની શ્રદ્ધા તથા ભાવના સાચી છે તો પરમાત્મા ગોઠવણ કરી આપે છે. પરંતુ ગૃહસ્થ જીવનનું કર્મ કરીને ભોજન ગ્રહણ કરવું સર્વોત્તમ છે. સાધુ-સંતનું કર્મ સત્સંગ કરવો, ભક્તિ કરવી એ છે. અગર સાચી શ્રદ્ધાથી કરે છે તો તેને માંગવાની જરૂરિયાત નહિ પડે. સંત ગરીબદાસજીએ પરમાત્મા કબીરજી પાસેથી મેળવેલ જ્ઞાનથી પોતાની અમૃતવાણીમાં કહ્યું છે કે:-**

**''વૈરાગ્ય પ્રકરણના અંગમાંથી લીધેલી કેટલીક વાણી''**

*ગરીબ, નટ પેરણા કાંજર સાંશી માંગત હૈં ભઠિયારે ।*
*જાકી તારી લાગી તત્ મેં મોતિ દેત ઉધારે ।। 3 ।।*
*ગરીબ, દ્રોપદ સુતા કે ચીર બઢાએ બિન હી તાને કાતે ।*
*સકલ મનોરથ પૂર્ણ સાહિબ તુમ ક્યાં માંગન જાતે ।। 2 ।।*
*ગરીબ, આપ તેં આવૈ રત્ન બરાબર માંગ્યા આવૈ લોહા ।*
*લક્ષણ નહીં જોગ કે જોગી જા બસ્યા બન ખોહા ।। 6 ।।*
*ગરીબ, ટૂકાં કારણ ફિરૈ કુકરા (કુત્તા) સતઘર ફિર આવૈ ।*
*યે તો લક્ષણ નહીં જોગ કે ક્યોં બાણા બિરદલ જાવૈ ।। 10 ।।*
*ગરીબ, જિનકો આત્મજ્ઞાન નહીં હૈ વે માંગૈં રે ભાઈ ।*
*ચાવલ ચૂન ઈકઠ્ઠા કરકૈ બ્યાજ બધાવૈં જાઈ ।। 24 ।।*
*ગરીબ, જો માંગૈ સો ભડવા કહિયે દર-દર ફિરૈ અજ્ઞાની ।*
*યોગી યોગ સમ્પૂર્ણ જિસકા જો માંગ ન પીવૈ પાની ।। 41 ।।*
*ગરીબ, કદ નારદ જમાત ચલાઈ વ્યાસ ન ટુકડા માંગ્યા ।*
*વસીષ્ઠ વિશ્વામિત્ર જ્ઞાની શબ્દ બિહંગમ જાગ્યા ।। 50 ।।*
*ગરીબ, કબીર પુરૂષ કૈ બાલદ આઈ નૌ લખ બોડી લાહા ।*
*કેશવ સે બણજારે જિસ કૈ દેવૈં યજ્ઞ જુલાહા ।। 55 ।।*

**※ ભાવાર્થ:- ઉપરોક્ત વાણીઓનો ભાવ છે કે જે સત્ય ભક્તિ શાસ્ત્ર અનુકૂળ નથી કરતા, તે સાધુ વેશ બનાવીને એવી રીતે માંગતા ફરે છે જેમ કે**

કૂતરો રોટલીના ટુકડા માટે સત્તર ઘેર ભટકે છે. જેમ કે અન્ય (બીજી બધી) જાતિવાળા નટ-પેરણે, કાંજર તથા સાંશી લોકો ખાવા રોટલી માટે ભટકતા હતા. અગર સાધુ પણ એવું જ કરે છે તો તેની સાધનામાં કોઈ ત્રૂટિ (ખામી) છે. પરમેશ્વર કબીરજી પોતાનું કપડા વણવાનું દૈનિક (દરરોજ) કાર્ય (કર્મ) કરતાં હતા તથા સત્ય સાધના પણ કરતા હતા અને સત્સંગ પણ કરતા હતા. સત્ય ભક્તિ કરવાવાળાની પરમાત્મા કેવી રીતે સહાયતા કરે છે, આ પ્રમાણ સ્વયં કબીરજીએ આપ્યું છે. કથા આ પ્રમાણે છે:-

## ✪ ''પરમેશ્વર કબીરજી દ્વારા કાશી શહેરમાં ભોજન-ભંડારો એટલે કે લંગર (ધર્મ યજ્ઞ) ની વ્યવસ્થા કરવી''

શેખતકી બધા મુસલમાનોનો મુખીયા એટલે કે મુખ્ય પીર હતો જે પહેલાંથી જ પરમેશ્વર કબીરજી ઉપર ખાર ખાતો હતો એટલે કે પહેલાંથી જ ઈર્ષ્યા કરતો હતો. બધા બ્રાહ્મણો તથા મુલ્લા-કાજીઓ તથા શેખતકીએ મજલિસ (મીટિંગ) કરીને ષડયંત્રપૂર્વક યોજના બનાવી કે કબીર નિર્ધન (ગરીબ) માણસ છે. આના નામથી ઠેર-ઠેર પત્ર મોકલી દો કે કબીરજી કાશીનો બહુ મોટો શેઠ છે. તેમનું પૂર્ણ સરનામું છે : કબીર પુત્ર નૂરઅલી અંસારી, જુલાહાવાળી કોલોની, કાશી શહેર. કબીરજી ત્રણ દિવસનો ધર્મ ભોજન-ભંડારો કરશે. સર્વ સાધુ સંતોને આમંત્રણ છે. દરરોજ દરેકને ભોજન કર્યા બાદ એક દોહર (જે તે વખતના સૌથી કિંમતી ધાબળાના સ્થાને માનવામાં આવતી હતી), એક મોહર (10 ગ્રામ સોનાથી બનેલી ગોળાકાર મોહર) દક્ષિણા આપીશું. દરરોજ જે જેટલી વાર ભોજન કરશે, કબીર તેને એટલી વાર દોહર તથા મોહર દાન કરશે. ભોજનમાં લાડવા, જલેબી, હલવો (શીરો), ખીર, દહીંવડા, માલપુઆ, રસગુલ્લા વગેરે વગેરે બધા મિષ્ઠાન આરોગવા મળશે. સૂકુ (કોરુ) સીધુ (લોટ, ચોખા, દાળ વગેરે સૂકા (કોરા) જે પકવ્યા વગરનું ઘી-બૂરુ) પણ આપવામાં આવશે. એક પત્ર શેખતકીએ પોતાના નામે તથા દિલ્હીના બાદશાહ સિકંદર લોધીના નામે પણ મોકલાવ્યો. નકકી કરેલા દિવસની આગલી રાત્રે સાધુ-સંત ભક્ત એકત્રિત (એકઠા) થવા લાગ્યા. બીજા દિવસે ભંડારો થવાનો હતો. પરમેશ્વર કબીરજીને સંત રવિદાસજીએ બતાવ્યું કે આપના નામનો પત્ર લઈને લગભગ 18 લાખ સાધુ-સંત તથા ભક્તો કાશી નગરમાં આવ્યા છે. ભંડારો ખાવા માટે આમંત્રિત છે. કબીરજી હવે તો આપણે કાશી છોડીને બીજે ક્યાંક જવું પડશે. કબીરજી તો જાનીજાન (પૂર્ણ જાણકાર) હતા, છતાં પણ અભિનય કરી રહ્યા હતા, બોલ્યા રવિદાસજી ઝૂંપડીની અંદર બેસી જા, સાંકળ ચઢાવી દે.

**પોતાની મેળે જખ મારીને જતા રહેશે. આપણે બહાર નીકળીશું જ નહિ. પરમેશ્વર કબીરજી પોતાની રાજધાની સતલોકમાં પહોંચ્યા. ત્યાંથી નૌ લાખ બળદની ઉપર ગધેડાની જેમ જ બોરા (થેલા) રાખીને તેમાં પકા-પકાયા (સતલોકમાં બનેલું તૈયાર પકવાન) બધો સામાન ભરીને તથા કોરું સીધું (ચોખા, લોટ, ખાંડ, બૂરુ, દાલ, ઘી વગેરે) ભરીને પૃથ્વી ઉપર ઉતર્યા. સત્યલોકથી જ સેવકો (સેવાદાર) આવ્યા. પરમેશ્વર કબીરજીએ સ્વયં વણઝારાનું રૂપ બનાવી લીધું અને પોતાનું નામ કેશવ બતાવ્યું. દિલ્લીના સિકંદર બાદશાહ તથા તેમનો ધાર્મિક પીર શેખતકી પણ આવ્યો. કાશીમાં ભોજન-ભંડારો ચાલી રહ્યો હતો. બધાને દરેક વખત ભોજન કર્યા બાદ એક દોહર તથા એક મોહર (10 ગ્રામ) સોના (Gold) ની દક્ષિણા આપવામાં આવી રહી હતી. ઘણા બેઈમાન સંત તો દિવસમાં ચાર-ચાર વાર ભોજન કરીને દરેક વખતે દોહર તથા મોહર લેતા હતા. કેટલાક સુકું સીધું (ચોખા, ખાંડ, ઘી, દાળ, લોટ) પણ લઈ રહ્યા હતા.**

**આ બધું જોઈને શેખતકી એ તો રોવા જેવો ચહેરો બનાવી લીધો. સિકંદર લોધી રાજાની સાથે તે તંબુમાં ગયો જેમાં કેશવ નામથી સ્વયં કબીરજી વેશ બદલીને વણઝારા (તે સમયના વેપારીઓને વણઝારા કહેતા હતા) ના રૂપમાં બેઠા હતા. સિકંદર લોધી રાજાએ પૂછ્યું આપ કોણ છો ? શું નામ છે? આપજીનો કબીરજીથી શું સંબંધ છે ? કેશવ રૂપમાં બેઠેલા પરમાત્માજીએ કહ્યું કે મારું નામ કેશવ છે, હું વણઝારો છું. કબીરજી મારા પાગડી બદલ (ખાસ) મિત્ર છે. મારા ઉપર તેમનો પત્ર આવ્યો હતો કે એક નાનો-હરખો ભંડારો (ભોજન કરાવવાનું આયોજન) એટલે કે લંગરનું આયોજન કરવાનું છે, કેટલોક સામાન લેતા આવશો. તેમના આદેશનું પાલન કરતો રહીને સેવક હાજર છે. ભંડારો ચાલી રહ્યો છે. શેખતકી તો કાળજું પકડીને (છાતી પર હાથ રાખીને) જમીન પર બેસી ગયો જ્યારે આ સાંભળ્યું કે એક નાનો-સરખો ભંડારો કરવાનો છે જ્યાં આગળ 18 લાખ વ્યક્તિ ભોજન કરવા આવ્યા છે. દરેકને દોહર તથા મોહર અને કોરા સીધના રૂપમાં લોટ, દાળ, ચોખા, ઘી, ખાંડ પણ આપવામાં આવી રહ્યાં છે. આને નાનો-સરખો ભંડારો કહી રહ્યા છે. પરંતુ ઈર્ષાની આગમાં બળતો રહીને વિશ્રામ ગૃહમાં ચાલ્યો ગયો. જ્યાં આગળ રાજા રોકાયેલા હતા. સિકંદર લોધીએ કેશવને પૂછ્યું કબીરજી કેમ નથી આવ્યા ? કેશવે જવાબ આપ્યો કે તેમનો ગુલામ (સેવક) જો બેઠો છે, તેમને તકલીફ ઊઠાવવાની શું જરૂરિયાત ? જ્યારે ઈચ્છા થશે, આવી જશે. આ ભંડારો તો ત્રણ દિવસ ચાલવાનો છે. સિકંદર લોધી હાથી**

પર બેસીને અંગરક્ષકોની સાથે કબીરજીની ઝૂંપડી પર ગયા. હાથી ઉપરથી ઉતરીને રાજાએ દરવાજો ખખડાવ્યો. કહ્યું, પરવરદિગાર ! દરવાજો **(gate)** ઉઘાડો. આપનો બાળક સિકંદર આવ્યો છે. કબીર પરમેશ્વરજીએ કહ્યું કે, હે રાજન ! કેટલીક વ્યક્તિઓ મારી પાછળ પડી ગઈ છે. રોજબરોજ કોઈને કોઈ નવું ષડયંત્ર રચીને હેરાન કરે છે. આજે બનાવટી કાગળ (પત્ર) લખીને લાખો માણસોને બોલાવ્યા છે. હું નિર્ધન વણકર કપડા વણીને પરિવારનું ગુજરાન ચલાવું છું. મારી પાસે ભોજન-ભંડારા (લંગર) કરવા માટે તથા દક્ષિણા આપવા માટે ધન નથી. હું રાત્રિના સમયે કાશી નગરનો ત્યાગ કરીને પરિવાર સહિત ક્યાંક દૂરના સ્થાને જતો રહીશ. હું દરવાજો નહીં ઉઘાડું. સમ્રાટ સિકંદર બોલ્યા, હે કાદિર અલ્લાહ (સમર્થ પરમાત્મા) મેં આપને ઓળખી લીધા છે. આપ મને બહેકાવી નહીં શકો. આપે ચૌપડના ખુલ્લા સ્થાન (મેદાન) પર કેવી રીતે ભંડારો લગાડ્યો છે ? આપનો મિત્ર કેશવ આવ્યો છે. પાર વગરની ખાદ્ય સામગ્રી લાવ્યો છે. લાખો લોકો ભોજન કરીને આપની જય-જયકાર કરી રહ્યા છે. આપના દર્શન કરવા બધા ઈચ્છી રહ્યા છે. એકવાર કમાડ ખોલીને આપના ગુલામ સિકંદરને દર્શન તો આપો. કબીરજીએ સંત રવિદાસજીને કહ્યું કે કમાડ ખોલી નાંખો. દરવાજો ખુલતાં જ સિકંદર રાજાએ જોડાં (જૂત્તા) ઉતારીને મુગટ સહિત દંડવત પ્રણામ કર્યા. પછી કાશીમાં ચાલી રહેલા ભોજન-ભંડારામાં આવવા માટે વિનંતી કરી. જ્યારે કબીર પરમાત્મા ઝૂંપડીની બહાર નીકળ્યા તો આકાશમાંથી સુંદર મુગટ આવ્યો અને પરમાત્મા કબીરજીના શીશની ઉપર સુશોભિત થયો તથા આકાશમાંથી સુગંધિત ફૂલ વરસવા લાગ્યા. રાજાએ કબીર પરમેશ્વરજીને હાથી પર બિરાજમાન થવાની પ્રાર્થના કરી. કબીરજીએ રવિદાસજીને સાથે લીધા. રાજા, રવિદાસજી તથા પરમાત્મા કબીરજી ત્રણે હાથી પર સવાર થઈને ભંડારા સ્થળ પર આવ્યા. બધાની સાથે કબીર શેઠનો પરિચય કરાવ્યો તથા કેશવ રૂપમાં સ્વયં ડબલ રોલ કરીને ભેગા થયેલ સંતો-ભક્તોને પ્રશ્ન-જવાબ કરીને સત્સંગ સંભળાવ્યો, જે **24** કલાક સુધી ચાલ્યો. કંઈ લાખ સંતોએ પોતાની ખોટી ભક્તિ ત્યાગીને કબીરજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી, પોતાનું કલ્યાણ કરાવ્યું. ભંડારાની પૂર્ણાહુતિ પછી જ્યારે બચેલો બધો સામાન તથા તંબુ બળદો પર રાખીને ચાલ્વા લાગ્યા, તે સમયે રાજા સિકંદર લોધી તથા શેખતકી, કેશવ તથા કબીરજી એક સ્થાન પર ઊભા હતા, બધા બળદ તથા સાથે લાવેલા સેવક જે વણઝારાની વેશભૂષામાં હતા, ગંગા પાર કરીને ચાલી ગયા. થોડાક જ સમય પછી સિકંદર લોધી રાજાએ કેશવને કહ્યું આપ જાઓ

આપના બળદ તથા સાથી જઈ રહ્યા છે. જે તરફ બળદ તથા વણઝારા ગયા હતા, તે તરફ રાજાએ જોયું તો કોઈપણ નહતું. આશ્ચર્ય ચકિત થઈને રાજાએ પૂછ્યું કબીરજી ! તે બળદ તથા વણઝારા એકદમ જલ્દીથી ક્યાં ચાલ્યા ગયા ? તેજ સમયે જોત-જોતામાં જ કેશવ પણ કબીરજીના શરીરમાં સમાઈ ગયા. એકલા કબીરજી ઊભા હતા. બધું રહસ્ય સમજીને સિકંદર લોધીએ કહ્યું કે કબીરજી ! આ બધી જ લીલા આપની જ હતી. આપ સ્વયં પરમાત્મા છો. શેખતકીના તો તન-મનમાં ઈર્ષાની આગ લાગી ગઈ, કહેવા લાગ્યો આવા આવા ભંડારા તો અમે સો (100) કરી દઈએ, આ શું ભંડારો કર્યો છે ? મહોછો કર્યો છે.

મહોછો = તે અનુષ્ઠાનને કહે છે જે કોઈ ગુરૂ દ્વારા કોઈ વૃદ્ધની ગતિ કરાવવા માટે થોપવામાં (કરાવવામાં) આવે છે. તેના માટે બધો હલકી ગુણવત્તાનો સામાન વાપરવામાં આવે છે. જગ જૌનાર કરવો એ = તે અનુષ્ઠાનને કહે છે જે વિશેષ (ખાસ) ખુશીના અવસર પર કરવામાં આવે છે, જેમાં અનુષ્ઠાન કરવાવાળો દિલ ખોલીને રૂપિયા ખર્ચે છે. સંત ગરીબદાસજીએ કહ્યું છે કેઃ-

*ગરીબ, કોઈ કહ જગ જૌનાર કરી હૈ, કોઈ કહે મહૌછા ।*
*બડે બડાઈ કિયા કરેં, ગાલી કાઢે ઔછા ।।*

⁕ **સારાંશઃ-** કબીરજીએ ભક્તોને ઉદાહરણ આપ્યું છે કે અગર આપ મારી માફક સાચા મનથી ભક્તિ કરશો તથા ઈમાનદારીથી ગુજારો કરશો તો પરમાત્મા આપની આવી રીતે સહાયતા કરે છે.

ભક્ત જ વાસ્તવમાં શેઠ એટલે કે ધનવંતા (ધનવાન) છે. ભક્તની પાસે બન્ને ધન છે, સંસારમાં જે જોઈએ તે પણ ધન ભક્તની પાસે હોય છે તથા સત્ય સાધનારૂપી ધન પણ ભક્તની પાસે હોય છે.

## ● એક બીજી લીલા (કરિશ્મા) જે તે ભંડારામાં થઇ

આ જમણવાર (લંગર) ત્રણ દિવસ સુધી ચાલ્યો હતો. દિવસમાં પ્રત્યેક (દરેક) વ્યક્તિ ઓછામાં ઓછા બે વાર ભોજન જમતો હતો. કોઈ તો ત્રણ-ચાર વાર પણ ખાતા હતા કારણ કે પ્રત્યેક ભોજન બાદ દક્ષિણામાં એક મોહર (10 ગ્રામ સોનું) અને એક દૌહર (કિંમતી સુતરાઉ શાલ) આપવામાં આવી રહી હતી. આ લાલચમાં વારં-વાર ભોજન ખાતા હતા. ત્રણ દિવસ સુધી 18 લાખ વ્યક્તિઓ શોચ (ટટ્ટી) તથા પેશાબ કરીને કાશીની ચારે બાજુ ઢગલા કરી દેતા. કાશીને સડાવી (ગંધથી ભરી) દેતા. કાશી

નિવાસીઓ તથા એ 18 લાખ મહેમાનો તથા એક લાખ સેવકો જે સતલોકથી આવ્યા હતા. તે ગંદકીનો ઢગલો થઈ જતો, શ્વાસ લેવો પણ દુષ્કર (મુશ્કેલ) થઈ જતો, પરંતુ એવો અનુભવ જ ના થયો. બધા દિવસમાં ત્રણ-ચાર વાર ભોજન ખાઈ રહ્યા હતા ખરા, પરંતુ એકવાર પણ શૌચ (સંડાસ) ક્રિયા માટે નહોતા જતા, ન તો પેશાબ કરવા જતા હતા. એટલું સ્વાદિષ્ટ ભોજન હતું કે પેટ ભરી ભરીને ખાઈ રહ્યા હતા. પહેલાથી ડબલ ભોજન ખાઈ રહ્યા હતા. તે બધાને બીજા દિવસે ચિંતા થઈ કે ન તો પેટ ભારે લાગે છે, ભૂખ પણ સારી રીતે લાગી રહી છે, ક્યાંક રોગી ન થઈ જઈએ. સતલોકથી આવેલા સેવકોને આ સમસ્યા કહી તો તેમણે કહ્યું કે આ ભોજનમાં એવી જડીબુટ્ટીઓ નાંખીને જમવાનું બનાવ્યું છે જેનાથી આ શરીરમાં જ સમાઈ જશે. અમે તો દરરોજ આ જ રીતે ભોજન લંગર (ભોજન ભંડારા)માં બનાવીએ છીએ, આ જ જમીએ છીએ. અમે તો ક્યારેય શોચ ક્રિયા કરવા નથી જતા તથા નથી પેશાબ કરવા જતા, આપ ચિંતા ના કરો. છતાં પણ વિચાર કરી રહ્યા હતા કે ખાવાનું ખાધું છે, પરંતુ થોડોક તો મળ (ટટ્ટી) નીકળવો જોઈએ. તેમને સંડાસ જવા માટે દબાણ થયું. બધા શહેરની બહાર નીકળી પડ્યા. ટટ્ટી કરવા એકાંત સ્થાન ગોતીને બેઠા તો ગુદામાંથી વાયુ (ગેસ) નીકળ્યો. પેટ હલકું થઈ ગયું અને વાયુમાંથી સુગંધ નીકળી જાણે કેવડાનું પાણી ના છંટકાર્યું હોય. આ બધું જોઈને તે બધાને સેવકોની વાતમાં વિશ્વાસ થયો. ત્યારે તેમનો ભય સમાપ્ત થયો, પરંતુ તે છતાં પણ બધાની આંખો પર અજ્ઞાનનો પાટો બંધાયેલો હતો. પરમેશ્વર કબીરજીને પરમેશ્વર તરીકે ના સ્વીકાર્યા.

પુરાણોમાં પણ પ્રકરણ આવે છે કે અયોધ્યાના રાજા ઋષભદેવજી રાજપાટ ત્યાગીને જંગલોમાં સાધના કરતા હતા. તેમનું ભોજન સ્વર્ગમાંથી આવતું હતું. તેમના મળ (ટટ્ટી)માંથી સુગંધ નીકળતી હતી. આજુબાજુના વિસ્તારના લોકો આ જોઈને આશ્ચર્યચકિત થતા હતા. આ જ પ્રમાણે સતલોકનો આહાર કરવાથી કેવળ સુગંધ જ નીકળે છે, મળ નહિ. સ્વર્ગ તો સતલોકની નકલ છે જે નકલી **(Duplicate)** છે.

**પ્રશ્નઃ-** ભક્તિ કરવા માટે ઘર ત્યાગીને જવું અથવા ઘરે રહીને ભક્તિ કરવી, કઈ શ્રેષ્ઠ છે ?

**ઉત્તરઃ-** શાસ્ત્રવિધિ અનુસાર પૂર્ણ ગુરૂથી દીક્ષા લઈને ભક્તિ મર્યાદાનું પાલન કરતા રહીને આજીવન સાધના કરવાથી મોક્ષ થશે. અગર ઘર ત્યાગીને (છોડીને) વનમાં ચાલ્યા ગયા તો ભોજન માટે પાછા ગામ અથવા શહેરમાં ગૃહસ્થીના દરવાજે આવવું પડશે. ઠંડી, ગરમી અને વરસાદથી

બચવા માટે પાછી ઝૂંપડી બનાવવી પડશે. વસ્ત્ર પણ માંગવા પડશે એ તો પાછું ઘર બની ગયું. એટલા માટે ઘરે જ રહો. સત્ય સાધના કરો, મોક્ષ નક્કી જ છે. લગ્ન થાય અથવા ના થાય, બંને જ ભક્તિ કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ઘણા વ્યક્તિ કહે છે કે ભક્તિ બ્રહ્મચારી જીવનમાં જ થઈ શકે છે. આનો પણ ઉત્તર છે કે સત્ય સાધના શાસ્ત્ર અનુસાર કરીને બંને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

**ઉદાહરણઃ-** આપણે માનીએ છીએ કે ભક્ત ધ્રુવજી તથા ભક્ત પ્રહલાદજીએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. આ બંનેએ લગ્ન કર્યા હતા. બાળકો પણ હતા. પ્રહલાદજીનો પુત્ર બૈલોચન હતો. પૌત્ર રાજા બલિ હતો જેણે સો યજ્ઞ કર્યા હતા. ભગવાને બાવના (વામન) રૂપ ધારણ કરીને ત્રણ ડગલા જમીન દક્ષિણામાં માંગી હતી. જે લોકો એમ કહે છે કે બ્રહ્મચારી પુરૂષ જ મોક્ષના અધિકારી છે તો વિચાર કરો કે હિજડા (ફાતડા)ઓ તો હંમેશા (કાયમ) બ્રહ્મચારી જ છે, તો પછી એ તો મોક્ષના સૌથી વધુ અધિકારી થયા.

સત્ય સાધના કરવાથી હિજડા, બ્રહ્મચારી, ગૃહસ્થી તથા સ્ત્રી બધા મોક્ષ પ્રાપ્ત કરી લે છે. સંત ગરીબદાસજીએ કબીરજીના જ્ઞાનને બતાવ્યું છે કેઃ-

*ગરીબ, ડેરે ડાંડૈ ખુશ રહો, ખુસરે લહેં ના મોક્ષ ।*
*ધ્રુવ-પ્રહલાદ પાર હુએ, ફિર ડેરે (ઘર) મેં ક્યા દોષ ।।*
*ગરીબ, કેલે કી કોપીન હૈ, ફૂલ-પાત-ફલ ખાંઈ ।*
*નર કા મુખ નહીં દેખતે, બસ્તી નિકટ નહીં જાઈ ।। 2 ।।*
*ગરીબ, વે જંગલ કે રોઝ હૈં, જો મનુષ્યોં બિદકે જાહીં ।*
*નિશ દિન ફિરો ઉજાડ મેં, યૂં સાંઈ પાવૈ નાહીં ।। 3 ।।*
*ગરીબ, ગાડી બાહો ઘર રહો, ખેતી કરો ખુશહાલ ।*
*સાંઈ સિર પર રાખિયે, સહી ભક્ત હર લાલ ।। 4 ।।*

**ભાવાર્થઃ-** વાણી સંખ્યા 1 નો ભાવ ઉપર જણાવી દીધો છે.

**વાણી સંખ્યા 2-3નો ભાવાર્થઃ-** કેટલાક વ્યક્તિ એવું બતાવી રહ્યા હતા કે અમે સંતોની શોધમાં પહાડો, જંગલોમાં ગયા. એક જગ્યાએ જંગલમાં એક સાધુ રહેતો હતો. તેના વિશે આજુબાજુના ગામવાળા બતાવી રહ્યા હતા કે તે સાધુ પર્દા (ગુપ્તાંગ) પર કેળના પાન લંગોટરૂપે બાંધે છે અને જંગલમાં પાંદડા-ફળ-ફૂલ ખાય છે. ગામની નજીક પણ નથી આવતો. મનુષ્યનું તો મુખ પણ નથી જોતો. જોતાની સાથે જ તીવ્ર ગતિથી દોટ મૂકીને જંગલમાં વધારે અંદર ચાલ્યો જાય છે. લોકો કહી રહ્યા હતા કે જેને પણ તેના દર્શન થઈ જાય છે, તે માલામાલ (ધનવાન) થઈ જાય છે. અમે કેટલાય દિવસ

સુધી તેના દર્શન માટે તે જંગલમાં સવારે જતા અને સાંજ સુધી રોકાતા. એક દિવસ દૂર દેખાયો. અમને જોઈને એકદમ પાછો ભાગ્યો એટલે ભાગતો હતો તેની પીઠ એકલી દેખી. દર્શન થઈ જતા તો પોબારા (ધન્ય ધન્ય) થઈ જતા. વિચાર કરો કે આવા વ્યક્તિ અપરાધી હોય છે જે પોલીસથી બચવા માટે અનેક પ્રકારના ઢોંગ કરે છે. સંત ગરીબદાસજીએ આવા વ્યક્તિને રોઝ (નીલ ગાય) ની ઉપમા આપી છે જે આદમીઓથી ડરીને ભડકીને ભાગતા ફરે છે, આવા વ્યક્તિ ભલે દિવસ-રાત જંગલ-ઉજાડમાં ભટકે, પરમાત્મા પ્રાપ્ત નથી થઈ શકતા.

*વાણી સંખ્યા 4નો ભાવાર્થ:-*

*ગરીબ, ગાડી બાહો ઘર રહો, ખેતી કરો ખુશહાલ ।*
*સાંઈ સિર પર રાખિયે, સહી ભક્ત હરલાલ ॥*

**ભાવાર્થ:-**

## ✪ હરલાલ જાટની કથા

ગામ - બેરી (જિલ્લો : ઝજ્જર, પ્રાંત - હરિયાણા) ગામમાં એક હરલાલ નામનો જાટ ખેડૂત હતો જે ધાર્મિક પ્રવૃત્તિનો હતો. તેનું આખુ કુટુંબ ધાર્મિક વિચારોવાળું હતું. ભગવાવેશ (કપડા) માં એક વ્યક્તિ ગામ - બેરીના ચોકમાં આવીને રોકાયો. તેણે થોડાક દિવસ સુધી સત્સંગ કર્યો. ભક્ત હરલાલજીએ એમનો પરિચય પૂછ્યો તો ખબર પડી કે તેમના ઘરમાં કોઈ નથી. માતા-પિતા બાળપણમાં જ મૃત્યુ પામી ગયા હતા. ભક્તિ માટે ઘર છોડ્યું છે. ભક્ત હરલાલજીએ નિવેદન કર્યું કે આપ અમારા ઘેર રહો. અમને સંતની સેવા મળશે. આપને ભક્તિ કરવાનો પૂરો સમય મળશે. ભગવા વેશધારીએ હા કહી દીધી. ભક્ત હરલાલજીના બે મકાન હતા. એકમાં સ્ત્રીઓ રહેતી હતી. બીજું થોડે દૂર હતું જ્યાં પશુઓને બાંધતા હતા અને પુરૂષ સભ્યો ત્યાં રહેતા હતા જેને ઘેર અથવા પૌલી કહે છે. આ પૌલીની ઉપર એક મોટી આંછરી હતી જેમાં તે સાધુને રહેવાનો આગ્રહ કરવામાં આવ્યો. આખું કુટુંબ તેની સેવા કરતું હતું. બે-ત્રણ ટાઈમ તેમને ભોજન કરાવતા હતા. કેટલાક વર્ષો પછી તે સંતે શરીરનો ત્યાગ કર્યો. તેનો અંતિમ સંસ્કાર કરીને તેની યાદગાર (મઢી) પોતાના ખેતરમાં બનાવી દીધી.

શ્રી હરલાલ જાટજી બળદગાડા દ્વારા વેપારીઓનો માલસામાન એક માર્કેટથી બીજી માર્કેટમાં ભાડેથી લઈ જતા - લાવતા હતા. જેમ કે હાલમાં ટ્રક અથવા મેટાડોર વગેરેથી ભાડું લઈને માલ એક માર્કેટમાંથી બીજા માર્કેટમાં પહોંચાડે છે. સન્ 1750 ની આસપાસનો સમય હતો. જ્યારે

બળદગાડાઓ દ્વારા મોરસ, બૂરું, ચોખા, ઘઉં, જુવાર, ગોળ-બાજરો, ગવાર વગેરે વગેરેને ભાડેથી લઈ જતા હતા. બેરી થી નજફગઢની મંડી (માર્કેટ)નો રસ્તો ગામ છુડાની થઈને જતો હતો. શ્રી હરલાલજીનો એક બળદ સફેદ રંગનો હતો જે કામચોર હતો. ગાડું લઈને ચાલતાં ચાલતાં થોડા સમય બાદ તે બેસી જતો. તેને લાકડાના ડંડાથી મારી કુટીને ઉઠાડવામાં આવતો. થોડે દૂર જઈને ફરી પાછો બેસી જતો. આ ઘટનાક્રમ ચાલતો રહ્યો. એક દિવસ ગરમીની ઋતુમાં સવારે લગભગ 4 વાગે શ્રી હરલાલજી નઝફગઢની માર્કેટથી ગાડી ભરીને પાછા ફરી રહ્યા હતા. છુડાની ગામની પાસે એક કૂવાથી થોડેક દૂર તે બળદ બેસી ગયો. હરલાલજી તેને ડંડાથી મારવા લાગ્યા. તે કૂવા ઉપર ગામ છુડાની (છોડાની)ના સંત ગરીબદાસજી સ્નાન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે હે હરલાલ ! મત માર, ગાયનો જાયો (ગાયનો જન્મ્યો) છે. સંત ગરીબદાસજી જાટ ખેડૂત હતા. સાધારણ વેશભૂષા જે હરિયાણાની હતી, ધોતી-કુર્તો (ઝભ્ભો) પહેરતા હતા. હરલાલજી બોલ્યા, ભાઈ ! આને તો મારું લોહી પી રાખ્યું છે. અડધો માઇલ ચાલે છે, બેસી જાય છે. સંત ગરીબદાસજી તે બળદની પાસે ગયા અને તેના કાનમાં કંઈક કહ્યું. તે જ વખતે - તરત જ તે સફેદ બળદ ઊભો થઈ ગયો. સંત ગરીબદાસજી બોલ્યા, હવે આ બળદ બરાબર ચાલશે. શ્રી હરલાલજીને વિશ્વાસ ના થયો. ગાડીને લઈને ચાલી નીકળ્યા. તે સફેદ બળદ પેલા બીજા બળદ કરતાં પણ વધારે ઝડપથી ચાલવા લાગ્યો. છુડાની ગામથી બેરી સુધી બેઠો પણ નહિ તો શ્રી હરલાલજીના આશ્ચર્ય તથા ખુશીનું કોઈ ઠેકાણું ના રહ્યું. તેણે ઘેર પોતાના કુટુંબીજનોને કહ્યું તો તેમને પણ વિશ્વાસ થતો ન હતો. તેના પછી જાટ હરલાલ ગામ છુડાનીમાં ગયા. તેની એ ભૂલ થઈ ગઈ હતી કે તેણે એ વખતે સ્નાન કરવાવાળાનું નામ નહોતું પૂછ્યું. ઝડપભેર ગામ છુડાની તરફ ચાલી નીકળ્યા. વિચાર કર્યો કે કદાચ દરરોજ તે જ ટાઈમે ન્હાવા માટે ત્યાં આવતા હશે. એટલા માટે સવારે 4 વાગે એ જ કૂવા પર પહોંચ્યા તો સંત ગરીબદાસજીએ પૂછ્યું કે હે હરલાલ ભાઈ ! તે બળદના વિશે જાણવા માટે આવ્યા છો કે શું ? હરલાલજીએ કહ્યું કે આપથી કંઈ પણ છુપાયેલું નથી. હું આપની પાસેથી એ જ જાણવા આવ્યો છું કે આપે કયો જાદુ કરી દીધો ? તે બળદ તો બીજા બળદથી પણ વધારે ઝડપથી ચાલે છે. સંત ગરીબદાસજીએ પૂછ્યું કે એ બતાવ, આપના ચૌબારામાં એક સાધુ રહેતો હતો. તેની શું સ્થિતિ છે ? હું એક દિવસ તેને મળીને આવ્યો હતો. તે દિવસે તમે ગાડું લઈને ક્યાંક ગયા હતા. હરલાલજીએ કહ્યું કે તે તો ચાર વરસ પહેલા ચોલો

(શરીર) ત્યાગી ગયા છે. તેમની યાદગાર (મઢી) પણ બનાવી રાખી છે. સંત ગરીબદાસજીએ કહ્યું કે આ સફેદ બળદ એ જ પાખંડી બાબા છે. મેં એની સાથે જ્ઞાનચર્ચા કરી હતી. તેને સમજાવ્યું હતું કે આપની ભક્તિ ખોટી છે. આપ ભક્તિ પણ નથી કરતા, ખાવ છો અને સૂઈ જાવ છો. પરમાત્માના દરબારમાં જ્યારે લેખાં (હિસાબ) થશે, ત્યારે આપને ખબર પડશે. જે ખઈ રહ્યા છો તે આપવું પડશે.

*ગરીબ, નર સે ફિર પશુવા કીજૈ, ગધા-બૈલ બનાય ।*
*છપ્પન ભોગ કહાં મન બોરે, કુરડી ચરને જાય ॥*
*ગરીબ, તુમને ઉસ દરગાહ કા મહલ ના દેખા । ધર્મરાજ કે તિલ-તિલ કા લેખા ॥*

પરંતુ તે નારાજ થઈ ગયા અને બોલ્યા તું ગૃહસ્થી છે, હું બાળ બ્રહ્મચારી છું. આપ જાઓ. એક સાધુને શિક્ષણ (સલાહ) આપવા આવ્યો છે.

*કબીર, રામ નામ સે ખિજ મરૈં, કુષ્ટિ હો ગલ જાય ।*
*શુકર હોકર જન્મ લે, નાક ડૂબતા ખાય ॥*

※ **ભાવાર્થઃ-** કબીરજીએ કહ્યું છે કે અભિમાની વ્યક્તિ રામ નામની ચર્ચાથી ખીજ (ચિઢાઈ) જાય છે. પછી કોઢ (કુષ્ટ રોગ) લાગીને ગળી જઈ (આંગળી)ને મરી જાય છે. આગલો જન્મ સૂઅર (ભૂંડ)નો પ્રાપ્ત કરીને ગંદ ખાય છે. સૂઅર (ભૂંડ)નું નાક પણ ગંદમાં (કાદવમાં-ટટ્ટીમાં) ડૂબેલું રહે છે. આ પ્રકારનું કષ્ટ (દુઃખ) તે પ્રાણી ઉઠાવે છે, જે ભક્તિ નથી કરતા અથવા નકલી સંત બનીને જનતામાં ફોગટની મહિમા બનાવે છે.

હે હરલાલ ! મેં તેના કાનમાં કહ્યું હતું કે તે દિવસ યાદ કર, મેં શું કહ્યું હતું, આપ માન્યા નહતા. હે જીવ ! આપે આ કિસાનનું દેવું ઉતારવું પડશે. લઠ (ડંડ) ખાઈને ઉતાર, ચાહે રાજી-ખુશીથી ઉતાર. આવી રીતે પીછો નહિ છૂટે, તે બળદ શરીરધારી નકલી બાબાને આ વાત સમજમાં આવી ગઈ છે. એ પહેલાં કોઈ જન્મમાં પરમેશ્વર કબીરજીનો શિષ્ય બન્યો હતો. પરંતુ પાછો ગિરી પંથમાં ચાલ્યો ગયો હતો. જેના કારણે એ સારો માર્ગ ત્યાગીને જન્મ-મરણના દુઃખ ભોગવી રહ્યો છે. હવે એ ક્યારેય બેસી નહિ જાય. હરલાલજી ગરીબદાસજીના ચરણોમાં પડી ગયા અને કહ્યું કે હે સંત મહારાજ ! મને આપનો શિષ્ય બનાવી લ્યો. હું તો ઘર-બાર ત્યાગીને આપની સાથે જ રહીશ. મારી તો આંખો ખુલી ગઈ. ભક્તિ વગર જીવ કેટલું બધું દુઃખ ભોગવે છે ? સંત ગરીબદાસજીએ આ વાણી બોલીઃ-

*ગરીબ, ગાડી બોહો ધર રહો, ખેતી કરો ખુશહાલ ।*
*સાંઈ સિર પર રાખિયે, સહી ભગત હરલાલ ॥*

※ **ભાવાર્થઃ-** પરમાત્મા પ્રાપ્તિ માટે ઘર ત્યાગવાની જરૂરિયાત નથી. પોતાનું ખેતીનું કાર્ય તથા ગાડીવહન (ટ્રાન્સપોર્ટેશન)નું કાર્ય ખુશી-ખુશી કરો. ઘર પર રહો. પરમાત્માની ભક્તિ જે હું બતાઉં, તે કરતા રહો. આપ સાચા ભક્ત કહેવાશો.

*ગરીબ, નામ ઉઠત નામ બૈઠત, નામ સોવત જાગ રે ।*
*નામ ખાતે નામ પીતે, નામ સેતી લાગ રે ।।*

આ જ પ્રમાણ યજુર્વેદ અધ્યાય-40ના મંત્ર 15માં છે કેઃ-

*વાયુ અનિલમ્ અથઈદમ્ અમૃતમ્ ભસ્મન્તમ્ શરીરં ।*
*ઓમ્ (ॐ) કૃતુ સ્મર કિલવે સ્મર કૃતમ્ સ્મર ।।*

※ **ભાવાર્થઃ-** સંત ગરીબદાસજીએ કહ્યું કે જે સત્ય સાધનાના સત્ય મંત્ર હું આપને આપીશ, તેમના જાપ ખાતાં-પીતાં-જાગતાં સમયે એટલે કે સવારે ઊંઘીને ઊઠો, કેટલોક સમય જાપ કરો. ઊંઘતા પહેલાં કેટલોક સમય જાપ કરો. બેસતા સમયે, પછી ઉભા થતા સમયે પરમાત્માનું નામ જાપ કરો. આ પ્રમાણે ઘરનું કામકાજ પણ થાય છે, સ્મરણ પણ. જેમકે ગામમાં જોવામાં આવે છે કે લોક આખો-આખો દિવસ પત્તા બાજી રમે છે. હોકકો પીવામાં સમય બગાડે છે, રાજનીતિની વાતો કરે છે અથવા કોઈ વ્યક્તિની નિંદાની ચર્ચા અથવા નાટક-સિનેમા જોવામાં સમય નાશ કરે છે. તે સમયને પરમાત્માની ભક્તિ તથા સત્સંગ ચર્ચા સાંભળવામાં સદુપયોગ કરો તો મોક્ષ સંભવ છે.

શ્રી હરલાલ જાટજી દીક્ષા લઈને ઘરે આવ્યા. ઘરવાળાઓને બધી વાત બતાવી તે નકલી બાબા (સાધુ)ની યાદગાર (મઢી) તોડીને ફેંકી દીધી અને આખા પરિવારને છુડાની લઈ ગયા. સંત ગરીબદાસજી પાસે દીક્ષા અપાવી, પોતાનું તથા પરિવારનું કલ્યાણ કરાવ્યું. સંત ગરીબદાસજીના આદેશથી તે ગોરા બળદને ક્યારેય ગાડી તથા હળથી જોડ્યો નહિ. તેને બધા પશુઓથી અલગ રૂમમાં બાંધીને સારો ચારો ખવડાવ્યો. સંત ગરીબદાસજીએ બતાવ્યું કે આ ભક્ત હતો. કર્મ બગડવાથી પશુ બન્યો છે. આની પાસે કામ ના કરાવતો. તે બળદ પાંચ વર્ષ જીવ્યો. ભક્ત હરલાલજીએ તેની ભક્ત માનીને સેવા કરી. પરમાત્મા કબીરજીએ પોતાના ભૂલેલા-ભટકી ગયેલા ભક્તની પશુ જીવનમાં પણ સહાયતા કરી. તેને ફરી ક્યારેક માનવ જન્મ મળશે તો અને આગળ તેના ભાગ્યમાં કોઈ પૂરા ગુરૂ મળશે તો મુક્તિ છે, નહિ તો ફરી ચોર્યાસી લાખ યોનિઓમાં કષ્ટ (દુઃખ) તૈયાર જ છે.

ભક્ત હરલાલના સંતાન બેરીમાં આજે પણ આ ઘટનાના સાક્ષી છે.

## ✪ ''તંબાકુ સેવન કરવું મહાપાપ છે''

સંત ગરીબદાસજીએ ભક્ત હરલાલજીને કહ્યું હતું કે આપ (જે કોઈપણ દીક્ષા લે છે) તમાકુનું (હોક્કો, બીડી, સિગારેટ, ચલમ વગેરેમાં નાંખીને પણ) ક્યારેય સેવન નથી કરવાનું અને બીજી નશીલી (નશાવાળી) વસ્તુઓનો પ્રયોગ નથી કરવાનો. ભક્તએ કહ્યું કે હે મહારાજજી ! તમાકુ તો લગભગ બધા ખેડૂતો પીવે છે, એમાં શું નુકસાન છે ?

**જવાબઃ-** સંત ગરીબદાસજીએ બતાવ્યું કે આપે રામાયણ તથા મહાભારતની કથા તો સાંભળી હશે. તેમાં હોક્કા સેવનનું ક્યાંય વર્ણન નથી. તમાકુની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે તે બતાવું છું, સાંભળ !

## ✪ ''તંબાકુની ઉત્પત્તિની કથા''

એક ઋષિ તથા એક રાજા સાઢુ હતા. એક દિવસ રાજાની રાણીએ પોતાની બહેન ઋષિ પત્નીને સંદેશો મોકલ્યો કે પૂરો પરિવાર અમારા ઘરે ભોજનને માટે આવો. હું આપથી મળવા પણ ઈચ્છું છું, ખૂબ યાદ આવી રહી છે. પોતાનીબહેનનો સંદેશો ઋષિની પત્નીએ પોતાના પતિને સંભળાવ્યો અને ચર્ચા કરી તો ઋષિજીએ કહ્યું કે સાઢુથી દોસ્તી સારી નથી હોતી. તારી બહેન વૈભવી જીવન જીવી રહી છે. રાજાને ધન તથા રાજ્યની શક્તિનો અહંકાર હોય છે. તે આપણી બેઈજ્જતી કરવા બોલાવી રહ્યા છે કારણ કે પછી આપણે પણ કહેવું પડશે કે આપ પણ અમારા ઘરે ભોજનને માટે આવજો. આપણે તેમના જેવી ભોજન વ્યવસ્થા જંગલમાં નહિ કરી શકીએ. આ બધું સાઢુજીનું ષડયંત્ર છે. આપણી સામે પોતાને મહાન તથા મને ગરીબ સિદ્ધ કરવા ઈચ્છે છે. આપ આ વિચાર ત્યાગી દો. અમારું ત્યાં ન જવામાં જ હિત છે. પરંતુ ઋષિની પત્ની માની નહિ. ઋષિ તથા પત્ની તથા પરિવાર રાજાના મહેમાન બનીને ગયા. રાણીએ ખૂબ કિંમતી આભૂષણો પહેર્યા હતા. ખૂબ કિંમતી વસ્ત્રો પહેર્યા હતા. ઋષિની પત્નીના ગળામાં રામનામની માળા તથા સામાન્ય વસ્ત્ર સાધ્વીવાળા જેને જોઈને દરબારના કર્મચારી-અધિકારીઓ હસી રહ્યા હતા કે આ રાજાના સાઢુ. ક્યાં રાજા ભોજ, ક્યાં ગંગુ તેલી. આ ચર્ચા ઋષિ પરિવાર સાંભળી રહ્યો હતો. ભોજન કર્યા પછી ઋષિની પત્નીએ પણ કહ્યું કે આપ અમારા ત્યાં પણ આ દિવસે ભોજન કરવા આવજો.

નક્કી દિવસે રાજા હજારો સૈનિક લઈને સપરિવાર સાઢુ ઋષિજીની ઝૂંપડી પર પહોંચી ગયા. ઋષિજીએ સ્વર્ગલોકના રાજા ઈન્દ્રને નિવેદન કરીને એક કામધેનુ (સર્વકામના એટલે કે ઈચ્છા પૂર્તિ કરવાવાળી ગાય, જેની

હાજરીમાં ખાવા-પીવાની કોઈ પદાર્થની ઈચ્છા કરવાથી જ મળી જાય છે, આ પૌરાણિક માન્યતા છે.) માગી. તેના બદલામાં ઋષિજીએ પોતાના પુણ્ય કર્મ સંકલ્પ કર્યા (આપ્યા) હતાં. ઈન્દ્રદેવે એક કામધેનુ તથા એક લાંબો પહોળો મોટો તંબુ **(Tent)** મોકલ્યો અને કેટલાક સેવાદાર પણ મોકલ્યા. તંબુની અંદર ગાયને છોડી દીધી. ઋષિ પરિવારે ગાય માતાની આરતી ઉતારી. પોતાની મનોકામના (મનની ઈચ્છા) બતાવી. તે જ સમયે છપ્પન (**56**) પ્રકારના ભોગ ચાંદીના પતરા-તાસો, ટોકરીઓ કઢાઈઓમાં સ્વર્ગમાંથી આવ્યા અને ટેન્ટ (તંબુ) માં ગોઠવાવા લાગ્યા. લાડુ, જલેબી, કચોરી, દહીંવડા, શીરો, ખીર, દાળ, રોટી (માંડે) તથા પૂરી, બુંદી, બર્ફી, રસગુલ્લા વગેરે-વગેરેથી અડધા એકરનો તંબુ ભરાઈ ગયો. ઋષિજીએ રાજાને કહ્યું કે ભોજન જમો. રાજાએ બેઈજ્જતી કરવા માટે કહ્યું કે મારી સેના પણ મારી સાથે ભોજન ખાશે. ઘોડાઓને પણ ચારો ખવડાવવાનો છે. ઋષિજીએ કહ્યું કે પ્રભુ કૃપાથી બધી વ્યવસ્થા થઈ જશે. પહેલાં આપ તથા સેના ભોજન કરો. રાજા ઉઠીને ભોજન કરવાના સ્થળ પર ગયા. ત્યાં પણ સુંદર કપડા પાથરેલાં હતાં. રાજા જોઈને આશ્ચર્ય ચકિત રહી ગયો. પછી ચાંદીની થાળીઓમાં અલગ અલગ પ્રકારના ભોજન લાવી લાવીને સેવાદાર રાખવા લાગ્યા. અન્નદેવની સ્તુતિ કરીને ઋષિજીએ ભોજનની પ્રાર્થના કરી. રાજાએ જોયું કે આની સામે તો મારો ભોજન-ભંડારો કંઈ પણ નહતો. મેં તો કેવળ ઋષિ પરિવારને જ ભોજન કરાવ્યું હતું. તે પણ ત્રણ-ચાર પદાર્થ (આઇટમ) બનાવી હતી. રાજા તો શરમનો માર્યો પાણી પાણી થઈ ગયો. ખાવાનું ખાતી વખતે ખુબ પરેશાન હતો. ઈર્ષાની આગ ધધકવા લાગી, બેઈજ્જતી માની લીધી. સર્વ સૈનિકો ખાતા ખાતા વખાણ કરી રહ્યા છે. રાજાનું લોહી બળી રહ્યું હતું. પોતાના તંબુમાં જઈને ઋષિને બોલાવ્યા અને પૂછ્યું કે આ ભોજન જંગલમાં કેવી રીતે બનાવ્યું ? ન કોઈ કઢાઈ ચાલી રહી છે, ન કોઈ ચૂલો બળી રહ્યો છે. ઋષિજીએ કહ્યું કે મેં મારા પુણ્ય તથા ભક્તિના બદલામાં સ્વર્ગલોકથી એક ગાય ઉધાર માંગી છે. તે ગાયમાં વિશેષતા છે કે અમારે જેટલું ભોજન જોઈએ, તુરત જ ઉપલબ્ધ (હાજર) કરી દે છે. રાજાએ કહ્યું કે મારી સામે ઉપલબ્ધ કરાવો તો મને વિશ્વાસ થાય. ઋષિ તથા રાજા તંબુના દ્વાર પર ઊભા રહી ગયા. અંદર કેવળ ગાય ઊભી હતી. દ્વારની તરફ મુખ હતું. તંબુ ખાલી હતો કારણ કે બધાંએ ભોજન ગ્રહણ કરી લીધું હતું. જમ્યા પછી બચી ગયેલો સામાન સેવકો લઈ જઈ ચુક્યા હતા. ગાય રાહ જોતી હતી ઋષિજી ક્યારે જવાની રજા આપે. રાજાએ કહ્યું કે ઋષિજી ! આ ગાય મને આપી દો. મારી

પાસે ખૂબ મોટી સેના છે. તેનું ભોજન આનાથી બનાવી લઈશ. તારે શું કામની છે ? ઋષિએ કહ્યું, રાજન ! મેં આ ગાય માતા ઉધાર લઈને રાખી છે. સ્વર્ગથી મંગાવી છે. હું આનો માલિક નથી. હું આપને નહિ આપી શકું. રાજાએ દૂર ઊભા રહેલા સૈનિકોને કહ્યું કે આ ગાયને લઈને ચાલો. ઋષિએ જોયું કે સાઢુની નિયત (દાનત)માં ખોટ આવી ગઈ છે. તે જ સમયે ઋષિજીને ગાય માતાને કહ્યું કે ગાય માતા ! આપ આપના લોકમાં આપના ધણી સ્વર્ગરાજ ઈન્દ્રની પાસે જલ્દી પરત ફરી જાવ. તે જ સમયે કામધેનુ તંબુ **(Tent)** ને ફાડીને સીધી ઉપરની તરફ ઊડવા લાગી. રાજાએ ગાયને નીચે પાડવા માટે ગાયના પગમાં તીર માર્યું. ગાયના પગમાંથી રક્ત (લોહી) વહેવા લાગ્યું અને પૃથ્વી પર પડવા લાગ્યું. ગાય ઘાયલ હાલતમાં જ સ્વર્ગમાં પહોંચી ગઈ. જ્યાં જ્યાં ગાયનું રક્ત (લોહી) પડ્યું હતું ત્યાં ત્યાં તમાકુ (તમ્બાકુ) ઊગી ગઈ. પછી બીજ બનીને અનેક છોડવાઓ બનવા લાગ્યા. સંત ગરીબદાસજીએ કહ્યું છે કે : તમા + ખૂ = તમાખૂ ।

*ખૂ નામ ખૂન (લોહી) કા તમા નામ ગાય ।*
*સૌ બાર સોગંદ ઈસેન પીયેં-ખાય ।।*

ભાવાર્થ છે કે ફારસી ભાષામાં ‘‘તમા’’ ગાયને કહે છે. ખૂ = ખૂન એટલે કે રક્તને કહે છે. આ તમાખૂ ગાયના લોહીથી ઉપજી છે. એના ઉપર ગાયના વાળ જેવાં રૂવાટાં-રૂવાટાં (રોમ) હોય છે. હે માનવ ! તને સો વાર સોગંદ છે કે આ તમાખુનું સેવન કોઈપણ સ્વરૂપે ના કરીશ. તમાખૂનું સેવન ગાયનું ખૂન પીવા બરાબર જ પાપ લાગે છે. મુસલમાન ધર્મના વ્યક્તિઓને હિન્દુઓથી ખબર પડી કે તમાખૂની ઉત્પત્તિ આવી રીતે થઈ છે. તેમને ગાયનું ખૂન (લોહી) સમજીને ખાવાની તથા હોકકામાં પીવાની શરુ કરી દીધી કારણ કે ખોટા જ્ઞાનના આધારે મુસલમાન ભાઈ ગાયના માંસને ખાવું એ ધર્મનો પ્રસાદ માને છે. વાસ્તવમાં હજરત મુહમ્મદ જે મુસલમાન ધર્મના પ્રવર્તક (સ્થાપક) માનવામાં આવે છે, તેમણે ક્યારેય પણ જીવનું માંસ ખાધું નહતું.

*ગરીબ, નબી મુહમ્મદ નમસ્કાર હૈ, રામ રસૂલ કહાયા ।*
*એક લાખ અસ્સી કૂ સૌગંધ, જિન નહીં કરદ ચલાયા ।।*
*ગરીબ, અર્સ કુર્શ પર અલ્લહ તખ્ત હૈ, ખાલિક બિન નહીં ખાલી*
*વૈ પૈગંબર પાક પુરૂષ થે, સાહેબ કે અબદાલી ।।*

**ભાવાર્થઃ-** નબી મુહમ્મદ તો આદરણીય મહાપુરૂષ હતા, જે પરમાત્માના સંદેશવાહક હતા. એવા-એવા એક લાખ એંસી હજાર પૈગંબર મુસલમાન ધર્મમાં (બાબા આદમથી લઈને મુહમ્મદ સુધી) માનવામાં આવ્યા

છે. તે બધા પાક (પવિત્ર) વ્યક્તિ હતા, જેમણે ક્યારેય કોઈ પશુ-પક્ષી પર કરદ એટલે કે તલવાર નથી ચલાવી. તે તો પરમાત્માથી ડરવાવાળા હતા. પરમાત્માના કૃપાપાત્ર હતા. પાછળથી કેટલાક મુલ્લા-કાજીઓએ માંસ ખાવાની પરંપરા શરૂ કરી દીધી, જે આગળ ચાલીને ધાર્મિકતાનો ઉપવાદ બની ગયો. તેના આધારે સર્વ મુસલમાન ભાઈ પાપને ખાઈ રહ્યા છે. પછી ભ્રમિત મુસલમાનોએ તમ્બાકુ (તમાકું)નું સેવન (ખાવાનું, હોક્કો ભરીને પીવાનું) શરૂ કરી દીધું. ભોળા હિન્દુ ધર્મના વ્યક્તિઓએ તેમની ચાલ સમજી નહિ. તેમના કહેવાથી તમાખૂનું સેવન જોર-શોરથી શરૂ કરી દીધું. હાલમાં તો આ (હોક્કો તો) પંચાયતનો પ્યાલો બની ગયો છે, જે મોટી ભયંકર ભૂલ છે. અજ્ઞાનતાનો પરદો છે. આનું ભૂલથી પણ સેવન કરવું જોઈએ નહિ. સંત ગરીબદાસજીએ ફરી બતાવ્યું છે કે ભક્ત હરલાલજી ! હજી બીજા સાંભળ તમાકુ સેવનના પાપઃ-

*ગરીબ, પરદ્વારા સ્ત્રી કા ખોલૈ । સત્તર જન્મ અંધા હો ડોલૈ ॥*
*મદિરા પીવૈ કડવા પાની । સત્તર જન્મ શ્વાન કે જાની ॥ 2*
*માંસ આહારી માનવા, પ્રત્યક્ષ રાક્ષસ જાન ।*
*મુખ દેખો ન તાસકા, વો ફિરૈ ચૌરાસી ખાન ॥ 3*
*સુરાપાન મદ્ય માંસાહારી । ગમન કરૈ ભોગૈ પરનારી ॥ 4*
*સત્તર જન્મ કટત હૈં શીશં । સાક્ષી સાહેબ હૈ જગદીશં ॥ 5*
*સૌ નારી જારી કરૈ, સુરાપાન સૌ બાર ।*
*એક ચિલમ હુક્કા ભરૈ, ડૂબૈ કાલી ધાર ॥ 6*
*હુક્કા હરદમ પીવતે, લાલ મિલાંવે ધૂર ।*
*ઈસમેં સંશય હૈ નહીં,જન્મ પીછલે સૂઅર ॥ 7*

ઉપરોક્ત વાણીઓનો ભાવાર્થઃ-

વાણી સંખ્યા 1માં કહ્યું છે કે જે વ્યક્તિ બીજી (અન્ય) સ્ત્રીથી અવૈધ (અનૈતિક) સંબંધ બનાવે છે, તે પાપના કારણે તે સીત્તેર જન્મ આંધળાના પ્રાપ્ત કરે છે. આંધળો ગધેડો-ગધેડી, આંધળો બળદ, આંધળો મનુષ્ય અથવા આંધળી સ્ત્રીના એક ધારા સીત્તેર જન્મોમાં દુઃખ ભોગવે છે. [એકવાર પરનારી ભોગવવાની આટલી સજા છે]

વાણી સંખ્યા2:- કડવા શરાબ (દારૂ) રૂપી પાણી જે પીએ છે, તે તે પાપના કારણે સીત્તેર (70) જન્મ સુધી કૂતરાના જન્મ પ્રાપ્ત કરીને કષ્ટ (દુઃખ) ઊઠાવે છે. ગંદી ગટરોનું પાણી પીએ છે. રોટલો ન મળવાથી ગુહ (મળ-ટટ્ટી) ખાય છે. [એકવાર દારૂ પીવાની આટલી સજા છે]

વાણી સંખ્યા-3:- જે વ્યક્તિ માંસ ખાય છે, તે તો સ્પષ્ટ (નક્કી) રાક્ષસ છે. તેનું તો મુખ પણ જોવું જોઈએ નહિ એટલે કે તેની સાથે રહેવાથી બીજો પણ માંસ ખાવાનો આદિ (આદતવાળો) થઈ શકે છે. એટલા માટે તેમનાથી બચો. તે તો ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકશે.

વાણી સંખ્યા-4-5:- (સુરા) શરાબ (પાન) પીવાવાળા તથા પરસ્ત્રી (પરાઈ સ્ત્રી)ને ભોગવવાવાળા, માંસ ખાવાવાળાઓને બીજાં પાપ કર્મ પણ ભોગવવાનાં હોય છે. તેમનાં સીત્તોર જન્મ સુધી માનવ અથવા બકરા-બકરી, ભેંસ અથવા મરઘાં વગેરેના જીવનમાં માથાં કપાય છે. આ વાતને હું પરમાત્માને સાક્ષી રાખીને કહી રહ્યો છું, સત્ય માનજો.

વાણી સંખ્યા-6:- એક ચલમ ભરીને હોક્કો પીવાવાળાને આપવાથી ભરવાવાળાને જે પાપ લાગે છે, તે સાંભળો. એક વાર પરસ્ત્રી ગમન કરવાવાળો, એકવાર શરાબ (દારૂ) પીવાવાળો, એકવાર માંસ ખાવાવાળો પાપના કારણે ઉપર બતાવ્યા પ્રમાણેના દુઃખ ભોગવે છે. એકસો (100) સ્ત્રીઓથી ભોગ કરે અને સો (100) વાર દારૂ પીએ, તેનાથી જે પાપ લાગે છે, તે પાપ એક વાર ચલમ ભરીને હોક્કો પીવાવાળાને જે આપે તેને લાગે છે. વિચાર કરો કે તમાકુ હોક્કામાં ભરીને આપવાવાળાને અથવા તમાકુ લાવીને આપવાવાળાને કેટલું બધું પાપ લાગે છે. તો પછી તમાકુનું સેવન (હોક્કામાં, બીડી-સિગારેટમાં પીવાવાળા, ખાવાવાળા) કરવાવાળાને તો કેટલું બધું હદ વગરનું પાપ લાગશે ? એટલા માટે ઉપરોક્ત સર્વ (બધા) પદાર્થનું સેવન ક્યારેય ન કરો.

વાણી સંખ્યા-7:- સમાજના વ્યક્તિઓને જોઈને કેટલાક વ્યક્તિઓ હોક્કો અથવા બીજી નશાયુક્ત વસ્તુઓનું સેવન કરવા લાગી જાય છે. અગર સત્સંગ સાંભળીને ખરાબ આદતો ત્યાગી દે છે તો તે જીવ પાછલા જન્મમાં પણ મનુષ્ય હતો. તેમની અંદર નશાની ભારે આદત નથી બનતી. પરંતુ જે વારંવાર સત્સંગ સાંભળીને પણ તમાકુ વગેરે નશાનો ત્યાગ નથી કરી શકતા, તે પાછલા જન્મમાં ભૂંડના શરીરમાં હતા. ભૂંડના શરીરમાં રહીને દુર્ગંધ **(Bad smell)** સુંઘવાની ભારે ટેવ પડી હતી તે આદતના કારણે અત્યારે તમાકુની ગંધ પીવાની-સુંઘવાની-ચાવવાની ભારે આદત હોય છે. તે જલ્દીથી હોક્કો તથા બીજા નશા (વ્યસનો) ત્યાગી નથી શકતા. તે પોતાના અનમોલ માનવ શરીરરૂપી લાલને માટીમાં ભેળવી રહ્યા છે. તેમને બને તેટલો વધારેમાં વધારે સત્સંગ જ સાંભળવાની સલાહ આપવામાં આવે છે. નિરાશ ન થાવ. સાચા મનથી પરમાત્મા કબીરજીથી નશો છોડાવવાનો પોકાર (પ્રાર્થના) કરવાથી દરેક પ્રકારના નશા છૂટી જાય છે.

## ✪ ''તમ્બાકુની બાબતમાં અન્ય વિચાર''

**તંબાકુ એટલે કે હોકકો પીવાવાળાની સ્થિતિ બતાવી છેઃ-**
**(સંત ગરીબદાસજીના ગ્રંથમાં 'અથ તમાખૂકી બૈંત' નામના અધ્યાયમાં)**

*પિત બાઈ ખાંસી નિબાસી નિબાસ । કફ દલ કલેજા લિયા હૈ ગિરાસ ।।*
*કાલા તમાખૂ અરુ ગોરા પિવાક । દસ બીસ લંગર જહાં બૈઠે ગુટાક ।।*
*બાજે નૈ ગુડ ગુડ અરુ હુક્કે હજૂમ । કોરે કુબુદ્ધિ બીસા હૈં ન સૂમ ।।*
*બાંકી પગડી અરુ બાંકી હી નૈ ખુદ ડૂબૈ અરુ ડૂબોએ હૈ કૈ ।।*
*ગુટાકડ અટાકડ મટાકડ લહૂર । એક બૈઠેગા અડકર એક બેઠૈગા દૂર ।।*
*પીવૈ તમાખૂ પડૈ કર્મ માર । અમલી કે મુખ મેં મૂત્ર કી ધાર ।।*
*કડવા હી કડવા તૂ કરતા હમેશ । કડવા હી લે પ્યારે કડવા હી પેશ ।।*
*કામી ક્રોધી તું લોભી લબૂટ । બચન માન મેરા ધૂંમા ન ઘૂંટ ।।*
*હુક્કા હરામી ગુલામી ગુલામ । ધની કે સરે મેં ન પહુંચે અલામ ।।*
*પામર પરમ ધામ જાતે ન કોઈ । ઝૂઠે અમલ પર દઈ જાન ખોઈ ।।*
*મુરદા મજાવર હરામી હરામ । પીવૈં તમાખૂ સો ઈન્દ્રી કે ગુલામ ।।*
*અજ્ઞાન નીંદ ન સો ઉઠ જાગ, પીવૈં તમાખૂ ગએ ફુટિ ભાગ ।।*
*ભોંગ તમાખૂ પીવૈં હી, સુરાપાન સે હેત । ગોસત મિટ્ટી ખાયકર જંગલી બનૈં પ્રેત ।।*
*ગરીબ, પાન તમાખૂ ચાબહીં, સાંસ નાક મેં દેત । સો તો અકાર્થ ગએ, જ્યાં ભડભૂજે કા રેત ।।*
*ભાંગ તમાખૂ પીવહીં, ગોસત ગલા કબાબ । મોર મૃગ કું ભખત હૈં, દેંગે કહાં જવાબ ।।*
*ભાંગ તમાખૂ પીવતે, ચિસમ્યોં નાલિ તમામ । સાહિબ તેરી સાહિબી, જાનેં કહાં ગુલામ ।।*
*ગઉ આપની અમ્મા હૈ, ઈસ પર છુરી ના બાહય । ગરીબદાસ ઘી દૂધ કો, સબ હી આત્મ ખાય ।।*

**ભાવાર્થઃ- ઉપરોક્ત વાણીઓનો ભાવાર્થ છે કે માનવ શરીરને ઑક્સજનની જરૂરિયાત છે. તેના સ્થાન પર તંબાકુનો ધુમાડો (કાર્બન ડાયોક્સાઈડ) પ્રવેશ કરાવે છે તો તેમને ખાંસીનો રોગ થઈ જાય છે. પિત્ત તથા વઈ (ચકરી)નો રોગ થઈ જાય છે. હોકકો પીવા વાવાળાની બેસવાની સ્ટાઈલ (રીત) બતાવી છે કે હોકકો પીવાવાળા એક-બે તો હોકકાની નજીક બેસશે. એક થોડો દૂર જઈને બેસશે અને કહેશે કે સરકાઓ (આ બાજુ કરો) થોડોક. બીજા તેની તરફ હોકકો આપશે. પછી નૈ (નળી જે વાંકી અને લાંબી હોય છે જેમાંથી ધુમાડો ખેંચે છે તે) ગુરુડ ગુરુડ બોલે (અવાજ કરે) છે. આપ (પોતે) તો હોકકો પીને ડૂબ્યા છો અને નાના બાળક પણ તેમને જોઈને તેવું જ પાપ કરીને નરકની કાળી ધારમાં ડૂબશે, જે તમ્બાકુ પીવે છે, તેમના તો ભાગ્ય ફૂટયા જ છે. બીજાને તમ્બાકુ પીવા માટે ઉત્પ્રેરક (પ્રેરણારૂપ) બનીને ડૂબાડે છે. ઉપરોક્ત ખરાબી (બુરાઈ) કરવાવાળા તો**

પોતાનું જીવન એવી રીતે વ્યર્થ (બરબાદ) કરીને જાય છે જેમ કે ભડભૂંજા (મમરા શેકવાવાળો) નદીની રેતીને અગ્નિથી ખૂબ ગરમ કરીને ચણા શેકે છે. પછી બધું કામ પૂરું કરીને રેતીને ગલી (રસ્તા)માં ફેંકી દે છે. આ જ પ્રમાણે જે માનવ ઉપરોક્ત બુરાઈ (વ્યસન) કરે છે, તે પણ પોતાના માનવ જીવનને આ જ પ્રમાણે વ્યર્થ કરીને ચાલ્યો જાય છે. તે જીવને નરક તથા અન્ય (બીજા) પ્રાણીઓના જીવનરૂપી ગલીમાં (84 લાખ યોનિઓમાં) ફેંકી દેવામાં આવે છે. જે વ્યક્તિ ઉપરોક્ત પાપ કરે છે, તે ભગવાનના દરબારમાં શું જવાબ આપશે એટલે કે બોલવા જેવો જ રહેશે નહિ.

પછી કહ્યું છે કે ગાય પોતાની માતા તુલ્ય (સમાન) છે જેનું બધા ધર્મ-જાતિવાળા ઘી-દૂધ ખાય-પીએ છે. એટલા માટે ગાયને મારશો નહિ. વિષય તમાકુનો ચાલી રહ્યો છેઃ-

ભક્તિ માર્ગમાં તંબાકુ સૌથી વધારે અડચણ કરે છે (તકલીફ / રૂકાવટ કરે) છે. જેમ કે પોતાના બંને નાક દ્વારોની વચમાં એક ત્રીજો રસ્તો છે જે નાની સોયના નાકા (કાણા) જેટલો છે. જે તંબાકુનો ધુમાડો નાકમાંથી કાઢે છે, તે વ્યક્તિ આ રસ્તાને બંધ કરી દે છે. તે જ રસ્તો ઉપરની તરફ ત્રિકુટીની તરફ જાય છે. જ્યાં પરમાત્માનો નિવાસ છે. જે રસ્તાથી આપણે પરમાત્માને મળવાનું છે, તેને જ તંબાકુનો ધુમાડો બંધ કરી દે છે. હોકકો પીવાવાળાઓને જોયા છે, દરરોજ હોકકાની નૈ (નળી)માં લોખંડનો ગજ (એક પાતળો સળિયો) ફેરવે છે જેમાંથી ધુમાડાનો જમા થયેલ મેલ નીકળે છે. તે નૈ (નળી) બંધ થઈ જાય છે. માનવ જીવન પરમાત્મા પ્રાપ્તિ માટે જ મળ્યું છે. પરમાત્માને પ્રાપ્ત કરવાના માર્ગને (રસ્તાને) તંબાકુનો ધૂમાડો બંધ કરી દે છે. એટલા માટે પણ તંબાકુ ભક્તના માટે મહાન શત્રુ છે. આમ જોવા જઈએ તો હોકકો પીવાવાળા પણ માને છે કે તંબાકુ સારી ચીજવસ્તુ નથી. જ્યારે કોઈ નાનો બાળક દાદા-તાઉ, પિતા-કાકાને હોકકો પીતા જુએ છે તો તે પણ નકલ કરે છે. હોકકો પીવા લાગે છે તો વડીલ વ્યક્તિ જે સ્વયં હોકકો પીએ છે, તે બાળકને ધમકાવે છે કે ખબરદાર ! જો હોકકો પીધો છે તો. આ સારો નથી. અગર આપજી આને સારી વસ્તુ માનો છો તો બાળકને પણ પીવા દો ને. આપ મનાઈ કરો છો તો પછી તમે માનો છો કે આ વસ્તુ સારી નથી, નુકસાનકારક છે. શિયાળામાં એક મકાનમાં બાળકો પણ ઊંઘી રહ્યા હોય છે. તેમાં જ હોકકો પીવાવાળો હોકકો પી રહ્યો હોય છે. તે જાતે તો પાપ કરી જ રહ્યો છે, પોતાના પરિવારને ધૂમાડો પીવડાવીને પાપનો ભાગી બનાવી રહ્યો છે. નાના દીકરા-દીકરીને દાદા-પિતાજી પોતાના ભાગના

દૂધમાંથી દૂધ પીવડાવવાનો પ્રયત્ન કરે છે કે લે, થોડું બીજું પી લે, જો તારી ચોટી વધી રહી છે, વધારે પી જા. આ પ્રમાણે તે દૂધનો ગ્લાસ પીવડાવીને દમ લે છે કારણ કે દૂધ બાળક માટે લાભદાયક છે. હોક્કો-બીડી પીવાથી મનાઈ કરે છે તો દિલ તો કહે છે કે તંબાકુ પીવી ખરાબ છે, પરંતુ સમાજમાં આ દૂષણ સામાન્ય બની ચુક્યું છે. એટલા માટે પાપ નથી દેખાતું. જેમ કે કેટલાય કબીલા માંસ ખાય છે, તેમના બાળકો માટે તે પાપ સામાન્ય વાત છે.

આ જ પ્રમાણે તમાકુ પીવી તે પણ મહાપાપ છે, પરંતુ પરંપરા પડી ગઈ છે, પાપ નથી દેખાતું. આને ત્યાગી દેવી જોઈએ. ભક્ત હરલાલજીએ તે જ દિવસે હોક્કો તોડી દીધો. ચલમ ફોડી નાંખી. આખા પરિવારને તે બધી વાતો સંભળાવી. નામ-દીક્ષા અપાવી. કેટલીયે પેઢી સુધી બેરી ગામના તે પરિવારોમાં હોક્કો નહતો. બાદમાં સત્સંગના અભાવમાં ફરી કોઈ-કોઈ હોક્કો પીવા લાગ્યા છે.

## ✪ ''તમાકુને ગધેડા-ઘોડા પણ ઘૃણા (નફરત) કરે છે''

એક દિવસ સંત ગરીબદાસજી (ગામ-છુડાની, જિલ્લો-ઝજ્જરવાળા) કોઈ કામકાજ માટે ઘોડા પર સવાર થઈને જિંદ જિલ્લામાં કોઈ ગામમાં જઈ રહ્યા હતા. રસ્તામાં ગામ માલખેડી (જિલ્લો - જિંદ)ના ખેતર પડતા હતા. તે ખેતરોમાંથી ઘોડા પર બેસીને જઈ રહ્યા હતા. ઘઉંનો પાક ખેતરોમાં ઉભો હતો. ઘોડો રસ્તો છોડીને ઘઉંના પાકની અંદર વચ્ચોવચ્ચ ચાલવા લાગ્યો. ખેતરોમાં પાકનું રખવાળું કરવાવાળા રખવાળા હાજર હતા. તે લાકડી-ડંડા લઈને દોડ્યા અને સંત ગરીબદાસજીને મારવા તૈયાર થયા અને બોલવા લાગ્યા કે તારું મગજ ખરાબ થઈ ગયું છે કે શું ? અમારા પાકનો નાશ કરી દીધો. ઘોડાને સીધો નથી ચલાવી શકતો. જ્યાં તેઓએ સંત ગરીબદાસજીને લાકડી મારવાની કોશિશ કરી તો તેમના હાથ ઉપરની તરફજ જામ થઈ ગયા. બધા પોત-પોતાની જગ્યાએ પથ્થરની મૂર્તિ બનીને ઊભા થઈ ગયા. પાંચ મિનિટ સુધી તે જ પ્રમાણે રહ્યા. પછી સંત ગરીબદાસજીએ પોતાનો હાથ આશીર્વાદ આપવાની સ્થિતિમાં કર્યો તો તેમની સ્તંભતા (પથ્થરની મૂર્તિ જેવી સ્થિતિ) તૂટી ગઈ અને બધા પીઠના બળે નીચે પડ્યા. લાકડીઓ હાથમાંથી પડી ગઈ. એવા થઈ ગયા કે જાણે લકવો મારી ગયો હોય. રખાવાળાઓને સમજતાં વાર ન લાગી કે આ સામાન્ય વ્યક્તિ નથી. બધાએ રડતા રડતાં ક્ષમાયાચના કરી – ત્યારે સંત ગરીબદાસજીએ કહ્યું કે ભલા પુરૂષો ! શું રસ્તે ચાલતા વ્યક્તિની સાથે આવો વ્યવહાર કરો છો.

મારવાને દોડ્યા છો. પહેલાં તો એ જાણવું જોઈતું હતું કે કયા કારણથી ઘોડાને ઊભા પાકની વચમાં લઈ ગયા છો ? તે ખેડૂત બોલ્યા, હવે બતાઓજી ઘોડો કયા કારણથી ઊભા પાકમાં ચાલ્યો ગયો હતો ? સંત ગરીબદાસજીએ પૂછ્યું કે આ ખેતરમાં આ વાવેલ પાકથી પહેલાં શું વાવેતર કર્યું હતું ? તેમણે કહ્યું કે જુવાર વાવી હતી. તેના પહેલાં શું વાવ્યું હતું ? તેમણે કહ્યું કે તમાકુ વાવી હતી. સંત ગરીબદાસજીએ કહ્યું કે તે તંબાકુની ગંધ હજી સુધી આ ખેતરમાંથી આવી રહી છે. તેની ગંધથી પરેશાન થઈને મારો ઘોડો રસ્તો છોડીને દૂરથી જવા લાગ્યો. તે તમાકુને આપ પીઓ છો, આપ તો પશુઓથી પણ ગયા-ગુજર્યા છો. સાંભળી લ્યો ધ્યાનથી ! આ જ પછી આ ગામમાં કોઈ વ્યક્તિ હોક્કો પીશે નહીં, તમાકુ સેવન કરશે નહિ. જો આજ્ઞાનું પાલન થયું નહિ તો ગામને ખૂબ નુકસાન થઈ જશે. તે સમયે તો બધાએ હા કહી દીધી. સંતના ચાલી ગયા પછી બોલ્યા કે ભરલે ન હુક્ટી ! જ્યારે હોક્ટી (નાનો હોક્કો) ભરવા લાગ્યા તો હાથમાંથી ચલમ છૂટીને ફૂટી ગઈ. બીજી હોક્ટીની ચલમ લાવ્યા, તે પણ હાથમાં જ ચૂરેચૂરા થઈ ગઈ. ખેતરમાં જેટલી હોક્કી (નાના હોક્કા) હતી, બધી તૂટી ગઈ. ચલમો પણ ફૂટી ગઈ. રખવાળાઓ ડરી ગયા કે તે સંતની લીલા છે. ગામમાં ગયા તો ગામના બધા હોક્કા તૂટી ગયા, ચલમો ફૂટી ગઈ. આખા ગામમાં હડકંપ મચી ગયો. ડરનું વાતાવરણ થઈ ગયું. રખવાળા ગામમાં આવ્યા ત્યારે કારણની ખબર પડી. તે દિવસ પછી ગામમાં આજ સુધી હોક્કો (તમાકુ સેવન) કોઈ નથી પીતા. ગામનું નામ છે ''માલખેડી''.

※ હોક્કો પીવાવાળા કહે છે કે લે મારી પાસે કડવી તમાકુ છે, આ ભરી લે ચલમમાં. બીજો કહે છે કે આ મારાવાળી વધારે કડવી છે. સંત ગરીબદાસજીએ બતાવ્યું છે કે મૃત્યુ પછી યમના દૂત તે કડવી તમાકુ પીવાવાળાના મુખમાં (મોંઢામાં) મૂતરી દે છે. કહે છે કે તું વધારે કડવી-કડવી તમાકુ પીવા ઈચ્છતો હતો, હવે લે પ્યારા ! કડવું મૂતર પી લે. વારંવાર મૂત્ર (મુતર-પેશાબ)ની ધાર તેનું મોંઢું ખોલીને મોંઢામાં મારે છે.

સંત ગરીબદાસજીએ આ તો એક લીલા કરીને બુરાઈ છોડાવી હતી. જ્ઞાનથી જે પ્રભાવ પડે છે, તે કાયમ માટે બુરાઈને છોડાવી દે છે. જ્ઞાન સત્સંગથી થાય છે. સત્સંગ સાંભળવાની રૂચિ પેદા કરો, સત્સંગ સાંભળો.

**નિવેદનઃ-** ઉપરોક્ત બુરાઈઓ કાયમ માટે ત્યાગી દો. આનાથી જીવનનો માર્ગ (રસ્તો) સરળ (સહેલો) થઈ જશે.

## ✪ ''નશો નાશ (બરબાદ) કરાવે છે''

નશો ચાહે શરાબ (દારૂ), સુલ્ફા (ચરસ), અફીણ, હેરોઈન વગેરે-વગેરે ગમે તે પ્રકારનો પણ કરો છો, આ આપના સર્વનાશનું કારણ બનશે. નશો

**સૌ પ્રથમ તો મનુષ્યને શેતાન (રાક્ષસ) બનાવે છે. પછી શરીરનો નાશ કરે છે. શરીરના ચાર મહત્ત્વપૂર્ણ અંગ છે : (1) ફેફસાં (2) જિગર (લિવર) (3) કિડની (ગુર્દા) (4) હૃદય.**

**શરાબ (દારૂ) સૌથી પ્રથમ આ ચારેય અંગોને ખરાબ કરે છે. સુલ્ફા (ચરસ) મગજનો પૂરી રીતે નાશ કરી નાંખે છે. હેરોઈન શરાબથી પણ વધારે શરીરને ખોખલું કરી નાંખે છે. અફીણથી શરીર કમજોર (અશક્ત) થઈ જાય છે, પોતાની કાર્યશૈલી છોડી દે છે. અફીણથી જ ચાર્જ થઈને ચાલવા લાગે છે. લોહી દૂષિત (ગંદુ) થઈ જાય છે. એટલા માટે એમને તો ગામ-નગરમાં પણ રાખવા નહિ. ઘરની તો શું વાત છે ? સેવન કરવાનું તો વિચારવું પણ નહિ જોઈએ.**

**※ એક વ્યક્તિ દિલ્હી પાલમ હવાઈ મથક પર નોકરી કરતો હતો. સન 1997 ની વાત છે. તે સમયે તેનો પગાર (Pay) બાર હજાર રૂપિયા પ્રતિ માસ હતો. દિલ્હીના ગામમાં આ દાસ (રામપાલ દાસ) સત્સંગ કરવા ગયા. ત્યાં એક વૃદ્ધા પોતાની ત્રણ પૌત્રીઓની સાથે સત્સંગવાળા ઘરમાં આવી જે સંબંધમાં સત્સંગ કરાવવાળાઓની કાકી હતી. તે ગામના બહારના ભાગમાં - પ્લોટમાં મકાન બનાવીને રહેતી હતી. તે છોકરો પણ તેનો જ હતો જે દિલ્હી હવાઈ મથકમાં નોકરી કરતો હતો. ખૂબ જ દારૂ પીતો હતો. ઘરને ઠૌર બિઠોડા બનાવી રાખ્યું હતું એટલે કે ઘરને ખાલીખમ્મ-ખોખલું કરી દીધું હતું. ઘરની દશા બગાડી દીધી હતી. પત્ની-બાળકોને મારતો હતો કારણ કે તેનું દરરોજ દારૂ પીને આવવું, પત્નીએ ટોકા-ટોકી કરવી, દરરોજ મહાભારત થતું હતું. પત્ની બાળકોને છોડીને પોતાની માના ઘરે ચાલી ગઈ. દાદીએ બાળકોને સંભાળ્યા. પછી જાતે જ જઈને પોતાની પુત્રવધૂને ભરોસો આપીને - સમજાવીને ઘરે લાવી. તે રાત્રિમાં વૃદ્ધા પોતાની પુત્રવધૂ તથા પૌત્રીઓ સહિત આવી હતી કારણ કે પોતાના જેઠના ઘરે સત્સંગ હતો. એટલા માટે આવવું પડ્યું. સત્સંગમાં દરેક વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું હોય છે. પહેલાં પરમાત્માની ભક્તિનો લાભ તથા ન કરવાથી નુકસાન બતાવવામાં આવે છે જે પૂરા વિસ્તારથી બતાવવામાં આવે છે. તે દિવસે તે શરાબી પહેલાં ઘરે ગયો. ઘરે કોઈ ના મળ્યું તો થોડીવાર ઘરે બેઠો. પછી એક પાડોશીએ કહ્યું કે તમારી મમ્મી તમારા મોટા બાપાને ત્યાં સહપરિવાર ગઈ છે. તેમને ત્યાં સત્સંગ ચાલી રહ્યો છે.. ત્યાં જ બધા એ જમવાનું છે. પરમાત્માની કરની થઈ, તે પણ સત્સંગમાં ચાલ્યો ગયો અને સૌથી પાછળ બેસી ગયો કારણ કે દારૂ ખૂબ પીધો હતો.**

**સત્સંગ વચનઃ-** સત્સંગમાં બતાવવામાં આવ્યું કે માનવ જન્મ પ્રાપ્ત કરીને જે વ્યક્તિ શુભ કર્મ નથી કરતો તો તેનું ભવિષ્ય નરક બની જાય છે. જે નશો કરે છે, તેનું વર્તમાન તથા ભવિષ્ય બંને નરક જ હોય છે. નશો માનવ માટે નથી. આ તો માનવમાંથી રાક્ષસ બનાવે છે. જે વ્યક્તિ પૂર્વ (પાછલા) જન્મના પુણ્ય કર્મોવાળા છે તેમને આ જન્મમાં એ શુભકર્મોના પ્રતિ ફળરૂપે સારી નોકરી મળી છે અથવા સારો વેપાર ધંધો પ્રાપ્ત થયો છે. અગર વર્તમાનમાં શુભ કર્મ, ભક્તિ તથા દાન-ધર્મ કરશો નહિ તો ભવિષ્યના જન્મોમાં ગધેડા - કૂતરા, સૂઅર (ભૂંડ) - બળદ બનીને ધક્કા તથા ગંધ (ગંદકી) ખાશો.

જેમ કે માનવ (સ્ત્રી/પુરૂષ) જીવનમાં પૂર્વના શુભ કર્મ અનુસાર સારું ભોજન મળ્યું છે. સરસ માનવ શરીર મળ્યું છે. જ્યારે ઈચ્છો, ખાવાનું ખાઓ. તરસ લાગે ત્યારે પાણી પીઓ. ઈચ્છા થાય ત્યારે ચા-દૂધ પીઓ. ફળ તથા મેવા (કાજુ-બદામ) ખાઓ. અગર પુરા ગુરૂ બનાવીને સાચા દિલથી ભક્તિ તથા સત્સંગ સેવા, દાન-ધર્મ નથી કર્યું તો આગલા જન્મમાં ગધેડા - બળદ - કૂતરા બનીને ખરાબ દશાને પ્રાપ્ત થઈ જશો. ન તો સમય પર ખાવાનું મળશે, ન પાણી, ન તો ગરમી-ઠંડીથી કે મચ્છર-માખીથી બચવાનું કોઈ સાધન હશે. માનવ જીવનમાં તો મચ્છર દાની, ઑલઆઉટથી બચાવ કરી લઈએ છીએ. ગરમીથી બચવાના ઉપાય શોધી લીધા છે. પરંતુ જ્યારે પશુ બનશો, ત્યારે શું મળશે ? સંત ગરીબદાસજીએ પરમેશ્વર કબીરજીથી પ્રાપ્ત જ્ઞાનને આ પ્રમાણે બતાવ્યું છે :-

*ગરીબ, નર સેતી તૂ પશુવા કીજૈ, ગધા બૈલ બનાઈ।*
*છપ્પન ભોગ કહાં મન બોરે, કુરડી ચરને જાઈ।।*

**ભાવાર્થઃ-** માનવ શરીર છૂટી ગયા પછી ભક્તિહીન તથા શુભકર્મ હીન (શુભ કર્મ વગરના) થઈને જીવ ગધેડા-બળદ વગેરે વગેરે યોનીઓ (શરીરો) ને પ્રાપ્ત કરશે. પછી માનવ શરીરવાળો આહાર (ખોરાક) મળશે નહિ. ગધેડો બનીને કચરાના ઢગલા પર ગંધ ખાશે. બળદ બનીને નાકમાં નાથ (એક દોરડું) નાંખવામાં આવશે. દોરડાથી બાંધેલો રહેશે. ન તો તરસ લાગવાથી પાણી પી શકશે, ન ભૂખ લાગવાથી ખાવાનું ખાઈ શકશે. માખી-મચ્છરથી બચવા માટે એક પૂંછડી હશે. તેને કુલર સમજજો, પંખો અથવા મચ્છરદાની સમજજો. જે પ્રાણીઓના વધુ પ્રમાણમાં પાપકર્મ હોય છે, પશુ જીવનમાં તેમની પૂંછડી કપાઈ જાય છે. એક-દોઢ ફૂટ જેનું ડંડા જેવું પૂંછડું બચે છે, તેને હલાવતો રહે છે.

એક બળદના પાછલા પગના ખરીયાના વચમાં લગભગ 1½ (દોઢ) ઈંચ મોટી ખીલી ફસાઈ ગઈ. ચાલવાથી વધારે ઊંડી અંદર ચાલી ગઈ. બળદ પગથી લંગડાવા લાગ્યો. હળ ચલાવવાવાળાને લાગ્યું કે નસનો ચસકો આવી ગયો છે. નસ પર નસ ચઢી ગઈ હશે, ચાલવાથી ઠીક થઈ જશે. કોઈ વાર એવું થાય છે કે નસ પર નસ ચઢી જાય તો બળદ ચાલતાં ચાલતાં જ સારો થઈ જતો હતો, પરંતુ આ વખતે એવું થયું નહિ. આખો દિવસ બળદ હળમાં ચાલ્યો. ઘર સુધી તો ધીરે-ધીરે મુશ્કેલીથી પહોંચ્યો કારણ કે પગને ધરતી પર ખૂબ તકલીફથી મુકી રહ્યો હતો. ઘેર પહોંચતા જ બેસી ગયો. ચારો પણ ખાધો નહિ. આંખમાંથી આંસુ નીકળી રહ્યા હતા. કારણ કે દર્દ-પીડા ખૂબ વધુ થતી હતી. સવારે બળદ ઊભો થયો જ નહિ, આડો પડી ગયો. પગ પર સોજો વધારે હતો. ગામમાંથી પશુનો ડૉક્ટર બોલાવ્યો. જૂના સમય (જમાના)ની વાત છે. તે સમયે એવી જ પાટા-પિંડીવાળી સારવાર જ થતી હતી. ડૉક્ટરે તપાસીને બતાવ્યું કે આના ઘૂંટણમાં વા છે. જૂના ગોળને કુટીને ગરમ કરીને પટ્ટી બાંધી દો, ઠીક થઈ જશે. ખીલી વાગી હતી ખરીમાં (પગના નીચેવાળા ભાગમાં), સારવાર થઈ રહી હતી ઘુંટણની. લગભગ એક મહિનો આ પ્રમાણે ચાલ્યું. એક દિવસ ઘરની વ્યક્તિએ જોયું કે બળદના પગના તળીયામાં (ખરીના વચમાં)થી પરૂ-રસી નીકળી રહી છે. તેણે સાફ કર્યું તો જોવામાં આવ્યું કે લોખંડની ખીલી વાગીને અંદર જતી રહી છે. કોઈ ઓજાર (સાધન)થી ખીલી કાઢી ત્યારે એક અઠવાડિયે બળદ સારો થઈ ગયો. પેટ ભરીને ચારો ખાધો અને પાણી પીધું.

**વિચાર કરોઃ-** જ્યારે આ પ્રાણી માનવ શરીરમાં હતો ત્યારે એને સ્વપ્નમાં પણ જ્ઞાનથી વિચાર્યું નહોતું કે એક દિવસ હું બળદ પણ બની જઈશ. હવે બોલીને પણ નથી બતાવી શકતો કે દર્દ (તકલીફ) ક્યાં આગળ છે ? કબીરજીએ કહ્યું છે કે :-

*કબીર, જિવ્હા તો વોહે ભલી, જો રટૈ હરિનામ ।*
*ના તો કાટકે ફૈંક દિયો, મુખ મેં ભલો ના ચામ ।।*

**ભાવાર્થઃ-** જેમ કે જીભ શરીરનું ખૂબ મહત્ત્વપૂર્ણ અંગ છે. અગર પરમાત્માના ગુણગાન તથા નામ-જાપના માટે પ્રયોગ નથી કરવામાં આવતો તો વ્યર્થ છે. કારણ કે આ જીભથી કોઈ ગમે તે કોઈને પણ ખરાબ વચન બોલીને પાપ કરે છે. બળવાન વ્યક્તિ નિર્બળ (દુર્બળ)ને ખરાબ વચન (અપશબ્દ) કહી દે છે, જેનાથી તેની આત્મા રડે છે. ખરાબ દુવા આપે (હાય લાગે) છે. બોલીને નથી સંભળાવી શકતો કારણકે માર પડવાની બીક પણ રહે છે. આ પાપ થયું. પછી કોઈની નિંદા કરીને, કોઈની ખોટી સાક્ષી

આપીને, કોઈને વેપારમાં ખોટું બોલીને ઠગીને અનેક પ્રકારના પાપ માનવ પોતાની જીભથી કરે છે. પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કે અગર જીભનો સદઉપયોગ નથી કરતો એટલે કે શુભ વચન - શીતળ વાણી, પરમાત્માના ગુણ ગાન એટલે કે ચર્ચા કરવી, ધાર્મિક સદ્ગ્રંથોનું પઠન-પાઠન તથા ભગવાનના નામનો જાપ-સ્મરણ જીભથી નથી કરી રહ્યો તો આને કાપીને ફેંકી દો. એકલા પાપ એકઠા કરી રહ્યો છે.

(જીભને કાપવાની કહેવાનું તો માત્ર ઉદાહરણ છે જે સતર્ક (સચેત) કરવા માટે છે. જીભ કાપીને ફેંકી દેવાની ભૂલ ના કરતા. પોતાના શુભ કર્મ, શુભ વચન બોલવાના શરૂ કરજો. અગર રામનામ તથા ગુણગાન નથી કરી રહ્યા તો પવિત્ર મુખમાં આ જીભના ચામડાને રાખવું સારું નથી.)

❋ માનવ શરીરધારી પ્રાણીને વર્તમાનમાં (સન 1970થી) વિશેષ (ખાસ) સુવિધાઓ પ્રાપ્ત છે. જેના કારણે દિવસો દિવસ પરમાત્માથી દૂર થતો જઈ રહ્યો છે. એટલી જ ગતિથી માનવના દુઃખ નજીક આવી રહ્યાં છે. વિત્તીય (આર્થિક) સ્થિતિમાં સુધાર છે, પરંતુ માનસિક શાંતિ સમાપ્ત છે. નશો આનું મુખ્ય કારણ છે. એક પિતા નોકરી પર ગયા છે. બાળકોને આશા હોય છે કે પિતાજી આવશે, કેટલીક જરૂરિયાતવાળી વસ્તુઓ લાવશે. પિતાજી આવે છે તો નાના-નાના બાળકો દોડીને વળગી પડે છે, પ્યાર મેળવે છે. જે બાળકોના પિતા નશો કરે છે. તેમના ઘરમાં કંકાસ થવો સ્વાભાવિક છે. બાળકો ભયભીત રહે છે. તેમનો માનસિક વિકાસ, શારીરિક વિકાસ બંને નથી થઈ શકતા. તે ઘર નરક સમાન થઈ જાય છે. આજે જે દારૂ પીને મસ્ત છે, તેની ઈજ્જત સમાજમાં પણ નથી હોતી.

આગલા જન્મમાં તે વ્યક્તિ કૂતરો બનશે, ટટ્ટી (ગંધ) ખાશે, ગંદી ગટરનું પાણી પીશે. પછી પશુ-પક્ષી બનીને કષ્ટ પર કષ્ટ (દુઃખ) ઉઠાવશે. એટલા માટે સર્વ નાશ તથા બુરાઈ ત્યાગીને માનવનું જીવન જીવો. સભ્ય સમાજને પણ શાંતિથી જીવવા દો. એક દારૂડિયો અનેક વ્યક્તિઓની આત્મા દુઃખાવે છેઃ- પત્નીની, પત્નીના માતા-પિતા, ભાઈ-બહેનોની, પોતાના માતા-પિતાની, બાળકોની, ભાઈ વગેરેની. કેવળ એક કલાકના નશાએ ધનનો નાશ, ઈજ્જતનો નાશ, આખા ઘરના પરિવારની શાંતિનો નાશ કરી દીધો. શું તે વ્યક્તિ ભવિષ્યમાં સુખી થઈ શકે ખરો ? ક્યારેય નહિ. નરક જેવું જીવન જીવશે. એટલા માટે વિચાર કરવો જોઈએ, બુરાઈ તરત જ ત્યાગી દેવી જોઈએ.

**પ્રશ્નઃ-** કોણે જોયું છે કે આગલા જન્મમાં શું થાય છે ?

**જવાબઃ-** ઉદાહરણરૂપે - એક સમયે એક આંધળો વ્યક્તિ જંગલની તરફ જઈ રહ્યો હતો. આગળ એક સજ્જન વ્યક્તિ ઊભો હતો. તેણે કહ્યું કે

હે સૂરદાસજી ! આ તરફ ન જાવ, આ રસ્તો ભયંકર જંગલમાં જાય છે. ખુંખાર વાઘ-ચિત્તા વગેરે વગેરે જાનવર રહે છે. આપ પાછા વળી જાવ. અગર આંધળાએ નશો નહિ કરી રાખ્યો હોય તો તરત જ પાછો વળી જશે. અગર નશામાં છે તો કહેશે કે કોણે જોયું છે કે જંગલમાં ભયંકર વાઘ-ચિત્તા, સાપ વગેરે જાનવર રહે છે અને આમ કહીને પોતાના માર્ગ પર આગળ વધી જાય છે.

**વિચાર કરોઃ-** આંધળાને દેખાતું નથી અને આંખોવાળાની વાત પર વિશ્વાસ નથી કરતો તો તેને કઈ રીતે સમજાવવામાં આવે ? અગર તે નથી માનતો તો તેની એવી જ દશા થશે જે આંખોવાળો બતાવી રહ્યો હતો, વાઘ મારી નાંખશે.

આ જ પ્રમાણે સંતજન આંખો (જ્ઞાન નેત્ર)વાળા છે. તેમણે આપણે બધાને બતાવ્યું છે જે ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. આપણે જ્ઞાન નેત્રહીન (આંધળા) છીએ. અગર આપણે સંતોની શિક્ષા (સલાહ) પર વિશ્વાસ કરીને રસ્તો નહિ બદલીએ તો તે જ થશે જે ઉપર બતાવવામાં આવ્યું છે.

*નર સે ફિર પીછે તૂ પશુવા કીજૈ, ગધા બૈલ બનાઈ ।*
*છપ્પન ભોગ કહાં મન બૌરે, કુરડી ચરને જાઈ ।।*

※ કેટલાક વ્યક્તિઓ અહીંયા સુધી બોલી જતા હોય છે કે 'જોયું જશે જે થશે તે' તેમને નિવેદન છે કે ગધેડો બન્યા પછી આપ શું જોશો ? પછી તો કુંભાર જ જોશે. આ પ્રમાણેના પ્રવચન સત્સંગમાં જરૂર સંભળાવવામાં આવે છે.

તે શરાબી પણ સત્સંગમાં આવીને બેઠો કારણકે ઘેર કોઈ નહોતું, તાળુ લાગેલું હતું. થોડા સમય બાદ નશો ઉતરી ગયો અને બધો સત્સંગ સાંભળવો પડ્યો. તે દિવસ પછી તે વ્યક્તિએ ક્યારેય દારૂ નથી પીધો કે નથી કોઈ નશો કર્યો. દીક્ષા લીધી, પૂરા પરિવારને દીક્ષા અપાવી. અમે (લેખક તથા સાથે સત્સંગમાં ગયેલ કેટલાક ભક્ત) સવારે ગામની બહાર ફરવા માટે ગયા તો રસ્તામાં તે વ્યક્તિ (Air Portવાળા) નું ઘર હતું. શેરીમાં તેની માતાજી ઊભા હતા. તેણે કહ્યું કે મહારાજજી ! ચા પીને જાઓ. ગામના ભક્તએ બતાવ્યું કે એમના ઘરે જરૂરથી ચાલો. આ ઉજડી ગયેલો પરિવાર છે. સાધુ-સંતોના ચરણ (પગલાં) પડવાથી ઘર પવિત્ર થઈ જાય છે. અમે બધા તેમના ઘરે ચાલ્યા ગયા. અમે કુલ પાંચ જણ હતા. ખાટલો આંગણામાં ઢાળેલો હતો. મેનો મહિનો હતો. વૃક્ષનો છાંયડો હતો. તેની માતાજીએ પોતાની પુત્રવધૂને કહ્યું કે બેટી ! ચા બનાવ. તે બેટીએ ચુલામાં આગ લગાડીને ડેગચીમાં પાણી રેડીને ચા બનાવવાની શરૂ કરી દીધી. અડધા કલાક પછી અમે કહ્યું કે જલ્દીથી ચા લાવો. અમારે આગળ ફરવા જવું છે. પછી

કોઈ બીજા ગામમાં સત્સંગ કરવા માટે જવાનું છે. પરંતુ છતાં પણ તે બેટી ડેગચીના નીચે આગ બાળી રહી હતી. બીજીવાર કહ્યું તો તે રડવા લાગી ગઈ. ગામનો ભક્ત ઉઠીને ગયો તો ખબર પડી કે ઘરમાં ન તો ખાંડ, ન ચા પત્તી અને ન તો દૂધ છે. તે વ્યક્તિની માતાજી પણ રડવા લાગી. કહ્યું કે સાવ ઉજડી ગયા છીએ મહારાજ ! બચાવી શકો તો બચાવી લ્યો. તે વ્યક્તિ દીક્ષા લઈને વહેલો રોજના ટાઈમ પ્રમાણે નોકરી પર જતો રહ્યો હતો. થોડા દિવસ પછી અમે દિલ્હીમાં જ પંજાબખોડ ગામમાં સત્સંગ કરી રહ્યા હતા. ત્યાં આગળ તે વ્યક્તિ પોતાની માતા - પત્ની અને ત્રણેય દીકરીઓને ગાડીમાં બેસાડીને સત્સંગમાં લાવ્યો. પહેલાં એક તૂટી-ફૂટી મોટરસાઈકલ હતી. બધા બાળકોએ સુંદર વસ્ત્રો પહેરેલાં હતાં. કહી રહ્યાં હતાં કે પિતાજી હવે મમ્મીની સાથે ક્યારેય ઝઘડતા નથી. બધો પગાર દાદીજીને આપે છે. અમે તો સ્વર્ગમાં રહેવા લાગ્યા છીએ. દાદીજી બોલી કે તે દિવસ આપના એવા દર્શન થયા કે અમે તો ઉજડેલા વસી (આબાદ થઈ) ગયા. મેં કહ્યું કે માઈ ! (માતાજી !) તારો દીકરો ખરાબ નહતો. એને આ સારા વિચારો ક્યારેય સાંભળ્યા જ નહતા. અગર પહેલાંથી જ આ વિચારો સાંભળવા મળી જતા તો એ બુરાઈ કરતો જ નહિ. આ બધી પરમેશ્વર કબીરજીની કૃપા છે જે તે દિવસે એ સત્સંગમાં આવી ગયો અને એના આત્માનો મેલ સાફ થઈ ગયો. આપનો પરિવાર નર્કમાંથી નીકળીને સ્વર્ગમાં નિવાસ કરી રહ્યો છે. પરમાત્માની મર્યાદા (નિયમો) માં રહેજો, ક્યારેય કષ્ટ (દુઃખ) નહિ આવે. ભક્તિ કરતા રહેજો. કેટલીયે પેઢીઓનો ઉદ્ધાર થઈ જશે. આ પ્રમાણે સત્સંગથી માનવ ઉદ્ધાર થઈને વિશ્વમાં શાંતિ, એકબીજા સાથેનો પ્રેમ વધે છે. સત્સંગ વિચાર જરૂર (અવશ્ય)સાંભળ્યા કરો.

## ✪ ‘‘માતા-પિતાની સેવા તથા આદર કરવો પરમ કર્તવ્ય’’

દરેક માતા-પિતાની તમન્ના હોય છે કે મારું બાળક યોગ્ય બને. સમાજમાં બદનામી ન થાય. સારા ચરિત્રવાળા થાય, આજ્ઞાકારી થાય. વૃદ્ધાવસ્થા (ઘડપણ)માં અમારી સેવા કરે. અમારી વહુ (પુત્રવધૂ) અમારા કહેવામાં રહેવાવાળી આવે. સમાજમાં અમારી આબરૂ રાખે. ઘડપણમાં અમારી સેવા કરે. પ્રેમથી વ્યવહાર કરે. સત્ય યુગ, ત્રેતા, દ્વાપર સુધી આ મર્યાદા ચરમ પર (પૂરે-પુરી બનેલી) રહી. બધા સુખી જીવન જીવતા હતા. કળયુગમાં કેટલાક સમય સુધી તો બરાબર ચાલ્યું, પરંતુ વર્તમાનમાં સ્થિતિ વિપરીત જ છે. આને સુધારવાનો ઉદ્દેશ લેખક (રામપાલ દાસ) રાખે છે. આશા પણ કરું છું કે ભગવાનની કૃપાથી જ્ઞાનના પ્રકાશથી બધું જ સંભવ થઈ જાય છે, થઈ પણ રહ્યું છે અને થશે, એવું મારી આત્મા માને છે.

**❁ માતાનો સંતાન પ્રત્યેનો પ્રેમઃ-**

એક છોકરાના પિતા મૃત્યુને પ્રાપ્ત થઈ ગયા. તે સમયે તે 10-11 વર્ષનો હતો. માતાએ પોતાના એકના એક પુત્રની પરવરિશ કરી. માતા તથા પિતા બંનેનો પ્રેમ માતાજીએ આપ્યો કે ક્યાંક પુત્રને પિતાનો અભાવ દુઃખ ન પહોંચાડે. છોકરો મોટો થઈને દારૂની આદતવાળો થઈ ગયો તથા વેશ્યાગમન કરવા લાગ્યો. માતા પાસે દરરોજ પૈસા માંગે અને આવારાગર્દીમાં ઉડાવી દેતો. એક દિવસ માતાની પાસે પૈસા નહોતા. દારૂના નશામાં તેણે માતાને મારી તથા વેશ્યાની પાસે ગયો. તે દિવસે પૈસા નહોતા તો વેશ્યાએ કહ્યું કે તારી માતાનું દિલ કાઢીને લાવ. પાછો ઘરે આવ્યો, માતા બેભાન હતી. છરો મારીને માતાનું દિલ કાઢીને ચાલી નીકળ્યો. નશાના કારણે ઠેસ લાગી અને પડી ગયો. માતાના દિલમાંથી અવાજ આવ્યો કે બેટા ! તને વાગ્યું તો નથી ને.

નશાના કારણે શેતાન બનેલો પુત્ર વેશ્યાની પાસે માતાનું દિલ લઈને પહોંચ્યો તો વેશ્યાએ કહ્યું કે તું પોતાની માતાનો હિતૈષી નથી તો મારો શું હોઈશ ? કોઈના બહેકાવવામાં આવીને તું મને પણ મારી નાંખીશ. મારે તો તારાથી પીછો છોડાવવાનો હતો કે તું હવે નિર્ધન (ભિખારી) થઈ ગયો છે, મારે શું કામનો ? એટલા માટે આ શરત રાખી હતી કે તું માતાનું દિલ કાઢી શકવાનો નહોતો કારણ કે તે તને ક્યારેય કોઈ વસ્તુ માટે ના પાડતી નહોતી. હે શેતાન ! ચાલ્યો જા મારી આંખો સામેથી. આમ કહીને વેશ્યાએ તેને ઘરની બહાર ધક્કો મારી દીધો અને દરવાજો બંધ કરી લીધો. તે શેતાન ઘરે આવ્યો. માતાના શબ (મડદા) પર વિલાપ કરવા લાગ્યો. કહ્યું કે માતાજી ! થઈ શકે તો ભગવાનના દરબારમાં પણ મને બચાવજે. અવાજ આવ્યો કે બેટા ! કંઈ નથી થયું, બસ તને ખુશ જોવા માંગું છું. તે જ સમયે નગરના લોકો આવ્યા. ચોકીમાં ખબર આપી. તે અપરાધીને રાજાએ ફાંસીની સજા આપી.

રાજાએ ફાંસી ચઢાવાના પહેલાં તેની અંતિમ (છેલ્લી) ઈચ્છા જાણી તો તે છોકરાએ કહ્યું કે કેટલાક નાગરિકોને બોલાવવામાં આવે, હું મારા કરેલ ગુનાને બધાની સામે કબૂલાત કરવા માંગું છું. નગરના વ્યક્તિઓ આવ્યા. તે છોકરાએ પોતાનોઅપરાધ કબૂલ્યો અને બતાવ્યું કે મેં ઉપરોક્ત ગુનો કર્યો છે. મારી માની આત્મા અંતિમ સમયમાં પણ મારા માટે સુખી રહેવાની ઈચ્છા કરતી રહી. મને નશાએ રાક્ષસ બનાવી દીધો હતો. મેં વેશ્યાગમન કરીને સમાજને ખરાબ કર્યો. આપ લોકો મારામાંથી બોધપાઠ લેજો. જે ભયંકર પાપ મેં મારી માતાજીને હેરાન-પરેશાન કરીને કર્યું છે, કોઈ ના કરતા. માતા જેવી હમદર્દ (દુઃખમાં ભાગીદાર) સંસારમાં પત્ની પણ

નથી થઈ શકતી. ભલેને જ તે ગમે તેટલી જ ઈમાનદાર હોય. માતા પોતાના દીકરા-દીકરીને એટલો બધો પ્રેમ કરે છે કે શિયાળાની ઠંડીમાં બાળક પેશાબ કરી દે છે તો માતા સ્વયં એ જ પેશાબથી ભીના થયેલા ઠંડા કપડા પર ઊંઘે છે, બાળકની નીચે કોરું પાથરણું મૂકી દે છે. અગર બાળક ભૂખથી રડી રહ્યો હોય તો ખાવાનું અધૂરું છોડીને તેને પહેલાં પોતાનુ' દૂધ પીવડાવીને શાંત કરે છે.

## ✪ ''પિતા બાળકોની શક્ય એટલી ભૂલો માફ કરી દે છે''

પરમાત્મા કબીરજીએ કહ્યું છે કે પિતા પોતાના પુત્ર-પુત્રીના સર્વ અપરાધ ક્ષમા કરી દે છેઃ-

*અવગુણ મેરે બાપજી, બક્શો ગરીબ નવાજ।*
*જો મૈં પૂત-કપૂત હૂં, તો ભી પિતા કો લાજ॥*

❁ રામ ભક્તની પત્નીનો દેહાંત થઈ ગયો. તે સમયેતેનો પુત્ર ત્રણ વર્ષનો હતો. તે વ્યક્તિના સગામાં એક એવી ઘટના બની હતી જેના કારણે તેને હચમચાવીને રાખી દીધો. કથા આ પ્રમાણે છેઃ-

તેના મામાજી પોતાની બહેન એટલે કે રામભક્તની માતાજીથી લગભગ દસ વર્ષ મોટા હતા. મામાજીના બે પુત્ર હતા. રામ ભક્તની મામીજીનો દેહાંત થઈ ગયો. મામાજીએ બીજીવાર લગ્ન કરી લીધાં. બીજી પત્નીને પુત્ર થયો. બીજી પત્નીપહેલાવાળીના પુત્રોથી ઈર્ષા કરવા લાગી. આમ વિચાર કર્યા કરતી કે **15** એકર જમીન છે. ત્રણ ભાગ પડશે. તેણે તે બે બાળકોને કાચ વાટીને દૂધમાં તથા ખાવામાં ખવડાવી-પીવડાવી દીધા જેનાથી બંનેનું ધીરે-ધીરે રોગગ્રસ્ત થઈને મૃત્યુ થઈ ગયું. એક દિવસ તેની પત્ની (નવી મામી)એ પડોશનને બતાવ્યું કે મેં આવું-આવું કર્યું. મારા બેટાને પંદર એકર જમીન મળી ગઈ. તે સ્ત્રીએ મારા મામાજીને બતાવ્યું. મામાજી નાની (નવી) મામીને ખૂબ પ્રેમ કરતા હતા અને તેના પર વિશ્વાસ કરતા હતા. તેમને વિશ્વાસ નહોતો થઈ રહ્યો. એક દિવસ (નવી કરેલી) નાની મામી પોતાના ભાઈને બતાવી રહી હતી કે મેં આવું-આવું કર્યું. તારા ભાણીયાને પંદર એકર જમીન મળી ગઈ. આ વાત મારા મામા પણ સાંભળી રહ્યા હતા કારણ કે તે બારીની બહાર દરરોજની જેમ ઊભા હતા. મામીનો ભાઈ બોલ્યો કે બહેન ! તેં તો જુલમ કરી દીધો. આ પાપને ક્યાં રાખીશ ? આજ પછી હું તારું મોંઢું જોવા પણ નહિ આવું. મામાજીનું માથું ફાટવા જેવું થઈ ગયું. ઘર ત્યાગીને પોતાની બહેનના ઘરે આવી ગયા એટલે કે અમારા (રામભક્તના) ઘેર જીવન ગુજારી દીધું. કેટલાક વર્ષ પછી નાની મામીથી જન્મેલો તે પુત્ર પણ મરી ગયો. તે નાની મામી કોઈની સાથે ભાગી ગઈ. ખબર પડી કે તે વ્યક્તિએ તેના ઘરેણા ઝૂંટવી લઈને મારીને કૂવામાં ફેંકી દીધી. પોલીસને

ખબર પડી તો તે વ્યક્તિને ફાંસી આપવામાં આવી. આ સર્વનાશ મહાભારતને યાદ કરીને રામભક્તએ બીજા લગ્ન કર્યા નહિ. પુત્રને પોતાની સાથે રાખતો હતો. ખેતરમાં હળ ચલાવતો હતો તો પુત્રને ખભા પર બેસાડીને રાખતો હતો. થાકી જતો તો વૃક્ષની નીચે સૂવડાવી દેતો. જાતે જ ખાવાનું બનાવતો, સ્વયં સ્નાન કરાવતો, કપડાં ધોતો. જેમ તેમ કરીને છોકરો જવાન થયો. લગ્ન કરી દીધા. છતાં પણ બધું કામકાજ કરતો હતો. દિકરો પણ કામમાં સહયોગ કરતો હતો. પરંતુ ભારે કામ જાતે જ કરતો હતો. વૃદ્ધ અવસ્થાએ જોર પકડ્યું. હવે રામભક્ત કોઈ કાર્ય કરી શકતો નહોતો. પુત્રવધૂને સસરા માટે ફોગટનો ખર્ચ થતો લાગવા લાગ્યો. જેના કારણે પોતાના સસરાને લૂખુ-સૂકું અને વાસી ભોજન આપવા લાગી. પાછું પેટ ભરાય તેટલું પણ આપતી નહતી. છોકરો પૂછતો હતો કે પિતાજી ! સેવા બરાબર થઈ રહી છે. પિતાજી કહેતા કે બેટા ! કોઈ કસર (કચાશ) નથી. ખૂબ ભાગ્યશાળી વહુ આવી છે. મારું ખાસ ધ્યાન રાખે છે. આ વાત વહુ પણ સાંભળતી અને ઉપરથી વધારે પરેશાન કરતી કે મારા પતિને ખબર નથી. ડોસાને પણ મારી ચાલાકીનો પરિચય નથી. એક દિવસ છોકરાએ જોયું કે પિતાને ભોજન બરાબર નથી મળ્યું તો તેણે પત્નીને ટકોર કરી કે તું પાખંડ (નાટક) કરવા લાગી ગઈ. પત્નીએ કહ્યું ઘરમાં જોઈને ખાવું પડે છે. તમને ઘરની ચિંતા નથી. પૂરું ઘર મારાથી ચાલી રહ્યું છે. મને ખબર છે કે ખર્ચ કેવી રીતે ચલાવવાનો છે. એક દિવસ વૃદ્ધને ચક્કર આવ્યા અને નીચે પડી ગયા, પગ તૂટી ગયો. વૈદ્યજીએ કહ્યું કે ખોરાક પૂરો ન મળવાથી શારીરિક કમજોરી છે. દૂધ બે ટાઈમ અડધો-અડધો શેર (કિલો) પીવડાવો. તાજું ભોજન ખવડાવો. વૈદ્ય ચાલ્યો ગયો. પત્નીએ કહ્યું કે આવી રીતે તો ઘરનું દેવાળું નીકળી જશે. પતિ એટલે કે છોકરાને (પુત્રને) પણ વાત પસંદ આવી. વૃદ્ધની કોઈ પરવા (દરકાર) કરી નહિ. વૃદ્ધના સાસરીવાળા પગે વાગ્યાની ખબર સાંભળી એટલે મળવા આવ્યા. તેમણે પૂછ્યું કે શું બેટો-વહુ બરાબર સેવા કરી રહ્યા છે ? રામભક્તએ કહ્યું પૂછશો જ નહિ. આવા પુત્ર તથા પુત્રવધૂ ભગવાન બધાને આપે. મને કોઈ કષ્ટ (દુઃખ) નથી થવા દેતા. આ તો કોઈ કર્મના મારથી પગ તુટ્યો છે. તે જ ગામમાં બે બહેનોના વિવાહ થયા હતા. એકના રામભક્તથી, બીજીના પડોશમાં. જ્યારે તે બીજી દીકરી (છોકરી) ના ઘરે ગયા તો ખબર પડી કે તે રામભક્તની કોઈ સેવા નથી થઈ રહી. છોકરો (રામભક્તનો પુત્ર) પણ ખરાબ (બદમાશ) છે. આ વાત સાસરી વાળાઓના ગળે ઉતરી નહિ કારણ કે તે રામભક્તના મોંઢેથી સાંભળીને આવ્યા હતા કે સેવામાં કોઈ કસર (ખોટ) નથી. તે થોડા સમય પછી ફરીથી રામભક્તના ઘરે ગયા તો તે સમયે તે વાસી રોટલી પાણીમાં પલાડી-પલાડીને ખાઈ રહ્યા

હતા. આ જોઈને તેમને રડવું આવી ગયું. છોકરાને બોલાવ્યો તથા કહ્યું કે તને શરમ નથી આવતી. ખબર છે તને કેવી રીતે પાળી-પોષીને મોટો કર્યો છે. છોકરાની વહુ પણ આવી ગઈ. બન્ને બોલ્યા કે અમે તો આવી જ રીતે સેવા કરીશું. રામભક્ત બોલ્યા કે આપ જાઓ, ઘરમાં ઝઘડો ના કરાવશો. મારી કિસ્મતમાં જે લખ્યું છે, તે મળી રહ્યું છે. હું મારા પુત્રને દુઃખી નથી જોઈ શકતો. રામભક્તની ફોઈનો છોકરો રામનિવાસ સત્સંગી હતો. તે રામભક્તના ઘરે ઘણીવાર આવતો જતો હતો. તે રામભક્તને ઘણી વખત કહેતો હતો કે આપ કેટલોક સમય ભગવાનની ભક્તિ કર્યા કરો. મારી સાથે સંતના સત્સંગ સાંભળવા આવ્યા કરો. તો રામભક્ત કહેતા હતા કે હું તો મારા બેટાની પૂજા કરીશ, આ સુખી રહે, આ જ મારી તમન્ના છે. ફોઈના છોકરાએ કહ્યું કે બેટાની પૂજા પૂરી થઈ ચુકી હોય તો હજી પણ બનાવી લે થોડાક કર્મ. છતાં પણ આમ જ કહ્યું કે બેટા-વહુને જોઈ જોઈને જીવી રહ્યો છું. ખૂબ કહ્યા પછી રામભક્ત પોતાની ફોઈના છોકરા રામનિવાસની સાથે સત્સંગમાં ગયા. પછી રામનિવાસ પોતાના ઘરે લઈ ગયા, તેની દવા કરાવી. સારું ખાવાનું ખવડાવ્યું. કેટલાક મહિના સુધી પોતાની પાસે રાખ્યા. રામભક્ત ભક્તિ પર પૂરા દૃઢ થઈ ગયા. ઘર પર ગયા તો બાળકોને કહ્યું બેટા-બેટી (પુત્રવધૂ) ! આજ સુધી મેં તમારાથી કંઈ નથી માગ્યું. આજે એક ભીખ માંગી રહ્યો છું. આપ બન્ને મારી સાથે સત્સંગમાં એક વાર ચાલો. તેમણે કહ્યું કે પાછળથી પશુઓ તથા બાળકોને કોન સંભાળશે ? રામભક્તએ કહ્યું બેટો (દીકરો) ઘર પર રહી જશે. બેટી (પુત્રવધૂ) તથા પૌત્ર-પૌત્રી મારી સાથે ચાલો. એમ જ કર્યું. જ્યારે તે પુત્રવધૂએ સત્સંગના વચન સાંભળ્યા, ત્યાં આવવાવાળા બધા ભક્તોની સેવા જૂના ભક્ત-ભક્તમતિ એવી રીતે કરી રહ્યા હતા જેમકે ખાસ મહેમાનોની ઘરે કરે છે. વૃદ્ધ, રોગી, અપંગ, શ્રદ્ધાળુઓની પણ વિશેષ (ખાસ) સેવા કરી રહ્યા હતા. સત્સંગમાં આ બતાવવામાં આવે છે કે જીવ પર દયા બનાવી રાખવાથી પરમાત્મા પ્રસન્ન થાય છે. દુઃખીયાઓ-અસહાયકોની સહાયતા કરવી માનવ માત્રનું પરમ કર્તવ્ય છે.

*દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન ।*
*કહ કબીર દયાવાન કે પાસ રહે ભગવાન ।।*

ભક્ત - રામભક્તની પુત્રવધૂ જે ભક્તમતિની પાસે બેઠી હતી તે બોલી કે હે બહેન ! આપ પણ થોડી સેવા કરી લો.

**''સત્સંગ વચન'':-** ગુરૂદેવજી બતાવે છે કે જે સેવા-ભક્તિ કરશે, તેને જ ફળ મળશે. હું ભોજન ખાઈશ તો મારું પેટ ભરાશે. આપ ખાશો તો આપનું પેટ ભરાશે. બધા પ્રાણી પરમાત્માના બાળકો છે. આપ ધનીના બાળક સમજીને સેવા કરો. જેમ કે એક ધનવાનની દિકરી 8-9 વર્ષની હતી. તેની

દેખરેખ માટે એક નોકરાણી રાખી હતી. તે તે છોકરીને ગરમીઓમાં સ્કૂલમાં મૂકવા જતી હતી તો તે છોકરીની ઉપર છત્રીથી છાંયડો કરીને ચાલતી હતી, સ્વયં (જાતે) તડકો સહન કરતી હતી, જેના કારણે ધની (માલિક) ખુશ રહેતો હતો અને નોકરાણીને પગાર આપતો હતો. આપ બધા આ પ્રમાણે વિચાર કરીને પોતાનું - પારકાઓનું ધ્યાન રાખો. સાસુ-સસરાની સેવા, નાના-મોટાની સેવા, બધાનું સન્માન કરવું, આપજીનું પરમ કર્તવ્ય છે. અગર આપ - પોતાના સાસુ-સસરા, માતા-પિતા અથવા બીજા આશ્રિત (આશ્રયે રહેલા) ની સેવા કરશો તો પરમાત્મા આપની સેવાનો પ્રબંધ કરશે. એટલે કે પરમેશ્વર તમારી સેવાની ગોઠવણ કરશે. આપ પોતાના નાના-મોટા બાળકોને પણ સત્સંગમાં સાથે લાવ્યા કરો. જેથી બાળકોમાં પણ નાના-મોટાઓની સેવા કરવાના, સારો વ્યવહાર કરવાના સંસ્કાર પડશે. તે બાળકો મોટા થઈને આપની (વૃદ્ધ થઈ જશો, ત્યારે) પણ સેવા આવી જ રીતે કરશે. જેમકે બેટી એક મા-બાપને છોડીને નવા માતા (સાસુ) પિતા (સસરા)ની પાસે આવે છે. હવે જન્મના માતા-પિતા તો એટલા પૂરતા જ સાથે રહેવાવાળા હતા. તેમણે પાળી-પોષીને નવા માતા-પિતાને સોંપી દીધી. સાસુ-સસરાનું કર્તવ્ય છે કે આવવાવાળી દિકરીને પોતાની દિકરીની માફક પ્રેમ આપે. ભેદભાવ સ્વપ્નમાં પણ નવી દિકરી (પુત્રવધૂ) માં તથા પોતાની જન્મની દિકરીમાં ના કરે, જે ઝઘડાનું મૂળ છે. પુત્રવધૂએ વિચારવું જોઈએ કે નવા ઘરની પરિસ્થિતિઓના અનુસાર પોતાને ઢાળે. માના ઘરવાળા (પિયરવાળા) વર્તાવ (વર્તન) ને ઓછા પ્રયોગ કરે. હવે પુત્રવધૂનું ઘર-પરિવાર આ જ (સાસરું) છે.

**શિક્ષા કથાઃ-** એક પુત્રવધૂ પોતાની સાસુને ખૂબ દુઃખી રાખતી હતી. તેને માટીના ફૂટેલા ઘડાના ટુકડા (ઠીકરા)માં ભોજન ખવડાવતી હતી, જેમ કે કૂતરાને ખવડાવીએ છીએ. ક્યારેક-ક્યારેક જ સાફ કરતી હતી. તેના છોકરાના લગ્ન થયા. થોડા સમય ઉપરાંત સાસુનું મૃત્યુ થઈ ગયું. ત્યારે તે પોતાની પુત્રવધૂથી બોલી કે આ ઠીકરાને ફોડીને બહાર ફેંકી દે. તે પુત્રવધૂ બોલી કે સાસુજી ! આપને પણ આ જ ઠીકરામાં ભોજન આપ્યા કરીશ. આપે વધારે જુલમ વૃધ્ધાની સાથે કર્યા છે. ત્યારે તે પોતાની ભૂલને સમજીને ખૂબ રડી. પુત્રવધૂ બુદ્ધિશાળી હતી. સાંજ સુધી એ ઠીકરાને ફોડ્યું નહિ. તેની સાસુને તે ઠીકરું દુશ્મન દેખાઈ દેવા લાગ્યું. પુત્રવધૂએ કહ્યું માતાજી ! મેં પોતે સત્સંગ સાંભળ્યા છે. હું મારા કર્મ ખરાબ નહિ કરું. આમ કહીને ઠીકરું ફોડી દીધું. પાપ કર્મના કારણે સાસુને કેન્સરનો રોગ થઈ ગયો. આખો-આખો દિવસ દુઃખાવાના કારણે બૂમો પાડે. પુત્રવધૂ તેની સેવા કરે, કોઈ કસર નતી રાખતી. પરંતુ કહેતી હતી કે સાસુ મા ! સેવા તો હું દિલજાનથી કરીશ, પરંતુ આપના પાપને હું નહિ વહેંચી શકું. આ કષ્ટ (દુઃખ) તો તમારે

જ ભોગવવું પડશે. અગર સત્સંગ સાંભળ્યા હોત તો આવા દિવસો જોવા ના પડતા. ત્યારે તે જાલીમ સ્ત્રીએ કહ્યું કે બેટી ! હું મહાપાપિણી છું. શું મારો પણ ઉદ્ધાર થઈ શકે છે ? હું પણ દીક્ષા લેવા ઈચ્છું છું. છોકરી સત્સંગી ઘરની હતી, તેને ખબર હતી કે દીક્ષા લઈને ભક્તિ કરવાથી પાપકર્મ નાશ થાય છે. જેમના વધારે પાપ છે, ભક્તિ કરવાથી લાભ જ થશે, પાપ ઓછા જ થશે તથા ભવિષ્યમાં પણ માનવજન્મ મળી જાય છે, અગર મર્યાદામાં (નિયમોમાં) રહીને છેલ્લા શ્વાસ સુધી સાધના કરતો રહે. સત્સંગમાં ગુરૂજી ઉદાહરણ આપીને સમજાવે છે કે જેમ કે કોઈનું વસ્ત્ર (કપડું) ઓછું મેલું છે તો થોડી મહેનતથી જ નિર્મળ (ચોખ્ખું) થઈ જાય છે. અગર વધારે મેલું છે તો બે ત્રણ વાર સાબુ-પાણીથી ધોવાથી ચોખ્ખું થઈ જાય છે. જેણે વધારે મેલું કરી રાખ્યું છે તથા બીજા ડાઘા પણ પડ્યા છે તો ડ્રાયક્લીનથી સાફ થઈ જાય છે. અગર સાફ કરવાનો ઈરાદો મજબૂત હોય તો કારીગરના કાળા થયેલા કપડા પણ સાફ થઈ શકે છે. છોકરી (પુત્રવધૂ)ને ખબર હતી કે સાસુજી એ તો કારીગર (મિસ્ત્રી)વાળી દશા કરી રાખી છે, છતાં પણ પરમાત્માના શરણમાં જવાથી જરૂરથી લાભ જ થાય છે. આ જ ઉદ્દેશથી પોતાની સાસુ માને દીક્ષા અપાવી દીધી. થોડા સમય પછી કેન્સરની પીડા ઓછી થઈ ગઈ. સત્સંગ સાંભળીને તેને રોવાનું આવ્યું કે માતા-પિતાની વહુ-બેટાઓથી શું ઈચ્છા હોય છે ? મેં પાપીનીએ પોતાની સાસુજીની સાથે કેવું વર્તન કર્યું. પછી મને આ રોગ થાય જ ને. અગર પહેલાં આ જ્ઞાન સાંભળવાનું મળી જતું તો હું શું કામ આ પાપ કરતી ? નિર્મળ જીવન જીવતી. સાસુ માની આત્મા પણ ખુશ કરતી. પોતાનું જીવન સફળ કરી લેતી. ઉપરોક્ત સત્સંગના વચન સાંભળીને રામભક્તજીની પુત્રવધૂ તે પોતાની સહેલી (જૂની ભક્તમતિ)ને વળગી પડીને ધ્રુસ્કે ધ્રુસ્કે રોવા લાગી. અડધો કલાક તો પોતાને રોકી શકી નહિ. વધારે આશ્વાસનના પછી ડૂસકાં ભરતી શાંત થઈ અને પોતાના સસરા પિતાની સાથે કરેલ વર્તનનો ઉલ્લેખ રોતાં-રોતાં કર્યો. પોતાના સસરાની માનવતા પણ બતાવી કે ક્યારેય પોતાના બેટાને પણ નથી બતાવ્યું કે તારી વહુ મારી સાથે આવું ખરાબ વર્તન કરી રહી છે. બેટાના પૂછવા પર આમજ કહેતા હતા કે બેટા કોઈ પ્રકારની સેવામાં કમી નથી. મોટા સારા ઘરની બેટી છે, સમજદાર છે. અમારું સૌભાગ્ય છે કે આ આપણા ઘરે આવી ગઈ. અમારું તો આ બેટીએ ઘર વસાવી દીધું. હું પાપીણી આવા શબ્દો સાંભળીને પણ નરમ પડી નહિ કારણ કે મારા આત્મા પર પાપ કર્મોની પરત એટલે કે પાપ કર્મોનું પડ ચઢી ગયું હતું, જે બે-ત્રણ વાર સત્સંગ સાંભળ્યા પછી પાપનું પડ ઉતર્યું છે. આત્મામાં સારા સંસ્કાર ઊઠવા લાગ્યા છે. ત્રણ દિવસ સત્સંગ સાંભળીને ભક્ત રામભક્ત, પૌત્ર-પૌત્રી તથા પુત્રવધૂની સાથે ઘર પર આવી

ગયા. બાળકોએ પણ ત્યાં નાના બાળકોને ખાવાનું પિરસવાની-પાણી પીવડાવવાની સેવા કરતા બીજા જૂના સત્સંગી બાળકોને જોયા તો તે પણ સેવા કરવા લાગ્યા. ઘરે આવીને પોતાના દાદાજીના માટે પાણીની ડોલ ભરીને બન્ને ભાઈ-બહેન ઊંચી કરીને લાવ્યા અને બોલ્યા, દાદાજી ! સ્નાન કરી લ્યો. રામભક્તજીએ કહ્યું કે બાળકો ! તમારા પેટમાં દુ:ખાવો થઈ જશે. આટલું ભારે વજન ન ઉપાડો. હું પોતાની જાતે જ લઈ આવીશ. બાળકો બોલ્યા કે દાદાજી ! સત્સંગમાં ગુરૂજીએ બતાવ્યું હતું કે સેવા કરવાથી લાભ જ લાભ મળ્યા કરે છે, કોઈ કષ્ટ (દુ:ખ) નથી પડતું. અમે રોટલી ખાઈશું તો અમારું પેટ ભરાશે. અમે સેવા કરીશું તો અમને પુણ્ય મળશે. અગર રોગ પણ થયો હોય તો ભક્તિ અને સેવાથી સમાપ્ત થઈ જાય છે. ત્યાં આશ્રમમાં અનેક ભાઈ-બહેન બતાવી રહ્યા હતા કે અમે બીમાર રહેતા હતા. નામ લીધા પછી જેવી સેવા કરી શકીએ, કરવા લાગ્યા. અમે સ્વસ્થ (સારા) થઈ ગયા. ડૉક્ટરો છૂટી પડ્યા હતા. જુઓ ! અમારા દવાના કાગળો (બિલ/રિપૉર્ટો), ચાર વર્ષથી ઉપચાર (ટ્રીટમેન્ટ) ચાલી રહ્યો હતો. હવે કોઈ દવા નથી ખાતા. [ઋગ્વેદ મંડલ-10 સૂક્ત 161 મંત્ર-2 માં પણ આ જ પ્રમાણ છે કે અગર રોગી મૃત્યુની નજીક પહોંચી ગયો છે એટલે કે તેને અસાધ્ય (જીવલેણ) રોગ પણ થઈ ગયો હોય. અગર તે ભક્તિ પર લાગી જાય તો પરમાત્મા તેને મૃત્યુના મુખમાંથી કાઢીને લઈ આવે. તેને સ્વસ્થ (નિરોગી) કરીને શત પ્રતિશત (સો ટકા) પૂરી ઉંમરનું જીવન આપી દે છે. — લેખક]

આટલી વારમાં પુત્રવધૂ આવી અને કહ્યું, પિતાજી ! સ્નાન કરી લ્યો. ધોતી અહીં મૂકી દેજો. હું જાતે ધોઈ દઈશ. રામભક્તજીએ કહ્યું બેટી ! આપને ઘરનું ખૂબ કામકાજ કરવાનું હોય છે, ખાવાનું બનાવવાનું, પાણી લાવવાનું, પશુ સંભાળવાના. હું પોતે ધોઈ લઈશ. મારો પગ પણ હવે સારો થઈ ગયો છે. થોડો-જ લંગડાઈ રહ્યો છું. રામભક્ત સ્નાન કરીને ધોતી બદલીને ધોતી ધોવા લાગ્યા. તે જ સમયે બાળકોએ આવીને ધોતી ઝૂંટવી લીધી અને લઈને અંદર ભાગી ગયા અને પોતાની માતાજીને આપી દીધી. પછી ઝભ્ભો પણ લઈ ગયા. બીજો ઝભ્ભો લાવીને આપી દીધો. છોકરો (રામભક્તનો પુત્ર) ખેતરમાંથી પશુઓ માટે ચારો લઈને આવ્યો અને પહેલાંની જેમ જ પિતાને જોયા અને બોલ્યા વગર ઘરમાં ચાલ્યો ગયો. તેણે જોયું કે પત્ની નિર્મળા હલવો (શીરો) બનાવી રહી હતી. તેણે વિચાર્યું કે કોઈ તહેવાર હશે. પછી શાક-રોટલી બનાવી. સૌથી પહેલા ગુરૂ ભગવાનને બે વાટકીઓમાં ભોગ લગાવ્યો તથા પછી એક થાળમાં રોટલી, વાટકીઓમાં શીરો તથા શાક મૂકીને પોતાના સસરાજીની પાસે લઈને ગઈ અને બોલી, પિતાજી ! ભોજન ખાઈ લ્યો. ભૂખ લાગી હશે, દૂરથી (સત્સંગ સ્થળથી) આવ્યા છીએ. રામભક્ત

બોલ્યા, બેટી! મને આ હજમ નથી થતું. સૂકી રોટલી લાવી દે, હું બીમાર થઈ જઈશ. રામભક્તએ વિચાર્યું હતું કે ભાવનામાં તણાઈને બેટી આજે તો બધી સેવા કરી દેશે, પરંતુ છોકરો આને ધમકાવી દેશે કારણ કે તેને સત્સંગનું જ્ઞાન નથી. ક્યાંક ઘરમાં મોટો ઝઘડો ન થઈ જાય. એટલામાં છોકરો પણ આવ્યો. પોતાની પત્નીને બોલ્યો, પિતાજી બરાબર કહી રહ્યા છે, લઈ જા પાછું અંદર. પિતાનો રૂમ ગલી (રસ્તા)ને અડીને હતો. બાળકોનું રહેવાનું અંદરની તરફ હતું. પત્ની બોલી, ચુપરહે, મેં પોતે ખૂબ પાપ એકઠાં (ભેગાં) કરી લીધાં. હવે પિતાજીની સેવા હું જાતે કરીશ. છોકરો ચૂપ થઈ ગયો. રામભક્તએ બન્ને પૌત્રો (નાના બાળકો)ને થોડો-થોડો શીરો આપ્યો. પુત્રવધૂને આપવા લાગ્યો તો બોલી કે આપ શું ખાશો ? ઘરમાં બીજો પણ ખૂબ વધારે હલવા (શીરા)નો પ્રસાદ વધ્યો છે. પિતાજી આપ ખાઓ. નહિ ખાઓ તો મારી આત્મા રોશે. ભક્ત રામભક્તજીએ ગુરૂ દેવ ભગવાનનું સ્મરણ કર્યું અને ભોજન ખાધું. દરરોજ પુત્રવધૂ જાતે (સ્વયં) નરમ નરમ રોટલીઓ ગરમ-ગરમ લાવીને પોતાના હાથોથી ખવડાવે. દરરોજ વસ્ત્ર (કપડા) ધોઈ દે અને કહે, પિતાજી ! ભજન કરી લો.

એક દિવસ રામભક્તજીની ફોઈનો છોકરો ભક્ત રામનિવાસ આવ્યો. રામભક્તજીએ તેને છાતીએ લગાવી લીધો અને બોલ્યા અરે ભાઈ! અમારું ઘર તો તારી કૃપાથી સ્વર્ગ બની ગયું. ભક્ત રામનિવાસ બોલ્યા કે મામાના બેટા આ રામનિવાસથી કંઈ નથી થયું. ગુરૂદેવજીની શબ્દ શક્તિનો કરિશ્મા (જાદુ) છે. આપ અને હું તો પહેલા ભેગા ગીલી-ડંડો રમ્યા ન'તા કરતા. મારા કરવાથી થતું તો પહેલાં જ થઈ જતું. ગુરૂજી કહી રહ્યા હતા કે રામભક્ત પાછલા જન્મોંમાં ભક્ત (ભગત) હતો. એનાથી ઘરના મોહના કારણે મર્યાદામાં ચુક બની (ભૂલ બની) હતી. તેના કારણે આટલું કષ્ટ (દુઃખ) ઊઠાવવું પડ્યું છે. હવે આ મહાદુઃખી થઈ ચુક્યો હતો. એટલે તારી સાથે આવ્યો છે, નહિ તો આપ કેટલીયેવાર રામભક્તને પહેલાં કહી ચુક્યા હતા કે સત્સંગમાં ચાલ, પરંતુ મોહ-માયામાં આંધળો થઈ ચુક્યો હતો. આ કષ્ટ (દુઃખ) અને પુત્ર-પુત્રવધૂનો વ્યવહાર એના માટે વરદાન બની ગયો છે.

કબીરજીએ કહ્યું છે કેઃ-

*કબીર, સુખ કે માથે પથ્થર પડો, જો નામ હૃદય સે જાય ।*
*બલિહારી વા દુઃખ કે, જો પલ પલ રામ રટાય ।।*

**ભાવાર્થઃ-** હે પરમાત્મા ! એટલું સુખ પણ ના આપતા જેનાથી તમારી ભૂલ પડે. જે દુઃખથી પરમાત્માની પલ-પલ યાદ બનેલી રહે, તેવું દુઃખ કાયમ આપતા રહેજો. બલિહારી જાઉં તે દુઃખને જેના કારણે પરમાત્માનું શરણ મળ્યું.

ભક્ત રામભક્તજીએ ભક્ત રામનિવાસજીને કહ્યું કે આવતા સત્સંગમાં બેટા પ્રેમસિંહને લઈ જજો. એનો ઉદ્ધાર થઈ જશે. આગલા સત્સંગમાં, જે એક મહિના પછી થવાનો હતો. ભક્ત રામનિવાસજી આવ્યા અને પ્રેમસિંહને પોતાના ઘરે લઈ જવાના બહાને લઈ ગયા. ઘરેથી સત્સંગમાં લઈ ગયા. ત્રણ દિવસ આશ્રમમાં રહ્યા, સત્સંગ સાંભળ્યો. બીજા જૂના ભક્તોથી તેમની આપ-વીતી (જીવનની તકલીફો) સાંભળી તો સત્સંગના રંગમાં રંગાઈ ગયો. ભક્ત (ભગત) રામભક્તજીનો પરિવાર એકદમ બદલાઈ ગયો. ભક્તિ-સેવા કરીને કલ્યાણને પ્રાપ્ત થયો.

## ✪ ''સત્સંગથી ઘરમાં ઝઘડો (કલેશ) સમાપ્ત થાય છે''

એક માઈ (માતા) પોતાની પુત્રવધૂ પર વાત-વાત પર ક્રોધ કરતી હતી. નાની - ભૂલોને વધારી ચઢાવીને પોતાના પુત્રને કહેતી. પુત્ર પોતાની પત્નીને ધમકાવતો. આ પ્રમાણે ઘર નરક બનેલું હતું. પુત્રવધૂ પોતાની સાસુ-માને ક્યારેક ક્યારેક કહેતી હતી કે આપ સત્સંમાં જયા કરો. આપણી પડોશણ પણ જાય છે. સાસુ-મા બોલી કે સત્સંગમાં તો આઈ-ગઈ એટલે કે બદચલન (ખરાબ) સ્ત્રીઓ જાય છે, જેમનું સંસારમાં સન્માન (ઈજ્જત) નથી હોતું, જે સારા કુળ (ખાનદાન)ની નથી. આપણે ખાનદાની છીએ. અમારું શું કામ સત્સંગમાં ? આવી રીતે પુત્રવધૂએ કેટલીયેવાર કોશિશ કરી, પરંતુ માતાજી માનવાને માટે તૈયાર થતી નહતી. એક દિવસ ગામની સ્ત્રી કોઈ કામવશ તેમના ઘરે આવી તો સાસુ પોતાની પુત્રવધૂને ગાળો દઈ રહી હતી, ધમકાવી રહી હતી કે આવવા દે તારા ધણીને, આજે તારી ખાલ ઉતરાવી દઉં. વાત શું હતી કે ગ્લાસમાં ચા કાઢી રાખી હતી જે સાસુના માટે મૂકીને પુત્રવધૂ બાળકને લેવા અંદર ચાલી ગઈ હતી જે ઊંઘેલું હતું અને જાગ્યા પછી રડી રહ્યું હતું. તે બાળકને ઉઠાવીને લાવવામાં એક મિનિટ પણ લાગી ન હતી કે આ સમયના વચ્ચમાં જ કૂતરો આવ્યો અને ચાના ગ્લાસમાં જીભ મારવા માંડ્યો. ગ્લાસ પડી ગયો. ચા ધરતી પર ઢળી ગઈ. સાસુ-મા આંગણમાં તે ગ્લાસથી માત્ર વીસ ફૂટ દૂર ખાટલા પર બેઠ્યા હતાં. હટ્ટી-કટ્ટી (તાજીમાજી) હતી. ખેતરોમાં ઘુમી-ફરીને આવતી હતી. પરંતુ કામકાજમાં હાથ લગાવતી નહતી. આ વાત પર કલેશ (કંકાસ) કરી રહી હતી. ગામના બીજા વાસ (મહોલ્લા)માંથી આવેલી માઈ સત્સંગમાં જતી હતી. બધી વાત સાંભળીને તેણે ભેતરી (તે સાસુનું નામ ભેતરી હતું) ને કહ્યું કે આપ સત્સંગમાં ચાલ્યા કરો. તેનો તે જ જવાબ હતો. તે સત્સંગવાળી ભક્તમતિ જાનકીએ ખાસ્સા સમય સુધી બેસીને સત્સંગમાં સાંભળેલી ઘણી બધી વાતો બતાવી, પરંતુ ભેતરી માનવાને તૈયાર

હતી નહિ. ભેતરીની બીજી બહેન તેજ મહોલ્લા (શેરી)માં પરણાવી રાખી હતી, જ્યાં પન્નાની તે સત્સંગવાળી માઈ જાનકી રહેતી હતી. ભેતરીની બહેનનું નામ દયાકૌર હતું. જાનકીએ જઈને દયાકૌરને બતાવ્યું કે તારી બહેન ભેતરીએ તો ઘરને નરક બનાવી રાખ્યું છે. વાત વગરની લડાઈ કર્યા કરે છે. હું કાલ કોઈ કામવશ ગઈ હતી. એક ચાનો ગ્લાસ કૂતરાએ ઢોળી નાંખ્યો. આટલી નાની અમથી વાતમાં તો તેનું મહાભારત બનાવી રાખ્યું હતું. દયાકૌર પણ જાનકીના કહેવાથી સત્સંગ સાંભળવા ગઈ હતી અને દીક્ષા લઈ લીધી હતી. જાનકીએ કહ્યું કે તેને જેમ-તેમ કરીને એક વાર સત્સંગમાં લઈ આવ. જ્યાં સુધી સંતોના વિચાર સાંભળવા નથી મળતા ત્યાં સુધી તે વ્યક્તિ વ્યર્થ (ફોગટ)નું ટેન્શન (ચિંતા) જાતે જ રાખે છે તથા ઘરના સભ્યોને પણ ચિંતામાં જ રાખે છે. દયાકૌર બીજા દિવસે પોતાની બહેનના ઘરેગઈ. કોઈ બહાનું કાઢીને ભેતરીને પોતાના ઘરે લઈ ગઈ. ત્યાંથી કેટલીક બીજી સ્ત્રીઓ સત્સંગમાં જવાને માટે જાનકીના ઘર આગળ ઊભી હતી. તે બધી દયાકૌરને સત્સંગમાં ચાલવાને માટે કહેવા તેના ઘરે ગઈ. ત્યાં તેની બહેન ભેતરીને જોઈને તેને પણ કહ્યું-સાંભળ્યું કરીને સાથે લઈ ગઈ. ભેતરીએ જીવનમાં પહેલીવાર સત્સંગ સાંભળ્યો. આશ્રમમાં કેવી રીતે સ્ત્રી-પુરૂષ રહે છે, બધું નજર સમક્ષ જોયું તો સારું લાગ્યું. જેવું અનાપ-સનાપ (અગડમ-બગડમ) સાંભળ્યા કરતી હતી, તેવું આશ્રમમાં ક્યાંય જોવાનું મળ્યું નહિ. સત્સંગમાં બતાવવામાં આવ્યું કે કેટલાય વ્યક્તિ પોતાની બહેન, બેટીઓ-વહુઓ તથા બીજી સ્ત્રીઓને સત્સંગમાં નથી મોકલતા અને જાતે પણ નથી જતા. તેઓ એવું કહે છે કે અમારા સત્સંગમાં જવાથી ઘરની ઈજ્જત (આબરુ) નો નાશ થઈ જશે. અમારી વહુ-બેટીઓ બદનામ થઈ જશે. તેમણે વિચાર કરવો જોઈએ કે સત્સંગમાં ન આવવાથી પરમાત્માના વિધાન (કાયદા) નું જ્ઞાન નથી થતું કે ભક્તિ ન કરવાવાળા સ્ત્રી-પુરૂષ આગલા જીવનમાં મહાન કષ્ટ (મહા દુઃખ) ભોગવે છે.

*** સૂક્ષ્મ વેદમાં બતાવ્યું છે કે જે મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને ભક્તિ નથી કરતા, તેમને શું નુકસાન થાય છે ?**

*કબીર, હરિ કે નામ બિના, નારિ કુતિયા હોય ।*
*ગલી-ગલી ભૌકત ફિરૈ, ટૂકના ડાલૈ કોય ।।*

**સંત ગરીબદાસજીની વાણીમાંથીઃ-**

*બીબી પડદૈ રહેથી, ડ્યોડી લગતી બાહર ।*
*અબ ગાત ઉઘાડૈ ફિરતી હૈં, બન કુતિયા બાજાર ।।*
*વે પડદે કી સુન્દરી, સુનોં સંદેશા મોર ।*
*ગાત ઉઘાડૈ ફિરતી હૈ કરેં સરાયોં શોર ।।*

*નક બેસર નક પર બનિ, પહરેંથી હાર હમેલ ।*
*સુન્દરી સે કુતિયા બની, સુન સાહેબ (પ્રભુ)કે ખેલ ॥*

**ભાવાર્થઃ-** મનુષ્ય જીવન પ્રાપ્ત પ્રાણી અગર ભક્તિ નથી કરતા તો તે મૃત્યુ થયા પછી પશુ-પક્ષીઓ વગેરે વગેરેની યોનિઓ પ્રાપ્ત કરે છે, પરમાત્માના નામ-જાપ વગર સ્ત્રી આગલા જન્મમાં કૂતરીનું જીવન પ્રાપ્ત કરે છે. પછી નિઃવસ્ત્ર (વસ્ત્ર વગરની) થઈને નાગા (ખુલ્લા) શરીરે શેરીઓમાં ભટકતી રહે છે, ભૂખથી ખરાબ હાલત થાય છે, તેને કોઈ રોટલીનો ટુકડો પણ નથી નાંખતું. જે સમયે તે આત્મા સ્ત્રી રૂપમાં કોઈ રાજા, રાણા તથા ઉચ્ચ અધિકારીની બીવી (પત્ની) હતી. તે તેના પાછલા જન્મોના પુણ્યોનું ફળ હતું જે કોઈ વખત કોઈ જન્મમાં ભક્તિ-ધર્મ વગેરે કર્યા હતા. તે સર્વ (બધી) ભક્તિ તથા પુણ્ય સ્ત્રી રૂપમાં પ્રાપ્ત કરી લીધાં, તે આત્મા ઉચ્ચ કુટુંબોની વહુ-બેટીઓ હતી. ત્યારે પડદાં (ઘરમાં ઘુમટા)માં રહેતી હતી, કાજુ-દ્રાક્ષ નાંખીને હલવો (શીરો) તથા ખીર ખાતી હતી, તેમનું એંઠું છોડેલું ભોજન નોકરાણીઓ ખાતી હતી. તેમને સત્સંગમાં જવા દેવામાં આવતી નહતી કારણ કે તે ઉચ્ચ કુટુંબોની વહુઓ તથા દિકરીઓ હતી, ઘરથી બહાર જવાથી બેઈજ્જતી (આબરૂ જતી રહે એવું) માનતી હતી. મોટા ઘરોની ઈજ્જત આમાં જ માનવામાં આવતી હતી કે વહુ-દિકરીઓનું પડદામાં (ઘરમાં અને ઘુમટામાં) ઘરમાં રહેવું યોગ્ય છે. એ બધા કારણોથી તે પુણ્યાત્મા સત્સંગ વિચાર ન સાંભળવાના કારણે ભક્તિથી વંચિત રહી જતી હતી. તે માનવશરીરમાં તે સ્ત્રી ગળામાં નવ-નવ લાખ રૂપિયાના હમેલ-હાર પહેરતી હતી, નાકમાં સોનાની નથણી પહેરતી હતી, એ હાર-શણગારમાં જ પોતાનું જીવન ધન્ય માનતી હતી. ભક્તિ ન કરવાથી તે હવે કૂતરીનું જીવન પ્રાપ્ત કરીને નાગા (નગ્ન) શરીરે શેરીઓમાં રોટલીના એક-એક ટુકડા માટે તડપી રહી હોય છે. શહેરમાં પહેલાં સરાય (ધર્મશાળા) હોતીથી. યાત્રી (મુસાફર) રાત્રિમાં તેમાં રોકાતા હતા, સવારે ભોજન ખાઈને પ્રસ્થાન કરતા હતા. તે પરદામાં રહેવાવાળી સુંદર સ્ત્રી કૂતરી બનીને ધર્મશાળામાં રોકાયેલા યાત્રીનો નાંખેલો ટુકડો ખાવાને માટે ધર્મશાળામાં ભોંક્યા કરે છે. રોટલીનો ટુકડો ધરતી પર નાંખવામાં આવે છે. તેની સાથે કેટલીક રેતી-માટી પણ ચોંટી જાય છે, તે સુંદરી જે કાજુ-કિસમિસવાળો હલવો (શીરો) ખીર ખાતી હતી, ભક્તિ કરતી નહતી, તે રેત-માટીવાળા ટુકડાને ખાઈ રહી છે. અગર મનુષ્ય શરીર રહેતાં રહેતાં પૂરા સંતથી નામ લઈને ભક્તિ કરી લેતી તો આ દિવસો જોવા ન પડતા.

## ✪ ''પુહલો બાઈ (બહેન)ની શિખામણ (સલાહ)''

**એક રાજાએ પુહલો બાઈના જ્ઞાન-વિચાર સાંભળ્યા, ખૂબ પ્રભાવિત થયા. તે રાજાની ત્રણ રાણીઓ હતી. રાજાએ પોતાની રાણીઓને પુહલો બાઈના વિષયમાં બતાવ્યું. રાજાએ કેટલીયે વાર પુહલો બાઈ ભક્તમતિની પ્રશંસા પોતાની રાણીઓ આગળ કરી. પોતાના પતિના મુખથી (મોંઢેથી) બીજી સ્ત્રીની પ્રશંસા સાંભળીને રાણીઓને સારું લાગ્યું નહિ. પરંતુ કંઈ બોલી શકી નહિ. તેમણે ભક્તમતિ પુહલોબાઈને જોવાની ઈચ્છા વ્યક્ત કરી. રાજાએ પુહલો બાઈને પોતાના ઘરે સત્સંગ કરવાને માટે કહ્યું તો પુહલો બાઈએ સત્સંગની તિથિ તથા સમય રાજાને બતાવી દીધો. સત્સંગના દિવસે રાણીઓએ એકદમ સુંદર તથા કિંમતી કપડાં પહેર્યાં તથા બધા આભૂષણ (ઘરેણા) પહેર્યાં. પોતાની સુંદરતા દેખાડવા માટે કોઈ કસર છોડી નહિ. રાણીઓએ વિચાર્યું હતું કે પુહલો ખૂબ સુંદર હશે. ભક્તમતિ પુહલો રાજાના ઘરે આવી. તેને ખદ્દરનું (જાડું કપડું) મેલુ-હરખું વસ્ત્ર ધારણ કરી રાખ્યું હતું. હાથમાં માળા હતી, ચહેરાનો રંગ પણ સાફ નહતો. ભક્તમતિ પુહલોને જોઈને ત્રણે રાણીઓ ખળ-ખળાટ કરીને હસવા લાગી અને બોલી કે આ છે પુહલો, અમે તો વિચાર્યું હતું ? કે ખૂબ સુંદર હશે. તેમની વાત સાંભળીને ભક્તમતિ પુહલો બાઈએ કહ્યું કે:-**

*વસ્ત્ર-આભૂષણ તન કી શોભા, યહ તન કાચ્ચો ભાન્ડો ।*
*ભક્તિ બિના બનોગી કુતિયા, રામ ભજો ન રાંડો ।।*

**ભાવાર્થ:-** **સુંદર વસ્ત્ર (કપડાં) તથા આભૂષણ (ઘરેણાં) શરીરની શોભા વધારે છે. આ શરીર નાશવાન છે, જેમકે કાચો ઘડો હોય છે. આ શરીર ક્ષણભંગુર છે. ન જાણે કયા કારણથી, કઈ ઉંમરમાં અને ક્યારે કષ્ટ (દુ:ખ) થઈ જાય. અગર ભક્તિ નથી કરી તો આગલા જન્મમાં કૂતરીનો જન્મ મેળવશો. પછી નિ:વસ્ત્ર (કપડાં વગરની) ભટકતી ફરશો. એટલા માટે કહ્યું છે કે ''રાન્ડો'' (રાંડો) એટલે કે સ્ત્રીઓ ભક્તિ કરો. 'રાંડ' શબ્દ વિધવાના માટે પ્રયોગ થાય છે. પરંતુ સામાન્ય રીતિમાં સ્ત્રીઓ પોતાની પ્રિય સખીઓ (બહેનપણીઓ) ને પ્યારથી સંબોધન કરવામાં ઉપયોગ કર્યા કરતી. હવે શિક્ષિત થવાના કારણે આ શબ્દપ્રયોગ નથી થતો. ભક્તમતિ પુહલોબાઈએ સત્સંગ સંભળાવ્યો. કબીર પરમેશ્વરજીની સાખીઓ સંભળાવી:-**

*કબીર રામ રટત કોઢી ભલો, ચૂ-ચૂ પડે જો ચામ ।*
*સુંદર દેહિ કિસ કામ કી, જા મુખ નાહીં નામ ।।*

*કબીર, નહીં ભરોસા દેહિ કા, વિનશ જાએ છિન માહીં ।*
*શ્વાંસ-ઉશ્વાંસ મેં નામ જપો, ઔર યત્ન કુછ નાહીં ।।*
*કબીર, શ્વાંસ-ઉશ્વાંસ મેં નામ જપો, વ્યર્થા શ્વાંસ મત ખોઓ ।*
*ના જાને ઈસ શ્વાંસ કા, આવન હો કે ના હોય ।।*
*ગરીબ, સર્વ સોને કી લંકાથી, રાવણ સે રણધીરમ્ ।*
*એક પલક મેં રાજય ગયા, જમકે પડે જંજીરમ્ ।।*
*ગરીબ, મર્દ-ગર્દ મેં મિલ ગએ, રાવણ સે રણધીરમ્ ।*
*કંસ, કેસિ, ચાણૂર સે, હિરણાકુશ બલબીરમ્ ।।*
*ગરીબ, તેરી ક્યા બુનિયાદ હૈ, જીવ જન્મ ધરિ લેત ।*
*દાસ ગરીબ હરિ નામ બિન, ખાલી રહ જા ખેત ।।*

**ભક્તમતિ પુહલોએ આ સંસારની વાસ્તવિકતા બતાવી તથા ભક્તિ ન કરવાથી થવાવાળા કષ્ટ (દુઃખ) બતાવ્યા. નાના સરખા રાજ્યના ટુકડાને પ્રાપ્ત કરીને આપ આટલો ગર્વ કરી રહ્યા છો, આ વ્યર્થ (ખોટું) છે. લંકાના રાજા રાવણે સોના (Gold) ના મકાન બનાવી રાખ્યા હતા. સત્ય ભક્તિ ન કરવાથી રાજય પણ ગયું, સોનું પણ અહીં રહી ગયું, નરકનો ભાગી બન્યો. રાજા રાણીઓએ ઉપદેશ લઈને ભક્તિ કરી તથા જીવન ધન્ય બનાવ્યું.**

*કબીર, હરિ કે નામ બિન, રાજા રષભ હોય ।*
*મિટ્ટી લદે કુમ્હાર કે, ઘાસ ન નીરૈ કોએ ।।*

**ભગવાનની ભક્તિ ન કરવાથી રાજા ગધેડાનું શરીર પ્રાપ્ત કરે છે. કુંભારના ઘરે રહીને પીઠ પર માટી ઉપાડે છે. ઘાસ સ્વયં (જાતે જ) જંગલમાં ખાઈને આવે છે.**

*ફિર પીછે તુ પશુઆ કિજૈ, દીજૈ બૈલ બનાય ।*
*ચાર પહર જંગલમેં ડોલે, તો નહીં ઉદર ભરાય ।।*
*સિર પર સીંગ દિએ મન બૌરે, દૂમ સે મચ્છર ઉડાય ।*
*કાંધે જૂઆ જોતે કૂઆ, કોંદોં કા ભૂસ ખાય ।।*

**ભાવાર્થ:- ગધેડાનું શરીર (જીવન) પૂરું કરીને તે પ્રાણી બળદની યોનિ પ્રાપ્ત કરે છે. માનવશરીરમાં જીવને કેટલી બધી સુવિધાઓ પ્રાપ્ત હતી. ભૂખ લાગતાં જ ખાવાનું ખાઓ, દૂધ પીઓ, ચા પીઓ, તરસ લાગે તો પાણી પી લ્યો. ભક્તિ ન કરવાથી તે જ પ્રાણી બળદ બનીને સવારથી સાંજ સુધી ચાર પહર એટલે કે 12 કલાક સુધી જંગલમાં ફરે છે, હળમાં જોડવામાં આવે છે. દિવસમાં કેવળ બે વાર આહાર (ખોરાક) બળદને ખવડાવવામાં આવે છે બપોરે 12 વાગે તથા રાતમાં. પરંતુ બળદને વચમાં ભૂખ લાગી છે અને**

ચારે તરફ ચારો (ચરવાનું ઘાસ) પણ પડ્યું હોય છે, છતાં પણ ખાઈ નથી શકતો. હાલી (હળ ચલાવનાર) તેને ઘાસ નથી ખાવા દેતો, પાણી પણ સમય પર દિવસમાં બે અથવા ત્રણ વાર પીવડાવવામાં આવે છે. માથા પર શીંગડા તથા એક દુમ (પૂંછડું) લાગ્યું હશે. જ્યારે માનવશરીરમાં હતો, ત્યારે તે જીવ કૂલર, પંખા તથા એ.સી.વાળા રૂમોમાં રહેતો હતો. હવે એક પૂંછડું છે, એને ગમે તો કુલરની જગ્યાએ, ગમે પંખાની જગ્યાએ પ્રયોગ કરો, તેનાથી જ મચ્છર પણ ઉડાડે છે.

※ સત્સંગમાં આ પણ બતાવવામાં આવ્યું કે ઘરમાં કલેશ (ઝઘડો-કંકસા)નું કારણ પરમાત્માના વિધાન (કાયદા)ને ન સમજીને સંસારના ભાવમાં ચાલવું તે છે. ઘરનો કોઈ સભ્ય ઘરમાં નુકસાન કરવા નથી ઈચ્છતો. કોઈ કારણથી નુકસાન થઈ જાય છે તો તેને લઈને કલેશ (ઝઘડો-કંકાસ) નહિ કરવો જોઈએ. જે નુકસાન થવાનું હતું, તે તો થઈ ચુક્યું છે, તે તો ઠીક (સારું) થવાનું નથી. વ્યર્થનો (ખોટો) ઝઘડો કરવો સમજદારી નથી. જેના દ્વારા ભૂલથી કોઈ નુકસાન થઈ જાય છે તો તેને કહેવું જોઈએ, હે બેટા-બેટી, માતા-પિતા અથવા સાસુ-વહુ ! આ જે થઈ ગયું, આ આપણા ભાગ્યમાં નહતું. આપે જાણી-જોઈને તો કર્યું નથી. આ વાતથી ઘરમાં શાંતિ કાયમ રહે છે. કલેશમાં કાળ નિવાસ કરે છે. ભૂત-પ્રેતોનું તે ઘરમાં રહેઠાણ થાય છે. જે કલેશ (કંકાસ-ઝઘડો) નથી કરતા, તે સુખથી જીવન ગુજારે છે. જે ઘરમાં પરમાત્માની ભક્તિ (આરતી-સ્તુતિ, જ્યોતિ યજ્ઞ એટલે કે ચોખ્ખા ઘીનો દીવો) થાય છે, તે ઘરમાં દેવતાઓનો નિવાસ થાય છે.

સત્સંગમાં સાંભળીને બધી પોત-પોતાના ઘરે ચાલી ગઈ. સત્સંગ દિવસના 12 વાગ્યાથી 02 વાગ્યા સુધી થયો હતો. પુત્રવધૂને ખબર નહતી કે સાસુ-મા સત્સંગમાં ગઈ હતી. આગલા દિવસે સવારમાં ભેંસનું દૂધ કાઢીને પુત્રવધૂ તે દૂધની ભરેલી ડોલને ધાબામાં લટકવેલા સળીયાની આંકડીમાં દરરોજની માફક લટકાવવા લાગી, તેને લાગ્યું કે ડોલ લટકી ગઈ, પરંતુ સળિયાની આંકડી ઊલટી તરફ થઈ ગઈ હતી. પુત્રવધૂએ વિચાર્યું કે બરાબર લટકી છે અને ડોલ છોડી દીધી. ડોલ ધરતી પર પડી ગઈ. દૂધ ઢળીને ફેલાઈ ગયું. અવાજ સાંભળીને ભેતરી આવી અને પુત્રવધૂ દૂધથી નજર હટાવીને સાસુ-માની તરફ ઉદાસ થઈને જોઈ રહી હતી. બોલવું યોગ્ય ન સમજ્યું. કારણ કે પુત્રવધૂને ખબર હતી કે સાસુ-મા કોઈપણ પ્રકારના સફાઈના વચનો સાંભળતી નહતી. વિચારી રહી હતી કે આજનો આખો દિવસ કલેશમાં જશે. સાંજે પતિ આવશે, તેનાથી પણ માર ખવડાવશે. હે પરમાત્મા ! આવું કેમ બન્યું ? આવી ભૂલ તો ક્યારેય થઈ નહતી. હે સતગુરૂ ! થોડીક તો દયા

કરો, હું તો આપની ભક્તિ પણ ભૂલવા જેવી થઈ રહી છું. મને તો આખો દિવસ સાસુ-માના શ્લોક યાદ રહે છે. ભેતરી બોલી, બેટી ! જે થવાનું હતું, તે થઈ ગયું. આજે અમારા ભાગ્યમાં દૂધ છે જ નહિ. ચિંતા ન કર. આ દૂધને ઉપર-ઉપરથી હાથથી ખોબામાં આવે તેટલું લઈ લઈને ડોલમાં ભરી લે અને ભેંસને પીવડાવી દે. આમ કહીને જે નામ દીક્ષા લીધી હતી, તેનો જાપ કરવા લાગી ગઈ. પુત્રવધૂને પોતાના કાનો પર વિશ્વાસ નહોતો થઈ રહ્યો. વિચારી રહી હતી કે માતાજીએ આજે ખબર નહિ કયું સ્ટેશન (રેડિયો આકાશવાણી) પકડી પાડ્યું. આ શીતળ (ઠંડકવાળાં) વચન ભેતરીની બોરી (બારદાન)માં નહતા. એમાં ખોળ ભર્યો હતો. આજુબાજુ થઈને નીકળતી હતી, ત્યારે પણ બબળાટની આગ નીકળતી હતી. પુત્રવધૂનું નામ નિશા હતું. તે વિચારી રહી હતી કેઃ-

*નિશા આજ નિશા (રાત્રિ) મેં તેરી બુરી હોગી દશા ।*

નિશાને વિચાર આવ્યો કે પતિને બતાવશે. તે માતાની વાત સાંભળીને મારું કંઈ નથી સાંભળતા. ખરું-ખોટું કહેશે. આખો દિવસ અને રાત રોવામાં જશે. નિશાએ ઢળી ગયેલું દૂધ બંને હાથથી (ખોબે-ખોબે) ડોલમાં ભરી લીધું અને ભેંસને પીવડાવી દીધું. ડોલ ધોઈને મૂકી દીધી. ભેતરી આવી અને બોલી કે બેટી ! રોટલા ખાઈ લે. ચિંતા ના કર. બેટી ! હું કાલે મારી બહેન દયાકૌરની સાથે દિવસના સત્સંગમાં ગઈ હતી. મારી તો આંખો ખુલી ગઈ. હું તો ખૂબ ઝઘડાળુ બની ગઈ હતી. બેટી થઈ શકે તો ક્ષમા કરી દેજે. પાછળ થયું તે થયું. હવે આગળ તો પોતાની બેટીને પલકો પર રાખીશ. મારી સાચી દિકરી તો તું છે. જન્મી દિકરી તો બીજાની હતી, તે ચાલી ગઈ. આપણું દુઃખ-સુખ ભેગું છે. મારી તો એક દિવસના સત્સંગે જ આંખો ખોલી દીધી. દિકરી ! આગલા રવિવારે આપ પણ આવજો, હું પણ આવીશ. ધીરે ધીરે દિકરાને પણ લઈ જઈશું. નિશાએ પોતાના ગુરૂજીનો ફોટો (સ્વરૂપ) કપડાંમાં સંતાડી રાખ્યો હતો. ફોટો કાઢીને ચરણોમાં શીશ (માથું) રાખીને કહ્યું કે ગુરૂવર ! આજ આપને પોતાની બેટીની પોકાર સાંભળી લીધી. ઘરને સ્વર્ગ બનાવી દીધું. સાંજે ચત્તારસિંહ આવ્યા તો માતાએ દૂધ ઢોળાઈ જવાની વાત પણ ન કરી. થોડા દિવસ બાદ ચત્તારસિંહને પણ નામ અપાવી દીધું. કેટલાક સમય પછી નિશાના ગુરૂજી આવી ગયા. નિશાએ બતાવ્યું કે ગુરૂજી ! મારી સાસુ-મા ખૂબ સારી છે. એને પણ ગુરૂનું નામ લઈ લીધું છે.

ભેતરીએ કહ્યું, મહારાજજી ! નિશાએ ક્યારેય બતાવ્યું નથી કે એણે દીક્ષા લઈ રાખી છે. આ મારા કલેશથી ડરતી હશે. હવે બતાવ્યું છે જ્યારે

મેં નામ લઈ લીધું. સારું કર્યું એને, અગર પહેલાં બતાવી દેતી તો હું પછી વધારે દુઃખી કરતી અને બીજા વધારે પાપની ભોગી બનતી. નિશાના ગુરૂજીએ કહ્યું, માઈ ભેતરી ! આપ તો આસમાન (આકાશ)થી પડી અને ખજૂરમાં અટકી ગઈ છો કારણ કે આપની દીક્ષા શાસ્ત્રાનુકૂળ નથી. સત્ય સાધના વગર મોક્ષ નથી થઈ શકતો. જેમકે રોગની સાચી ઔષધિ (દવા) ખાવાથી જ રોગથી છૂટકારો (મોક્ષ) મળે છે. આ જ પ્રમાણે સત્ય સાધના કરવાથી જન્મ-મરણના રોગથી મુક્તિ મળે છે. નિશાએ વિચાર્યું કે સાસુ-મા નારાજ ન થઈ જાય. એટલા માટે વચમાં જ બોલી ઊઠી કે, ગુરૂજી ! સાંભળ્યું છે કે આપે નવું પુસ્તક લખ્યું છે, તે સંગતે (ભક્તોના સમૂહને સંગત કહે છે) છપાવ્યું છે. શું આપની પાસે છે ? ગુરૂજી બોલ્યા હે બેટી ! આપને આપવાને માટે આવ્યો છું. આમ કહીને ગુરૂજી બીજા રૂમમાં ગયા જેમાં રોકાયા હતા. તેમાં થેલો રાખ્યો હતો. નિશા પણ સાથે-સાથે ગઈ અને બોલી, ગુરૂદેવ ભિરડના છત્તાને (ભમરાના મધપુડાને) ન છેડો (છંછેડશો નહિ) મુશ્કેલીથી શાંત થયો છે. ગુરૂજી બોલ્યા, હે બેટી ! હવે તારી સાસુજીની પૂરી રૂચિ ભક્તિમાં છે, હવે એ માનશે. ગુરૂજી ત્રણ દિવસ રોકાયા. તત્વજ્ઞાન સમજાવ્યું. ભેતરીએ પણ ગુરૂ બદલી લીધા અને પોતાનું કલ્યાણ કરાવ્યું.

સત્સંગથી ઘર સ્વર્ગ બની ગયું. ચારે તરફ (બધી રીતે) શાંતિ થઈ ગઈ. જ્યાં ગાળા-ગાળીના આખો દિવસ ગોળા છૂટતા હતા, હવે તે ઘરમાં પરમાત્માના જ્ઞાનની ગંગા વહેવા લાગી.

ભક્તમતિ નિશાના ગુરૂજી પરમેશ્વર કબીરજી હતા જે અન્ય (બીજા) વેશમાં સત્ય ભક્તિ પ્રચાર કરવાને માટે ધૂમતા-ફરતા હતા. તેમને બતાવ્યું કે કયા પ્રભુની ભક્તિ કરવી જોઈએ ? વાંચો આ જ પુસ્તકના પાના નં. **271** પરઃ-

*નિષ્કર્ષઃ- પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છ કેઃ-*

*મન નેકી કર લે, દો દિન કા મહેમાન ।। ટેક ।।*

*માત-પિતા તેરા કુટમ કબીલા, કોએ દિન કા રલ મિલ કા મેલા ।*
*અન્ત સમય ઉઠ ચલે અકેલા, તજ માયા મન્ડાન ।। 1 ।।*
*કહાં સે આયા, કહાં જાએગા, તન છૂટૈ તબ કહાં સમાએગા ।*
*આખિર તુઝકો કૌન કહેગા, ગુરૂ બિન આત્મ જ્ઞાન ।। 2 ।।*
*કૌન તુમ્હારા સચ્ચા સાંઈ, ઝૂઠી હૈ યે સકલ સગાઈ ।*
*ચલને સે પહલે સોચ રે ભાઈ, કહાં કરેગા વિશ્રામ ।। 3 ।।*
*રહટ માલ પનઘટ જ્યોં ભરિતા, આવત જાત ભરૈ કરૈ રીતા ।*
*જુગન-જુગન તૂ મરતા જીતા, કરવા લે રે કલ્યાણ ।। 4 ।।*

*લખ-ચૌરાસી કી સહ ત્રાસા, ઊંચ-નીચ ધર લેતા બાસા ।*
*કહ કબીર સબ મિટાઊ, કર મેરી પહચાન ॥ 5 ॥*

**ભાવાર્થ:-** પરમેશ્વર કબીરજીએ પોતાના મનને સંબોધિત કરીને અમને પ્રાણીઓને સતર્ક (જાગૃત) કર્યા છે કે આ સંસારમાં બે દિવસનો એટલે કે થોડા સમયનો મહેમાન છે. આ થોડા-સરખા માનવ જીવનમાં આત્મજ્ઞાનના અભાવથી અનેક પ્રકારના પાપ એકઠા (ભેગાં) કરીને અનમોલ (અમૂલ્ય) માનવ જીવનને નષ્ટ (નાશ) કરીને જાય છે. ધન કમાવાની વિધિ તો સંસારના વ્યક્તિ બતાવી શકે છે, પરંતુ ગુરૂદેવજીના વગર આત્મજ્ઞાન એટલે કે જીવ ક્યાંથી આવ્યો ? મનુષ્ય જીવનો મૂળ ઉદ્દેશ્ય શું છે ? સતગુરૂ ધારણ કર્યા વગર એટલે કે દીક્ષા લીધા વગર જીવનો માનવજન્મ નાશ થઈ જાય છે. આ વાત ગુરૂજીના વગર કોઈ બતાવશે નહિ. ચાહે (ગમે) પૃથ્વીનો રાજા પણ બની જાય, પરંતુ ભવિષ્યમાં પશુ જન્મ મળશે. જન્મ-મરણનું ચક્ર ગુરૂજીના જ્ઞાન તથા દીક્ષા મંત્ર (નામ) વગર સમાપ્ત નથી થઈ શકતું. જ્યાં સુધી જન્મ-મરણનું ચક્ર સમાપ્ત નથી થતું તો બતાવ્યું છે કે:-

*યહ જીવન હરહટ કા કુંઆ લોઈ । યા ગલ બન્ધા હૈ સબ કોઈ ॥*
*કીડી-કુંજર ઔર અવતારા । હરહટ ડોર બન્ધે કઈ બારા ॥*

**ભાવાર્થ:-** જેમ કે હરહટ (રેંટ)ના કૂવામાં લોખંડનું ચક્ર (ગોળ ચકકર) લાગેલું હોય છે. તેના ઉપર ઘણી બધી બાલ્ટી (ડોલ) વેલ્ડીંગ કરવામાં આવે છે. પહેલાંના સમયમાં આ રેંટ દ્વારા કૂવામાંથી પાણી કાઢતા હતા. તે સમયે રેંટને બળદ અથવા ઊંટથી ચલાવતા હતા. જેમ કે કોલ્હૂ (ધાણી), બળદ-ઊંટથી ચલાવે છે. (પહેલાં વધારે ચલાવતા હતા) રહેંટની ખાલી ડોલ નીચે કૂવામાંથી પાણી ભરીને ઉપર લાવે છે. ઉપર આવીને ખાલી થઈ જાય છે. આ ચક્ર કાયમ ચાલુ રહે છે. આ જ પ્રમાણે પૃથ્વીરૂપી કૂવાથી પાપ તથા પુણ્યોની ડોલો ભરીને ઉપર સ્વર્ગ-નરકમાં ખાલી કરી. આ પ્રમાણે જન્મ-મરણના ચક્રમાં જીવ કાયમ રહે છે. ઉપરના શબ્દ (સાખી)માં આ જ સમજાવ્યું છે કે સંસારમાં પરિવાર - ધન બધું ત્યાગીને એક દિવસ એકલો ચાલ્યો જઈશ. ફરી કોઈ બીજા સ્થાન પર જન્મ લઈને આવી જ ક્રિયાઓ કરીને ચાલ્યો જઈશ. અગર આપ ઘરથી દૂર કોઈ બીજા શહેરમાં જાઓ છો તો જવાથી પહેલાં નકકી કરો છો કે ત્યાં આગળ જઈશું. તેના પછી કઈ જગ્યાએ વિશ્રામ (રાતવાસો) કરીશું, તે પણ નકકી કરી લઈએ છીએ, પરંતુ સંસાર છોડીને જાઓ છો તો ક્યારેય વિચાર નથી કરતા કે ક્યાં વિશ્રામ કરશો. હે જીવ ! ચોર્યાસી લાખ પ્રકારના પ્રાણીઓના શરીરોમાં પ્રતાડના

(તકલીફો-પીડાઓનો માર) સહન કરે છે. મરતા-જીતા (મરે-જીવે) (નવા પ્રાણીના જીવન પ્રાપ્ત કરે) છે કોઈ વખત રાજા બનીને ઉચ્ચ (ઊંચી જાતિનો) બની જાય છે, ક્યારેક કંગાળ (ભિખારી) બનીને નીચ કહેવાય છે. પરમાત્મા કબીરજી સમજાવી રહ્યા છે કે હે પ્રાણી ! તું મને ઓળખ, હું સમર્થ પરમાત્મા છું. હું તારા જન્મ-મરણની સર્વ ઝંઝટ સમાપ્ત કરી દઈશ.

*(શબ્દ નં. 2)*

*નામ સુમર લે સુકર્મ કરલે, કૌન જાને કલ કી ।।*
*ખબર નહીં પલ કી (ટેક)*
*કોડિ-કોડિ માયા જોડી બાત કરે છલ કી,*
*પાપ પુણ્ય કી બાંધી પોટરિયા, કૈસે હોવે હલ્કી ।। 1 ।।*
*માત-પિતા પરિવાર ભાઈ બંધુ, ત્રીરિયા મતલબ કી,*
*ચલતી બરિયાં કોઈના સાથી, યા માટી જંગલ કી ।। 2 ।।*
*તારોં બીચ ચંદ્રમા જ્યોં ઝલકૈ, તેરી મહિમા ઝલા ઝલ્કી,*
*બનૈ કુકરા, વિષ્ટા ખાવૈ, અબ બાત કરૈ બલ કી ।। 3 ।।*
*યે સંસાર રૈન કા સપના, ઓસ બૂંદ જલ કી,*
*સતનામ બિના સબૈ સાધના ગારા દલદલ કી ।। 4 ।।*
*અન્ત સમય જબ ચલૈ અકેલા, આંસૂ નૈન ઢલકી,*
*કહ કબીર ગહ શરણ મેરી હો રક્ષા જલ થલ કી ।। 5 ।।*

**ભાવાર્થઃ-** પરમાત્મા કબીરજીએ બતાવ્યું છે કે હે ભોળા માનવ (સ્ત્રી/પુરૂષ) ! પરમાત્માનું નામ જાપ કર તથા શુભ કર્મ કર. ખબર નહિ કાલે એટલે કે ભવિષ્યમાં શું દુર્ઘટના થઈ જશે. એક પળની પણ ખબર (જાણકારી) નથી.

ધનનો સંગ્રહ છળ-કપટ કર્યા વગર થશે જ નહિ, જેમાંથી થોડો ધર્મ પર પણ ખર્ચ કરી દે છે. આ પ્રમાણે પાપ તથા પુણ્યની બે પોટલી બાંધી લીધી. આ કેવી રીતે હલકી થશે ? પાપ નરકમાં પુણ્ય સ્વર્ગમાં. માતા-પિતા, ભાઈ-પત્ની વગેરે વગેરે પરિવારના સભ્યો મતલબની (સ્વાર્થની) વાતોને વિચારે છે. પૂર્વ (પાછલા) જન્મોના કારણે પરિવાર રૂપમાં જોડાયા છે. જે જેનો સમય પૂરો થઈ જશે, સંસ્કાર (લેવડ-દેવડરૂપી કર્મોનો હિસાબ) સમાપ્ત થતા જશે, તે તરત જ પરિવાર છોડીને ચાલ્યો જશે. જેમ કે રેલગાડીમાં ડબ્બા ભરેલા હોય છે, જે-જેને જ્યાં-જ્યાંની ટિકિટ લઈને રાખી છે, ત્યાં-ત્યાં ઉતરીને ચાલ્યા જાય છે. આ પરિવાર (કુટુંબ) રેલના ડબ્બાની માફક છે. મૃત્યુ થઈ ગયા પછી આ શરીર માટી થઈ જાય છે. તે સમયે તારો કોઈ પરિવારનો સભ્ય સાથી = સહયોગી/સંગાથી સાથે નહિ હોય.

એક વ્યક્તિ પોતાની પત્નીને ખૂબ પ્રેમ કરતો હતો. વૃદ્ધ (ઘરડો) થયો તો તેનું મૃત્યુ નજીક હતું. તેણે પોતાની પત્નીને કહ્યું કે આપ મારી સાથે ચાલશો (આવશો) તેણે તરત જ મનાઈ કરી દીધી કે ''ના હું તારી સાથે નહિ મરું. તારાથી ત્રણ વર્ષ નાની છું.''વૃદ્ધને તે દિવસે આઘાત લાગી ગયો. તેને તેનાથી વાત કરવાની પણ બંધ કરી દીધી. નજીક આવે તો મોંઢું ફેરવી લે. બિલકુલ બોલે નહિ. 60 વર્ષથી સાથે રહેલા તે વૃદ્ધને પહેલીવાર અનુભવ થયો કે કોઈ કોઈનું નથી. હે માનવ ! પૂર્વ જન્મના જપ-તપ તથા ધર્મ સંસ્કારથી વર્તમાનમાં મંત્રી, પ્રધાનમંત્રી અથવા ઉચ્ચ અધિકારી બનીને એવો સુશોભિત થઈ રહ્યો છે, જેમ કે રાત્રિના સમયમાં તારાઓના મધ્યમાં ચંદ્રની શોભા હોય છે. અગર સત્સંગ વિચાર નથી સાંભળ્યા તો આત્મજ્ઞાનના વગર પરમાત્માની ભક્તિ નહિ કરીને ભવિષ્યના જન્મમાં કૂતરો બનીને વિષ્ટા (ગોબર-ટટ્ટી-ગંધ) ખાશે. હવે તુ (અત્યારે તુ) પોતાના બળ એટલે કે શારીરિક શક્તિ, પદની તાકાતની વાતો કરે છે. પછી પશુ બનીને મહાન કષ્ટ (દુઃખ) ઊઠાવીશ.

*નર સે ફીર પશુવા કીજૈ, ગધા-બૈલ બનાઈ ।*
*છપ્પન ભોગ કહાં મન બોરે, કુરડી ચરને જાઈ ।।*

સંસારમાં તારું જીવન એવું છે જેમ કે સવારે ઓછ (ઝાકળ)ના જળની બુંદો ઘાસ પર ચમકી રહી હોય છે, જે થોડા સમયમાં સમાપ્ત થઈ જાય છે. એટલા માટે પૂર્ણ સતગુરૂથી સતનામ એટલે કે સાચા નામ જાપ મંત્ર લઈને ભક્તિ કરીને જીવનું કલ્યાણ કરાવી લે. સાચા શાસ્ત્ર અનુકૂળ ભક્તિ મંત્રના સિવાય બધી શાસ્ત્ર વિરુદ્ધ સાધના તો માટીના દળદળના ગારા જેવી છે. નીકળવાની જગ્યાએ ડબલ (બે ઘણા) ફસાવે છે. તે સાધના પરમેશ્વર કબીરજીની પાસે હતી તથા કેટલાક સંતોને પણ પરમેશ્વર કબીરજીએ બતાવી હતી, પરંતુ તેમને બીજાઓને બતાવવાની મનાઈ કરી હતી. વર્તમાનમાં (સન્ 1997 થી) મારી પાસે એટલે કે આ દાસ (રામપાલ)ની પાસે છે. આવો દીક્ષા લ્યો અને પોતાનું તથા પોતાના પરિવારનું જીવન સફળ બનાવો.

ઉપરોક્ત સત્સંગ વચનોથી એ નિષ્કર્ષ (સાર) નીકળે છે કે અગર સત્સંગના વિચાર સાંભળવા મળી જાય તો ઘર સ્વર્ગ બની જાય છે. તેના વગર નરક જેવું જીવન જીવવું પડે છે. આ પ્રમાણે વિશ્વ ઉદ્ધાર સંભવ (શક્ય) છે. બધા જ પ્રેમ-પ્યારથી જીવન પૂરું કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આ ખૂબ જરૂરી છે.

## ✪ વર્તમાનની કેટલીક સત્ય (સાચી) કથાઓ

### ● ''ભક્ત સુરેશ દાસના ઉજડેલા પરિવારને વસાવ્યો''

ગામ-ડીઘલ પાન્ના-ગંજા, ભક્તનું નામ : સુરેશ અહલાવત તથા ભક્તમતિનું નામ યશવંતી.

ડીઘલ ગામ સાક્ષી છે કે ભક્ત સુરેશ શરાબ (દારૂ), સુલ્ફા (ચરસ), તંબાકુનો આદી હતો. 'ઘરકી ઠૌર-બટોડ કર રખા થા' એટલે કે ઘરને ખાલી-ખોખલું કરી નાખ્યું હતું, ઘરનું તંત્ર બધું ખરાબ કરી રાખ્યું હતું. બહેન યશવંતી (સુરેશની પત્ની) અસાધ્ય રોગથી પીડાતી હતી. બે છોકરા (દિકરા) નાની ઉંમરના હતા જે પિતાને ઘરે આવતા જોઈને સંતાઈ જતા હતા. ઘરમાં ઝઘડો રહેતો હતો. બહેન યશવંતીનો એક ભાઈ હરિયાણા પોલીસમાં **D.Sp.** હતો. જે અત્યારે સેવા નિવૃત્ત (રિટાયર્ડ) થઈ ચુક્યો છે. નામ છે ભક્ત રાજેન્દ્રસિંહ રાઠી, ગામ-ભાપડોદા. તેને પોતાની બહેનની સારવાર કરાવવામાં કોઈ કસર છોડી નહતી. પરંતુ બધું વ્યર્થ રહ્યું. મારો એક ભક્ત જે હરિયાણા પોલીસમાં નોકરી કરી રહ્યો છે, તે આર્ય સમાજના મહાન પ્રચારક શ્રી જૌહરસિંહજીનો બેટો છે. (ગામ-જસરાના, જિલ્લો - સોનિપત), એની સાથે મારો નાનો ભાઈ મહેન્દ્રસિંહ પણ હરિયાણા પોલીસમાં નોકરી કરતો હતો જેને સન્ **2016**માં રિટાયર થવાનું હતું, પરંતુ પરમાર્થી મિશનના ઉદ્દેશ્યને સમજીને સન્ **2005**માં રિટાયરમેન્ટ લઈને મારી સાથે સહયોગમાં ભાગ લઈ રહ્યો છે. મારો ભાઈ **S.P.** રોહતકનો ડ્રાઈવર હતો. ભક્ત જયવીરસિંહ મલિક **D.Sp.** ઝજ્જરનો ડ્રાઈવર હતો. બંને ડ્રાઈવર મિત્રો જ્યારે મળતા હતા તો મારો ભાઈ તેની સાથે આ જ્ઞાનની ચર્ચા કરતો હતો. પહેલાં તો આર્ય સમાજી હોવાના કારણે ભક્ત જયવીરજી ખૂબ દુ:ખી થયા. પોતાના આચાર્યોને મળ્યા, પરંતુ છેલ્લે સત્યને નજરો સામે જોઈને માની લીધું કે સાચું આ જ છે. તેને સન **1994**માં મારાથી દીક્ષા લઈ લીધી. સન **1995-1996** સુધી ભક્ત રાજેન્દ્રસિંહ રાઠી ઝજ્જરમાં નોકરી કરતા હતા તથા જયવીરજી તેમના ડ્રાઈવર હતા. ભક્ત રાજેન્દ્રજીનો એક ભાઈ પોલીસમાં નોકરી કરતો હતો. બહેન યશવંતીવાળી બીમારી તેને પણ હતી. જેના કારણે સન **1995**માં તેનું મૃત્યુ થઈ ગયું. ડ્રાઈવરના કારણે ભક્ત જયવીરજી પણ **D.Sp.** ની સાથે તેમના ઘરે ગયા. બધી પરિસ્થિતિનું જ્ઞાન થયું. એક દિવસ પાછા આવતા સમયે જયવીરજીએ **D.Sp.** સાહેબને પોતાનો વિચાર જણાવ્યો કે આપ પોતાના પરિવારને બચાવવા ઈચ્છો છો તો (સંત રામપાલજી) થી દીક્ષા લઈ લો. પહેલાં તો માન્યું નહિ, પરંતુ ટ્રાયલ

કરવા (અનુભવ કરવા) માટે પોતાની અસાધ્ય (ભયંકર) રોગથી દુ:ખી બહેન યશવંતીને પોતાના નાના ભાઈ સુખવીરની સાથે દીક્ષા અપાવવા મોકલી. આ દાસ (રામપાલદાસ) સિંચાઈ વિભાગમાં જુનિયર ઍન્જિનીયર **(Jr. Er.)** ના પદ પર કાર્ય કરતો હતો. ગુરૂજીના આદેશથી દીક્ષા આપવા લાગ્યો તથા પ્રચાર કરવા લાગ્યો. મિશનના ઉદ્દેશ્યથી પરિચિત થઈને જનહિત તથા જગહિતમાં સન્ **1995**માં નોકરીથી ત્યાગપત્ર આપીને પ્રચાર-પ્રસારમાં લાગી ગયો હતો. (ત્યાગપત્ર હરિયાણા સરકાર દ્વારા સ્વીકૃત છે) ગામે-ગામમાં જઈને સંત ગરીબદાસજી મહારાજની વાણીનો અખંડ પાઠ કરતો હતો, સત્સંગ કરતો હતો. ત્રણ દિવસ આ અનુષ્ઠાન ચાલતું હતું. જ્ઞાન સમજાવીને બુરાઈઓ (ખરાબ ટેવો) છોડાવીને દીક્ષા આપતો હતો. જેના કારણે ઉપદેશીને આશ્ચર્યજનક લાભ થતો હતો. આજ ક્રમમાં એક દિવસ સન **1996**માં ગામ-પંજાબખોડ (દિલ્હી)માં ભક્ત જગદીશજીના ઘરે પાઠ ચાલી રહ્યો હતો. ભક્ત જગદીશ પણ પ્રથમ શ્રેણીનો (પહેલા નંબરનો) શરાબી (દારૂડીયા), ઉપદ્રવી (દારૂ પીને તોફાન કરનારા) હતો. તથા **D.T.C.** દિલ્હીમાં નોકરી કરે છે. તેની પત્નીની લાઈલાજ બીમારી પણ મુજ દાસ (આ દાસ) થી દીક્ષા લીધા પછી સારું થઈ ગયું. કરનાર તો પરમાત્મા છે, તેની શક્તિ સંતના માધ્યમથી આવે છે. જેમ કે તાર (વાયર) દ્વારા વીજળી આવે છે, તાર વીજળી નથી. આ જ પ્રમાણે ભલે જ સંત પરમાત્મા નથી, પરંતુ તાર ચોક્કસ હોય છે. તે સમયે બહેન યશવંતીની જીભ કામ કરતી બંધ થઈ ગઈ હતી. તે મુંગી થઈ ચુકી હતી. સુખબીરજી પોતાની બહેનને સાથે લઈને સાંજના સમયે ભક્ત જગદીશજીના ઘરે આવ્યા. મને બધી સમસ્યા (તકલીફો) બતાવી. તે બંને ભાઈ-બહેન રાત્રિનો સત્સંગ સાંભળીને ત્યાં જ રોકાઈ ગયા. બહેન યશવંતીને નામ આપ્યું. પ્રસાદ ખવડાવ્યો. સવારે ઊઠીને પોતાના ભાઈને બોલી, ભાઈ ! હું બોલવા લાગી ગઈ છું. હું ઠીક (સારી) થઈ ગઈ છું. આ ચમત્કાર જોઈને બંને ભાઈ-બહેન ત્યાં હાજર વ્યક્તિઓ (જે સત્સંગ સાંભળવા અને ભોગ લાગવાના સમયે ત્યાં આવ્યા હતા) ને બતાવી રહ્યા હતા કે કમાલ થઈ ગયો. તેના પછી **D.Sp.** સાહેબે તથા પુરા પરિવારે તથા સંબંધીઓએ દીક્ષા લઈ લીધી. આજે બધા સકુશળ છે, ભક્તિ કરી રહ્યા છે. ભક્ત સુરેશ એક નંબરના શરાબી (દારૂડીયો) હતો. પોતાની પત્નીને સારી થયેલી જોઈને સત્સંગમાં આવવા લાગ્યો. શરાબ (દારૂ) તથા બીજા બધા નશા ત્યાગીનેનામ લઈને સુધરી ગયો. બન્ને બાળકોએ પણ નામ લઈ લીધું. તે સમય સુધી કોઈ આશ્રમ બનાવ્યો નહોતો.

ગામ-ગામમાં જઈને પ્રચાર કરવામાં આવતો હતો. હવે બહેન યશવંતીનો પરિવાર પૂરા ડીઘલ ગામમાં એક મિસાલ (દાખલો) છે. સુરેશ ચૌધરી ભક્ત બની ગયા. બધી બુરાઈ (ખરાબી) ઓ ત્યાગી દીધી. બંને છોકરા દિલ્લી પોલીસમાં એક જ દિવસે સિપાઈ (હવાલદાર)ની ભર્તી થઈ ગયા. લોકોને લાગ્યું હશે કે પૈસા આપીને (ભર્તી લેવડ-દેવડ કરીને) ભર્તી કરાવ્યા હશે. પરંતુ સત્ય એ છે કે એક પૈસો પણ કોઈને નથી આપ્યો. આપ જાતે જ તપાસ કરી શકો છો. બન્ને છોકરાઓના વિવાહમાં એક રૂપિયાથી વધારે બીજું કંઈ લીધું નથી. આ પણ તપાસનો વિષય છે. આવા-આવા તો અનેકો ઉદાહરણ છે. આ કહાની બતાવવાનો મારો ઉદ્દેશ એ છે કે જેમ કે ગીતા અધ્યાય-16 ના શ્લોક-23 અને 24માં કહ્યું છે કે શાસ્ત્ર વિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરવાવાળાને કોઈ લાભ પરમાત્માથી નથી મળતો. શાસ્ત્રોક્ત (શાસ્ત્ર યુક્ત) ભક્તિ કરવાથી પરમાત્માની શક્તિથી સર્વ અસંભવ સિદ્ધ થઈ જાય છે. મોક્ષ પણ મળે છે. ઋગ્વેદ મંડલ-10 સૂક્ત 161 મંત્ર-2 માં પણ પ્રમાણ છે કે પરમાત્માની ભક્તિ કરવાવાળાનો અસાધ્ય (જીવલેણ) રોગ પણ નાશ થઈ જાય છે. અગર રોગી મોતના નજીક પણ પહોંચી ગયો હોય તો સત્ય ભક્તિ કરવાવાળાને સ્વસ્થ (નિરોગી) કરીને પરમાત્મા શત (100) પ્રતિશત (ટકા) આયુષ્ય પ્રદાન કરી દે છે એટલે કે ભક્ત પૂરી ઉંમર જીવતો રહે છે.

જેમ કે પહેલાં વીજળીનો વિસ્તાર થયો નહતો એટલે કે ગામે-ગામ પહોંચી નહતી ત્યારે આટો (લોટ) હાથથી ચાલવાવાળી ઘંટીથી માતા-બહેનો દળ્યા કરતી હતી. પુરૂષ હાથથી દાતરડાથી / કુહાડીથી ચારાને કાપ્યા કરતા હતા. પછી હાથથી ચારો કાપવાનું મશીન (ગંડાસા)નો આવિષ્કાર થયો. તે પણ કાઠું કાર્ય હતું. વર્તમાનમાં વીજળીની શક્તિથી આટા-ચક્કી (દળવાની ઘંટી) ચાલે છે, ચારો કાપવાનું મશીન ચાલે છે. અસંભવ કામ (કાર્ય) થઈ રહ્યું હતું તે એકદમ જલ્દી તથા સુગમ (સરળ) થઈ રહ્યું છે. વીજળીનું વિધિસર કનેકશન લેવાનું હોય છે. વીજળીની મર્યાદા (નિયમ) નું પાલન કરવાનું હોય છે, નહિ તો સુખદાયક વીજળી વિનાશનું કારણ બની જાય છે. આ જ પ્રમાણે પરમાત્માનું કનેકશન લેવું પડે છે અને પરમાત્માની મર્યાદાઓનું પાલન કરવાનું હોય છે. ત્યારે સર્વ (બધું) સુખ તથા મોક્ષ પરમાત્મા આપે છે. મર્યાદા (નિયમ) ભંગ થવાથી પરમાત્માની શક્તિ આવવાની બંધ થઈ જાય છે. સર્વ સુવિધાઓ મળવાની બંધ થઈ જાય છે. ડીઘલ ગામના વ્યક્તિ તે જૂઠા આચાર્યોની વાતોને સત્ય માનીને કરૌંથા આશ્રમમાં જવાવાળા પોતાના ગામવાળાઓને રોકતા હતા. તો ભક્ત સુરેશજી

તથા બહેન યશવંતીજી હાથ જોડીને ગામના વ્યક્તિઓને કહેતા હતા કે ગામ-રામ, મારો ચાહે છોડો, અમે તો આશ્રમમાં જવાનું બંધ નહિ કરીએ. અમારું ઘર તો ત્યાંથી વસ્યું છે એટલે કે ત્યાં જવાથી જ અમારું ઘર બચ્યું છે નહિ તો આજે અમે ઉજડી ગયા હોત (નાશ થઈ ગયો હોત). પરમાત્માએ તેમની સાચ્ચી ભક્તિનું ફળ પણ એવું જ આપી રાખ્યું છે.

ભક્ત સુરેશનો મોબાઈલ નં. **9034029495** છે.

### ● ''સત્સંગ ન સાંભળવાથી સર્વનાશ થયો''

*કબીર, રામ-નામ કડવા લાગૈ, મીઠે લાગેં દામ ।*
*દુવિધા મેં દોનોં ગએ, માયા મિલી ના રામ ।।*

પંજાબ પ્રાંત (રાજ્ય)માં મારા (રામપાલ દાસના) પૂજ્ય ગુરૂદેવજીનો આશ્રમ ''તલવંડી ભાઈની'' નામના કસ્બામાં છે. તેમના સતલોક ચાલ્યા ગયા પછી તેમનો દાસ (રામપાલ દાસ) મહિનાના બીજા રવિવારે સત્સંગ કરવા જતો હતો. મારા ગુરૂદેવજીના કેટલાક શિષ્ય 'તલવંડી ભાઈની'ના કસ્બાના શેઠ પણ છે. તેમનો સંબંધી શુક્રવારે એક વૃદ્ધના મૃત્યુ પર શોક વ્યક્ત કરવા સપરિવાર આવ્યો હતો. તે શનિવારના રોજ **2** વાગ્યા પછી બપોરના પોતાના ઘરે ચંદીગઢ જવા લાગ્યો તો સત્સંગી સગાવહાલાઓએ તેમને કહ્યું કે આજે એક દિવસ વધારે રોકાઈ જાઓ, કાલે સવારે **8-10** વાગે સત્સંગ થશે. આપ સત્સંગ સાંભળીને પ્રસાદ લઈને જજો. સંબંધીએ કહ્યું કાલે રવિવારે એક પાર્ટી આવવાની છે. બે વાગે તેનાથી મારો અનુબંધ (એગ્રીમેન્ટ) થવાનો છે જેમાં મને પાંચ લાખનો લાભ થશે. આ ઘટના સન **1998**ની છે. સત્સંગીઓએ આગ્રહ કર્યો કે આપ રવિવારે અગિયાર વાગે સવારે નીકળશો તો પણ આપ સમયસર પહોંચી જશો. ફોન કરીને જણાવી દઈશું કે તે થોડા મોડેથી આવી જશે, પરંતુ તે માન્યા નહીં. તેના પરિવારમાં કુલ ચાર સભ્ય હતા, પત્ની તથા બેટા-બેટી. ચારેય પોતાની મારૂતિ કારમાં સવાર થઈને ચંદીગઢ માટે શનિવારે જ રવાના થઈ ગયા.

ચંદીગઢથી થોડા પહેલાં અંબાલા શહેરની પાસે એક રેતીની ભરેલી ટ્રક ખરાબ થયેલી ઊભી હતી. તેના પાછલા પૈડા કાઢી રાખ્યા હતા. જેક લગાવીને રાખ્યો હતો. માયાના લોભીને કેવળ પાંચ લાખનો લાભ જ નજરે આવી રહ્યો હતો. કાર પૂરી ગતિથી ચલાવી રહ્યા હતા. કાર તે રેતીના ભરેલા ટ્રકની નીચે ઘુસી ગઈ, જેક હટી ગયો. પૂરો પરિવાર કચડાઈ ગયો. વધારે દુ:ખની સાથે કહેવું પડી રહ્યું છે કે અગર સત્સંગ સાંભળવા માટે રોકાઈ ગયો હોત તો આ નાશ થતો નહીં. માયા વગર તો કામ ચાલી જતું, કાયાના

વગર નથી ચાલતું કારણ કે શરીર છે તો પરમાત્માની ભક્તિ કરીને આત્મ-કલ્યાણ કરાવી શકાય છે. પરમેશ્વર કબીરજીએ સતર્ક (જાગૃત) કર્યા છે કેઃ-

*કબીર, રામ નામ કડવા લાગૈ, મીઠે લાગેં દામ ।*
*દુવિધા મેં દોનોં ગએ, માયા મિલી ના રામ ।।*

એટલા માટે હે ભાઈ-બહેનો ! સત્સંગની તરફ રૂચિ કરો. આત્મ-કલ્યાણ કરાવો અને જીવનનો રસ્તો આસાન બનાવો.

## ● ''સત્સંગમાં જવાથી મોટી આફતો ટળી જાય છે''

*કબીર, સંત શરણ મેં આને સે, આઈ ટલૈ બલા ।*
*જૈ ભાગ્ય મેં સૂલી હો, કાંટે મેં ટલ જાય ।।*

એક ગામમાં સંતનો આશ્રમ હતો જે ગામથી લગભગ બે કિલોમીટર દૂર બન્યો હતો. તે ગામના કેટલાય પરિવાર સંતજીના શિષ્ય હતા. સંતજી કેવળ બે વાર તે આશ્રમમાં આવતા હતા. તેની સાથે કેટલાક સ્થાયી (કાયમી) શિષ્ય પણ આવતા હતા. તે સંત પોતાની મંડળીની સાથે દરેક વાર બે મહિના તે આશ્રમમાં રહેતા. પછી બીજા આશ્રમોમાં જતા હતા. સંતજી પોતાના કાર્યક્રમના અનુસાર બે મહિના માટે આવ્યા હતા. તે ગામના ભક્તોએ ભોજનની વ્યવસ્થા પોત-પોતાના ઘરોમાંથી કરી રાખી હતી. એક પરિવાર એક દિવસનું ભાજન ઘરે બનાવીને પછી આશ્રમમાં લઈ જઈને આશ્રમવાળાઓને ખવડાવતા હતા. દરેક ભક્તની ઈચ્છા રહેતી કે પોતાના ગુરૂજીને ઉત્તમ ભોજન, ખીર તથા શાક-રોટલી ખવડાવે. એક પરિવારનો ભોજન બનાવવાનો દિવસ હતો. તે દિવસે દૂધ ખરાબ થઈ ગયું. તે માઈનું નામ કસ્તુરી હતું. તેના જ પડોશમાં એક પરિવાર હતો જેમાં કેવળ મા-બેટો હતા. કારણ એ હતું કે તે બહેન રામોના પતિનું મૃત્યુ તે સમયે થઈ ગયું. જ્યારે છોકરો બે વર્ષનો હતો. તે બહેને એક ઘટના જોઈ હતી કે તેના પરિવારમાં બીજા દાદા સસરાના સંતાનમાં એક વહુ વિધવા થઈ ગઈ હતી. એક પુત્ર ત્રણ વર્ષનો હતો. તેને પોતાના દિયરથી લગ્ન કરી લીધા. દિયર પણ પરણેલો **(married)** હતો. દિયરથી પણ તેને એક પુત્ર પ્રાપ્ત થઈ ગયો. દિયર-દેરાણી તેની સાથે મજૂર જેવું વર્તન કરતા હતા. રૂખો-સુખો એંઠો ટુકડો પહેલાં બેટાને તથા માતાને આપતા હતા. જેના કારણે છોકરાએ (બેટાએ) મોટા થઈને આત્મહત્યા કરવી પડી. તે પણ પાગલ થઈને ક્યાંય ચાલી ગઈ. (બધા દિયર-જેઠ ખરાબ નથી હોતા) આ ઘટનાને યાદ કરીને તે રામો બહેને જેઠ-દિયરથી વિવાહ કર્યા નહીં. (લત્તા નહીં ઓઢા.) પોતાના બેટા કર્મપાલને પાળ્યો-પોષ્યો. મહેનત મજૂરી કરી. થોડીક જમીન પણ હતી.

તેમાં જ મહેનત કરીને ગાય-ભેંસને પાળતી હતી. પોતાના બેટાને સારું ઘી-દૂધ પીવડાવતી-ખવડાવતી હતી. વિચાર કરતી હતી કે બેટો જલ્દી મોટો થઈ જશે. એના વિવાહ કરીશ. એ પોતાના કાર્યને સંભાળી લેશે. હું સુખનું જીવન જીવીશ, પરંતુ સત્સંગ વગર જ્ઞાન નહિ, જ્ઞાન સતગુરૂ આપે છે. ભક્તિ વગર જીવ સુખી નથી થઈ શકતો ચાહે કેટલોય ધનવાન કેમ ન હોય ? માથે પિતાની છત્રછાયા નહતી. બેટો માના લાડથી બગડતો જ હોય છે. માનો સ્વભાવ પોતાની સંતાનને સર્વ સંભવ (શક્ય એટલું) સુખ દેવાનો હોય છે. કહેવત છે કે રાંડ-રાંડેલી (વિધવા)નો બેટો તથા રંડુએ-રાંડેલો (વિધુર)ની બેટી બગડતાં જ હોય છે (રખડેલ હોય છે). મૂળ કારણ પિતા કામકાજવશ બેટીની ગતિવિધિ પર ધ્યાન નથી રાખી શકતા. મા બેટાની ગતિવિધિ પર ધ્યાન નથી દઈ શકતી. બેટીને તો પોતાની સાથે રાખે છે. જેના કારણે કર્મપાલ (બેટો) નશા કરવા લાગ્યો. માતાથી ઝગડો કરીને રૂપિયા અથવા બાજરી-જુવાર, ચણા લઈ જતો, તેને વેચીને નશો (વ્યસન) કરતો હતો. મા આખો દિવસ રોતી રહેતી હતી કે - શું વિચાર્યું હતું, આ કેવી કર્મગતિ ? આગળ ને આગળ તો બધું ઊંધું થઈ રહ્યું છે. જે ચિંતાના કારણે રામો દુબળી-પાતળી થઈ ગઈ હતી. ભકતમતિ કસ્તૂરી પોતાની પાડોસન રામોં (રામપ્યારી) ના ઘરે ગઈ. પહેલાં કુશળ-મંગળનું પૂછીને પછી પૂછ્યું કે બેટો શું કરી રહ્યો છે? મા-બેટો કેમ છો ? આ વાત સાંભળીને બહેન રામોં રોવા લાગી અને બોલી કે બહેન ! કોઈ સુખ-શાંતિ નથી. છોકરો બગડી ગયો છે. નશા (વ્યસન) કરે છે. કહીએ છીએ પણ માનતો નથી. ઝઘડો કરે છે. ગાળા-ગાળી પર ઉતરી આવે છે. આપને તો ખબર છે કે પરિવાર (કુટુંબ) તથા ગામવાળાઓએ મારા ઉપર કેટલું દબાણ કર્યું હતું જેઠનો લત્તો ઓઢી લેવા (પતિના મોટાભાઈથી ફરી વિવાહ કરી લેવા) માટે, મેં રાજવંતીની ઘટનાથી ડરીને જેઠથી વિવાહ કર્યા નહિ. પોતાના બેટાને સુખી જોવા માટે. આજે આને તેનાથી પણ વધારે દુઃખ આપી દીધું. મન કરે છે કે ક્યાંક ચાલી જાઉં અથવા આત્મહત્યા કરી લઉં. ભકતમતિ કસ્તૂરીએ કહ્યું કે બહેન ! આવો ખરાબ વિચાર ના કરાય. મોટો થઈને સુધરી જશે. આપ મરી જશો તો તને ખબર છે કાકા-મોટા બાપા બધી જમીન હડપ કરી લેશે. છોકરાને વધારે નશો કરાવીને મારી નાંખશે. આવો વિચાર ન કરે. એક કામ કરો,મારી સાથે સત્સંગમાં ચાલ્યા કરો. અહીંયાં એકલીના મનમાં આવા વિચારો આવતા રહેશે. સૂકાઈને કાંટા જેવી થઈ ગઈ છો. રામોં બોલી, ના બહેન ના. મને તો નગરના લોકો આમે શક (શંકા)ની નજરે જ જુએ છે. કોઈ

વ્યક્તિ કોઈ કામ અર્થે ઘરે આવી જાય છે તો લોકો ઘરો પર ચઢીને એક આંખથી જોઈ રહે છે. આપના માથે તો ધણી (પતિ) છે. હું સત્સંગમાં ચાલી ગઈ તો બધા મારું જીવવાનું હરામ કરી દેશે અને મારે મરી જવું પડશે. બહેન મૂળ વાત કર, આજે સવારે-સવારે કેમ આવવું પડ્યું ? કસ્તુરીએ કહ્યું કે બહેન આપને તો ખબર જ છે કે અમારા ગુરૂજી આશ્રમમાં રોકાયેલા છે. આજે ભોજન કરાવવાનો વારો મારો છે. બહેન ખીર બનાવવાની હતી. દૂધ ખરાબ થઈ ગયું. કેટલુંક દૂધ ઉધાર (ઉછીનું) આપી દે, કાલે પાછું આપી દઈશ. આ વાત સાંભળીને બહેન રામોંમાં કરંટ જેવું આવી ગયું અને દૂધ કાઢીને ડોલ ખૂંટી **(hanger)** એ લટકાવી રાખી હતી, ઊઠાવીને બધું જ દૂધ કસ્તૂરીની ડોલમાં રેડી દીધું. કસ્તુરીએ કહ્યું કે બહેન ! થોડુંક તો રાખી લે. રામોં બોલી, બહેન ! આજે ન જાણે કયા જન્મનું પુણ્ય ઉદય થયું છે, મારું અભાગ્યનનું દૂધ પુણ્યમાં લાગશે. બસ બહેન લઈ જા, સંતો-ભક્તોને ભોજન કરાવ. કસ્તુરી બહેન આશ્ચર્ય ચકિત થઈ ગઈ કે પૂરેપુરું દૂધ તો હું સત્સંગી હોવા છતાં પણ આવી રીતે તો આપી શકું એવા સ્વભાવની બની નથી. કિલો-બે કિલો દૂધ તો ઘરમાં રાખી જ લઉં. બહેન રામોંને તો સત્સંગની પ્રેરણાની ખાસ જરૂરિયાત છે. તે દિવસે તો કસ્તૂરીને સમય મળ્યો નહિ. આગલા (બીજા) દિવસે **11-12** વાગે રામોંના ઘરે ગઈ. ગામમાં દિવસના **12** થી **2** વાગ્યાનો સમય બહેનોને વાતો કરવાનો મળી જાય છે. બે કલાક સુધી સત્સંગની વાતો જે ગુરૂજીથી સાંભળી હતી, તે બધી બતાવી પરંતુ લોકલાજના કારણે રામોં માનવા તૈયાર હતી નહિ. બહેન કસ્તૂરીએ બતાવ્યું કે હે બહેન ! આપે મીરાબાઈનું નામ સાંભળ્યું છે. રામોં બોલી કે હા, કૃષ્ણજીની ભક્ત હતી. કસ્તૂરી બોલી તે મંદિરમાં જતી હતી. ઠાકુર (ક્ષત્રિય) પરિવારમાં જન્મ હતો. મહિલાઓને ઘરથી બહાર જવાનો પ્રતિબંધ હતો, પરંતુ મીરાબાઈએ કોઈની પરવા કરી નહીં. પછી તેના વિવાહ (લગ્ન) રાજાથી થઈ ગયા. રાણાજી ધાર્મિક વિચારોના હતા. તેને મીરાને મંદિરમાં જવાથી રોકી નહીં, પરંતુ લોક ચર્ચાનો વિષય ના બને એટલા માટે મીરાજીની સાથે ત્રણ-ચાર મહિલા નોકરાણીઓને મોકલવા લાગ્યા. જેના કારણે બધું ઠીક ચાલતું રહ્યું. કેટલાક વર્ષ પછી મીરાજીના પતિનું મૃત્યુ થઈ ગયું. દિયર રાજગાદી પર બેસી ગયો. તેને કુળના લોકોના કહેવાથી મીરાને મંદિરમાં જવાની મનાઈ કરી, પરંતુ મીરાબાઈ માની નહીં, જેના કારણે રાજાએ મીરાને મારવાનું ષડયંત્ર રચ્યું. વિચાર કર્યો કે એવી કોઈ યુક્તિ બનાવવામાં આવે કે આ પણ મરી જાય અને બદનામી પણ ન થાય રાજાએ વિચાર કર્યો કે આને કેવી રીતે

મારવી ? રાજાએ સપેરા (સાપ રાખવા-પકડવાવાળા)ને કહ્યું એક એવો સાપ લાવી દે કે ડબ્બાને ખોલતાં જ ખોલવાવાળાને ડંખ મારે અને વ્યક્તિ મરી જાય. એવું જ કરવામાં આવ્યું. રાજાએ છોકરાનો જન્મ દિવસ મનાવ્યો. એમાં સગા સંબંધી તથા બીજા ગણમાન્ય (આગેવાનો) વ્યક્તિ આમંત્રિત કર્યા. રાજાએ (મીરાના દિયર રાણાએ) મીરાજીની બાંદી (દાસી/નોકરાણી)ને બોલાવીને કહ્યું કે લે આ ખાસ કિંમતી હાર છે. મારા બેટાનો જન્મદિવસ છે. દૂર-દૂરથી સગા-સંબંધીઓ આવ્યા છે. મીરાને કહી દે કે સુંદર કપડાં પહેરીને આ હારને ગળામાં પહેરી લે, નહીં તો સંબંધી કહેશે કે પોતાની ભાભીજીને સારી રીતે નથી રાખતા. મારી ઈજ્જત - બેઈજ્જતીનો પ્રશ્ન છે. બાંદી એ તે આભૂષણ (ઘરેણા)નો ડબ્બો મીરાબાઈને આપી દીધો અને રાજાનો આદેશ (ફરમાન) સંભળાવી દીધો. તે ઘરેણાના ડબ્બામાં વધારે વિશ (ઝેર)વાળો કાળા-સફેદ રંગવાળો સાપ હતો. મીરાએ બાંદીની સામે જ તે ડબ્બાને ખોલ્યો. તેમાં હીરા-મોતીથી બનેલો હાર હતો. મીરાબાઈએ વિચાર્યું કે અગર હું હાર નહીં પહેરું તો વ્યર્થ (ફોગટ)નો ઝઘડો થશે. મારા માટે તો આ માટી છે. આમ વિચાર કરીને મીરાજીએ તે હાર ગળામાં પહેરી લીધો. રાજાનો ઉદ્દેશ્ય એ હતો કે આજે સાપનો ડંખ લાગવાથી મીરાનું મૃત્યુ થઈ જશે તો બધાને વિશ્વાસ થઈ જશે કે આમાં રાજાનો કોઈ હાથ નથી. અમારી સામે સાપ ડસવાથી (કરડવાથી) મીરાનું મૃત્યુ થયું છે. થોડો સમય વીતી ગયા પછી રાજા મંત્રીઓ સહિત તથા કેટલાક સગા સંબંધીઓને સાથે લઈને મીરાના મહેલમાં ગયો તો મીરાબાઈજીના ગળામાં સુંદર માંગો હાર જોઈને રાણો ડગમગ થઈ ગયો અને બોલ્યો, બદચલન ! (કુલ્ટા) આ હાર કયા યાર (પ્રેમી) પાસેથી લાવી છે ? મીરાબાઈજીની આંખમાં આંસુ હતા. બોલી કે આપે જ તો બાંદીના દ્વારા મોકલાવ્યો હતો, તે જ તો છે. બાંદીને બોલાવી તથા પૂછ્યું કે તે ડબ્બો ક્યાં છે ? બાંદીએ પલંગના નીચેથી કાઢીને દેખાડ્યો. આ રહ્યો રાજાજી જે આપે મોકલાવ્યો હતો. રાજા ચુપચાપ પાછો આવી ગયો. થોડા દિવસ પછી ફરી રાજાએ વિચાર્યું કે આ વખતે તો આને વિષ (ઝેર) હું મારી સામે જ પીવડાવીશ, નહીં પીએ તો માથું કાપી દઈશ.

## ● મીરાબાઈને વિષ (ઝેર)થી મારવાનો ખોટો પ્રયત્ન

એક સપેરાને કહ્યું કે ભયંકર ઝેર લાવી આપ. જેને જીભ પર રાખતાં જ વ્યક્તિ મરી જાય. એવું જ વિષ (ઝેર) લાવવામાં આવ્યું. રાજાએ મીરાને કહ્યું કે આ વિષ (ઝેર) પી લે નહીં તો આજે તારી ગર્દન (ગળું) કાપી દેવામાં આવશે. મીરાએ વિચાર્યું કે ગળું કપાવવામાં પીડા થશે, ઝેર પી લઉં છું.

મીરાએ ઝેરનો પ્યાલો પરમાત્માને યાદ કરીને પી લીધો. પરંતુ તેને કંઈ પણ થયું નહીં. સપેરાને (સાપવાળો જે ઝેર લાવ્યો હતો તેને) બોલાવ્યો અને તેને કહ્યું કે આ નકલી ઝેર લાવ્યો છે. સપેરાએ કહ્યું કે તે પ્યાલો ક્યાં છે ? તેણે ઝેરવાળો ખાલી પ્યાલો આપ્યો. સપેરાએ તે પ્યાલામાં દૂધ નાખીને એક કૂતરાને ત્યાં જ પીવડાવી દીધું. કૂતરો બીજી વાર જીભ પણ લગાવી શક્યો નહતો, મરી ગયો. એટલું ભયંકર ઝેર હતું.

❋ રાજાએ જોઈ લીધું કે આ તો કોઈ રીતે મરે તેમ લાગતી નથી, ત્યાર બાદ તેને મંદિરમાં જવાથી રોકી નહીં. તેની સાથે કેટલીયે નોકરાણી તથા પુરૂષ રક્ષકો પણ મોકલવા લાગ્યો કે લોકો એવું ના કહે કે આવારાગર્દીમાં (રખડવા માટે) જાય છે.

## ● ''મીરાને સતગુરૂનું શરણ મળ્યું''

જે શ્રી કૃષ્ણજીના મંદિરમાં મીરાબાઈ પૂજા કરવા જતી હતી, તેના માર્ગમાં એક નાનો બગીચો હતો. તેમાં કેટલાક ઘટાદાર છાંયડાવાળા ઝાડ પણ હતા. તે બગીચામાં પરમેશ્વર કબીરજી તથા સંત રવિદાસજી સત્સંગ કરી રહ્યા હતા. સવારના લગભગ 10 વાગ્યાનો સમય હતો. મીરાજીએ જોયું કે અહીંયા પરમાત્માની ચર્ચા અથવા કથા ચાલી રહી છે. થોડીક વાર સાંભળીને પછી જઈએ.

પરમેશ્વર કબીરજીએ સત્સંગમાં ટૂંકું સૃષ્ટિ રચનાનું જ્ઞાન સંભળાવ્યું. કહ્યું કે શ્રીકૃષ્ણજી એટલે કે શ્રી વિષ્ણુજીથી ઉપર બીજા (અન્ય) સર્વ શક્તિમાન પરમાત્મા છે. જન્મ-મરણ સમાપ્ત ન થયું તો ભક્તિ કરવી ન કરવી બરાબર છે. જન્મ-મરણ તો શ્રીકૃષ્ણજી (શ્રી વિષ્ણુ)ના પણ સમાપ્ત નથી. તેના પૂજારીઓના કેવીરીતે થશે ? જેમ કે હિંદુ સંતજન કહે છે કે ગીતાનું જ્ઞાન શ્રી કૃષ્ણ એટલે કે શ્રી વિષ્ણુજીએ અર્જુનને બતાવ્યું (કહ્યું). ગીતા જ્ઞાનદાતા ગીતા અધ્યાય-2 શ્લોક-12, અધ્યાય-4 શ્લોક 5, અધ્યાય-10 શ્લોક-2 માં સ્પષ્ટ કરી રહ્યા છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઈ ચુક્યા છે. તું નથી જાણતો, હું જાણું છું. આનાથી સ્વયં સિદ્ધ થાય છે કે શ્રી કૃષ્ણજીના પણ જન્મ-મરણ સમાપ્ત નથી. આ અવિનાશી નથી. એટલા માટે ગીતા અધ્યાય-18 શ્લોક 62માં ગીતા બોલવાવાળાએ કહ્યું છે કે હે ભારત! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું સનાતન પરમ ધામને તથા પરમ શાંતિને પ્રાપ્ત થઈશ.

પરમેશ્વર કબીરજીના મુખકમળથી આ વચન સાંભળીને પરમાત્માના માટે ભટકી રહેલી આત્માઓને નવી રોશની મળી. સત્સંગ પત્યા પછી

મીરાબાઈજીએ પ્રશ્ન કર્યો કે હે મહાત્માજી ! આપની આજ્ઞા હોય તો મારી શંકાનું સમાધાન કરાવું. કબીરજીએ કહ્યું કે પ્રશ્ન કરો બહેનજી !

**પ્રશ્નઃ-** હે મહાત્માજી ! આજ સુધી મેં પોતે ક્યારે કોઈનાથી સાંભળ્યું નથી કે શ્રીકૃષ્ણજીથી ઉપર પણ કોઈ પરમાત્મા છે. આજે આપના મુખથી સાંભળીને હું દોરાહે (બે રસ્તા) પર ઊભી થઈ ગઈ છું. હું માનું છું કે સંત જૂઠું નથી બોલતા. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે આપના ધાર્મિક અજ્ઞાની ગુરૂઓનો દોષ છે જેમને સ્વયંને જ્ઞાન નથી કે આપના સદ્ગ્રંથ શું જ્ઞાન બતાવે છે ? દેવી પુરાણના ત્રીજા સ્કંદમાંથી શ્રી વિષ્ણુજી સ્વયં સ્વીકારે છે કે હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શંકર નાશવાન છીએ. અમારો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થતું રહે છે. (લેખ સમાપ્ત)

મીરાબાઈ બોલી કે હે મહારાજજી ! ભગવાન શ્રી કૃષ્ણજી મને સાક્ષાત દર્શન આપે છે. હું તેમનાથી વાર્તાલાપ કરું છું. કબીરજીએ કહ્યું કે હે મીરાબાઈજી ! આપ એક કામ કરો. ભગવાન શ્રીકૃષ્ણજીને જ પૂછી લેજો કે આપનાથી ઉપર પણ કોઈ માલિક છે. તે દેવતા છે. ક્યારેય જૂઠું બોલશે નહીં. મીરાબાઈને લાગ્યું કે અગર શ્રીકૃષ્ણજીથી ઉપર કોઈ પરમાત્મા છે તો તે પાગલ (ગાંડી) થઈ જશે. રાત્રિમાં મીરાજીએ ભગવાન શ્રી કૃષ્ણજીનું આહ્વાન કર્યું. ત્રિલોકીનાથ પ્રગટ થયા. મીરાએ પોતાની શંકાના સમાધાન માટે નિવેદન કર્યું કે હે પ્રભુ ! શું આપનાથી ઉપર પણ કોઈ પરમાત્મા છે. એક સંતે સત્સંગમાં બતાવ્યું છે. શ્રીકૃષ્ણજીએ કહ્યું કે મીરા ! પરમાત્મા તો છે, પરંતુ તે કોઈને દર્શન નથી આપતા. અમે ખૂબ સમાધિ તથા સાધના કરીને જોઈ લીધું છે. મીરાબાઈજીએ સત્સંગમાં પરમાત્મા કબીરજીથી આ પણ સાંભળ્યું હતું કે તે પૂર્ણ પરમત્માને હું પ્રત્યક્ષ દેખાડીશ. સત્ય સાધના કરીને તેની પાસે સતલોકમાં મોકલી દઈશ. મીરાબાઈએ શ્રીકૃષ્ણજીથી ફરી પ્રશ્ન કર્યો કે શું આપ જીવનનું જન્મ-મરણ સમાપ્ત કરી શકો છો ? શ્રી કૃષ્ણજીએ કહ્યું કે આ સંભવ (શક્ય) નથી. કબીરજીએ કહ્યું હતું કે મારી પાસે એવો ભક્તિ મંત્ર છે જેનાથી જન્મ-મરણ સદા (કાયમ)ને માટે સમાપ્ત થઈ જાય છે. તે પરમધામ પ્રાપ્ત થાય છે જેના વિષયમાં ગીતા અધ્યાય-15 શ્લોક 4માં કહ્યું છે કે તત્વજ્ઞાન તથા તત્વદર્શી સંતની પ્રાપ્તિ થઈ ગયા પછી પરમાત્માના તે પરમધામની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા. તે એક પરમાત્માની જ ભક્તિ કરો. મીરાબાઈએ કહ્યું કે હે ભગવાન શ્રીકૃષ્ણજી ! સંતજી કહી રહ્યા હતા કે હું જન્મ-મરણ સમાપ્ત કરી દઉં છું. હવે હું શું કરું ? મને તો પૂર્ણ મોક્ષની

**ચાહ (ઈચ્છા) છે. શ્રી કૃષ્ણજી બોલ્યા કે મીરા ! આપ તે સંતનું શરણ ગ્રહણ કરો, પોતાનું કલ્યાણ કરાવો. મને જેટલું જ્ઞાન હતું, તે બતાવી દીધું. મીરા આગલા (બીજા) દિવસે મંદિર ગઈ નહીં. સીધી સંતજીની પાસે પોતાની નોકરાણીઓની સાથે ગઈ તથા દીક્ષા લેવાની ઈચ્છા વ્યકત કરી તથા શ્રીકૃષ્ણજીથી થયેલી વાર્તા પણ સંત કબીરજીથી સાઝા (આપ-લે) કરી. તે સમયે છૂઆછૂત (આભડછેટ) ચરમ સીમા પર હતી. ઠાકુર (ક્ષત્રિય) લોકો પોતાને સર્વોત્તમ માનતા હતા. પરમાત્મા માન-બડાઈ (અભિમાન)વાળા પ્રાણીને ક્યારેય નથી મળતા. મીરાબાઈની પરીક્ષા માટે કબીરજીએ સંત રવિદાસજીને કહ્યું કે આપ મીરા રાઠૌરને પ્રથમ મંત્ર આપી દો. આ મારો આપને આદેશ છે. સંત રવિદાસજીએ આજ્ઞાનું પાલન કર્યું. સંત કબીર પરમાત્માજીએ મીરાને કહ્યું કે બહેનજી ! તે બેઠા, સંતજી, તેમની પાસે જઈને દીક્ષા લઈ લે. બહેન મીરાજી તરત જ રવિદાસજીની પાસે ગઈ અને બોલી, સંતજી ! દીક્ષા આપીને કલ્યાણ કરો. સંત રવિદાસજીએ બતાવ્યું કે બહેનજી! હું ચમાર જાતિનો છું. આપ ઠાકુરોની બેટી છો. આપના સમાજના લોકો આપને ભલું-બૂરું કહેશે. જાતિથી બહાર કરી દેશે. આપ વિચાર કરી લો. મીરાબાઈ અધિકારી આત્મા હતી. પરમાત્મા માટે મરી-મટવા માટે કાયમ તત્પર (તૈયાર) રહેતી હતી. બોલી, સંતજી ! આપ મારા પિતા, હું આપની બેટી. મને દીક્ષા આપો. ભાડમાં જાય સમાજ. કાલે જો કૂતરી બનીશ, ત્યારે આ ઠાકુર સમાજ મારો શું બચાવ કરશે ? સત્સંગમાં મોટા ગુરૂજી (કબીરજી)એ બતાવ્યું છે કેઃ-**

*કબીર કુલ કરની કે કારણે, હંસા ગયા બિગોય ।*
*તબ કુલ ક્યા કર લેગા, જબ ચાર પાઓં કા હોય ।।*

**સંત રવિદાસજી ઉઠીને સંત કબીરજીની પાસે ગયા અને બધી વાત બતાવી. પરમાત્મા બોલ્યા કે વિલંબ ના કર, લે આત્માને પોતાના પક્ષમાં. તે જ સમયે સંત રવિદાસજીએ બહેન મીરાને પ્રથમ મંત્ર કેવળ પાંચ નામ આપ્યા. મીરાબાઈને બતાવ્યું કે આ એમની પૂજા નથી, એમની સાધના છે. એમના લોકમાં રહેવાને માટે, ખાવા-પીવાને માટે જે ભક્તિ ધન જોઈએ, તે આ મંત્રોથી મળે છે. અહીંનું ઋણ ઉતરી જાય છે. પછી મોક્ષના અધિકારી થાય છે. પરમાત્મા કબીરજી તથા સંત રવિદાસજી ત્યાં આગળ એક મહિનો રોકયા. મીરાબાઈ પહેલાં તો દિવસમાં ઘરની બહાર જતી હતી, પછી રાત્રિમાં પણ સત્સંગમાં જવા લાગી . કારણ કે સત્સંગ દિવસમાં ઓછો થતો તથા રાત્રિમાં વધારે સમય થતો હતો. કોઈ તો દિવસમાં સમય કાઢીને જતા અને કોઈ રાત્રિમાં.**

**મીરાના દિયર રાણાજી મીરાને રાત્રિમાં ઘરની બહાર જતા જોઈને જલ-ભુન (શેકાઈને - બળી) ગયા, પરંતુ મીરાને રોકવી તોફાન (વાવાઝોડા)ને રોકવા બરાબર હતું. એટલા માટે રાણાજીએ પોતાની માસીજી એટલે કે મીરાની માતાજીને બોલાવી અને મીરાને સમજાવવા માટે કહ્યું. કહ્યું કે આણે અમારી ઈજ્જત (આબરું)નો નાશ કરી દીધો. બેટી (દિકરી) માતાની વાત માની લે છે. મીરાની માતાએ મીરાને સમજાવ્યું. મીરાએ તરત જ જવાબ આપ્યો:-**

**''શબ્દ''**

*સતસંગ મેં જાના એ મીરાં છોડ દે, આએ મ્હારી લોગ કરૈં તકરાર ।*
*સતસંગ મેં જાના મેરા ના છૂટૈ રી, ચાહે જલકૈ મરો સંસાર ।। ટેક ।।*
*થારે સતસંગ કે રાહે મૈં એ, આહે વહાં પૈ રહતે હૈં કાલે નાગ,*
*કોએ-કોએ નાગ તનૈ ડસ લેવૈ । જબ ગુરૂ મ્હારે મેહર કરૈ રી,*
*આરી વૈ તો સર્પ ગંડેવે બન જાવૈં ।। 1 ।।*
*થારે સતસંગ કે રાહે મેં એ, આહે વહાં પૈં રહતે હૈં બબરી શેર,*
*કોએ-કોએ શેર તનૈ ખા લેવૈ । જબ ગુરૂઆં કી મેહર ફિરૈ રી,*
*આરી વ તો શેરાં કે ગીદડ બન જાવૈં ।। 2 ।।*
*થારે સતસંગ કે બીચ મેં એ, આહે વહાં પૈં રહતે હૈં સાધુ સંત,*
*કોએ-કોએ સંત તનૈ લે રમૈ એ । તેરે રી મન મૈં માતા પાપ હૈ રી,*
*સંત મેરે માં બાપ હૈં રી, આ રી યે તો કર દેગેં બેડા પાર ।। 3 ।।*
*વો તો જાત ચમાર હૈ એ, ઈસમૈં મ્હારી હાર હૈ એ ।*
*તેરે રી લેખૈ માતા ચમાર હૈ રી, મેરા સિરજનહાર હૈ રી ।*
*આરી વૈ તો મીરાં કે ગુરૂ રવિદાસ ।। 4 ।।*

**આ કથા સાંભળીને રામપ્યારી (રામોં)ની આંખો એકદમ ખુલી ગઈ. બીજા દિવસે કસ્તૂરીની સાથે સત્સંગમાં ગઈ અને એક સત્સંગ સાંભળતાં જ દીક્ષા લઈ લીધી. પછી એક દિવસના ભોજનની સેવા માંગી. બીજા બધા પરિવારવાળાઓએ કહ્યું કે બહેન ! અમે અમારી પોતાની સેવાનો વારો નથી છોડી શકતા. ગુરૂજી આગલી વખતે આવશે, ત્યારે તમારો વારો લગાવી દઈશું. ભકતમતિ રામોંને તો એક પળની પણ ચૈન નહતી. મોંઢું રોવા જેવું થઈ ગયું. તેજ સમયે કસ્તૂરી બોલી કે બહેન ! આગળ જ્યારે મારો વારો આવશે તો સવારનું ભોજન હું કરાવી દઈશ, રાત્રિનું ભોજન આપ કરાવી દેજો. રામોંની ખુશીનું કોઈ ઠેકાણું ન રહ્યું. 'કહીં કહીં પૈર ટીકે' એટલે કે ત્યારે તેના દિલને ટાઢક મળી, વારાનો દિવસ આવી ગયો. ત્યારે રામોંએ રાત્રિનું ભોજન તૈયાર કર્યું. ખીર-હલવો (શીરો))-શાક, માંડે (પાતળી રોટલી**

- ફુલ્કા) બનાવ્યા. પરંતુ લીલા સતગુરૂની રામોંને તેજ બુખાર (ભારે તાવ) આવી ગયો. શરીર અંગારાની જેમ બળવા લાગ્યું. એક ડગલું પણ ચાલવાની હિંમત ના રહી. તે જ સમયે રામોંનો છોકરો (બેટો) આવી ગયો. બહેન રામોંએ કહ્યું કે બેટા ! આજે મારું એક કામ કરી દે, તારો જિંદગી ભર અહેસાન નહીં ભૂલું. બેટા મેં ગુરૂ બનાવ્યા (ધારણ કર્યા) છે. આજ રાત્રિનો ભંડારો તારી તાઈ (પોતાની માતા કરતાં ઉંમરમાં મોટી સ્ત્રીને તાઈ કહે છે) ભક્તમતિ કસ્તૂરીના વારામાંથી મેં વારો માગીને લીધો છે. બેટા જો મને ભારે તાવ આવી ગયો છે. શરીર આગની માફક બળી રહ્યું છે. ચાલવાની હિંમત (તાકાત) નથી. છોકરો બોલ્યો કે મને સમય નથી. હું આશ્રમમાં ભોજન આપવા નહીં જાઉં. માતાજી આપ તે આશ્રમમાં ના જાઓ. મને આપના વિષયમાં ઘણું બધું સાંભળવું પડે છે. આ સાંભળીને ભક્તમતિ રામોં ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રડવા લાગી. છોકરાને દયા આવી. પરંતુ ઝટકો મારીને બોલ્યો, ક્યાં છે ભોજન, આપી આવું છું. રામોં બહેન તરત જ ઊઠી અને બધું ભોજન આપી દીધું. છોકરો તે ભોજનને એક તસલા (ટોકળ)માં રાખીને આશ્રમમાં લઈ ગયો. રામોં ગુરૂથી વારંવાર રજૂઆત કરતી હતી કે ગુરૂજી છોકરો નશા (વ્યસન) કરે છે. ઘરની 'ઠૌર બિટૌડા' કરી રાખ્યું છે, એટલે કે ઘરને ખાલીખમ (બરબાદ) કરી દીધું છે/ કહેવું માનતો નથી. તેને પણ શરણમાં લઈ લ્યો મહારાજ ! આગલા દિવસે છોકરાને આશ્રમમાં જોઈને બીજા ભક્તો તથા ભક્ત મતિઓ કહેવા લાગ્યા કે ગુરૂજીએ સાંભળી લીધી રામોં દુ:ખીયાની. બેટો જાતે ભોજન લઈને આવી ગયો. ગુરૂજીને ખબર પડી તો હર્ષ (આનંદ) થયો કે બેટી રામો વસી ગઈ. સાંભળી લીધી ભગવાને. છોકરો બોલ્યો, મહારાજજી ! મારી માતાજીને જ્વર (તાવ) આવી ગયો છે, મને મોકલ્યો છે. ભોજન કરો. સંતજી ભોજન માટે બેસી ગયા અને વિચાર્યું છોકરો પહેલી વાર આવ્યો છે, થોડુંક જ્ઞાન સંભળાવી દઉં. સંતજીએ કહેવાનું શરૂ કરી દીધું કે બેટા ! માતા-પિતાની સેવા કરવી જોઈએ. તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. મોક્ષ માટે ગુરૂ બનાવીને સત્ય ભક્તિ કરવી જોઈએ. નશા (વ્યસનો) એ તો મોટા મોટા ઘર ઉજાડી દીધા. છોકરો તો અંદરથી ગરમ લાય જેવો થઈને બેઠો હતો. તેને તો પળ પળનું મોડું થયાનો અહેસાસ થઈ રહ્યો હતો, કારણ કે તેને એ જ રાત્રિમાં પોતાના ચોર મિત્રોની સાથે રાજાના ઘરમાં ચોરી કરવા જવાનું હતું. રાત્રિના બાર વાગે નગરની બહાર મંદિરમાં ભેગા થઈને ચોરી કરવા જવાનું હતું. તેમની કલ્પના હતી કે રાનીઓના માંગા-માંગાહાર હોય છે. તે બધા ચોરી કરીને લઈ આવીશું, માલામાલ

થઈ જઈશું. એટલામાટે છોકરો સંતજીથી બોલ્યો કે બાબાજી ! જલ્દી ભોજન ખાઈ લે, મને શિક્ષા (શિક્ષણ-સલાહ)ની જરૂરિયાત નથી. સંતજીને બરાબર લાગ્યું નહીં. મનમાં વિચાર કર્યો કે રામોં વાસ્તવમાં (હકીકતમાં) દુઃખી છે આ શેતાનથી. ખાવાનું ખાઈ લેતાં જ વાસણ ધોયા વગર જ ઉઠાવીને ચાલી નીકળ્યો નગરની તરફ. અડધાથી વધારે રસ્તો વટાવ્યા પછી તેના પગમાં મોટી શૂળ (બાવળનો કાંટો) વાગી ગઈ. પગમાં ખૂબ પીડા થઈ (દુઃખાવો થયો) ચાલવામાં પણ તકલીફ થઈ. જેમ તેમ કરીને લંગડાતા પગે ઘરે આવ્યો. આંગણામાં જ વાસણ ફેંકી દીધા અને પોતાની માતાને મહેણાં મારવા લાગ્યો. આજે જ તારા ગુરૂજીના દર્શન કર્યા અને આજે જ મારું ભાગ્ય ફૂટી ગયું. મારા પગમાં કાંટો વાગી ગયો. હું ચાલવા જેવો પણ ન રહ્યો. આજ પછી આશ્રમની તરફ મોંઢું રાખીને પણ ના ઊંઘું. રામોંનો તાવ થોડો ઓછો થઈ ગયો હતો. એકદમ ઊઠી અને કાંટો વાગેલા પગને ધોયો. તેના ઉપર તેલની ગાધ (તેલનો ઠરેલો મેલ) ને કપડાથી બાંધી દીધો અને સવારે કાંટો કઢાવવાની યોજના બનાવી. છોકરો પોતાની માતાને ખૂબ વઢ્યો, ખરાબ-હલકા પ્રકારના બોલ પણ બોલ્યો કારણ કે છોકરા કર્મપાલને તો ચોરીમાં આજે ભેગો ન જવાના કારણે ખૂબ મોટું નુકસાન થયેલું લાગી રહ્યું હતું. જેમ-તેમ કરીને સવાર થઈ. છોકરાનો કાંટો કઢાવરાવી દીધો. માતા (રામોં) ઘરનું કાર્ય કરવા લાગી ગઈ. થોડા સમયમાં એ તરફ બેંડ-વાજાં વાગતાં-વાગતાં આવ્યાં. નગરવાસીઓને ખબર હતી કે જ્યારે કોઈને મોતની સજા આપવામાં આવે છે ત્યારે આ પ્રમાણેનો અવાજ તે સમયે શહેરમાં વગાડવામાં આવે છે. એટલા માટે દરેક વ્યક્તિ પોત-પોતાના ઘરોની બહાર ઊભા થઈ જતા હતા અને જાણ્યા કરતા હતા કે કોને કયા કારણસર શૂળી તોડવામાં આવી રહી છે (શૂળી તોડવી એ ભયંકર સજા છે. જમીનથી ઉપર લગભગ **8** ફૂટના સીધા અણીદાર સળિયા ઉપર ગુનેગારને હાથ બાંધીને ગુદાના સ્થાનેથી સળિયાની અણી પર બેસાડી દેવામાં આવે છે. ધીરે ધીરે શરીરનું વજન સળિયાની અણી ઉપર દબાણ થવાથી સળિયાની અણી ગુદામાં થઈને શરીરમાં આરપાર સીધી માથાની ખોપરીને વીંધીને બહાર નીકળે છે. આ સજાની ક્રિયા ધીરે ધીરે પૂરી થાય છે પણ ખૂબ પીડા આપતી હોય છે અને છેવટે ગુનેગારનું ભયંકર દુઃખદાયક મૃત્યુ થાય છે. કહેવતમાં કહીએ છીએ કે શૂળીએ ચઢી ગયો તે આજ શૂળી) રાજાના સિપાઈ તે ચારેય વ્યક્તિઓ (ગુનેગારો)થી કહેવડાવી રહ્યા હતા કે પોતાનો ગુનો જોરથી બોલીને બધાને સંભળાવો. તે ગુનેગારો કહી રહ્યા હતા કે અમે રાજાના ઘરે ચોરી કરવા ગયા હતા. અમે ઘોર અપરાધ

(ભયંકર ગુનો) કર્યો છે. આજે સાંજના સમયે અમને શૂળી પર ચઢાવવામાં આવશે. જે કોઈ સાંભળો છો તો ક્યારેય આવી ભૂલ કરતાં નહીં. કર્મપાલને પોતાના મિત્ર ચોરોને ઓળખતાં વાર ન લાગી અને આખો ખેલ પણ સમજાઈ ગયો. રામોં બોલી બરાબર થયું છે. હવે કરજો ચોરી, તમારા માટે આ સજા જરૂરી હતી, કામ કરીને ખાતાં જોર આવતું હતું. રામોં પોતાના ઘરમાં ચાલી ગઈ. કર્મપાલ દરવાજા પર ગભરાયેલી સ્થિતિમાં એકદમ બીતો-બીતો ઊભો રહ્યો. પછી ઘરમાં જઈને જોર-જોરથી રડવા લાગ્યો. રામોંએ જોયું કે કર્મપાલ કેમ રડી રહ્યો છે ? પૂછ્યું કે બેટા શું થઈ ગયું ? કાંટો તો નીકળી ગયો છે. હવે શું દર્દ (દુઃખ) થઈ રહ્યું છે ? કર્મપાલ ઊઠ્યો અને પોતાની માતાને બાથે વળગી પડ્યો. બોલ્યો, મા ! ભલુ થાય આપના ગુરૂજીનું જેણે તારા બેટાની શૂળીની સજા કાંટામાં ટાળી દીધી. મા ! આજે તારો બેટો શૂળી ચઢવાનો હતો. મા આપ કેવી રીતે જીવતી રહેતી ? રામોં બોલી કે શું મારો બેટો ચોર છે ? કેમ તૂટે શૂળી એ? ચોરોને સજા મળે છે. કર્મપાલ બોલ્યો, હા મા ! તારો બેટો ચોર હતો. આજ પછી સોગંદ છે મા તારા, ક્યારેય નશો (વ્યસન) નહીં કરું. આપની સાથે સત્સંગમં આવ્યા કરીશ. આપની સાથે ઘરના કામમાં પૂરેપુરી મદદ કરીશ. હું મારી જિંદગીમાં ક્યારેય મારી માને દુઃખી નહીં કરું. રામોં બોલી કે અરે નિકમ્મા! (ખરાબ/કમીના) ચોરી પણ કરવા લાગી ગયો હતો. છોકરો બોલ્યો કે હા મા ! પાકકો ચોર થઈ ગયો હતો. ધન્ય છે આપના સતગુરૂ, ધન્ય છે મારી મા જેને આવા મહાપુરૂષની શરણ મળી છે. મા આજે જ ચાલ, મને દીક્ષા અપાવીને લાવ. રામોં તરત જ છોકરાને ભક્તમતિ કસ્તૂરીની પાસે લઈને ગઈ. બધી વાર્તા બતાવી. કસ્તૂરી પણ બધું કામ-કાજ છોડીને તેમની સાથે આશ્રમમાં ગઈ અને ગુરૂજીના ધન્યવાદ કર્યા. પૂરી ઘટનાને બતાવી, છોકરાને નામ અપાવ્યું. એક અન્ય (બીજા) ગામના સત્સંગી પરિવારની છોકરીથી કર્મપાલના વિવાહ થઈ ગયા. પૂરો પરિવાર સત્સંગમાં આવવા લાગ્યો તથા સેવા કરીને સુખી જીવન જીવવા લાગ્યો.

રામોં તો સત્સંગના રંગમાં એવી રંગાઈ કે જ્યારે જ્યારે સતગુરૂજી મંડળી સાથે આવીને આશ્રમમાં રોકાતા, તે તો સવારે પહોંચી જતી, માંડી સાંજે આવતી અને સેવા કરતી, વાસણ સાફ કરતી, ગુરૂજીના વસ્ત્ર (કપડા) ધોતી, સત્સંગનો તો એક શબ્દ પણ છોડતી નહતી. એક સમયે ઠંડી (શિયાળા)ની ઋતુ હતી. સવારે 10 વાગે સત્સંગ શરૂ થયો. ગુરૂજીએ રામોંને કહ્યું બેટી ! નદીએ જઈ કપડાં ધોઈ લાવ. તડકો થોડા સમય પૂરતો રહેશે, સત્સંગના પછી જઈશ તો કપડાં સૂકાશે નહિ. રામોં બહેન કપડાં ડોલમાં

નાંખીને ચાલી નીકળી. નદી થોડી જ દૂર હતી. ડોલમાં થોડું પાણી લીધું સોડા (પાવડર) નાંખીને હલાવીને તેમાં કપડાં બોળી દીધા. વિચાર્યું કે જેટલો સમય કપડાં સોડામાં પલળશે, ત્યાં સુધી સત્સંગ સાંભળીને આવું છું. આશ્રમની બહાર દિવાલે કાન લગાડીને સત્સંગ વચન સાંભળવા લાગી. સત્સંગ સમાપન પર (પૂરું થયા પછી) ''સત સાહેબ'' એવો અવાજ સાંભળ્યો તો રામોંને કપડા યાદ આવ્યા. દોડતી-દોડતી નદીની તરફ ચાલી અને ગભરાયેલી હતી કે આજે તો ભૂલ થઈ ગઈ. ગુરૂજીના વચનની અવહેલના (અવગણના) થઈ ગઈ. મને આજે ધમકાવશે. ગુરૂજી નારાજ થઈ ગયા તો મારી સેવા પર તો પાણી ફરી જશે. હે ભગવાન ! આવું કેમ થઈ ગયું ? આવા જ વિચારો કરતી-કરતી નદી પર પહોંચી તો જોયું કે ડોલ ખાલી હતી અને કપડાં ધોઈને ઝાળાં પર સૂકાવી રાખ્યા હતા જે સૂકાઈ ચુક્યા હતા. રામોં તે બહેનોને બોલી જે પહેલાંથી નદી પર પોતાના કપડાં ધોઈ રહી હતી કે હે બહેનો ! શું આ કપડાં તમે ધોઈને સુકાવ્યાં છે ? બીજી બધી મહિલાઓ રામોંની તરફ જોવા લાગી. એક બોલી કે બહેન ! શું તારું મગજ ચાલ્યું ગયું છે અથવા મશ્કરી કરી રહી છે ? આપ સ્વયં (જાતે) તો કપડાં ધોઈ રહી હતી. ઉતાવળી થઈને. અમને પણ છાંટા ઉડી રહ્યા હતા. તને ટોકી પણ હતી કે ધીરે-ધીરે કપડાં ધો. તું જાતે ઝાળાં પર સુકાવીને ગઈ હતી. હવે શું ભાંગનો નશો કરીને આવી છે ? રામોં રોવા લાગી અને બધાં કપડાં ઉઠાવીને ડોલમાં નાંખીને આશ્રમની તરફ ચાલી. આશ્રમમાં કોઈ સેવાદારે રામોંને આશ્રમની બહાર બેસીને મોડે સુધી સત્સંગ સાંભળતી જોઈ હતી. તેણે ગુરૂજીને બતાવ્યું કે આજે આપનાં કપડાં ભીનાં જ રહી જશે કારણ કે રામોં તો સત્સંગ પૂરો થયો ત્યાં સુધી બહાર દિવાલે કાન લગાડીને સત્સંગ સાંભળી રહી હતી. હમણાં જ ગઈ છે કપડાં ધોવા, એટલામાં રામોએ આશ્રમમાં પ્રવેશ કર્યો અને કપડાં ગુરૂજીની પાસે રાખીને ધ્રૂસ્કે-ધ્રૂસ્કે રડવા લાગી. સંતજીએ કપડાંને હાથ અડાડીને જોયું તો કપડાં પૂરી રીતે સૂકાયેલાં હતાં. રામોંને રડવાનું કારણ પૂછ્યું તો બતાવ્યું કે ગુરૂજી ! આપને દુઃખી થઈને સ્વયં (જાતે) કપડાં ધોયાં છે. મારાથી ભૂલ થઈ ગઈ. મેં આવું-આવું વિચાર્યું હતું કે થોડો સમય સત્સંગ સાંભળીને કપડાં ધોઈશ, પરંતુ ધ્યાન રહ્યું નહીં. ગુરૂજી બોલ્યા કે બેટી ! પરમાત્મા કબીરજી રામોં બનીને કપડાં ધોઈને ગયા છેઃ-

*જ્યાં બચ્છા ગઉ કી નજર મેં, યૂં સાંઈ કૂં સંત ।*
*ભક્તોં કે પીછે ફિરે, ભક્ત વચ્છલ ભગવંત ।।*

પરમાત્માએ અબ્રાહિમ સુલતાન અધમને નરકથી કાઢવા માટે બાંદી (દાસી)રૂપ સ્ત્રી બનીને શરીર પર કોરડા (ચાબુક) ખાધા હતા. બેટી દુઃખી ના

**થઈશ, તારો ઉદ્દેશ્ય ખોટો નહોતો. પરમાત્મા તો સાચ્ચી લગન તથા ભાવના ભુખ્યા છે. રામોં શાંત થઈ. સત્સંગથી રામોં વસી ગઈ એટલે કે સત્સંગથી રામોંનું અને પરિવારનું જીવન સુખ-શાંતિથી વીત્યું અને મોક્ષ પણ મળ્યો.**

*કબીર, સતગુરૂ કે શરણ મેં આને સે, આઈ ટલૈ બલા ।*
*જૈ ભાગ્ય મેં સૂલી લિખી હો, કાંટે મેં ટલ જાય ॥*

## ● ''ચોર ક્યારેય ધની (ધનવાન) નથી થતો''

**કબીર પરમેશ્વર પોતાના વિધાન અનુસાર એક નગરની બહાર જંગલમાં આશ્રમ બનાવીને રહેતા હતા. થોડાક દિવસ આશ્રમમાં રહેતા હતા, સત્સંગ કરતા હતા. પછી ભ્રમણ માટે નીકળી જતા હતા. તેમનો એક જાટ ખેડૂત શિષ્ય હતો જે થોડા જ મહિનાઓથી શિષ્ય બન્યો હતો. ખેડૂત નિર્ધન હતો. તેની પાસે એક બળદ હતો. તેનો બળદ અને કોઈ બીજા ખેડૂતના એક બળદની સાથે મેળ-જોડી (હુંઢોલ) કરીને ખેતી કરતો હતો. બે દિવસ બીજા ખેડૂતનો બળદ પોતે લાવીને બન્ને બળદોથી હળ ચલાવતો હતો. પછી બે દિવસ બીજો ખેડૂત તેનો બળદ લઈને પોતાના બળદની સાથે જોડીને (જોતરીને) હળ ચલાવતો (હળ બાંધીને ખેડતો) હતો. જાટ ખેડૂત (ભક્ત) પોતાના કાચા મકાનના આંગણામાં બળદને બાંધતો હતો. એક દિવસ રાત્રિમાં એક ચોર તે બળદને ચોરીને લઈ ગયો. ખેડૂતે જોયું કે બળદ ચોરી થઈ ગયો છે તો તે સવારે આશ્રમમાં ગયો. ગુરૂદેવને પોતાનું દુઃખ બતાવ્યું. ગુરૂદેવજીએ કહ્યું કે બેટા! વિશ્વાસ રાખ પરમાત્મા પર, દાન-ધર્મ-ભક્તિ કરતો રહે, આપને પરમાત્મા બે બળદ આપશે. જે ચોરી કરીને લઈ ગયો છે, તે પાપનો ભાગી બન્યો છે. પરમેશ્વરની કૃપાથી વરસાદ સારો થયો. ખેડૂત ભક્તની ફસલ (ખેતી) ચાર ઘણી પેદા થઈ. ભક્ત ખેડૂતે બે બળદ વેચાણ લીધા અને તેમને સારો ખોરાક ખવડાવ્યો. બે બળદ ખાગડોં (આખલા/સાંઢ) જેવા તાકતવર થઈ ગયા. ગામમાં તેના બળદોની ચર્ચા થતી હતી. એક વર્ષ પછી તે જ ચોર તે જ ક્ષેત્ર (વિસ્તાર)માં ચોરી કરવા આવ્યો. કોઈ જગ્યાએ ચોરીનો દાવ લાગ્યો નહીં. તેણે વિચાર કર્યો કે જેનો બળદ ચોર્યો હતો, તેના ઘરે તો જોઈ લઉં, હોઈ શકે છે કોઈ બળદ લઈ આવ્યો હોય. જોયું તો બે બળદ ખાગડોં (આખલા) જેવા બાંધેલા હતા. ચોરે બન્ને બળદ ચોરી લીધા. ખેડૂત ભક્ત જાગ્યો તો બળદ ચોરી થઈ ગયા હતા. ગુરૂજીને બતાવ્યું તો ગુરૂજીએ કહ્યું કે બેટા ! તારા ઘરે ચાર બળદ ભગવાન આપશે. ચોર ક્યારેય શેઠ નથી થઈ શકતો. પાપ-પાપ એકઠા કરે છે. રજા પરમાત્માની, આશીર્વાદ ગુરૂદેવનો, વરસાદે ખેડૂતોની મોજ કરી દીધી. ભક્ત કિસાન**

(ભક્ત ખેડૂત)ની પાસે જમીન પૂરતી હતી, પરંતુ વરસાદના અભાવના કારણે ખેતી થોડા ક્ષેત્ર (ભાગ)માં કરતો હતો. વરસાદ સારો થઈ ગયો. બે બળદ વેચાણ લીધા, બે વ્યાજ પર લીધા, ખેતી વધારે જમીનમાં કરી. એક નોકર હાલી (હળ ચલાવનાર) રાખ્યો. એક વર્ષમાં બધું કર્જ (દેવું) પણ ઉતરી ગયું. બળદ ચાર થઈ ગયા ખાગડો (આખલા) જેવા મોટા-મોટા, તગડા-તગડા. મકાન પણ પાક્કું બનાવી લીધું. ચોર બે વર્ષ પછી ત્યાં ગયો અને પહેલા તે જ ખેડૂતની પરિસ્થિતિ જોવા ગયો. ચોરે જોયું કે ચાર બળદ આખલા જેવા બેઠા હતા અને ચોરની પાસે બે દિવસનો આટો બચ્યો હતો. વધારે નિર્ધન (સાવ કંગાળ) થઈ ગયો હતો. ચોરે ખેડૂતને રાત્રિમાં ઊંઘમાંથી ઊઠાડ્યો તો ખેડૂત બોલ્યો, કોણ છો આપ ? ચોરે કહ્યું કે હું ચોર છું, જેણે તારા ત્રણ બળદ ચોર્યા હતા. ખેડૂત બોલ્યો ભાઈ ! મારી ઊંઘ ખરાબ ના કર, તું પોતાનું કામ કર. પરમાત્મા મારું કરી રહ્યા છે, મને ઊંઘવા દે. ચોરે પગ પકડી લીધા અને બોલ્યો, હે દેવતા ! મારાથી હવે ચોરી નથી થઈ રહી. એક વાત બતાવ, આપનો ચોર આપની સામે ઊભો છે, આપ પકડી પણ નથી રહ્યા. હે ભાઈ ! તારો એક બળદ મેં ચોર્યો, તારા ઘરે આગલા વર્ષે બે બળદ આખલા જેવા બાંધ્યા હતા, તે બન્ને પણ હું ચોરીને લઈ ગયો. આજે બે વર્ષ પછી આપના આંગણામાં ચાર બળદ ખાગડોં (આખલા) જેવા બાંધ્યા છે. મારો તો સર્વનાશ થઈ ચુક્યો છે. બાળકો પણ ભૂખ્યા રહે છે. મને માર ચાહે છોડ, મને તારા વિકાસનું રહસ્ય (રાજ) બતાવ. હું પણ જાટ ખેડૂત છું, જમીન પણ છે. નિર્ધનતા (દરિદ્રતા) બેઅંત (અંત વગરની) છે. ભક્ત ખેડૂતે તેને કહ્યું કે આપ સ્નાન કરો, ખાવાનું ખાઓ. ચોરે એવું જ કર્યું. પછી ભક્ત તે ચોરને આશ્રમમાં લઈને ગયા. ગુરૂદેવને બધી ઘટના બતાવી. ગુરૂદેવે ચોરને સમજાવ્યો. સાત-આઠ દિવસ સુધી ભક્ત ખેડૂતે પોતાના ઘરે રાખ્યો અને દરરોજ ગુરૂજીના સત્સંગ સાંભળવા લઈ જતો અને ગુરૂજીને મળીને ઘરે આવતા. ચોરે દીક્ષા લીધી. ગુરૂજીએ કહ્યું કે ભક્ત બેટા ! નવા ભક્તને એક બળદ આપી દે ઉધારમાં. ખેતી કરશે, તારા પૈસા પાછા આપશે. ભક્તએ કહ્યું ઠીક છે ગુરૂજી ! ભક્ત ખેડૂતે નવા ભક્તને એક બળદ આપ્યો. નવો ભક્ત દર મહિને સત્સંગમાં આવતો હતો. પુરા પરિવારને નામ (દીક્ષા) અપાવી દીધી. બે વર્ષમાં વિત્તીય (આર્થિક) સ્થિતિ સારી થઈ ગઈ. એક બળદ + ત્રણ બળદ (પહેલાં ચોર્યા હતા તે) ના રૂપિયા લઈને ચોર ભક્ત તે ખેડૂત ભક્તના ઘરે આવ્યો. તેનાં બાળકો પણ સાથે આવ્યા હતાં. ચોર ભક્તએ ખેડૂત ભક્તને બધા પૈસા આપીને કહ્યું કે મને ક્ષમા કરજો. આપનો

ઉપકારમારી સાત પેઢી પણ નહીં ઉતારી શકે. જૂનો ભક્ત બોલ્યો કે હે ભાઈ ! આ બધી ગુરૂદેવજીની કૃપા છે. તેમનું વચન ફળ્યું છે. આપ આ બધા રૂપિયા ગુરૂજીને દાન રૂપે આપો. મને તો તેમણે પહેલાંથી જ કેટલાય ઘણા બળદોની પુંજી (ધન) આપી દીધી હતી.મારા કામની નથી. બન્ને ભક્ત ગુરૂજીની પાસે ગયા અને સર્વ (બધી) દાન રાશિ ચરણોમાં રાખી દીધી. ગુરૂજીએ ભોજન-ભંડારા (લંગર)માં લગાવી દીધી, સત્સંગ કર્યો. આ પ્રમાણે ચોરીનું ધન મોરીમાં એટલે કે પાણીમાં જાય છે. ભક્ત કાયમ ફળે-ફૂલે (પ્રગતિ કરે) છે.

**⇾ ''સંસ્કાર છૂત (આભડછેટ) ચેપી રોગની જેમ ફેલાય છે''**

સારા તથા ખરાબ સંસ્કાર સંક્રમણ (ચેપી) રોગની જેમ ફેલાય છે. જેમ કે ભક્તના હાથથી વાવેતર કરવામાં આવેલા બીજમાં પણ ભક્તિ સંસ્કાર પ્રવેશ થાય છે. જે તે અન્ને ખાય છે, તેનામાં પણ ભક્તિની પ્રેરણા થાય છે.

અગર કોઈ નશા (વ્યસનો) કરવાવાળો તથા કોઈ પ્રકારના બીજા વિચારોને મનમાં મંથન કરતો રહીને હળ હાકનારો બીજ વાવે છે તો તે બીજમાં પણ તેના વિચાર પ્રવેશ થાય છે જે તે અન્ન (અનાજ) ને ખાવાવાળાને પ્રભાવિત (અસર) કરે છે.

**ઉદાહરણ:-** એક બહેને ગુરૂ દીક્ષા લઈ રાખી હતી. તેના ઘર પર ગુરૂજી આવ્યા તથા સાથે એક શિષ્ય પણ હતો. તે બહેનની બહેન પણ કોઈ કામકાજવશ તે દિવસે આવી ગઈ.

તેનો જમાઈ મૃત્યુને પ્રાપ્ત થઈ ગયો હતો. છોકરી (દિકરી)ના નાના-નાના બાળકો હતા. તે ખૂબ ચિંતા કરતી રહેતી હતી. થોડી-થોડી વારે વિચારો આવ્યા કરતા હતા કે બેટીનો ગુજારો કેવી રીતે થશે ? બેટી તો ઉજ્જડ થઈ ગઈ. દિયર-જેઠ કોઈના નથી હોતા. બાળકોને કોણ પાળશે ? હે ભગવાન ! આ શું થઈ ગયું ? એવા કયા જન્મનું પાપ આડું આવ્યું ? ઉપદેશી બહેન ભોજન બનાવવા લાગી તો તેની બહેન તેની મદદ કરવા લાગી. વધારે ભોજન તે બહેને બનાવ્યું જેનો જમાઈ મરી ગયો હતો. સંત-ભક્ત ખાવાનું ખાઈને સુઈ ગયા. સવારે ભક્ત એ ઊઠીને ગુરૂજીને કહ્યું કે ગુરૂદેવજી ! આજે રાત્રિમાં નિંદ્રામાં મારું મન ખૂબ દુઃખી રહ્યું. જેમકે મારો જમાઈ મરી ગયો. બેટીના નાના-નાના બાળક છે. તેમની હદ વગરની ચિંતા સતાવતી રહી. એમનું શું થશે ? કેવી રીતે ગુજારો થશે ? ગુરૂજીએ પોતાની શિષ્યાને પૂછ્યું કે બેટી ! રાત્રિનું ભોજન કોણે બનાવ્યું હતું ? તેને જવાબ આપ્યો કે મારી નાની બહેન આવી છે, તેણે બનાવ્યું હતું. સંતે પૂછ્યું કે શું તેને કોઈ કષ્ટ (દુ:ખ) છે ? શિષ્યાએ જવાબ આપ્યો કે ગુરૂદેવ ! કષ્ટ (દુ:ખ) તો ખૂબ વધારે છે. તેની

દિકરી (બેટી)ને નાનાં-નાનાં બાળક છે. જમાઈનું મૃત્યુ થઈ ગયું છે. આખો દિવસ મારી બહેન આ જ ચિંતામાં રહે છે. દિવસમાં કેટલીયેવાર આમ કહેતી રહે છે કે બેટીનું શું થશે ? કેવી રીતે બાળકોનું પાલન કરશે ?

ગુરૂજીએ શિષ્યને બતાવ્યું કે તે બેટીના વિચાર ભોજનમાં પ્રવિષ્ટ (પ્રવેશ) થયા અને ખાવાવાળાને પ્રભાવિત કર્યો. મને પણ આજ પરેશાની આખી રાત રહી હતી. આજ પ્રમાણે અગર ભક્તિ નામ-સ્મરણ અથવા આરતી અથવા સંતોની વાણીનું મનન કરતાં-કરતાં ભોજન બનાવવામાં આવે તો ખાવાવાળામાં તે સારા (ઉત્તમ) સંસ્કાર સારી પ્રેરણા કરે છે. ભક્તિની રૂચિ વધે છે. કોઈ હાલી (હળ ચલાવનાર) ગાયન-રાગની ગાતો રહીને બીજ વાવે છે અથવા ખાવાનું બનાવવાવાળી ગાયન/ગીત - રાગની ગાતી રહીને ભોજન બનાવે છે તો તે અન્નમાં તે બધા સંસ્કાર પ્રવેશ થઈ જાય છે. તે ભોજન ખાવાથી ખાવાવાળાનો સ્વભાવ પણ તે જ પ્રમાણે બકવાદ (ખરાબ કાર્ય) કરવા માટે પ્રેરિત (પ્રવૃત્ત) થાય છે જેનું પરિણામ વર્તમાનમાં (1997ની આસપાસથી) દેખાઈ રહ્યું છે. અચ્છાઈ (સારું કરવા)માં ઓછા અને બુરાઈ (ખરાબ કરવા)માં વધારે સંખ્યામાં માનવા લાગ્યા છે.

અગર સંતોની વાણી-પાઠ-આરતી-સ્મરણ કરવાવાળાઓની સંખ્યા વધારે થઈ જશે તો વાતાવરણ ભક્તિમય થઈ જશે. દરેક વ્યક્તિના મનમાં ભક્ત જેવા ભાવ પેદા થશે. તે વાતાવરણને બનાવવા માટે ઘર-ઘરમાં આરતી, રમૈણી તથા નિત્ય-નિયમ ચાલવો જોઈએ. ગુરૂથી દીક્ષા લઈને નામનું સ્મરણ કરવું જોઈએ. જેનાથી વાતાવરણમાં ભક્તિના વિચારોના તત્વ વધારે પ્રમાણમાં ભળી જશે તથા બુરા (ખરાબ) સંસ્કારોવાળા વિચારો ઉપર તરફ જતા રહેશે. ભક્તિ સંસ્કાર ઑક્સિજન જાણો તથા બુરા (ખરાબ) વિચાર કાર્બન ડાયોક્સાઈડ સમજો. ઑક્સિજનરૂપી ભક્તિ સંસ્કારના સિલેન્ડર (બાટલા)ને બાટલા ખોલવા પડશે, એટલે કે સદ્‌ગ્રંથ સાહિબના પાઠ પર પાઠ કરવા પડશે તથા ત્રણેય સમયની સંધ્યા (નિત્ય કર્મ) કરવા પડશે. સ્મરણ કરવું પડશે. ભક્તિ કરવાવાળાઓની સંખ્યા વધશે તો ભક્તિના વિચાર પણ પૃથ્વી પર વધારે ફેલાશે, જેનાથી દરેકના મનમાં શાંતિનો અનુભવ થશે. સત્સંગ કરવા કોઈના ઘરે જતા હતા તો પહેલા દિવસે તો અમારું મન પણ અશાંત જેવું થઈ જતું હતું. પછી દરેક ભક્ત પોત-પોતાની રમૈણી, સવારનો નિત્ય નિયમ, સાંજની આરતી તથા સ્મરણ કરતા, પછી સત્સંગ સંભળાવતો, ત્યારે તે ઘરમાંથી ખરાબ વિચાર (કુસંસ્કાર) નીકળી જતા. સુસંસ્કારો (સારા-ઉત્તમ સંસ્કારો) નું પ્રમાણ વધારે થઈ જવાથી મન શાંત થતું. જ્યારે અમે

સત્સંગ અથવા પાઠ કરીને આગળ બીજા ગામે જવા લાગતા હતા તો પૂરો પરિવાર રડવા લાગી જતો હતો. તેમને એટલી શાંતિ સંત તથા ભક્તોના સંગાથે રહેવામાં મળતી હતી. તે સંસ્કારોનો પ્રભાવ મહિનાઓ સુધી રહેતો હતો. અગર નામ લઈને દરરોજની ત્રણે સંધ્યા તથા સ્મરણ પરિવારના લોકો કરવા લાગી જાય તો તે શાંતિ કાયમ બનેલી રહે છે.

❊ જે બીડી-હોકકામાં તમાખુ (તમાકું) પીવે છે અને તે ખેતરમાં તમાકુનું બીજ વાવે છે પછી તો ખેતરમાં જેટલી વાર અનાજ વાવે છે તો તે અનાજમાં પણ તમાખૂની વાસના (સૂક્ષ્મ તત્વ) પ્રવેશ કરી જાય છે. તે અન્ન (અનાજ/ભોજન) ખાવાવાળામાં પણ તમાખૂ સેવન કરવાની પ્રેરણા બની જાય છે. જેના કારણે નશો (વ્યસન) તેજીથી યુવાનોમાં વધી રહ્યો છે. હવે તો મજૂર વર્ગની ઘણી ખરી સ્ત્રીઓને પણ તમાકુની લત (વ્યસન) લાગી ગઈ છે. જ્યાં સુધી બાળક છે, ત્યાં સુધી તો પિતા-કાકા-તાઉ (મોટા બાપા) દાદાજીના ડરથી તંબાકૂ સેવન નથી કરતા, પરંતુ યુવાન થતાં જ તે સંસ્કારો પ્રબળ થઈ જાય છે અને નશા (વ્યસન)ની આદત જલ્દી પડી જાય છે. મારો ઉદ્દેશ્ય એ છે કે માનવસમાજમાંથી નશા (વ્યસનો) તથા બીજી બુરાઈ (ખરાબી)ઓ જડ-મૂળથી સમાપ્ત કરીને ધરતી પર સ્વર્ગ બનાઉં. પરમાત્મા કબીરજીનું વચન સાકાર થયેલું જોવા માંગું છું. તેમની જ પ્રેરણા તથા શક્તિથી આ અનમોલ કાર્ય સફળ થઈ શકે છે. આ દાસ તથા મારા અનુયાયી સાચી નિયત (નીતિ-દાનત) થી મિશનની સફળતા માટે પ્રયત્નશીલ છીએ. સફળતાની પૂરી આશા છે.

## ● ''સાંસારિક ચીં-ચૂં (શોરબકોર) માં જ ભક્તિ કરવી પડશે''

એક થાણેદાર (પોલીસ અધિકારી) ઘોડી પર સવાર થઈને પોતાના ક્ષેત્ર (વિસ્તાર)માં કામકાજ અર્થે જઈ રહ્યો હતો. જેઠ **(June)** મહિનો હતો. દિવસના એક વાગ્યાની ગરમી. હરિયાણા પ્રાંત (રાજ્ય). એક ખેડૂત ખેતરમાં રહટ (રેંટ)થી ખેતીના પાકમાં સિંચાઈ કરી રહ્યો હતો. બળદો દ્વારા કોલ્હૂ (ધાણી)ની માફક રેંટને ચલાવવામાં આવતો હતો. ડોલોની લડી **(chain)** જે ગોળ લોખંડની પોલી (ચકકર)ના ઉપર ચાલતી હતી. જેનાથી કૂવામાંથી પાણી બહાર નીકળીને ખેતરમાં જવાવાળી નાલી (નીક)માં પડતું હતું. રેંટ (રહટ) ચાલવાથી જોર-જોરથી ચીં-ચૂંનો અવાજ થઈ રહ્યો હતો. દરોગા (થાણેદાર) તથા ઘોડી બન્ને તરસ લાગવાથી વ્યાકુળ (પરેશાન) થઈ રહ્યા હતા. થાણેદારે પાણી પીવા માટે તથા ઘોડીને પીવડાવવા માટે રેંટની નજીક જ્યાં પાણી પડતું હતું ત્યાં લઈને આવવા લાગ્યો. રેંટથી થઈ રહેલા જોર-જોરથી ચી-ચૂંના અવાજથી ઘોડી ભડકી (ડરીને દૂર ભાગી) ગઈ.

થાણેદારે ખેડૂતને કહ્યું કે આ ચી-ચૂં ને બંધ કર. ખેડૂતે બળદોને રોકી દીધા. રેંટ ચાલવાનો બંધ થઈ ગયો. કૂવામાંથી પાણી નીકળવાનું બંધ થઈ ગયું. જે પાણી પહેલાં નીકળેલું હતું, તે જમીનની અંદર શોષાઈ ગયું હતું. દરોગા (પોલીસ અધિકારી) ઘોડીને ફરીથી નજીક લાવ્યો તો જોયું કે નાલી (નીંક)માં પાણી નહતું. દરોગાએ કહ્યું, હે કિસાન (ખેડૂત) ! પાણી કાઢ. ખેડૂતે બળદ ચલાવી દીધા, રેંટથી ચીં-ચૂંનો અવાજ અને પાણી પણ આવવા લાગ્યું. ઘોડી ફરીથી ભડકી ગઈ અને એક એકર (**200** ફૂટ) જેટલી દૂર જઈને રોકાઈ. દરોગા ઘોડી ઉપર બેઠેલો હતો. દરોગાએ ફરી કહ્યું કે ખેડૂત ! અવાજ બંધ કર. ખેડૂતે બળદો રોકી દીધા, પાણી પડતું બંધ થયું અને નીકનું પાણી જમીનમાં શોષાઈ ગયું. ઘોડીને ફરી પાછો દરોગા નજીક લાવ્યો. નીંકમાં પાણી ન મળ્યું એટલે ફરીથી પાણી કાઢવાનો આદેશ આપ્યો. રહટ (રેંટ) ચાલતાં જ ઘોડી પાછી દોડી ગઈ. ખેડૂતે કહ્યું કે દરોગાજી ! આ રહટ (રેંટ)ની ચીં-ચૂંમાં જ પાણી પીવું પડશે, નહિ તો બન્ને મરશો. દરોગા ઘોડીથી ઊતર્યો, લગામ પકડીને ધીરે ધીરે ઘોડીને નજીક લાવ્યો, ચાલતા રહટ (રેંટ)માં જ બન્નેએ પાણી પીધું અને જીવન રક્ષા કરી, એટલા માટે સાંસારિક કાર્યોને કરતા કરતા જ ભક્તિ, દાન-ધર્મ, સ્મરણ કરવું પડશે, જરૂર કરો.

**❊ હવે ભક્તિથી શું થશે ? આયુ (ઉંમર) તો થોડી જ બચી છે**

જિલ્લા જીંદમાં ગામ ‘મનોરપુર’માં ભક્ત રામકુમારજીના ઘરે ત્રણ દિવસનો પાઠ તથા સત્સંગ થઈ રહ્યો હતો. ગામડામાં પુરૂષો સત્સંગને પાખંડ માને છે કારણ કે જૂના જમાનામાં સત્સંગનું આયેજન વૃદ્ધ સ્ત્રીઓ કરતી હતી. રાત્રિમાં સત્સંગ કરતી હતી, દિવસમાં પુત્રવધૂને ભાઈ-ભત્રીજાઓવાળી ગાળો આપીને કોસતી (શેકતી/મહેણાં મારતી) હતી. કોઈ-કોઈ તો બિટોડે સે (છાણાના ઢગલામાંથી) ગોસે (છાણાં) સુધી ચોરી લેતી હતી. કોઈ વખત પકડાઈ જતી તો બદનામી થતી હતી. આવા પ્રકારની ઘટનાઓથી સત્સંગ નામથી લોકોને એલર્જી હતી. ભક્ત રામકુમારજીના પૂરા પરિવારે દીક્ષા લઈ રાખી હતી. તેમને ખબર હતી કે આ સત્સંગ અલગ છે. જ્યારે રામકુમારજીના પિતાજીને ખબર પડી કે અમારા ઘરમાં મોટો બેટો (દિકરો) સત્સંગ કરાવી રહ્યો છે તો વધારે બેઈજ્જતી માની અને વિચાર્યું કે ગામ શું કહેશે ? એટલા માટે તે વૃદ્ધ ત્રણ દિવસ સુધી પોતાના મોટા બેટાના ઘર પર આવ્યા નહીં. નાના બેટાના ઘરે ચૌબારા (આંછળી)માં રહ્યા. દિવસમાં ખેતરે ચાલ્યા જાય, રાત્રિમાં ઓંછળીમાં હોકકો પીવે અને અંદરથી દુઃખ મનાવે કે આ કેવા દિવસ જોઈ રહ્યો છું.

રાત્રિમાં દાસે ((લેખકે) સત્સંગ કર્યો. લાઉડ સ્પીકર લગાવી રાખ્યું હતું. રામકુમારના છોકરાને ખબર હતી કે દાદાજી ઉપર ચૌબારા (આંછળી) માં છે. તેને એક સ્પીકરનું મુખ દાદાજીના ચૌબાર (આંછળી) ની તરફ કરી દીધું. સત્સંગનાં વચન સાંભળવા વૃદ્ધની મજબૂરી બની ગઈ. બે દિવસ સત્સંગ સાંભળીને વૃદ્ધ ત્રીજા દિવસે પાઠના ભોગ પર રામકુમારજીના ઘરે આવી ગયા. રામકુમારજીની પત્નીએ બતાવ્યું કે મેં તો એમ વિચાર્યું હતું કે બૂઢો (ડોસો) વાત બગાડવા આવ્યા છે. મહારાજજીને ખોટું (ખરાબ) બોલશે. પાઠનો ભોગ લાગી ગયા પછી રામકુમારના પિતાજી મારી સામે આવીને બેસી ગયા અને કહેવા લાગ્યા, મહારાજજી ! હું તો આ સત્સંગના પ્રોગ્રામથી નારાજ હતો, પરંતુ બે દિવસ આપની વાત સાંભળી, મને ઝંઝોડીને રાખી દીધો. મેં તો મનુષ્ય જીવનનો પૂરો જ નાશ કરી દીધો. મેં આઠ એકર જમીન વેચાણથી લીધી, બન્ને બેટાઓને પાળ્યા-પોષ્યા (મોટા કર્યા), દિવસ-રાત ખેતીના કામમાં લાગ્યો રહ્યો. આપના વિચારોથી ખબર પડી કે મેં તો જીવન નાશ કરી દીધું. હવે 75 વર્ષની ઉંમર થઈ ચુકી છે. હવે ભક્તિથી શું બનશે? આ વાત કહીને તે વૃદ્ધ રડવા લાગ્યા. હીબકું ભરાઈ ગયું. મેં તેને સાંત્વના (આશ્વાસન) આપતાં કહ્યું કે આપ વિશ્વાસ કરો હજી પણ કંઈ બગડ્યું નથી. એક ઉદાહરણ તો ગુરૂજીથી આ દાસ (રામપાલ દાસ)એ સાંભળ્યું છે. બતાવ્યું કે જેમકે કૂવામાં ડોલ હાથથી છૂટી ગઈ હોય અને તેની નેજુ-રસ્સી (રસ્સી જે ડોલથી બાંધવામાં આવે છે, જેનાથી ડોલ દ્વારા કૂવામાંથી પાણી કાઢવામાં આવે છે. જૂના સમયમાં કૂવા લગભગ 100-150 ફૂટ ઊંડા હોતા થા) પણ કૂવામાં જઈ રહી હોય. અગર દોડીને રસ્સી (દોરડા)ને પકડવાની કોશિશ કરવાથી દોરડાનો છેડો (પૂંછડું/છેલ્લો ભાગ) પણ હાથમાં આવી જાય તો કંઈ પણ નથી ગયું. ડોલ પણ મળી ગઈ અને પાણી પણ પ્રાપ્ત થઈ ગયું. અગર આમ વિચાર કરીને અટકી જઈએ કે ડોલ તો બિલકુલ ગઈ, જવા દે તો મૂર્ખતા છે. આજ પ્રમાણે આપની ઉંમર રૂપી રસ્સી (દોરડું) તેની પૂંછડી **(end)** બચી છે. હવે દીક્ષા લઈને સર્વ નશા (વ્યસન) ત્યાગીને મર્યાદામાં રહીને સાધના કરો, મોક્ષ થઈ જશે. તે જ સમયે તે ભક્તાત્માએ દીક્ષા લીધી અને પૂરી લગનની સાથે ભક્તિ કરી. તે 85 વર્ષની ઉંમરે શરીરનો ત્યાગ કરીને ગયા. જીવન સફળ કર્યું. તે હોકકો પીતા હતા. તે જ દિવસે ત્યાગી દીધો આજીવન હાથ પણ નથી લગાડ્યો. રામકુમારના નાના ભાઈના પરિવારે પણ નામ લીધું. વૃદ્ધ ભક્ત તેમને લઈને જાતે સત્સંગમાં આવતા હતા. ભક્તિ કરવાનું કહેતા હતા. મનોરપુર ગામના લોકો આશ્ચર્યચકિત

હતા કે આટલો હોકકો પીવાવાળાએ કેવી રીતે હોકકો છોડી દીધો ? હોકકો પીવાવાળાઓની પાસે પણ નથી બેસતા.

*એક ચોટ સિધારિયા જિન મિલન દા ચાહ ।*

હરિયાણામાં કહેવત છે કેઃ-

*ધામ કા ઔર જ્ઞાન કા ચમકા-સા લાગ્યા કરૈ ।*

તેમાં જ કામ બની જાય છે. ભાવાર્થ છે કે ભાદરવા મહિનામાં ધૂપ (ધામ/તડકા)નું જોર વધારે હોય છે. ખેતરમાં કામ કરવાવાળાઓને તડકો મારી નાંખે છે. [તડકાનું-ધામનું મારવું = તડકાથી નુકસાન થવું, જેના કારણે શરીરમાં ગરમી વધી જાય છે, ચામડી બળે છે, તાવ આવી જાય છે. આને કહે છે ધામ (તડકા) એ તો મારી નાખ્યા] તે વ્યક્તિ વૈદ્યને કહેતો હતો કે મને તો એ ખબર પણ ના પડી કે ક્યારે ધામ (ગરમી) મારી ગઈ. વૈદ્ય કહેતા હતા કે ધામ (સૂર્યની ગરમી) કા તો ચમકા-સા લગતા હૈ એટલે કે અચાનક પ્રભાવ પડી જાય છે. આ જ પ્રમાણે જેમને જ્ઞાનનો પ્રભાવ થવાનો હોય તો એક-બે બિંદુ પર જ જ્ઞાન થઈ  જાય છે, ભક્તિ પર લાગી જાય છે.

## ● ''ચૌધરી જીતા જાટને જ્ઞાન થયું''

ગામ-ખેખડા, જિલ્લો-બાગપત (ઉત્તરપ્રદેશ) માં લગભગ બસ્સો પંચોત્તેર વર્ષ પૂર્વે એક જીતારામ જાટ હતા. નવસો વીઘા જમીન હતી. ગામનો નંબરદાર (ગામ પટેલ / આગેવાન) સૌથી વધારે પૈસાવાળો તથા પંચાયતી આદમી હતો. સત્ય (સાચા)નો પક્ષ લેતો હતો. જૂઠને મહત્ત્વ આપતો નહોતો. તે જ ગામ (ખેખડા)માં એક સંત ઘીસા દાસજી તે સમયમાં સત્સંગ કર્યા કરતા હતા. તે ચમાર જાતિથી હતા. તે સમયે છુઆછાત (આભડછેટ) ચરમસીમા પર હતી. સંત ઘીસાદાસજીને પરમેશ્વર કબીરજી લગભગ સાત-આઠ વર્ષની ઉંમરમાં જંગલમાં મળ્યા હતા. તેમને યથાર્થ (યોગ્ય) જ્ઞાન તથા દીક્ષા આપીને અંતરધ્યાન (અલોપ) થઈ ગયા હતા. મોટા થઈને સંતશ્રી ઘીસાદાસજી સત્સંગ કરવા લાગ્યા. આજુબાજુના વ્યક્તિ સત્સંગ સાંભળીને દીક્ષા લઈને સંકટ મુક્ત થવા લાગ્યા. દિવસમાં પોતાના ગુજરાન માટે કાર્ય કરતા તથા રાત્રિમાં સત્સંગ સંભળાવતા હતા. મહિનામાં બે દિવસ સત્સંગ કરતા હતા. રાત્રિના સત્સંગમાં સ્ત્રી-પુરૂષો બન્ને આવતા હતા. ગામમાં ચર્ચા થવા લાગી કે રાત્રિમાં સ્ત્રીઓનું જવું યોગ્ય નથી. કંઈપણ ખરાબ ઘટના બની શકે છે. એટલા માટે સત્સંગને બંધ કરાવી દેવામાં આવે. ગામ ખેખડાની પંચાયત ભેગી થઈ. પંચાયતમાં સત્સંગ બંધ કરાવવાનો નિર્ણય લેવામાં

આવ્યો અને આ સંદેશ સ્વયં (જાતે) પંચાયતના પ્રમુખ ચૌધરી જીતારામજીને આગળ પહોંચડવા માટે જવાબદારી આપવામાં આવી. ચૌધરી જીતારામજી સંત ઘીસારામજીના ઘરે ગયા. તે દિવસે સત્સંગ ચાલી રહ્યો હતો. ગામની પંચાયતના ફેંસલાની ચર્ચા પૂરા ગામમાં થઈ ચુકી હતી. જયારે ચૌધરી જીતારામજી પહોંચ્યા તો સત્સંગી શ્રોતાઓને લાગ્યું કે ચૌધરી સાહેબ જાટ દિમાગના છે. સંતજીથી ઝઘડો કરશે. જીતારામજી ઘરેથી લાઠી (લાકડી) લઈને ચાલ્યા હતા જે રસ્તામાં એક વૃક્ષના થડીયે ઊભી કરીને મૂકીને આગળ ચાલ્યા. વિચાર આવ્યો કે ભક્ત કોઈ ઝઘડો થોડો કરે છે. સત્સંગ ભરી સભાની વચ્ચમાં લાકડી લઈને જવાનું પંચાયતીને શોભા નથી આપતું. સત્સંગ ચાલી રહ્યો હતો. ચૌધરી સાહેબે વિચાર કર્યો કે થોડીક આની સત્સંગની વાતો સાંભળી લઉં, પછી કહેવાનું છે તે કહીશ અને સાંભળી લઈશ. સત્સંગમાં તે જ જ્ઞાન બતાવવામાં આવ્યું જે આપજીએ હરલાલજીના પ્રકરણમાં વાંચી લીધું છે. ચૌધરી સાહેબ તો ભાવુક થઈ ગયા. આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. ઊભા થઈને સંત ઘીસાદાસજીના ચરણોમાં માથું રાખી દીધું અને કહ્યું કે હે ગુરૂદેવ ! મને અપરાધીને ચાહે મારો ચાહે છોડો, ભૂલ ખૂબ મોટી કરી દીધી છે. હું તુચ્છ જીવ સત્સંગ બંધ કરવાનો આદેશ લઈને આવ્યો છું. ક્ષમા કરો પ્રભુ ! આપ દિલ ખોલીને સત્સંગ કરો, કોઈ નહીં રોકે. સંત ઘીસાજીએ કહ્યું ક ચૌધરી સાહેબ ! જે કામ કરવા આવ્યા હતા, તે કરો. જીતા જાટ ફરી રડવા લાગ્યા અને બોલ્યા કે ક્ષમા કરો, ક્ષમા કરો, મને દીક્ષા આપો. ચૌધરી જીતારામ જાટજી ભક્ત બની ગયા. જાતે પણ રાત્રિમાં સત્સંગ સાંભળવા લાગ્યા. ખેખડા ગામના ઘર-ઘરમાં ચૌધરી સાહેબ જીતારામની સંત ઘીસા રામજીની શરણમાં જવાની નિંદા થવા લાગી. કહેવા લાગ્યા કે સંત ઘીસારામ સેવડા છે, જાદુ-જંતર જાણે છે. (સેવડા = તાંત્રિક). ગામના ચૌધરી પર તાંત્રિક ક્રિયા કરીને પોતાના વશમાં કરી લીધા છે. સંમોહન જંતર-મંતર જાણે છે. ચૌધરી જીતારામજીના ઘરવાળા છોકરા તથા ભાઈ-કાકા-તાઉ (મોટા બાપા) બધા જીતારામ જાટ તથા ઘીસારામ સંતના વિરોધી થઈ ગયા. ગામવાળા ચૌધરી જીતારામને કહેવા લાગ્યા કે ચૌધરી સાહેબ ! ઘડપણ (વૃદ્ધા અવસ્થામાં) આપ પણ બગડી ગયા. ચૌધરી જીતારામજીને આધ્યાત્મિક ધામ મારી ગયું હતું એટલે કે જ્ઞાનનો પ્રબળ (પુષ્કળ) પ્રભાવ થઈ ગયો હતો. તે કહેતા હતા કે ગામવાળાઓ ! મારા તો ભાગ્ય જાગી ગયા, જે હું ભક્ત બની ગયો અને આપની નજરમાં બગડી ગયો. ભગવાન કરે મારી માફક તમે બધાય બગડી જાઓ. બગડ્યા વગર

કામ નહીં ચાલે. થોડાક દિવસો પછી ગામની પંચાયત થઈ અને સંત ઘીસાદાસજી અને ભક્ત જીતારામજીને ગામ છોડવાનું ફરમાન સંભળાવી દીધું. બન્ને ગુરૂ-શિષ્ય તરત જ ગામ છોડીને દૂર સ્થાન પર એક ગામમાં સત્સંગ કરીને જનતાને સમજાવવા લાગ્યા. વધારે પ્રમાણમાં વ્યક્તિ અનુયાયી (શિષ્ય) થઈ ગયા. સંતોના ચાલ્યા ગયા પછી ગામ ખેખડામાં અકાળ મૃત્યુ થવા લાગ્યા. પંચાયતીઓના ઘરોમાં પરમાત્માનો પ્રકોપ પ્રારંભ થઈ ગયો. કોઈના ઘાસચારાના ઢગલામાં આગ લાગે, કોઈના પશુ મરવા લાગ્યા. કોઈના પરિવારમાં ભૂત બોલવા લાગ્યાં, કોઈની બેટી વિધવા થઈ ગઈ, કોઈને અધરંગની (લકવાની) ફરિયાદ. ગામમાં પશુઓમાં રોગ ફેલાઈ ગયો. ગામના કેટલાક વ્યક્તિ કોઈ બૂઝા-પૂછા (આળોટાળો-તાંત્રિક ક્રિયા) કરવાવાળાની પાસે ગામમાં થઈ રહેલા ઉપદ્રવનું કારણ જાણવાને માટે ગયા. બૂઝા-પૂછા (જાડ-ફૂંક)વાળાએ બતાવ્યું કે આપના ગામમાં બે સંત-ભક્ત રહેતા હતા, તે ગામમાંથી ચાલ્યા ગયા છે. તે પાછા આવશે તો ગામ વસશે (આબાદ થશે) નહીં તો ઉજડી જશે. તે વ્યક્તિઓએ ગામમાં આવીને પંચાયત કરીને બધી વાત બતાવી. ગામના ગણમાન્ય (ખાસ) વ્યક્તિ સંત-ભક્તને પાછા લાવવાને માટે તે ગામમાં ગયા. ભક્ત જીતાદાસે ગુરૂજી ઘીસાદાસજીને કહ્યું કે લાગે છે ગુરૂદેવ ! અહીંયાથી પણ કઢાવી મૂકવા ગામવાળા આવી ગયા છે. જુઓ ! તે આવી રહ્યા છે. સંત ઘીસાદાસજી બોલ્યા, રાખી લો ચાદરને ખભા ઉપર, ચાલતા થઈ જઈએ. એટલામાં ગામના ચૌધરી નજીક આવી ગયા અને પોત-પોતાના માથાના સાફા (ફેંટા/પાઘડી) સંત ઘીસાજી તથા ભક્ત જીતાજીના ચરણોમાં રાખી દીધા. બધા લોકો બોલ્યા, મહારાજજી ! ભૂલ ક્ષમા કરો. આપના ગયા પછી ગામ ઉજ્જડ થવા લાગ્યું છે. બચાવી શકાય તો બચાવી લ્યો. નહીં તો અમે પણ અહીંયા આપની પાસે જ રહીશું. તે ગામના વ્યક્તિઓ પણ ભેગા થઈ ગયા. બધી ઘટનાની ખબર પડી. વર્તમાન ગામવાળા કહેવા લાગ્યા કે ચૌધરીઓ તમે વસશો તો અમે ઉજડી જઈશું. જ્યારથી આ બે દેવતા આ ગામમાં આવ્યા છે, ગામમાં કોઈની તૂ-તૂ, મેં-મેં પણ નથી થઈ. બે વાર વરસાદ થઈ ચુક્યો છે. જુઓ ! ખેતીનો પાક લહેરાઈ રહ્યો છે. ખેખડાવાળાઓએ ખાસ વિનંતી કરી તો બન્ને મહાપુરૂષોએ પાછા આવવાની હા કરી દીધી અને વર્તમાન ગામવાળાઓને કહ્યું કે અમે સમય-સમય પર આવતા રહીશું. દરેક પૂર્ણ માસી (પૂનમે) આપ ખેખડા આવ્યા કરજો. પરમાત્મા કબીરજી બધું ઠીક રાખશે. બન્ને મહાપુરૂષોના આવતાં જ ગામમાં પૂર્ણ શાંતિ થઈ ગઈ. પશુધન સ્વસ્થ થઈ ગયું. આગલા દિવસે ભારે વરસાદ થઈ ગયો.

**ખેડૂત લોકો ફૂલ્યા નહોતા સમાઈ રહ્યા. 36 બીરાદરી ખુશ હતી. બધા ઉપદ્રવો બંધ થઈ ગયા. આજ સુધી તે ગામમાં સંત ઘીસાદાસજી તથા ભક્ત જીતા દાસજીના નામના મેળા ભરાય છે. સંત ગરીબદાસજીએ કહ્યું છે કેઃ-**

*ગરીબ, જિસ મંડલ સાધુ નહીં, નદી નહીં ગુંજાર ।*
*તજ હંસા વહ દેશડા, જમ કી મોટી માર ।।*

**એટલા માટે વાંચકજનો ! ગમે ત્યારે પણ ગમે તેટલી ઉંમર થઈ ગઈ હોય સતગુરૂ (પૂરા ગુરૂ/તત્ત્વદર્શી સંત) મળી જાય તો તરત જ ભક્તિ પ્રારંભ (શરૂ) કરી દેજો. સંત ગરીબદાસજીએ કહ્યું છે કેઃ-**

*ગરીબ, ચલી ગઈ સો જાન દે, લે રહતી કૂં રાખ ।*
*ઉતરી લાવ ચઢાઈયો, કરો અપૂઠી ચાક ।।*

**ભાવાર્થઃ-** જે ઉંમર ચાલી ગઈ, તેની ચિંતા છોડીને બચી (વધી) છે તેની રક્ષા કરો એટલે કે ભક્તિ, દાન-સેવામાં લગાવી દો. જેમ કે જૂના સમયમાં કૂવાથી ખેતીની સિંચાઈ માટે ચામડાની ચડસ પ્રયોગ થતી હતી. જેમાં બે-ત્રણ ક્વિંટલ પાણી ભરાઈ જતું હતું. તેને લાકડાના નાના ચકકર ઉપર જાડું દોરડું (રાંઢવું) ચઢાવીને બાંધીને ખેંચતા હતા. અગર લાવ (દોરડું) ચકકરથી ઉતરી જતું (લપસી જતું હતું) તો તેને ખેંચવાનું કઠણ પડતું હતું. તેને ફરી જેમ તેમ કરીને ચક્ર (લાકડાના જાડા ગોળ મટોળ) પર ચઢાવવામાં આવતું હતું, જેનાથી પાણી ભરેલી ચડસને બહાર કાઢવાનું સરળ થઈ જતું હતું. તેનાથી લાભ લેવાની આ યોગ્ય રીત છે. એટલા માટે હે માનવ ! અગર ગુરૂની શરણ નથી લીધી તો આપની લાવ (રસ્સી/દોરડી) ઉતરી પડી છે, જીવનનું દરેક કાર્ય (કામકાજ) મુસીબત (તકલીફ) બનીને ઊભું છે. તે જીવનની લાવને ફરી પુલી (ચકકર-ચક્ર) પર ચઢાવી લો. પછી ચલાવો, આસાન (સરળ) થઈ જશે એટલે કે ગુરૂજીનું શરણ લઈને પોતાના જીવનના રાહ (રસ્તા)ને સરળ બનાવો.

## ● ''વેશ્યાનો ઉદ્ધાર''

### ✳ સત્સંગ સાંભળવાથી જીવન સુધરી જાય છેઃ-

પરમેશ્વર કબીરજી રાત્રિમાં ઘરે ઘરે જઈને સત્સંગ કરતા હતા. દિવસમાં પોતાના ગુજારા માટે બધા શ્રોતા તથા કબીરજી કામકાજ કરતા હતા.

એક રાત્રિમાં સત્સંગ ચાલી રહ્યો હતો. થોડેક જ દૂર કાશી શહેરની પ્રખ્યાત વેશ્યા ચંપાકલીનું આલિશાન મકાન હતું. તે રાત્રિમાં વેશ્યાને ત્યાં ગ્રાહકો બિલકુલ આવ્યા નહતા. જેના કારણે રાહ જોતી જાગી રહી હતી.

**તેને પરમાત્મા કબીરજીના મુખ કમળથી બોલાઈ રહેલી પ્રિય અમૃતવાણી સંભળાવા લાગી. સત્સંગમાં બતાવવામાં આવ્યું કે માનવ (સ્ત્રી/પુરૂષ)નું જીવન મોટા પુણ્યોથી પ્રાપ્ત થાય છે. જે સ્ત્રી-પુરૂષ ભક્તિ નથી કરતા, દાન-સેવા નથી કરતા તે પરમાત્માના ચોર છે. (ગીતા અધ્યાય-3 શ્લોક 12 માં પણ કહ્યું છે કે જે વ્યક્તિ પરમાત્માથી પ્રાપ્ત ધનનો કેટલોક અંશ (ભાગ) દાન-ધર્મમાં લગાવ્યા વગર સ્વયં (જાતે) જ પેટ ભરતો રહે છે, તે તો પરમાત્માનો ચોર જ છે.) જે માનવ ચોરી, ડકૈતી (ડાકુગીરી), ઠગી, વેશ્યાગમન કરે છે તે મહા અપરાધી (ભયંકર ગુનેગાર) છે. જે સ્ત્રીઓ વેશ્યાનો ધંધો કરે છે, તે પણ મહા અપરાધી છે. પરમાત્માના દરબારમાં તેમને ખૂબ ભારે દંડ (સજા) આપવામાં આવશે. માનવ જીવન શુભ કર્મ કરવા તથા ભક્તિ કરવાને માટે પ્રાપ્ત થાય છે.**

*કબીર, ચોરી જારી વૈશ્યા વૃતિ, કબહુ ના કરયો કોએ ।*
*પુણ્ય પાઈ નર દેહી, ઓચ્છી ઠૌર ન ખોએ ।।*

**માનવશરીર પ્રાપ્ત પ્રાણીએ વિચારવું જોઈએ કે સર્વ પ્રથમ પૂર્ણ ગુરૂની શરણમાં જઈને દીક્ષા પ્રાપ્ત કરે. પછી આજીવન ગુરૂની મર્યાદા (બતાવેલા નિયમ)માં રહીને સાધના તથા સેવા- દાન-ધર્મ કરતો રહે. પોતાનું રોજનું કાર્ય પણ કરે, પરંતુ સર્વ બુરાઈ (ખરાબી)ઓ ત્યાગી દે. તેનું કલ્યાણ જરૂર થાય છે. આધ્યાત્મ જ્ઞાનના અભાવથી માનવ (સ્ત્રી-પુરૂષ) કેવળ ધન ઉપાર્જન (ભેગું) કરવું એ પોતાનું મુખ્ય લક્ષ્ય બનાવીને જીવન સફરને નકકી કરે છે. અગર આપની પાસે અરબ-ખરબ સુધી ધન સંપત્તિ છે જેને આપે પૂરા જીવનમાં અટ-પટ, છળ-કપટ કરીને ભેગી કરી છે. અચાનક મૃત્યુ થઈ જાય છે. આખા જીવનનું ભેગું કરેલું ધન તો અહીં જ રહી ગયું, સાથે તો શરીર પણ ન ગયું, સાથે તો ગયાં તે એકલાં પાપ જે પૂરા જીવનમાં માયાનો સંગ્રહ (ભેગું) કરવામાં થયાં હતા.**

*કાયા તેરી હૈ નહીં, માયા કહાં સે હોય ।*
*ગુરૂ ચરણોં મેં ધ્યાન રખ, ઈન દોનોં કો ખોય ।।*

**ભાવાર્થઃ- જે કાયા (શરીર) ને રોગમુકત કરાવવા માટે માનવ પોતાની સંપત્તિને (મિલકતને) વેચીને પણ ઉપચાર કરાવે છે. કહ્યું છે કે કાયા પણ આપની સાથે નહીં જાય, પછી માયાની તો વાત જ ક્યાં રહી ? પૂર્ણ ગુરૂજીથી દીક્ષા લઈને રાત-દિવસ ભક્તિ કર. ગુરૂજીના બતાવેલા જ્ઞાનને આધાર બનાવીને જીવનના રાહ (રસ્તા) પર ચાલ. કાયા તથા માયાથી મોહ હટાવીને ભક્તિનું ધન સંગ્રહ (ભેગું) કર.**

*કબીર, સબ જગ નિર્ધના, ધનવંતા ના કોય ।*
*ધનવાન વહ જાનિયે, જાપે રામ નામ ધન હોય ।।*

**હે માનવ ! માનવનો પાછલો ઈતિહાસ જોઈ લેઃ-**

*સર્વ સોને કી લંકા થી, રાવણ સે રણધીરં ।*
*એક પલક મેં રાજ નષ્ટ હુઆ, જમ કે પડે જંજીરં ।।*

**ભાવાર્થઃ- શ્રીલંકાના રાજા રાવણની પાસે એટલું ધન હતું કે તેણે સોના (સુવર્ણ)નો મહેલ બનાવી રાખ્યો હતો. જ્યારેવિનાશ થઈ ગયો તો એક રતી (ગ્રામ) ભર પણ સોનું રાવણ સાથે નતો લઈ જઈ શક્યો.**

*ગરીબ, ભક્તિ બિના ક્યા હોત હૈ, ભ્રમ રહા સંસાર ।*
*રતી કંચન પાયા નહીં, રાવણ ચલી બાર ।।*

**ભાવાર્થઃ- સંત ગરીબદાસજીએ પણ આજ વાતનું સમર્થન કર્યું છે કે ભક્તિ વગર જીવને કોઈ લાભ નથી થતો. માયા જોડવા (ભેગી કરવા) ને માટે આજીવન ભટકતો રહે છે. શ્રીલંકાના રાજા રાવણની પાસે અનંત ધન, સુવર્ણ (સોનું) વગેરે હતું, પરંતુ સંસાર ત્યાગીને જતી વખતે એક ગ્રામ સોનું પણ સાથે લઈ જઈ શક્યો નહતો. સત્ય ભક્તિ સત્ય પુરૂષની ન કરવાના કારણે યમના દૂતો દ્વારા બેલ (હાથકડી) બાંધીને ઉપર યમરાજની પાસે લઈ જવામાં આવ્યો. નરકમાં નાખવામાં આવ્યો. એટલા માટે હે માનવ ! અશુભ (ખરાબ) કર્મોથી ડર (બીતો રહે), સત્ય ભક્તિ ગુરૂ ધારણ કરીને કર.**

**શંકાનું સમાધાન કરતા રહીને પરમેશ્વર કબીરજીએ સત્સંગમાં બતાવ્યું કે આધ્યાત્મિક જ્ઞાન ન હોવાના કારણે સારા સારા વ્યક્તિઓથી પણ પાપ થયા છે. જ્યારે તેમણે સત્સંગ સાંભળ્યો તો સર્વ (બધા) અપરાધ ત્યાગીને ભક્તિ કરીને પોતાનું કલ્યાણ કરાવ્યું છે. પરમાત્મા કબીરજીએ બતાવ્યું કે મારી પાસે સાધનાના તે યોગ્ય મંત્રો છે જે સર્વ (બધા) પાપોને નષ્ટ (નાશ) કરી દે છે. પુણ્ય બચી જાય છે [જેમ કે વર્તમાનમાં વૈજ્ઞાનિકો એ એવી ઔષધિ - દવા શોધી છે કે જે ખેતીમાં નાખવાથી ઘાસ તથા ખરપતવાર (નિંદામણ) ને નાશ (નષ્ટ) કરી દે છે, પાક સુરક્ષિત રહે છે] આ મંત્ર હું પોતાના (મારા) લોકમાંથી લઈને આવ્યો છું.**

*સોહં શબ્દ હમ જગ મેં લાએ, । સાર શબ્દ હમ ગુપ્ત છિપાએ ।।*

**(ઋગ્વેદ મંડળ-9 સૂક્ત 95 મંત્ર 2 માં પણ પ્રમાણ છે કે ''પરમાત્મા પ્રત્યક્ષ (રૂબરૂ / સામે જ) પ્રગટ થઈને પોતાની અમૃતવાણી દ્વારા મુક્તિના સત્ય માર્ગની પ્રેરણા કરે છે. તે પરમાત્મા સબ (બધા) દેવોના દેવ એટલે કે સર્વના માલિક ભક્તિના ગુપ્ત નામોનો આવિષ્કાર (પ્રગટ) કરે છે. અગર**

**કોઈ મહાપાપી છે, સત્ય સાધના કરવા લાગી જાય છે અને ભવિષ્યમાં કોઈ પાપ નથી કરતો તો તેના સર્વ (બધા જ) પાપ સમાપ્ત થઈ જાય છે, ભક્તિ કરીને પોતાનું કલ્યાણ કરાવી શકે છે.**

**ઉપરોક્ત અમૃત વચનો સાંભળીને તે બહેન વેશ્યા જેમ કે ગાઢ ઊંઘમાંથી જાગી હોય તેમ કંપવા લાગી ગઈ. ઘરમાં તાળું મારીને સત્સંગ સ્થળ પર ગઈ. પાછળ જ મહિલાઓની તરફ બેસી ગઈ. સત્સંગ સમાપ્ત થઈ ગયા પછી બૂમ પડી કે જે દીક્ષા લેવા ઈચ્છ છે, તે આગળ ગુરૂદેવજીની નજીક આવી જાય. કેટલીક સ્ત્રી તથા પુરૂષ ઊઠીને આગળ આવ્યા. તે વેશ્યા પણ આવી અને ગુરૂદેવજીને પોતાનો પરિચય આપ્યો અને બતાવ્યું કે મને તો 40 વર્ષની ઉંમરમાં આજે જ પ્રથમ વાર આ ઉપકારક વચનો સાંભળવા મળ્યા છે. હે પરમાત્મા ! શું મારા જેવી પાપિણીનું પણ કલ્યાણ સંભવ (શક્ય) છે ? એમ જોવા જઈએ તો આપજીએ સર્વ (બધું જ) સમાધાન સત્સંગમાં બતાવી દીધું, પરંતુ જ્યારે પોતાના ધૃણિત (નફરત ઉપજે તેવા) જીવનની તરફ નજર કરું છું તો ગ્લાનિ (દુઃખ) થાય છે તથા વિશ્વાસ નથી થઈ રહ્યો કે મારા જેવી અપરાધી (ગુનેગાર)ને ક્ષમા કરી દેવામાં આવશે. પરમેશ્વર કબીરજીએ કહ્યું કેઃ-**

*કબીર, જબ હી સત્યનામ હૃદય ધરા, ભયો પાપ કો નાશ ।*
*જૈસે ચિનંગી અગ્નિ કી, પડૈ પુરાનૈ ઘાસ ।।*

**ભાવાર્થઃ-** જેમ કે કરોડ ટન સૂકા ઘાસનો ઢગલો પડ્યો હોય. અગર તેમાં માચીસની એક દિવાસળી લગાડીને નાખી દેવામાં આવે તો તે ઘાસને રાખ બનાવી દે છે. પછી હવા ચાલશે જે તે રાખને પણ ઉડાડીને લઈ જશે. કામ-પૂરું થયું. આ જ પ્રમાણે કરોડો જન્મોના પાપ પણ કેમ ન હોય, મારા સાચ્ચા મંત્રનો જાપ બાળીને રાખ કરી દેશે. ભવિષ્યમાં કોઈ ભૂલ ન કરતા, કલ્યાણ થઈ જશે.

**(યજુર્વેદના અધ્યાય-8 મંત્ર 13માં પણ આ જ પ્રમાણ છે કે પરમાત્મા પોતાના ભક્તના (એનસઃ એનસઃ) ઘોર પાપોનો નાશ કરી દે છે. જીવનું કલ્યાણ કરી દે છે.)**

**તે બહેને પાપનું કાર્ય (વેશ્યાનો ધંધો) ત્યાગી દીધો. પરમાત્મા કબીરજીથી દીક્ષા લઈને મર્યાદાનું પાલન કરતા રહીને આજીવન સાધના કરીને ચંપાકલીએ મોક્ષ પ્રાપ્ત કર્યો.**

## ● ‘‘રંકા-બંકાની કથા’’

**પરમેશ્વર કબીરજીને ચંપાકલીએ પૂછ્યું કે હે ભગવાન ! આ પાપની સંપત્તિ અને રૂપિયાનું શું કરું ? પરમેશ્વર કબીરજીએ કહ્યું કે બેટી ! આ**

નરકના ધનને દાન કરી દે. ઘરે જઈને ચંપાકલીએ વિચાર કર્યો કે અગર બધું જ ધન દાન કરી દઉં તો ખાઈશ શું ? કોઈ કાર્ય બીજું છે નહીં. ચંપાકલી સત્સંગમાં વધારે સમય જવા લાગી. એક દિવસ સત્સંગમાં બતાવવામાં આવ્યું કે :-

રંકા (પુરૂષ) અને બંકા (સ્ત્રી) પરમાત્માના પરમ ભક્ત હતા. તત્વ જ્ઞાનને બરાબર રીતે સમજ્યા હતા. તેના જ આધારે પોતાનું જીવન પાલન કરી રહ્યા હતા. તેમની એક બેટી (દિકરી) હતી, જેનું નામ અબંકા હતું. એક દિવસ નામદેવ ભક્તએ પોતાના ગુરૂજીને કહ્યું કે ગુરૂદેવ આપના ભક્ત રંકા અને બંકા ખૂબ નિર્ધન (ગરીબ) છે. આપ તેમને થોડું ધન આપી દો તો તેમને જંગલથી લાકડા લાવીને શહેરમાં વેચીને ગુજારો કરવો ન પડે. બન્ને જંગલમાં જાય છે. લાકડાઓ (લાકડાં) વીણીને લાવે છે. ભોજનનું કામ મુશ્કેલીથી ચાલે છે. ગુરૂદેવ બોલ્યા, ભાઈ ! મેં કેટલીયે વાર ધન આપવાની કોશિશ કરી છે, પરંતુ એ બધું દાન કરી દે છે. બે-ત્રણ વખત તો હું સ્વયં (જાતે જ) વેશ બદલીને લાકડા ખરીદવાવાળો બનીને ગયો છું. તેમની લાકડીઓની કિંમત બીજાઓ કરતાં સો ઘણી વધારે આપી હતી. તેમની લાકડીઓ દરરોજ બે-બે આનાની વેચાતી હતી. મેં દસ રૂપિયામાં ખરીદી હતી. તેમણે ચાર આના રાખીને બાકીના રૂપિયા મને સત્સંગમાં દાન કરી દીધા. હવે આપ બતાવો કે કેવી રીતે ધન આપું ? ભક્ત નામદેવજીએ ફરી આગ્રહ કર્યો કે આ વખતે ધન આપીને જુઓ, અવશ્ય લેશે. ગુરૂ તથા નામદેવજી તે રસ્તા પર ગયા જે રસ્તાથી રંકા-બંકા લાકડી (લાકડાં) લઈને જંગલથી આવતા હતા. ગુરૂજીએ રસ્તામાં સોના **(gold)**ના ઘણા બધા આભૂષણ (ઘરેણા) રાખી દીધા જે લાખ્ખો રૂપિયાની કિંમતના હતા. નામદેવ તથા ગુરૂદેવ એક ઝાડની પાછળ સંતાઈને ઊભા રહી ગયા. રંકા આગળ-આગળ ચાલી રહ્યા હતા. માથા ઉપર લાકડીઓ રાખેલી હતી તથા તેની પાછળ લાકડીઓની ભારી લઈને બંકા બસસો ફૂટના અંતરમાં ચાલી રહી હતી. ભક્ત રંકાજીએ જોયું કે સોનાના ઘરેણા ખૂબ કિંમતી છે અને બંકા નારી (સ્ત્રી) જાતિ છે, ક્યાંક આભૂષણો (ઘરેણા)ને જોઈને લાલચ આવી જશે અને પોતાના ધર્મ-કર્મ (ધરમ-કરમ) ખરાબ કરી ન લે. એટલા માટે પગથી તે સોનાના ઘરેણાઓ પર માટી ચઢાવવા લાગ્યા. ભક્તમતી બંકા પણ પુરા ગુરૂની ચેલી (શિષ્યા) હતી. તેણે જોયું કે પતિદેવ ઘરેણાં પર માટી નાંખી રહ્યા છે, ઉદેશ્ય પણ જાણી ગઈ. અવાજ લગાવીને બોલી કે ચાલો ભક્તજી ! કેમ માટી પર માટી નાંખી રહ્યા છો. બંકાજી સમજી ગયા કે

ઈરાદાની પાકકી છે, કાચી નથી. બન્ને તે લાખ્ખોના ધનનું ઉલ્લંઘન કરીને (છોડીને) નગર તરફ ચાલી ગયા. ગુરૂજીએ કહ્યું કે જોઈ લીધું ને ભકત નામદેવજી ! ભકત હોય તો આવા.

એક દિવસ સાંજે 4 વાગે ગુરૂજી સત્સંગ કરી રહ્યા હતા. સત્સંગનું સ્થળ રંકાજીની ઝૂંપડીથી લગભગ 4 એકર દૂર હતું. રંકા તથા બંકા બંને સત્સંગ સાંભળવા ગયા હતા. તેમની બેટી અબંકા (ઉંમર 19 વર્ષ) ઝૂંપડીની બહાર ખાટલા પર બેઠી હતી. ઝૂંપડીમાં આગ લાગી ગઈ. બધો સામાન બળી ગયો. અબંકા દોડતી-દોડતી આવી અને જોયું કે સત્સંગ ચાલી રહ્યો હતો. ગુરૂજી સત્સંગ સંભળાવી રહ્યા હતા. શ્રોતા વિશેષ ધ્યાનથી સત્સંગ સાંભળવામાં મગ્ન હતા. શાંતિ છવાયેલી હતી. અબંકાએ જોર-જોરથી કહ્યું કે માતાજી ઝૂંપડીમાં આગ લાગી ગઈ. બધો સામાન બળી ગયો. માતા બંકા ઉઠી અને બેટીને એક તરફ લઈ ગઈ અને પૂછ્યું કે શું બચી ગયું છે ? બેટી અબંકાએ બતાવ્યું એક ચાર પાઈ (ખાટલો) બહાર હતો, તે બચી ગયો છે. ભકત રંકા પણ ઊઠીને આવી ગયા હતા. બન્નેએ કહ્યું કે બેટી તે ખાટલાને પણ આગમાં નાંખીને આવી જા સત્સંગ સાંભળી લે. ઝૂંપડી ના હોત તો આગ લાગત જ નહીં, આગ ન લાગતી તો સત્સંગના વચનોનો આનંદ ભંગ થતો નહીં. અબંકા ગઈ અને ખાટલાને ઝૂંપડીમાં લાગેલી આગમાં નાંખીને સત્સંગ સાંભળવા આવી ગઈ. સત્સંગ પૂરો થયા પછી ઘરે ગયા તે સમયનું ખાવાનું સત્સંગમાં લંગર (ભોજન-ભંડારા) માં ખાઈ લીધું હતું. રાત્રિમાં બળેલી ઝૂંપડીની બાજુમાં એક ઝાડની નીચે પાથરણું પાથર્યા વગર સુઈ ગયા. ભક્તિ કરવા માટે વહેલા ઊઠ્યા તો તેમના ઉપર સુંદર ઝૂંપડી હતી તથા સર્વ વાસણ તથા લોટ-દાળ વગેરે વગેરે માટીના ઘડાઓમાં ભરેલું હતું. તે જ સમયે આકાશવાણી થઈ કે ભકત પરિવાર ! આ પરમાત્માની મહેર છે. આપ આ ઝૂંપડીમાં રહો, આ આજ્ઞા છે ગુરૂદેવની. ત્રણે પ્રાણીઓએ કહ્યું કે જે આજ્ઞા ગુરૂદેવ ! સૂર્યોદય થયો તો નગરના વ્યક્તિ જોઈને આશ્ચર્યચકિત રહી ગયા કે જે ઝૂંપડી બીજા વૃક્ષની પાસે બનેલી હતી, તે જૂનીની રાખ પડી હતી. નવી ઝૂંપડી એક સપ્તાહ પહેલાં બની શકે તેમ નહતી. બધાએ કહ્યું કે આ તો એમના ગુરૂજીનો ચમત્કાર છે. નગરના લોકો દેખે અને ગુરૂજીથી દીક્ષા લેવાનો સંકલ્પ કરવા લાગ્યા. હજારો નગરવાસીઓએ દીક્ષા લીધી. (આ બધી લીલા કબીર પરમેશ્વરજીએ કાશી શહેરમાં પ્રગટ થવાના પહેલાં લગભગ બસ્સો (200) વર્ષ પૂર્વની (પહેલાંની) હતી. તે સમયે ભકત નામદેવજીને પણ શરણમાં લીધા હતા.

ઉપરોક્ત કથા પ્રસંગ સાંભળીને ભક્તમતિ ચંપાકલીના મનનો ભય સમાપ્ત થઈ ગયો અને બધી સંપત્તિ તથા ધન પરમાત્મા કબીર ગુરૂજીને સમર્પિત કરી દીધું. પરમાત્માએ કહ્યું કે બેટી ! જ્યારે તું જ મારી થઈ ગઈ તો સંપત્તિ તો પોતાની જાતે જ મારી થઈ ગઈ. આ મારી સંપત્તિને એટલી રાખી લે જેટલામાં તારો નિર્વાહ (ગુજારો) ચાલે, બાકીને દાન કરતી રહે. ભક્તમતિ ચંપાકલીએ એવું જ કર્યું. મકાન રાખી લીધું અને વધારે પ્રમાણમાં રૂપિયા ગુરૂજીની આજ્ઞા અનુસાર ભોજન-ભંડારા (લંગર) માં દાન કરી દીધા.

## ● ‘‘કબીરજી દ્વારા શિષ્યોની પરીક્ષા લેવી’’

બંદી છોડ કબીર પરમેશ્વરજી દ્વારા અનેક પ્રકારની અનહોની લીલાઓ કરવાથી પ્રભાવિત થઈને ચોંસઠ (64) લાખ શિષ્યો બન્યા હતા. પરમેશ્વર તો ભૂત-ભવિષ્ય તથા વર્તમાનનું જાણે છે. તેમને ખબર હતી કે આ બધા ચમત્કાર જોઈને તથા એમને મારા આશીર્વાદથી થયેલા ભૌતિક લાભના કારણે મારી જય-જયકાર કરી રહ્યા છે. આમને મારા પર વિશ્વાસ નથી કે હું પરમાત્મા છું. પરંતુ દેખા-દેખી અવશ્ય કહેશે કે કબીરજી અમારા સતગુરૂજી તો સ્વયં (જાતે જ) પરમાત્મા આવ્યા છે. પોતાના લાભ પણ બતાવતા હતા. એક દિવસ પરમેશ્વર કબીરજીએ શિષ્યોની પરીક્ષા લેવાની ચાહી કે જોઉં તો કેટલા જ્ઞાનને સમજ્યા છે. અગર એમને વિશ્વાસ જ નથી તો એ મોક્ષના અધિકારી નથી. એ તો મારા માથા પર વ્યર્થ (ફોગટ)નો ભાર છે. આમ વિચાર કરીને એક યોજના બનાવી. પોતાના પરમ શિષ્ય રવિદાસને કહ્યું કે એક હાથી ભાડા પર લાવો.

કાશી નગરમાં એક સુંદર વેશ્યા હતી. તેના મકાનથી થોડેક દૂર કોઈ કબીરજીના ભક્તનું ઘર હતું. કબીરજી તેના આંગણામાં રાત્રિના સમે સત્સંગ કરી રહ્યા હતા. તે દિવસે તે વેશ્યાની પાસે પણ ગ્રાહક નહતા. સત્સંગના વચન સાંભળવાને માટે તે પોતાના મકાનની છત પર ખુરશી લઈને બેસી ગઈ. પૂરી રાત્રિ સત્સંગ સાંભળ્યો અને ઊઠીને સત્સંગ સ્થળ પર ગઈ તથા પરમાત્મા કબીરજીને પરિચય આપ્યો તથા કહ્યું કે ગુરૂજી ! શું મારા જેવી પાપીણિનો ઉદ્ધાર થઈ શકે છે ? મેં મારા જીવનમાં પહેલીવાર આત્મ કલ્યાણની વાતો સાંભળી છે. હવે મારીપાસે બે જ વિકલ્પ છે અથવા તો મારું કલ્યાણ થાય, અથવા હું આત્મહત્યા રીને પાપોનું પ્રાયશ્ચિત કરું. પરમાત્મા કબીરજીએ કહ્યું, બેટી ! આત્મહત્યા કરવી મહાપાપ છે. ભક્તિ કરવાથી સર્વ (બધા) પાપોને પરમાત્મા નાશ કરી દે છે. આપ મારાથી ઉપદેશ લઈને સાધના કરો અને ભવિષ્યમાં પાપોથી બચીને રહેજે. તે બહેને પ્રતિજ્ઞા

કરી અને પરમાત્મા કબીરજીથી દીક્ષા લઈને ભક્તિ કરવા લાગી તથા જ્યાં પણ પ્રભુ કબીરજી સત્સંગ કરતા, ત્યાં સત્સંગ સાંભળવા જવા લાગી. જેના કારણે કબીરજીના ભક્તોને તેનું સત્સંગમાં આવવું સારું લાગતું નહતું. તેઓ તે લડકી (છોકરી)ને કહેતા હતા કે તારા કારણે ગુરૂજીની બદનામી થાય છે. તું સત્સંગમાં આવીશ નહીં. તુ સૌથી આગળ ગુરૂજીની પાસે બેસે છે, ત્યાં બેસવાનું બંધ કર. છોકરીએ આ વાતો ગુરૂ કબીરજીને બતાવી અને ડૂસકાં ભરી ભરીને રડવા લાગી. પરમેશ્વરજીએ કહ્યું કે બેટી ! આપ સત્સંગમાં આવ્યા કરો. કબીરજીએ સત્સંગ વચનો દ્વારા સ્પષ્ટ કર્યું કે મેલુ કપડું સાબુ અનેપાણીથી દૂર રહીને નિર્મળ (ચોખ્ખું) કેવી રીતે થઈ શકે છે ? આ જ પ્રમાણે પાપી વ્યક્તિ સત્સંગથી તથા ગુરૂથી દૂર રહીને આત્મ કલ્યાણ કેવી રીતે કરાવી શકે છે ? ભક્ત વેશ્યા તથા રોગીથી નફરત નથી કરતા, સન્માન કરે છે. તેને જ્ઞાનચર્ચા દ્વારા મોક્ષ પ્રાપ્તિની પ્રેરણા કરે છે. પરમાત્મા કબીરજીના વારંવાર સમજાવવા છતાં પણ ભક્તજન તે છોકરીને (બહેનને) સત્સંગથી મનાઈ કરતા રહ્યા તથા બહાના કાઢતા હતા કે તારા કારણે ગુરૂજી કાશીમાં બદનામ થઈ ગયા છે. કાશીના વ્યક્તિ અમને વારંવાર કહે છે કે તમારા ગુરૂજીની પાસે વેશ્યા પણ જાય છે, તે શેનો ગુરૂ છે ?

તે છોકરીને કહ્યું બેટી ! આપ મારી સાથે હાથી પર બેસીને ચાલીશ. છોકરીએ કહ્યું, જેવી આપની આજ્ઞા ગુરૂદેવ ! આગલા દિવસે સવારે લગભગ **10-00** વાગે હાથીની ઉપર ત્રણેય સવાર થઈને કાશી નગરના મુખ્ય બજારમાંથી ગુજરવા લાગ્યા. સંત રવિદાસજી હાથીને ચલાવી રહ્યા હતા. છોકરી રવિદાસજીના પાછળ કબીરજીના આગળ એટલે કે બન્નેની વચમાં બેઠી હતી. કબીરજીએ એક બોટલમાં (બાટલીમાં) ગંગાનું પાણી ભરી લીધું. તે બોટલને મોંઢાથી લગાવીને ઘૂંટડો-ઘૂંટડો ભરીને પી રહ્યા હતા. લોકોને લાગ્યું કે કબીરજી શરાબ (દારૂ) પી રહ્યા છે. દારૂના નશામાં વેશ્યાને ખુલ્લેઆમ બજારમાં લઈને ઘૂમી (ફરી) રહ્યાં છે. કાશીના વ્યક્તિ એક-બીજાને બતાવી રહ્યા છે કે જુઓ ! મોટા-મોટા ઉપદેશ આપ્યા કરતા કબીર જુલાહા, આજે આની પોલ-પટ્ટી ખુલી ગઈ છે. આ લોકો સત્સંગનું બહાનું કાઢીને આવાં કર્મ કરે છે. કાશીના વ્યક્તિ કબીરજીના શિષ્યોને પકડી-પકડીને લાવીને દેખાડી રહ્યા હતા કે જો તમારા પરમાત્માની કરતૂત (કારસ્તાન). દારૂ પી રહ્યા છે, વેશ્યાને લઈને ખુલ્લેઆમ ફરી રહ્યા છે. આ લીલા જોઈને તે ચોંસઠ લાખ નકલી શિષ્ય કબીરજીને ત્યાગીને ચાલ્યા ગયા. પહેલાંવાળી સાધના કરવા લાગ્યા. લોકલાજમાં ફસાઈને ગુરૂ વિમુખ થઈ ગયા.

પરમાત્મા કબીરજી ખાસ કરીને એવી લીલા તે સમયે કર્યા કરતા જે સમયે દિલ્હીના સમ્રાટ સિકંદર લોધી કાશી નગરમાં આવ્યા હોય. તે સમયે સિકંદર લોધી રાજા કાશીમાં હાજર હતા. કાજી-પંડિતોએ રાજાને ફરિયાદ કરી દીધી કે કબીર જુલાહાએ જુલમ કરી દીધો. લાજ-શરમ સમાપ્ત કરીને ખુલ્લેઆમ વેશ્યાની સાથે હાથી ઉપર ખોટું કાર્ય કરી રહ્યા હતા. શરાબ (દારૂ) પી રહ્યા હતા. રાજાએ તરત જ પકડીને ગંગામાં ડૂબાડીને મારવાનો આદેશ આપ્યો. પોતાના હાથોથી રાજા સિકંદરે હાથોમાં હાથકડી તથા પગોમાં બેડી તથા ગળામાં તોક (ઝંઝીર) લગાવી નૌકા (નાવ)માં બેસાડીને ગંગા દરિયા (નદી)ના મધ્ય (વચ)માં લઈ જઈને નદીમાં સિપાઈઓએ ફેંકી દીધા. હાથકડી, બેડી તથા તોક પોતાની જાતે જ તૂટીને જળમાં પડી ગઈ. પરમાત્મા જળ પર પદ્માસન લગાવીને બેસી ગયા. નીચેથી ગંગાજળ ઘુમરી મારતું રહીને વહી રહ્યું હતું. પરમાત્મા જળની ઉપર આરામથી બેઠા હતા. થોડાક સમય પછી પરમાત્મા કબીરજી ગંગાના કિનારે આવી ગયા. સિપાઈઓએ શેખતકીના આદેશથી કબીરજીને પકડીને નૌકામાં (નાવડીમાં) બેસાડીને કબીર પરમાત્માના પગો તથા કમ્મર પર ભારે પથ્થર બાંધીને હાથ પાછળની તરફ રસ્સીથી બાંધીને ગંગા નદીના મધ્ય ભાગમાં ફેંકી દીધા. દોરડા તૂટી ગયા. પથ્થર જળમાં ડૂબી ગયા. પરમેશ્વર કબીરજી જળના ઉપર બેઠેલા રહી ગયા. જ્યારે જોયું કે કબીર ગંગા નદીમાં ડૂબ્યા નથી તો ક્રોધિત થઈને શેખતકીએ રાજાને કહીને તોપના ગોળા મારવાનો આદેશ આપી દીધો. પહેલાં કબીરજીને પથ્થર માર્યા, ગોળી મારી, તીર માર્યા. અંતમાં (છેલ્લે) તોપના ગોળા ચાર પહોર એટલે કે બાર કલાક સુધી કબીરજીની ઉપર ચલાવ્યા. કોઈ તોપનો ગોળો કિનારા પર પડી જતો, કોઈ બીજા કિનારા પર જઈને પડતો, કોઈ દૂર તળાવમાં જઈને પડતો. એક પણ ગોળો, પથ્થર, બંદૂકની ગોળી અથવા તીર પરમેશ્વર કબીરજીની આસપાસ પણ ગયા નહીં. આટલું બધું જોઈને પણ કાશીના વ્યક્તિ પરમેશ્વરને ઓળખી શક્યા નહીં. ત્યારે પરમેશ્વર કબીરજીએ જોયું કે આ તો અકકલના આંધળા છે. તે જ સમયે ગંગાના જળમાં સમાઈ ગયા અને પોતાના ભક્ત રવિદાસજીના ઘરે પ્રગટ થઈ ગયા. દર્શકોને વિશ્વાસ થઈ ગયો કે કબીર જુલાહા ગંગા જળમાં ડૂબીને મરી ગયા છે. તેના ઉપર રેતી તથા ગારો (ચીકણી માટી) જામી ગયો હશે. બધા ખુશી મનાવતા રહીને નાચતા-કૂદતા રહીને નગર તરફ ચાલી પડ્યા. શેખતકી પોતાની મંડળી સાથે સંત રવિદાસજીના ઘરે આ બતાવવાને માટે ગયો કે જે કબીરજીને તમે પરમાત્મા કહેતા હતા, તે ડૂબી ગયા છે, મરી

ગયા છે. સંત રવિદાસજીના ઘર પર જઈને જોયું તો કબીરજી એકતારો (વાદ્ય યંત્ર) વગાડી-વગાડીને શબ્દ ગાઈ રહ્યા હતા. શેખતકીની તો જાણે માસી મરી ગઈ. રાજા સિકંદરની પાસે જઈને બતાવ્યું કે તે આંખોને થાપ આપીને ભાગી ગયા છે. રવિદાસના ઘરે બેઠા છે. આ સાંભળીને બાદશાહ સિકંદર લોધી સંત રવિદાસજીની ઝૂંપડી પર ગયા. પરમાત્મા કબીરજી ત્યાંથી અંતરધ્યાન થઈને ગંગા નદીના મધ્યમાં જળના ઉપર સમાધિ લગાવીને જેમ કે જમીન પર બેસીએ છીએ, એવી રીતે બેસી ગયા. રવિદાસથી પૂછ્યું કે કબીરજી ક્યાં આગળ છે ? સંત રવિદાસજીએ કહ્યું કે હે બાદશાહજી ! તે પૂર્ણ પરમાત્મા છે, તે જ અલખ અલ્લાહ છે. આપ એમને ઓળખો. તે તો મરજીના માલિક છે. જ્યાં ઈચ્છે ચાલ્યા જાય છે. મને કંઈ ખબર નથી, ક્યાં ચાલ્યા ગયા ? તે તો બધાની સાથે રહે છે. તે જ સમયે કોઈએ બતાવ્યું કે કબીરજી તો ગંગાની વચમાં બેઠા ભક્તિ કરી રહ્યા છે. બધા વ્યક્તિ તથા રાજા તથા સિપાઈઓ ગંગા નદીના કિનારે ફરીથી ગયા. રાજાએ નૌકા (નાવ) મોકલીને મલ્લાહોના દ્વારા સંદેશ મોકલ્યો કે બાહર આવો. મલ્લાહોએ નૌકા (નાવ) કબીરજીની પાસે લઈ જઈને રાજાનો આદેશ સંભળાવ્યો કે આપને સિકંદર બાદશાહ યાદ કરી રહ્યા છે. આપ ચાલો. પરમેશ્વર કબીરજી તે જહાજ (મોટી નાવ)માં બેસીને કિનારે આવ્યા.

રાજા સિકંદરે ફરી ગિરફતાર કરાવીને હાથ-પગ બાંધીને ખૂની હાથી દ્વારા મારવાની આજ્ઞા કરી દીધી. ચારે તરફ જનતા ઊભી હતી. સિકંદર ઊંચા સ્થાન પર બેઠા હતા. પરમાત્માને સજ્જડ-બાંધીને પૃથ્વી પર નાંખી રાખ્યા હતા. મહાવત (હાથીનો ડ્રાઈવર) એ હાથીને શરાબ (દારૂ) પીવડાવ્યો અને કબીરજીને કચડીને મારી નાખવાને માટે કબીરજીની તરફ આગળ વધ્યો. કબીરજીએ પોતાની પાસે એક બબ્બર સિંહ ઊભો રહેલો દેખાડી દીધો. તે કેવળ હાથીને દેખાયો. હાથી ચિંઘાડીને ડરનો માર્યો પાછો ભાગી ગયો. મહાવતને નોકરીનો ભય સતાવવા લાગ્યો. હાથીને ભાલા મારી-મારીને કબીરજીની તરફ લઈ જવા લાગ્યો, પરંતુ હાથી ઉલ્ટો ભાગ્યો. ત્યારે પીલવાન (મહાવત) ને પણ શેર (સિંહ) ઊભો રહેલો દેખાઈ દીધો તો ડરના કારણે તેના હાથમાંથી અંકુશ નીચે પડી ગયું. હાથી ભાગી ગયો. પરમેશ્વર કબીરજીના બંધન તૂટી ગયા. કબીરજી ઊભા થયા તથા અંગડાઈ લીધી (આળસ મરડી) તો લાંબા વધી ગયા. માથું આકાશને અડેલું દેખાઈ દેવા લાગ્યું. સિકંદર રાજા ભયથી ધ્રૂજતો ધ્રૂજતો પરમેશ્વર કબીરજીના ચરણોમાં પડી ગયો. ક્ષમા યાચના કરી તથા કહ્યું કે આપ પરમેશ્વર છો. મને જીવન

**બક્ષો. મારાથી ભારે ભૂલ થઈ છે. હું હવે આપને ઓળખી ગયો છું. આપ સ્વયં અલ્લાહ પૃથ્વી પર આવ્યા છો. ત્યારે પરમેશ્વર કબીરજી કાશી નગરમાં આવ્યા તથા તે જ ગણિકાના મકાનના ચોક આગળ બેસી ગયા. છોકરી પરમાત્માના ચરણ દબાવી રહી હતી. પરમેશ્વર કબીરજીના પગ પોતાની સાથળો (ઢીંચણથી ઉપરના ભાગ) ઉપર રાખી લીધા.**

*ફિર ગણિકા કે સંગ ચલે, શીશી ભરી શરાબ ।*
*ગરીબદાસ ઉસ પુરી મેં, જુલહા ભયા ખરાબ ।। 726 ।।*
*તારી બાજી પુરી મેં, ભિષ્ટ જુલહદી નીચ ।*
*ગરીબદાસ ગનિકા સજી, દહૂં સંતૌં કૈ બીચ ।। 727 ।।*
*ગાવત બૈંન બિલાસપદ, ગંગાજલ પીવંત ।*
*ગરીબદાસ વિહ્વલ ભયે, મતવાલે ઘૂમંત ।। 728 ।।*
*ભડુવા ભડુવા સબ કહૈં, કોઈ ન જાનૈં ખોજ ।*
*દાસ ગરીબ કબીર કરમ, બાંટત શિર કા બોઝ ।। 729 ।।*
*દેખો ગનિકા સંગિ લઈ, કહતે કૌંમ છતીસ ।*
*ગરીબદાસ ઈસ જુલહદી કા, દર્શન આન હદીસ ।। 730 ।।*
*શાહ સિકંદર કૂં સુની, ભિષ્ટ હુયે દો સંત ।*
*ગરીબદાસ ચ્યારોં વરણ, ઉઠિ લાગે સબ પંથ ।। 731 ।।*
*ચ્યારિ વરણ ષટ આશ્રમ, દોનૌં દીન ખુશાલ ।*
*ગરીબદાસ હિંદુ તુરક, પડ્યા શહર ગલિ જાલ ।। 732 ।।*
*શાહ સિકંદરકૈ ગયે, સુનિ કબલે અરદાસ ।*
*ગરીબદાસ તલબાં હુઈ, પકરે દોનૌં દાસ ।। 733 ।।*
*કહૌ કબીર યૌહ કયા કિયા, ગનિકા લિન્હીં સંગ ।*
*ગરીબદાસ ભૂલે ભક્તિ, પરૂચા ભજન મેં ભંગ ।। 734 ।।*
*સુનૌં સિકંદર બાદશાહ, હમરી અરજ અવાજ ।*
*ગરીબદાસ વહ રાખિસી, જિન યૌહ સાજ્યા સાજ ।। 735 ।।*
*જડિયાં તૌંક જંજીર ગલ, શાહ સિકંદર આપ ।*
*ગરીબદાસ પદ લીન હૈ, તારી અજપા જાપ ।। 736 ।।*
*હાથૌં જડી હથકડી, પગ બેડી પહિરાય ।*
*ગરીબદાસ બીચ ગંગ મેં, તહાં દીન્હ છિટકાય ।। 737 ।।*
*ઝડિ ગયે તૌંક જંજીર સબ, લગૈ કિનારૈ આય ।*
*ગરીબદાસ દેખૈ ખલક, સ્યૌં કાજી બાદશાહ ।। 738 ।।*
*નીચૈ નીચૈ ગંગાજલ, ઉપર આસન થીર ।*

ગરીબદાસ બૂડૈ નહીં, બૈઠે અધર કબીર ।। 739 ।।
યોહ અચરજ કૈસા ભયા, દેખૈં દોનોં દીન ।
ગરીબદાસ કાજી કહૈં, બાંધિ દિયા જલ સીન ।। 740 ।।
ગલ મેં ફાંસી ડારિ કરિ, બાંધૌ શિલા સુધારિ ।
ગરીબદાસ યૌહ જુલહદી, જબ બૂડૈ ગંગધાર ।। 741 ।।
શિલા ધરી જબ નાવ મેં, બાંધી ગલૈ કબીર ।
ગરીબદાસ ફંદ ટૂટિ કૈ, ના ડૂબૈ જલનીર ।। 742 ।।
શિલા ચલી શાહ ઔર કૌં, દેખત કાશી ખ્યાલ ।
ગરીબદાસ કબીર કા આસન અધર હમાલ ।। 743 ।।
તીર બાણ ગોલી ચલૈં, તોપ રહકલ્યૌં શોર ।
ગરીબદાસ ઉસ જુલહદી કૈ, ગઈ એક નહીં ઓર ।। 744 ।।
અધર ધાર ગોલે બહૈં, જલકે બીચ ગભાક ।
ગરીબદાસ ઉસ જુલહદી પર, શસ્ત્ર છૂટૈં લાખ ।। 745 ।।
તોપ રહકલે સબ ચલૈં, તીર બાણ કમાન ।
ગરીબદાસ વહ જુલહદી, જલ પર રહૈ અમાન ।। 746 ।।
અધરિ ધાર અપાર ગતિ, જલ પરિ લગી સમાધિ ।
ગરીબદાસ નિજ બ્રહ્મપદ, ખેલૈં આદિ અનાદિ ।। 747 ।।
જુલમ હુઆ બૂડૈ નહીં, શસ્ત્ર લગૈ ન બાણ ।
ગરીબદાસ ઈબ કૌંન ગતિ, કૈસૈં લીજૈ પ્રાણ ।। 748 ।।
લગી સમાધિ અગાધ મેં, બિચરૈ કાશી ગંગ ।
ગરીબદાસ કિલોલ સર, છૂહૈં ચરણ તરંગ ।। 749 ।।
ચ્યારિ પહર ગોલે બગે, ધમી મુલક મૈદાન ।
ગરીબદાસ પોખર સુખૈં, રહે કબીર અમાન ।। 750 ।।
અપની કરની સબ કરી, થાકે દોનૌં દીન ।
ગરીબદાસ અબ જુલહદી, પૈઠિ ગયે જલમીન ।। 751 ।।
ડૂબ્યા ડૂબ્યા સબ કહૈં, હો ગયે ગારત ગોર ।
ગરીબદાસ કબલે ધની, તુમ આગૈ ક્યા જોર ।। 752 ।।
આનંદ મંગલ હોત હૈ, બટૈં બધાઈ બેગ ।
ગરીબદાસ ઉસ જુલહદી પર ફિર ગઈ રેતી રેઘ ।। 753 ।।
હસ્તી ઘોડે ચઢત હૈં, પાન મિઠાઈ ચીર ।
ગરીબદાસ કાશી ખુસી, બૂડે ગંગ કબીર ।। 754 ।।
જાવો ઘરિ રૈદાસકૈ, હિલકારે હજૂર ।
ગરીબદાસ ખુસિયા કહૌ, કહિયો નહીં કસૂર ।। 755 ।।

*ઝાલરિ ઢોલક બજત હૈં, ગાવૈં શબ્દ કબીર ।*
*ગરીબદાસ રૈદાસ સંગિ, દોનોં એકહી તીર ।। 756 ।।*
*કાજી પંડિત સબ ગયે, શાહ સિકંદર ઉઠ ।*
*ગરીબદાસ રૈદાસકૈ, ભેષ ગયે જટજૂટ ।। 757 ।।*
*કોઠી કુઠલે સબ ઝકે, બાસન ટીંડર ગોલિ ।*
*ગરીબદાસ રહદાસ સુનોં, કહાં ગયે વહ બોલ ।। 758 ।।*
*વે પ્રગટ પુરણ પુરૂષ હૈં, અબિનાશી અલખ અલ્લાહ ।*
*ગરીબદાસ રૈહદાસ કહૈં, સુનોં સિકંદર શાહ ।। 759 ।।*
*સૂરજમુખી સુભાંન સર, ખિલે ફૂલ ગુલજાર ।*
*ગરીબદાસ કાજી પંડિત કરતા શાહ પુકાર ।। 760 ।।*
*શાહ સિકંદર ફિર ગયે, ઉસ ગંગા કૈ તીર ।*
*દાસ ગરીબ કબીર હરી, બૈઠે ઉપર નીર ।। 761 ।।*
*બૈઠિ મલાહ જિહાજ મેં, ગયે ધાર કૈ બીચ ।*
*ગરીબદાસ હરિ હરિ કરૈં, પ્રેમ ફુહારે સીચ ।। 762 ।।*
*કરી અરજ મલાહ તહાં, દીન દુની બાદશાહ ।*
*ગરીબદાસ આસન ઉધર, લગી સમાધિ જુલાહ ।। 763 ।।*
*ભંવર ફિરત હૈં ગંગ જલ, ફૂલ ઉગાનેં કોટિ ।*
*ગરીબદાસ તહાં બંદગી, હરિજન હરિ કી ઓટ ।। 764 ।।*
*સંકલ સીઢી લાય કરિ, ઉતરે તહાં મલાહ ।*
*ગરીબદાસ હમ બંદગી, યાદ કિયે બાદશાહ ।। 765 ।।*
*બૈઠ કબીર જહાજ મેં, આયે ગંગા ઘાટ ।*
*ગરીબદાસ કાશી થકી, હાંડે બૌહ બિધિ બાટ ।। 766 ।।*

- **''ખૂની હાથી દ્વારા કબીર પરમેશ્વરને મારવાની કુચેષ્ટા''**

*ખૂની હાથી મસ્ત હૈ, પગ બંધે જંજીર ।*
*ગરીબદાસ જહાં ડારિયા, મસક બાંધિ કબીર ।। 767 ।।*
*સિંહ રૂપ સાહિબ ધરયા, ભાગે ઉલટે ફીલ ।*
*ગરીબદાસ નહીં સમઝતી, યાહ દુનિયા ખલીલ ।। 768 ।।*
*બને કેહરી સિંહ જીત, ચૌંર શિખર અસમાન ।*
*ગરીબદાસ હસ્તી લખ્યા, દીખૈ નહીં જિહાંન ।। 769 ।।*
*કૂટૈ શીશ મહાવતં, અંકુશ શીર ગરગાપ ।*
*ગરીબદાસ ઉલટા ભગૈ, તારી દીજૈં થાપ ।। 770 ।।*
*ભાલે કોખોં મારિયે, ચરખી છૂટૈં પાખ ।*
*ગરીબદાસ નહીં નિકટ જાય, કિલકી દેવૈં લાખ ।। 771 ।।*

જૈસી ભક્તિ કબીર કી, ઐસી કરૈ ન કોય ।
ગરીબદાસ કુંજર થકે, ઉલટે ભાગે રોય ।। 772 ।।
દુંમ ગોવૈં મૂંડી ધુનૈં, સૈંન ન સમઝૈ એક ।
ગરીબદાસ દીખૈ નહીં, આગૈ ખડા અલેખ ।। 773 ।।
પીલવાન દેખ્યા તબૈ, ખડા કેહરી સિંઘ ।
ગરીબદાસ આયે તહાં, ધરિ મૌલા બહુ રંગ ।। 774 ।।
ઉતરે મૌલા અરસ તૈં, ભાવ ભક્તિ કૈ હેત ।
ગરીબદાસ તબ શાહ લખે, કબીર પુરૂષ સહેત ।। 775 ।।
લીલા કી કબીર ને, દો રૂપ મેં રહે દીસ ।
દાસગરીબ કબીર કૈ, પાસ ખડે જગદીશ ।। 776 ।।
જંભાઈ, અંગડાઈયાં, લંબે ભયે દયાલ ।
ગરીબદાસ ઉસ શાહ કૂં, માનૌં દર્શ્યા કાલ ।। 777 ।।
કોટિ ચન્દ્ર શશિ ભાન મુખ, ગિરદ કુંડ દુમ લીલ ।
ગરીબદાસ તહાં ના ટિકે, ભાગિ ગયે રનફીલ ।। 778 ।।
નયન લાલ ભૌંહ પીત હૈં, ડૂંગર નક પહાર ।
ગરીબદાસ ઉસ શાહ કૂં, સિંહ રૂપ દીદાર ।। 779 ।।
મસ્તક શિખર સ્વર્ગ લગ, દીરઘ દેહ બિલંદ ।
ગરીબદાસ હરિ ઉતરે, કાટન જમ કે ફંદ ।। 780 ।।
ગિરદ નાભિ નિરભૈ કલા, દુદકારૈ નહીં કોય ।
ગરીબદાસ ત્રિલોકિ મેં, ગાજ તાસ કી હોય ।। 781 ।।
જ્યૂં નરસિંહ પ્રહલાદકૈ, યૂં વહ નરસિંહ એક ।
ગરીબદાસ હરિ આઈયા, રાખન જનકી ટેક ।। 782 ।।
બાર-બાર સતાય કર, મસ્તક લીના ભાર ।
ગરીબદાસ શાહ યૌં કહૈ, બકસૌ ઈબકી બાર ।। 783 ।।
તહાં સિંહ લ્યૌલીન હુઆ, પરચા ઈબકી બાર ।
ગરીબદાસ શાહ યૌં કહૈ, અલ્લહ દિયા દીદાર ।। 784 ।।
સુન કાશી કે પંડિતૌ, કાજી મુલ્લાં પીર ।
ગરીબદાસ ઈસકે ચરણ લ્યૌહ, અલહ અલેખ કબીર ।। 785 ।।
યૌહ કબીર અલ્લાહ હૈ, ઉતરે કાશી ધામ ।
ગરીબદાસ શાહ યૌં કહૈં, ઝગર મૂંયે બે કામ ।। 786 ।।
કાજી પંડિત રૂઠિયા, હમ ત્યાગ્યા યોહ દેશ ।
ગરીબદાસ ષટદલ કહૈં, જાદૂ સિહર હમેશ ।। 787 ।।
ઈન જાદૂ જંતર કિયા, હસ્તી દિયા ભગાય ।

*ગરીબદાસ ઈત ના રહૈં, કાશી બિડરી જાય ।। 788 ।।*
*કાશી બિડરી ચહૌં દિશા, થાંભન હારા એક ।*
*ગરીબદાસ કૈસે થંભૈ, બિડરે બૌહત અનેક ।। 789 ।।*

## ✪➡ ''દીક્ષા લીધા પછી''

**પૂર્ણ ગુરૂદેવજીથી દીક્ષા લઈને પૂર્ણ વિશ્વાસની સાથે ગુરૂદેવ દ્વારા બતાવેલી સાધના પૂરી નિષ્ઠા (લગન)ની સાથે કરો.**

✳ કબીરજીએ બતાવ્યું છે કે :- **1.** ધીરજ રાખો.

*કબીર, ધીરે-ધીરે રે મના, ધીરે સબ કુછ હોય ।*
*માલી સીંચે સૌં ઘડા, સમય આએ ફલ હોય ।।*

**ભાવાર્થઃ-** જેમ કે માળી આંબાનું બીજ વાવે છે. તેની સિંચાઈ કરે છે. કેટલાક દિવસ પછી તેનું અંકુર દેખાય છે. છતાં પણ સમય સમય પર સિંચાઈ કરતો રહે છે. રક્ષા માટે કાંટાદાર ડાળીઓની વાડ **(fences)** કરે છે. એક આંબાના છોડને ઝાડ બનવામાં લગભગ **8-10** વર્ષ લાગી જાય છે. ત્યાં સુધી માળી (છોડ વાવવાવાળો બાગનો માલિક અથવા નોકર) તે છોડની સિંચાઈ કરતો રહે છે. જ્યારે આંબાનું ઝાડ બની જાય છે તો આંબાને ફળ બેસે છે. એટલા ફળ બેસે છે (લાગે છે) કે પોતાનો પરિવાર પણ ખાય છે તથા વેચીને પોતાનું ગુજરાન પણ કરે છે. આજ પ્રમાણે ભક્તિ નામરૂપી બીજને વાવીને અગર દીક્ષા લઈને તેનું સ્મરણ, દાનરૂપી સિંચાઈ કરતા રહેવું જોઈએ. આંબાના છોડની માફક ધીરે - ધીરે ભક્તિરૂપી ઝાડ (વૃક્ષ) બની ગયા પછી સુખોનો અંબાર (ઢગલો) થઈ જશે. જેમ કે આંબાના ઝાડ (વૃક્ષ)ને ટન બંધ કેરી લાગે, ખાધી અને વેચીને ધન પણ કમાયા. આ જ પ્રમાણે ભક્ત એ ધીરજ રાખવી જોઈએ. ધીરે-ધીરે ભક્તિનું પરિણામ આવવા લાગશે.

✳ **2. વિશ્વાસઃ-**

પરમાત્માની ભક્તિનો લાભ તેને જ થાય છે, જે પરમાત્માની મહિમા પર પૂર્ણ વિશ્વાસ રાખે છે.

## ✪ ''પરમાત્મા માટે કંઈ પણ અસંભવ નથી''

એક નગરની બહાર જંગલમાં બે મહાત્મા સાધના કરી રહ્યા હતા. એક ચાલીસ વર્ષથી ઘર ત્યાગીને સાધના કરી રહ્યો હતો. બીજો હમણાં બે વર્ષથી સાધના કરવા લાગ્યો હતો. પરમાત્માના દરબારથી એક દેવદૂત દરરોજ કેટલોક સમય તે બન્ને સાધકોની પાસે પસાર કરતો હતો. બન્ને સાધકોના આશ્રમ ગામના પૂર્વ તથા પશ્ચિમમાં હતા. મોટાનું સ્થાન પશ્ચિમમાં તથા નાનાનું સ્થાન ગામની પૂર્વ દિશામાં જંગલમાં હતું.

દેવદૂત દરરોજ એક-એક કલાક બંનેની પાસે બેસતો, પરમાત્માની ચર્ચા ચાલતી. બન્ને સાધકોનો સારી રીતે સમય પસાર થતો હતો. એક દિવસ દેવદૂતે ભગવાન વિષ્ણુજીને કહ્યું કે ભગવાન ! કપિલા નગરીની બહાર આપના બે પરમ ભક્ત રહે છે. શ્રી વિષ્ણુજીએ કહ્યું કે એક પરમ ભક્ત છે, બીજો તો બનાવટી ભક્ત છે. દેવદૂતે વિચાર કર્યો કે જે ચાલીસ વર્ષથી સાધનારત છે, તે પાકકો ભક્ત હશે કારણ કે લાંબી-લાંબી દાઢી, માથા પર લાંબી જટા (કેશ) છે અને સમય પણ ચાલીસ વર્ષ ખૂબ કહેવાય. દેવદૂત બોલ્યો કે હે પ્રભુ ! જે ચાલીસ વર્ષથી આપની ભક્તિ કરી રહ્યો છે, તે હશે પરમ ભક્ત. પ્રભુએ કહ્યું નહીં. બીજો જે બે વર્ષથી સાધનામાં લાગ્યો છે. પ્રભુએ કહ્યું કે દેવદૂત ! મારી વાત પર વિશ્વાસ ન થયો. દેવદૂત બોલ્યો, પ્રભુ એવું નથી. પરંતુ મારી તુચ્છ બુદ્ધિ અહીં માની રહી છે કે મોટી ઉંમરવાળો ભક્ત પણ સારો ભક્ત છે. શ્રી વિષ્ણુજીએ કહ્યું કે અવતીકાલે આપ મોડા પૃથ્વી પર જજો. બંને જણા મોડા આવવાનું કારણ પૂછે તો આપ બતાવજો કે આજે પ્રભુજીએ હાથીને સોયના નાકામાંથી બહાર કાઢવાનો હતો. તે લીલા જોઈને આવ્યો છું. એટલા માટે મોડું થઈ ગયું. જે જવાબ મળે, તેનાથી આપને પણ ખબર પડી જશે કે પરમ ભક્ત કોણ છે ? પહેલાં દરરોજ દેવદૂત સવારે આઠ વાગ્યાની આજુબાજુ મોટી ઉંમરવાળાની પાસે જતો હતો અને 10 વાગ્યાની આજુબાજુ નાની ઉંમરવાળાની પાસે જતો હતો. આગલા દિવસે મોટી ઉંમરવાળાની પાસે દિવસના 12 વાગે પહોંચ્યો. મોડા આવવાનું કારણ પૂછ્યું તો દેવદૂતે બતાવ્યું કે આજે 11:30 વાગે દિવસના પરમાત્માએ એક લીલા કરવાની હતી તે જોઈને આવ્યો છું. ચાલીસ વર્ષ વાળાએ પૂછ્યું કે શી લીલા કરી પ્રભુએ ? બતાવોને. દેવદૂતે કહ્યું કે શ્રી વિષ્ણુજીએ કમાલ કરી દીધો, હાથીને સોયના નાકા (કાણા)માંથી કાઢી દીધો. આ સાંભળીને ભક્ત બોલ્યો કે દેવદૂત ! એવું જૂઠું બોલ કે જે સાંભળે તેને વિશ્વાસ થાય ? આ કેવી રીતે થઈ શકે કે હાથી સોયના નાકામાંથી નીકળી જાય. મારી સામે કાઢીને દેખાડો. દેવદૂત સમજી ગયા કે ભગવાન સત્ય જ કહી રહ્યા હતા આ તો પશુ છે, ભક્ત નથી. જેને પરમાત્મા પર જ વિશ્વાસ નથી કે તે સક્ષમ છે. જે કાર્ય માનવ નથી કરી શકતો, પરમાત્મા કરી શકે છે. તેની ભક્તિ વ્યર્થ (ફોગટ) તથા બનાવટી છે. દેવદૂત નમસ્કાર કરીને ચાલી ગયા અને નાના ભક્તની પાસે આવ્યા. ભક્તએ મોડા આવવાનું કારણ પૂછ્યું તો દેવદૂતે સંકોચની સાથે બતાવ્યું કે ક્યાંક આ ખોટી ભાષા ના બોલી દે. કહ્યું કે ભક્ત શું બતાઉં ? પરમાત્માએ તો અચરજ કરી દીધો. કમાલ કરી દીધો. જોઈને

આંખો ખુલ્લીને ખુલ્લી જ રહી ગઈ. પરમાત્માએ હાથીને સોયના નાકા (દોરો પોરવવાનું છિદ્ર/હોલ) ના અંદરથી કાઢી દીધો. આ સાંભળીને ભક્ત બોલ્યો કે દેવદૂતજી ! આમાં આશ્ચર્યની કઈ વાત છે ? પરમાત્મા તો કાઢી શકે પૂરી પૃથ્વીને સોયના નાકામાંથી, હાથીની તો શું વિસાત છે ? દેવદૂતે ભક્તને છાતીએ લગાવ્યો અને કહ્યું કે ધન્ય છે આપના માતા -પિતા જેનાથી જન્મ થયો. કુર્બાન છું આપના પરમાત્મા પર અટલ વિશ્વાસ ઉપર.

વાચકજનો ! આ તો એક ઉદાહરણ છે. વાસ્તવમાં (હકીકતમાં) ભક્તને પરમાત્મા પર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે પરમાત્મા જે ચાહે (ઇચ્છે) તે કરી શકે છે. અગર કોઈ કહે કે પરમાત્મા આ નથી કરી શકતા, તે નથી કર શકતા તો તેને ભક્તિનો અધિકાર જ નથી. શા માટે પોતાનો સમય ભક્તિનું નાટક કરવામાં વ્યર્થ કરે છે ? પરમાત્મા પર પૂર્ણ વિશ્વાસ કરીને ભક્તિના રસ્તે ચાલશે તો જ મંઝિલ પર પહોંચશે.

**❋ 3. પરમાત્મા જે કરે છે, સારું જ કરે છે''**

દીક્ષા લીધા પછી ભક્તના ઉપર ભક્તિના રસ્તામાં કેટલુંયે કષ્ટ (દુઃખ) આવે, મનમાં આ જ ભાવ આવે કે પરમાત્મા જે કરે છે, ભક્તના ભલા માટે જ કરે છે.

**કથાઃ-** એક રાજા તથા મહામંત્રી ગુરૂના શિષ્ય હતા. મહામંત્રીજીને પૂર્ણ વિશ્વાસ હતો, પરંતુ રાજાને સત્સંગ સાંભળવાનો સમય થોડો મળતો હતો. જેના કારણે તે પરમાત્માના વિધાનથી પૂર્ણ પરિચિત હતો નહિ, પરંતુ ભક્તિ શ્રદ્ધાથી કરતો હતો. મહામંત્રીને રાજા હંમેશાં પોતાની સાથે રાખતો હતો. તેની સૌથી વધારે ઈજ્જત કરતો હતો. એક મંત્રીને મહામંત્રીથી આજ વાત પર ઈર્ષ્યા હતી. તે મહામંત્રીને રાજાની નજરોમાંથી ઉતારી પાડવા માટે રાજાને મહામંત્રીના વિષયમાં નિંદા કરતો હતો. તે મંત્રી ઈચ્છતો હતો કે રાજા મને મહામંત્રી બનાવી દે. તેના માટે વારંવાર કહેતો હતો કે રાજન ! આ મહામંત્રી વિશ્વાસપાત્ર નથી. આ આપને ક્યારેય પણ દગો દઈ શકે છે. એક દિવસ રાજા તથા મહામંત્રી તથા તે ચાપલૂસી કરવાવાળો મંત્રી તથા અન્ય (બીજા) મંત્રી ગણ કોઈ બીજા શહેરમાં જવાની તૈયારીમાં મહેલના અંદર હોલમાં ઊભા રહ્યા હતા. રાજા પોતાની તલવારને કાઢીને તેની ધાર (તીખાપન) ચેક કરવા લાગ્યો અને બીજા મંત્રીઓથી વાત પણ કરી રહ્યો હતો. જેના કારણે રાજાના હાથની એક આંગળી કપાઈને નીચે પડી ગઈ. ચાપલૂસ બોલ્યો કે હે રાજા ! આ શું થઈ ગયું ? અમારા રાજા કેટલા સુંદર હતા ? આજે અમારો દુર્ભાગ્યનો દિવસ છે. હાય ! આ શું થઈ ગયું ? પ્રજાનો

કયો ભાર પોતાના ઉપર લઈ લીધો ? મહામંત્રી બોલ્યા, સારું થયું. પરમાત્મા જે કરે છે, સારું જ કરે છે. રાજા દર્દ (પીડા)થી વ્યાકુળ હતો તથા ઉપરથી આ શબ્દ સાંભળ્યા તો મહામંત્રીના પ્રત્યે ગુસ્સો આવ્યો અને સૈનિકોને કહ્યું કે આને જેલમાં નાખો. એવું જ કરવામાં આવ્યું. ચાપલુસ ચાડીખોરને મહામંત્રી નિમણૂક કરી લીધો. આંગળીનો ઉપચાર (ઈલાજ) કરાવ્યો. છ (6) મહિનામાં આંગળીનો ઘા ભરાઈને ઠીક થઇ ગયો. કોઈ પીડા રહી નહીં. હવે રાજાના જમણા હાથમાં ત્રણ આંગળી અને એક અંગૂઠો બચ્યો હતો. રાજા પોતાના નવા મહામંત્રીથી વધારે પ્રસન્ન હતો કારણ કે તેનો દાવ લાગી ગયો હતો. તે રાજાને કહેતો હતો કે હે રાજન ! મેં તો આપજીને ઘણીવાર કહ્યું હતું કે આ આપને દગો દેશે. તે દિવસે આપે આપના કાનોથી સાંભળી લીધું કે તે બોલ્યો આંગળી કપાઈ ગઈ તો સારું થયું. તે તો આપજીના મરવામાં ખુશ હતો. કોઈ વખત આપને મરાવી દેતો. રાજા તે ચાપલૂસની વાત સત્ય માનવા લાગ્યો હતો. એક દિવસ રાજા તે નવા મહામંત્રીની સાથે જંગલમાં શિકાર ખેલવા ગયો. બંને જંગલમાં ઊંડા ચાલ્યા ગયા. આગળ કેટલાક ભીલ લોકો હતા. તેમણે તે બંનેને પકડી લીધા અને પોતાના પુરોહિતની પાસે લઈ ગયા. તે દિવસે જંગલી લોકોનો તહેવાર હતો. એક વ્યક્તિને કાપીને દેવીને ભેટ ચઢાવવાનો હતો. તેમના હાથે બે આવી ગયા. પુરોહિતે કહ્યું કે બે લઈ આવ્યા છો તો બંનેની જ બલી ચઢાવી દઈએ. દેવી ખૂબ વધારે પ્રસન્ન થશે. પરંતુ પહેલાં આમની તપાસ કરો કે કોઈ અંગ-ભંગ ન હોય એટલે કે કાણો-કુંબરો, હાથ અથવા આંગળી કપાયેલી ન હોય. તપાસ કરી તો ખબર પડી કે એક વ્યક્તિના હાથની એક આંગળી કપાયેલી છે. પુરોહિતે જણાવ્યું કે આને છોડી દો. બીજો બરાબર છે તો તેની ગરદન કાપી દો. તે જ સમયે રાજાને છોડી દીધો અને ચાપલૂસ મહામંત્રીની ગરદન રાજાની સામે જ કાપી નાંખી અને દેવીને બલિ (ભેટ) કરી દીધી. રાજા ચાલી નીકળ્યો અને પોતાના મહેલમાં આવ્યો. સીધો જેલમાં ગયો અને મહામંત્રીને બહાર કાઢ્યો. રાજાએ મહામંત્રીજીને છાતીએ લગાવ્યા અને કહ્યું કે જ્યારે મારા હાથની આંગળી કપાઈ હતી અને આપે કહ્યું હતું કે સારું થયું. ભગવાન જે કરે છે, સારું જ કરે છે, તે સત્ય / સાચી વાત છે. અગર તે દિવસે મારી આંગળી કપાઈ ન હોત તો આજે મારો જીવ જતો. ભગવાને સારું કર્યું. રાજાએ ફરી કહ્યું કે મારા માટે તો સારું થયું, પરંતુ આપને છઃ (6) મહિના ફોગટ (વ્યર્થ)માં જેલમાં વગર દોષે કાઢવા પડ્યા. આપના માટે શું સારું થયું ? મહામંત્રી બોલ્યા કે આજે હું જેલમાં ના હોત તો આપની સાથે જતો. ત્યાં

મારી ગર્દન કપાવવાની હતી. મારું મૃત્યુ થવાનું હતું. છ માસની કેદથી મારો જીવ બચી ગયો. મારા માટે આ સારું થયું.

આ પ્રમાણે ભક્તએ પરમાત્મા પર વિશ્વાસ કરીને પોતાના જીવનની યાત્રા (સફર) પર ચાલવું જોઈએ.

❈ *''એક લેવા એક દેવા દૂતં, કોઈ કિસીકા પિતા ન પૂતં ।''*

એક ખેડૂતના ઘેર એક પુત્રનો જન્મ થયો. પુત્ર આઠ વર્ષનો થયો ત્યારે તેની પત્નીનું મૃત્યુ થઈ ગયું. ખેડૂત પાસે 16 એકર જમીન હતી. થોડાક વર્ષો બાદ ખેડૂતે બીજા લગન કરી લીધા અને બીજી પત્નીથી પણ એક પુત્રનો જન્મ થયો. થોડાક વર્ષો પછી બીજી પત્ની પણ મૃત્યુ પામી. ખેડૂતની પ્રથમ પત્નીનો પુત્ર 16 વર્ષનો થઈ ગયો હતો તેના લગ્ન કરી નાંખ્યા. ખેડૂતનું પણ મૃત્યુ થઈ ગયું. નાનો પુત્ર 10-12 વર્ષની ઉંમરે જ રોગી થઈ ગયો. થોડાક દિવસ તેનો ઈલાજ કરાવ્યો, પછી મોટા ભાઈ (માસીના પુત્ર)એ તથા તેની પત્નીએ વિચાર્યું કે ઈલાજ પર ખર્ચ શા માટે કરવો ? અગર મરી ગયો તો તેના ભાગની આઠ એકર જમીન પોતાની પાસે રહીજશે(પોતાના ભાગમાં આવી જશે) એમ વિચાર કરીને બાજુના ગામમાંથી જે વૈદ્ય ઈલાજ માટે આવતો હતો, તેને કહ્યું કે આ છોકરાની ઔષધિ-દવામાંવિષ ભેળવીને આપી દો.જે કામ માટે અમે તમને પૈસા આપી દઈશું. પાંચસો રૂપિયાની લાલચમાં વૈદ્યે તે છોકરાની ઔષધિમાં ઝેર ભેળવી તેને મારી નાંખ્યો. ગામવાળાઓને બતાવ્યું કે રોગના કારણે મૃત્યુ થઈ ગયું. કોઈને શંકા પણ ન ગઈ. બધાએ બાળકનું મૃત્યુ રોગના કારણે થયું તેમ માની લીધું.

તે માસીના પુત્રના મૃત્યુના એક વર્ષ પછી મોટાભાઈને પુત્રની પ્રાપ્તિ થઈ. ખુશીનો કોઈ પાર નહોતો - આનંદની કોઈ સીમા નહોતી. બાળકના જન્મની ખુશીમાં જમણવારનું આયોજન કર્યું. આખા ગામને મીઠાઈ વહેંચી, તેના પછી કોઈ સંતાન પ્રાપ્તિ ન થઈ. એકના એક પુત્રનો પ્રેમથી ઉછેર કર્યો. સરસ ઘી-દૂધ દહીં ખવડાવી-પીવડાવીને તેને હૃષ્ટ-પુષ્ટ (તંદુરસ્ત) કરી દીધો. 16 (સોળ) વર્ષની ઉંમરે તેના લગ્ન કર્યા. તે સમયે બાળ વિવાહને ગર્વની વાત માનવામાં આવતી હતી. તે બાળક રોગી થઈ ગયો. કેટલાય વૈદ્ય બોલાવવામાં આવ્યા. મોંઘામાં મોંઘી ઔષધિ ખવડાવી, પરંતુ નકામી સાબિત થઈ. એ જમાનામાં એક મહિનાની એક-એક હજારની કિંમતની ઔષધિ ખવડાવી. હીરા તથા મોતીની ભસ્મ પણ ઔષધિમાં ભેળવીને છોકરાને ખવડાવવામાં આવી. જેના કારણે આઠ એકર જમીન પણ વેચવી પડી. પરંતુ રોગ ઓછો થવાના બદલે વધતો જ ગયો અને છેવટે અંતિમ દિવસ આવી

ગયો. છોકરાના પિતા ચિંતિત અવસ્થામાં પુત્રની પાસે બેઠા હતા. તે જ સમયે તે છોકરો (પુત્ર) બોલ્યો ભાઈ સાહબ ! એક કામ કરો. પિતાએ કહ્યું કે બેટા ! હું તારો પિતા છું. છોકરો બોલ્યો કે હું તારો તે ભાઈ છું જેને તેં ઝેર આપીને મારી નંખાવ્યો હતો. હું જ મારા વેરનો બદલો લેવા માટે તમારા પુત્રના રૂપમાં જન્મ્યો છું. તે છોકરાની માતા પણ ત્યાં જ વિરાજમાન હતી. છોકરો બોલ્યો કે આઠ એકર જમીન કે જે મારા ભાગની હતી. તેની મેં વસૂલાત કરી લીધી. હવે ફક્ત કફન તથા લાકડાઓનો હિસાબ બાકી છે, જેની તૈયારી કરી લો. આ વાત સાંભળીને પિતા ઉર્ફે ભાઈનું મુખ આશ્ચર્યથી પહોળુંને પહોળું જ રહી ગયું. પોતાના દ્વારા આચરવામાં આવેલ કુકર્મ પર પતિ-પત્ની બંનેએ પસ્તાવો કર્યો. પરમાત્માનું વિધાન (કાયદો) અટલ છે. મોટા ભાઈએ તેના ત્યાં પુત્રના રૂપમાં જન્મેલ નાના ભાઈને પ્રશ્ન કર્યો કે અમે લાલચમાં આવીને જે પાપ કર્યું, અમને તેનું ફળ પરમાત્માએ આપી દીધું, જે ઉદ્દેશ્યથી તમારો જીવ લીધો હતો, તે આઠ એકર જમીન જતી રહી તથા અન્ય સંતાન પણ નથી. આ બચેલી જમીન કોઈ અન્ય વ્યક્તિ જ લઈ લેશે (કોઈ અન્યના ભાગ્યમાં જશે) અમારો તો નાશ થયો તે થયો, આ તો થવાનો જ હતો. પરમાત્માએ ન્યાય કર્યો, પરંતુ જે છોકરી તમારી પત્નીના રૂપમાં આવી છે, તેણે શું અપરાધ કર્યો છે? જેના કારણે તે સતી પ્રથા અનુસાર તમારી સાથે જીવતી જ સળગાવી દેવામાં આવશે. એની સાથે ભગવાને અન્યાય કર્યો છે. નાનો ભાઈ એટલે કે પુત્ર બોલ્યો કે મારા મૃત્યુના બે વર્ષ પછી તે વૈદ્ય મરી ગયો હતો. જેણે મને **500** રૂપિયાની લાલચમાં ઝેર આપીને માર્યો હતો. આ પત્ની તે જ વૈદ્ય (ડૉક્ટરવાળી)ની આત્મા છે. આને તે ફળ મળશે, જીવતી સળગાવવામાં આવશે. તે સમયે સતી પ્રથા પૂર જોશમાં ચાલતી હતી (પ્રચલિત હતી). પતિના મૃત્યુ બાદ પત્નીને પણ જીવતી જ તેની ચિતામાં સળગાવી દેવામાં આવતી હતી.

પ્રિય વાચકો ! વિચાર કરો, પરમાત્માની નજરથી કંઈ પણ છુપાયેલું નથી. જેવું કરશો, તેવું ભરવું જ પડશે. દરેક પરિવાર આ જ પ્રમાણે સંસ્કારના કારણે એક-બીજાથી જોડાયેલા છે. કોઈ પૂર્વ જન્મનું ઋણ (દેવું) ચુકવવા માટે જન્મ્યો છે તો કોઈ પૂર્વ જન્મનું ઋણ લેવા-વસૂલવા જન્મ્યો છે. ઉદાહરણ માટ જુઓ :-

પિતાએ પુત્રને ભણાવ્યો. લગ્નના બે દિવસ અગાઉ અકસ્માતમાં માર્યો ગયો. તે પિતા પાસેથી ઋણ વસુલવા આવ્યો હતો. બીજા કિસામાં પુત્ર જવાન થયો, કામકાજ કરી જીવનનિર્વાહ કરવા લાગ્યો. પિતા રોગી

થઈ ગયા, ઈલાજમાં લાખો રૂપિયા ખર્ચી નાંખ્યા તેમ છતાં તે મરી ગયા ને બધો ખર્ચ વ્યર્થ ગયો. તે પિતા અગાઉના જન્મ/ભવનું ઋણ લેવા માટે આવ્યો હતો, કંઈક આપવા આવ્યો હતો. પુત્રીના લગ્ન કર્યા, બે વર્ષ બાદ પુત્રી મરી ગઈ. લગ્નમાં પુત્રીને ઘણું દહેજ આપ્યું હતું, તે જમાઈ અગાઉના જન્મ/ભવના ઋણના બદલામાં પુત્રી પણ લઈ ગયો અને ધન પણ લઈ ગયો. વર્તમાન જે કોઈની સાથે ફરેબ-દગો કરીને ધન છિનવી લે છે, તે ધન આવનાર જન્મ/ભવમાં જમાઈ બનીને વસૂલ કરશે. પરમાત્માનું અટલ વિધાન છે. બુદ્ધિશાળીને ઈશારો જ ઘણો છે. ઉપરોક્ત વિવરણ ફક્ત કથા નથી, આ હકીકત છે. કોઈ એમ કહે કે આ તો બીવડાવવા માટે કથા બનાવી છે. કોણે જોયું છે કે શું થશે ? જેવી રીતે ચોરને ભદ્ર પુરૂષ (સમજદાર પુરૂષ) સમજાવે છે કે હે ભાઈ ! ચોરી ના કરીશ. જ્યારે પકડાઈ જઈશ તો પહેલા તો લોકો મારશે અને પછી પોલીસ મારશે તથા જેલમાં પણ કષ્ટ ભોગવવું પડશે. અગર કોઈ એમ કહે કે આ તો ચોરને બીવડાવવા માટે કહ્યું છે, કોણે જોયું છે કે આગળ શું થાય છે ? વિચાર કરો કે ચોરને સત્ય બતાવીને બીવડાવ્યો છે અને તે સાચું પણ છે. અગર ચોર સાચી રીતે ડરીને ચોરી કરવાનું છોડી દેશે તો તેમાં તેનું જ ભલું થશે. અગર એમ કહેશે કે કોણે જોયું છે, આગળ શું થાય છે ? તો તેની સાથે એ બધું જ બનશે જે ઉપર બતાવવામાં આવ્યું છે. એવી જ રીતે કોઈ ઉપરોક્ત કથાને ફક્ત સમજાવવા-બીવડાવવા માટે છે એમ માનશે તો એ તેનું દુર્ભાગ્ય હશે. જે પ્રમાણે ચોરને ચોરીથી દૂર રહેવા સર્તક કર્યો છે, આ વાતને પણ એટલી જ સત્ય સાચી સમજ જો.

❋ લેખકે આ કથા સને 1978માં એક પશુઓ (ઢોરો)ના ડૉક્ટર પાસેથી સાંભળી હતી. જે ખેડૂતના બે પુત્રો વાળી વાર્તા ઉપર બતાવવામાં આવી છે. તે આ કથાને પોતાની પાસે બેસવાવાળા વ્યક્તિને અવશ્ય સંભળાવતો હતો. પરંતુ તે પોતે આ અંગે ક્યારેય અમલ નહતો કરતો. દસ રૂપિયાની દવા આપીને distilled water ના ચાર ઈંજેકશન લગાડીને 200-300 રૂપિયા વસુલતો હતો. પછી સાંજે મળતો તો પોતાના કારસ્તાન પણ બતાવતો અને કહેતો કે અગર ઓછા પૈસા લઈશ તો ભેંસવાળો એમ સમજશે કે સારીદવા નથી આપી. ભેંસ સ્વસ્થ તો દસ રૂપિયાની દવાથી જ થઈ જવાની હતી. વિચાર કરો કે આવા વ્યક્તિઓની કથની અને કરનીમાં અંતર છે તો તેમના દ્વારા સંભળાવવામાં આવેલ આ કથાઓનો અન્ય પર કેવો પ્રભાવ પડશે ? સંત ગરીબદાસજીએ કહ્યું છે કે આ વાતો કહેવા-સાંભળવાની નથી, કરી બતાવવાની છે એટલે કે આના પર અમલ કરવો જોઈએ. પરમાત્માના

વિધાનને સમજીને નિર્મળ જીવન વ્યતિત કરો. જીવનની રાહ (જીવનના રસ્તા)ને કાંટા રહિત (કાંટા વગરનો) બનાવો.

## ✪ એક લેવા (લેણદાર) એક દેવા (દેણદાર) દૂતં

જે સમયે શ્રી શિવજી એ પોતાની પત્નીપાર્વતીજીને અમરનાથ સ્થાન (સ્થળ) પર એક સુકાયેલા વૃક્ષની નીચે બેસીને નામ દીક્ષા (અમર મંત્ર) આપ્યો હતો. તે વૃક્ષની બખોલમાં માંદા પોપટે ઈંડા મૂકેલા હતા. સ્વસ્થ ઈંડા તો શિવજી દ્વારા હાથેથી વગાડેલી તાળીના અવાજથી જ બચ્ચા બનીને ઊડી ગયા હતા. તેમાં એક ઈંડુ ગંદુ (બીમાર) હતું, તેનો જીવ તેની અંદર હતો. જયારે શ્રી શિવજીએ શ્રી પાર્વતીજીને દીક્ષા મંત્ર સંભળાવ્યો તો તે ગંદુ ઈંડું સ્વસ્થ (સાજું) થઈ ગયું અને પોપટનું બચ્ચું બની ગયું. પાંખો આવી ગઈ અને ઉડવા યોગ્ય થઇ ગયું. પાર્વતીજીની સમાધિ લાગી ગઈ, જેથી તેમણે હાં-હાં કહેવાનું બંધ કરી દીધું. પોપટ હાં-હાંનો સ્વર કાઢવા લાગ્યો ત્યારે શ્રી શિવજીએ જોયું કે પાર્વતીજીની તો સમાધિ લાગી ગઈ છે, કંઈ પણ સાંભળી-બોલી નથી રહી, તો હાં-હાંનો અવાજ કોણ કરે છે ? જોયું તો વૃક્ષના થડની બખોલમાં પોપટ બોલી રહ્યો છે. શ્રી શિવજીએ તેને મારવાનો પ્રયત્ન કર્યો તો તે પોપટ ઊડી ગયો. પાછળ-પાછળ શ્રી શિવજીસિદ્ધિ વડે ઊડીને મારવા દોડ્યા. ઋષિ વેદ વ્યાસજીની પત્નીએ જબાઈ લીધી (આળસ મરડીને બગાસું ખાધું) મોંઢું ખોલ્યું તો પોપટના શરીરને ત્યાગીને જીવ વ્યાસની પત્નીના ગર્ભમાં તેમના મોંઢા દ્વારા પ્રવેશ કરી ગયો. શ્રી શિવજીએ વ્યાસજીની પત્નીને કહ્યું કે મારું જ્ઞાન ચોરીને જીવ પોપટના શરીરને ત્યાગીને તમારા ગર્ભમાં ચાલ્યો ગયો છે. એ મારો ચોર છે, હું તેને મારીશ. તે જ સમયે ઋષિ વેદ વ્યાસજી પણ ત્યાં આવી ગયા. તે બધી વાત સાંભળી રહ્યા હતા. વ્યાસજીએ પૂછ્યું, હે ભગવાન ! કોણ કેવો ચોર ? શ્રી શિવજીએ કહ્યું કે હું પાર્વતીજીને દીક્ષા આપી રહ્યો હતો. શરીરના અંદરના કમળોનો ભેદ બતાવી રહ્યો હતો તે આ પોપટે સાંભળી લીધું. જો આ કોઈ અનાધિકારીને તે મંત્ર બતાવી દેશે તો તે અમર બનીને લોકોને પીડા/દુઃખ આપશે - દુઃખી કરશે. આ અમર થઈ ગયો. હું આ જીવને મારી નાંખીશ. વ્યાસજી બોલ્યા, હે શિવજી ભગવાન ! જયારે એ અમર જ થઈ ગયો તો તમે એને મારશો કઈ રીતે ? આ વાત સાંભળીને શ્રી શંકરજી પાર્વતીજીની પાસે પાછા આવી ગયા અને પાર્વતીજીને બધી વાત કહી. શ્રી વેદ વ્યાસજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોયું તો ખબર પડી કે પત્નીના ગર્ભમાં પુત્ર છે. બાર વર્ષ ગર્ભમાં રહ્યા પછી

પુત્ર ઉત્પન્ન થયો. માતા કહેતી હતી કે પુત્રનું નામ સુકદેવ રાખવાનું છે. આનાથી ગર્ભમાં રહેવા છતાં મને કોઈ દુઃખ નથી થયું. મનમાં આનંદ બનેલો રહેતો હતો. સુખનો આભાસ થતો રહે છે. એટલા માટે ગર્ભમાં જ તે બાળકનું નામ સુખદેવ રાખી દીધું હતું. પોપટના ઈંડામાં રહેવાના કારણે અને તરત જ માનવ શરીર પ્રાપ્ત કરવાના કારણે બ્રાહ્મણ લોકો એને શુકદેવ (શુક એટલે કે પોપટ) પણ કહેતા હતા. ઋષિ શુકદેવજીનું જન્મ લેતાંની સાથે જ બાર વર્ષનું શરીર બની ગયું અને ઊઠીને ચાલવા લાગ્યા તો ઋષિ વેદ વ્યાસજીએ કહ્યું કે હે પુત્ર ! ક્યાં ચાલ્યો ? શુકદેવજી પોતાના માતા-પિતાની તરફ પીઠ કરીને બોલ્યા, 'તમારો અને મારો આટલો જ સંગાથ છે. (સંસ્કાર છે.)' ઋષિ વ્યાસજીએ કહ્યું કે હે પુત્ર ! સુખદેવ ! અમે તારી જન્મ લેવાની 12 વર્ષ સુધી પ્રતિક્ષા કરી (રાહ જોઈ) અને આજે તું અમને છોડીને જઈ રહ્યો છે. એક વાર મોંઢું તો બતાવી દે. સુખદેવ ઋષિ બોલ્યા, હે ઋષિજી ! કેટલીયે વાર (ઘણી વખત) તમે મારા પિતા બન્યા, અને ઘણી વાર હું તમારો પિતા બન્યો - આ તો મોટી ઝંઝટ (ભારે ગરબડ) છે. હું ભક્તિ કરીને જન્મ-મરણથી મુક્તિ કરાવીશ. હું તમારી તરફ મોંઢું એટલા માટે નથી કરી રહ્યો કે ક્યાંક તમારામાં મને મોહ ના થઈ જાય. સંત ગરીબદાસજીએ આ ઋણ સંબંધને વાણી દ્વારા બતાવ્યું છે કેઃ-

*અક લેવા એક દેવા દૂતં, કોઈ કાહૂ કા પિતા ન પૂતં ।*
*ઋણ સંબંધ જુડા એક ઠાઠા, અંત સમય સબ બારા બાટા ।।*

**ભાવાર્થઃ-** શુકદેવજીએ કહ્યું કે જે પરિવારના સભ્યો મા-બેટા-પિતા વિગેરે-વિગેરે સંબંધોના રૂપમાં છે, તે સૌ પૂર્વ જન્મના ઋણ લેવા કે ચુકવવા માટે જોડાયા છે. વાસ્તવમાં કોઈ કોઈનો પિતા-પુત્ર નથી. મૃત્યુ ઉપરાંત બધા પોત પોતાના સંસ્કારવશ (કર્મોના પ્રારબ્ધવશ) જુદા જુદા સ્થાનો પર જઈને અન્ય શરીર ધારણ કરી લે છે. એટલા માટે કોઈ કોઈના પિતા-પુત્ર નથી.

વાચકોએ ઉપર ખેડૂતના પુત્રોવાળી કથામાં વાંચ્યું છે કે મોટા ભાઈએ નાની માસી (નવી મા)ના પુત્રને આઠ એકરની જમીનની લાલચમાં મરાવી દીધો તો તે જ જીવ તેનો પુત્ર બનીને પોતાનું ઋણ લેવા જન્મ્યો અને પોતાનો હિસાબ પૂરો કરીને મરી ગયો. એટલા માટે કહ્યું છે કેઃ-

એક લેવા (ઋણ લેવાવાળો) એક દેવા (ઋણ ચુકવવાવાળો) દૂતમ. કોઈ કાહૂ કા પિતા નહીં પૂતં (પુત્ર). ઋણ સંબંધ જુડા એક ઠાઠા એટલે કે પરિવાર રૂપમાં ઠાઠથી રહેતા હોવાનું દેખાઈ દે છે, અચાનક જ મૃત્યુ થઈ

જાય છે. અંત સમયમાં બારા બાટા (રસ્તો/વાટ) એટલે કે મૃત્યુ થયા પછી કોઈ ક્યાંક બીજી જગ્યાએ જન્મ લેશે એટલે કે બારા (12) બાટ (રસ્તાઓ) ઉપર કર્મો પ્રમાણે અલગ-અલગ રસ્તા પર ચાલ્યા જશે. પિતા સાથે આટલી વાત કરીને શુકદેવ આકાશમાં ઊડીને અન્ય સ્થાન પર ચાલ્યો ગયો. પ્રિય વાચકો ! એટલા માટે ભક્તિ કરો અને જીવનું કલ્યાણ કરાવો. ફક્ત પરિવાર સાથે ચોંટી-ચોંટેલા રહીને પોતાનું જીવન નષ્ટ ના કરો. પરમાત્માની ભક્તિ કરવાથી ઋણ પણ સરળતાથી ઉતરી જશે.

## ✪ ''કથની અને કરનીમાં અંતર ઘાતક (જીવલેણ) છે''

એક વ્યક્તિ પ્રસિદ્ધ કથાવાચક હતો તથા દરરોજ રામાયણનો પાઠ પણ કરતો હતો. એક દિવસ કોઈ કારણવશ તે પાઠીજીને શહેરમાં જવાનું થયું. તેની સાથે તેનો જોડીદાર પણ હતો. રેલવે સ્ટેશન ગામથી ત્રણ કિલોમીટર દૂર હતું. સવારે પાંચ વાગે ગાડી ઉપડવાની હતી, માટે સ્નાન કરીને પહોંચી ગયા. વિચાર કર્યો કે પાઠ ગાડીમાં કરી લઈશ. ગાડીમાં ચઢી ગયા. જે ડબ્બામાં તે બન્ને ચઢ્યા, તે ભરેલો હતો. કોઈ સીટ ખાલી નહતી. કેટલાક માણસો ઊભા હતા. ગાડી ઉપડી. થોડીવાર પછી તે રામાયણ વાંચવાવાળાએ સીટ પર બેઠેલા બે વ્યક્તિઓને કહ્યું કે ભાઈ સાહેબ ! કૃપા કરી મને બેસવા માટે સીટ આપો. મારે રામાયણનો પાઠ કરવો છે. આજે ગાડી પકડવાની ઉતાવળમાં ઘરે પાઠ કરી શક્યો નથી. સજ્જન પુરૂષોએ આખી સીટ જ તેના માટે ખાલી કરી આપી. તેઓ ઊભા થઈ ગયા અને બોલ્યા હે વિપ્રજી! અમારું અહોભાગ્ય છે કે આજે અમને પણ પવિત્ર ગ્રંથ રામાયણજીનું અમૃત જ્ઞાન સાંભળવા મળશે. પંડિતજીએ ઊંચા સ્વરમાં પાઠ કરવાનું શરૂ કર્યું. પ્રસંગ આ મુજબ હતો - ભરતે પોતાના મોટા ભાઈના અધિકારવાળા રાજ્યનો સ્વીકાર ન કર્યો. જ્યાં સુધી શ્રી રામચંદ્રજી વનવાસ પૂર્ણ કરીને પાછા આવ્યા નહિ ત્યાં સુધી રાજગાદી પર પોતાના ભાઈ રામચંદ્રના પગરખા રાખ્યા અને પોતે પૃથ્વી પર (નીચે) બેસીને એક નોકર બનીને રાજપાટ સંભાળ્યો. જ્યારે ભાઈ રામચંદ્ર પાછા અયોધ્યા આવ્યા તો તેમને રાજ્ય પાછું સોંપી દીધું. ભાઈ હોય તો આવો. પાઠ પૂરો થતા બધાએ કહ્યું કે વાહ પંડિતજી વાહ ! કમાલ કરી દીધી. તે ડબ્બામાં એક વ્યક્તિ એવો પણ બેઠો હતો કે જેને પોતાના પિતાની વર્ષી પર એક દિવસનો પાઠ કરાવવો હતો, પણ કોઈ પાઠ કરવાવાળો મળી રહ્યો નહતો. બીજા જ દિવસે વર્ષી હતી. તેણે પંડિતજીને કહ્યું કે હે ગુરૂજી ! આવતીકાલે મારા પિતાજીની વર્ષીના

ઉપલક્ષમાં પાઠ કરી આપશો. પંડિતજી બોલ્યા કે કાલે નહિ કરી શકું. તમામ ઉપસ્થિત યાત્રીઓએ કહ્યું કે પંડિતજી ! તમારો તો વ્યવસાય જ પાઠ કરવાનો છે. આ બીચારા માટે તો તકલીફ ઊભી થઈ છે. પરંતુ કથાવાચક સ્પષ્ટ રીતે ના પાડી રહ્યો હતો. બધાએ પૂછ્યું કે એવું તે શું આવશ્યક કાર્ય છે જે આપ આવતીકાલે પાઠ કરવાની ના પાડી રહ્યા છો ? પંડિતજીએ વાતને ટાળતા કહ્યું, બસ એમ જ, બસ એમ જ. તેનો સાથી બોલ્યો કે હું સાચી વાત બતાઉં, આ આવતીકાલે પાઠ નહિ કરી શકે. આ પંડિતજીએ તેના ભાઈ ઉપર પચાસ ગજ જમીનના ગંદકીથી ભરેલા નાના ખાડા પર કેસ કરેલો છે. જેની કોર્ટની તારીખ આવતીકાલે છે, જેમાં હું સાક્ષી છું. ત્યાં હાજર વ્યક્તિઓ બોલ્યા કે હે પંડિતજી! કથા તો કેવી માર્મિકતાથી સંભળાવી અને આપ અમલ જરાય નથી કરતા. આવા વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી કથાનો શ્રોતાઓ પર શું પ્રભાવ પડશે ?

કબીરજીએ કહ્યું છે કે :-

*કબીર કરની તજ કથની કથૌં, અજ્ઞાની દિન રાત ।*
*કુકર (કૂતરાઓ) જયોં ભૌંકત ફિરૈં, સુની સુનાઈ બાત ।।*

ગરીબદાસજીએ પણ કહ્યું છે કે:-

*ગરીબ, બીજક કી બાતાં કહૈં, બીજક નાંહી હાથ ।*
*પૃથ્વી ડોબન ઉતરે,યે કહ કહ મીઠી બાત ।।*

## ✪ સત્સંગથી મળ્યો ભક્તિનો રાહ (રસ્તો)

સંત નિત્યાનંદજીનું બાળપણનું નામ નંદલાલ હતું. તે બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. સંત ગરીબદાસજી (ગામ છુડાની, જિ. ઝજજર) ના કેટલાક સમયના સમકાલીન હતા. સંત ગરીબદાસજીનું જીવન સને 1717-1778 સુધી રહ્યું હતું. તે સમયે બ્રાહ્મણોનું વિશેષ સન્માન કરવામાં આવતું હતું. ઊંચી જાતિ માનવામાં આવતી હતી. જે કારણે ગર્વ થવો સ્વાભાવિક હતો. નંદલાલજીના માતા-પિતાનો દેહાંત થઈ ગયો હતો. તે સમયે તેઓ 7-8 વર્ષના હતા. તેમના નાના નારનૌલના નવાબની કચેરીમાં ઉચ્ચ હોદ્દા પર વિરાજમાન હતા. તેમનો ઉછેર નાના-નાનીએ કર્યો હતો. શિક્ષા ઉપરાંત નાનાજીએ પોતાના દોહિતા (દોહિત્ર - પુત્રીનો પુત્ર) ને નારનોલમાં તહેસીલદારની નોકરીએ લગાવી દીધો. એક તો જાતિના બ્રાહ્મણ, બીજું તે સમયે તહેસીલદારનો હોદો. જેના કારણે અહંકાર હોવો સામાન્ય વાત છે. તહેસીલદારનો વિવાહ પણ નાના-નાનીએ કરાવી દીધો હતો. તહેસીલદારના મહેલથી થોડેક દૂર એક વૈષ્ણવ સંત શ્રી ગુમાનીદાસજી પોતાના કોઈ ભક્તના

ઘરે સત્સંગ કરી રહ્યા હતા. તે શ્રી વિષ્ણુજીના ભક્ત હતા. બધા સંત જન પોતાના સત્સંગમાં પરમાત્મા કબીરજીની અમૃતવાણીનો સહયોગ અવશ્ય લેતા હતા. સત્સંગમાં બતાવવામાં આવ્યું કે માનવજીવન શા માટે પ્રાપ્ત થાય છે ? પરંતુ સત્સંગ નહિ સાંભળવાના કારણે સાંસારિક ઉઠા-પઠક (કામકાજ/વૈતરા) માં મનુષ્ય પોતાનું અનમોલ માનવ જીવન નષ્ટ કરી દે છે. અજ્ઞાનતાના કારણે જીવ ધન, પદ તથા જાતિનું અભિમાન કરે છે. ભક્તિ ન કરવાવાળા પ્રાણી આગલા જન્મમાં ગધેડા-કૂતરા, બળદ વગેરે પશુ-પક્ષીઓના શરીરમાં કષ્ટ ભોગવે છે. એટલા માટે અભિમાન ત્યજીને પૂર્ણ સંત પાસેથી દીક્ષા લઈને પોતાનું કલ્યાણ કરાવવું જોઈએ, નહીં તો પર્વતથી મોટા કષ્ટો ભોગવવા પડશે.

સ્વામી ગુમાનીદાસજીનો આશ્રમ નારનોલ શહેરથી આશરે દોઢ (1½) કિલોમીટર દૂર હતો. સત્સંગનો અવાજ સાંભળીને તહેસીલદાર મકાનના ધાબા પર ખુરશી મુકી બેસી ગયા. પૂરો સત્સંગ સાંભળ્યો. દીક્ષા લેવાની પ્રબળ પ્રેરણા થઈ ગઈ, પરંતુ જાતિ અનેપદનો અહંકાર હેરાન કરી રહ્યો હતો. બ્રાહ્મણોની કેટલી ઈજ્જત છે. વળી હું તો તહેસીલદાર પણ છું. સત્સંગમાં તો સામાન્ય વર્ગના લોકો જાય છે. મને ત્યાં શરમ આવશે, હું કેવી રીતે જઉં આશ્રમમાં ? અંતમાં એક દિવસ નિર્ણય કર્યો કે સવારના વહેલો આશ્રમમાં પહોંચી જઈશ. અન્ય વ્યક્તિ ત્યાં આવે તે પહેલાં તો હું દીક્ષા પ્રાપ્ત કરીને પાછો આવી જઈશ. સત્સંગ કર્યા બાદ સંતજી આશ્રમમાં જતા રહ્યા. સવારે ઊઠીને થોડોક સમય ચાલવા જતા હતા. એક દિવસ નંદલાલજી ઘોડા પર બેસીને સવારના સમયે આશ્રમની તરફ જઈ રહ્યા હતા ત્યારે ગુમાનીદાસજી નિત્ય નિયમ મુજબ સવારે તે જ રસ્તા પર ચાલવા નીકળેલા. સંતજીએ માથાના વાળ કપાવી ટાલ (ટકલું/મુંડન) કરાવી રાખી હતી. માથા ઉપર કોઈ વસ્ત્ર નહતું. નંદલાલજી બ્રાહ્મણ હોવાના કારણે શકન-અપશુકનમાં બહુ માનતા હતા. કોઈ સારા કાર્ય માટે જતી વખતે સામેથી કોઈ ટાલવાળો વ્યક્તિ (મુંડન/ટકલું કરાવેલ માણસ) આવી જાય તો બહાર જવાનું રદ કરી નાંખતા. આજે તો આશ્રમમાં દીક્ષા લેવા જઈ રહ્યા હતા, જિંદગીનો સર્વોત્તમ દિવસ હતો. અને સામેથી માથે અસ્તરો ફેરવેલ (ટાલિયો) વ્યક્તિ મળી ગયો. નંદલાલજીનું માથું ફરી ગયું અને ક્રોધિત થઈ ગયા. વિચારવા લાગ્યા કે આજે દિક્ષાનો અવસર નથી છોડવો, પરંતુ પોતાના મનમાં રહેલ શુકન-અપશુકનને પણ નિષ્ક્રિય કરવાનો હતો. એટલા માટે જાતે જ મનમરજીવાળું સમાધાન કાઢી લીધું કે આ મનહૂસ (અઉંશકના)ના ટકલામાં [હાથની એક આંગળીના ઊધા ભાગ વડે મારવું

જે રીતે માટલું ખરીદતી વખતે આંગળીના પાછલા ભાગથી માટલા પર મારીને ચેક કરવામાં આવે છે] આંગળીનો ટકોરો મારી દઉં છું. જેથી અપશુકન નહિ નડે. આજ ઉદ્દેશ્યથી ઘોડાને તે વ્યક્તિ (સંત ગુમાનીદાસજી) ની પાસે જઈને રોક્યો અને કહ્યું કે કમબખ્ત (બદમાશ) ! તારે આજે જ માથું મુંડાવીને મારી સામે આવવાનું હતું. આજે હું મારી જિંદગીના સૌથી ઉત્તમ કાર્ય માટે આશ્રમ જઈ રહ્યો હતો. આમ કહીને ગુમાનીદાસજીના માથા ઉપર ટોલા (ટકોરા) માર્યા અને ઘોડાને આશ્રમની તરફ હંકારી દીધો. સંતોની સાથે આવા બનાવ સામાન્ય રીતે બનતા જ હોય છે. તેઓ એ તરફ વધારે ધ્યાન નથી આપતા. વિચાર તો કર્યો કે વ્યક્તિ સભ્ય તથા કોઈ ઉચ્ચ અધિકારી તથા ઉચ્ચ કુળનો લાગતો હતો, પણ કાર્ય ઢોર ચારવાવાળા જેવું કરી ગયો. નંદલાલ આશ્રમમાં ગયા. ત્યાં સંતના શિષ્યો મળ્યા, રામ-રામ કર્યા. આવવાનું કારણ બતાવ્યું. ઘોડાને વૃક્ષ સાથ બાંધીને સંતજીના આસન પાસે પાથરેલ બોરી ઉપર બેસી ગયો. સંત ગુમાની દાસજી સવારની સૈર (ચાલવાની ક્રિયા) પછી સ્નાન કરીને આસન પર બેઠા તો ઘોડાને જોયો. પછી તેમને સમજતા વાર ન લાગી. નંદલાલજીએ જોયું તો શરમના માર્યે ગરદન નીચે કરી લીધી. ગુમાનીદાસને આશ્રમના ભક્તોએ બતાવી દીધું હતું કે આ તહેસીલદારજી દીક્ષા લેવા આવ્યા છે. નંદલાલજી સંતના ચરણોમાં પડી ગયા અને તેમની ટાલમાં ટોલા (ટકોરા) મારવાનું કારણ બતાવ્યું. સંત ગુમાનીદાસજીએ કહ્યું કે હે ભક્ત ! જ્યારે આપણે એક આનાનું માટલું કુંભાર પાસે લેવા જઈએ છીએ તો તેને ટકોરા મારી-મારીને ખખડાવીને તપાસીએ છીએ કે ક્યાંક ફૂટેલું તો નથી ને. તમે તો જિંદગીનો સૌદો (વેપાર લે-વેચ) કરવા આવ્યા છો, તમે તો ગુરૂજીને બજાવીને (ખખડાવીને) જોઈ લીધા તો કોઈ પાપ નથી કર્યું. નિતાનંદજી (નંદલાલજી) સંતજીના શીતલ સ્વભાવથી ખૂબ વધારે જ પ્રભાવિત થયા. દીક્ષા લઈ લીધી. સંત ગુમાનીદાસજીએ તેમનું નામ બદલીને નિત્યાનંદ રાખી દીધું. જ્યારે સત્સંગથી જીવવાનો રસ્તો - જીવવાનો માર્ગ મળ્યો તો નિતાનંદજીએ વાણી બોલી :-

*બ્રાહ્મણ કુલ મેં જન્મ થા, મૈં કરતા બહુત મરોડ ।*
*ગુરૂ ગુમાની દાસને, દિયા કુબુદ્ધિ ગઢ તોડ ।।*

પછી કેટલા આધીન થયા, તે આ વાણીથી ખબર પડે છેઃ-

*શિર સૌંપા ગુરૂદેવ કો, સફલ હુઆ યહ શીશ ।*
*નિત્યાનંદ ઈસ શીશ પર, આપ બસૈ જગદીશ ।।*

**ભાવાર્થ:-** જ્યાં સુધી સત્સંગના વિચાર સાંભળવા નથી મળતા તો ભૂલવશ (ભૂલમાં પડેલ) માનવ અહંકારમાં સડતો રહે છે. જ્યારે જ્ઞાન થાય છે કે આજે રાજ છે, મૃત્યુ થયા પછી ગધેડો, કૂતરો બનીશ તો આ અહંકારનું શું થશે ? એટલા માટે ભક્ત પોતાના તે કચરાને જ્ઞાન વડે સાફ કરીને ભક્તિ પથ પર ચાલે છે અને સફળતા પ્રાપ્ત કરે છે. શ્રીલંકાના રાજા રાવણે ખૂબ ભક્તિ કરી, પરંતુ અહંકાર ગયો નહીં. જેના કારણે વિનાશને પ્રાપ્ત થયો. રાવણ પણ બ્રાહ્મણ હતો. નિત્યાનંદજી પણ બ્રાહ્મણ હતા. સત્સંગ સાંભળીને નિર્મળ થઈ ગયા. રાવણને સત્સંગ સાંભળવા ના મળ્યો. જેના કારણે જીવન વ્યર્થ ગયું અને અમિટ (મટે નહીં તેવો કાયમી) કલંક પણ લાગી ગયો. નિત્યાનંદજીએ કહ્યું કે મારો જન્મ બ્રાહ્મણ કુળમાં થવાના કારણે જાતિ અભિમાનના કારણે પૂર્ણ મરોડ (અહંકાર) કરતો હતો. જ્યારે ગુરૂજી ગુમાનીદાસજીના સત્સંગ વચન સાંભળ્યા તો જાતિનો અહંકાર રૂપી કુબુદ્ધિનો ગઢ સમાપ્ત થઈ ગયો. જીવન સફળ થયું.

**નિત્યાનંદજીના શબ્દ:-**

*ઔર બાત તેરે કામ ના આવૈ સન્તોં શરણૈ લાગ રે ।*
*ક્યા સોવૈ ગફલત મેં બંદે જાગ-જાગ નર જાગ રે ।।*
*તન સરાય મેં જીવ મુસાફિર કરતા રહે દિમાગ રે ।*
*રાત બસેરા કરલે ડેરા ચલૈ સવેરા ત્યાગ રે ।। ઔર બાત.....।*
*ઉમદા ચોલા બના અનમોલા લગે દાગ પર દાગ રે ।*
*દો દિન કા ગુજરાન જગત મેં જલૈ બિરાની આગ રે । ઔર બાત...।*
*કુબદ્ધ કાંચલી ચઢ રહી ચિત પર તૂ હુઆ મનુષ સે નાગ રે ।*
*સૂઝૈ નહીં સજન સુખ સાગર બિના પ્રેમ બૈરાગ રે । ઔર બાત .....।*
*હર સુમરૈ સો હંસ કહાવૈ કામી ક્રોધી કાગ રે ।*
*ભંવરા ના ભરમૈ વિષ કે બન મેં ચલ બેગમપુર બાગ રે । ઔર બાત..।*
*શબ્દ સૈન સતગુરૂ કી પહચાની પાયા અટલ સુહાગ રે ।*
*નિતાનન્દ મહબૂબ ગુમાની પ્રકટે પૂર્ણ ભાગ રે । ઔર બાત......।*

**શબ્દ**

*તન મન શીશ ઈશ અપને પૈ, પહલમ ચોટ ચઢાવૈ ।*
*જબ કોય રામ ભક્ત ગતિ પાવૈ, હો જી ।। ટેક ।।*
*સતગુરૂ તિલક અજપા માલા, યુક્ત જટા રખાવાવૈ ।*
*જત કોપીન સત કા ચોલા, ભીતર ભેખ બનાવૈ ।।*
*લોક લાજ મર્યાદા જગત કી, તૃણ જ્યોં તોડ બગાવૈ ।*

*કામનિ કનક જહર કર જાનૈ, શહર અગમપુર જાવૈ ॥ 2 ॥*
*જ્યોં પતિ ભ્રતા પતિ સે રાતી, આન પુરૂષ ના ભાવૈ ।*
*બસૈ પીહર મેં પ્રીત પ્રીતમ મેં, ન્યૂં કોએ ધ્યાન લગાવૈ ॥ 3 ॥*
*નિન્દા સ્તુતિ માન બડાઈ, મન સે માર ગિરાવૈ ।*
*અષ્ટ સિદ્ધિ કી અટક ન માનૈ, આગૈ કદમ બઢાવૈ ॥ 4 ॥*
*આશા નદી ઉલ્ટ કર ડાટૈ, આઢા બંધ લગાવૈ ।*
*ભવજલ ખાર સમુન્દ્ર મેં બહુર ના ખોડ મિલાવૈ ॥ 5 ॥*
*ગગન મહલ ગોવિન્દ ગુમાની, પલક માંહિ પહુંચાવૈ ।*
*નિતાનન્દ માટી કા મન્દિર, નૂર તેજ હો જાવૈ ॥ 6 ॥*

***(વાસ્તવમાં આ ઉપર લખેલ શબ્દ કબીરજીનો છે,***
***તેમ છતાં આપણે જ્ઞાન પ્રાપ્ત કરવું છે)***

**સંત નિત્યાનંદજીએ પોતાના જીવનના અંતિમ દિવસો જટૈલા તળાવ પર ભક્તિ કરીનેપસાર કર્યા. જટૈલા તળાવ ભીવાની જિલ્લાના દાદરી તાલુકાના ઘણા બધા ગામોની સીમા પર બનેલું છે. (ગામ-માજરા, બિગોવા, બાસ વિગેરે-વિગેરેની સીમા પર છે) સંત નિત્યાનંદજી શ્રી વિષ્ણુ (શ્રીકૃષ્ણ)જીની ભક્તિ કરતા હતા. તેમના ગુરૂ શ્રી ગુમાનીદાસજી દિલ્હીના સંત શ્રી ચરણદાસ વૈષ્ણવના શિષ્ય હતા. વાચકજન વાંચે સૃષ્ટિ રચના આ જ પુસ્તકના પાના નં. 306 ઉપર. જે વાંચ્યા બાદ આપજીને જ્ઞાન થશે કે સંત નિત્યાનંદજીને કઈ શ્રેણીનો મોક્ષ પ્રાપ્ત થયો છે. સંત ગરીબદાસજીને પરમાત્મા કબીરજી મળ્યા હતા. તેમણે સંત ગરીબદાસજીને બતાવ્યું કે સંત-ભક્ત કોઈ પણ સ્તરની ભક્તિ કરી રહ્યો છે, તે આદરણીય છે. પરંતુ જ્યાં સુધી પરમ સતગુરૂ (પૂર્ણ ગુરૂ) નહીં મળે જે બે અક્ષરનું સાચ્ચું નામ દીક્ષામાં આપે છે, ત્યાં સુધી ન તો તે ગુરૂની મુક્તિ છે અને ન શિષ્યની.**

*ગરીબ, સાધ સબ નેક હૈં, આપ આપની ઠૌર ।*
*જો નિજ ધામ પહુઁચાવહીં, સો સાધુ કોઈ ઔર ॥*
*ગરીબ, સાધ હમારે સગે હૈં, ના કાહૂ કો દોષ ।*
*જો સારનામ બતાવહીં, સો સાધુ સિર પોષ ॥*

**શ્રી વિષ્ણુજીનું સ્વયં જન્મ મરણ રહે (થયા કરે) છે તો ઉપાસકને તે મોક્ષ નથી મળી શકતો જે ગીતા અધ્યાય-15 શ્લોક-4માં કહ્યું છે કે ''તત્વદર્શી સંતથી તત્વ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ - તે પરમપદને યોગ્ય રીતે શોધવો જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા.'' કેવળ તે પરમેશ્વરની**

ભક્તિ કરો જેણે સંસાર રૂપી વૃક્ષની રચના કરી છે. જેના વડે આ સંસાર વિસ્તાર પામ્યો છે.

હિન્દુ સમાજના ગુરૂજન કહે છે કે ગીતાનું જ્ઞાન શ્રીકૃષ્ણજીએ અર્જુનને સંભળાવ્યું. શ્રી કૃષ્ણજી, શ્રી વિષ્ણુજીના અવતાર એટલે કે સવયં વિષ્ણુજી જ માનવામાં આવે છે. શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-4 શ્લોક 5 માં ગીતા બોલવાવાળાએ કહ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઈ ચુક્યા છે, તું નથી જાણતો, હું જાણું છું. (આનાથી સ્પષ્ટ થયું કે શ્રી વિષ્ણુજી નાશવાન છે, જન્મ-મૃત્યુ થયા કરે છે) શ્રી દેવી પુરાણના ત્રીજા સ્કંદમાં સ્વયં વિષ્ણુજીએ કહ્યું કે હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શંકર જન્મીએ છીએ અને મરણ (મૃત્યુ) પામીએ છીએ. અમારો તો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થયા કરે છે. [આનાથી સ્પષ્ટ થયું કે શ્રી વિષ્ણુજી અવિનાશી નથી. ગીતા અધ્યાય-2 શ્લોક 17 તથા અધ્યાય-15 શ્લોક 17માં અવિનાશી પરમાત્મા તો ગીતા જ્ઞાનદાતાથી પણ બીજા (અન્ય) કહ્યા છે. પછી ગીતા અધ્યાય-18 શ્લોક 62માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે ભારત ! સર્વભાવથી તું તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિને તથા સનાતન પરમધાનમને પ્રાપ્ત થઈશ.]

આ પ્રમાણોથી ખૂબ જ સરળ રીતે ખબર પડે છે કે શ્રી નિત્યાનંદજીને ગીતામાં વર્ણિત પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થયો નહોતો. કબીરજીએ કહ્યું છે કેઃ-

*જો જાકિ શરણા બસૈ, તાકો તાકી લાજ ।*
*જલ સૌંહી મછલી ચઢે, બહ જાતે ગજરાજ ।।*

**ભાવાર્થઃ-** જે ભક્ત જે કોઈપણ દેવી-દેવતાની ભક્તિ કરે છે, તે ઈષ્ટ પોતાના ભક્તને રાહત અવશ્ય આપે છે જે સામાન્ય (સાધારણ) વ્યક્તિ માટે અનહોની સમાન હોય છે. ઉદાહરણ રૂપે (દાખલા તરીકે) અગર કોઈ વ્યક્તિએ પોલીસ ઈન્સ્પેક્ટર સાથે મિત્રતા કરી રાખી છે તો તે પોલીસ ઈન્સ્પેક્ટર પોતાના મિત્રને પોલીસ સ્ટેશનમાં આવે ત્યારે તેને ખુરશી પર બેસાડે છે. ચા-નાસ્તો, ભોજન કરાવે છે, જે સાધારણ / સામાન્ય વ્યક્તિ માટે સંભવ નથી અને સામાન્ય વ્યક્તિ માટે આ બાબત કોઈ અનહોનીથી ઓછી નથી. અગર કોઈએ પોલીસ અધિક્ષક (S.P.) સાથે મિત્રાતા કેળવી રાખી છે તો તેને વધુ લાભ થાય છે. આ જ પ્રમાણે ઉપર વધીએ તો રાજયમાં મુખ્યમંત્રીની સાથે ઓળખાણ હોય તો તેને જે લાભ થશે, તે નીચે વાળાઓની સરખામણીમાં અનહોની જ હશે. આ જ પ્રમાણે અગર દેશના પ્રધાનમંત્રી સાથે મેળ થઈ જાય તો થનાર લાભનો કોઈ વાર-પાર નહીં રહે.

લેખક આ કહેવા માંગે છે કે અગર કોઈ દેવી દેવતાઓની ભક્તિ કરે છે તો તેમને લાભ તો મળે છે, પરંતુ પૂર્ણ પરમાત્માની ભક્તિથી તો બધા જ લાભ પ્રાપ્ત થાય છે. અગર કોઈ પ્રધાનમંત્રીનો વ્યક્તિ છે તો તેની સાથે દેશના તમામ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ તથા અન્ય અધિકારી કર્મચારીઓ પણ જોડાઈ જાય છે. બધા તેનો સહયોગ કરે છે. વિરોધનું સ્થાન નથી રહેતું. આ જ પ્રમાણે પૂર્ણ પરમાત્માની ભક્તિ કરવાવાળા ભક્તની સાથે વિશ્વના તમામ દેવી-દેવતાઓ સહયોગ આપે છે / સહકાર આપે છે. તેઓ તેની બને તેટલી મદદ કરે છે, કોઈ અવરોધ કે તકલીફ નથી કરતા. અગર કોઈ ભૂત-પિત્તર, પ્રેત, ભૈરવ, વૈતાળ પૂર્ણ પરમાત્માના ભક્તને કોઈ નુકસાન પહોંચાડવાનો અગર વિચાર પણ કરે તો દેવી-દેવતા જ તેમને દૂર કરી દે છે અને બતાવે છે કે તમને ખબર છે આ (ભક્ત) કોના શરણમાં છે ? પછી તે શૈતાન શક્તિઓ ભયભીત થઈને કોઈ હાનિ-નુકસાન પહોંચાડવાની હિંમત નથી કરતી. અગર ભૂલથી કોઈ ભૂત-પ્રેતે પરમેશ્વરના ભક્ત સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ કરી દીધી તો તેને પરમેશ્વરના ગણ પકડીને લઈ જાય છે અને તેની ધોલાઈ કરીને સલાખોની પાછળ બંધ કરી (કેદમાં નાંખી) દે છે. પરમાત્મા કબીરજીએ કહ્યું છે કેઃ-

*એકૈ સાધૈ સબ સધૈ, સબ સાધૈં સબ જાય ।*
*માલી સીંચૈ મૂલ કો, ફૂલૈ-ફલૈ અધાય ।।*

એટલા માટે પૂર્ણ પરમાત્માની ભક્તિ કરો. વર્તમાનમાં મારા (રામપાલ દાસ) સિવાય વિશ્વમાં કોઈને પણ સત્ય જ્ઞાન નથી. આપ આવો અને દીક્ષા લઈને પોતાનું તથા પરિવારનું કલ્યાણ કરાવો.

## ✪ ''મનીરામ કથાવાચક પંડિતની કરણી''

મનીરામ નામો એક કથાવાચક પંડિત બહુ જ પ્રસિદ્ધ હતો. તેણે હરિયાણાના એક ગામમાં રામાયણની કથાનું આયોજન કર્યું. રામાયણની કથા વધુમાં વધુ અગિયાર **(11)** દિવસમાં સંપૂર્ણ થઈ જાય છે. જે મનીરામ પંડિતજીએ **30** (ત્રીસ) દિવસમાં પૂર્ણ કરી. એમણે એવું વિચારેલું કે કથા લાંબી ચાલશે/વધારે દિવસો ચાલશે તો દરરોજ દાન મળશે. આ પ્રમાણે વધારે દક્ષિણા પ્રાપ્ત થશે. ત્રીસ દિવસની કથામાં મનીરામ પંડિતજીને ત્રીસ રૂપિયા જ પ્રાપ્ત થયા. જે દિવસે મનીરામ દ્વારા આયોજીત કથાનું સમાપન થવાનું હતું તે જ દિવસે અને તે જ સમયે ગામના અમુક વ્યક્તિઓ દિલ્હીથી નાચવા-ગાવાવાળી પ્રસિદ્ધ નર્તકી-નૃત્યાંગના ચંપાકલીને બોલાવી નાચ-ગાનનો કાર્યક્રમ આયોજિત કરી દીધો. આખું ગામ નાચ-ગાન જોવા-સાંભળવા ઉમટી પડ્યું. બે કલાકમાં જ ચંપાકલીને પાંચસો રૂપિયા (**500**) મળ્યા.

જ્યારે મનીરામજીને ત્રીસ દિવસની કથામાં ફક્ત ત્રીસ રૂપિયા જ મળ્યા. પંડિતજીના દુઃખનો કોઈ પાર નહતો. રસ્તામાં છુડાની ગામ હતું. મનીરામજીને ખબર હતી કે અહીંયા ગરીબદાસજી નામના પરમ સંત રહે છે, તેમને મળીને આગળ જઈશ. સંત ગરીબદાસજી પાસે ગામના તથા આજુબાજુના ગામોના દસ-બાર ભકત બેઠા હતા. તે જ સમયે પંડિત મનીરામજી ત્યાં પહોંચી ગયા. સંત ગરીબદાસજીને રામ-રામ કર્યા. સંત ગરીબદાસજીએ પણ રામ-રામ કહ્યું તથા ઉચિત આસન આપીને બેસાડ્યા. કુશળ-મંગળ (કેમ છો?) પૂછ્યું તો મનીરામ બોલ્યા, હે મહારાજ ! કળિયુગનો સમય આવી ગયો છે. ધર્મનો નાશ થઈ ગયો છે. લોકોનો ધર્મના પ્રતિ ભાવ સમાપ્ત થઈ ગયો છે. ધરતી આકાશ ફાટી જાય તો પણ આશ્ચર્યની વાત નથી. ત્યાં ઉપસ્થિત ભક્તોએ પૂછ્યું કે પંડિતજી ! એવું તો શું થઈ ગયું ? મનીરામજી બોલ્યા કે શું બતાઉં ? સંત ગરીબદાસજી તો બધું જાણતા હતા. ભક્તોએ પૂછ્યું કે હે મહારાજજી ! એવી શું વાત થઈ ગઈ કે જેનાથી પંડિતજીને આઘાત લાગ્યો છે ? સંત ગરીબદાસજીએ કહ્યું કેઃ-

*ગરીબ, ફૂટિ આંખ વિવેક કી, અંધા હૈ જગદીશ ।*
*ચમ્પાકલી કો પાંચ સૌ, મનીરામ કો તીસ ।।*

**ભાવાર્થઃ-** જે જગદીશ નામના વ્યક્તિએ “જાણી જોઈને શરારત કરી જે દિવસે મનીરામની કથાનો ભોગ લાગવાનો હતો એટલે કે કથાનું સમાપન થવાનું હતું તે જ દિવસે તે જ સમયે નાચ-ગાન કરવાવાળી નર્તકી ચંપાકલીનો ડાન્સ/નાચના કાર્યક્રમનું આયોજન કરી નાંખ્યું. તે જ્ઞાન નેત્રહીન - એટલે કે આંધળો છે. ગામના વ્યક્તિઓની પણ વિવેક (સોચ-વિચાર) રૂપી આંખો ફૂટી ગઈ છે એટલે કે તેમણે પણ વિચાર ન કર્યો કે ધાર્મિક કથા ચાલી રહી છે. તેનો વિરોધ આવી અભદ્ર (ખરાબ) રીતે કરવો જોઈતો નહોતો. હે ભક્તો ! મનીરામજીએ અગિયાર (11) દિવસમાં સંપૂર્ણ થનારી કથાને વધુ દક્ષિણા પ્રાપ્ત કરવાની લાલચ રાખી 30 (ત્રીસ) દિવસ સુધી ખેંચી. ગામના અમુક શરારતી (તોફાની) વ્યક્તિઓ પણ મનીરામજીના ઉદ્દેશ્યથી વાકેફ હતા. જેના કારણે તેમણે પંડિતજીને સબક શીખવાડવા માટે નર્તકીને બોલાવીને મહાપાપ કર્યું છે. આ સાચી હકીકત સંત ગરીબદાસજીના મોંઢેથી સાંભળીને મનીરામજીના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. તે વિચારી રહ્યો હતો કે આજે 11:30 વાગે સવારે ભોગ લગાવીને હું સીધો જ અહીં આવ્યો છું. સંત ગરીબદાસજીને કઈ રીતે ખબર પડી ? આ તો (ખરેખર) પરમાત્મા છે. બધું જાણે છે. મનીરામ આસનથી ઊભો થયો અને ગરીબદાસજીના ચરણોમાં પડી ગયો અને બોલ્યો, પ્રભુ ! આપે સાચું કહ્યું

છે કે મેં પણ લાલચમાં આવીને કથાને લાંબી ખેંચી હતી. આપ તો જાણીજાન (બધું જાણનારા) છો. હે પ્રભુ ! ધર્મ-કર્મ તથા જીવવાનો સાચો રસ્તો (સાચો માર્ગ) બતાવો. ત્યારે સંત ગરીબદાસજીએ સત્સંગ કરીને તે પુણ્યાત્મા મનીરામજીને બતાવ્યું કે :-

હે મનીરામજી ! તમે પાઠ કરીને લોકો પાસેથી ધન લો છો. તેનું તમારી ઉપર ઋણ બને છે, આને વ્યાજ સાથે પાછું ચૂકવવું પડે છે. તમને યથાર્થ (યોગ્ય) આધ્યાત્મિક જ્ઞાન નથી. તમે કથા-પાઠ તથા સત્સંગ કરવાના અધિકારી પણ નથી. તમે લોકોને આકર્ષિત કરવા માટે ગળામાં કંઠી (એક તુલસીના મણકાને દોરામાં પરોવીને ગળામાં પહેરે છે જે વૈષ્ણવ પંથની ઓળખ છે) પહેરી રાખી છે. એક માળા 108 (એકસો આઠ) રૂદ્રાક્ષના મણકાની પહેરી રાખી છે, જે મંત્ર જાપ માટે હોય છે, જેને સંતજન સુમરની કહે છે. માથા પર તીલક લગાવીને રાખ્યું છે. પીળા વસ્ત્રો ધારણ કરી રાખ્યા છે. સંત ગરીબદાસજીએ વાણી દ્વારા સમજાવ્યું કેઃ-

*કણ્ઠી માલા સુમરણી, પહરે સે ક્યા હોય ।*
*ઉપર ડૂંડા સાધ કા, અન્તર રાખા ખોય ।।*

※ **ભાવાર્થઃ-** હે મનીરામજી ! ઉપરના દેખાવથી તો તમે સાધુ લાગો છો એટલે કે બહારના આડંબરનો તો પૂરેપૂરો ડૂંડા-ઠા (ઠાઠ-બાઠ કરી) રાખ્યો છે. તમારી વેશભૂષા જોઈને તો ભક્ત સમાજ કપાઈને મરી જાય પરંતુ અંદર તો સાધુના કોઈ ગુણ બિલકુલ નથી. લાલચના કારણે અંતઃકરણ મલિન બનાવી રાખ્યું છે. તમારામાં સાધુતા ખોવાઈ ગઈ છે એટલે કે સંત ભાવ નથી. એટલા માટે કંઠી માળા-સુમરણીને ગળામાં નાખવાથી / પહેરવાથી કોઈ સાધુ નથી બની જતો. આત્મકલ્યાણ માટે પૂર્ણ સંત પાસેથી દીક્ષા લઈને આજીવન મર્યાદામાં રહીને ભક્તિ કરવાથી કલ્યાણ થાય છે. તમે પાઠ કરવાના અધિકારી નથી. અધિકારી વગર પાઠ કરવો, તે યજમાનની સાથે દગો છે. તમારા પૂર્વજ ઋષિજન વાસ્તવમાં પંડિત હતા, વિદ્વાન પુરૂષ હતા. તેઓ આવી ભૂલ કરતા ન હતા. સંત ગરીબદાસજીએ ઉદાહરણ આપતા સમજાવ્યું છે કેઃ-

## ✪ ''રાજા પરીક્ષિતનો ઉદ્ધાર''

જે સમયે રાજા પરીક્ષિતને ઋષિના શ્રાપવશ તક્ષક સાપ/નાગ કરડવાનો હતો ત્યારે રાજા પરીક્ષિતજીના ઉદ્ધાર માટે શ્રીમદ્ ભાગવત (સુધા સાગર)ની સાત દિવસની કથા કરવાની હતી. પૃથ્વીના તમામ ઋષિઓ તથા પંડિતોને શ્રીમદ્ ભાગવતની કથા પરીક્ષિતને સંભળાવવાનો આગ્રહ કરવામાં આવ્યો. તે સમયમાં ઋષિ વાસ્તવમાં પંડિત હતા. તે પરમાત્માના વિધાન (કાયદા)ને જાણતા હતા. તેમને એ પણ ખબર હતી કે સાતમા દિવસે પરિણામ

**આવશે. વિશ્વના તમામ બુદ્ધિજીવીઓની દૃષ્ટિ સાતમા દિવસે પરીક્ષિતનું શું થશે, એ વાત પર ટકી હતી. પૃથ્વીના તમામ પંડિતોએ શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવવાની ના પાડી દીધી તથા કહી દીધું કે કથા કરવા માટે અમે અધિકારી નથી (યોગ્યતા ધરાવતા નથી) અમે કોઈના માનવજીવન સાથે ખીલવાડ (મજાક) કરીને પાપ ના ભાગી નહીં બનીએ. જે વેદ વ્યાસજીએ શ્રીમદ્ ભાગવત લખી હતી, તેમણે પણ કથા સંભળાવવાનો ઈન્કાર કરી દીધો. ત્યારે બધા ઋષિઓએ બતાવ્યું કે સ્વર્ગથી ઋષિ સુખદેવજીને આ કાર્ય માટે બોલાવવામાં આવે. તે કથા સંભળાવવાના અધિકારી છે. રાજા પરીક્ષિત માટે સ્વર્ગથી સુખદેવ ઋષિને બોલવવામાં આવ્યા. થોડાક સમય પૂરતું નરક ભોગવીને યુધિષ્ઠિર સ્વર્ગમાં પુણ્ય ફળ ભોગવી રહ્યા છે, તેણે વંશના મોહવશ થઈને અર્જુનના પૌત્ર પરીક્ષિતના ઉદ્ધાર માટે પોતાના અમુક પુણ્યોને સુખદેવ (શુકદેવ) ઋષિને દાન કર્યા. તે દાન કરેલ પુણ્યોની કિંમતના આધારે શ્રી શુકદેવ ઋષિજી વિમાનમાં બેસીને પૃથ્વી પર પરીક્ષિત રાજાને શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવવા આવ્યા. સાત દિવસ કથા સંભળાવીને પરીક્ષિતનો રાજ્ય (રાજ) તથા પરિવાર પ્રત્યેનો મોહ સમાપ્ત કર્યો. તક્ષક સાપ પરીક્ષિતને કથા દરમ્યાન જ કરડ્યો. તે જ સમયે રાજા પરીક્ષિતનું મૃત્યુ થઈ ગયું. પરંતુ કથા સાંભળવાથી પરીક્ષિતનું ધ્યાન સંસારથી હટી જઈને સ્વર્ગના સુખમાં લીન હતું. રાજાના પદ પર રહીને પરીક્ષિતજીએ મોટા મોટા ધર્મ યજ્ઞો કર્યા હતા.જે કારણે તેમના પુણ્યોનો ઢગલો થઈ ગયો હતો. વાણીમાં પરમાત્માનું વિધાન બતાવ્યું છે કે :-**

*કબીર, જહાં આશા તહાં બાસ હોઈ।*
*મન કર્મ વચન સુમરિયો સોઈ॥*

**ગીતા અધ્યાય-8 શ્લોક-6માં પણ આ જ પ્રમાણ છે કે ''હે ભારત ! પરમાત્માનું એ વિધાન છે કે જે અંત સમયમમાં જેમાં ભાવ એટલે કે આસ્થા (શ્રધ્ધા) રાખીને સ્મરણ કરે છે, તે તેને જ પ્રાપ્ત થાય છે.'' આ જ વિધાન અનુસાર રાજા પરીક્ષિતનો જીવ સ્થૂળ શરીર ત્યાગીને (જે સાપના ઝેરથી મરી ગયો હતો) સૂક્ષ્મ શરીર યુક્ત શુકદેવ ઋષિની સાથે વિમાનમાં બેસીને સ્વર્ગમાં ચાલ્યો ગયો.**

**સંત ગરીબદાસજી (ગામ-છુડની, જિલ્લો - ઝજ્જર)એ મનીરામજીને બતાવ્યું કે શુકદેવ ઋષિના દ્વારા સંભળાવેલી કથાથી રાજા પરીક્ષિતનું મન સંસારથી હટી જઈને સ્વર્ગની પ્રાપ્તિ માટે પ્રેરાઈ ગયું હતું. જેના કારણે મૃત્યુ થયા પછી તે જન્મમાં રાજા રહ્યો તે દરમ્યાન કરેલા પુણ્યોના ફળસ્વરૂપે સ્વર્ગમાં ચાલી ગયો. પણ જન્મ-મરણનું ચક્ર તો હજુ બાકી જ છે. કાળ બ્રહ્મના લોકમાં સ્વર્ગ - મહા સ્વર્ગ (બ્રહ્મલોક) ની પ્રાપ્તિને જ ઉદ્ધાર થયો માને છે,**

જે સંપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનના ટોટા (જ્ઞાન ન હોવા)નું પરિણામ છે. કાળ બ્રહ્મના લોકવાળો ઉદ્ધાર પણ પૃથ્વીના કોઈ ઋષિ-પંડિતના સ્તરનો નથી કારણ કે એમનો પાઠ તથા કથા એટલે કે સત્સંગ કરવામાં મુખ્ય હેતુ માન-બડાઈ એટલે કે પોતાની વાહ-વાહ ને પ્રશંસા-ખુશામત મેળવવાનો જ હોય છે. એક બીજા ઋષિ પ્રત્યે પ્રસિદ્ધિની ઇચ્છામાં ઈર્ષ્યાનો રોગ પણ લાગેલો રહે છે. શુકદેવજી એક સંત જનકજીના શિષ્ય હતા. રાજા જનકને પૂર્ણ પરમાત્મા કબીરજી મળ્યા હતા. તેમને સોહં નામ જાપ આપ્યો હતો. રાજા જનકના પ્રમુખ/મુખ્ય તથા પ્રિય શિષ્ય શુકદેવજી હતા. જનકજીએ આ મંત્ર કેવળ શુકદેવને જ આપ્યો હતો. જેના કારણે શુકદેવનો સ્વર્ગમાં રહેવાનો સમય વધુ લાંબો છે. રાજા જનક સાથે કાળે દગો કર્યો હતો. રાજા જનકે નરક ભોગવી રહેલ 12 હજાર કરોડ જીવોને નરકની પીડાઓથી મુક્ત કરાવવા માટે પોતાના અડધા પુણ્યો દાન કરી દીધા હતા. જેના કારણે તેમનો સ્વર્ગમાં રહેવાનો સમય ઓછો થઈ ગયો હતો અને સને 1469માં પંજાબ રાજ્યમાં (ભારત દેશમાં) શ્રી કાલુરામ મહેતા (ખત્રી-અરોડા)ના ઘરે શ્રી નાનક નામથી જન્મ્યા હતા. (જે સ્થળ વર્તમાનમાં પાકિસ્તાન દેશમાં છે) શુકદેવજીને પૃથ્વી પર કોઈના પ્રત્યે કોઈપણ પ્રકારનો દ્વેષ, ઈર્ષા અથવા માન-બડાઈ-લોક ચાહના - પ્રશંસા - વાહવાહી મેળવવાની કોઈ ઇચ્છા નહતી. તેમના દ્વારા સંભળાવવામાં આવેલ કથાનો પ્રભાવ પરીક્ષિતના મન પર પડ્યો. જેના કારણે તેમનો સ્વર્ગવાસ થયો. અગર અન્ય ઋષિએ કથા કરી હોત તો રાજાનું મન રાજમાં તથા પરિવારમાં જ રહી જતું. જેથી તેમનો ફરીથી જન્મ પૃથ્વી પર જ થતો અને રાજા બનીને પોતાના પુણ્યોને નષ્ટ કરી દેતો.

સંત ગરીબદાસજીએ બતાવ્યું કે હે મનીરામ ! જ્યાં સુધી જીવના જન્મ-મરણ સમાપ્ત નથી થતા ત્યાં સુધી તે જીવને પરમ શાંતિ નથી મળતી. પછી તે રાજા બનીને રાજની નુકસાનની-લાભરૂપી આગમાં બળતો રહે છે. નિર્ધન બનીને કષ્ટ (દુઃખ) ઉઠાવે છે.પછી પશુ-પક્ષી વગેરે-વગેરેના શરીરોમાં કષ્ટ (દુઃખ) ઉઠાવે છે. આપશ્રી, વિષ્ણુ ઉર્ફે શ્રી કૃષ્ણજીના ભક્ત છો. (વૈષ્ણવ સાધુ શ્રી વિષ્ણુજીને ઈષ્ટ રૂપમાં માને છે) આપ એમ પણ માનો છો કે શ્રીકૃષ્ણ એટલે કે શ્રી વિષ્ણુજીએ શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન અર્જુનને સંભળાવ્યું. ગીતા જ્ઞાન સંભળાવાવાળા ગીતા અધ્યાય-18 શ્લોક 62માં સ્પષ્ટ કરે છે કે મારા સિવાય બીજા કોઈ પરમ ઈશ્વર છે. હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિને તથા સનાતન પરમધામ (સત્યલોક)ને પ્રાપ્ત થઈશ.

ગીતા અધ્યાય-7 શ્લોક 29માં ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું છે કે "જે સાધક જરા (વૃદ્ધાવસ્થા) તથા મરણ (મૃત્યુ) થી છુટકારો એટલે કે મોક્ષ પ્રાપ્તિ

માટે પ્રયત્નશીલ છે. (કાળ લોકના રાજ્ય તથા સ્વર્ગ - મહા સ્વર્ગ સુધીની ઈચ્છા નથી રાખતા) તે તત્ બ્રહ્મથી સંપૂર્ણ અધ્યાત્મથી તથા સર્વ કર્મોથી વાકેફ છે.

❋ ગીતા અધ્યાય-8 શ્લોક-1માં અર્જુને ગીતા જ્ઞાન આપવાવાળાને પ્રશ્ન કર્યો કે જે તત બ્રહ્મના વિષયમાં અધ્યાય-7ના શ્લોક-29માં કહ્યું છે કે તે તત્ બ્રહ્મ શું છે ? આનો ઉત્તર ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-8ના શ્લોક 3માં આપ્યો છે. બતાવ્યું છે કે તે પરમ અક્ષર બ્રહ્મ છે.

ગીતા અધ્યાય-8 ના જ શ્લોક 5 તથા 7માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની ભક્તિ કરવાનું કહ્યું છે, જેનાથી મારી પ્રાપ્તિ થશે અને ગીતાના અધ્યાય-8ના શ્લોક 8, 9, 10માં તે પોતાનાથી અન્ય (બીજા) પરમ અક્ષર બ્રહ્મની ભક્તિ કરવાનું કહ્યું છે જેના વડે તેની પ્રાપ્તિ થાય છે.

ગીતા અધ્યાય-2 શ્લોક 12, અધ્યાય4 શ્લોક-5, અધ્યાય-10 શ્લોક-2માં ગીતા જ્ઞાન બોલવાવાળાએ બતાવ્યું છે કે હે અર્જુન ! તારા અને મારા  ઘણા જન્મો થઈ ચુક્યા છે. આગળ પણ થતા રહેશે.

ગીતા અધ્યાય-2 શ્લોક 17માં જે અવિનાશી પરમાત્મા કહ્યા છે તથા અધ્યાય-15 શ્લોક 16-17માં ત્રણ પુરૂષ (પ્રભુ) બતાવ્યા છે. શ્લોક-16માં ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષનું વર્ણન છે. બન્ને નાશવાન બતાવ્યા છે (બન્નેને નાશવાન કહ્યા છે.) અધ્યાય-15 શ્લોક 17માં અવિનાશી પરમ અક્ષર બ્રહ્મની જાણકારી આપી છે. તે ઉત્તમ પુરૂષ એટલે કે સર્વશ્રેષ્ઠ પરમાત્મા કહ્યા છે. તે જ ત્રણેય લોકોનું પાલન-પોષણ કરે છે, વાસ્તવમાં (હકીકતમાં) અવિનાશી છે. ગીતા અધ્યાય-15 શ્લોક-4માં ગીતા જ્ઞાન આપવાવાળાએ સ્પષ્ટ કર્યું છે કે તત્વદર્શી સંત મળી ગયા પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા. તે પરમાત્માની જ ભક્તિ કરવી જોઈએ જેનાથી સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તારને પ્રાપ્ત થઈ છે એટલે કે જે પરમાત્માએ વિશ્વની રચના કરી છે. (ગીતાનો ઉલ્લેખ સમાપ્ત)

સંત ગરીબદાસજીએ મનીરામને બતાવ્યું કે પરમ અક્ષર બ્રહ્મ એટલે કે તત્ બ્રહ્મની ભક્તિ મારી (સંત ગરીબદાસજીની) પાસે છે. અગર તમારે પૂર્ણ મોક્ષ કરાવવો છે તો દીક્ષા લઈ લો અને કલ્યાણ કરાવી લો. મનીરામજીને ગીતાના તમામ શ્લોક મોંઢે હતા. તરત જ સમજી ગયા અને દીક્ષા લઈને પાખંડ ત્યાગીને કલ્યાણ કરાવ્યું.

## ✪ ''પંડિતની પરિભાષા (વ્યાખ્યા)''

વિદ્વાન વ્યક્તિ પંડિત કહેવાય છે. મારા પૂજ્ય ગુરૂજી બ્રાભણ જાતિમાં ગામ-મોટા પૈતાવાસ, તાલુકા-ચરખી દાદરી, જિલ્લો-ભિવાની, (હરિયાણા રાજ્ય)માં જન્મ્યા હતા. તે પોતે પોતાને ક્યારેય પંડિત કહેતા નહોતા.

મારા દાદા ગુરૂજી (મારા ગુરૂજીના ગુરૂજી) ગામ છાવલા (દિલ્હીમાં નજફગઢની પાસે)ના જાટ હતા. તે નાની ઉંમરમાં જ સંત ગંગેશ્વરાનંદજીના સત્સંગથી પ્રભાવિત થઈને તેમની સાથે હરદ્વાર જતા રહ્યા હતા. સંત ગંગેશ્વરાનંદજીએ તેમને કાશી વિદ્યાપીઠમાં ભણવા માટે મુક્યા. તે ખૂબ જ બુદ્ધિશાળી હતા (કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા). તેમણે ચાર વિષયોમાં આચાર્યની પદવી પ્રાપ્ત કરી હતી. જેના કારણે જાટ હોવા છતાં પણ પંડિત ચીદાનંદ નામથી જ બધા તેમને બોલાવતા હતા. તેમનો આશ્રમ ગામ-ગોપાલપુર (તાલુકો-ખરખોદા, જિલ્લો-સોનીપત, રાજ્ય હરિયાણા)માં હતો. તેની ઉપર લાગેલ બોર્ડમાં ''પંડિત ચિદાનંદજી (ગરીબદાસી) આશ્રમ, ગોપાલપુર'' એમ લખ્યું છે. તેમનું નામ ચિદાનંદજી હતું. કોઈ બ્રાહ્મણ ભાઈ દુઃખ ના લગાડે, એટલા માટે પંડિતની વ્યાખ્યા બતાવવી જરૂરી હતી, જેથી જણાવી છે.

## ✪ ''સુદામાજી પંડિત હતા''

સુદામાજીનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. તે ખૂબ જ નિર્ધન/ગરીબ હતા. ઘણી વખત તેમના બાળકોએ ભૂખ્યા ઊંઘવું પડતું. સુદામાજીની પત્નીને ખબર હતી કે દ્વારકાના રાજા શ્રી કૃષ્ણજીની સાથે સુદામાજીની (સહપાઠી હતા ત્યારની) સારી મિત્રતા હતી. પત્નીએ ઘણીયેવાર કહ્યું કે તમે તમારા મિત્ર કૃષ્ણ કે જે રાજા છે તેની પાસે જઈને થોડુંક ધન માંગી લાવો. સુદામાજી કહેતા હતા કે પંડિતનું કામ માંગવાનું નથી હોતું. પરમાત્માના વિધાનને સમજીને તે મુજબ જીવન જીવવાનું (વ્યતિત કરવાનું) હોય છે.

ગરીબદાસજીએ પણ કહ્યું છે કેઃ-

*ગરીબ, નટ, પેરણા કાંજર સાંસી, માંગત હૈં ભઠિયારે ।*
*જિનકી ભક્તિ મેં લૌ લાગી, વો મોતી દેત ઉધારે ।।*
*ગરીબ, જો માંગૈ સો ભડૂવા કહિએ, દર-દર ફિરૈ અજ્ઞાની ।*
*જોગી જોગ સમ્પૂર્ણ જાકા, માંગ ના પીવૈ પાની ।।*

પરંતુ પત્નીના વારંવાર આગ્રહ કરવાથી વિપ્ર (બ્રાહ્મણ) સુદામાજી પોતાના મિત્ર શ્રી કૃષ્ણજીની પાસે ગયા. શ્રી કૃષ્ણજીએ તેમનો ખૂબ જ આદર સત્કાર કર્યો. મુઠ્ઠીભર ચોખા (પૌંઆ) સાથે લઈને ગયા હતા જે શ્રી કૃષ્ણજીએ ખૂબ જ પ્રેમથી ખાધા (આરોગ્યા). સુદામાના ચરણ ધોયા અને કુશળ-મંગળ પૂછ્યા તો પંડિત સુદામાજીએ કહ્યું કે હે ભગવાન ! મારે કોઈ વસ્તુની જરૂરિયાત નથી. આપની કૃપાથી ગુજરાન બરાબર ચાલી રહ્યું છે. એક અઠવાડિયું શ્રીકૃષ્ણજીની પાસે રોકાઈને સુદામાજી પોતાના ઘર તરફ નીકળી પડ્યા. એક વાર પણ એવું ના કહ્યું કે મને થોડુંક ધન આપી દો. તેઓ જાણતા

હતા કે:-

*કબીર, બિન માઁગે મોતી મિલેં, માઁગે મિલે ન ભીખ।*
*માઁગન સે મરના ભલા, યહ સતગુરૂ કી સીખ ।।*

શ્રી કૃષ્ણજી રાજા હતા. પોતાના મિત્રની સ્થિતિને સમજીને વિશ્વકર્માજીને આદેશ આપીને એક અઠવાડિયામાં સુદામાજીનો મહેલ બનાવી દીધો તથા ઘણું બધું ધન પણ આપી દીધું. પંડિત સુદામાજી પોતાના ધર્મ-કર્મ પર અડગ રહ્યા. જેના કારણે તેમને લાભ થયો. આને પંડિત કહે છે. જે માંગે તે ભડવો કહેવાય છે, પંડિતની આ વ્યાખ્યા (ઓળખ) છે.

પ્રસંગ ચાલી રહ્યો છે:- દીક્ષા (નામ લીધા) પછી ભક્તની આસ્થા (શ્રદ્ધા) સંસાર તથા પરમાત્મામાં કેવી હોવી જોઈએ ? એ બાબતમાં પવિત્ર કબીર સાગર ગ્રંથના અધ્યાય ''અનુરાગ સાગર''માં પરમેશ્વર કબીરજીએ પોતાની પ્રિય આત્મા ધર્મદાસજીને આ પ્રમાણે બતાવ્યું છે :-

## ✪ અધ્યાય ''અનુરાગ સાગર''નો સારાંશ

**અનુરાગ સાગર પાના નં. 3 થી 5 સુધીનો સારાંશ:-**

**પાન નં. 3 થી:- ધર્મદાસજીએ પરમેશ્વર કબીરજીને પ્રશ્ન કર્યો:-**

**પ્રશ્નઃ-** પ્રભુ ! દીક્ષા પ્રાપ્ત કર્યા પછી પરમેશ્વરમાં કેવી આસ્થા (શ્રદ્ધા) હોવી જોઈએ ?

**ઉત્તરઃ-** પરમેશ્વર કબીરજીએ બતાવ્યું કે જેવી રીતે મૃગ (હરણ) શબ્દ પર આશક્ત થાય છે, એવી રીતે સાધકે પરમાત્માના પ્રતિ લગન લગાવવી જોઈએ.

❋ હરણ (મૃગ) પકડવાવાળો એક યંત્રથી ખાસ શબ્દ (ધ્વનિ-અવાજો) કરે છે જે હરણને ખૂબ પસંદ હોય છે. જ્યારે તે શબ્દ વગાડવામાં આવે છે તો હરણ તે દિશા તરફ ચાલી પડે છે અને શિકારી જે શબ્દ વગાડતો હોય છે, તેની સામે બેસીને મોઢુ જમીન પર રાખીને સમર્પિત થઈ જાય છે. પોતાના જીવનને દાવ પર લગાડી દે છે. આ જ પ્રમાણે ઉપદેશીએ પરમાત્મા પ્રતિ સમર્પિત થવું જોઈએ. પોતાનું જીવન ન્યૌછાવર કરી દેવું જોઈએ.

❋ **બીજું ઉદાહરણ:-** પતંગિયાને પ્રકાશ બહુ જ પ્રિય હોય છે. પોતાની પ્રિય વસ્તુને પ્રાપ્ત કરવા માટે દીપક (દીવો), મીણબત્તી, ગરમ થયેલી પ્રકાશિત ટ્યુબલાઈટ, બલ્બ ઉપર આસક્ત થઈને તેને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી તેની ઉપર પડી જાય છે અને મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. આ જ પ્રમાણે ભક્તએ પરમાત્માની પ્રાપ્તિ માટે મરી-મટવું જોઈએ. સમાજની પરંપરાગત સાધનાને તથા અન્ય (બીજા) શાસ્ત્ર વિરુદ્ધ રીતિ-રિવાજોને ત્યાગીને તથા સત્ય સાધના કરવામાં મુશ્કેલીઓ આવે છે. તેનો સામનો કરવો જોઈએ. પછી

એના માટે ભલેને કોઈપણ કુરબાની (બલિદાન) આપવી પડે. પાછો ના હટે એટલે કે પાછો ના પડે.

✻ **ત્રીજું ઉદાહરણઃ-** જૂના સમયમાં પત્નીથી પહેલા અગર પતિનું મૃત્યુ થઈ જતું હતું તો પત્ની પોતાના પતિથી એટલો બધો પ્રેમ કરતી હતી કે પોતાના મૃત પતિની સાથે તે જ ચિતામાં બળીને મરી જતી હતી. તે સમયે ઘરના તથા કુળના વ્યક્તિ સમજાવતા હતા કે તારા નાના-નાના બાળકો છે. એમનો તમારા વગર કોણ ઉછેર કરશે ? કાકા-મોટા બાપા કોઈના બાળકોનો ઉછેર નથી કરતા. જ્યાં સુધી માતા-પિતા હોય છે, ત્યાં સુધી કુળના વ્યક્તિ પ્રેમની ઔપચારિકતા કરે છે. વાસ્તવમાં પ્રેમ તો પોતાના જે હોય તેમનામાં જ હોય છે. તમે આ નાના-નાના બાળકો તરફ જુઓ. બાળકો પિતાના વિયોગમાં રડી રહ્યા હોય છે. માતાનો પાલવ પકડીને રોકે છે. તે (સતી થનાર) સ્ત્રીને સોનાના આભૂષણો પણ દેખાડવામાં આવે છે. જો આ બધા આભૂષણોનું શું થશે ? કેટલા સુંદર અને કિંમતી છે. તમે તમારા બાળકો સાથે રહો. પરંતુ તે સ્ત્રી પ્રેમવશ થઈને તે જ ચિતામાં જીવતી સળગીને મરી જતી હતી. પીછેહઠ નહોતી કરતી. શરૂઆતમાં તો આ પ્રમાણે સતી થતી હતી, કોઈ એક કે બે જ થતી હતી. બાદમાં આ રીતિ રિવાજે કુળની મર્યાદાનું રૂપ લઈ લીધું હતું. પતિના મૃત્યુ પછી સ્ત્રીને બળજબરીથી તે જ ચિતામાં સળગાવી દેવામાં આવવા લાગતી હતી અને આમ સતી પ્રથાનો જન્મ થયો. બાદમાં સંઘર્ષ પછી આ પ્રથા સમાપ્ત થઈ ગઈ.

આ કથાનો સારાંશ છે કે જેવી રીતે એક પત્ની પોતાના પતિના વૈરાગ્યમાં જીવતી સળગીને મરી જાય છે. મુખથી રામ-રામ કહીને ચિતામાં સળગી જાય છે.

*જગત મેં જીવન દિન - ચાર કા, કોઈ સદા નહીં રહે ।*
*યહ વિચાર પતિ સંગ ચાલિ કોઈ કુછ કહૈ ।।*

✻ **હે ધર્મદાસ ! આ જ પ્રમાણે ભક્તનો પણ વિચાર હોવો જોઈએઃ-**

*ઐસે હી જો સતપુરૂષ લૌ લાવૈ । કુલ પરિવાર સબ બિસરાવૈ ।। 1 ।।*
*નારિ સુત કા મોહ ન આને । જગત રૂ જીવન સ્વપન કર જાને ।। 2 ।।*
*જગ મેં જીવન થોડા ભાઈ । અંત સમય કોઈ નહીં સહાઈ ।। 3 ।।*
*બહુત પ્યારી નારિ જગ માંહી । માત-પિતા જા કે સમ નાહીં ।। 4 ।।*
*તેહી કારણ નર શીશ જો દેહી । અંત સમય સો નહીં સંગ દેહી ।। 5 ।।*
*ચાહે કોઈ જલૈ પતિ કે સંગા । ફિર દોનોં બનૈં કીટ પતંગા ।। 6 ।।*
*ફિર પશુ-પક્ષી જન્મ પાવૈ । બિન સતગુરૂ દુઃખ કૌન મિટાવૈ ।। 7 ।।*
*ઐસી નારિ બહુતેરી ભાઈ । પતિ મરૈ તબ રૂધન મચાઈ ।। 8 ।।*
*કામ પૂર્તિ કી હાનિ વિચારૈ । દિન તેરહ ઐસે પુકારૈ ।। 9 ।।*

*નિજ સ્વાર્થ કો રોદન કરહી । તુરંત હી ખસમ દૂસરો કરહી ॥ 10 ॥*
*સુત પરિજન ધન સ્વપન સ્નેહી । સત્યનામ ગહુ નિજ મતિ ઐહી ॥ 11 ॥*
*સ્વ તન સમ પ્રિય ઔર ન આના । સો ભી સંગ નહીં ચલત નિદાના ॥12॥*
*ઐસા કોઈ ના દિખ ભાઈ । અંત સમય મેં હોય સહાઈ ॥ 13 ॥*
*આદિ અંત કા સખા ભુલાયા । જૂઠે જગ નાતોં મેં ફિરૈ ઉમાહયા ॥ 14 ॥*
*અંત સમયા જમ દૂત ગલા દબાવૈ । તા સમય કહો કૌન છુડાવૈ ॥ 15 ॥*
*સતગુરૂ હૈ એક છુડાવન હારા । નિશ્ચય કર માનહૂ કહા હમારા ॥ 16 ॥*
*કાલ કો જીત હંસ લે જાહી । અવિચલ દેશ જહાં પુરૂષ રહાહી ॥ 17 ॥*
*જહાં જાય સુખ હોય અપારા । બહુર ન આવૈ ઈસ સંસારા ॥ 18 ॥*
*ઐસા દૃઢ મતા કરાહી । જૈસે સૂરા લેત લડાઈ ॥ 19 ॥*
*ટૂક-ટૂક હો મરૈ રણ કે માંહી । પૂઠા કદમ કબહૂ હટાવૈ નાંહી ॥ 20 ॥*
*જૈસે સતી પતિ સંગ જરહી । ઐસા દૃઢ નિશ્ચય જો કરહી ॥ 21 ॥*
*સાહેબ મિલૈ જગ કીર્તિ હોઈ । વિશ્વાસ કર દેખો કોઈ ॥ 22 ॥*
*હમ હૈં રાહ બતાવન હારા । માનૈ બચન ભવ ઉતરૈ પારા ॥ 23 ॥*
*છલ કપટ હમ નહીં કરાહીં । નિસ્વાર્થ પરમાર્થ કરૈં ભાઈ ॥ 24 ॥*
*જીવ એક જો શરણ પુરૂષ કી જાવૈ । પ્રચારક કો ઘના પુણ્ય પાવૈ ॥ 25 ॥*
*કોટિ ધેનુ જો કટત બચાઈ । એતા ધર્મ મિલૈ પ્રચારક તાંહી ॥ 26 ॥*
*લાવૈ ગુરૂ શરણ દીક્ષા દિલાવૈ । આપા ના થાપૈ સબ કુછ ગુરૂ કો બતાવૈ ॥ 27 ॥*
*જો કોઈ પ્રચારક ગુરૂ બનિ બૈઠે । પરમાત્મા રૂઠે કાલ કાન ઐઠે ॥ 28 ॥*
*લાખ અઠાઈસ જૂઠે ગુરૂ રોવૈં । પડે નરક મેં ના સુખ સોવૈં ॥ 29 ॥*
*અબ કહે હૈં ભૂલ ભઈ ભારી । હે સતગુરૂ સુધ લેવો હમારી ॥ 30 ॥*
*બોઐ બબૂલ આમ કહાં ખાઈ । કોટિ જીવન કો નરક પઠાઈ ॥ 31 ॥*
*ઐસી ગલતી ના કરહૂં સુજાના । સત્ય વચન માનો પ્રમાના ॥ 32 ॥*

**ઉપરોક્ત વાણીઓનો ભાવાર્થ છે કે:-**

**જ્યારે બાળક યુવાન થાય છે તો તેનો વિવાહ થઈજાય છે. વિવાહ થયા બાદ માતા-પિતાથી પણ વધુ પ્રેમ પોતાની પત્ની સાથે થઈ જાય છે. પછી બાળકો સાથે મમતા થઈ જાય છે. અગર પતિનું મૃત્યુ થઈ જાય છે તો પત્ની તેની સાથે નથી જતી. થોડાક સમય પછી એટલે કે તેરમાની ક્રિયા પૂરી કર્યા પછી પતિના નાના કે મોટા ભાઈ સાથે સગાઈ - વિવાહ કરી લે છે. પતિને પૂર્ણ રૂપથી ભૂલી જાય છે. અગર કોઈ પતિની સાથે સળગી મરે છે તો થનારા આગલા જન્મમાં પક્ષી કે પશુની યોનિમાં બન્ને ભટકી રહ્યા હશે.**

**જે પત્ની માટે પુરૂષ પોતાની ગરદન કપાવી દે છે. અગર કોઈ, કોઈની પત્નીને ખરાબ નજરથી જુએ છે, રોકવા છતાં પણ નથી માનતો તો**

પતિ પોતાની પત્ની માટે લડી મરે છે. પછી તે જ પત્ની પતિના મૃત્યુ બાદ બીજા (અન્ય) પુરૂષ સાથે મળી જાય છે. આ ભલે જ સમયની માંગ છે, પરંતુ ભક્ત માટે એક ઠોસ (મજબૂત) શિક્ષા (શિક્ષણ/સલાહ) છે.

આ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિની પત્નીનું મૃત્યુ થઈ જાય છે તો તે થોડાક સમય બાદ બીજી પત્ની લઈ આવે છે. પત્ની પોતાના પતિ માટે પોતાનું ઘર, ભાઈ-બહેન, માતા-પિતા ત્યજીને ચાલી આવે છે, પરંતુ પત્નીના મૃત્યુ બાદ સ્વાર્થના કારણે રડે છે પરંતુ જ્યારે અન્ય વ્યક્તિ બીજા વિવાહ માટે કહે છે તો બધું ભૂલીને તૈયાર થઈ જાય છે.

ભાવાર્થ એ છે કે બધા સ્વાર્થના સંબંધો છે. એટલા માટે સત્ય ભક્તિ કરીને તે સત્યલોકમાં ચાલો જ્યાં આગળ જરા (વૃદ્ધાવસ્થા) તથા મરણ (મૃત્યુ) નથી.

આગળ ચેતવણી આપી છે કે હે ભક્ત ! પોતાના શરીર કરતાં બીજું કંઈ પણ માનવીને પ્રિય નથી હોતું. પોતાના શરીરની રક્ષા માટે (બચાવ માટે) લાખો રૂપિયા ઈલાજ **(treatment)** માં ખર્ચી નાંખે છે એમ વિચાર કરીને કે જો જીવન બચી ગયું તો મહેનત-મજૂરી કરીને રૂપિયા તો ફરીથી કમાઈ લઈશ. અગર રૂપિયા નથી હોતા તો સંપત્તિને પણ એમ જ વિચાર કરીને વેચી દે છે અને પોતાના શરીરને બચાવે છે. પરમેશ્વર કબીરજીએ સમજાવ્યું છે કે હે ધર્મદાસ !

*સ્વ તનુ સમ પ્રિય ઔર ન આના । સો ભી સંગ ન ચલત નિદાના ।।*

પોતાના શરીર નાસમાન (જેટલી) અન્ય કોઈ પણ વસ્તુ પ્રિય નથી, તે શરીર પણ તમારી સાથે નહીં જાય. પછી અન્ય (બીજી) કઈ વસ્તુને તું પોતાની માનીને આટલા બધા ફૂલાઈને અને ભગવાનને ભૂલીને ફરી રહ્યા છો. સર્વ સંપત્તિ તથા પરિવાર (ફેમિલી) આ એક સપના જેવો સાથ (સપાર્ટ) છે. કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કે મારી પોતાની સલાહ છે કે પૂર્ણ સંત પાસેથી સત્યનામ (સત્ય સાધનાનો મંત્ર) પ્રાપ્ત કરીને પોતાના જીવનનું કલ્યાણ કરાઓ અને જ્યાં સુધી તમે સ્વપ્ન (સંસાર)માં છો, ત્યાં સુધી સ્વપ્ન જોતા રહીને પૂર્ણ સંતની શરણમાં જઈને સાચું નામ પ્રાપ્ત કરીને પોતાનો મોક્ષ કરાઓ. તમામ (સર્વ) પ્રાણી જીવનરૂપી રેલગાડી **(train)** માં સફર (મુસાફરી) કરી રહ્યા છે. જે ડબ્બામાં **(compartment/bogey)** માં બેઠા છો, તે તમારું નગર છે. જે સીટ પર બેઠા છો, તે તમારો પરિવાર છે. જે-જેની યાત્રા પૂરી થઈ જશે, તે પોત-પોતાના સ્ટેશન પર ઉતરતા જશે. આવી જ દશા (સ્થિતિ) આ સંસારની છે. જેમ કે યાત્રીઓને ખબર હોય છે કે અમે થોડાક જ સમયના સાથીઓ છીએ. સભ્ય વ્યક્તિઓ તે સફરમાં

પ્રેમથી રહે છે. એકબીજાને સહયોગ-સહકાર કરે છે. આ જ પ્રમાણે આપણે પોતાના સ્વપ્નવાળા માનવ જીવનના સમયને પસાર કરવાનો છે. સ્વપ્ન તૂટશે એટલે કે શરીર છૂટશે તો ખબર પડશે કે આ શું હતું ? તે પરિવાર (કુટુંબ) તથા સંપત્તિ ક્યાં છે જેને સંગ્રહ કરવામાં અણમોલ જીવન નષ્ટ કરી દીધું. સંસારની અંદર પરમાત્મા સિવાય એવો કોઈ નથી જે મૃત્યુના ટાઈમમાં જ્યારે યમના દૂતો કંઠ (ગળું) બંધ કરશે, તે સમયે તમારી સહાયતા (મદદ) તે કરી શકે. પરમેશ્વર તેની જ મદદ કરે છે જેણે પૂર્ણ સંત પાસેથી દીક્ષા લઈ રાખી હશે. પરમેશ્વર તે સતગુરૂના રૂપમાં ઉપદેશીની સહાયતા (મદદ) કરે છે. એટલા માટે સતગુરૂની શરણમાં આવ્યા પછી જ્ઞાનવાન સાધક પરમેશ્વરમાં એવી લગન લગાવે જેવી કે 1. મૃગ, 2. પતંગિયુન, 3. સતી, 4. શૂરવીર લગાવે છે. પોતાના ઉદ્દેશ્યથી પીછેહઠ નથી કરતા. શૂરવીર ટુકડે-ટુકડા થઈ જઈને પૃથ્વી પર પડી જવું વધારે સારું માને છે. તેના કદમ ક્યારેય પાછા નથી પડતા. પુરણોમાં તથા શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય-2 શ્લોક 38 માં કહ્યું છે કે અર્જુન ! અગર સૈનિક યુદ્ધમાં માર્યો જાય છે તો સ્વર્ગમાં સુખ પ્રાપ્ત કરે છે. ભક્ત ભક્તિ માર્ગમાં સંઘર્ષ કરતા રહીને ભક્તિ કરીને શરીર ત્યાગી જાય છે તો સતલોક સુખ સાગરમાં સદાય (કાયમ) માટે સુખી થઈ જાય છે. જન્મ-મરણના સંકટ સદાય માટે સમાપ્ત થઈ જાય છે. જેમ કે આપણો જન્મ પૃથ્વી પર થયો. આપણને જ્ઞાન નહતું કે આપણે કોના ઘરે પુત્ર કે પુત્રીના રૂપમાં જન્મ લઈશું. પછી અમને એ પણ ખબર નહતી કે અમારા વિવાહનો સંયોગ કોની સાથે થશે ? એ પણ જ્ઞાન નહતું કે અમારા ઘરે પુત્ર જન્મ લેશે કે પુત્રી ? આ બધું પૂર્વ જન્મના સંસ્કારવશ થતું ચાલતું ગયું. એકબીજામાં કેટલો પ્રેમ તથા પોતાપણું બની ગયું. સદાય સાથે રહેવાની ઈચ્છા રહે છે. કોઈ મરે નહીં, આ કામના કરતા રહીએ છીએ. આ કાળ બ્રહ્મના લોકમાં કોઈ પણ સદાય (કાયમ) માટે નહીં રહે. એક એક કરીને પહેલા આવેલા અને પાછળથી આવેલા બધા મરી જશે- મરતા રહેશે. આખા જીવનમાં જે સંપત્તિ ભેગી કરી હતી, તે અહીં જ રહી જશે. જીવ ખાલી હાથ જશે. પરંતુ જે પૂર્ણ સંત પાસેથી સાચ્ચા નામની દીક્ષા લઈને સાધના કરશે, તે સત્યલોક ચાલ્યો જશે. ત્યાં આગળ આવી જ રીતે જન્મ થશે જેમ કે પૃથ્વી પર થાય છે. તે જ પ્રમાણે પરિવાર વિસ્તાર પામતો જશે. ત્યાં કોઈપણ પ્રકારનું કર્મ નથી કરવું પડતું. સત્યલોકમાં બધા ખાદ્ય પદાર્થો ભરપુર પ્રમાણમાં છે. સદાબહાર ઝાડ (વૃક્ષો) - છોડવાઓ, ફૂલવાડી, મેવા (કાજુ, કીશમીશ, મનુખા દાખ વગેરે) દૂધના સમુદ્ર (ક્ષીર સમુદ્ર) છે. સતલોકમાં વૃદ્ધ અવસ્થા (ઘડપણ) નથી, મૃત્યુ પણ નથી. આને અક્ષય મોક્ષ કહે છે. પૂર્ણ મુક્તિ કહે

છે જે ગીતા અધ્યાય-18 શ્લોક 62 તથા અધ્યાય 15 શ્લોક 4માં કહી છે તથા જે સિદ્ધિ મોક્ષ શક્તિને ''નૈષ્કર્મ્ય'' સિદ્ધિ કહી છે, જેનું વર્ણન ગીતા અધ્યાય-3 શ્લોક 4, અધ્યાય-18 શ્લોક 49 થી 62માં છે. આ કાળ બ્રહ્મ એટલે કે જ્યોતિ નિરંજનના (21) એકવીસ બ્રહ્માંડોના ક્ષેત્રમાં બધા પ્રાણીઓ કર્મ કરીને જ આહાર પ્રાપ્તિ કરે છે. સત્યલોકમાં એવું નથી. ત્યાં કર્મ કર્યા વગર તમામ સુખ પદાર્થ પ્રાપ્ત થાય છે. જેમ કે બગીચામાં ફળોથી ભરપૂર વૃક્ષ તથા વેલા હોય છે. ફળ તોડો અને ખાઓ. તમામ પ્રકારના અનાજ પણ એવી જ રીતે ઊગેલા રહે છે. સદા બહાર (કાયમ માટે ઉપલબધ) છે. જે ઈચ્છા થાય તે બનાઓ અને ખાઓ. ત્યાં આગળ ખાવાનું નથી બનાવવું પડતું. ભોજનાલયમાં રાખો જે ખાવા ઈચ્છો છો, જાતે જ પોતાની રીતે તૈયાર થઈ જાય છે. આ બધું પરમેશ્વરની શક્તિથી થાય છે. તે સતલોક (શાશ્વત સ્થાન) ને પ્રાપ્ત કરવા માટે આપજીએ સતી તથા શૂરમાની જેમ કુરબાન થવું પડશે. ભાવાર્થ એ છે કે પોતાના ઉદ્દેશ્ય એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્તિના લક્ષને પ્રાપ્ત કરવા માટે સંસારના તમામ (બધા જ) લોભ-લાભ ત્યાગવા પડે તો વિચારવાની જરૂરિયાત નથી.તરત જ છોડી દો અને પોતાના સ્મરણ (સુમરણ) ધ્યાનમાં મગ્ન રહો. અગર સતગુરૂનું શરણ ગ્રહણ નથી કર્યું તો જ્યારે અંત સમય આવશે, ત્યારે ભક્તિહીન પ્રાણીના કંઠ (ગળા)ને યમદૂત બંધ કરે છે. તે યમદૂતો પાસેથી / યમદૂતોના ત્રાસથી પરિવારનો કોઈ વ્યક્તિ છોડાવી નથી શકતો. ફક્ત સતગુરૂજી તે આપત્તિના સમયે સહાયતા કરે છે. એટલા માટે પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કેઃ-

*અંત સમય જમ દૂત ગલા દબાવૈં । તા સમય કહો કૌન છુડાવૈ ।।*
*સતગુરૂ એક છુડાવન હારા, નિશ્ચય કર માનહુ કહા હમારા ।।*

અગર કોઈ ભક્ત જ્ઞાન સમજીને દીક્ષા મેળવી અન્ય ભોળા-ભૂલા પડેલા / ભટકી ગયેલા જીવોને જ્ઞાન ચર્ચા કરીને સત્ય જ્ઞાનના પ્રચાર દ્વારા સતગુરૂ શરણમાં લાવીને દીક્ષા અપાવે છે તો તેને એક જીવને સત્ય ભક્તિ માર્ગ બતાવીને ગુરૂથી દીક્ષા અપાવવાનું એટલું પુણ્ય થાય છે જેટલું એક કરોડ ગાયોને કસાઈથી કપાવવાથી બચાવવામાં મળે છે. એક માનવ જન્મ એટલો બહુમૂલ્ય (અણમોલ) તથા કેટલાય પુણ્યોથી પ્રાપ્ત થાય છે. અગર કોઈ મૂર્ખ પ્રચારક ખોટી પ્રશંસા - અભિમાનને વશ થઈને પોતે જ દીક્ષા આપે છે, સ્વયં ગુરૂ બની બેસે છે તો તે મહા અપરાધી હોય છે. તેનાથી પરમેશ્વર નારાજ થઈ જાય છે તથા કાળ તેને કાન પકડીને ઘસેડીને લઈ જાય છે. જેમ કે કસાઈ/ખાટકી બકરા-બકરીને કાપવા લઈ જાય છે. કબીર સાગરના અધ્યાય ''અમ્બુસાગર'' પાના નં. 48 પર પ્રમાણ છે કેઃ-

*તબ દેખા દૂતન કહં જાઈ। ચૌરાસી તહાં કુંડ બનાઈ।।*
*કુંડ-કુંડ બૈઠે યમદૂતા। દેત જીવન કહં કષ્ટ બહુતા।।*
*તહાં જાય હમ ઠાડ (ખડે) રહાવા, દેખત જીવ વિનય બહુત લાવા।।*

**''જૂઠા કડિહાર (નકલી સતગુરૂ)ની દશા''**

*પડૈ માર જીવ કરેં બહુ શોરા। બાંધ-બાંધ કુંડન મેં બોરા।।*
*લાખ અઠાઈસ પડે કડિહારા। બહુત કષ્ટ તહાં કરત પુકારા।।*
*હમ ભૂલે સ્વાર્થ સંગી। અબ હમરે નાહીં અર્ધંગી।।*
*હમ તો જરત હૈં અગ્નિ મંઝારા। અંગ અંગ સબ જરત હમારા।।*
*કૌન પુરૂષ અબ રાખે ભાઈ। કરત ગુહાર ચક્ષુ ઢલ જાઈ।।*

**''જ્ઞાની (કબીરજી) વચન''**

*કરૂણા દેખ દયા દિલ આવા। અરે દૂત ત્રાસ ભાસ દિખાવા।।*

**આ વાણી બનાવટી છે, વાસ્તવિક વાણી નીચે પ્રમાણે છે :**

*દુર્દશા દેખ દયા દિલ આવા। અરે દૂત તુમ જીવન ભ્રમાવા।।*
*જીવ તો અચેત અજ્ઞાના। વાકો કાલ જાલ તુમ બંધાના।।*
*ચૌરાસી દૂતન કહં બાંધા। શબ્દ ડોર ચૌદહ યમ સાંધા।।*
*તબ હમ સબહન કહં મારા। તુમ હો જાલિમ બટપારા।।*
*હમરે ભગતન કો તુમ ભ્રમાવા। પલ પલ સુરતિ જીવન ડિગાવા।।*
*ગહિ ચોટિ દૂત ઘસિયાએ। યમ રૂ દૂત વિનય તબ લાએ।।*

**''દૂત (જે નકલી ગુરૂ બન્યા હતા) વચન''**

*ચુક હમારી છમા કર દીજૈ। મન માને તસ આજ્ઞા કીજૈ।।*
*હમ તો ધની (કાલ) કહયો જસ કીન્હા। સો વચન માન હમ લીન્હા।।*
*અબ નહીં જીવ તુમ્હારા ભ્રમાવૈં। હમ નહીં કબહૂ ગુરૂ કહાવૈં।।*

**''જ્ઞાની (કબીરજી) વચન''**

*સુન જ્ઞાની બહુતે હંસાઈ। દૂતન દુષ્ટ બંધ ન છોડો જાઈ।।*
*પલ ઈક જીવન સુખ દીના। તબ સંસાર ગમન હમ કીન્હા।।*

**ભાવાર્થ:- કબીર પરમેશ્વરજીએ બતાવ્યું કે જે જૂઠા સતગુરૂ બનીને માન-બડાઈ, ખોટી પ્રશંસા, વાહ-વાહને વશ થઈને કાળ પ્રેરણાથી ભોળા જીવોને ભરમાવ્યા કરતા હતા. તેમને પણ દંડ મળે છે. તેમને પણ નરકમાં નાંખીને યાતનાઓ આપવામાં આવે છે. તેમના શિષ્યો પણ તે જ નરકમાં પડે છે. જ્યારે હું તે નરકની પાસે ગયો જેમાં માનબડાઈ, ખોટી પ્રશંસાના ભૂખ્યા નકલી કડિહાર (કાળ દ્વારા પ્રેરિત, સંસારથી કાઢવાળા એટલે કે બનાવટી ગુરૂ - સતગુરુ) બનીને મહિમા બનાવી રહેલા હતા. લાખો જીવોને શિષ્ય બનાવીને નરકમાં પોતાની સાથે લઈ ગયા. પછી પરમેશ્વરના વિધાન**

(કાયાદા/નિયમ) અનુસાર તે પણ અપરાધી હોવાના કારણે નરકમાં પડ્યા હતા. તે નરક ક્ષેત્રમાં કુંડ બનેલા છે. દરેક કુંડમાં જીવ પડ્યા છે તથા યમદૂત તેમને સતાવી રહ્યા છે. તે અઠ્યાવીસ લાખ (28 લાખ) નકલી સતગુરૂઓએ મને જોઈને આજીજી કરી કે અમને બચાવી લો પ્રભુ ! કારણ એ હતું કે જે યમદૂત તેમને નરકમાં માર-ઝૂડ કરી રહ્યા હતા, તે સૌ (બધા) પરમેશ્વર કબીરજીની શકિતની સામે ધ્રુજવા લાગ્યા. આ કારણથી તે નકલી સતગુરૂઓને લાગ્યું કે આ કોઈ પરમ શકિતવાળા દેવ છે. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે તમે બધાએ ભોળા જીવોને ભ્રમિત કર્યા. પોત પોતાને પૂર્ણ સતગુરૂ સિદ્ધ કર્યા. તમને ખબર પણ હતી કે તમારી પાસે નામ દીક્ષાનો કોઈ અધિકાર નથી. તમને પૂર્ણ મોક્ષનું જ્ઞાન નથી. પોતાના સ્વાર્થવશ લાખો મનુષ્યોના અણમોલ જીવનનો નાશ કરી દીધો. તે બધા મનુષ્યો કાળ-જાળમાં ફસાયેલા રહી ગયા. પછી મેં તે દૂતો (કાળના બનાવેલા કડિહારાઓ)ને તથા અન્ય યમદૂતોને માર્યા, ચોટી પકડીને ઘસેડ્યા. પછી નકલી સતગુરૂઓએ કહ્યું કે અમે તો અમારા ધણી એટલે કે માલિક કાળ બ્રહ્મની આજ્ઞાનું પાલન કર્યું છે. હવે આપ જેમ કહેશો તેમ અમે કરીશું. મેં કહ્યું કે હવે તમને છોડવામાં નહીં આવે. જે જીવ તે બનાવટી (નકલી) ગુરૂઓના શિષ્ય બનીને જીવન નષ્ટ કરી ગયા હતા, તે પણ ત્યાં જ તેમની સાથે નરકમાં પડ્યા હતા. જ્યાં સુધી હું (કબીર પરમેશ્વરજી) ત્યાં રહ્યો, તે જીવોને નરકનું કષ્ટ (દુઃખ) બંધ થઈ ગયું હતું. આ પ્રમણે તેમને થોડા સમય માટે સુખ આપીને હું ત્યાંથી ચાલીને સંસારમાં આવ્યો. મારા આવ્યા પછી તે નકલી ગુરૂઓ તથા તેમના ભોંદું (ભોદા જેવા / મૂર્ખ) શિષ્યોને ફરીથી નરકની યાતના (પીડાઓ)નો પ્રારંભ થઈ ગયો. એટલા માટે પૂર્વોક્ત વાણીમાં કહ્યું છે કે અગર કોઈ પ્રચારક સ્વયં (જાતે) ગુરૂ બની બેસશે તો પરમેશ્વર નારાજ થઈ જશે (રૂઠી જશે) અને કાળ ખૂબ કષ્ટ (દુઃખ) આપશે. એટલા માટે હે સજ્જન પુરૂષ ! ક્યારેય આવી ભૂલ ન કરતા. મારા વચનને પ્રમાણિત (સાચું) માનજો.

## ● ‘‘ભક્તનો સ્વભાવ કેવો હોય ?’’

*(અનુરાગ સાગરના પૃષ્ઠ નં. 6 ઉપરની વાણી નં. 7 થી 17)*

**ધર્મદાસ વચન**

*મૃતક ભાવ પ્રભુ કહો બુઝાઈ । જાતે મનકી તપનિ નસાઈ ।।*
*કેહિ વિધિ મૃતક હો યહ જીવન । કહો વિલોય નાથ અમૃતધન ।।*

**કબીર વચન - મૃતકના દૃષ્ટાંત (ઉદાહરણ)**

*ધર્મદાસ યહ કઠિન કહાની । ગુરૂગમ તે કોઈ વિરલે જાની ।।*

## ભૃંગીનું દૃષ્ટાંત (ઉદાહરણ)

*મૃતક હોય કે ખોજહિં સંતા । શબ્દ વિચારિ ગહૈં મગુ અન્તા ।।*
*જૈસે ભૃંગ કીટ કે પાસા । કીટ ગહો ભૃંગ શબ્દ કી આશા ।।*
*શબ્દ ઘાતકર તેહી મહૈં ડારે । ભૃંગી શબ્દ કીટ જો ધારે ।।*
*તબ લૈગૌ ભૃંગી નિજ ગેહા । સ્વાતી દેહ કીન્હો સમદેહા ।।*
*ભૃંગી શબ્દ કીટ જો માના । વરણ ફેર આપન કરજાના ।।*
*બિરલા કીટ જો હોય સુખદાઈ । પ્રથમ અવાજ ગહે ચિતલાઈ ।।*
*કોઈ દૂજે કોઈ તીજે માનૈ । તન મન રહિત શબ્દ હિત જાનૈ ।।*
*ભૃંગી શબ્દ કીટ ના ગહઈ । તૌ પુનિ કીટ આસરે રહઈ ।।*
*એક દિન કીટ ગહેસી ભૃંગ ભાષા । વરણ બદલૈ પૂરવૈ આશા ।।*

## ''મૃતકનાં બીજાં દૃષ્ટાંત''

***(અનુરાગ સાગરના પૃષ્ઠ 7 ઉપરની વાણી નં. 7 થી 20)***

*સુનહુ સંત યહ મૃતક સુભાઉ । બિરલા જીવ પીવ મગ ધાઉ ।।*
*ઔરૈ સુનહુ મૃતક કા ભેવા । મૃતક હોય સતગુરૂ પદ સેવા ।।*
*મૃતક છોહ તજૈ શબ્દ ઉરધારે । છોહ તજૈ તો જીવ ઉબારે ।।*

## પૃથ્વીનું દૃષ્ટાંત

*જસ પૃથ્વી કે ગંજન હોઈ । ચિત અનુમાન ગહે ગુણ સોઈ ।।*
*કોઈ ચન્દન કોઈ વિષ્ટા ડારે । કોઈ કોઈ કૃષિ અનુસારે ।।*
*ગુણ ઔગુણ તિન સમકર જાના । તજ વિરોધ અધિક સુખમાના ।।*

## ઊખનું દૃષ્ટાંત

*ઔરો મૃતક ભાવ સુનિ લેહૂ । નિરખિ પરખિ ગુરૂ મગુપગુ દેહૂ ।।*
*જૈસે ઈખ કિસાન ઉગાવૈ । રતી રતી કર દેહ કટાવે ।।*
*કોલ્હૂ મહં પુનિ તાહી પિરાવૈ । પુનિ કડાહ મેં ખૂબ ઉંટાવે ।।*
*નિજ તનુ દાહે ગુડ તબ હોઈ । બહુરિ તાવ દે ખાંડ વિલોઈ ।।*
*તાહૂ માંહિ તાવ પુનિ દીન્હા । ચીની તબૈ કહાવન લીન્હા ।।*
*ચીની હોય બહુરિત તન જારા । તાતે મિસરી હ્વૈ અનુસારા ।।*
*મિસરીતે જબ કંદ કહાવા । કહે કબીર સબકે મન ભાવા ।।*
*યહી વિધિતે જો શિષ કરહી । ગુરૂ કૃપા સહજે ભવ તરઈ ।।*

**ભાવાર્થઃ- અનુરાગ સાગર પાના નં. 6 ઉપર લખેલ પંક્તિ નં. 7 થી 17 સુધીનો ભાવાર્થ છે કે ધની ધર્મદાસજીએ પરમેશ્વર કબીરજીને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે હે પ્રભુ ! મને મૃતકનો સ્વભાવ સમજાવો, કેવો હોય છે ? કેવી રીતે જીવીત મરવાનું હોય છે. હે અમર પરમાત્મા ! હે સ્વામી! કૃપા બિલોય એટલે કે નિષ્કર્ષ કાઢી તે અમૃત ધન એટલે કે અમર થવાનો માર્ગ બતાવો.**

**‘‘પરમેશ્વર કબીર વચન = મૃતકના દૃષ્ટાંત’’**

પરમેશ્વર કબીરજીએ કહ્યું કે હે ધર્મદાસ ! આ જે પ્રશ્ન તમે કર્યો છે, આ જટિલ કથા પ્રસંગ છે. સતગુરૂ શરણમાં રહીને જ્ઞાનના ઈચ્છુક જ આને સમજીને ખરા ઉતરે છે.

**‘‘ભૃંગીનું દૃષ્ટાંત’’**

સંત-સાધકજન જીવીત મૃતક થઈને પરમાત્માને શોધે છે. શબ્દ વિચાર એટલે કે યથાર્થ (યોગ્ય) નામ મંત્રોને સમજી વિચાર કરીને તે માર્ગના અંતે એટલે કે અંતિમ છેડા સુધી પહોંચે છે એટલે કે પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરે છે.

જેમ કે એક ભૃંગ હોય છે (પાંખવાળો બ્લુ કલરનો કીડો/ભમરો) જેને ભંભીરી (ભમરી) કહે છે. જેને ઈન્જરહારી (કૉડોર) વિગેરે-વિગેરે નામથી ઓળખાય છે. જે ભીં-ભીંનો અવાજ કરતી રહે છે. તે પોતાનો પરિવાર નર-માદાના મિલનવાળી વિધિથી ઉત્પન્ન નથી કરતી. તે એક ખાસ પ્રકારના કીટ (કીડા-ઈયળ)ની પાસે જાય છે. તેની પાસે જઈ પોતાનો ભીં ભીંનો અવાજ કરે છે. જે કીટ (કીડો) તેના અવાજથી પ્રભાવિત થઈ જાય છે. તેને ઉઠાવીને પહેલાથી જ (અગાઉથી જ) તૈયાર કરેલ માટીના ઘરમાં લઈ જાય છે. તે ગોળ આકારનું બે ઈંચ પરિધિનું એક-બે મુખવાળું માટીનું ગારનું બનેલું હોય છે. પછી બીજા-ત્રીજાને લઈ જાય છે. પછી તેમની ઉપર પોતાનો ભીં ભીંનો અવાજ કરતી રહે છે. પછી ઝાંકળના જળને પોતાના મુખમાં લઈને તે કીટોં (કીડાઓ)ના મુખમાં નાંખે છે. તે ભંભીરી (ભમરી) એટલે કે ભૃંગ (ભમરા)નો અવાજ વારંવાર સાંભળીને તે કીટ (કીડો) તેવા જ રંગનો થઈ જાય છે તથા તેની જેમ જ પાંખો નીકળી આવે છે. તે અવાજ પણ તેની જેમ જ ભીં-ભીં કરવા લાગે છે. ભંભીરી (ભમરી) જ બની જાય છે.

આ જ પ્રમાણે પૂર્ણ સંત પોતાના જ્ઞાનને ભંભીરી (ભમરી)ની જેમ વારંવાર બોલીને સામાન્ય વ્યક્તિને પણ ભક્ત બનાવી લે છે. પછી તે ભક્ત પણ સતગુરૂથી સાંભળેલ જ્ઞાનને અન્ય (બીજા) વ્યક્તિઓને સંભળાવવા લાગે છે. સંસારના રીતિ-રિવાજોને ત્યાગી દેવાથી અન્ય વ્યક્તિઓ કહે છે કે આના તો રંગ-ઢંગ જ બદલાઈ ગયા છે. આ તો ભક્ત બની ગયો છે. જેવી રીતે ભૃંગ (ભંભીરી) કીટો (કીડાઓ)ને પોતાનો અવાજ સંભળાવે છે તો કોઈ તાત્કાલિક સક્રિય થઈ જાય છે, કોઈ બીજી, કોઈ ત્રીજી વાર કોશિશ કરવાથી માને છે. આજ પ્રમાણે જ્યારે સતગુરૂ અમુક વ્યક્તિઓને પોતાનું સત્સંગ રહી-રહીને (વારં-વાર) સંભળાવે છે તો કોઈ સારા સંસ્કારવાળો તો તાત્કાલિક જ માની જાય છે. કોઈ એક-બે વાર સત્સંગ સાંભળ્યા બાદ માર્ગ ગ્રહણ કરી લે છે, દીક્ષા લઈ લે છે. અમુક કીટ એવા હોય છે જે કેટલાય દિવસો પછી પોતાનો

સ્વભાવ બદલે છે. અગર તે કીટ (કીડો) ભૃંગી (ભમરો) નથી બન્યો અને તે ભૃંગની શરણમાં કીટ (કીડો) રહી રહ્યો છે, તો અવશ્ય એક દિવસ પરિવર્તન થશે. પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે હે ધર્મદાસ ! અગર શિષ્ય આ જ પ્રમાણે ગુરૂજીના વિચારોને સાંભળતો રહેશે તો તે ભૃંગ કીટની જેમ પ્રભાવિત થઈને સાંસારિક ભાવ બદલીને ભક્ત બનીને હંસ દશાને પ્રાપ્ત થશે.

**પાના નં. 7 ઉપરની પંક્તિ 7 થી 20 સુધીનો ભાવાર્થઃ-**

કબીરજીએ કહ્યું છે કે હે સંતો ! સાંભળો આ મૃતકનો સ્વભાવ. આ પ્રમાણે કોઈ વિરલા જીવ જ અનુસરણ કરે છે. તે પીવ એટલે કે પરમાત્માને પ્રાપ્ત કરવાનો મગ એટલે કે માર્ગ પ્રાપ્ત કરે છે. ઉપરોક્ત એટલે કે ભૃંગ (ભમરા)વાળા ઉદાહરણ સિવાય બીજો મૃતકનો ભાવ સાંભળો જેનાથી મૃતક એટલે કે જીવિત મૃતક થઈને સતગુરૂના પદ (પદ્ધતિ) અનુસાર સાધના કરે છે.

**''પૃથ્વીનું ઉદાહરણ''**

જેમ કે પૃથ્વીમાં સહનશીલતા હોય છે. આ જ પ્રમાણે પૃથ્વીવાળા ગુણને જે ગ્રહણ કરશે તે જીવિત મૃતક છે અને તે જ સફળ થાય છે. પૃથ્વીના ઉપર કોઈ વિષ્ટા (સંડાસ/ટટ્ટી) કરે છે - નાંખે છે, કોઈ ખેતી કરે છે તો ચિર-ફાટ (જમીન ધારદાર હળથી ચીરે છે - ફાડે છે) કરે છે. કોઇ ધરતીનું પૂજન કરે છે. પૃથ્વી ગુણ-અવગુણ નથી જોતી. જેની જેવી ભાવના તે તેવું જ કરે છે. એમ વિચાર કરીને ધરતી વિરોધ ના કરીને સુખી રહે છે.

ભાવાર્થ છે કે જેવી રીતે જમીન સહનશીલ છે, તેવી જ રીતે ભક્તનો સંતનો સ્વભાવ હોવો જોઈએ. ચાહે કોઈ ખોટું કહે છે આ શું કરી રહ્યા છો એટલે કે અપમાન કરે, ચાહે કોઈ સન્માન કરે, પોતાના ઉદ્દેશ્ય પર દૃઢ રહીને ભક્ત સફળતા પ્રાપ્ત કરે છે.

**''ઉખ (ઈખ એટલે શેરડી)નું દૃષ્ટાંત''**

જેવી રીતે ખેડૂત ઈખ-શેરડી વાવે છે. તે સમયે શેરડીના એક એક ફૂટના ટુકડા કરીને ધરતીમાં દાબી દે છે. ઈખને- શેરડી બન્યા બાદ કોલ્હુમાં પીલવામાં આવે છે. પછી રસને કડૈયામાં (લોખંડના મોટા વાસણમાં) અગ્નિની આંચ ઉપર ઉકાળવામાં આવે છે ત્યારે ગાંળ બને છે. અગર શેરડીના રસને વધુ તાપ આપવામાં આવે છે તો તે ખાંડ બની જાય છે, જે ગોળથી પણ સ્વાદિષ્ટ હોય છે. એનાથી પણ વધુ તાપ આપવાથી તે ચીની - મોરસ બની જાય છે અને હજી પણ વધુ તાપ આપવાથી તે મિશ્રી - શાકર - બની જાય છે. પછી મિશ્રીથી કંદ બની જાય છે. પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે હે ધર્મદાસ ! આ પ્રમાણે અગર શિષ્ય ભક્તિ માર્ગમાં તકલીફો સહન કરે છે તો તે પરમાત્માને એટલો જ બહુમૂલ્ય થતો જાય છે.

(८) 132 अनुरागसागर

मृतक ही साधु होता है

मिरतक भाव है कठिन धर्मनि, लहै विरलशूरहो ॥
कादर सुनतेहि तनमन दहै,पाछे न चितवतशूरहो॥
ऐसे शिष्य आप सम्हारे, नाव सही गुरुज्ञानको ॥
लहै भेदी भेद निश्चय, जाय दीप अमानको ॥६॥

सोरठा–मृतक हो सो साधु, सो सतगुरुको पावई॥
मेटे सकल उपाध, तासु देव आसा करें ॥ ६ ॥

साधु किसे कहते हैं

साधूमार्ग कठिन धर्मदासा । रहनी रहे सो साधु सुवासा ॥
पाँचों इन्द्री सम करि राखे । नाम अमीरसनिशिदिन चाखे॥

चक्षुर्वशीकरण

प्रथमहि चक्षु इन्द्री कहँ साधे। गुरु गम पंथ नाम अवराधे ॥
सुन्दर रूप चक्षुकी पूजा । रूप कुरूप न भावे दूजा ॥
रूप कुरूपहि सम करजाने । दरस विदेह सदा सुख माने ॥

श्रवणवशीकरण

इन्द्री श्रवण वचन शुभ चाहै । कटुक वचनसुनत चित दाहै॥
बोल कुबोल दोउ सह लेखै । हृदय शुद्ध गुरुज्ञान विशेखै ॥

नासिकावशीकरण

नासिका इन्द्री वास अधीना । यहि सम राखे संत प्रवीना॥

जिह्वावशीकरण

जिभ्या इन्द्री चाहै स्वादा । खट्टा मीठा मधुर सवादा ॥
सहज भावमें जो कछु आवै । रूखा फीका नहिं बिलगावै ॥
जो कोई पंचामृत लै आवै । ताहि देख नहिं हरष बढ़ावै॥
तजे न रूखा साग अलूना । अधिक प्रेमसों पावैं दूना ॥

अनुरागसागर 133 (९)

शिश्नवशीकरण

इन्द्री दुष्ट महा अपराधी । कुटिलकाम होई बिरलेसाधी॥
कामिनि रूप कालकी खानी । तजहु तासु सँग हो गुरुज्ञानी॥

कामवशीकरण

जबही काम उमंग तन आवै । ताहि समय जो आप जुगावै॥
शब्द विदेह सुरत लै राखे । गहिमन मौन नामरसचाखे ॥
जब निहतत्त्वमें जाय समाई । तबहीं काम रहे मुरझाई ॥

कामदेव लुटेरा है। छन्द

काम परबल अति भयंकर, महा दारुण काल हो॥
सुरदेव मुनिगणयक्षगंधर्व,सबहि कीन्ह बिहाल हो॥
सबहि लूटे विरल छूटे, ज्ञान गुण निज दृढ गहे ॥
गुरुज्ञान दीप समीप सतगुरु,भेदमारग तिन लहे॥७॥

कामलुटेरेसे बचने का उपाय

सोरठा–दीपक ज्ञान प्रकाश,भवन उजेरा करि रहो॥
सतगुरुशब्द विलास,भाज चोर अँजोरा जब॥७॥

अनलपक्षिका दृष्टान्त

गुरु कृपासों साधु कहावे । अनलपच्छह्वे लोक सिधावे॥
धर्मदास यह परखो बानी । अनलपच्छ गम कहौं बखानी॥
अनलपच्छ जो रहे अकाशा । निशि दिन रहै पवनकी आशा॥
दृष्टिभाव तिनरति विधिठानी । यहविधिगरभ रहेतिहिजानी ॥
अंडप्रकाश कीन्ह पुनि तहवां । निराधार आलंबहि जहवां ॥
मारग माहिं पुष्ट भो अंडा । मारग माहिं बिरह नौखण्डा॥
मारग माहिं चक्षु तिन पावा । मारग माहि पंख पर आवा॥
महि ढिग आवा सुधि भइताही। इहां मोर आश्रम नहिं आही॥
सुरति सम्हार चले पुनि तहवां । मात पिताको आश्रम जहवां॥

અનુરાગ સાગરના પાના નં. 8 તથા 9 નો સારાંશ છે કે સાધક તે જ છે જે પોતાની તમામ (બધી) ઈન્દ્રિયોને સંયમમાં રાખે છે. જેવું મળી જાય, તેમાં જ સંતોષ કરી લે. રૂપને જોઈને તેની તરફ આકર્ષિત ના થાય. કુરૂપને જોઈને ધૃણા ના કરે. બન્નેને દિવ્ય જ્ઞાનની નજરોથી જુએ કે ઉપરની ચામડી ગોરી-કાળી છે, શરીરમાં હાડકા-માંસ બધા એક જેવા છે તથા થોડોક-સરખો રોગ થવાથી ઓગળી જાય છે. ટટ્ટી દુર્ગંધ મારવા લાગે છે. આ પ્રમાણે વિવેકથી ભક્તિ કરો. જો કોઈ સન્માન કરે છે, પ્રેમથી બોલે છે તો ખુશી મહેસૂસ ન કરો. અગર કોઈ કુવચન-ખરાબ શબ્દો-ભાષા બોલે છે તો દુઃખ ન માનો. તેમની બુદ્ધિના સ્તરને જાણીને શાંત રહો. અગર કોઈ સ્વાદિષ્ટ ભોજન - ખીર ખાંડ, શીરો-પૂરી ખવડાવે છે તો તેના કારણે તેનાથી પ્રભાવિત ન થાવ. તેને તેના કર્મનું ફળ મળશે. અગર કોઈ રૂખુ-સૂકું ભોજન ખવડાવે તો તેને અધિક ભાવથી - પ્રેમથી ખાવું જોઈએ. કામ-વાસના (sex - સેક્સ)ને મહત્ત્વ ન આપો; તે જ ભક્ત વાસ્તવમાં પરમેશ્વર પ્રાપ્તિ કરી શકે છે. અગર કામ વાસના પરેશાન કરે તો તેને ભક્તિ નામ સ્મરણમાં લગાડીને આનંદ પ્રાપ્ત કરો. તે જ સમયે કામ વાસના કરમાઈ જાય છે. કામવાસનાનો નાશ કરવાનો ઉપાયઃ-

*કબીર પરનારી કો દેખિયે, બહન બેટી કા ભાવ ।*
*કહ કબીર કામ નાશ કા, યહી સહજ ઉપાય ।।*

**મોક્ષ પ્રાપ્તિનો અન્ય ભાવ ''અનલ (અલલ) પક્ષી જેવો ભાવ''**

જેમ કે એક અનલ પક્ષી (અલલ પંખ) આકાશમાં રહેતું હતું. એ પક્ષી હાલમાં લુપ્ત થઈ ચુક્યું છે. એના ચાર પગ હતા. આગળના પગ નાના અને પાછળના મોટા. એનો આકાર બહુ જ મોટો હતો. તેની પાંખો ઘણી લાંબી હતી. યુવાન પક્ષી ચાર હાથીઓને એક સાથે ઉપાડીને આકાશમાં પોતાના પરિવાર પાસે લઈ જતું હતું.

અનલ પક્ષી (અલલ પક્ષી) ઉપર હવા (વાયુ)માં રહેતાં હતાં. ત્યાંથી જ માદા અનલ ઈંડા ઉત્પન્ન કરી દેતી હતી. તે ઈંડા એ સ્થાન પર છોડતી (ઉપરથી નાંખતી) હતી જયાં કેળાના વન હોય. કેળના છોડ (તે સમયે મોટા મોટા ઝાડ જેવા થતા હતા) એકબીજામાં ફસાઈને ગીચ વન બનાવી લેતા. હાથીઓના ઝૂંડ (સમૂહ) એટલે કે સેંકડો હાથી પણ કેળાના વનમાં રહેતા હતા, કારણ કે હાથી કેળાના વૃક્ષ ખાઈને ત્યાં જ તેની ઉપર જ આડો પડી જાય છે. મસ્તી (તોફાન) કરતો રહે છે. અલલ પક્ષીનું ઈંડુ વાયુમંડળથી પસાર થઈને નીચે પૃથ્વી સુધી આવવામાં હવાના ઘર્ષણથી પાકીને બચ્ચું તૈયાર થઈ જતું હતું. તે ઈંડું કેળાના ઝાડો ઉપર પડતું હતું. કેળાના વૃક્ષોની ગીચતાના કારણે તે ઈંડુ ક્ષતિગ્રસ્ત થતું નથી. કેવળ એટલી ગતિથી કેળાના વૃક્ષોને તોડીને પૃથ્વી પર પડતું હતું કે ઈંડું ફૂટી જાય. ઈંડાનો આકાર ખૂબ જ મોટો રહેતો હતો. તેનું કવર (બહારનો ભાગ) પણ સખ્ખત મજબૂત રહેતો હતો. ઈંડામાં રહેલ બચ્ચાના બચાવ માટે ઈંડાના કવર તથા અંદરના ભાગે જયાં બચ્ચું હોય તે બન્નેના વચ્ચેના ભાગમાં ગાદલા જેવો પદાર્થ હોવાથી જે પૃથ્વી ઉપર પડતી વખતે બચ્ચાને ઈજા થતી નહતી. અનલ પક્ષીનું બચ્ચું પૃથ્વી પર અન્ય (બીજા) પક્ષીઓના બચ્ચાંની સાથે રહેતું હતું. તેમની સાથે મળીને ઉડતું હતું, પરંતુ તેની અંતરાત્મા એમ માનતી હતી કે આ મારું ઘર-પરિવાર નથી, મારો પરિવાર તો ઉપર છે. મારે ઉપર પોતાના પરિવાર પાસે જવાનું છે. આ મારો સંસાર નથી. તે જયારે યુવાન થઈ જાય છે તો હાથીઓના ઝૂંડ પર ઝાપટો મારતું હતું. ચાર હાથીઓને ચારેય પંજાથી ઉઠાવતું હતું તથા એક હાથીને ચાંચથી પકડીને ઊડી જતું હતું. પોતાના પરિવાર પાસે ચાલ્યું જતું હતું. સાથે તેમના માટે આહાર (ખોરાક) પણ લઈ જતું હતું.

કબીર પરમેશ્વરજીએ સટીક (પાકકું) ઉદાહરણ આપીને ભકતનું માર્ગદર્શન કર્યું છે કે તમે આ સંસારના સ્થાયી (કાયમી) વાસી નથી. તમારે આને છોડીને જવાનું છે. તમારો પરિવાર ઉપર સતલોકમાં છે. તમે આ પૃથ્વી ઉપર પટકાયા છો. તત્વજ્ઞાન પ્રાપ્ત ભકતના મનની દશા તે અનલ

(અલલ) પક્ષીના બચ્ચા જેવી હોવી જોઈએ. જ્યાં સુધી સતલોક જવાનો સમય નથી આવતો ત્યાં સુધી સાંસારિક વ્યક્તિઓ સાથે મળીને શિષ્ટાચારથી રહો. અહીંથી જતી વખતે એમનામાં કોઈ આસક્તિ (મોહ) રહેવો જોઈએ નહિ. પોતાની નામ સ્મરણ (સુમરણ)ની કમાણી તથા પુણ્ય ધર્મની કમાણી સાથે લઈને ઉડી જવાનું છે. પોતાના પરિવારની પાસે પોતાના નિજ ઘર સતલોકમાં જવાનું છે.

**અનુરાગ સાગરના પાના નંબર 152 નો સારઃ-**

આ પાના ઉપર પરમેશ્વરે શરીરની અંદરના ગુપ્ત ભેદ બતાવ્યા છે. આ માનવ શરીરમાં **72** નાડીઓ (નસો) છે. તેમાં ત્રણ (ઈડા, પિંગલા, સુષ્મણા) મુખ્ય છે. પછી એક વિશેષ (ખાસ) નાડી છે ''બ્રહ્મ રંદ્ર''

પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કે હે ધર્મદાસ ! મન જ જ્યોતિ નિરંજન છે. એણે જીવને એવી રીતે નચાવી રાખ્યો છે જેમ કે મદારી મર્કટ (વાંદરા)ને નચાવે છે. આ શરીરમાં **5** તત્વ, **25** પ્રકૃતિ તથા ત્રણ ગુણ કાળના ત્રણ એજન્ટ છે. જીવને ધોખામાં એટલે કે દગાથી ફસાવીને રાખે છે. આ શરીરમાં કાળ નિરંજન તથા જીવ બન્નેની મુખ્ય ભૂમિકા છે. કાળ નિરંજન મન રૂપમાં બધા પાપ કરાવે છે. પાપ જીવના માથે મૂકી દે છે.

**અનુરાગ સાગરના પાના નં. 153 નો સારઃ-**

કાળે એવો દગો ષડયંત્ર કરી રાખ્યું છે કે જીવ પરમેશ્વરને ભૂલી ગયો છે.

## ● ''મન કઈ રીતે પાપ-પુણ્ય કરાવે છે''

મન જ કાળ-કરાલ છે. એ જીવને નચાવે છે. સુંદર સ્ત્રીને જોઈને તેની સાથે ભોગ-વિલાસ કરવાની ઉમંગ મનમાં ઉઠાવે (જગાડે) છે. સ્ત્રી ભોગવીને આનંદ મન (કાળ નિરંજન) એ લીધો, પાપ જીવના માથે રાખી દીધું.

[હાલમાં સરકારે સખ્ત કાયદો બનાવી રાખ્યો છે. અગર કોઈ પુરૂષ કોઈ સ્ત્રી પર બળાત્કાર કરે છે તો તેને દસ વર્ષની સજા થાય છે. અગર સગીર વયની છોકરીથી બળાત્કાર ગુજારે તો જન્મટીપ (આજીવન કારાવાસ) ની સજા થાય છે. મનની પ્રેરણાથી આનંદ બે મિનિટનો તથા દુઃખ પહાડ જેટલું. એટલા માટે પહેલાથી જ મનને જ્ઞાનની લગામ દ્વારા રોકવું હિતકારી છે.]

**અનુરાગ સાગરના પાના નં. 154નો સારઃ-**

પારકા ધનને જોઈને મન તે હડપવાની પ્રેરણા કરે છે. ચોરી કરાવીને જીવને દંડ અપાવે છે. પારકાની નિંદા, પારકાનું ધન હડપવું એ પાપ છે. કાળ

આવી જ રીતે જીવને કર્મોના બંધનમાં ફસાવીને રાખે છે. સંતથી વિરોધ તથા ગુરૂદ્રોહ એ મન રૂપથી કાળ જ કરાવે છે જે ઘોર અપરાધ છે.

**''નિરંજન ચરિત્ર = કાળની જાળ''**

પરમેશ્વર કબીરજીએ બતાવ્યું કે ધર્મદાસ ! હું તને ધર્મ (ધર્મરાય = કાળ)ની જાળ સમજાવું છું. કાળ નિરંજને શ્રી કૃષ્ણમાં પ્રવેશ કરીને ગીતાનું જ્ઞાન આપ્યું. તેણે કર્મયોગ ઉત્તમ છે એમ કહીને યુદ્ધ કરાવ્યું. જ્ઞાન યોગથી તેને ભ્રમિત કર્યો. અર્જુન તો પહેલાંથી જ નેક (ઉત્તમ) ભાષા બોલી રહ્યો હતો જે જ્ઞાન હતું. કહી રહ્યો હતો કે યુદ્ધ કરીને પોતાના જ કુળના ભત્રીજા, ભાઈ, સાળા, સસરા, કાકા - મોટા બાપા વિગેરેને મારવા કરતાં તો સારું છે કે હું ભીખ માંગીને જીવનનો ગુજારો કરી લઈશ. મારે આવા રાજ્યની જરૂરિયાત નથી, જે પાપથી પ્રાપ્ત થાય. તેને ડરાવી-ધમકાવીને યુદ્ધ કરાવડાવીને નરક ભોગવવા મજબૂર કર્યો (નરકનો ભાગી બનાવી દીધો) જ્ઞાન યોગનું બહાનું કરીને કર્મયોગ પર ભાર મૂકીને મહાપાપ કરાવી દીધું.

**અનુરાગ સાગરના પાના નં. 155નો સારઃ-**

ધર્મદાસજીએ પ્રશ્ન કર્યો કે હે પ્રભુ ! આપે કાળ-જાળની જાણકારી આપી સમજણ પાડી, હવે એ બતાવવાની કૃપા કરો કે જીવે આપની પ્રાપ્તિ કરવા માટે શું કરવું જોઈએ ?

**''સતગુરૂ (કબીરજી) વચન''**

## ● ''ભક્તના 16 ગુણ (આભૂષણ)''

પરમેશ્વર કબીરજીએ કહ્યું કે હે ધર્મદાસ ! ભવસાગર એટલે કે કાળ લોકથી બહાર નીકળવા માટે ભક્તિની શક્તિની જરૂરિયાત છે. પરમાત્મા પ્રાપ્તિ માટે જીવમાં 16 (સોળ) લક્ષણો અનિવાર્ય (ફરજિયાત) છે. આ બધાને આત્માના સોળ શ્રૃંગાર (આભૂષણ) કહેવામાં આવે છે.

**1.** જ્ઞાન, **2.** વિવેક, **3.** સત્ય, **4.** સંતોષ, **5.** પ્રેમભાવ, **6.** ધીરજ, **7.** નિરઘોષા (ફરેબ-દગા રહિત), **8.** દયા, **9.** ક્ષમા, **10.** શીલ, **11.** નિષ્કર્મા, **12.** ત્યાગ, **13.** વૈરાગ્ય, **14.** શાંતિ નિજ ધર્મા, **15.** ભક્તિ કરી નિજ (પોતાના) જીવને પાર કરાવે (બચાવે), **16.** બધાને હૃદયથી મિત્રની જેમ જ મનથી માને.

**ભાવાર્થઃ-** પરમાત્મા પ્રાપ્તિ માટે ભકતમાં અમુક વિશેષ (ખાસ) લક્ષણ હોવા જોઈએ. આ 16 આભૂષણો ભકત માટે ખૂબ જ અનિવાર્ય છે. (ભક્તમાં ફરજિયાત હોવા જ જોઈએ.)

1. તત્વજ્ઞાન. 2. વિવેક 3. સત્ય ભાષણ (સત્ય વાણી બોલવી) 4. પરમાત્મા જે આપે તેમાં રાજી રહે, સંતોષ કરે અને તેને પરમેશ્વરની ઈચ્છા માને. 5. પ્રેમભાવથી ભક્તિ કરે તથા અન્ય સાથે પણ મૃદુ ભાષામાં વાત કરે. 6. ધૈર્ય (ધીરજ) રાખે, સતગુરૂ એ જે જ્ઞાન આપ્યું છે, તેની સફળતા માટે ધ્યાન/ઉત્સાહ તથા હિંમત રાખે - ફળની ઉતાવળ ના કરે. 7. કોઈની સાથે દગો કે ફરેબ - ચીટિંગ ન કરે. 8. દયા ભાવ રાખે 9. ભક્ત તથા સંતનું આભૂષણ ક્ષમા પણ છે. શત્રુને પણ માફ કરી દેવો જોઈએ. 10. શીલ સ્વભાવ હોવો જોઈએ. 11. ભક્તિને નિષ્કામ ભાવથી કરે. સાંસારિક લાભ પ્રાપ્તિના ઉદ્દેશ્ય (આશય/હેતુ)થી ન કરે. 12. ત્યાગની ભાવના ખૂબ જ જરૂરી (ફરજિયાત) છે, 13. વૈરાગ્ય હોવો જોઈએ. સંસારને અસાર (સાર વગરનો) તથા પોતાના જીવનને અસ્થાયી જાણીને પરમાત્મા પ્રત્યે વિશેષ (ખાસ) લગાવ (પ્રેમ સંબંધ) હોવો મોક્ષ માટે ખૂબ જ જરૂરી છે. 14. ભક્તનો વિશેષ ગુણ શાંતિ હોય છે, આ પણ અનિવાર્ય (ફરજિયાત) છે. 15. ભક્તિ કરવી એટલે કે ભક્તિ કરીને પોતાના જીવનું કલ્યાણ કરાવવું. 16. દરેક વ્યક્તિની સાથે મિત્રની જેમ વ્યવહાર કરવો જોઈએ.

આ તમામ ઉપરોક્ત ગુણો હોય તેના પછી જ સત્યલોક જવાશે. આ ગુણોની સાથે ખાસ ગુરૂની સેવા, ગુરૂ પદ્ધતિમાં વિશ્વાસ રાખે. પરમાત્માની ભક્તિ અને સંત સમાગમ કરવો અનિવાર્ય (ફરજિયાત) છે.

**અનુરાગ સાગરના પાના નં. 156 તથા 157 નો સારઃ-**

આ પાનાઓ ઉપર એ જ જ્ઞાન છે એ જ વિષય-વિકાર ત્યાગવા (છોડી દેવા) જોઈએ, ત્યારે ભક્તિ સફળ થશે.

**અનુરાગ સાગરના પાના નં. 158 તથા 159 નો સારઃ-**

પરમેશ્વરે બતાવ્યું છે કે ઉપદેશીએ જરૂરથી ધ્યાન રાખવું જોઈએ કે 15મા દિવસે કોઈ ધાર્મિક અનુષ્ઠાન એટલે કે પાઠ કરાવવો જોઈએ. અગર 15 દિવસમાં ના કરાવી શકે તો મહિનામાં એક વાર તો અવશ્ય કરાવે. નિર્ધન માટે કહ્યું છે કે અગર કોઈ રંક હોય તો વરસમાં બે વાર જરૂર કરાવે અથવા વર્ષમાં એક વાર તો જરૂર કરાવે. અગર વર્ષની અંદર એકેય વાર નહીં કરાવે તો તે ભક્ત સાકટ (ભક્તિભાવ વગરનો) કહેવાશે. એક વર્ષમાં પણ પાઠ કરાવે તો તે તેના જીવને મોક્ષમાં દગો નથી (નહીં થાય).

કબીર નામ શ્રદ્ધાથી જપે એટલે કે ગર્વની સાથે કબીરજીનું નામ લે (રટે). શરમ કરે નહિ કે આ પણ કોઈ પરમાત્માનું નામ છે. આવું કહેવાવાળાઓથી ડરે નહીં, શરમાય નહીં અને આની સાથે-સાથે તારું (ધર્મદાસ) નામ પણ આદરથી બોલ.

**ભાવાર્થ છે કે આદરણીય ધર્મદાસની સાથે પરમાત્મા રહ્યા, તેમને સત્યલોક લઈને ગયા, પોતાનો યથાર્થ (યોગ્ય) પરિચય આપ્યો. ધર્મદાસજીએ પોતાની આંખે જોયેલું, રૂબરૂ કાનોથી પરમેશ્વરથી સાંભળેલું આધ્યાત્મિક જ્ઞાન કબીર સાગર, કબીરવાણી, કબીર બીજક, કબીર શબ્દાવલીને લખીને માનવ સમાજ પર મહાન ઉપકાર કર્યો છે. એટલા માટે ધર્મદાસ સાહેબજીની મહિમા પણ કરવી જોઈએ.**

ભક્ત માટે જરૂરી છે કે ભક્તિ-સાધના તથા મર્યાદાનું પાલન અંતિમ શ્વાંસ સુધી કરે. જેમ કે શૂરવીર યુદ્ધના મેદાનમાં મારે છે અથવા તો સ્વયં વીર ગતિને પ્રાપ્ત થઈ જાય છે. તે પીછેહઠ નથી કરતો. સંત તથા ભક્તનું રણક્ષેત્ર ભક્તિ મંત્ર જાપ તથા મર્યાદા છે. જે શિષ્ય ગુરૂથી વિમુખ થઈ જાય છે. નામ ખંડિત કરી દે છે તો સ્વાભાવિક જ તે ગુરૂમાં કોઈ દોષ કાઢશે. જેના કારણે નરકમાં અગ્નિકુંડમાં પડશે. અગર ગુરૂ વિમુખ થઈને ભક્તિ છોડી દે છે તો તેને પણ ખૂબ નુકસાન થાય છે.

**ઉદાહરણઃ-** જેમ કે ઈન્વર્ટરને ચાર્જિંગમાં લગાવી રાખ્યું છે, તે ચાર્જ થઈ રહ્યું છે. અગર વચ્ચે ચાર્જર કાઢી લેવામાં આવે તો તે ઈન્વર્ટર જેટલું ચાર્જ થઈ ગયું હતું, એટલો સમય લાભ આપશે. પછી અચાનક તમામ સુવિધાઓ બંધ થઈ જશે. આ જ પ્રમાણે તે શિષ્યની દશા (સ્થિતિ) જાણો. ગુરૂ શરણમાં રહીને મર્યાદામાં રહેતા રહીને જેટલા દિવસ ભક્તિ કરી તે શક્તિ આત્મામાં ભેગી થઈ ગઈ, એટલો આત્મા ચાર્જ થઈ ગયો. જે દિવસે ગુરૂજીથી વિમુખ થઈ ગયા, તે જ દિવસથી ભક્તિની શક્તિ આવતી બંધ થઈ જાય છે. અગર ગુરૂ વિમુખ (ગુરૂથી વિરોધ કરીને ગુરૂને ત્યાગી દેવા) થઈને પણ તે જ ગુરૂ દ્વારા બતાવવામાં આવેલ સાધના મંત્ર વિગેરે કરે છે તો કોઈ લાભ નથી થતો. જેમ કે વીજળીનું કનેકશન (જોડાણ) કપાઈ ગયા પછી પંખા, મોટર, બલ્બ કે લાઈટની સ્વીચ (ચાંપ) ગમે તેટલી વાર દબાવતા રહો. ન પંખા ચાલશે, ન બલ્બ કે લાઈટ ચાલશે - કંઈપણ ચાલશે નહીં. આ જ દશા ગુરૂ વિમુખ સાધકની થશે. પછી નરકનો ભોગી થશે. કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કે :

*કબીર, માનુષ જન્મ પાકર ખોવૈ, સતગુરૂ વિમુખા યુગ-યુગ રોવૈ ।।*
*કબીર, ગુરૂ વિમુખ જીવ કતહુ ન બચૈ । અગ્નિ કુંડ મેં જર-બર નાચૈ ।।*
*કોટિ જન્મ વિષધર કો પાવૈ । વિષ જ્વાલા સહી જન્મ ગમાવૈ ।।*
*બિષ્ટા (ટટ્ટી) માંહી ક્રમિ જન્મ ધરઈ । કોટિ જન્મ નરક હી પરહી ।।*

**ભાવાર્થ:-** ગુરૂને ત્યાગી દેવાવાળા જીવ બિલકુલ નહીં બચે. નરક સ્થાન પર અગ્નિ કુંડોમાં જળી-બળી (ઉકળી-ઉકળી)ને કષ્ટ (દુઃખ) ભોગવશે, ત્યાં અગ્નિના કષ્ટ (દુઃખ)થી નાચશે એટલે કે ઉછળી-ઉછળીનેઅગ્નિમાં પડશે.

પછી કરોડો જન્મ વિષધર (સાપ)ની યોનિ (શરીર) પ્રાપ્ત કરશે. સાપને પોતાની અંદર રહેલ ઝેરની ગરમી ખૂબ જ હેરાન કરે છે. ઉનાળાની ઋતુમાં તે ઝેરની ગરમીથી બચવા માટે ઠંડક પ્રાપ્ત કરવા માટે ચંદનના વૃક્ષની ઉપર લપટાયેલા રહે છે. પછી તે જ ગુરૂ વિમુખ એટલે કે ગુરૂદ્રોહી વિષ્ટા (ટટ્ટી-ગુહ) માં કીડાનો જન્મ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ગુરૂથી દૂર ગયેલ પ્રાણી મહાકષ્ટ (મહાદુઃખ) ઉઠાવે (વેઠે) છે. અગર ગુરૂ નકલી છે તો તેને ત્યાગીને પૂર્ણ ગુરૂના શરણમાં ચાલ્યા જવાથી કોઈ પાપ નથી લાગતું.

*કબીર ગુરૂ દયાલ તો પુરૂષ દયાલ । જેહિ ગુરૂ વ્રત છુએ નહીં કાલ ।।*

**ભાવાર્થ:-** હે ધર્મદાસ ! અગર ગુરૂ શિષ્યના પ્રતિ દયાલ છે એટલે કે ગુરૂના દિલમાં શિષ્યની સારી છબી છે, મર્યાદામાં રહે છે તો પરમાત્મા પણ તે ભક્તની ઉપર પ્રસન્ન છે. અન્યથા (નહીં તો) ઉપરોક્ત કષ્ટ શિષ્ય એ ભોગવવા પડશે.

**પાના નં. 160 નો સાર:-**

આ પાના પર થોડીક ગુરૂ મહિમા છે તથા કોયલની ચાણક્ય નીતિનું જ્ઞાન છે.

## ● ‘‘કાળનો જીવ સતગુરૂનું જ્ઞાન નથી માનતો’’

**‘‘કોયલ-કાગડાનું ઉદાહરણ:-** કોયલ પક્ષી ક્યારેય પોતાનો અલગ માળો બનાવી ને તેમાં ઈંડા-બચ્ચા પેદા નથી કરતી. કારણ એ છે કે કોયલના ઈંડાને કાગડો **(crow)** ખાઈ જાય છે. એટલા માટે કોયલને એવી નીતિ યાદ આવી ગઈ કે જેનાથી તેના ઈંડાંને નુકસાન ન થઈ શકે. કોયલ જ્યારે ઈંડા મૂકે છે ત્યારે એ બાબતનું ખાસ ધ્યાન રાખે છે કે કઈ જગ્યાએ કાગડી **(female crow)** એ પોતાના માળામાં ઈંડા ઉત્પન્ન કરી રાખ્યા છે. જે સમયે કાગડી ભોજનની શોધમાં પોતાના માળાથી દૂર ચાલી જાય છે તો પાછળથી કોયલ આવીને તે કાગડીના માળામાં ઈંડા પેદા કરી દે છે અને થોડાક દૂરના અંતરે વૃક્ષ પર બેસી જાય છે અથવા આજુબાજુ રહે છે. જ્યારે કાગડી ભોજન કરીને માળામાં આવે છે તો તે બે ઈંડાની જગ્યાએ ચાર ઈંડા જુવે છે. તે નથી ઓળખી શકતી કે પોતાના ઈંડા કયા છે, બીજાના કયા છે ? એટલા માટે તે ચારેય ઈંડાનું પોષણ (ઈંડાને સેવી) કરીને ઈંડામાંથી બચ્ચા

કાઢી દે છે. કોયલ પણ આજુ-બાજુમાં રહે છે. હવે કોયલ પણ પોતાના બચ્ચાંને ઓળખી નથી શકતી કારણ કે બધા બચ્ચાનો રંગ એક જેવો (કાળો) હોય છે. જે સમયે બચ્ચાં ઉડવા લાગે છે, ત્યારે કોયલ નજીકના બીજા વૃક્ષ પર બેસીને કુહુ-કુહુનો અવાજ કરે છે (પોકારે છે). કોયલની બોલી કોયલના બચ્ચાંને પ્રભાવિત કરે છે, જ્યારે કાગડાવાળા બચ્ચાં પર કોઈ પ્રભાવ થતો નથી અને તે મસ્ત રહે છે. કોયલનો અવાજ સાંભળીને કોયલનાં બચ્ચાં ઉડીને કોયલની તરફ ચાલી પડે છે. કોયલ કુહુ-કુહૂ કરતી રહીને દૂર નીકળી જાય છે, સાથે જ કોયલનાં બચ્ચાં પણ અવાજથી પ્રભાવિત થયેલાં કોયલની પાછળ-પાછળ દૂર ચાલ્યાં જાય છે. કાગડી વિચાર કરે છે કે આ તો ગયાં તો ભલે ગયાં, પણ જે બાકીના માળામાં છે તેમને સંભાળી લઉં નહિ તો ક્યાંક કોઈ પક્ષી હાનિ (નુકસાન) ના પહોંચાડી દે. આમ વિચાર કરીને કાગડી પાછી તેના માળામાં આવી જાય છે. આ પ્રમાણે કોયલનાં બચ્ચાં પોતાના કુળ પરિવાર સાથે મળી જાય છે.

પરમેશ્વર કબીરજીએ ધર્મદાસને સમજાવ્યું છે કે હે ધર્મદાસ ! તારો પુત્ર નારાયણ દાસ કાગ (કાગડા)નો એટલે કે 'કાળ'નું બચ્ચું (બાળક) છે. તેની ઉપર મારા પ્રવચનોનો પ્રભાવ નથી પડ્યો. તમે દયાલ (કરૂણામય સતપુરૂષ)ના અંશ છો. તમારી ઉપર મારી દરેક વાણીનો પ્રભાવ થયો અને તમે ખેંચાઈને ચાલી આવ્યા. કાળના અંશ નારાયણ દાસ પર કોઈ અસર નથી થઈ. આ જ વાર્તા દરેક પરિવારમાં ઘટિત થાય છે. જે અંકુરી હંસ એટલે કે પૂર્વ જન્મના ભક્તિ સંસ્કારી જે કોઈ જન્મમાં સતગુરૂ કબીરજીના સત્ય કબીર પંથમાં દીક્ષિત થયા હતા, પરંતુ મુક્ત ના થઈ શક્યા. તે કોઈ પરિવારમાં જન્મ્યા છે. સતગુરૂ કબીરજીની વાણી સાંભળતાં જ તડપી ઊઠે છે. આકર્ષિત થઈને દીક્ષા પ્રાપ્ત કરીને શિષ્ય બનીને પોતાનું કલ્યાણ કરાવે છે. તે જ પરિવારમાં અમુક એવા પણ હોય છે જે બિલકુલ નથી માનતા. અન્ય જે દીક્ષા પ્રાપ્ત સભ્યો છે, તેમનો પણ વિરોધ તથા મજાક કરે છે. તે કાળના અંશ છે. તે પણ નારાયણ દાસની જેમ કાળના દૂતો દ્વારા પ્રચલિત સાધના જ કરે છે.

**પાના નંબર 161 અનુરાગ સાગરનો સારઃ-**

કબીર પરમાત્માએ કહ્યું કે હે ધર્મદાસ ! જે પ્રમાણે શૂરવીર તથા કોયલના સુત (બાળક/બચ્ચાં) આગળ ચાલ્યા પછી પાછા નથી વળતા આ પ્રમાણે અગર કોઈ મારી શરણમાં આ પ્રમાણે દોડીને તમામ વિરોધ (અડચણો)ને તોડીને પરિવારનો મોહ છોડીને મળે છે તો તેની એકસો એક

**પેઢીઓને પાર કરી દઈશ.**

*કબીર, ભક્ત બીજ હોય જો હંસા । તારૂં તાસ કે એકોતેર બંશા ।।*
*કબીર, કોયલ સુત જૈસે શૂરા હોઈ । યહી વિધિ ધાય મિલૈ મોહે કોઈ ।।*
*નિજ ઘર કી સુરતિ કરૈ જો હંસા । તારોં તાસ કે એકોતર બંશા ।।*

### ●''હંસ (ભક્ત)ના લક્ષણ''

**કાગ (કાગડા) જેવી ગંદી વૃત્તિને ત્યાગી દે છે (છોડી દે છે) તો તે હંસ એટલે કે ભક્ત બની જાય છે. કાગ (કાગડો) નિજ (પોતાના) સ્વાર્થ પૂર્તિ માટે બીજાઓનું અહિત કરે છે. કોઈ પશુના શરીર પર જખ્મ (ઘા) થઈ જાય છે તો કાગડો તે જખ્મમાંથી ખેંચી-ખેંચીને માંસ ખાય છે, પીડાને કારણે પશુની આંખોમાંથી આંસુ નીકળતા રહે છે. કાગડાની બોલી પણ અપ્રિય-કર્કશ હોય છે. હંસ માટે જરૂરી છે કે તે પોતાનો કાગડાવાળો સ્વભાવ ત્યાગી દે. નિજ સ્વાર્થવશ કોઈને કષ્ટ (દુઃખ) ન આપે. કોયલની જેમ મીઠી ભાષા બોલે. આ લક્ષણ ભક્તના હોય છે.**

## ● ''જ્ઞાની એટલે કે સત્સંગીના લક્ષણ''

સતગુરૂજીનું જ્ઞાન તથા દીક્ષા પ્રાપ્ત કરીને અગર શિષ્ય જગતના ભાવમાં ચાલે છે, તે મૂર્ખ છે. તે ભક્તિ લાભથી વંચિત રહી જાય છે. તે ભક્તિમાં આગળ નથી વધી શકતો. તે સાર શબ્દ પ્રાપ્તિ યોગ્ય નથી બની શકતો. અગર આંધળા (નેત્રહીન) વ્યક્તિનો પગ વિષ્ટા (ટટ્ટી) અથવા છાણમાં મુકાઈ જાય તો તેની કોઈ મજાક નથી કરતું. કોઈ તેની હાંસી નથી કરતું, કોઈ હાંસી નથી ઉડાવતું. અગર આંખોવાળો વ્યક્તિ કુઠૌર એટલે કે ખરાબ જગ્યાએ જાય છે (પરસ્ત્રી ગમન, ચોરી કરવી, મર્યાદા તોડવી, વર્જિત વસ્તુ - પ્રતિબંધિત વસ્તુ તથા સાધનોનો પ્રયોગ કરવો વિગેરેને કુઠૌર કહ્યું છે) તો તે નિંદાનું પાત્ર બને છે.

**અનુરાગ સાગરના પાના નં. 162 તથા 163નો સારઃ-**

## ● ''ભક્ત પરમાર્થી હોવો જોઈએ''

જેવી રીતે ગાય સ્વયં તો જંગલમાં કે ખેતરમાં જઈને ઘાસ ખાઈને આવે છે. જાતે પાણી પીએ છે. માનવને અમૃતમયી દૂધ પીવડાવે છે. તેના દૂધથી ઘી બને છે. ગાયનો સૂત એટલે કે વાછરડુ હળમાં જોડવામાં આવે છે. માનવજાતનું પોષણ કરે છે. ગાયનું છાણ (ગોબર) પણ મનુષ્યના કામમાં આવે છે. મૃત્યુ ઉપરાંત ગાયના શરીરના ચામડામાંથી જૂતા-પગરખા બને છે, જે માનવના પગને કાંટા-કાંકરાથી રક્ષણ આપે છે. માનવ જન્મ પ્રાપ્ત

**પ્રાણી પરમાર્થ ન કરીને ભક્તિથી વંચિત રહીને પાપ કરવામાં અનમોલ જીવન નષ્ટ (નાશ) કરી જાય છે. માંસાહારી નર રાક્ષસની જેમ ગાયને મારીને તેના માંસને ખાઈ જાય છે. મહાપાપનો ભાગી બને છે. આ વિશેની પરમેશ્વર કબીરજીની નીચે જણાવેલ વાણી વાંચોઃ-**

**''પરમાર્થી ગઉ (ગાય)નું દૃષ્ટાંત''**

*ગઉકો જાનુ પરમાર્થ ખાની । ગઉ ચાલ ગુણ પરખહુ જ્ઞાની ।।*
*આપન ચરે તૃણ ઉદ્યાના । અંચવે જલ દે ક્ષીર નિદાના ।।*
*તાસ ક્ષીર ઘૃત દેવ અઘાહીં । ગૌ સુત નર કે પોષક આહીં ।।*
*વિષ્ઠા તાસુ કાજ નર આવે । નર અઘ કર્મી જન્મ ગમાવે ।।*
*ટીકા પુરે તબ ગૌ તન નાસા । નર રાક્ષસ ગોતન લેત ગ્રાસા ।।*
*ચામ તાસુ તન અતિ સુખદાઈ । એતિક ગુણ ઈક ગોતન ભાઈ ।।*

**''પરમાર્થી સંત લક્ષણ''**

*ગૌ સમ સંત ગહૈ યહ બાની । તો નહિં કાલ કરૈ જિવહાની ।।*
*નરતન લહિ અસ બુદ્ધિ હોઈ । સતગુરૂ મિલે અમર હ્વૈ સોઈ ।।*
*સુનિ ધર્મનિ પરમારથ બાની । પરમારથતે હોય ન હાની ।।*
*પદ પરમારથ સંત અધારા । ગુરુ સમ લેઈ સો ઉતરે પારા ।।*
*સત્ય શબ્દ કો પરિચય પાવૈ । પરમારથ પદ લોક સિધાવૈ ।।*
*સેવા કરે વિસારે આપા । આપા થાપ અધિક સંતાપા ।।*
*યહ નર અસ ચાતુર બુદ્ધિમાના । ગુન સુભ કર્મ કહૈ હમ ઠાના ।।*
*ઊંચા કર્મ અપને સિર લીન્હા । અવગુણ કર્મ પર સિર દીન્હા ।।*
*તાત હોય શુભકર્મ વિનાશા । ધર્મદાસ પદ ગહો વિશ્વાસા ।।*
*આશા એક નામકી રાખે । નિજ શુભકર્મ પ્રગટ નહિં ભાખે ।।*
*ગુરૂપદ રહે સદા લૌ લીના । જૈસે જલહિ ન વિસરત મીના ।।*
*ગુરૂ કે શબ્દ સદા લૌ લાવે । સત્યનામ નિશદિન ગુણગાવે ।।*
*જૈસે જલહિ ન વિસરે મીના । ઐસે શબ્દ ગહે પરવીના ।।*
*પુરૂષ નામકો અસ પરભાઉ । હંસા બહુરિ ન જગમહં આઉ ।।*
*નિશ્ચય જાય પુરૂષ કે પાસા । કૂર્મકલા પરખહુ ધર્મદાસા ।।*

**ભાવાર્થઃ- પરમેશ્વર કબીરજીએ ધર્મદાસજીના માધ્યમથી માનવ માત્રને સંદેશ તથા નિર્દેશ આપ્યો છે. કહ્યું છે કે માનવ એ ગાયની જેમ પરમાર્થી થવું જોઈએ. જેમને સતગુરૂ મળી ગયા છે, તેઓ તો અમર થઈ જશે. ઘોર અઘોં (પાપો) થી બચી જશે. સેવા કરોતો પોતાની મહિમાની આશા ના કરો. અગર પોતે થાપી (માન-બડાઈ માટે પોતે પોતાને મહિમાવાન**

વખાણવા યોગ્ય માની) લેશે તો તેને અધિક કષ્ટ (વધારે દુઃખ) થશે. તેના શુભ કર્મો નષ્ટ થઈ જશે.

ઉપદેશી (નામ-દીક્ષા-ઉપદેશ પ્રાપ્ત કરનાર) માત્ર એક નામની આશા રાખે. માનબડાઈ-પ્રશંસા-ખુશામત-તારીફની ચાહ (લાલચ/ઇચ્છા) હૃદયથી ત્યાગી દે. પોતાના શુભ કર્મ (દાન અથવા અન્ય સેવા) કોઈની સામે ન બતાવે. ગુરૂજીના પદ (ચરણ) એટલે કે ગુરૂની શરણમાં એવી રીતે રહે જેમ કે જળમાં મીન (માછલી) રહે છે. માછલી એક પળ માટે પણ જળ વગર રહી નથી શકતી. તરત જ મરી જાય છે. એવી રીતે ગુરૂની શરણને મહત્ત્વ આપે. ગુરૂજી દ્વારા આપવામાં આવેલ શબ્દ એટલે કે જાપ મંત્ર (સતગુરૂ શબ્દ) જે સત્યનામ છે એટલે કે વાસ્તવિક ભક્તિ મંત્રમાં સદાય (કાયમ) લીન રહો જે પુરૂષ (પરમાત્મા)નો ભક્તિ મંત્ર છે, તેનો એવો પ્રભાવ છે, તેમાં એટલી શક્તિ છે કે સાધક ફરીથી સંસારમાં જન્મ-મરણના ચકકરમાં નથી આવતો. તે ત્યાં ચાલ્યો જાય છેજે સનાતન પરમ ધામ છે, જ્યાં પરમ શાંતિ છે. જ્યાં ગયા પછી સાધક ક્યારેય પાછો વળીને સંસારમાં નથી આવતો.

આ જ પ્રમાણ શ્રીમદ્ ભગવદ ગીતા અધ્યાય-18 શ્લોક 62માં છે. ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે હે અર્જુન ! તું સર્વ ભાવથી તે પરમેશ્વરની શરણમાં જા, તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિને તથા સનાતન પરમ ધામ (શાશ્વતમ્ સ્થાનમ્) ને પ્રાપ્ત થઈશ. (અધ્યાય-18 શ્લોક-62)

ગીતા અધ્યાય-15 શ્લોક-4માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે તત્વ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ કે જ્યાં ગયા પછી સાધક ફરી પાછો વળીને ક્યારેય સંસારમાં નથી આવતો. જે પરમેશ્વરે સંસારરૂપી વૃક્ષની રચના કરી છે, તેની જ ભક્તિ કરો. (અધ્યાય 15 શ્લોક-4)

ગીતા જ્ઞાનદાતાએ પોતાની નાશવાન એટલે કે જન્મ-મરણની સ્થિતિને ગીતા અધ્યાય-2 શ્લોક 12, અધ્યાય-4 શ્લોક 5, 9માં તથા અધ્યાય- 10 શ્લોક-2 માં સ્પષ્ટ જ કરી રાખી છે કે અર્જુન ! તારા અને મારા ખૂબ જન્મ થઈ ચુક્યા છે, તું નથી જાણતો, પણ હું જાણું છું. વાચકજનો ! ગીતાથી સ્પષ્ટ થયું કે ગીતા જ્ઞાનદાતા (કાળ-બ્રહ્મ છે જે શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રવેશ કરીને બોલી રહ્યો હતો) નાશવાન છે, જન્મ-મરણના ચક્રમાં છે, તો તેના ઉપાસકની પણ એ જ સ્થિતિ (દશા) હોય છે. એટલા માટે ગીતા અધ્યાય-18 શ્લોક 62 તથા અધ્યાય-15 શ્લોક 4માં વર્ણન કરેલો લાભ પ્રાપ્ત નથી થઈ શકતો. બીજી વાત એ સિદ્ધ થાય છે કે ગીતા જ્ઞાનદાતા સિવાય અન્ય (બીજા) સમર્થ તથા સર્વ લાભદાયક પરમેશ્વર છે, જેમની શરણમાં જવા માટે ગીતા જ્ઞાનદાતાએ

**એટલે કે કાળ બ્રહ્મે કહ્યું છે. તે પરમેશ્વર કબીર બંદીછોડજી છે. તેમણે પોતાની મહિમા સ્વયં (જાતે) જ કહી છે, જે તમે કબીર સાગરમાં (જણાવ્યા મુજબની) વાંચી રહ્યા છો. પરમેશ્વરે અનુરાગ સાગર પાના નં. 13 પર કહ્યું છે કે સત્યપુરૂષ દ્વારા રચવામાં આવેલ સૃષ્ટિના વિષય (બાબત)માં બતાવેલી (કહેવામાં આવેલી આ સત્ય) કથાનો સાક્ષી કોને બનાવું ? કારણ કે બધાની ઉત્પત્તિ તો બાદમાં (પાછળથી) થઈ છે. પહેલા તો એકલા સતપુરૂષ હતા. અહીં આગળ વિવેક કરવાની વાત છે કે કબીરજીને જ્ઞાન ક્યાંથી થયું ? જ્યારે સૃષ્ટિ રચનાના સમયે કોઈ હતું જ નહીં. આનાથી જ સ્વયં સિદ્ધ થાય છે કે સ્વયં પૂર્ણ પરમાત્મા સૃષ્ટિના સર્જનકર્તા છે. જે મહાન આત્માઓને પરમેશ્વર કબીરજી મળ્યા છે, તેમણે પણ આ જ સાક્ષી આપી છે કે :-**

*ગરીબ, અનન્ત કોટિ બ્રહ્માંડ કા, એક રતિ નહીં ભાર ॥*
*સતગુરૂ પુરૂષ કબીર હૈં, કુલ કે સિરજનહાર ॥*

**ભાવાર્થઃ- આ વાણીથી જ સ્પષ્ટ થઈ જાય છે.**

**''કૂર્મ કલા પરખો ધર્મદાસા'' નો ભાવાર્થ છે કે જેવી રીતે કાચબો આફતના સમયે પોતાના મુખ તથા પગને પોતાની અંદર સંતાડીને નિષ્ક્રિય થઈ જાય છે. અને આફત ટળી ગયા બાદ તુરંત જ પોતાના માર્ગે ચાલતો બને છે. આ જ પ્રમાણે ભક્ત ધ્યાન રાખે કે અગર સાંસારિક વ્યક્તિ આપના ભક્તિ માર્ગમાં અવરોધ-રૂકાવટ ઉત્પન્ન કરે તો તેને ઊંધો કે વળતોજવાબ ન આપીને પોતાની ભક્તિને છુપાવીને સુરક્ષિત રાખે. સ્થિતિ સામાન્ય થતાં જ ફરીથી તે જ ગતિથી સાધના કરે. આ પ્રમાણે કરવાથી** *''નિશ્ચય જાય પુરૂષ કે પાસા''* **તે સાધક પરમાત્મા પાસે અવશ્ય ચાલ્યો જશે.**

**અનુરાગ સાગર પાના નં. 163 (281) પરઃ-**

*સોરઠાઃ- હંસ તહાં સુખ બિલસહીં, આનન્દ ધામ અમોલ ।*
*પુરૂષ તનુ છવિ નિરખહિં, હંસ કરેં કિલોલ ॥*

**ભાવાર્થઃ-** ઉપરોક્ત જ્ઞાનના આધારે સાધના કરીને સાધક અમર ધામમાં ચાલ્યો જાય છે, ત્યાં આગળ આનંદ ભોગવે છે. તે સતલોક બેસકિંમતી (અતિ શ્રેષ્ઠ) છે. ત્યાં આગળ સત્ય પુરૂષના શરીરની શોભા જોઈને આનંદ મનાવે છે.

### ✪ દીક્ષા લઈને નામનું સ્મરણ કરવું જરૂરી (ફરજિયાત) છેઃ-

**અધ્યાય ''બીર સિંહ બોધ'' પાના નં. 123 પરઃ-**

રાજા બીર સિંહની એક નાની રાણી સુંદરદેઈ હતી. તેને પણ પરમેશ્વર કબીરજી પાસેથી દીક્ષા લઇ રાખી હતી. તેણે ઘણા બધા સત્સંગ સાંભળ્યા

હતા. વિશ્વાસ ઓછો હતો, નામની કમાણી એટલે કે સાધના કરતી નહતી. જ્યારે રાણીનો અંતિમ સમય આવ્યો તો યમના દૂત રાજભવનમાં પ્રવેશ્યા. પછી યમદૂત રાણીના શરીરમાં પ્રવેશ્યા અને અંતિમ શ્વાસની રાહ જોવા લાગ્યા. તે સમયે રાણી સુંદરદેઈના શરીરમાં બેચેની થવા લાગી. યમદૂત દેખાવા લાગ્યા. રાજાએ રાણીને પૂછ્યું કે શું વાત છે ? રાણીએ કહ્યું કે મને રાજપાટ, મહેલ, આભૂષણ કંઈ પણ સારું નથી લાગી રહ્યું. રાણીએ કહ્યું કે સાધુ-ભક્તોને બોલાવીને પરમાત્માની ચર્ચા કરાવો. સાધુ તથા ભક્ત આવીને પરમાત્માની ચર્ચા તથા ભક્તિ કરવા લાગ્યા. તેનાથી કોઈ લાભ ન થયો. રાણીના શરીરમાં કષ્ટ (દુઃખ) વધારે વધી ગયું. અર્ધ - અર્ધ એટલે કે અડધો શ્વાંસ ચાલવા લાગ્યો. શ્વાસ ખેંચાઈ ખેંચાઈને (રહી-રહીને) આવવા લાગ્યો. હૃદય કમળને ત્યાગીને જીવ ભયભીત થઈને ત્રિકૂટીની તરફ દોડ્યો. યમદૂતોએ ચારેય તરફથી ઘેરી લીધો, ચારેય યમદૂતોએ જીવને ઘેરીને કહ્યું કે આપ ચાલો ! હરિ (પ્રભુ)એ તમને બોલાવ્યા છે. ત્યારે રાણીના જીવને સત્સંગ વચન યાદ આવ્યા. તેણે યમદૂતોને કહ્યું કે હે બટપાર! હે જાલીમો ! તમે અહીંયા કેવી રીતે આવી ગયા ? અમારા સતગુરૂ અમારા માલિક છે. તમે મને નથી લઈ જઈ શકતા. મારા સતગુરૂ ધણી (માલિક) એ મને નામ આપ્યું છે. મારા ગુરૂજી આવશે તો હું જઈશ. આ વાત સાંભળીને યમના દૂતો બોલ્યા કે અગર આપના કોઈ ખસમ (ધણી) છે તો તેને બોલાઓ, નહીં તો અમારી સાથે પરમાત્માના દરબારમાં ચાલો. જીવે કહ્યું કેઃ-

*ધરની (પૃથ્વી) આકાશ સે નગર નિયારા । તહાં નિવાજૈ ધની હમારા ।।*
*અગમ શબ્દ જબ ભાખૈ નાઉં । તબ યમ જીવ કે નિકટ નહીં આઉં ।।*

**ભાવાર્થઃ-** પહેલાં તો રાણીને વિશ્વાસ જ ન તો થઈ રહ્યો કે સતગુરૂજી સત્સંગમાં જે જ્ઞાન સંભળાવી રહ્યા છે, તે સત્ય છે. તે વિચારતી હતી કે આ કેવળ એક વાર્તા છે કારણ કે બધા નોકર-નોકરણીઓ આજ્ઞા મળતાં જ તેની સેવામાં દોડી આવતા હતા. મનગમતું જમવાનું ખાતી હતી, સુંદર વસ્ત્રો, આભૂષણો પહેરતી હતી. તેણે વિચાર્યું હતું કે આવી જ રીતે કાયમ માટે આનંદ બનેલો રહેશે. આ તો પૂર્વ (અગાઉના) જન્મની બેટરી ચાર્જ હતી. વર્તમાનમાં ચાર્જર મળ્યું (નામ મળ્યું) તો ચાલુ ન કર્યું એટલે કે સાધના કરી નહીં. જ્યારે બેટરીનું ચાર્જિંગ સમાપ્ત થઇ જાય છે, બેટરી ડાઉન થઈ જાય છે, તો બધી સુવિધાઓ બંધ થઈ જાય છે. પછી ન તો પંખો ચાલે છે કે ન તો ગોળો ઝગમગે છે. બટન દબાવતા રહો, કોઈ ક્રિયા નથી થતી. આ જ પ્રમાણે જીવનું પૂર્વ જન્મની ભક્તિનું ધન એટલે કે ચાર્જિંગ સમાપ્ત થઈ જાય

છે તો બધી સુવિધાઓ છીનવી લેવામાં આવે છે. જીવને નરકમાં નાંખી દેવામાં આવે છે, ત્યારે તેને અકકલ આવે છે. તે ટાઈમે તો સમય હાથમાંથી નીકળી ગયો હોય છે. કેવળ પશ્ચાતાપ (પસ્તાવાનું) અને રડવાનું જ બાકી રહી જાય છે. રાણી સુંદરદેઈએ સત્સંગ સાંભળી રાખ્યો હતો. પૂર્ણ સતગુરૂ પાસેથી દીક્ષા લઈ રાખી હતી. પણ નામની કમાણી કરી નહતી. તે ગુરૂદ્રોહી નહોતી થઈ. ગુરૂની નિંદા કરતી ન હતી. રાણીએ સતગુરૂને યાદ કર્યા કે હે સતગુરૂ! હે મારા ધણી ! મને યમદૂતોએ ઘેરી રાખી છે. મને દાસીને છોડાવો. મેં આપની દીક્ષા લઈ રાખી છે. આજે મને ખબર પડી કે આવી આપત્તિમાં ન તો પતિ, ન પત્ની, ન દિકરા-દિકરી, ભાઈ-બહેન, રાજા-પ્રજા કોઈપણ સહાયક નથી થતા. રાણીના જીવે હૃદયથી સતગુરૂને પોકાર્યા. તરત જ સતગુરૂ કબીરજી ત્યાં ઉપસ્થિત થયા. રાણીએ દોડીને સતગુરૂજીના ચરણ પકડી લીધા. તે જ સમયે યમદૂત ભાગીને હરિ એટલે કે ધર્મરાજની પાસે ગયા અને બતાવ્યું કે તેના સતગુરૂ ત્યાં આવ્યા તો ત્યાં આગળ પ્રકાશ થઈ ગયો. જીવે સત સુકૃત નામનો જાપ કર્યો હતો. તેને એટલું જ યાદ હતું. આ કારણે તેને યમદૂતો પાસેથી છોડાવી તથા ફરીથી જીવન વધારી આપ્યું, ત્યારે રાણીએ દિલથી ભક્તિ કરી. પછી સતગુરૂ કબીરજીએ ફરીથી સતનામ, સારનામ આપ્યું અને તેણે તેની કમાણી કરી, જેના લીધે સંસાર અસાર (સાર વગરનો) દેખાવવા લાગ્યો. રાજ, ધન, પરિવાર પારકુ દેખાઈ રહ્યું હતું. જવાનો સમય નજદીક લાગી રહ્યો હતો. આ કારણે રાણીએ તન-મન-ધન સતગુરૂના ચરણોમાં સમર્પિત કરીને ભક્તિ કરી તો તે સતલોકમાં ગઈ. ત્યાં પરમેશ્વરે (સત્ય પુરૂષે) રાણીના જીવની સામે પોતાના જ અન્ય રૂપ સતગુરૂને પ્રશ્ન કર્યો કે હે કડિહારા ! (તારણહાર !) મારા જીવોને યમદૂતોએ કેમ રોકી લીધા ? સતગુરૂ રૂપમાં કબીરજીએ કહ્યું કે હે પરમેશ્વર ! આણે દીક્ષા લઈને ભક્તિ કરી નહી. જેના કારણે તેને યમદૂતોએ ઘેરી લીધી હતી. મેં છોડાવી છે. પરમેશ્વર કબીરજીએ જીવને કહ્યું કે તમે ભક્તિ કેમ ના કરી ? સત્યલોકમાં કઈ રીતે આવી ગઈ ?

માથું નીચું કરીને જીવે કહ્યું કે પહેલાં મને વિશ્વાસ ન હતો. પછી યમદૂતોની યાતના જોઈને મને આપની યાદ આવી ગઈ. આપનું જ્ઞાન સત્ય લાગ્યું, આપને પોકાર કર્યો. આપે મારી રક્ષા કરી. પછી મને ફરીથી જીવન આપવામાં આવ્યું. ત્યારે મેં દિલોજાનથી આપની ભક્તિ કરી. પૂર્ણ દીક્ષા પ્રાપ્ત કરીને આપની જ કૃપાથી ગુરૂજીના સહયોગથી હું અહીં આપના ચરણોમાં પહોંચી ગઈ છું. સત્યલોકમાં જઈને ભકતને અન્ય ભકતો પાસે

મોકલી દેવામાં આવે છે. ત્યાં સુંદર અમર શરીર મળે છે. ખૂબ જ મોટો આવાસ (રહેવા માટેનો મહેલ) મળે છે. આંગણામાં વિમાન ઊભું હોય છે. સિદ્ધિઓ આદેશની રાહ જુએ છે. આદેશ મળતાં તુરંત જ વિદ્યુતની જેમ સક્રિય થાય છે, જેમ કે વીજળીનું બટન (switch) દબાવતાની સાથેજ વીજળીથી ચાલનાર યંત્ર તરત જ કાર્ય કરવા લાગે છે. એવી જ રીતે ત્યાં આગળ વચનનું બટન (switch) છે. જે વસ્તુ જોઈએ- બોલો અને બોલતાની સાથે તે વસ્તુ - પદાર્થ તમારી સમક્ષ ઉપસ્થિત (હાજર) થશે. જેમ કે ભોજન ખાવાની ઈચ્છા થતાં જ તમારા ભોજનાલયમાં ગતિવિધિ પ્રારંભ થઈ જશે, થાળી-ગ્લાસ રખાઈ (ગોઠવાઈ) જશે. થોડી વાર પછી જમવાની ઈચ્છા બને તો સિદ્ધિથી ઊઠીને ઉડીને પાછી રસોઈ ઘરમાં ઑટોમેટિક રખાઈ જશે. મિનિટ પછી ઈચ્છા થઈ તો પણ તે જ સમયે વ્યવસ્થા થઈ જશે. ફરવાની ઈચ્છા થઈ તો વિમાનમાં ગતિવિધિ મહસૂસ થશે (અનુભવાશે). વિમાનની પાસે જતા જ દ્વાર ખુલી જશે. વિમાન સ્ટાર્ટ થઈ જશે. જ્યાં જે દ્વિપમાં જવાની ઈચ્છા થશે, વિચાર કરવાની સાથે જ વિમાન તે જ દિશામાં ઉડી જશે. ઈચ્છા વ્યક્ત કરતાં જ તાજા તાજા ફળો વૃક્ષોથી તોડી લાવીને તમારી સમક્ષ (સામે) મૂકવામાં આવશે. સત્ય લોકની નકલ આ કાળ લોક છે. આવી જ રીતે સ્ત્રી-પુરૂષનો પરિવાર છે. સત્યલોકમાં બે પ્રકારે સંતાનોની ઉત્પત્તિ થાય છે. શબ્દથી તથા મૈથુનથી. તે હંસના પોતાના પર નિર્ભર કરે છે. વચનથી સંતાન ઉત્પત્તિવાળું ક્ષેત્ર સતપુરૂષના સિંહાસનની ચારે બાજુ છે. અને નર-નારીથી પરિવારવાળું ક્ષેત્ર તેના પછી આવે છે. વચનથી સંતાન ઉત્પન્ન કરવાવાળા ફક્ત નર જ ઉત્પન્ન કરે છે. સત્યલોકમાં વૃદ્ધાવસ્થા (ઘડપણ) નથી. નર-નારીવાળા ક્ષેત્રમાં છોકરા તથા છોકરીઓ બન્ને ઉત્પન્ન કરે છે. ફક્ત વચનથી જ વિવાહ કરે છે. જે બાળકો ઉત્પન્ન થાય છે, તે કાળ લોકથી મુક્ત થઈને ગયેલ જીવ જન્મ લે છે. પછી ક્યારેય મરતા નથી કે વૃદ્ધ પણ થતા નથી. જે કાળલોકથી મુક્ત થઈને સતલોકમાં જાય છે તેમને સૌ પ્રથમ સત્ય પુરૂષજીના દર્શન કરાવવામાં આવે છે. તે સમયે તેનું તે જ સ્વરૂપ રહે છે જેવું પૃથ્વી પરથી આવે છે, પરંતુ જો તે વૃદ્ધ નીચેથી (ઉપર) ગયો તો ત્યાં સતપુરૂષની સામે તે જ અવસ્થા તથા સ્વરૂપમાં જાય છે. તેનો પ્રકાશ સોળ સૂર્યોના પ્રકાશ જેટલો થઈ જાય છે. તેના પછી તેને તે સ્થાન પર મોકલવામાં આવે છે જે બધાથી અલગ છે. ત્યાં જતાની સાથે જ તેનું સ્વરૂપ તો એવું જ રહે છે, પરંતુ તેના શરીરનો પ્રકાશ સોળ સૂર્યો જેવો થઈ જાય છે. પરંતુ અગર નીચેથી વૃદ્ધ અવસ્થામાં ગયો છે તો ત્યાં યુવા અવસ્થા થઈ જાય છે. જવાન છે તો

**જવાન જ રહે છે અને બાળક છે તો બાળક જ રહે છે. ત્યાં આગળ અમુક જણાને સત્ય પુરૂષના વચનથી સ્ત્રી-પુરૂષનું શરીર મળે છે. અમુક જણાને સત પુરૂષ બીજ રૂપમાં બનાવી દે છે જેમનો ફરી એક વાર કોઈના ઘરે સત્યલોકમાં જન્મ થશે, પરિવાર બનશે. તે સ્થાન પર તે બધા હંસ એકવાર જન્મ લેશે, જે કાળલોક તથા અક્ષર લોકથી મુક્ત થઈને જાય છે. તેમને એકાંત સ્થળ પર રાખવામાં આવે છે. પછી તેઓ બન્ને ક્ષેત્રોમાં જન્મ લે છે (વચનથી ઉત્પન્ન થવાવાળા તથા સ્ત્રી પુરૂષથી જન્મ લેવાવાળામાં) સ્ત્રી-પુરૂષથી ઉત્પત્તિની સરેરાશ વધુ હોય છે. આ સરેરાશ 10/90 હોય છે. જે પૈકી 10% વચનથી ઉત્પત્તિ, 90% વિવાહ રીતિથી ઉત્પત્તિ થાય છે.**

**સતલોકમાં સ્ત્રી તથા નરના શરીરનો પ્રકાશ સોળ સૂર્યોના પ્રકાશ જેટલો હોય છે. મીની સતલોક, માન સરોવર પહેલાં છે (બનેલું છે). ત્યાં બંનેના શરીરનો પ્રકાશ ચાર સૂર્યો જેટલો થાય છે. પછી આગળ જાય છે. જ્યારે પરબ્રહ્મના લોકમાં બનેલ અષ્ટ કમળની પાસે પહોંચે છે તો હંસ તથા હંસની એટલે કે નર-નારીના શરીરનો પ્રકાશ 12 સૂર્યોના પ્રકાશ સમાન (જેટલો) થઈ જાય છે. પછી સતલોકમાં બનેલ ભવર ગુફામાં દરેકના શરીરનો પ્રકાશ 16 (સોળ) સૂર્યો સમાન (જેટલો) થઈ જાય છે.**

**પ્રમાણ કબીર સાગર અધ્યાય ''મોહમ્મદ બોધ'' પાના નં. 20, 21 તથા 22 પર દશ મુકામી રેખતા:-**

## ✪● ''દશ મુકામી રેખતા''

***પૃષ્ઠ 21 ઉપરથી કેટલાક અંશ લખું છું :-***

*ભયા આનન્દ ફન્દ સબ છોડિયા પહુંચા જહાં સત્યલોક મેરા ।।*
*{હંસની (નારી રૂપ પુણ્યાત્માઓ) હંસ (નર રૂપ પુણ્યાત્માઓ)}*
*હંસની હંસ સબ ગાય બજાય કે સાજી કે કલશ મોહે લેન આએ ।।*
*યુગન યુગન કે બિછુડે મિલે તુમ આય કૈ પ્રેમ કરિ અંગ સે અંગ લાએ ।।*
*પુરૂષ દર્શ જબ દીન્હા હંસ કો તપત બહુ જન્મ કી તબ નશાયે ।।*
*પલિટ કર રૂપ જબ એક સા કીન્હા માનો તબ ભાનુ ષોડશ (16) ઉગાયે ।।*
*પહુપ કે દીપ પયૂષ (અમૃત) ભોજન કરેં શબ્દ કી દેહ સબ હંસ પાઈ ।।*
*પુષ્પ કા સેહરા હંસ ઔર હંસની સચ્ચિદાનંદ સિર છત્ર છાએ ।।*
*દીપૈં બહુ દામિની દમક બહુ ભાંતિ કી જહાં ધન શબ્દ કો ઘમોડ લાઈ ।।*
*લગે જહાં બરસને ઘન ઘોર કૈ ઉઠત તહાં શબ્દ ધુનિ અતિ સોહાઈ ।।*
*સુન્ન સોહૈં હંસ-હંસની યુત્થ (જોડે-ઝુંડ) હ્વૈ એકહી નૂર એક રંગ રાગૈ ।।*

*કરત બિહાર (સૈર) મન ભાવની મુક્તિ મેં કર્મ ઔર ભ્રમ સબ દૂર ભાગે ।।*
*રંક ઔર ભૂપ (રાજા) કોઈ પરખ આવૈ નહીં કરત કોલાહલ બહુત પાગે ।।*
*કામ ઔર ક્રોધ મદ લોભ અભિમાન સબ છાડિ પાખંડ સત શબ્દ લાગે ।।*
*પુરૂષ કે બદન (શરીર) કૌન મહિમા કહૂં જગત મેં ઉપમા કછુ નાહીં પાયી ।।*
*ચન્દ ઔર સૂર (સૂર્ય) ગણ જ્યોતિ લાગૈ નહીં એક હી નખ (નાખુન) પ્રકાશ ભાઈ ।।*
*પરવાના જિન નાદ વંશ કા પાઈયા પહુંચિયા પુરૂષ કે લોક જાયી ।।*
*કહ કબીર યહી ભાંતિ સો પાઈહો સત્ય પુરૂષ કી રાહ સો પ્રકટ ગાયી ।।*

**ભાવાર્થ:-** આ અમૃતવાણીમાં સ્પષ્ટ થાય છે કે પરમેશ્વર કબીરજી સતગુરૂ રૂપમાં પૃથ્વીલોકથી ધર્મદાસજીને લઈને સત્યલોક તરફ ચાલ્યા તો રસ્તામાં નવ (9) સ્થાન આવ્યા, જેમ કે નાસૂત, મલકૂત આ બધા ફારસીમાં શબ્દ છે. આ સાત આસમાનોંની પાર અચિન્ત, વિષ્ણુ લોક વિગેરેની પાર જ્યારે સત્યલોકમાં પહોંચ્યા તો ધર્મદાસ કહી રહ્યા છે કે મને સત્કારની સાથે લેવા માટે સત્યલોકના હંસ (નર) હંસની (નારી) નાચતા-ગાતા ઢોલ વિગેરે સાજ-વાજ (વાજિંત્રો) વગાડતા-વગાડતા સ્ત્રીઓ માથા ઉપર કળશ રાખીને લેવા આવ્યા. તેમના શરીરનો પ્રકાશ સોળ (16) સૂર્યોના જેટલો હતો. મારા શરીરનો પ્રકાશ પણ તેમના શરીરના પ્રકાશની જેમ 16 સૂર્યો જેટલો થઈ ગયો.

જે પૃથ્વી લોકથી મોક્ષ પ્રાપ્ત કરીને હંસ જાય છે, તેને પુહપ દ્વિપમાં લઈ જવામાં આવે છે. ત્યાં સર્વ સુખ છે, તે સત્યલોકનો ભાગ છે. પરંતુ સૌ પ્રથમ નીચેથી ઉપર ગયેલ મોક્ષ પ્રાપ્ત જીવને પોહપ દ્વિપમાં રાખવામાં આવે છે. અહીંના દૃશ્યનું વર્ણન બતાવવામાં આવી રહ્યું છે. અહીંથી તેનો જન્મ અન્ય સ્થાનો પર પરિવારોમાં થાય છે. એના પછી તે સ્થાનનું વર્ણન છે જ્યાં નર-નારીથી ઉત્પત્તિ થઈને પરિવાર બને છે. જ્યાં આગળ નર-નારીના સમૂહ (ઝૂંડે ઝૂંડ) સુખથી બેસીને વાતો કરે છે. વાદળો ગડગડાટ કરે છે, ફૂવારાની માફક ઝરમર વરસાદ પડે છે. આ એક અલગ સ્થાન છે જ્યાં સતલોક નિવાસી પિકનીક માટે જાય છે. અમુક સ્થાન એવા છે જ્યાં વાદળા નથી દેખાતા પણ વર્ષાદ થઈ રહ્યો હોય છે.

※ દીક્ષા લીધા પછી સાધકે શું કરવું જોઈએ ? તે અંગેની જાણકારી પવિત્ર કબીર સાગરના અધ્યાય ‘‘ધર્મ બોધ’’માં પણ છે.

કૃપા કરી વાંચો ‘‘ધર્મ બોધ’’ અધ્યાયનો સાર :-

કબીર સાગરમાં 33મો અધ્યાય ‘‘ધર્મ બોધ’’ના પાના નં. 177 (1521) પર છે. આ અધ્યાયમાં પરમેશ્વર કબીરજીએ ધર્મ કરવાનું વિશેષ જ્ઞાન બતાવ્યું છે. એ પણ સ્પષ્ટ કર્યું છે કે કબીર પરમેશ્વરના સાચા પંથમાં દિવસમાં ત્રણ વખત સંધ્યા કરવામાં આવે છે. સંધ્યાનો અર્થ છે બે વખતનો

**મેળાપ. એક સંધ્યા સવારે તેનાથી દિવસ અને રાત્રિનો મેળાપ (મિલન) થાય છે, રાત્રિ વિદાય લે છે અને દિવસનો શુભારંભ થાય છે. બીજી સંધ્યા દિવસના બાર વાગે થાય છે, તે સમયે ચઢતા દિવસના બે પહોર પૂરા (બપોર પૂરી) થાય છે અને ઢળતા દિવસની શરૂઆત થાય છે. આ મધ્ય દિવસની સંધ્યા છે. ત્રીજી સંધ્યા સાંજના સમયે થાય છે. તે સમયે દિવસ અને રાત્રિનું મિલન થાય છે. આમ તો દરેક જણ સાંજના સમયને સંધ્યા કહે છે. સંધ્યાનો અર્થ પરમાત્માની સ્તુતિ કરવી એ પણ થાય છે.**

**વેદોમાં પ્રમાણ છે કે જે જગતનો તારણહાર હશે, તે ત્રણ વખતની સંધ્યા કરે છે તથા કરાવડાવે છે. સવારે અને સાંજે પૂર્ણ પરમાત્માની સ્તુતિ - આરતી તથા મધ્ય દિવસમાં (દિવસના મધ્યમાં) વિશ્વના તમામ દેવતાઓની સ્તુતિ કરવાનું કહે છે. પ્રમાણ ઋગ્વેદ મંડલ 8 સૂક્ત 1 મંત્ર 29 માં તથા યજુર્વેદ અધ્યાય-19 મંત્ર 26માં છે.**

**કબીર સાગરમાં ધર્મ બોધ અધ્યાયમાં પાના નં. 177 પર પણ આ જ પ્રમાણ છે :-**

*સાંઝ સકાર મધ્યાહ્ન સંધ્યા તીનોં કાલ ।*
*ધર્મ કર્મ તત્પર સદા કીજૈ સુરતિ સમ્ભાલ ।।*

**※ ભાવાર્થઃ- ભક્તજનો ખાસ ધ્યાન રાખે કે ત્રણે સમયની સંધ્યા કરે. સાંઝ એટલે કે સાંજે, સકાર એટલે કે સવાર તથા મધ્યાહ્ન એટલે કે બપોર (દિવસના મધ્ય) માં સંધ્યા કરતા સમયે સુરતિ એટલે કે ધ્યાન આરતીમાં બોલવામાં આવેલી વાણીમાં રહે અને ધર્મના કાર્યમાં કાયમ માટે તૈયાર રહે, આળસ નહીં કરે.**

**ધર્મ બોધ પાના નં. 178 (1522) પરઃ-**

*કબીર કોટિન કંટક ઘેરી જ્યોં નિત્ય ક્રિયા નિજ કીન્હ ।*
*સુમિરન ભજન એકાંત મેં મન ચંચલ ગહ લીન ।।*

**※ ભાવાર્થઃ- ભક્તની ઉપર ગમે તેટલા કષ્ટ (દુઃખ) આવી પડે, પરંતુ પોતાની દરરોજની ક્રિયા (ત્રણે સમયની સંધ્યા) જરૂર (ચોકકસ) કરવી જોઈએ તથા ચંચળ મનને રોકીને એકાંતમાં પરમાત્માની દીક્ષાવાળા નામનો જાપ કરો.**

*કબીર, ભક્તોં અરૂ ગુરૂ કી સેવા કર શ્રદ્ધા પ્રેમ સહિત ।*
*પરમ પ્રભુ (સત્ય પુરૂષ) ધ્યાવહિ કરિ અતિશય મન પ્રીત ।।*

**※ ભાવાર્થઃ- પોતાના ગુરૂદેવ તથા સત્સંગમાં અથવા ઘરે આવેલ ભક્તોની હંમેશા આદર સાથે સેવા કરો. શ્રદ્ધા તથા પ્રેમથી સેવા કરવી જોઈએ. પરમ પ્રભુ એટલે કે પરમ અક્ષર પુરૂષની ભક્તિ ખૂબ જ પ્રેમથી કરો.**

## ● ''ભક્ત જતી તથા સતી હોવો જોઈએ''

### ''જતીના લક્ષણ''

*પુરૂષ યતિ (જતિ) સો જાનીયે, નિજ ત્રિયા તક વિચાર।*
*માતા બહન પુત્રી સકલ ઔર જગ કી નાર ॥*

**※ ભાવાર્થઃ- યતી પુરૂષ તેને કહે છે જે પોતાની સ્ત્રી સિવાય કોઈ અન્ય સ્ત્રીમાં પતિ-પત્નીવાળો ભાવ ન રાખે. પરસ્ત્રીને ઉંમર અનુસાર માતા, બહેન અથવા પુત્રીના ભાવથી જુએ (ઓળખે).**

### ''સતી સ્ત્રીના લક્ષણ''

*સ્ત્રી સો જો પતિવ્રત ધર્મ ધરૈ, નિજ પતિ સેવત જોય ॥*
*અન્ય પુરૂષ સબ જગત મેં પિતા ભ્રાત સુત હોય ॥*
*અપને પતિ કી આજ્ઞા મેં રહૈ, નિજ તન મન સે લાગ ॥*
*પિયા વિપરીત ન કછુ કરૈ, તા ત્રિયા કો બડ ભાગ ॥*

**ભાવાર્થઃ- સતી સ્ત્રી તેને કહે છે જે પોતાના પતિ સાથે લગાવ રાખે. પોતાના પતિ સિવાય સંસારના અન્ય પુરૂષોને ઉંમર અનુસાર પિતા, ભાઈ તથા પુત્રના ભાવથી જુએ એટલે કે વર્તે (વ્યવહાર કરે). પોતાના પતિની આજ્ઞામાં રહે, મન-તન (શરીર)થી સેવા કરે, કોઈ પણ કાર્ય પતિના વિરોધમાં ના કરે.**

### ''દાન કરવું કેટલું ફરજિયાત (જરૂરી) છે''

*કબીર, મનોકામના બિહાય કે હર્ષ સહિત કરે દાન।*
*તાકા તન મન નિર્મલ હોય, હોય પાપ કી હાન ॥*
*કબીર, યજ્ઞ દાન બિન ગુરૂ કે, નિશ દિન માલા ફેર ॥*
*નિષ્ફલ વહ કરની સકલ, સતગુરૂ ભાખૈ ટેર ॥*
*પ્રથમ ગુરૂ સે પૂછિયે, કીજૈ કાજ બહોર ॥*
*સો સુખદાયક હોત હૈ, મિટૈ જીવ કા ખોર ॥*

**ભાવાર્થઃ- કબીર પરમેશ્વરજીએ બતાવ્યું છ કે કોઈ મનોકામના કર્યા વગર જે દાન કરવામાં આવે છે તે દાન બન્ને ફળ આપે છે. વર્તમાન જીવનમાં કાર્યની સિદ્ધિ પણ થશે તથા ભવિષ્ય માટે પુણ્ય ભેગા થશે. પણ જે દાન મનોકામના પૂર્તિ (ઇચ્છા પૂર્તિ) માટે કરવામાં આવે છે તે કાર્ય સિદ્ધિ બાદ સમાપ્ત થઈ જાય છે. મનોકામના (ઇચ્છા) પૂર્તિ વગરનું કરવામાં આવેલું દાન (કોઈપણ ઇચ્છા રાખ્યા વગરનું દાન) આત્માને નિર્મળ કરે છે, પાપનો નાશ કરે છે.**

**❋ પહેલાં ગુરૂ ધારણ કરો, પછી ગુરૂદેવના આદેશ અનુસાર દાન કરવું જોઈએ. વગર ગુરૂએ ગમે તેટલું દાન કરો અને ગમે તેટલી નામ-સ્મરણની માળા ફેરવો, બધો વ્યર્થ (નકામો) પ્રયત્ન છે. આ વાત સતગુરૂ પોકારી-પોકારીને કહે છે.**

**❋ પ્રથમ ગુરૂની આજ્ઞા લો, ત્યારે જ પોતાનું નવું કાર્ય કરવું જોઈએ. તે કાર્ય સુખદાયક હોય છે તથા મનની તમામ (બધી જ) ચિંતા મટાડી દે છે.**

*કબીર અભ્યાગત આગમ નિરખી, આદર માન સમેત ।*
*ભોજન છાજન, બિત યથા, સદા કાલ જો દેત ।।*

**ભાવાર્થઃ- તમારા ઘરે કોઈ અતિથિ આવી જાય તો આદરની સાથે ભોજન તથા આરામ કરવા માટે પથારી પોતાની આર્થિક પરિસ્થિતિ અનુસાર સદાય સમય પ્રમાણે આપવી જોઈએ.**

*સોઈ મ્લેચ્છ સમ જાનિયે, ગૃહી જો દાન વિહીન ।*
*યહી કારણ નિત દાન કરે, જો નર ચતુર પ્રવિન ।।*

**ભાવાર્થઃ- જે ગૃહસ્થ વ્યક્તિ દાન નથી કરતો, તે તો મ્લેચ્છ એટલે કે દુષ્ટ વ્યક્તિ જેવો છે. એટલા માટે હે બુદ્ધિમાન ! નીત (સદાય) દાન કરો.**

*પાત્ર કુપાત્ર વિચાર કે તબ દીજૈ તાહિ દાન ।*
*દેતા લેતા સુખ લહ અન્ત હોય નહીં હાન ।।*

**ભાવાર્થઃ- દાન કુપાત્રને નહીં આપવું જોઈએ. સુપાત્રને દાન ખુશી (આનંદ)થી આપવું જોઈએ. સુપાત્ર ગુરૂદેવને કહેવામાં આવ્યા છે. પછી કોઈ ભૂખ્યો છે તો તેને ભોજન આપવું જોઈએ. રોગીનો ઉપચાર (ઇલાજ) પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે ધન આપીને કરવો. પૂર પીડિતો, ભૂકંપ પીડિતોને સમૂહ બનાવીને ભોજન, કપડાં, પોતાના હાથો વડે આપવાને સુપાત્રને આપેલ દાન કહ્યું છે. એનાથી કોઈ હાનિ (નુકસાન) નથી થતું.**

**ધર્મ બોધ પાના નં. 179નો સારઃ-**

*કબીર, ફલ કારણ સેવા કરૈ, નિશદિન યાચૈ રામ ।*
*કહ કબીર સેવા નહીં, જો ચાહે ચૌગુને દામ ।।*

**ભાવાર્થઃ- જો કોઈ કાર્યની સિદ્ધિ માટે સેવા (પૂજા) કરે છે. દિવસ-રાત પરમાત્મા પાસે માંગ્યા જ કરે છે. એવા વ્યક્તિ માટે પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે એવી સેવા તે સેવા (પૂજા) નથી કે જે ચાર ગણું ધન સેવા (પૂજા)ના બદલામાં ઇચ્છા કરે છે.**

*કબીર, સજ્જન સગે કુટુમ્બ હિતુ, જો કોઈ દ્વારૈ આવ ।*
*કબહુ નિરાદર ન કીજીયે, રાખૈ સબ કા ભાવ ।।*

**ભાવાર્થઃ-** **ભદ્ર પુરૂષો, સગા-સંબંધી, કુટુંબી-પરિવારજનો (પરિવારના સભ્યો) તથા હિતેચ્છુઓ પૈકી કોઈ પણ તમારા દ્વારે આવે તો ક્યારેય અનાદર નહીં કરવો જોઈએ. બધાનો ભાવ રાખવો જોઈએ.**

*કબીર, કોડી-કોડી જોડી કર કીને લાખ કરોર ।*
*પૈસા એક ના સંગ ચલૈ, કેતે દામ બટોર ।।*

**ભાવાર્થઃ-** **દાન ધર્મમાં પૈસો ખર્ચ કર્યો નહીં, લાખો-કરોડો રૂપિયા જમા કરી લીધા. સંસાર છોડીને જતી વખતે એક પૈસો પણ સાથે નહીં આવે ભલે ને ગમે તેટલું ધન ભેગું કરી લો.**

*જો ધન હરિકે હેત, ધર્મ રાહ નહીં લગાત ।*
*સો ધન ચોર લબાર ગહ, ધર છાતી પર લાત ।।*

**ભાવાર્થઃ-** **જે ધન પરમાત્માના નિમિત્તે ખર્ચ નથી થતું. ક્યારેય ધર્મ કર્મમાં નથી વપરાતું, તેના ધનને ડાકૂ, ચોર, લૂંટારા છાતી પર લાત મારીને એટલે કે ડરાવી - ધમકાવીને ઝૂંટવીને લઈ જાય છે.**

*સત કા સૌદા જો કરૈ, દમ્ભ છલ છિદ્ર ત્યાગૈ ।*
*અપને ભાગ કા ધન લહૈ, પરધન વિષ સમ લાગૈ ।।*

**ભાવાર્થઃ-** **પોતાના જીવનમાં પરમાત્માથી ડરીને (બીક રાખીને) સત્યના આધારે બધા કર્મ કરવા જોઈએ, જે ધન પોતાના ભાગ્યમાં લખેલું છે, તેટલામાં જ સંતોષ કરવો જોઈએ. પર ધનને વિષ (ઝેર) સમાન સમજે.**

*ભૂખા જહિ ઘર તે ફિરૈ, તાકો લાગૈ પાપ ।*
*ભૂખોં ભોજન જો દેત હૈ, કટૈં કોટિ સંતાપ ।।*

**ભાવાર્થઃ-** **જે ઘરેથી કોઈ ભૂખ્યો પાછો વળે છે (જાય છે), તેને પાપ લાગે છે. ભૂખ્યાઓને ભોજન આપવાવાળાના કરોડો વિઘ્નો ટળી જાય છે.**

*પ્રથમ સંત કો જીમાઈએ, પીછે ભોજન ભોગ ।*
*ઐસે પાપ કો ટાલિયે, કટે નિત્ય કા રોગ ।।*

**ભાવાર્થઃ-** **અગર તમારા ઘરે કોઈ સંત (ભક્ત) આવી જાય તો પહેલા તેને ભોજન કરાવવું જોઈએ અને બાદમાં પોતે ભોજન ખાવું જોઈએ. આ પ્રમાણે પોતાના માથે નિત્ય આવનાર પાપના કારણરૂપ કષ્ટ (દુઃખ)ને ટાળવું જોઈએ.**

**ધર્મ બોધ પાના નં. 180 નો સારઃ-**

*કબીર, યદ્યપિ ઉત્તમ કર્મ કરિ, રહૈ રહિત અભિમાન ।*
*સાધુ દેખી સિર નાવતે, કરતે આદર માન ।।*

**ભાવાર્થઃ-** **અભિમાન ત્યજીને શ્રેષ્ઠ કર્મ કરવાં જોઈએ. સંત,ભક્તને આવતા જોઈને શીશ (માથું) નમાવીને પ્રણામ તથા સન્માન કરવું જોઈએ.**

*કબીર, બાર-બાર નિજ શ્રવણતેં, સુને જો ધર્મ પુરાણ ।।*
*કોમલ ચિત ઉદાર નિત, હિંસા રહિત બખાન ।।*

**ભાવાર્થઃ- ભક્ત માટે જરૂરી છે કે તે વારંવાર ધર્મ કર્મના વિષયમાં સત્સંગ જ્ઞાન સાંભળે અને પોતાનું ચિત્ત કોમળ રાખે. અહિંસા પરમ ધર્મ છે - એવા અહિંસા સંબંધી (અહિંસાને લગતા) પ્રવચન સાંભળવા જોઈએ.**

*કબીર, ન્યાય ધર્મયુક્ત કર્મ સબ કરૈં, ન કર ના કબહૂ અન્યાય ।*
*જો અન્યાયી પુરૂષ હૈં, બન્ધેં યમપુર જાઐં ।।*

**ભાવાર્થઃ- હંમેશા / સદાય ન્યાયયુક્ત કર્મ કરવા જોઈએ. ક્યારેય પણ અન્યાય ન કરવો જોઈએ. જે અન્યાય કરે છે, તે યમરાજના લોકમાં નરકમાં જાય છે.**

**ધર્મ બોધ પાના નં. 181નો સારઃ-**

*કબીર, ગૃહ કારણ મેં પાપ બહુ, નિત લાગૈ સુન લોય ।*
*તાહિતે દાન અવશ્ય હૈ, દૂર તાહિતે હોય ।।*
*કબીર, ચક્કી ચૌંકે ચૂલ્હ મેં, ઝાડૂ અરૂ જલપાન ।*
*ગૃહ આશ્રમી કો નિત્ય યહ, પાપ પાંચૈ વિધિ જાન ।।*

**ભાવાર્થઃ- ગૃહસ્થીને લોટ દળવામાં, જમવાનું બનાવવામાં ચૂલામાં અગ્નિ બાળવામાં આવે છે, ચૌંકો એટલે કે લીંપવામાં તથા ઝાડુ વાળવામાં તેમજ જમવા તથા પીવામાં પાંચ પ્રકારથી પાપ લાગે છે. હે સંસારી લોકો ! સાંભળો ! આ કારણોથી તમને નિત્ય (દરરોજ) પાપ લાગે છે. એટલા માટે દાન કરવું ખાસ જરૂરી છે. આ પાપ દાન કરવાથી નાશ થશે.**

*કબીર, કછુ કટેં સત્સંગ તે, કછુ નામ કે જાપ ।*
*કછુ સંત કે દર્શતે, કછુ દાન પ્રતાપ ।।*

**ભાવાર્થઃ- ભક્તના પાપ કેટલીયે ધાર્મિક ક્રિયાઓથી સમાપ્ત થાય છે. કેટલાંક પાપ સત્સંગ સાંભળવાથી, કેટલાંક જ્ઞાન યજ્ઞથી, કેટલાંક નામ-જાપથી, કેટલાંક સંતના દર્શન કરવાથી તથા કેટલાંક દાનના પ્રભાવથી સમાપ્ત થાય છે.**

**જે પ્રમાણે પહેરેલા વસ્ત્રો, ધૂળ-માટી લાગવાથી મેલા થઈ જાય છે તો તે મેલા વસ્ત્રોને પાણી-સાબુથી ધોવા પડે છે. આ જ પ્રમાણે નિત્ય (દરરોજ) કાર્યમાં પાપ લાગવાં સ્વાભાવિક છે. આ જ પ્રમાણે વસ્ત્રની જેમ સત્સંગ વચન, નામ સ્મરણ, દાન તથા સંત દર્શનરૂપી સાબુ-પાણીથી આત્માને નિત્ય (દરરોજ) ધોવાથી આત્મા નિર્મળ રહે છે. ભક્તિમાં મન લાગેલું રહે છે.**

*કબીર, જો ધન પાય ન ધર્મ કરત, નાહીં સદ્ વ્યૌહાર ।*
*સો પ્રભુ કે ચોર હૈં, ફિરતે મારો માર ।।*

**ભાવાર્થઃ- જે ધન પરમાત્માએ માનવને આપ્યું છે, તેમાંથી જે દાન નથી કરતા અને નથી સારું આચરણ કરતા, તે બધા પરમાત્માના ચોર છે, જે માયા ભેગી કરવાની ધૂનમાં માર્યા-માર્યા (ભટકતોને-ભટકતો) ફરે છે. સંત ગરીબદાસજીએ પણ કહ્યું છે કેઃ-**

*જિન હર કી ચોરી કરી ઔર ગએ રામ ગુણ ભૂલ ।*
*તે વિધના બાગુલ કિએ, રહે ઊર્ધ મુખ ઝૂલ ।।*

**ભાવાર્થઃ- આ જ પ્રમાણ ગીતા અધ્યાય-3 શ્લોક 10 થી 13માં કહ્યું છે કે જે ધર્મ-કર્મ નથી કરતા, જે પરમાત્મા દ્વારા મળેલ ધનથી દાન વિગેરે ધર્મ કાર્ય નથી કરતા, એ તો ચોર છે. તેઓ તો પોતાના શરીર પોષણ માટે જ અન્ન પકાવે છે. ધર્મમાં નથી લગાડતા, એ તો પાપ જ ખાય છે.**

### ''બાળકોને શિક્ષણ અવશ્ય આપવું જોઇએ''

*કબીર, માત પિતા સો શત્રુ હૈં, બાલ પઢાવૈં નાહિં ।*
*હંસન મેં બગુલા યથા, તથા અનપઢ સો પંડિત માહીં ।।*

**ભાવાર્થઃ-** જે માતા-પિતા પોતાના બાળકોને ભણાવતા નથી તે પોતાના બાળકોના શત્રુ છે. અશિક્ષિત વ્યક્તિ શિક્ષિત વ્યક્તિઓમાં એવો હોય છે જેમ કે હંસ પક્ષીઓમાં બગલો. અહીં ભણાવવાનું તાત્પર્ય (કારણ/હેતુ) ધાર્મિક જ્ઞાન કરાવવાથી છે, સત્સંગ વિગેરે સાંભળવાથી છે.

અગર કોઈ વ્યક્તિને આધ્યાત્મિક જ્ઞાન નથી તો તે શુભ-અશુભ કર્મોને નથી જાણી શકતો. જે કારણવશ તે પાપ કરતો રહે છે. જે સત્સંગ સાંભળે છે, તેમને સંપૂર્ણ કર્મોનું તથા અધ્યાત્મનું જ્ઞાન થઈ જાય છે તે ક્યારેય પાપ નથી કરતો. તે હંસ પક્ષીના જેવો છે - જે સરોવરમાંથી ફક્ત મોતી ખાય છે, જીવ-જંતુ, માછલી વગેરે-વગેરે નથી ખાતો. આનાથી વિરુદ્ધ અધ્યાત્મ જ્ઞાનહીન વ્યક્તિ બગલા પક્ષી જેવા સ્વભાવનો હોય છે. બગલો પક્ષી, માછલી, કીડા-મકોડા વગેરે-વગેરે જળના જંતુ ખાય છે. શરીરથી બંને (હંસ પક્ષી તથા બગલા પક્ષી) એક જેવા આકાર તથા સફેદ રંગના હોય છે. તેમને જોઈને ઓળખી શકાતા નથી કે કોણ બગલો છે ને કોણ હંસ ? પણ તેમના કર્મોથી ખબર પડી જાય છે. આ જ પ્રમાણે તત્વજ્ઞાન યુક્ત વ્યક્તિ શુભ કર્મોથી તથા તત્વજ્ઞાનહીન (તત્વજ્ઞાન વગરનો) વ્યક્તિ અશુભ કર્મોથી ઓળખી શકાય છે.

*કબીર, પહલે અપને ધર્મ કો, ભલી ભાંતિ સિખલાય ।*
*અન્ય ધર્મ કી સીખ સુનિ, ભટકિ બાલ બુદ્ધિ જાય ।।*

**ભાવાર્થઃ-** **બાળકોને અથવા પરિવારના અન્ય સભ્યોને પહેલા પોતાના ધર્મનું જ્ઞાન પૂર્ણ રૂપથી કરાવવું જોઈએ. જેમને પોતાના ધર્મ એટલે કે ધાર્મિક ક્રિયાઓનું જ્ઞાન નથી, તે બાળક જેવી બુદ્ધિનો હોય છે. તે અન્ય ધર્મ પંથની શિક્ષા (શિક્ષણ) સાંભળીને ભટકી જાય છે. જેમને પોતાના ધર્મ (પંથ) નું સંપૂર્ણ જ્ઞાન છે, તે ભ્રમિત નથી થતા.**

**ધર્મ બોધ પાના નં. 182નો સારઃ-**

*કબીર, જો કછુ ધન કા લાભ હો, શુદ્ધ કમાઈ કીન ।*
*તા ધન કે દશવેં અંશ કો, અપને ગુરૂ કો દીન ।।*
*દશવાં અંશ ગુરૂ કો દીજૈ । અપના જન્મ સફલ કર લીજૈ ।।*

**ભાવાર્થઃ-** **ઈમાનદારીની કમાણીથી જે શુદ્ધ (ચોખ્ખો) લાભ થાય છે, તેનો દસમો ભાગ પોતાના ગુરૂદેવને દાન કરવો જોઈએ.**

*કબીર, જે ગુરૂ નિકટ નિવાસ કરૈ, તો સેવા કર નિત્ય ।*
*જો કછુ દૂર બસૈ, પલ-પલ ધ્યાન સે હિત ।।*

**ભાવાર્થઃ-** **અગર ગુરૂજીનું સ્થાન તમારા નિવાસ (રહેઠાણ)ની પાસે હોય તો દરરોજ સેવા માટે જવું. અગર દૂર છે તો તેમની યાદ (તેમનું સ્મરણ) પળ-પળ કરવી જોઈએ. આનાથી સાધકનું હિત થાય છે એટલે કે લાભ પ્રાપ્ત થાય છે.**

*કબીર, છઠે માસ ગુરૂ દર્શ કરન તે, કબહુ ના ચુકો હંસ ।*
*ગુરૂ દર્શ અરૂ સત્સંગ, વિચાર સો ઉધરૈ જાત હૈ વંશ ।।*
*કબીર, છઠે માસ ના કરિ સકે, વર્ષ મેં કરો ધાય ।*
*વર્ષ મેં દર્શ નહિં કરે, સો ભક્ત સાકિટ ઠહરાય ।।*
*કબીર, જૈ ગુરૂ પરલોક ગમન કરે, સીખ માનિયો શીશ ।*
*હરદમ ગુરૂ કો સાથ જાનિ, સુમરો નિત જગદીશ ।।*
*કબીર, ગુરૂ મરા મત જાનિયો, વસ્ત્ર ત્યાગા સ્થૂલ ।*
*સૂક્ષ્મ દેહી ગમન કરિ, ખિલા અમર વહ ફૂલ ।।*
*કબીર, સતલોક મેં બૈઠી કર, ગુરૂ નિરખૈ તોહે ।*
*ગુરૂ તજ ના ઔર માનિયો, અધ્યાત્મ હાનિ હોય ।।*
*કબીર, ગુરૂ કે શિષ્ય કી જગદીશ કરૈ સહાય ।*
*નામ જપૈ અરૂ દાન ધર્મ મેં કબહૂ ન અલસાય ।।*

*કબીર, જૈસે રવિ આકાશ સે, સબકે સાથ રહાય ।*
*ઉષ્ણતા અરૂ પ્રકાશ કો દૂરહી તે પહુંચાય ॥*
*કબીર, એસે ગુરૂ જહાં બસે સબ પર કરે રજા ।*
*ગુરૂ સમીપ જાનકર સકલ વિકાર કરત લજા ॥*

**ભાવાર્થ:-** ગુરૂજીના દર્શન છ મહિને એક વાર જરૂરથી કરો. સત્સંગ અને ગુરૂ દર્શનથી પૂરો વંશ મુક્ત થઈ જાય છે. અગર છઠ્ઠા માસે દર્શન નથી કરી શકતો તો વર્ષમાં બેસબ્રા (અધીરો) થઈને એટલે કે અતિ (ખૂબ) ઉત્સાહ સાથે દર્શન કરવા જાય. અગર એક વર્ષમાં ગુરૂ દર્શન નથી કરતો તો તે શિષ્યને ભક્તિહીન માનવામાં આવે છે.

અગર ગુરૂજી સતલોક ચાલ્યા ગયા તો તેમની શિક્ષાને આધાર માનીને પોતાના ધર્મ-કર્મ કરતા રહો. પોતાના ગુરૂદેવને પળ-પળ પોતાની સાથે સમજીને પરમેશ્વરનું ભજન કરો. ગુરૂજીએ જે મંત્રો આપેલ છે, તેમનો જાપ કરવો જોઈએ.

ગુરૂજીને મૃત્યુ પામેલા (મરેલા) ન સમજો, આ તો સ્થૂળ શરીર ત્યાગ્યું છે, જેમ કે વસ્ત્ર ઉતારી દેવામાં આવે છે છતાં પણ શરીર તો સુરક્ષિત રહે છે. આ જ પ્રમાણે સ્થૂળ શરીરરૂપી વસ્ત્ર ત્યાગ્યું છે. નૂરી શરીરથી સતલોક ચાલ્યા ગયા છે. ત્યાં આગળ અમરત્વ પ્રાપ્ત કરી લીધું છે. આપની રાહ જોઈ રહ્યા છે. આપજીને પણ જવાનું તો છે જ. વગર મરે (સ્થૂળ શરીર ત્યાગ્યા વગર) સત્યલોક જઈ શકાતું નથી. આ તો શિષ્યોને પણ છોડવાનું (ત્યાગવાનું) છે. પછી ગુરૂજીના શરીર ત્યાગવાનો શોક (ગમ) ન કરીને તેમના દ્વારા બતાવવામાં આવેલી સાધના કરો તથા મર્યાદાનું પાલન કરતા રહીને પોતાનું જીવન સફળ બનાવો.

ગુરૂદેવ સતલોકમાં બેસીને તમને જોઈ રહ્યા હોય છે. ગુરૂજીના સંસાર છોડી ગયા પછી અન્ય (બીજા)ને ગુરૂ રૂપમાં જોવા નહીં, નહીં તો ભક્તિની હાનિ (નુકસાન) થઈ જશે.

ગુરૂજીના ઉપદેશી શિષ્યની પરમેશ્વર સહાયતા કરે છે. શિષ્યએ ગુરૂજી દ્વારા બતાવવામાં આવેલ નામ-જાપ તથા દાન-ધર્મ કરવામાં ક્યારેય આળસ નહીં કરવી જોઈએ.

જેમ કે સૂર્ય આકાશમાં રહીને દૂરથી જ બધાને ઉષ્ણતા (ગરમી) તથા પ્રકાશ પ્રદાન કરે છે, તે દૂર હોવા છતાં બધાને પોતાની સાથે જ દેખાય છે. આ જ પ્રમાણે ગુરૂજી કોઈપણ જગ્યા પર બેઠા છે, ત્યાંથી જ પોતાના ભક્તો પર કૃપા કરે છે. ગુરૂજીને નજદીક તથા દૃષ્ટા જાણીને બધા વિષય-વિકારોને કરવામાં શરમ અનુભવ કરીને વિકારોથી દૂર રહો.

**ધર્મ બોધ પાના નં. 183 નો સારઃ-**

*કબીર, કેતે જનકાદિક ગૃહી જો નિજ ધર્મ પ્રવીન ।*
*પાયો શુભગતિ આપ હી ઔરનહૂ મતિ દીન ।।*

**ભાવાર્થઃ- રાજા જનક જેવા ગૃહસ્થી પોતાના ધર્મના વિદ્વાન હતા એટલે કે માનવ કર્મના જ્ઞાની હતા. જેના કારણે પોતે (સ્વયં) પણ શુભ (સારી) ગતિ પ્રાપ્ત કરી એટલે કે સ્વર્ગ પ્રાપ્ત કર્યું તથા બીજાઓને પણ સ્વર્ગ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો.**

*કબીર, હરિ કે હેત ન દેત, ધન દેત કુમાર્ગ માહીં ।*
*ઐસે અન્યાયી અધમ, બાંધે યમપુર જાહીં ।।*

**ભાવાર્થઃ- જે વ્યક્તિ ધર્મ નથી કરતા અને પૈસાનો દુરૂપયોગ કરે છે. શરાબ (દારૂ) પીવે છે, માંસ ખાય છે, તંબાકુનું સેવન કરે છે અથવા વ્યર્થના દેખાવો કરવા (લગ્નોમાં, પાર્ટીઓમાં, શણગારમાં, મહેલો બનાવવામાં વગેરે-વગેર)માં ખર્ચ કરે છે, એવા અન્યાયીઓને બાંધીને નીચ યમલોક એટલે કે નરક લોકમાં લઈ જવામાં આવે છે.**

**''ભક્તનો વ્યવહાર કેવો હોવો જોઈએ ?''**

*નિજ ધન કે ભાગી જેતે સગે બન્ધુ પરિવાર ।*
*જૈસા જાકો ભાગ હૈ દીજૈ ધર્મ સમ્ભાર ।।*

**ભાવાર્થઃ- પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે સંપત્તિના જે પણ અને જેટલા પણ ભાગના કાયદાકીય હકકદાર છે, તેમને પ્રત્યેકને પૂરેપૂરો ભાગ આપવો જોઈએ. એટલે કે ભકતે પોતાના ધર્મ-કર્મને ધ્યાનમાં રાખીને સંપત્તિનો જેટલો ભાગ જેને મળવાપાત્ર છે તે તમામને તેનો હિસ્સો (ભાગ) પરમાત્માની બીક રાખીને પૂરેપૂરો વહેંચી દે (આપી દે).**

**ધર્મ બોધ પાના નં. 184 નો સારઃ-**

*કબીર, ખાટ પડૈ તબ ઝખઈ નયનન આવૈ નીર ।*
*યતન તબ કછુ બનૈ નહીં, તનુ વ્યાપ મૃત્યુ પીર ।।*

**ભાવાર્થઃ- વૃદ્ધ થઈને અથવા રોગી થઈને જ્યારે માનવ ખાટલા પર પડેલો હોય છે અને આંખોથી આંસુ વહી રહ્યા હોય છે, તે સમયે કોઈ બચાવ થઈ શકતો નથી, મૃત્યુના સમયે થવાવાળી પીડા થઈ રહી હોય છે. કહે છે કે જે વ્યક્તિ ભક્તિ નથી કરતા, તેમનો અંત સમય મહાકષ્ટ દાયક હોય છે. તેના પ્રાણ સહેલી રીતે નથી નીકળતા, તેને એટલી બધી પીડા થાય છે જેમ કે એક લાખ વીંછીઓએ તેને ડંખ મારી દીધા હોય. તે સમયે યમના દૂત તેનું ગળુ બંધ કરી દે છે. વ્યક્તિ ન તો બોલી શકે છે, ન તો આખો (પૂરો) શ્વાંસ લઈ શકે છે. કેવળ આંખોથી આંસુઓ નીકળી રહ્યા હોય છે. એટલા માટે ભક્તિ તથા શુભ કર્મ જે ઉપર બતાવ્યા છે, માનવે અવશ્ય કરવા જોઈએ.**

 દીક્ષા લઈને નામનું સ્મરણ કરવું જરૂરી (ફરજિયાત) છે

*કબીર, દેખે જબ યમ દૂતન કો, ઈત ઉત જીવ લુકાય ।*
*મહા ભયંકર ભેષ લખી, ભયભીત હો જાય ॥*

**ભાવાર્થ:- યમના દૂતોનું રૂપ ભયંકર હોય છે. મૃત્યુના સમયે યમદૂત તે જ ધર્મ તથા ભક્તિહીન વ્યક્તિને જ દેખાય છે. તેમને જોઈને ભય (ડર)નો માર્યો તે પ્રાણી પોતાના શરીરમાં જ આમ-તેમ ગમે ત્યાં સંતાઈ જવાનો પ્રયત્ન કરે છે.**

*કબીર, ભક્તિ દાન કિયા નહીં, અબ રહ કાસ કી ઓટ ।*
*માર પીટ પ્રાણ નિકાલહીં, જમ તોડેંગે હોઠ ॥*

**ભાવાર્થ:- ન ગુરૂ કર્યા, ન ભક્તિ કે ન દાન-ધર્મ કર્યા. હવે કોની ઓટ (રક્ષણ / શરણ)માં જઈને બચીશ ? યમના દૂત મારઝૂડ કરીને પ્રાણ કાઢશે અને વિચાર્યા વગર ફટકારશે એટલે કે બેરહેમ થઈને ઝૂડી-ઝૂડીને તારા હોઠ ફાડી નાંખશે. એટલે કે નિર્દયતાપૂર્વક મારશે - ઢોર માર મારશે.**

**ધર્મ બોધ પાના નં. 185-186 પર સામાન્ય જ્ઞાન છે.**

**ધર્મ બોધ પાના નં. 187નો સાર:-**

*કબીર, માન અપમાન સમ કર જાનૈ, તજૈ જગત કી આશ ।*
*ચાહ રહિત સંસ્ય રહિત, હર્ષ શોક નહીં તાસ ॥*

**ભાવાર્થ:- ચાહે ભકતને કોઈ અપમાનિત કરે, તે તરફ ધ્યાન ન આપે. અપમાન કરનારની બુદ્ધિ પર રહેમ કરે (ક્ષમા કરે) અને જે સન્માન કરે છે, તેની તરફ ધ્યાન ન આપે એટલે કે કોઈના સન્માનવશ થઈને પોતાનો ધર્મ ખરાબ ન કરે. હાનિ (નુકસાન) લાભ (ફાયદા)ને પરમાત્માની દેન (ભેટ) માનીને સંતોષ કરે.**

*કબીર, માર્ગ ચલૈ અધોગતિ, ચાર હાથ માંહી દેખ ।*
*પર તરિયા પર ધન ના ચાહૈ સમઝ ધર્મ કે લેખ ॥*

**ભાવાર્થ:- ભક્ત રસ્તા પર ચાલતી વખતે નીચુ જોઈને ચાલે. ભકતની દષ્ટિ ચાલતી વખતે ચાર હાથ એટલે કે 6 (છ) ફૂટ દૂર સામેની તરફ રહેવી જોઈએ. ધર્મ-કર્મના જ્ઞાનનો વિચાર કરીને પરસ્ત્રી તથા પરધનને જોઈને દોષ દષ્ટિ (ખરાબ નજર) ન કરે.**

*કબીર, પાત્ર કુપાત્ર વિચાર કર, ભિક્ષા દાન જો લેત ।*
*નીચ અકર્મી સૂમ કા, દાન મહા દુઃખ દેત ॥*

**ભાવાર્થ:- સંત એટલે કે ગુરૂએ પોતાના શિષ્ય સિવાય કોઈ અન્ય પાસેથી દાન-ભિક્ષા લેવી જોઈએ નહીં. કુકર્મી તથા અધર્મીનું ધન ખૂબ જ દુઃખી કરે છે.**

**પાના નં. 188 પર સામાન્ય જ્ઞાન છે.**

**ધર્મ બોધના પાના નં. 189 પરઃ-**

*કબીર, ઈન્દ્રી તત્ત્વ પ્રકૃતિ સે, આત્મ જાન પાર ।*
*જાપ એક પલ નહીં છૂટૈ, ટૂટ ન પાવૈ તાર ।।*

**ભાવાર્થઃ- આત્માને પાંચેય તત્વોથી જુદો જાણો. શરીર આત્મા નથી. નિરંતર સતનામનો જાપ કરો.**

*કબીર, જબ જપ કરિ કે થક ગએ, હરિ યશ ગાવે સંત ।*
*કૈ જિન ધર્મ પુરાણ પઢે, ઐસો ધર્મ સિદ્ધાંત ।।*

**ભાવાર્થઃ- અગર ભક્ત જાપ કરતા કરતા થાકી જાય તો પરમાત્માની મહિમાની વાણી વાંચે, અગર યાદ છે તો ગાઈ લે અથવા પોતાના ધર્મના પુસ્તકો વાંચે, આ ધાર્મિક સિધ્ધાંત છે.**

**ધર્મબોધના પાના નં. 190નો સારઃ-**

*કબીર, જ્ઞાની રોગી અર્થાર્થી જિજ્ઞાસુ યે ચાર ।*
*સો સબ હી હરિ ધ્યાવતે જ્ઞાની ઉતરે પાર ।।*

**ભાવાર્થઃ- પરમાત્માની ભક્તિ ચાર પ્રકારના વ્યક્તિઓ કરે છે.**

**(1) જ્ઞાનીઃ- જ્ઞાનીને વિશ્વાસ થઈ જાય છે કે માનવજીવન ફક્ત પરમાત્માની ભક્તિ કરીને જીવનું કલ્યાણ કરાવવાને માટે જ પ્રાપ્ત થાય છે. તેમને આ સમજણ પણ હોય છે કે ફક્ત એક પૂર્ણ પરમાત્માની ભક્તિથી મોક્ષ થશે, અન્ય દેવી-દેવતાઓની ભક્તિથી જન્મ-મરણનો કલેશ (રોગ) નહીં મટે. પૂર્ણ સતગુરૂ પાસેથી દીક્ષા લીધા બાદ જ વાત બનશે. એટલા માટે જ્ઞાની ભક્ત પાર થાય છે.**

**(2) અર્થાર્થીઃ- જે ધન લાભ માટે જ ભક્તિ કરે છે.**

**(3) આર્ત એટલે કે સંકટ ગ્રસ્તઃ- કેવળ પોતાના સંકટનો નાશ કરવા માટે ભક્તિ કરે છે.**

**(4) જિજ્ઞાસુઃ- જિજ્ઞાસુ પરમાત્માનું જ્ઞાન અધૂરું જ સમજે છે (પૂરું જ્ઞાન સમજ્યા વગર, ફક્ત અધૂરું જ્ઞાન સમજી લે છે) અને વક્તા બનીને મહિમાની ભૂખમાં જીવન નાશ કરી જાય છે. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-7 શ્લોક 16-17 માં પણ છે.**

**ધર્મ બોધ પાના નં. 191નો સારઃ-**

*કબીર, ક્ષમા સમાન ન તપ, સુખ નહીં સંતોષ સમાન ।*
*તૃષ્ણા સમાન નહીં બ્યાધી કોઈ, ધર્મ ન દયા સમાન ।।*

**ભાવાર્થઃ-** પરમેશ્વર કબીરજીએ કહ્યું છે કે ક્ષમા આપવી એ બહુ મોટું તપ છે, એના સમાન કોઈ તપ નથી. સંતોષ તુલ્ય કોઈ સુખ નથી. કોઈ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા સમાન કોઈ આપદા (તકલીફ) નથી અને દયા સમાન કોઈ ધર્મ નથી.

*કબીર, યોગ (ભક્તિ) કે અંગ પાંચ હૈં, સંયમ મનન એકાંત ।*
*વિષય ત્યાગ નામ રટન, હોયે મોક્ષ નિશ્ચિન્ત ।।*

**ભાવાર્થઃ-** ભક્તિના ચાર આવશ્યક પ્રકાર છે. સંયમ એટલે ક દરેક કાર્યમાં સંયમ રાખવો જોઈએ. ધન સંગ્રહ કરવામાં, બોલવામાં, ખાવા-પીવામાં, વિષય ભોગોમાં સંયમ રાખે એટલે કે ભક્ત એ ઓછું બોલવું જોઈએ, વિષય વિકારોનો ત્યાગ કરવો જોઈએ. પરમાત્માનું ભજન તથા પરમાત્માની વાણી - પ્રવચનોનું મનન કરવું અનિવાર્ય (ફરજિયાત) છે. આવી રીતે સાધના તથા મર્યાદા પાલન કરવાથી મોક્ષ ચોકકસપણે પ્રાપ્ત થાય છે.

**❋ પૂર્ણપરમાત્મા ભક્તની ઉંમર (આયુષ્ય) પણ વધારી દે છેઃ-**

ઋગ્વેદ મંડલ-**10** સૂક્ત **161** મંત્ર **2** માં કહ્યું છે કે પૂર્ણ પ્રભુ પોતાના ભક્તનો રોગ સમાપ્ત કરી દે છે. અગર રોગીની ઉંમર (આયુષ્ય) બાકી ન હોય, તે મૃત્યુ દેવતાની પાસે જવાની તૈયારીમાં હોય તો પણ પરમાત્મા તેને સ્વસ્થ કરીને શત વર્ષ એટલે કે સો વર્ષ સુધી જીવન આપી દે છે. તેની ઉંમર (આયુષ્યમાં) વૃદ્ધિ કરી દે છે (વધારી આપે છે). વાંચો ''કબીર સાગર'' ના અધ્યાય ''ગરૂડ બોધ'' માં પ્રમાણઃ-

## ✪ અધ્યાય ''ગરૂડ બોધ''નો સાર

કબીર સાગરમાં અધ્યાય-**11** ''ગરૂડ બોધ'' પાના નં. **65** (**625**) ઉપર છેઃ-

પરમેશ્વર કબીરજીએ ધર્મદાસજીને બતાવ્યું કે મેં વિષ્ણુજીના વાહન પક્ષીરાજ ગરૂડને ઉપદેશ આપ્યો. તેને સૃષ્ટિ રચના સંભળાવી. અમરલોકની કથા સત્ય પુરૂષની મહિમા સાંભળીને ગરૂડદેવ અચંભિત થઈ ગયા. તેમને પોતાના કાનો ઉપર વિશ્વાસ ન થયો. મનમાં ને મનમાં વિચાર કરી રહ્યા હતા કે હું આજે આ શું સાંભળી રહ્યો છું ? હું કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહ્યો. હું કોઈ અન્ય (બીજા) દેશમાં તો નથી ચાલ્યો ગયો ને. જે દેશ તથા પરમાત્મા બાબતે મેં સાંભળી રાખ્યું છે, તે જાણે મારી સામે ચલચિત્ર રૂપમાં ચાલી રહ્યું છે. જ્યારે ગરૂડ દેવ આ વિચારોમાં ખોવાયેલ હતા ત્યારે મેં કહ્યું, હે પક્ષીરાજ ! શું મારી વાતો તમને જૂઠી લાગે છે (તમે મારી વાતને

જૂઠી માનો છો). તમે ચુપ થઈ ગયા છો. અગર કોઈ શંકા હોય તો પ્રશ્ન કરો, જેથી તેનું સમાધાન થઈ શકે. અગર તમને મારી વાણીથી દુઃખ થયું છે તો ક્ષમા કરો. મારા આ વચનોને સાંભળીને ખગેશ (ગરૂડ)ની આંખો ભીની થઈ ગઈ (રડવા લાગ્યો) અને બોલ્યો કે હે દેવ ! આપ કોણ છો ? આપનો ઉદ્દેશ્ય શું છે ? આટલું કડવું સત્ય બતાવ્યું છે જે હજમ નથી થઈ રહ્યું (સમજની બહાર છે). જે આપે અમરલોકમાં અમર પરમેશ્વર બતાવ્યો છે, અગર તે સત્ય છે તો અમને દગો દઈને રાખવામાં આવ્યા છે, અમને ગફલતમાં રાખવામાં આવેલ છે. અગર આ વાત અસત્ય (ખોટી) છે તો આપ નિંદાને પાત્ર છો, અપરાધી છો. અગર સત્ય છે તો ગરૂડ આપનો ખાસ દાસ છે. પરમેશ્વર કબીરજીએ ધર્મદાસજીને બતાવ્યું કે મેં કહ્યું, હે ગરૂડદેવ ! જે શંકા તમને થઈ છે, એ સ્વાભાવિક છે. પરંતુ તમે સંયમથી કામ લીધું છે. જે આપની મહાનતા છે, પરંતુ હું જે તમને અમરપુરૂષ તથા સત્યલોકની જાણકારી આપી રહ્યો છું, તે પરમ સત્ય છે. મારું નામ કબીર છે. હું તેજ અમરલોકનો નિવાસી છું. તમને કાળ બ્રહ્મે ભ્રમિત કરી રાખ્યા છે. આ જ્ઞાન બ્રહ્મા, વિષ્ણુ તથા શિવજીને પણ નથી. તમે વિચાર કરો ગરૂડજી! જીવનો જન્મ થાય છે - આનંદથી રહેવા લાગે છે. પરિવાર વિસ્તાર પામે છે. તેના (પરિવારના) પાલન-પોષણમાં સાંસારિક પરંપરાઓનો નિર્વાહ કરતા કરતા વૃદ્ધ (ઘરડો) થઈ જાય છે. જે પરિવારને જોઈ જોઈને પોતાને ધન્ય માનેછે. તે જ પરિવારને ત્યાગીને સંસાર છોડીને મજબૂરીમાં જવું પડે છે. સ્વયં પણ રડી રહ્યો છે, અંતિમ (છેલ્લા) શ્વાસ ગણી રહ્યો છે, પરિવાર પણ દુઃખી છે. આ શું રીતિ છે ? શું આ યોગ્ય છે ? ગરૂડ દેવ બોલ્યા, હે કબીર દેવ ! આ તો સંસારનું વિધાન છે. જન્મ્યો છે તો મૃત્યુ (મરવાનું) પણ છે. પરમેશ્વરજીએ કહ્યું કે શું કોઈ મરવા ઈચ્છે છે ? શું કોઈ વૃદ્ધાવસ્થા પસંદ કરે છે? ગરૂડ દેવે ઉત્તર આપ્યો નહીં. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે અગર એવું હોય કે ન વૃદ્ધાવસ્થા હોય, ન મૃત્યુ હોય તો કેવું લાગશે ?ગરૂડ દેવજીએ કહ્યું કે પછીતો કહેવું જ શું ? એવું થઈ જાય તો આનંદ થઈ જાય. પરંતુ આ તો સ્વપ્નના વિચાર જેવું છે. હે ધર્મદાસ ! મેં કહ્યું કે વેદો તથા પુરાણોને આપ શું માનો છો ? સત્ય કે અસત્ય? ગરૂડ દેવજીએ કહ્યું પરમ સત્ય.

દેવી પુરાણના ત્રીજા સ્કંદમાં સ્વયં વિષ્ણુજીએ કહ્યું છે કે હે માતા ! તમે શુદ્ધ સ્વરૂપા છો. આ સંસાર તમારાથી જ ઉદ્‌ભાષિત થઈ રહ્યો છે. હું, બ્રહ્મા તથા શંકર આપની કૃપાથી જ વિદ્યમાન છીએ. અમારો તો આર્વિભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થયા કરે છે.

પરમેશ્વર કબીરજીના મુખ કમળથી આવા સટીક (પાક્કા) પ્રમાણ સાંભળીને ગરૂડદેવ ચરણોમાં પડી ગયા. પોતાને ભાગ્યશાળી ગણાવીને કહ્યું કે જે દેવસૃષ્ટિની રચના, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, દુર્ગા તથા નિરંજન સુધીની ઉત્પત્તિ જાણે છે, તે જ રચનહાર પરમેશ્વર છે. આજ સુધી કોઈએ આવું જ્ઞાન નથી બતાવ્યું. અગર આ અંગેની જાણકારી કોઇ જીવને હોત તો, પછી ભલેને તે ઋષિ-મહર્ષિ પણ હોય તે અવશ્ય જ કથા કરતો. મેં મોટા મોટા મંડલેશ્વરોના પ્રવચન સાંભળ્યા છે. કોઈની પાસે આ જ્ઞાન નથી. એમને વેદો તથા ગીતાનું પણ જ્ઞાન નથી. આપ પોતાને છુપાવીને રહ્યા છો. મેં આપને ઓળખી લીધા છે. કૃપા કરીને મને શરણમાં લઈ લો પરમેશ્વર.

પરમેશ્વર કબીરજીએ ગરૂડને કહ્યું કે તમે પહેલા પોતાના સ્વામીજી શ્રી વિષ્ણુજીથી આજ્ઞા લઈ લો કે હું મારું કલ્યાણ કરાવવા ઈચ્છું છું. એક મહાન સંત મને મળ્યા છે. મેં તેમનું જ્ઞાન સાંભળ્યું છે. અગર આજ્ઞા હોય તો હું પોતાનું કલ્યાણ કરાવી લઉં. હું આપનો દાસ - નોકર છું, આપ માલિક છો. આપણે મોટા ભાગનો સમય સાથે ગુજારવાનો છે. અગર હું છાનોમાનો દીક્ષા લઈશ તો આપને દુઃખ થશે. ગરૂડે એવું જ કર્યું. વિષ્ણુજીને બધી વાત કહી. શ્રી વિષ્ણુજીએ કહ્યું કે હું તમને રોકતો નથી (ના નથી પાડતો) તમે સ્વતંત્ર છો. તમે સારું કર્યું કે સત્ય કહી દીધું. મને કોઈ વાંધો નથી.

હે ધર્મદાસ ! મેં ગરૂડને પ્રથમ મંત્ર દીક્ષા પાંચ નામ (કમળોને ખોલવાવાળા દરેક દેવની સાધનાના નામ) ની આપી. ગરૂડ દેવએ કહ્યું કે હે ગુરૂદેવ ! આ મંત્ર તો આ જ દેવતાઓના છે. અમર પુરૂષનો મંત્ર તો નથી. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે આ તેમની પૂજાના મંત્ર નથી. આ મંત્રો એ દેવતાઓને પોતાના અનુકૂળ કરીને તેમની જાળમાંથી છુટવાની ચાવી **(key)** છે. એમના વશીકરણ મંત્રો છે. જેમ કે પાડાને આકર્ષિત કરવા માટે અગર તેને પાડો-પાડો એવા નામથી બોલાવીએ તો તે અવાજ કરવાવાળાની તરફ બિલકુલ જોતો નથી. પણ જ્યારે તેનું વશીકરણ નામ બોલવામાં આવે છે હુરર - હુરર / હાંય-હાંય તો તે તરત જ પ્રભાવથી સચેત (સક્રિય) થઈ જાય છે અને અવાજ કરનારની તરફ દોડી આવે છે. અવાજ કરવાવાળો વ્યક્તિ તે પાડાની મદદથી પોતાની ભેંસને ગર્ભ ધારણ કરાવે છે. આ જ પ્રમાણે આપ અગર શ્રી વિષ્ણુજીના અન્ય કોઈ નામનો જાપ કરતા રહેશો, તો તે ધ્યાન નહીં આપે. જ્યારે આપ આ મંત્રનો જાપ કરશો તો વિષ્ણુ દેવજી તરત જ પ્રભાવિત થઈને સાધકની સહાયતા કરે છે. આ દેવતા ત્રણેય લોકો (પૃથ્વી, સ્વર્ગ તથા પાતાળ) ના પ્રધાન દેવતા છે. તે ફક્ત અગાઉથી લખાયેલ / નક્કી

થયેલ સંસ્કારરૂપી કર્મમાં લખ્યું હોય તે જ આપી શકે છે. આ મંત્રના જાપથી અમારાં પુણ્યો વધારે તથા ભક્તિ ધન વધારે સંગ્રહિત (ભેગું) થઈ જાય છે. તેના પ્રતિફળ રૂપે આ દેવતા સાધકની મદદ કરે છે. આ પ્રમાણે એમની સાધના તથા પૂજાનો તફાવત સમજવાનો છે. જેમકે આપણે કેરીનું ફળ ખાવું છે તો પહેલા મહેનત, મજૂરી, નોકરી કરીશું અને તેના વળતર રૂપે જે પૈસા (ધન) હાથમાં આવે તેનાથી કેરી ખાવા મળે છે. નોકરી કોઈ પૂજા નથી. તે સમયે અમારું પૂજ્ય (કેરી) હોય છે. પૂજ્યની પ્રાપ્તિ માટે કરવામાં આવેલ પ્રયત્નને નોકરી જાણો. આ જ પ્રમાણે આપણા પૂજ્ય પરમેશ્વર કબીરજી છે તથા અમરલોક છે. તેના માટે આપણે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, શ્રી શિવ, શ્રી ગણેશ તથા શ્રી દુર્ગાજીની મજૂરી કરીએ છીએ, સાધના કરીએ છીએ. પૂજા પરમેશ્વરની કરીએ છીએ. ગરૂડજી ખૂબ પ્રસન્ન થયા અને આ અમૃત જ્ઞાનની ચર્ચા અર્થે શ્રી બ્રહ્માજીને મળ્યા. તેમને બતાવ્યું કે મેં એક મહર્ષિ પાસેથી અદ્‌ભુત જ્ઞાન સાંભળ્યું છે. મને તેમનું જ્ઞાન સાચુ લાગ્યું છે. તેમણે બતાવ્યું કે આપ (બ્રહ્મા), વિષ્ણુ તથા શિવ નાશવાન છો, પૂર્ણ કરતાર નથી. આપ ફક્ત ભાગ્યમાં લખેલું જ આપી શકો છો. આપ કોઈની ઉંમર (આયુષ્ય) વધારી નથી શકતા. આપ કોઈના કર્મ વધ-ઘટ નથી કરી શકતા. પૂર્ણ પરમાત્મા અન્ય છે, અમરલોકમાં રહે છે - તે પાપ કર્મ કાપી દે છે. તે મૃત્યુને ટાળી દે છે. આયુષ્ય/ઉંમર વધારી દે છે. જે અંગેના પ્રમાણ વેદોમાંથી બતાવ્યા છે. ઋગ્વેદ મંડલ નં. 10 સૂક્ત 161 મંત્ર-2માં કહ્યું છે કે રોગીનો રોગ વધી ગયો છે અને તે મૃત્યુને પ્રાપ્ત થઈ ગયો છે, તો પણ હું તે ભક્તને મૃત્યુ દેવતાથી છોડાવી લાઉં છું, તેને નવજીવન પ્રદાન કરી દઉં છું. તેને પૂર્ણ આયુષ્ય જીવવા માટે આપું છું.

ઋગ્વેદ મંડલ 10 સૂક્ત 161 મંત્ર-5માં કહ્યું છે કે હે પુનર્જન્મ પ્રાપ્ત પ્રાણી ! તું મારી ભક્તિ કરતો રહેજે. અગર તારી આંખો પણ સમાપ્ત થઈ જશે તો તારી આંખો સ્વસ્થ કરી દઈશ, તને મળીશ પણ એટલે કે હું તને પ્રાપ્ત પણ થઈશ.

બ્રહ્માજીને વેદ મંત્રો કંઠસ્થ (મોંઢે) હતા. તરત જ સમજી ગયા, પરંતુ સંસારમાં લોકવેદના આધારે બ્રહ્માજી પોતાની જાતને (પોતાને) પ્રજાપિતા એટલે કે બધાના ઉત્પત્તિકર્તા માની રહ્યા હતા. વેદોને કંઠસ્થ (યાદ - મોઢે) કરી લેવા અલગ વાત છે. જ્યારે વેદ મંત્રોને સમજવા તે વિશેષ (ખાસ) જ્ઞાન છે. માન-અભિમાનને વશ થઇને (સમાજમાં પ્રસ્થાપિત પોતાની ખોટી પ્રશંસાને વશ થઈને) બ્રહ્માજીએ કહ્યું કે વેદોનું જ્ઞાન મારા સિવાય વિશ્વમાં

**કોઈને નથી. એ બધા મંત્રોનો અર્થ ખોટી રીતે કરવામાં આવ્યો છે. કબીર પરમેશ્વરે એવા વ્યક્તિઓના વિષયમાં કહ્યું છે કેઃ-**

*કબીર, જાન બૂઝ સાચ્ચી તજૈં, કરૈ ઝૂઠ સે નેહ ।*
*તાકી સંગત હે પ્રભુ, સ્વપ્ન મેં ભી ના દેય ।।*

**બ્રહ્માજી ગરૂડના વચન સાંભળીને અતિ ક્રોધિત થયા અને કહ્યું કે તારી બુદ્ધિ પક્ષીવાળી છે. તને કોઈ કંઈપણ કહી દે તો તું તેની વાતો પર વિશ્વાસ કરી લે છે. તને પોતાની અકકલ નથી. બ્રહ્માજીએ તે જ સમયે વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર તથા બધા દેવતાઓ અને ઋષિઓને બોલાવી લીધા. સભા ભરવામાં આવી. બ્રહ્માજીએ તેમને બોલાવવાનું કારણ બતાવતા કહ્યું કે ગરૂડ આજે નવી વાત કરી રહ્યો છે કે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ નાશવાન છે. પૂર્ણ પરમાત્મા કોઈ અન્ય છે. તે અમરલોકમાં રહે છે. તમે કર્તા નથી. આ વાત સાંભળી વિષ્ણુજી તથા શિવજી ખૂબ જ ક્રોધિત થયા અને ગરૂડને જેમ બ્રહ્માજીએ મેણાં માર્યા હતાં તેવાં મેણાં માર્યા (દોષ કાઢીને સારું-ખોટું કહ્યું) પછી બધાએ મળીને નિર્ણય કર્યો કે માતા (દુર્ગા)જીથી સત્ય જાણી લઈએ. બધા ભેગા થઈને માતાજી પાસે ગયા. આ જ પ્રશ્ન પૂછ્યો કે શું અમારા (બ્રહ્મા, વિષ્ણુ, શિવ) સિવાય બીજા કોઈ પ્રભુ છે. શું અમે નાશવાન છીએ ? માતાએ તુરંત જ જવાબ આપ્યો કે તમને આ ભ્રમણા (વહેમ) ક્યારથી થઈ ગયો કે તમે અવિનાશી તથા જગતના કર્તા છો. અગર આવું જ છે તો તમે મારા પણ કર્તા (બાપ) થયા, જ્યારે તમારો જન્મ મારી કુખથી થયો છે. વાસ્તવમાં પરમેશ્વર અન્ય છે, તે જ અવિનાશી છે. તે જ બધાનો કર્તા છે. આ વાત સાંભળીને સભા ભંગ થઈ ગઈ, બધા જતા રહ્યા. પરંતુ બ્રહ્મા - વિષ્ણુ - શિવજીના ગળામાં આ સત્ય ઉતરી રહ્યું નહતું. તેમણે ગરૂડને બોલાવ્યો. ગરૂડે આવીને પ્રણામ કર્યા. આદેશ પામીને બેસી ગયો. ત્રણેય દેવતાઓએ કહ્યું, હે પક્ષીરાજ ! તમને કઈ રીતે વિશ્વાસ થાય કે અમે જગતના કર્તા નથી? આપ જે ચાહો તે પરીક્ષા લો. ગરૂડજી ઊભા થઈને ત્યાંથી ઉડીને મારી પાસે (કબીરજીની પાસે) આવ્યા તથા સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે મેં કહ્યું કે બંગ દેશ (વર્તમાનમાં બાંગ્લાદેશ)માં એક બ્રાહ્મણનો 12 વર્ષનો બાળક છે. તેનું આયુષ્ય (ઉંમર) સમાપ્ત થવાનું છે. તે થોડાક જ દિવસનો મહેમાન છે. મેં તે બાળકને શરણમાં લેવા માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવની સ્થિતિ બતાવી, જે ગરૂડ તને બતાવી છે. તે બાળકે બહુ વિવાદ કર્યો અને મારા જ્ઞાનને ન માન્યું (સ્વીકાર્યું નહિ). ત્યારે મેં તે બાળકને કહ્યું કે તારી ઉંમર હવે ફક્ત ત્રણ દિવસ જ બાકી રહી છે. અગર તારા બ્રહ્મા - વિષ્ણુ**

- શિવ સમર્થ છે તો પોતાની રક્ષા તેમની પાસેથી કરાવી લે. હું આટલું કહીને અંતર્ધ્યાન થઈ ગયો. બાળક બેચેન છે. તે બાળકને લઈને દેવતાઓની પાસે જાઓ. તેમનાથી કંઈ થવાનું નથી. પછી તમે મારી સાથે 'ધ્યાન' દ્વારા વાતો કરજો. હું તને આગળ શું કરવાનું છે તે બતાવીશ. ગરૂડજી તે બાળકને લઈને બ્રહ્મા-વિષ્ણુ-શિવની પાસે ગયા. ગરૂડજીએ તે બાળકને સમજાવ્યું કે તું આ (ત્રણેય) દેવતાઓને કહેજે કે હું તમારો ભક્ત છું. મારા દાદા-પરદાદા, પિતા અને મેં પણ સદાય આપની પૂજા કરી છે. મારા જીવનના ફક્ત બે જ દિવસ બાકી રહ્યા છે. મારી ઉંમર પણ શું છે? કૃપા કરી મારી ઉંમર (આયુષ્ય) વધારી દો. બાળકે આ પ્રમાણે વિનંતી કરી તો ત્રણેય દેવતાઓએ તેની ઉંમર વધારવાનો પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ રહ્યા. પછી વિચાર કર્યો કે ધર્મરાજ (ન્યાયાધીશ)ની પાસે જઈએ. બધાનો હિસાબ **(account)** તેની પાસે છે. માટે તેની પાસેથી આ બાળકની આયુષ્ય વૃદ્ધિ કરાવી દઈએ. એમ વિચારીને તેઓ ધર્મરાજ પાસે ગયા. ત્રણેય દેવતાઓએ ધર્મરાજને કહ્યું કે પહેલા તો એ બતાવો કે આ બ્રાહ્મણ બાળકની કેટલી ઉંમર (આયુષ્ય) બાકી છે ? ધર્મરાજે રજિસ્ટર જોઈને બતાવ્યું કે આવતીકાલે આનું (બાળકનું) મૃત્યુ થઈ જશે. ત્રણેય દેવતાઓએ કહ્યું કે તમે (ધર્મરાજ) આ બાળકની ઉંમર વધારી દો. ધર્મરાજે કહ્યું કે આ અસંભવ છે. ત્રણે જણાએ કહ્યું કે અમે તમારી પાસે કંઈ રોજે-રોજ (વારંવાર) તો નથી આવતા, આજે તો અમારી ઈજ્જત-બેઈજ્જતીનો સવાલ છે. અમારી આવેલાઓની આબરૂ તો રાખી લ્યો. ધર્મરાજે કહ્યું કે આ બાળકની ઉંમર એક પળ પણ નથી વધારી શકાતી, નથી ઘટાડી શકાતી. અગર આપ પોતાની ઉંમરમાંથી થોડી ઉંમર આને આપી દો તો વધારી શકું છું. આ સાંભળતાં જ બધાની હવા નીકળી ગઈ. તે સમયે કહેવા લાગ્યા કે આ તો પરમેશ્વર જ કરી શકે છે. અને ત્યાંથી તરત જ ચાલી ગયા અને ગરૂડને કહ્યું કે કોઈ અન્ય સમર્થ શક્તિ છે તો તમે આની (બાળકની) ઉંમર વધાવરાવીને દેખાડી દો. ગરૂડે કબીરજીને ધ્યાન દ્વારા (ટેલિફોનથી) સંપર્ક કર્યો. પરમેશ્વર કબીરજીએ ધ્યાન દ્વારા બતાવ્યું કે તમે એના માટે માનસરોવરથી જળ લઈ આવો. ત્યાં એક શ્રવણ નામનો ભક્ત મળશે. તેને મેં બધું સમજાવી દીધું છે, તમે અમૃત લઈ આવો. ગરૂડજીએ કબીરજીની આજ્ઞા મુજબ કર્યું. અમૃત લાવીને તે બાળકને પીવડાવી દીધું. તે બાળકની પાસે હું ગયો. ગરૂડે તેને બધું સમજાવી દીધું કે અમૃત તો બહાનું છે. આ સ્વયં પરમેશ્વર છે. એમણે જ જળ મંત્રિત કરીને આપ્યું હતું. બાળક તમે દીક્ષા લઈ લો. આ અમૃતથી તો દસ દિવસ જીવીત રહેશો. બાળકે મારી

**પાસેથી દીક્ષા લીધી. જ્યારે બાળક 15 દિવસ સુધી નહીં મર્યો તો ગરૂડજીએ ત્રણેય - બ્રહ્મા, વિષ્ણુ, શિવજીને બતાવ્યું કે તે બાળક જીવિત છે. મારા ગુરૂજી પાસેથી દીક્ષા લઈ લીધી છે. તેમણે તે બાળકને પૂરું આયુષ્ય જીવવાના આશીર્વાદ આપી દીધા છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ત્રણેય ફરીથી ધર્મરાજજીની પાસે ગયા, સાથે ગરૂડ પણ ગયો. ત્રણેય દેવતાઓએ ધર્મરાજને પૂછ્યું કે તે બાળક કેવી રીતે જીવિત છે, તેણે તો મરી જવું જોઈતું હતું. ધર્મરાજે તેનું ખાતું જોયું તો તેની ઉંમર લાંબી લખેલી હતી. ધર્મરાજે કહ્યું કે આ તો ઉપરથી જ થાય છે. આ તો ક્યારેક-ક્યારેક જ થાય છે (આવું તો ક્યારેક જ બને છે). તે પરમેશ્વરની લીલાને કોણ જાણી શકે છે ? ત્રણેય દેવતાઓને આશ્ચર્ય થયું. પરંતુ માન-અભિમાન (સમાજમાં પ્રતિષ્ઠા જવાના ભય) ના કારણે પ્રત્યક્ષ (રૂબરૂ) પ્રમાણ જોઈને પણ સત્યને માન્યું (સ્વીકાર્યું) નહીં. પોતાનો અહમ્ ભાવ ત્યાગ્યો નહીં. ગરૂડનો વિશ્વાસ અટલ થઈ ગયો.**

*કબીર, રાજ તજઉના સહજ હૈ, સહજ ત્રિયા કા નેહ ।*
*માન બડાઈ ઈર્ષ્યા, દુર્લભ તજના યેહ ॥*

**આ ગરૂડ બોધના અંતમાં વાસુકી નાગ કન્યાવાળું પ્રકરણ ખોટી રીતે લખ્યું છે. આમાં ગરૂડને ગુરૂ પદ પર ચિત્રાર્થ કરી રાખ્યો છે (ગરૂડને ગુરૂ તરીકે બતાવ્યો છે) તે ખરેખર એવું નથી. જે પણ કર્યું, તે પરમેશ્વર કબીરજીએ કર્યું છે.**

## ''હવે વાંચો કેટલીક અમૃતવાણી ગરૂડ બોધથી''

### ધર્મદાસ વચન

*ધર્મદાસ બીનતી કરૈ, સુનહુ જગત આધાર ।*
*ગરૂડ બોધ ભેદ સબ, અબ કહો તત્વ વિચાર ॥*

### સતગુરૂ વચન (કબીર વચન)

*પ્રથમ ગરૂડ સોં ભેંટ જબ ભયઉ । સત સાહબ મૈં બોલ સુનાઉ ॥*
*ધર્મદાસ સુનો કહુ બુઝાઈ । જેહી વિધિ ગરૂડ કો સમજાઈ ॥*

### ગરૂડ વચન

*સુના બચન સત સાહબ જબહી । ગરૂડ પ્રણામ કિયા તબહી ॥*
*શીશ નીવાય તિન પૂછા ચાહયે । હો તુમ કૌન કહાં સે આયે ॥*

### જ્ઞાની (કબીર) વચન

*કહા કબીર હૈ નામ હમારા । તત્વજ્ઞાન દેને આએ સંસારા ॥*
*સત્યલોક સે હમ ચલિ આએ । જીવ છુડાવન જગ મેં પ્રગટાએ ॥*

### ગરૂડ વચન

સુનત બચન અચમ્ભો માના । સત્ય પુરૂષ હૈ કૌન ભગવાના ।।
પ્રત્યક્ષદેવ શ્રી વિષ્ણુ કહાવૈ । દશ ઔતાર ધરિ ધરિ જાવૈ ।।

### જ્ઞાની (કબીર) વચન

તબ હમ કહ્યા સુનૌ ગરૂડ સુજાના । પરમ પુરૂષ હૈ પુરૂષ પુરાના ।। (આદિ કા)
વહ કબહુ ના મરતા ભાઈ । વહ ગર્ભ સે દેહ ધરતા નાહીં ।।
કોટિ મરે વિષ્ણુ ભગવાના । ક્યા ગરૂડ તુમ નહીં જાના ।।
જાકા જ્ઞાન બેદ બતલાવૈં । વેદ જ્ઞાન કોઈ સમઝ ન પાવૈં ।।
જિસને કીન્હા સકલ બિસ્તારા । બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ કા સિરજનહારા ।।
જૂની સંકટ વહ નહીં આવે । વહ તો સાહેબ અક્ષય કહાવૈ ।।

### ગરૂડ વચન

રામ રૂપ ધરિ વિષ્ણુ આયા । જિન લંકા કા મારા રાયા ।।
પૂર્ણ બ્રહ્મ હૈ વિષ્ણુ અવિનાશી । હૈ બંદી છોડ સબ સુખ રાશી ।।
તેતીસ કોટિ દેવતન કી બન્દ છુડાઈ । પૂર્ણ પ્રભુ હૈં રામ રાઈ ।।

### જ્ઞાની (કબીર) વચન

તુમ ગરૂડ કૈસે કહો અવિનાશી । સત્ય પુરૂષ બિન કટૈ ના કાલ કી ફાંસી ।।
જા દિન લંક મેં કરી ચઢાઈ । નાગ ફાંસ મેં બંધે રઘુરાઈ ।।
સેના સહિત રામ બંધાઈ । તબ તુમ નાગ જા મારે ભાઈ ।।
તબ તેરે વિષ્ણુ બન્ધન સે છૂટે । યાકુ પૂજૈ ભાગ જાકે ફૂટે ।।
કબીર ઐસી માયા અટપટી, સબ ઘટ આન અડી ।
કિસ-કિસ કું સમજાઊં, કૂઐ ભાંગ પડી ।।

### ગરૂડ વચન

જ્ઞાની ગરૂડ હૈ દાસ તુમ્હારા । તુમ બિન નહીં જીવ નિસ્તારા ।।
ઈતના કહ ગરૂડ ચરણ લિપટાયા । શરણ લેવોં અવિગત રાયા ।।
કબહુ ના છોડું તુમ્હારા શરણા । તુમ સાહબ હો તારણ તરણા ।।
પત્થર બુદ્ધિ પર પડે હૈ જ્ઞાની । હો તુમ પૂર્ણ બ્રહ્મ લિયા હમ જાની ।।

### જ્ઞાની (કબીર) વચન

તમ હમ ગરૂડ કું પાંચ નામ સુનાયા । તબ વાકું સંશય આયા ।।
યહ તો પૂજા દેવતન કી દાતા । યા સે કૈસે મોક્ષ વિધાતા ।।
તુમતો કહો દૂસરા અવિનાશી । વા સે કટે કાલ કી ફાંસી ।।
નાયબ સે કૈસે સાહેબ ડરહી । કૈસે મૈં ભવસાગર તિરહી ।।

**જ્ઞાની (કબીર) વચન**

*સાધના કો પૂજા મત જાનો । સાધના કૂં મજદૂરી માનો ।।*
*જો કોઉ આમ્ર ફલ ખાનો ચાહૈ । પહલે બહુતે મહેનત કરાવૈ ।।*
*ધન હોવૈ ફલ આમ્ર ખાવૈ । આમ્ર ફલ ઈષ્ટ કહાવૈ ।।*
*પૂજા ઈષ્ટ પૂજ્ય કી કહિએ । ઐસે મહેનત સાધના લહિયે ।।*
*યહ સુન ગરૂડ ભયો આનન્દા । સંશય સૂલ કિયો નિકન્દા ।।*

**ભાવાર્થ:- પરમેશ્વર કબીરજીને ગરૂડ દેવે કહ્યું કે હે પરમેશ્વર ! આપે તો આ દેવતાઓના નામ મંત્ર આપી દીધા. આ તો એમની પૂજા છે. આપે બતાવ્યું કે એ (ત્રણેય) તો ફકત 16 કળા યુકત પ્રભુ છે. કાળ એક હજાર કળા યુકત પ્રભુ છે. પૂર્ણ બ્રહ્મ અસંખ્ય કળાના પરમેશ્વર છે. આપે સૃષ્ટિ રચનામાં એ પણ બતાવ્યું કે કાળે અમને બધાને રોકી રાખ્યા છે. ત્રણેય દેવતા બ્રહ્મા, વિષ્ણુ, શિવજી તે કાળને આધિન છે. હે પરમેશ્વર ! નાયબ (ઉપ એટલે કે નાના)થી સાહેબ (સ્વામી = માલિક) કઈ રીતે ડરશે ? એટલે કે બ્રહ્મા, વિષ્ણુ, શિવજી તો ફકત કાળ બ્રહ્મના નાયબ છે. જેમ કે નાયબ મામલતદાર એટલે કે નાના મામલતદાર થાય છે. તો નાનાથી મોટો કઈ રીતે બીક રાખશે ? ભાવાર્થ છે કે આ ત્રણેય તો કાળ બ્રહ્મના નાયબ છે. આપે એમની ભક્તિ બતાવી છે, એમના મંત્ર - જાપ આપ્યા છે. તો આ નાયબ પોતાના સાહેબ (કાળ - બ્રહ્મ)થી અમને કઈ રીતે છોડાવી શકે છે ? ત્યારે પરમેશ્વર કબીરજીએ પૂજા તથા સાધનામાં ભેદ (અંતર) બતાવ્યો કે અગર કોઈને કેરીનું ફળ ખાવાની ઈચ્છા થઈછે તો કેરીનું ફળ તેનું પૂજ્ય છે. તે પૂજ્ય વસ્તુને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલા પ્રયત્નને સાધના કહેવામાં આવે છે. જેમકે ધન (પૈસા) કમાવવા માટે મહેનત કરવી પડે છે. તે ધન (પૈસા)થી આમ (કેરી) ખરીદીને ખાઈ શકાય છે. આ જ પ્રમાણે પૂર્ણ પરમાત્મા અમારા ઈષ્ટ દેવ એટલે કે પૂજ્ય દેવ છે. જે દેવતાઓના મંત્ર જાપ છે તે મહેનત (મજદૂરી- શ્રમ) છે. જે નામ-જાપની કમાણી રૂપી ભક્તિ ધન મળશે, તેને કાળ બ્રહ્મમાં છોડીને કરજમુક્ત (દેવાથી મુક્ત) થઈને આપણા ઈષ્ટદેવ એટલે કે પૂજ્યદેવ કબીર દેવ (કવિર્દેવ) ને પ્રાપ્ત કરીશું. આ વાત સાંભળીને ગરૂડજી ખૂબ જ પ્રસન્ન થયા તથા ગુરૂનો પૂર્ણ ગુરૂ હોવાનો પુરાવો પણ મળ્યો કે પૂર્ણ ગુરૂ જ શંકાનું સમાધાન કરી શકે છે. આમ પોતાની શંકાનું સમાધાન થતા ગરૂડે દીક્ષા લીધી. ગરૂડને કબીર સાહેબે ત્રેતાયુગમાં પોતાની શરણમાં લીધો હતો. શ્રી વિષ્ણુજીના વાહન હોવાના કારણે તથા વારંવાર વિષ્ણુજીની મહિમા સાંભળવાના કારણે તથા શ્રી વિષ્ણુજીના કેટલાક**

**ચમત્કાર જોઈને ગરૂડજીની શ્રધ્ધા ગુરૂજીમાં ઓછી થઈ ગઈ, પરંતુ તે ગુરૂદ્રોહી થયો નહીં. પછી કોઈ જન્મમાં માનવ શરીર પ્રાપ્ત કરશે, ત્યારે પરમેશ્વર કબીરજી ગરૂડની આત્માને શરણમાં લઈને મુક્ત કરશે. દીક્ષા લીધા પછી ગરૂડજીએ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવજી સાથે જ્ઞાનચર્ચા કરવાનો વિચાર કર્યો. ગરૂડજી ચાલીને બ્રહ્માજીની પાસે ગયા, તેમની સાથે જ્ઞાનચર્ચા કરી.**

**''ગરૂડ વચન બ્રહ્માના પ્રતિ''**

*બ્રહ્મા કહા તુમ કૈસે આયે । કહો ગરૂડ મોહે અર્થાય ।।*
*તબ હમ કહા સુનોં નિરંજન પૂતા । આયા તુમ્હેં જગાવન સૂતા ।।*
*જન્મ-મરણ એક ઝંઝટ ભારી । પૂર્ણ મોક્ષ કરાઓ ત્રિપુરારી ।।*

**''બ્રહ્મા વચન''**

*હમરા કોઈ નહીં જન્મ દાતા । કેવલ એક હમારી માતા ।।*
*પિતા હમારા નિરાકર જાની । હમ હૈં પૂર્ણ સારંગપાણી ।।*
*હમરા મરણ કબહુ નહીં હોવૈ । કૌન અજ્ઞાન મેં પક્ષિ સોવૈ ।।*
*તબહી બ્રહ્મા વિમાન મંગાવા । વિષ્ણુ, શિવ કો તુરંત બુલાવા ।।*
*ગયે વિમાન દોનોં પાસા । પલ મેં આન વિરાજે પાસા ।।*
*ઈન્દ્ર કુબેર વરૂણ બુલાએ । તેતીસ કરોડ દેવતા આએ ।।*
*આએ ઋષિ મુનિ ઔર નાથા । સિદ્ધ સાધક સબ આ જાતા ।।*
*બ્રહ્મા કહા ગરૂડ નીન્દ મૈં બોલૈ । કોરી ઝૂઠ કુફર બહુ તોલૈ ।।*
*કહ કોઈ ઔર હૈ સિરજનહારા । જન્મ-મરણ બતાવૈ હમારા ।।*
*તાતે મૈં યહ મજલિસ જોડી । ગરૂડ કે મન ક્યા બાતાં દૌડી ।।*
*ઋષિ મુનિ અનુભવ બતાતા । બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિધાતા ।।*
*નિર્ગુણ સરગુણ યેહી બન જાવૈ । કબહુ નહીં મરણ મૈં આવૈ ।।*

**''વિષ્ણુ વચન''**

*પક્ષીરાજ યહ ક્યા મન મેં આઈ । પાપ લગૈ બના આલોચક ભાઈ ।।*
*હમસે ઔર કૌન બડેરા દાતા । હમહૈ કર્તા ઔર ચૌથી માતા ।।*
*તુમરી મતિ અજ્ઞાન હરલીનિ । હમ હૈં પૂર્ણ કરતાર તીની ।।*

**''મહાદેવ વચન''**

*કહ મહાદેવ પક્ષી હૈ ભોલા । હૃદય જ્ઞાન ઈન નહીં તોલા ।।*
*બ્રહ્મા બનાવૈ, વિષ્ણુ પાલૈ । હમ સબકા કરતે કાલૈ ।।*
*ઔર બતા ગરૂડ અજ્ઞાની । ઋષિ બતાવૈ તુમ નહીં માની ।।*
*ચલો માતા સે પૂછૈ બાતા । નિર્ણય કરો કૌન હૈ વિધાતા ।।*

સબને કહા સહી હૈ બાની । નિર્ણય કરેગી માતા રાની ।।
સબ ઉઠ ગયે માતા પાસા । આપન સમસ્યા કરી પ્રકાશા ।।

**''માતા વચન''**

કહા માતા ગરૂડ બતાઓ । ઔર કર્તા હૈ કૌન સમઝાઓ ।।

**''ગરૂડ વચન''**

માત તુમ જાનત હો સારી । સચ્ચ બતા કહે ન્યાકારી ।।
સભા મેં જૂઠી બાત બનાવૈ । વાકા વંશ સમૂલા જાવૈ ।।
મૈં સુના ઔર આંખોં દેખા । કરતા અવિગત અલગ વિશેષા ।।
જહાં સે જન્મ હુઆ તુમ્હારા । વહ હૈ સબકા સરજનહારા ।।
વેદ જાકા નિત ગુણ ગાવૈં । કેવલ વહી એક અમર બતાવૈ ।।
મરહેં બ્રહ્મા વિષ્ણુ નરેશા । મર હૈં સબ શંકર શેષા ।।
અમર પુરૂષ સત પુર રહતા । અપને મુખ સત્ય જ્ઞાન વહ કહતા ।।
વેદ કહે વહ પૃથ્વી પર આવૈ । ભૂલે જીવન કો જ્ઞાન બતલાવૈ ।।
ક્યા યે ઝૂઠે શાસ્ત્ર સારે । તુમ વ્યર્થ બન બૈઠે સિરજનહારે ।।
માન બડાઈ છોડો ભાઈ । તાકિ ભક્તિ કરે અમરાપુર જાઈ ।।
માતા કહના સાચી બાતા । બતાઓ દેવી હૈ કૌન વિધાતા ।।

**''માતા (દુર્ગા) વચન''**

માતા કહ સુનો રે પૂતા । તુમ જોગી તીનોં અવધૂતા ।।
ભક્તિ કરી ના માલિક પાએ । અપને કો તુમ અમર બતાએ ।।
વહ કર્તા હૈ સબસે ન્યારા । હમ તુમ સબકા સિરજનહારા ।।
ગરૂડ કહત હૈ સચ્ચી બાની । ઐસે બચન કહા માતા રાની ।।
સબ ઉઠ ગએ અપને અસ્થાના । સાચ બચન કાહુ નહીં માના ।।

**''ગરૂડ વચન''**

બ્રહ્મા વિષ્ણુ મોહે બુલાયા । મહાદેવ ભી વહાં બૈઠ પાયા ।।
તીનોં કહે કોઈ દો પ્રમાણા । તબ હમ તોહે સાચા જાના ।।
મૈં કહા ગુંગા ગુડ ખાવૈ । દુજે કો સ્વાદ ક્યા બતલાવૈ ।।
મૈં જાત હૂં સતગુરૂ પાસા । લા પ્રમાણ કરૂ ભ્રમ વિનાશા ।।
ત્રિદેવ કહેં લો પરીક્ષા હમારી । પૂર્ણ કરેં તેરી આશા સારી ।।
હમહી મારેં હમહી બચાવૈં । હમ રહત સદા નિર્દાવૈં ।।
ગરૂડ કહા હમ કરેં પરીક્ષા । તુમ પૂર્ણ તો લૂં તુમ્હારી દીક્ષા ।।
ઉડા વહાં સે ગુરૂ પાસે આયા । સબ વૃન્તાત કહ સુનાયા ।।

**''સતગુરૂ (કબીર) વચન''**

ગરૂડ સુનો બંગ દેશ કો જાઓ । બાલક મરેગા કહો ઉસે બચાઓ ।।
દિન તીન કી આયુ શેષા । કરો જીવિત બ્રહ્મા વિષ્ણુ મહેશા ।।
ફિર હમ પાસ આના ભાઈ । હમ બાલક કો દેવૈં જીવાઈ ।।
બંગ દેશ મેં ગરૂડ ગયો, બાલક લિયા સાથ ।
ત્રિદેવા સે અર્જ કરી, જીવન દે બાલક કરો સુનાથ ।।

**''ત્રિદેવ વચન''**

ધર્મરાજ પર હૈ લેખા સારા । બાસે જાને સબ વિચારા ।।
ગરૂડ ઔર બાલક સારે । ગએ ધર્મરાજ દરબારે ।।
ધર્મરાજ સે આયુ જાની । દિન તીન શેષ બખાની ।।
યાકી આયુ બઢૈ નાહીં । મૃત્યુ અતિ નિયડે આયી ।।
ત્રિદેવ કહં આએ રાખો લાજા । હમ ક્યા મુખ દિખાવૈં ધર્મરાજા ।।
ધર્મ કહ આપન આયુ દે ભાઈ । તોબાલક કી આયુ બઢ જાઈ ।।
ચલે તીનોં ન નહીં પાર બસાઈ । બને બૈઠે થે સમર્થ રાઈ ।।
સુન ગરૂડ યહ સત્ય હૈ ભાઈ । આઈ મૃત્યુ ન ટાલી જાઈ ।।

**ગરૂડ વચન**

સમર્થ મેં ગુણ ઐસા બતાયા । આયુ બઢાવૈ ઔર અમર કરવાયા ।।
અબ મૈં જાઊં સમર્થા પાસા । બાલક બચને કી પૂરી આશા ।।
ગયા ગરૂડ કબીર કી શરણા । દયા કરો હો સાહબ જરણા (વિશ્વાસ) ।।

**''કબીર સાહેબના વચન**

સુનો ગરૂડ એક અમર બાની । યહ અમૃત લે બાલક પિલાની ।।
જીવૈ બાલક ઉમર બઢ જાવૈ । જગ બિચરે બાલક નિર્દાવૈ ।।
બાલક લાના મેરે પાસા । નામ દાન કર કાલ વિનાશા ।।
જૈસા કહા ગરૂડ ને કીન્હા । બાલક કૂં જા અમૃત દીના ।।
લે બાલક તુરંત હી આએ । સતગુરૂ સે દીક્ષા પાએ ।।
આશીર્વાદ દિયા સતગુરૂ સ્વામી । દયા કરિ પ્રભુ અંતર્યામી ।।
બદલા ધર્મરાજ કા લેખા । બ્રહ્મા વિષ્ણુ શિવ આંખોં દેખા ।।
ગએ ફિર ધર્મરાજ દરબારા । લેખા ફિર દિખાઉ તુમ્હારા ।।
ધર્મરાજ જબ ખાતા ખોલા । અચર્જ દેખ મુખ સે બોલા ।।
પરમેશ્વર કા યહ ખેલ નિરાલા । ઉસકા ક્યા કરત હૈ કાલા ।।
વો સમર્થા રાખનહારા । વાને લેખ બદલ દિયા સારા ।।
સૌ વર્ષ યહ બાલક જીવૈ । ભક્તિ જ્ઞાન સુધા રસ પીવૈ ।।

*યહ ભી લેખ ઈસી કે માહીં । આંખોં દેખો જૂઠી નાહીં ।।*
*દેખા લેખા તીનોં દેવા । અચર્જ હુઆ કહૂં ક્યા ભેવા ।।*
*બોલે બ્રહ્મા વિષ્ણુ મહેશા । પરમ પુરૂષ હૈ કોઈ વિશેષા ।।*
*જો ચાહે વહ માલિક કરસી । વાકી શરણ ફિર કૈસે મરસી ।।*
*પક્ષીરાજ તુમ સાચે પાયે । નાહક હમ મગજ પચાએ ।।*
*કરો તુમ જો માન મન તેરા । તુમ્હરા ગરૂડ ભાગ બડેરા ।।*
*પૂર્ણ બ્રહ્મ અવિનાશી દાતા । સચ્ચ મેં હૈ કોઈ ઔર વિધાતા ।।*
*ઈતના કહ ગએ અપને ધામા । ગરૂડ ઔર બાલક કરિ પ્રણામા ।।*
*ભક્તિ કરી બાલક ચિત લાઈ । ગરૂડ અરૂ બાલક ભયે ગુરૂ ભાઈ ।।*
*ધર્મદાસ યહ ગરૂડ કો બોધા । એક-એક વચન કહા મૈં સોધા ।।*

**❊ શ્રી હનુમાનજીના ગુરૂ કોણ હતા ? આપજી વાંચો ''કબીર સાગર''માંથી અધ્યાય ''હનુમાન બોધ''નો સારાંશઃ-**

## ✪ અધ્યાય ''હનુમાન બોધ''નો સારાંશ

**કબીર સાગરના પાના નં. 113 પર 12મો અધ્યાય ''હનુમાન બોધ'' છે.**

**કબીર સાગરના આ અધ્યાયમાં પવન સુત હનુમાનજીને શરણમાં લેવા અંગેનું પ્રકરણ છે. ધર્મદાસજીએ પ્રશ્ન કર્યો કે હે પરમેશ્વર કબીર બંદીછોડજી ! શું આપ સારી આત્મા પવન પુત્ર હનુમાનજીને પણ મળ્યા છો ?**

**ઉત્તરઃ- (પરમેશ્વર કબીરજીએ ઉત્તર આપતાં કહ્યું) : હા.**

**પ્રશ્નઃ- ધર્મદાસજીએ પ્રશ્ન કર્યો:- હે પ્રભુ ! શું તેમણે (હનુમાનજીએ) પણ આપણા જ્ઞાનને સ્વીકાર્યું ? તેઓ તો મારી જેમ જ શ્રીરામ ઉર્ફે શ્રી વિષ્ણુજીમાં અતૂટ શ્રદ્ધા રાખતા હતા. તેમને આપની શરણમાં લેવા એ તો સૂર્ય પશ્ચિમ દિશામાંથી ઉદય કરવા સમાન (બરાબર જેવું) છે.**

**ઉત્તરઃ- (પરમેશ્વર કબીરજીનો):- પરમેશ્વર કબીરજીએ ધર્મદાસને પવન તનય હનુમાનજીને શરણમાં લેવાનો વૃતાંત બતાવ્યો. આપજી વાંચો સરળાર્થકર્તા (રામપાલદાસ) દ્વારા હનુમાનજીને કઈ રીતે પરમેશ્વર કબીરજીએ શરણમાં લીધા તથા રામાયણનું સંક્ષિપ્ત વર્ણનઃ-**

**રામાયણ ગ્રંથમાં પ્રકરણ આવે છે કે એક બાલી (વાલી) નામનો રાજા હતો. તેનો ભાઈ સુગ્રીવ હતો. કોઈ કારણવશ વાલીએ પોતાના ભાઈ સુગ્રીવને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢ્યો (બહાર કાઢી મુક્યો) તથા તેની પત્નીને પોતાના કબ્જા હેઠળ પત્ની બનાવીને રાખી. સુગ્રીવ પોતાના રાજ્યથી ખૂબ જ દૂર દેશમાં માયૂસ (દુઃખી) બની ભ્રમણ કરી રહ્યો હતો. હનુમાનજી રામ-રામનું રટણ કરતા એક પહાડ પર બેઠા દેખાઈ આવ્યા. બન્ને વચ્ચે**

મિત્રતા થઈ ગઈ. સુગ્રીવે પોતાનું દુઃખ હનુમાનજીને બતાવ્યું (સુગ્રીવે પોતાના દુઃખ અંગે હનુમાનજીને વાત કરી). હનુમાનજીએ શરણાગત સુગ્રીવને મદદ કરવાનું વચન આપ્યું. સુગ્રીવે હનુમાનજીને બતાવ્યું કે વાલીમાં એવી સિદ્ધિ છે કે કોઈ તેની સાથે યુદ્ધ કરે છે તો સામાવાળાની અડધી શક્તિ વાલીમાં પ્રવેશ થઈ જાય છે (પ્રવિષ્ટ થઈ જાય છે). આ વાત જાણીને હનુમાનજી પણ શાંત રહ્યા. યુદ્ધ કરવાનો ઈરાદો છોડી દીધો. તે સમયે રામચંદ્ર પુત્ર રાજા દશરથજીને વનવાસ થયો હતો. તેમની પત્ની સીતાજી તથા ભાઈ લક્ષ્મણ પણ વનમાં સાથે ગયા હતા. શ્રીલંકાના રાજા રાવણની બહેન સૂર્પણખા (સ્વરૂપણખાં) એ લક્ષ્મણને જોયો તો તેની સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મુક્યો. લક્ષ્મણે કહ્યું મારા વિવાહ થઈ ચુક્યા છે (હું પહેલાંથી જ વિવાહિત છું - લક્ષ્મણની પત્નીનું નામ ઉર્મિલા હતું) સુર્પણખાએ વારંવાર વિવાહ કરવાનો આગ્રહ કર્યો શેષનાગ અવતાર લક્ષ્મણે ક્રોધવશ થઈને તેનું નાક કાપી નાખ્યું. સૂર્પણખાએ પોતાની દુર્દશાની વાર્તા પોતાના ભાઈ રાવણને કહી સંભળાવી અને રહેઠાણની માહિતી આપી. રાવણે પ્રતિશોધ લેવા માટે રામની પત્ની સીતાનું અપહરણ કરવાની યોજના બનાવી. સાધુ વેશ ધારણ કરીને પોતાના મામા મારીચના સહયોગથી રાવણે સીતાજીનું અપહરણ કરી લીધું.

સીતાજીની શોધમાં શ્રીરામજી તથા શ્રી લક્ષ્મણજી વન વન ભટકી રહ્યા હતા. તે જ સમયે તેમને શ્રી હનુમાનજી તથા શ્રી સુગ્રીવજી મળ્યા. એકબીજાથી પરિચય થયો. સુગ્રીવે શ્રી રામને પોતાનું કષ્ટ (દુઃખ) બતાવ્યું. શ્રીરામ ચંદ્રજીએ શરત મૂકી કે અગર હું તમને તમારું રાજ્ય પરત અપાવી દઉં તો તમારે મને સીતાજીને શોધવા તથા પરત લાવવા માટે મારી મદદ કરવી પડશે. વાત પાકકી થઈ ગઈ. શ્રી રામચંદ્રજીએ વૃક્ષની પાછળ સંતાઈને વાલી સાથે યુદ્ધ કરીને તેને મારીને સુગ્રીવને રાજતિલક કરાવી દીધું. સુગ્રીવે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. સીતાજીની શોધખોળ કરવા માટે ચારેય દિશામાં શોધનાર માણસો મોકલ્યા. જટાયુ પક્ષીએ શ્રીરામને બતાવ્યું કે સીતા માતાને લંકેશ્વર રાવણ ઉઠાવીને લઈ ગયો છે. મેં તેની કેદથી માતા (સીતા)ને છોડાવવાનો પ્રયત્ન કર્યો તો તેણે મારી પાંખો કાપી દીધી. રાવણ સાથે વાતચીત કરીને સીતાને પરત લાવવા માટે શ્રીરામજીએ હનુમાનજીને રાજદૂત બનાવ્યા. શ્રી રામચંદ્રજીએ શ્રી હનુમાનજીને સીતાને વિશ્વાસ અપાવવા માટે પોતાની અંગુઠી (વીંટી) આપી જેની ઉપર રામ લખ્યું હતું. સીતા તે અંગુઠીથી હનુમાન પર વિશ્વાસ કરી શકતી હતી કે જે મને મળવા આવ્યો છે, તે શ્રીરામનો મોકલેલો છે. હનુમાનજી શ્રીરામની વીંટી (મુદ્રિકા) લઈને આકાશ

માર્ગે ઊડીને શ્રીલંકામાં ગયા. રાવણનો એક નૌ લખા બગીચો હતો. તેમાં રાવણે સીતાજીને કેદ કરી રાખ્યાં હતાં. હનુમાનજીએ સીતા માતાને અંગૂઠી આપીને પોતાનો વિશ્વાસ અપાવ્યો. સીતાજીએ રાવણ દ્વારા તેમને આપવામાં આવેલી રહેલા તમામ કષ્ટો (દુ:ખો)ની વિગત હનુમાનજીને બતાવી. સીતાજીએ પોતાનું કંગન (સુહાગનું કડું-ચૂડો) હાથમાંથી કાઢીને હનુમાનજીને આપ્યું. કહ્યું કે ભાઈ ! તમે આ કંગન શ્રી રામજીને દેખાડશો ત્યારે તેમને વિશ્વાસ થશે કે તમે સીતાની શોધ કરીને આવ્યા છો. સીતાજીએ હનુમાનજી સાથે જવાની ના પાડી દીધી કે હું તમારી સાથે નહીં આવું. હનુમાનજીએ ફળ ખાવાની ઈચ્છા વ્યક્ત કરી તો સીતાએ કહ્યું, ભાઈ ! કોઈ ફળ ઝાડ (વૃક્ષ)થી પાકીને કે પવનથી પોતાની રીતે જમીન પર પડ્યું હોય, તે જ ફળ ખાઈ શકો છો. ફળ તોડીને ખાવાનો મને પણ આદેશ નથી. આ વાતથી ક્ષુબ્ધ થઈને હનુમાનજીએ પહેલાં તો વૃક્ષને પાડી દીધું. ત્યાર બાદ પાકા ફળ ખાધા. પછી તે વૃક્ષને સમુદ્રમાં ફેંકી દીધું. આવી રીતે એ રાવણના નૌ લખા બાગને ઉજ્જડ બનાવી દીધો. લંકાના રાજા રાવણે હનુમાનની પૂંછડી પર કપડાં-રૂ બાંધીને આગ ચાંપી દીધી હતી. હનુમાને પોતાની પૂંછડીની અગ્નિથી રાવની લંકાને આગના હવાલે કરી દીધી.

એના પછી આકાશ માર્ગે ઉડીને સમુદ્ર પાર કરીને એક પહાડ પર ઉતર્યા. સવારનો સમય હતો. પહાડ પર જળાશય પવિત્ર જળથી ભરેલું હતું. બાજુમાં જ એક બગીચો હતો જેમાં ફળદાર વૃક્ષ હતા. હનુમાનજીને ભૂખ લાગી હતી. સ્નાન કરવાનો વિચાર કર્યો. કંગનને એક પત્થર ઉપર રાખી દીધું. સ્નાન કરતી વખતે પણ હનુમાનની એક આંખની નજર તો કંગન પર જ હતી. એટલામાં લંગૂર વાંદરો ત્યાં આવ્યો. તેણે કંગન ઉઠાવ્યું અને ચાલવા માંડ્યો. હનુમાનજીને ચિંતા થઈ કે ક્યાંક એ વાંદરો તે કંગનને સમુદ્રમાં ન ફેંકી દે, મારી મહેનત ઉપર પાણી ફરી વળશે. હવે લંકામાં જવાનો રસ્તો પણ બંધ થઈ ગયો છે. ગજબની તકલીફમાં હનુમાન વાંદરાની પાછળ પાછળ ચાલ્યા. જોત જોતામાં તો વાંદરાએ તે કંગન એક ઋષિની ઝૂંપડીની બહાર મૂકેલા એક ઘડા (મોટી ઘઢી)માં નાંખી દીધું અને આગળ દોડી ગયો. હનુમાનજીએ રાહતનો શ્વાસ લીધો. કળશ (ઘડા)માં ડોકિયું કરીને કંગન કાઢવાનો પ્રયત્ન કર્યો તો જોયું કે ઘડામાં તો એના જેવા અનેકો કંગન ભરેલા પડ્યા હતા. હનુમાનજી ફરી મુંઝાયા. કંગન ઉઠાવી ઉઠાવીને જોવા લાગ્યા. બધા એક જેવા જ લાગ્યા. પોતે લાવેલું કંગન કયું છે ? ક્યાંક હું ભૂલથી ખોટુ બીજું કંગન લઈ જઉં અને શ્રીરામ કહે કે આ કંગન તો સીતાનું નથી,

તો મારો બધો જ પ્રયત્ન નિષ્ફળ થઈ જશે. સામે એક ઋષિ હનુમાનજીની પરેશાની (તકલીફ)ને જોઈને હસી રહ્યા હતા. તે ઝૂંપડીની બહાર બેઠા હતા. ઋષિજી બોલ્યા, આવો પવનપુત્ર ! કઈ તકલીફમાં છો ? હનુમાનજીએ કહ્યું કે ઋષિજી ! શ્રી રામચંદ્રજીની પત્નીને લંકાનો રાજા રાવણ અપહરણ કરીને લઈ ગયો છે. હું તપાસ કરીને આવ્યો છું. ઋષિજીએ કહ્યું કે કયા નંબરવાળા રામચંદ્રની વાત કરી રહ્યા છો ? હનુમાનજીને આશ્ચર્ય થયું કે ઋષિ પોતાના હોશ-હવાસમાં છે અથવા ભાંગ પી રાખી છે ? હનુમાનજીએ પૂછ્યું, હે ઋષિજી ! શું રામ ઘણા બધા છે ? ઋજષિજીએ કહ્યું, હા કેટલાય થઈ ચુક્યા અને આગળ પણ જન્મતા-મરતા રહેશે. હનુમાનજીને ઋષિનો વ્યવહાર ઉચિત (યોગ્ય) ના લાગ્યો. પરંતુ ઋષિ સાથે વિવાદ કરવો હિતકારક નથી એમ લાગ્યું. ઋષિજીએ કહ્યું, આપ ફળ ખાઓ, ખાવાનું બનાવું છું, ભોજન કરો. થાક્યા છો, વિશ્રામ કરો. હનુમાનજીએ કહ્યું કે ઋષિજી ! મારી તો સુખ-શાંતિ જ સમાપ્ત થઈ ગઈ છે. મને સીતા માતાએ કંગન આપ્યું હતું. તે કંગન વગર શ્રી રામચંદ્રજીને વિશ્વાસ નહીં થાય કે સીતાની શોધ થઈ ચુકી છે. તે કંગનને પત્થર પર મૂકીને હું સ્નાન કરી રહ્યો હતો. વાંદરાએ તે ઉઠાવી લઈને આ મોટા ઘડામાં નાંખી દીધું. હવે હું ઓળખી નથી શકતો કે સાચું કંગન કયું છે ? મને તો બધા એક સરખા લાગી રહ્યા છે. ઋષિ રૂપમાં બેઠેલ પરમેશ્વર કબીરજીએ કહ્યું કે હે પવનના લાડલા ! આપ ગમે તે એક કંગન ઉઠાવીને લઈ જાઓ, કોઈ ફેર નહિ પડે. બધા સરખા જ છે. કોઈ અંતર નથી અને કહ્યું કે જેટલા કંગન આ માટલામાં પડ્યા છે એટલી વાર દશરથ પુત્ર શ્રી રામને વનવાસ તથા સીતાહરણ અને હનુમાનજી દ્વારા શોધ થઈ ચુકી છે. હનુમાનજીએ કહ્યું, ઋષિજી ! એટલું બતાવો, આપની વાત માની લઈશ. એક વાત હું પૂછું છું કે દરેક વાર સીતાહરણ, હનુમાન દ્વારા સીતાજીની શોધ કરીને કંગન લાવવું અને વાંદરા દ્વારા માટલામાં નાંખી દેવું આ થયા કરે છે તો કંગન આની અંદર જ અહીં જ રહી ગયું, તો હનુમાનજી લઈને શું જાય છે ? ઋષિ મુનિન્દ્રજીએ કહ્યું કે મેં આ માટલા (ઘડા)ને આશીર્વાદ આપી રાખ્યો છે કે જે વસ્તુ આની અંદર પડશે, તે એક જેવી જ બે થઈ જશે. એમ કહીને ઋષિજીએ એક માટીનો વાટકો માટલામાં નાંખ્યો તો એના જેવો જ બીજો વાટકો પણ બની ગયો (એક જેવા બે વાટકા બની ગયા). ઋષિ મુનિન્દ્રજીએ કહ્યું કે હે હનુમાન ! આપ એક કંગન લઈ જાઓ, કોઈ પરેશાની નહીં થાય. હનુમાનજી પાસે કોઈ બીજો વિકલ્પ બચ્યો નહતો. તે ઘડામાંથી એક કંગન કાઢી લઈને ઉડી ગયા.

શ્રી રામચંદ્રજીને હનુમાનજીએ સીતાજીની નિશાની કંગન આપ્યું તથા જે જે વાતો માતા સીતાએ કહી હતી તે બધી બતાવી. શ્રી રામચંદ્રજી કંગન જોઈને ભાવુક થઇ ગયા. હનુમાનજીને છાતીએ લગાડી દીધા. કહ્યું, હે સંતજન ! હું તમારો ઉપકાર કઈ રીતે ચુકવીશ ? તમે તમારું જીવન જોખમમાં મૂકીને મારા માટે મહાન કઠિન કાર્ય કર્યું છે. આ કંગન સીતાજીનું જ છે. હવે સભા બોલાવું છું. આગળનો કાર્યક્રમ તૈયાર કરી લઈએ. સમુદ્ર પર પુલ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. નલ-નીલના હાથોમાં ઋષિ મુનીન્દ્રના આશીર્વાદથી શક્તિ હતી કે તે પોતાના હાથોથી જળમાં કોઈ વસ્તુ નાંખે તો તે ડૂબતી નહતી. પથ્થર, કાંસાના વાસણ વિગેરે જે કંઈ પણ વસ્તુ તે નાંખતા, તે જળની ઉપર તરતી હતી. તે સમયે નલ-નીલે અભિમાન કરીને પોતાની મહિમા બનાવવાની ઈચ્છાથી પોતાના ગુરૂ ઋષિ મુનિન્દ્રનું નામ લીધું નહીં (યાદ ના કર્યો). જેના કારણે તેમની તે શક્તિ સમાપ્ત થઈ ગઈ. રામચંદ્રજી તથા સર્વ ઉપસ્થિત યોદ્ધા હનુમાન સહિત મહાદુઃખી થયા. ત્રણ દિવસ સુધી શ્રીરામ ઘૂંટણ પાણીમાં ઊભા રહ્યા. રસ્તો આપવાની પ્રાર્થના કરતા રહ્યા, પરંતુ સમુદ્ર ટસથી મસ ન થયો ત્યારે શ્રીરામે લક્ષ્મણને કહ્યું કે મારું અગ્નિ બાણ કાઢ, સમુદ્રને ફૂંકી દઉં છું. આ લાતોના ભૂત વાતોથી નહીં માને. તે જ સમયે સમુદ્ર વિપ્ર (બ્રાહ્મણ)નું રૂપ ધારણ કરીને શ્રી રામની સામે હાથ જોડીને ઊભો રહી ગયો તથા કહ્યું કે ભગવન ! મારી અંદર સંસાર વસેલો છે. આપ પાપના ભાગીદાર ના બનશો. તમે એક કામ કરો કે જેથી સાપ પણ મરી જાય અને લાકડી પણ ના તૂટે.

આપની સેનામાં નલ-નીલ નામના બે સૈનિકો છે. તેમને તેમના ગુરૂજીના આશીર્વાદ પ્રાપ્ત છે. તેમના હાથોથી પથ્થર પણ મારી ઉપર તરી શકે છે. ત્યારે નલ-નીલને પથ્થર નાંખીને બતાવવા કહ્યું તો નલ નીલને પોતાની મહિમા-પ્રશંસાની ચાહ જાગી અને ગુરૂને યાદ કર્યા નહીં. જે કારણે ઋષિ મુનિન્દ્રજીએ તેમની શક્તિ છીનવી લીધી, પથ્થર પાણીમાં ડૂબી ગયા. સમુદ્રએ તેમની ભૂલ બતાવી. ત્યારે નલ-નીલે પોતાના ગુરૂજીને યાદ કર્યા. શ્રી રામચંદ્રજીને અનુભવ થયો કે જ્યારે ગુરૂ પોતાના શિષ્યોને શક્તિ આપી શકે છે તો મારા કાર્યને પણ કરી શકે છે. શ્રી રામચંદ્રજી વિષ્ણુજીના અવતાર હતા. શ્રી વિષ્ણુ કાળ નિરંજનના પુત્ર છે. જે સમયે પરમેશ્વર કબીરજી પહેલી વખત કાળ નિરંજનના લોકમાં આવ્યા હતા તો જ્યોતિ નિરંજને પહેલા તો પરમેશ્વરની સાથે ઝઘડો કર્યો હતો, જ્યારે તેનું કંઈ ચાલ્યું નહીં તો ચરણોમાં પડી જઈને ક્ષમા યાચના કરી અને કેટલાક આશીર્વાદ પણ માગી લીધા.

તેમાંથી એક આ પણ હતો કે મારો અંશ વિષ્ણુ ત્રેતા યુગમાં રામચંદ્ર નામથી રાજા દશરથના ઘરે જન્મ લેશે, તેને વનવાસ થશે. તેની સાથે તેની પત્ની સીતા પણ હશે. તેને એક રાક્ષસ ઉઠાવીને લંકા નગરીમાં લઈ જશે. ત્યારે રામચંદ્ર સમુદ્રની ઉપર પુલ બનાવવા માંગશે, પણ તે બનાવી નહીં શકે. આપ તે પુલ બનાવડાવજો. બીજો આશીર્વાદ એ લીધો હતો કે દ્વાપર યુગમાં તે જ કૃષ્ણ રૂપમાં જન્મશે. પછી કૃષ્ણનું મૃત્યુ થશે. મૃત્યુ ઉપરાંત તે જગન્નાથ નામથી પુરી નગરમાં સમુદ્રના કાંઠે મંદિર બનાવડાવશે. સમુદ્ર તેને બનવા નહીં દે. આપ તે મંદિરની સમુદ્ર સામે રક્ષા કરજો. પરમેશ્વર કબીરજીએ કહ્યું હતું કે હું તે કાર્ય કરીશ. તે જ વચનનું પાલન કરવા માટે મુનિન્દ્ર ઋષિના રૂપમાં પરમેશ્વર કબીરજી સેતુબંધ પર પ્રગટ થઈ ગયા અને આવતા આવતા પોતાની સોટી (ડંડી) વડે પર્વતની ચારેય તરફ રેખા અંકિત કરી આવ્યા. નલ-નીલે દૂરથી પોતાના ગુરૂને ઓળખી લીધા અને કહ્યું, અમારા ગુરૂજી આવી ગયા છે. શ્રી રામચંદ્રજીએ પોતાની સમસ્યા (તકલીફ) બતાવી તથા વિનમ્ર ભાવે પોતાના કાર્યની સિદ્ધિ માટે આશીર્વાદ માંગ્યા. પરમેશ્વરે કહ્યું, નલ-નીલે ભૂલ કરી. જેના કારણે તેમની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે. મેં સામે દેખાય છે તે પર્વતની ચારેય બાજુ રેખા ખેંચી છે. તેની અંદર-અંદરના પથ્થર લાકડાથી પણ હલકા કરી દીધા છે, તે ડૂબશે નહીં. હનુમાનજી રામ ભક્ત હતા. તેમણે તે પથ્થરો પર રામ-રામ લખ્યું અને ઉઠાવીને ચાલ્યા અને સમુદ્રના પાણીમાં રાખ્યા તો તે ડૂબ્યા નહીં. નલ-નીલ શિલ્પકાર એટલે કે નિપુણ રાજ-મિસ્ત્રી હતા. જેના કારણે નલ તથા નીલે પથ્થરોને બરાબર ટાંકી (સરખા કરી)ને એક બીજાના ખાંચામાં બરાબર ફસાવીને જોડ્યા હતા. પહેલા શ્રીરામજીથી પથ્થર તર્યા નહીં, નલ-નીલ પણ નિષ્ફળ રહ્યા. હનુમાન ઊભા-ઊભા રામ-રામ જ કરી રહ્યા હતા. એ ઈચ્છતા પણ હતા કે પથ્થર તરે, પરંતુ બધું વ્યર્થ નીવડ્યું. ઋષિ મુનિન્દ્રજી (કબીરજી)એ પથ્થર હલકા કર્યા હતા. જેના કારણે પથ્થર સમુદ્રમાં ડૂબ્યા નહતા. આમ મુનિન્દ્ર ઋષિના આશીર્વાદથી પથ્થર તર્યા હતા. હનુમાનજી તો પોતાનો રામ-રામનો પાઠ કરવા માટે શ્રદ્ધાથી રામ-રામ પથ્થરો પર લખી રહ્યા હતા. [જેમ આજે ઘણા બધા આદત પ્રમાણે નોટબુકના કાગળમાં રામ-રામ અથવા ગાયત્રી અથવા બીજા મંત્રો લખે છે. એવી જ રીતે હનુમાનજીની આદત હતી મંત્રો લખવાની. મંત્રો લખવાથી પથ્થર નહોતા તર્યા] એ તો જ્યાં પણ બેસી જતા ત્યાં જ વૃક્ષો પર રામ-રામ લખતા રહેતા હતા. હનુમાનજી તો દશરથ પુત્ર રામચંદ્રજીને જાણતા પણ નહતા. તેનાથી પહેલા (અગાઉ) પણ રામ-રામનો જાપ કર્યા

કરતા હતા. જેમ કે લોકવેદ (દંતકથા)થી સાંભળતા આવ્યા છીએ કે નલ-નીલે પથ્થરો તરાવ્યા હતા, ત્યારે પુલ બન્યો. કોઈ કહેતું હતું કે હનુમાનજીએ પથ્થરો પર રામ-રામ લખ્યું, જેના કારણે પથ્થર તર્યા હતા. એમ પણ સાંભળતા હતા કે રામે પથ્થર તરાવ્યા હતા, કારણ આ રહ્યું છે કે જે વાતો પથ્થર તરાવવાની થઈ હતી અને મુનીન્દ્ર ઋષિજીએ કહ્યું હતું કે મેં પર્વતના પથ્થરને હલકા કરી નાંખ્યા છે. આ વાર્તાલાપ 20-30 વ્યક્તિઓ સમક્ષ થયો હતો. બાકીના કરોડો વ્યક્તિ યુદ્ધ માટે આવ્યા હતા, તેઓ તો આજ્ઞા મળતાં જ પથ્થર લાવવા લાગ્યા. તેમણે જોયું કે હનુમાનજી રામ-રામ લખી રહ્યા હતા. અન્ય (બીજા બધા) તે પથ્થરોને ઉઠાવી-ઉઠાવીને લાવી રહ્યા હતા. આગળ નલ-નીલ પથ્થરોથી પુલ બનાવી રહ્યા હતા. શ્રી રામચંદ્રજી નલ-નીલને શાબાશી આપી રહ્યા હતા. અન્ય (બીજા) ઉપસ્થિત (હાજર) વ્યક્તિઓએ એક-બીજાને બતાવ્યું કે હનુમાનજીએ પથ્થરોના ઉપર રામ-રામ લખી દીધું જેના કારણે પથ્થરો જળ ઉપર તરી રહ્યા છે. કેટલાકને લાગ્યું કે નલ-નીલના હાથોમાં કરામત છે. જેના કારણે પથ્થર તરી રહ્યા છે. આ પ્રમાણે આ ભ્રમણા (ખોટી વાત) ફેલાઈ ગઈ. પુલ બનાવીને યુદ્ધમાં લાગી ગયા. મોટા ભાગના મરણ પામ્યા, જે બચી ગયા તે પોત-પોતાના ઘરે જતા રહ્યા. તેમણે પોત પોતાના નગરમાં (ગામમાં) આ ખોટી સૂચના/વાત ફેલાવી દીધી જે આજ દિન સુધી નિર્વિવાદ ચાલી રહી છે. સત્યતા (સચ્ચાઈ) એ છે જે આ દાસે (રામપાલ દાસે) બતાવી છે. યુદ્ધ થયું. શ્રીરામની સેના પર નાગપાશ શસ્ત્ર છોડવામાં આવ્યું. જેના કારણે શ્રીરામ, હનુમાન, જાંબવંત, સુગ્રીવ, અંગદ સહિત તમામ સેના નાગો (સર્પો) દ્વારા બાંધી દેવામાં આવી, સર્પ લપેટાઈ ગયા. હાથોને પણ શરીર સાથે જકડી દીધાં. જેવી રીતે ખેડૂત શેરડીનો ભારો બાંધી દે છે તેમ. આમ તે બધા નિષ્ક્રિય થઈ ગયા. ત્યારે ગરૂડને બોલાવવામાં આવ્યો. ગરૂડે સર્વ/બધા નાગ કાપ્યા, ત્યારે તમામ સેના તથા શ્રીરામ બંધન મુક્ત થયા. લક્ષ્મણને તીર વાગવાથી મૂર્છા આવી ગઈ હતી (કોમામાં જતો રહ્યો હતો), ત્યારે હનુમાનજી લંકાથી વૈદ્યને ઉઠાવીને લાવ્યા હતા. વૈદ્યે કહ્યું કે દ્રોણાગીરી પર્વત પર સંજીવની બુટ્ટી છે. તેની ઓળખાણ એ છે કે તે રાત્રિના સમયે જુગનુની જેમ ચમકે છે. જો સૂર્યોદય પહેલાં તે જડીબુટ્ટી લઈ આવવામાં આવે તો લક્ષ્મણ જીવિત થઈ શકે છે, મોડુ થશે તો મૃત્યુ નિશ્ચિંત છે. હનુમાનજીને આ કાર્ય રામજીએ સોંપતા કહ્યું કે બજરંગબલી ! તારા વગર આ કાર્ય સંભવ નથી. આજ્ઞા મળતાં જ હનુમાનજી આકાશ માર્ગે ઉડી ગયા. દ્રોણાગીરી પર રાક્ષસોએ પોતાની

માયા વડે અન્ય નકલી જડીબુટ્ટીમાં પણ જુગનુ જેવી ચમક મૂકી દીધી. વૈદ્યે બતાવ્યું હતું કે તે ખૂબ જ ઓછી સંખ્યામાં હોય છે. દિવસમાં તેની ઓળખાણ નથી થઈ શકતી કારણ કે તેની આસપાસ તેવી જ ઔષધિના છોડ ઊગે છે. હનુમાનજીને સમજતા વાર ના લાગી. તેમણે તો દ્રોણાગીરી પર્વતને જ ઉપાડી લીધો અને આકાશ માર્ગે ચાલી નીકળ્યા. હનુમાનજીને લક્ષ્મણ અને શ્રીરામ દ્વારા તેમના ભાઈ ભરતની બાબતમાં બતાવેલી શક્તિની વાત ખટકી રહી હતી. તેઓ કહેતા હતા કે અગર આજે ભરત અમારી સાથે અહીંયા હાજર હોત તો એ એકલો જ રાવણને તથા તેના લાખ પુત્રો તથા સવા લાખ નાતી (પોતા-પૌત્રો) ને યમલોક મોકલી દેત. હનુમાનજીના મનમાં આવ્યું કે ચાલતા ચાલતા ભરતની પરીક્ષા લઈને પછી ચાલું છું. ભરતને ખબર હતી કે રાવણ તથા રામનું યુદ્ધ ચાલી રહ્યું છે. આકાશ માર્ગથી પર્વત સહિત હનુમાનજીને જતા જોઈને વિચાર્યું કે કોઈ રાક્ષસ જઈ રહ્યો છે. તે તો મારા ભાઈઓને ઘણું નુકસાન પહોંચાડી શકે છે. ભરતજીએ તીર છોડ્યું. હનુમાનજીએ તીર વાગ્યાનું બહાનું કાઢીને હે રામ - હે રામ ! કરતા-કરતા ધરતી પર પડી ગયા. પર્વતને પણ ધરતી પર મૂકી દીધો. રામ શબ્દ સાંભળીને ભરતને સમજતા વાર ના લાગી કે આ તો કોઈ આપણા પક્ષનો છે. પાસે જઈને પૂછ્યું આપ કોણ છો ? ક્યાં જઈ રહ્યા છો ? પર્વત શા માટે ઉપાડ્યો છે ? મારું નામ ભરત છે. હું શ્રીરામ તથા લક્ષ્મણનો ભાઈ છું. હનુમાનજીએ બતાવ્યું કે મારું નામ હનુમાન છે. રામ-રાવણનું યુદ્ધ ચાલી રહ્યું છે, તમારા ભાઈ લક્ષ્મણને તીર વાગવાથી મૂર્છિત થઈ ગયા છે. વૈદ્યે દ્રોણાગીરી પર્વત પર ઉપચારની ઔષધિ બતાવી છે. મને તેની ઓળખ ન આવી, એટલા માટે પર્વત જ લઈ જઈ રહ્યો છું. સૂર્યોદય થયા પહેલાં પહોંચવું જરૂરી છે. અન્યથા (નહીં તો) લક્ષ્મણનું મૃત્યુ થઈ જશે. આપે કંઈ પણ વિચાર્યા સમજ્યા વગર મને તીર મારી દીધું, હવે હું કઈ રીતે સમયસર પહોંચીશ ? સૂર્યોદય થઈ ગયા પછી લક્ષ્મણ સંસારમાં નહીં રહે. ભરતે તીર મારવાનું કારણ બતાવ્યું તથા કહ્યું કે હે અંજનીના લાલ ! (અંજની પુત્ર !) ચિંતા ના કરશો. આપ દ્રોણાગીરીને ઉઠાઓ અને બાણના અગ્ર (આગળ)ના ભાગ પર બેસો. પોતાના બન્ને પગ આગળ-પાછળ કરીને ઊભા થઈ જાઓ. હું તીર દ્વારા તમને પર્વત સહિત આપના કરતા પણ વહેલા લંકામાં પહોંચાડી દઈશ. હનુમાનજીને પોતાની શક્તિ પર ખૂબ વધારે ગર્વ હતો. જમીન પર મૂકેલ તીર પર બન્ને પગ ગોઠવીને પર્વતને હાથ પર ઉઠાવીને હનુમાનજી ઊભા થઈ ગયા. ભરતજીએ તીરને હનુમાનજી તથા પર્વત સહિત ધરતીથી ઉઠાવીને ધનુષ્યની

પ્રત્યંચા પર ચઢાવવા માટે પોતાની છાતીની પાસે લાવીને છોડવા લાગ્યા તો હનુમાનજીને આશ્ચર્ય થયું કે મારા તથા દ્રોણાગીરીના ભારને એવી રીતે ઉઠાવી લીધો જાણે ફક્ત તીરને જ ઉપાડ્યું હોય. હનુમાનજીએ કહ્યું, હે દશરથના લાલ ! (દશરથ પુત્ર) હું તો તમારી પરીક્ષા લઈ રહ્યો હતો. હું સ્વસ્થ છું. હું સ્વયં ઉડીને સમય પહેલાં પહોંચી જઈશ. તમારી પ્રશંસા તમારા બન્ને ભાઈ કરતા રહેતા હતા કે અગર ભરત હોત તો એકલા હાથે રાવણ તથા તેની સમગ્ર સેનાને માટે કાફી હતો. મને તેમની વાતો પર વિશ્વાસ નહોતો થઈ રહ્યો. આજે પોતાની આંખોથી રૂબરૂ જોઈ લીધું. આપ વાસ્તવમાં શૂરવીર અને બળવાન છો. આપે મારું અભિમાન પણ તોડી નાંખ્યું. એમ કહીને હનુમાનજી તે તીર ઉપરથી જ છલ્લાંગ મારીને ઊડી ગયા. તે સમયે તીર ટસથી મસ ના થયું.

વિચાર કરવા જેવી વાત છે. અગર કોઈ વજન ઉપાડે છે તો બન્ને હાથો વડે અથવા એક હાથથી પકડીને ઉઠાવી લે છે, પરંતુ તે જ વજનને કોઈ લાકડાના ડંડાથી ઉપાડવા માંગે તો તે ક્યારેય નથી ઉઠાવી શકતો. થોડાક જ વજનને ડંડાથી ઉઠાવી શકે છે. ભરતજીએ મહાબલી હનુમાનજીને તથા દ્રોણાગીરીને ધરતી પરથી 50 ફૂટ ઉપર ઉઠાવી દીધો. ત્રેતા યુગમાં મનુષ્યની ઊંચાઈ લગભગ 70 થી 80 ફૂટ હતી. આ કોઈ સામાન્ય વાત નથી. કોઈપણ વ્યક્તિને લાકડીથી ઉઠાવીને જુઓ, કેવો અનુભવ થશે ? કેવી દશા થશે ? લક્ષ્મણને વૈદ્યે સંજીવની ઔષધિ પીવડાવીને સ્વસ્થ (સાજો) કર્યો. યુદ્ધ થયું, રાવણ મરી ગયો. રાવણે પ્રભુ શિવની ભક્તિ કરી હતી. દસ વખત પોતાના શીશ કાપીને શિવજીને ભેંટ કર્યા હતા. દસ વખત શિવજીએ તેને પરત કરી દીધા તથા આશીર્વાદ આપ્યો કે તારું મૃત્યુ દસ વખત ગરદન કાપ્યા પછી થશે. રાવણના શીશ દસ વખત કાપવામાં આવ્યા હતા. પછી નાભિમાં તીર વાગવાથી નાભિ અમૃત નષ્ટ થવાથી રાવણનો વધ થયો હતો. દસ વખત માથા કપાયા, દસ વખત પાછા ધડ પર લાગી ગયા. પછી વિભીષણે બતાવ્યું કે રાવણની નાભિ (દૂંટી)માં અમૃત છે. રામચંદ્રએ રાવણની નાભિમાં તીર મારવાની પૂરી કોશીશ કરી લીધી હતી, પરંતુ રાવણનું ધ્યાન પણ ત્યાં જ કેન્દ્રિત હતું કે નાભિ પર તીર ન વાગે. રામચંદ્રજીએ પરમેશ્વરને યાદ કર્યા કે આ રાક્ષસને મારો, મારી સહાયતા કરો. હે મહાદેવ ! હે દેવોના દેવ ! હે મહાપ્રભુ ! મારી સહાયતા કરો. આપની દીકરી (સીતા) મહા કષ્ટમાં છે. આપના બાળકો તેંત્રીસ કરોડ દેવતાઓને પણ આ જ રાક્ષસે જેલમાં નાખી રાખ્યા છે. પરમેશ્વર કબીરજીએ તે જ સમયે

**ગુપ્ત રૂપમાં રામચંદ્રના હાથો પર પોતાના સૂક્ષ્મ હાથ મુકચા અને તીર રાવણની નાભિમાં માર્યું ત્યારે રાવણ મર્યો.**

**{પરમેશ્વર કબીરજીની પ્રાપ્તિ થયા પછી સંત ગરીબદાસજી (ગામ છુડાની, જિલ્લો : ઝજ્જર, રાજય - હરિયાણા) એ પરમેશ્વર કબીરજીની મહિમા બતાવી છે. કબીરજીએ બતાવ્યું છે કે :-**

*કબીર, કહ મેરે હંસ કો, દુઃખ ના દીજે કોય ।*
*સંત દુઃખાયૈ મૈં દુઃખી, મેરા આપા ભી દુઃખી હોય ।।*
*પહુંચુંગા છન એક મેં, જન અપને કે હેત ।*
*તેતીસ કોટિ કી બંધ છુટાઈ, રાવણ મારા ખેત ।।*
*જો મેરે સંત કો દુઃખી કરૈં, વાકા ખોઉં વંશ ।*
*હિરણાકુશ ઉદર વિદારિયા, મૈં હી મારા કંસ ।।*
*રામ-કૃષ્ણ કબીર કે શહજાદે, ભક્તિ હેત ભયે પ્યાદે ।।***}**

**લંકાનું રાજય રાવણના નાના ભાઈ વિભીષણને સોંપી દીધું. સીતાની અગ્નિ પરીક્ષા શ્રીરામે લીધી. અગર રાવણે સીતા મિલન કર્યું છે તો સીતા અગ્નિમાં સળગીને મરી જશે અને જો સીતા પાક - સાફ (પવિત્ર) છે તો અગ્નિમાં નહીં બળે. સીતાજી અગ્નિમાં બળ્યા નહીં. ઉપસ્થિત લાખો વ્યક્તિઓએ સીતા માતાની જય બોલાવી. સીતા સતીની પદવી પામી. રાવણનો વધ આસો માસની શુકલ પક્ષની દસમીના રોજ થયો હતો.**

**રાવણ વધના 20 દિવસ બાદ 14 વર્ષનો વનવાસનો સમય પૂરો કરીને શ્રીરામ, લક્ષ્મણ અને સીતા પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા નગરીમાં આવ્યા. તે દિવસે કાર્તિક માસની અમાવસ્યા હતી. તે કાળી અમાવસ્યાએ ગાયના ઘીના દીવા પોત પોતાના ઘરોમાં તથા ઉપર મંડેરો (મેડીઓ) પર પ્રગટાવીને શ્રીરામ, સીતા તથા લક્ષ્મણના આગમનની ખુશી મનાવી. ભરતે પોતાના ભાઈ શ્રી રામચંદ્રજીને રાજય પરત સોંપી દીધું. એક દિવસ સીતાજીએ રામચંદ્રજીને કહ્યું કે હું યુદ્ધમાં લડવાવાળા યોદ્ધાઓને કંઈક ઈનામ આપવા માંગું છું. ઈનામમાં સીતાજીએ હનુમાનજીને પોતાના ગળામાંની સાચા મોતીઓની માળા કાઢીને આપી દીધી તથા કહ્યું કે હે હનુમાન ! આ અનમોલ ઉપહાર (ભેટ) હું આપને આપી રહી છું, બહુ સાચવીને રાખજો. હનુમાનજીએ તે માળાનો મોતી તોડ્યો, પછી ફોડ્યો, એમ જોતાં-જોતાં બધા મોતી ફોડી ફોડીને જમીન પર ફેંકી દીધા. સીતાજીને હનુમાનજીનો આવો વ્યવહાર સારો ન લાગ્યો. ક્રોધથી ભરાઈને તે કહેવા લાગી કે હે મૂરખ ! આ શું કરી દીધું ? આવી અનમોલ માળાનો સર્વનાશ કરી દીધો. તું વાનરનો**

વાનર જ રહ્યો. ચાલ દૂર થઈ જા મારી નજરોથી. તે વખતે શ્રી રામચંદ્રજી પણ સીતાજીની સાથે જ સિંહાસન પર વિરાજમાન હતા. તેમણે પણ હનુમાનના આ વ્યવહારને સારો ન માન્યો અને ચુપ રહ્યા. હનુમાનજીએ કહ્યું માતાજી ! જે વસ્તુમાં રામ નામ અંકિત નથી, તે મારા કોઈ કામની નથી. મેં મોતી ફોડીને જોયા છે, એમાં રામ-નામ નથી નીકળ્યું. એટલા માટે મારા કામની નથી. સીતાજીએ કહ્યું, શું તારા શરીરમાં રામ નામ લખ્યું છે ? તો પછી આ શરીરને શા માટે સાથે લઈને ફરે છે ? આને પણ ફેંકી દે ફાડીને. તે જ સમયે હનુમાનજીએ પોતાની છાતી ચીરીને બતાવી. તેમાં રામ-રામ લખ્યું હતું. હનુમાનજી તે જ સમયે અયોધ્યા છોડીને ત્યાંથી ક્યાંક દૂર ચાલ્યા ગયા.

શ્રી રામચંદ્રજી પોતાની અયોધ્યા નગરીના લોકોના દુઃખ દર્દ જાણવા માટે ગુપ્ત રૂપે રાત્રિના સમયે વેશપલટો કરીને (વેશ બદલીને) ફરતા હતા. થોડાક વર્ષ બાદ રાજા રામચંદ્રજી રાત્રિમાં અયોધ્યાની ગલીઓમાં વિચરણ કરી રહ્યા હતા. ત્યારે તેમણે એક ઘરમાંથી ઊંચા સ્વરમાં અવાજ આવી રહ્યો હતો. રાજા રામચંદ્રજીએ નજીક પહોંચી વાર્તાલાપ સાંભળ્યો. એક ધોબીની પત્ની ઝઘડો કરીને ઘરેથી જતી રહી હતી. તે બે-ત્રણ દિવસ તેની બહેનના ઘરે રોકાયા બાદ પરત આવી ગઈ. ધોબી તેને મારી રહ્યો હતો - મારઝૂડ કરી રહ્યો હતો. કહી રહ્યો હતો કે નીકળી જા મારા ઘરેથી, તું તો બે રાતો (રાત્રિ) બહાર રોકાઈને આવી છે, હું તને ઘરમાં નહીં રાખું. તું કલંકિત છે. તે કહી રહી હતી કે મને સોગંદ છે ભગવાનના, સોગંદ છે રાજા રામની. હું પાક-સાફ (પવિત્ર) છું. તમે મને મારી હતી એટલે ગુસ્સો આવતા હું મારી બહેનના ઘરે જતી રહી હતી. હું નિર્દોષ છું. ધોબીએ કહ્યું કે હું દશરથ પુત્ર રામચંદ્ર નથી, જે પોતાની કલંકિત પત્નીને ઘરે લઈ આવ્યો છે, જે વર્ષો સુધી રાવણની સાથે રહી હતી. અયોધ્યા નગરીના બધા સ્ત્રી-પુરૂષો ચર્ચા (વાતો) કરી રહ્યા છે. એવા વ્યક્તિનું જીવન શું કામનું જેની પત્ની અપવિત્ર થઈ ગઈ હોય. રાજા રામે ધોબીના મુખેથી આ વાત સાંભળી તો કાનોમાં જાણે ગરમ તેલ નાંખી દીધું હોય.

બીજા દિવસે રામચંદ્રજીએ સભા બોલાવી તથા નગરીમાં ચાલી રહેલ ચર્ચાના વિશે બતાવ્યું અને કહ્યું કે આ ચર્ચા ત્યારે બંધ થઈ શકે છે, જ્યારે હું સીતાને ઘરેથી કાઢી મૂકું. તે જ સમયે સીતાજીને સભામાં બોલાવવામાં આવી અને ઘરેથી નીકળી જવાનો આદેશ આપી દીધો. કારણ પણ બતાવી દીધું.સીતાજીએ વિનય (વિનંતી) પણ કર્યો કે હે સ્વામી ! આપે મારી અગ્નિ પરીક્ષા પણ લીધી હતી. હું પણ આત્માથી કહું છું કે રાવણે મારી સાથે મિલન

નથી કર્યું. જેનું કારણ એ હતું કે તેને એક ઋષિએ શ્રાપ આપેલો હતો કે અગર તું કોઈ પરસ્ત્રી સાથે બળાત્કાર કરીશ તો તે જ સમયે તારું મૃત્યુ થઈ જશે. અગર પરસ્ત્રીની સંમતિથી મિલન કરીશ તો આવું નહીં બને. જેના કારણે રાવણ મિલન માટે મને અડી પણ નથી શક્યો. હે પ્રભુ ! હું ગર્ભવતી છું. આવી સ્થિતિમાં ક્યાં જઈશ ? રાવણ જેવી વ્યક્તિઓની કમી નથી. રામચંદ્રજી આદેશ આપી સભા છોડીને ચાલ્યા ગયા. જતાં જતાં એમ કહેતા ગયા કે હું નિંદાને પાત્ર બનવા નથી માંગતો. મારા કુળને દાગ (ડાઘ) લાગશે. સીતાજીને પોતાના પગ નીચેથી ધરતી પણ ખસતી નજર આવી. આકાશમાં અંધારું છવાઈ ગયેલું દેખાયું. સંસારમાં થોડાક દિવસનું જીવન બાકી લાગ્યું.

સીતા અયોધ્યા છોડીને ચાલી નીકળી. વળી વળીને પોતાના રામને તથા તેના મહેલોને જોવાની કોશિશ કરતી રહી અને દૂર જંગલમાં જઈને ઋષિ વાલ્મીકિજીની ઝૂંપડીની નજીક થાકીને પડી ગઈ, અચેત (બેભાન) થઈ ગઈ. ઋષિ વાલ્મિકી સ્નાન કરવા માટે આશ્રમમાંથી નીકળ્યા. સામે એક યુવતી ગર્ભાવસ્થામાં અચેત પડેલી જોઈને નજીક ગયા. પોતાના આશ્રમમાંથી ઔષધિ લાવ્યા. સીતાજીના મુખમાં નાંખી. ગરમીની ઋતુ હતી. ઠંડા જળના છાંટા સીતાજીના મુખ પર નાંખ્યા, તે જ સમયે સીતાજી સચેત થઈને બેઠા થયા. ઋષિએ નામ અને ગામની વિગત પૂછી તો તેણે કહ્યું કે ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય મારું કોઈ નથી. બાકી કોઈ વિગત આપવાની ના પાડી દીધી. ઋષિઓ તો સ્વભાવના દયાવાન હોય છે. કહ્યું બેટી ! સંસાર તો સ્વાર્થનો જ હોય છે. તે પરમાત્માનો આભાર (ધન્યવાદ) માન કે તું મારા આશ્રમમાં આવી ગઈ. દીકરી તું મને પોતાનો પિતા માન અને મારી પાસે રહે. સીતાજી વાલ્મીકિ ઋષિજીના આશ્રમમાં રહેવા લાગી. ઋષિએ પણ તે બાબતે વધુ ક્યારેય આગળ કંઈ પૂછ્યું નહીં. પરમેશ્વર કબીરજી જે ત્રેતા યુગમાં ઋષિ મુનીન્દ્રજીના રૂપમાં લીલા કરવા આવ્યા હતા. તે હનુમાનજીને મળ્યા. સત સાહેબ બોલ્યા. હનુમાનજીએ રામ-રામ કહ્યું તથા ઊભા થઈને ઋષિનો સત્કાર કર્યો અને એક પથ્થર પર સ્વયં બેસી ગયા, બીજા પર ઋષિને બેસવાનો આગ્રહ કર્યો. બન્નેએ સ્થાન ગ્રહણ કર્યું. હનુમાનજી ઋષિજીને ઓળખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ઋષિજીએ કહ્યું, શું વિચારી રહ્યા છો હનુમાન ? હું તે જ ઋષિ છું, મારા જ આશ્રમમાં વાનરે સીતાજીનું કંગન ઘડામાં નાંખ્યું હતું. તેમાં બીજા કંગન પણ એવા જ હતા. હે હનુમાન ! તે કંગન કેવું રહ્યું ? હનુમાનજીને ઓળખતા વાર ન લાગી અને ફરીથી ઋષિજીને પ્રણામ કર્યા. હે ઋષિજી ! આપને કેમ આવવાનું થયું ?

પરમેશ્વર કબીરજીએ (મુનિન્દ્ર ઋષિના રૂપમાં) કહ્યું, હે પવનપુત્ર ! હું તમને ભક્તિ જ્ઞાન કરાવવા આવ્યો છું. તમે જે દશરથના પુત્ર રામચંદ્રજીની પૂજા, પૂર્ણ પરમાત્મા માનીને કરી રહ્યા છો. તમે ભૂલ કરી રહ્યા છો (તમે ગફલતમાં છો). જે જન્મે છે - મરે છે તે પૂર્ણ પરમાત્મા નથી હોઈ શકતા. પૂર્ણ પરમાત્મા તો અવિનાશી છે. હનુમાનજીએ કહ્યું કે હે ઋષિવર ! હું આપના વચનોથી આહત (દુઃખી) થાઉં છું. મારી ભાવનાઓ ઘવાય છે. આપ અન્ય વિષય પર ચર્ચા કરો. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે અગર કોઈ વ્યક્તિ ખોટા રસ્તે જઈ રહ્યો હોય અને તે ખોટા રસ્તાને સાચો માનીને ચાલી રહ્યો હોય, જે રસ્તો ડાકૂ-લૂંટારાઓના રહેઠાણ તરફ જઈ રહ્યો છે. અગર કોઈ સજ્જન પુરૂષ તેને બતાવે કે જે રસ્તા ઉપર તમે આગળ જઈ રહ્યા છો, તેમાં તમારા જાન-માલને ખતરો છે. આગળ ડાકૂ-લૂંટારાઓ ટાંપીને બેઠા છે. પહેલા મારે છે અને પછી લૂંટી લે છે. અગર તે વ્યકિત એમ કહે કે તમે મારી ભાવનાઓને દુઃખ પહોંચાડી રહ્યા છો, તો તે કેટલો સાચ્ચો છે ? હનુમાનજી ચુપ રહ્યા, પરંતુ તેમના ચહેરા પરનું હાસ્ય જાણે કહી રહ્યું હતું કે આપ સત્ય (સાચું) કહી રહ્યા છો. હનુમાનજીના ચહેરા પર શાંતિના લક્ષણો જોઈને પરમેશ્વરે બતાવ્યું કે શ્રી રામચંદ્રજી તો શ્રી વિષ્ણુજીના અવતાર છે. શ્રી વિષ્ણુજી, શ્રી બ્રહ્માજી તથા શ્રી શિવજીના પિતા કાળ બ્રહ્મ છે. એને જ જ્યોતિ નિરંજન પણ કહે છે. કાળને તેની ભૂલના લીધે શ્રાપ લાગ્યો છે કે તે એક લાખ માનવશરીરધારી પ્રાણીઓને દરરોજ આરોગશે (ખાશે) અને સવા લાખ (માનવ શરીરધારી)ને દરરોજ ઉત્પન્ન કર્યા કરશે. જેના કારણે તેણે પોતાના ત્રણેય પુત્રોને એક-એક વિભાગના સ્વામી બનાવી રાખ્યા છે. શ્રી બ્રહ્માજી રજોગુણ છે જેના પ્રભાવથી સર્વ પ્રાણી પ્રેરિત થઈને સંતાન ઉત્પત્તિ કરે છે. જેના કારણે બ્રહ્માને ભૂલથી ઉત્પત્તિકર્તા માની રાખ્યા (લીધા) છે. ઉત્પત્તિકર્તા તો પૂર્ણ પરમાત્મા છે.

કાળે પોતાના બીજા પુત્ર વિષ્ણુને કર્માનુસાર (કર્મ અનુસાર) પાલનકર્તાનો વિભાગ આપ્યો (સોંપ્યો) છે, વિષ્ણુ સત્વગુણ છે. કાળે ત્રીજા પુત્ર શિવ તમોગુણને એ એક લાખ માનવ શરીરધારી જીવોને મારીને તેની પાસે (કાળ પાસે) મોકલી આપવાનો વિભાગ આપી રાખ્યો છે. તે (કાળ) સ્વયં અવ્યકત (ગુપ્ત) રહે છે. આપ જોઈ રહ્યા છો, અહીં કોઈપણ જીવ અમર નથી, દેવતાઓ પણ મરે છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ પણ જન્મે અને મરે છે. બધા પોત પોતાની ઉંમર (આયુષ્ય) મુજબ જીવન જીવે છે, ઉંમર થતા વૃદ્ધાવસ્થા બધામાં આવે છે. એક લોક એવો છે જ્યાં આગળ વૃદ્ધાવસ્થા

તથા મૃત્યુ (મરણ) નથી. ત્યાં કોઈ રાવણ કોઈની પત્નીનું અપહરણ નથી કરતો. તમારી આંખો સામે લંકામાં થયેલ રામ-રાવણના યુદ્ધમાં કેટલા વ્યક્તિ તથા અન્ય પ્રાણી મરી ગયા. ખાલી એક સીતાને છોડાવવા માટે. તમે શ્રી રામચંદ્રજી માટે પોતાના જીવની બાજી લગાડીને લંકાને સળગાવી. રાવણનો ભાઈ અહીરાવણ જે પાતાળનો રાજા હતો, તે રામ તથા લક્ષ્મણને અપહરણ કરીને લઈ ગયો. તેમની બલી ચઢાવવાનો જ હતો, તમે ત્યાં પહોંચ્યા અને બન્નેને જીવીત બચાવીને પાછા લાવ્યા. તમે જ કહો, શું તે પરમાત્મા છે ? જે સમયે નાગફાંસ શસ્ત્ર છોડવાથી સર્પો (સાપો)એ શ્રીરામ તથા તમને અને તમામ સેનાને લક્ષ્મણ સહિત બાંધી દીધા હતા. સર્પ તમને સૌને લપટાઈને જકડી (બાંધી) રાખ્યા હતા. તમે સૌ વિવશ હતા. થોડાક જ સમયમાં તમને બધાને રાવણની સેના સહેલાઈથી કાપીને ફેંકી દેતી. તે સમયે ગરૂડને પોકાર કરીને બોલાવવામાં આવ્યો. તેણે નાગોને કાપ્યા. તમે તથા રામચંદ્ર બંધનમુક્ત થયા. અગર પરમાત્મા એટલા વિવશ છે કે પોતાના બંધન પણ કાપી નથી શકતા તો વિચાર કરો કે પૂજારીઓનું તો શું થશે ?

*કાટે બંધન વિપત મેં, કઠીન કીયો સંગ્રામ ।*
*ચિન્હો રે નર પ્રાણીઓ, ગરૂડ બડો કે રામ ।।*

હનુમાનજીએ કહ્યું ઋષિજી ! સમુદ્ર પર પુલ બનાવવો તે શું એક સામાન્ય માણસનું કાર્ય છે ? એ પરમાત્મા વગર નથી બનાવી શકાતો.

*સમન્દર પાટિ લંકા ગયો, સીતા કો ભરતાર ।*
*અગસ્ત ઋષિ સાતોં પીયે, ઈનમેં કૌન કરતાર ।।*

અગર તમે સમુદ્ર ઉપર સેતુ બનાવવાના કારણે શ્રી રામચંદ્રજીને પરમાત્મા માનો છો તો અગસ્ત ઋષિએ તો સાતેય સમુદ્ર પી લીધા હતા. એમાંથી કોણ છે પરમાત્મા ?

ઋષિ મુનિન્દ્રજીએ બતાવ્યું કે તમે ભૂલી ગયા કે શું ? એક ઋષિ આવ્યા હતા. તેમણે એક પર્વતના પથ્થરોને પોતાની લાકડી (ડંડી)થી રેખા ખેંચીને હલકા કર્યા હતા, ત્યારે પથ્થર તર્યા હતા, ત્યારે પુલ બન્યો હતો. રામચંદ્રજી તો ત્રણ દિવસથી રસ્તો માંગી રહ્યા હતા. સમુદ્ર એ જ નલ-નીલ અંગે બતાવ્યું હતું. હનુમાનજીએ કહ્યું કે એ તો વિશ્વકર્માજી હતા જે વેશ બદલીને શ્રી રામચંદ્રજીના બોલાવવાથી આવ્યા હતા. પરમેશ્વર કબીરજીએ કહ્યું કે વિશ્વકર્માજી તો પુલનું નિર્માણ કરી શકે છે, પાણી ઉપર પથ્થર નથી તરાવી શકતા. નલ-નીલના હાથોમાં શક્તિ હતી. તેમના હાથ વડે જળમાં નાંખવામાં આવેલ વસ્તુ જળની ઉપર જ તર્યા કરતી હતી. તે દિવસે તેમને

અભિમાન આવી ગયું હતું. જેથી તેમની શક્તિ સમાપ્ત થઈ ગઈ હતી. તે આશીર્વાદ મારો જ હતો. હનુમાનજીએ કહ્યું, શું આપ ઋષિ મુનિન્દ્રજી છો? પરમેશ્વરજીએ કહ્યું હા. મુનિન્દ્રજીએ કહ્યું કે તમે તમારા પ્રાણોની ચિંતા કર્યા વગર રામજી માટે શું નથી કર્યું ? જ્યારે સીતાએ તમને અપશબ્દો કહ્યા અને ઘર છોડવાનું કહ્યું, તે સમયે શ્રીરામ ત્યાં જ વિરાજમાન હતા. એક શબ્દ પણ ન બોલ્યા કે સીતા આવું ના કર. પવનસુત અંદરથી તો માની રહ્યા હતા, પરંતુ ઉપરથી કહી રહ્યા હતા કે ઋષિજી ! કોઈની આલોચના ના કરવી જોઈએ. મુનિન્દ્રજીએ કહ્યું કે સત્ય કહેવું એ આલોચના નથી હોતી. અગર શ્રી રામચંદ્ર અને સીતાજીમાં સારા માનવવાળા ગુણ પણ હોત તો પણ તમારો આજીવન ઉપકાર માનતા અને તમને પોતાના ચરણોમાં રાખતા. તમે તો એમના વગર જીવવું પણ ઉચિત (યોગ્ય) નથી ગણતા. હજી બીજુ આગળ સાંભળો ! તમારી સાથે જેવો વ્યવહાર કર્યો, તેનું ફળ પણ સીતા તથા રામચંદ્રજીને મળી ગયું છે. થોડાક વર્ષો પછી સીતાને શ્રીરામે ઘરમાંથી હાંકી કાઢી. તે સમયે તે ગર્ભવતી હતી. આ સાંભળીને હનુમાનજીની આંખોમાંથી આંસુ નીકળી પડ્યા અને ઋષિના ચરણોમાં પડી ગયા. કંઈ પણ બોલ્યા નહીં. અયોધ્યાવાસીઓએ બે વર્ષ દિવાળી અને દશેરાની ઉજવણી કરી હતી. તેના પછી તે ઉજવવાની બંધ કરી દીધી હતી એટલા માટે કે જે દેવી માટે રાવણને માર્યો, આજે તે (દેવી) ફરી કેટલાય રાવણોનું કષ્ટ (દુઃખ) સહન કરશે. દીપમાળા ખુશીનું પ્રતીક છે. જ્યારે રાજા અને રાણી અલગ થઈ ગયા તો તે દીપાવલી ન તો રાજાને સારી લાગે કે ન તો પ્રજાને. એટલા માટે દિવાળીનો પર્વ (તહેવાર) તે જ સમયથી બંધ થઈ ગયો હતો. જે ફક્ત બે વર્ષ મનાવવા (ઉજવવા)માં આવ્યો હતો. તેના જ આધારે આ ભોળી જનતા (હાલમાં) આ પર્વ મનાવે છે.

આ જ પ્રમાણે દશેરા તથા રાવણ દહનની પરંપરા ચાલી આવે છે. અગર કોઈના ઘરે કોઈ યુવાનનું મૃત્યુ થઈ જાય છે તો તે પરિવાર તથા સગા સંબંધી કોઈપણ તહેવાર નથી ઉજવતા.

હનુમાનજીએ કહ્યું પ્રભુ ! પરમેશ્વરની ચર્ચા કરો. કબીર પરમેશ્વરજીએ સૃષ્ટિ રચના સંભળાવી. સત્યકથા સાંભળીને હનુમાનજી ગદ્‌ગદ્ (ખુશ) થઈ ગયા. સત્યલોક જોવાની પ્રાર્થના કરી. પરમેશ્વર આકાશમાં ઉડી ગયા. હનુમાનજી જોઈ રહ્યા હતા. થોડાક સમય માટે અંતર્ધ્યાન થઈ ગયા. હનુમાનજીને ચિંતા થઈ ગઈ કે હવે આ ઋષિજી કઈ રીતે મળશે ? એટલામાં આકાશમાં વિશેષ પ્રકાશ દેખાયો. હનુમાનજીને દિવ્ય દૃષ્ટિ આપીને સતલોક

બતાવ્યો. ઋષિ મુનિન્દ્રજી સિંહાસન પર બેઠેલા દેખાઈ રહ્યા હતા. તેમના શરીરનો પ્રકાશ અત્યાધિક (ખૂબ વધારે) હતો. માથા ઉપર મુકુટ અને રાજાઓની જેમ છત્ર (છત્તર) હતું. થોડીવાર એ દશ્ય દેખાડીને દિવ્ય દષ્ટિ સમાપ્ત કરી દીધી. મુનિન્દ્રજી નીચે આવી ગયા. હનુમાનજીને વિશ્વાસ થયો કે આ પરમેશ્વર છે. સતલોક સુખનું સ્થાન છે. તેમણે પરમેશ્વર કબીરજી પાસેથી દીક્ષા લીધી. પોતાનું જીવન ધન્ય કર્યું. મુક્તિના અધિકારી થયા. આ પ્રમાણે પવિત્ર આત્મા પરમાર્થી સ્વભાવ હનુમાનજીને પરમેશ્વર કબીરજીએ પોતાની શરણમાં લીધા. પરમાર્થી આત્માને સંસાર તથા કાળ લોકના સ્વામી ભલે જ પરોપકારનું ફળ નથી આપતા, પરંતુ પરમેશ્વર એવી આત્માઓને શરણમાં અવશ્ય (જરૂર) લે છે કારણ કે એવી આત્મા જ પરમ ભક્ત બનીને ભક્તિ કરે છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. સાંસારિક વ્યક્તિ જે પરમાર્થી સાથે દગો કરેછે, તે આજીવન કષ્ટમય (દુઃખમય) જીવન વ્યતીત કરે છે.

શ્રી રામચંદ્રજીને અંત સમયમાં પોતાના પુત્રો લવ તથા કુશથી જ પરાજીત થવું પડ્યું હતું. સીતાજીએ તેમના દર્શન કરવાનું પણ ઉચિત (યોગ્ય) નહતું ગણ્યું. અને જોત જોતામાં પૃથ્વીમાં સમાઈ ગઈ. આ ગ્લાનિથી શ્રી રામચંદ્રજીએ અયોધ્યાની પાસે વહી રહેલ સરયુ નદીમાં છલાંગ લગાવીને પોતાની જીવન લીલા જળ સમાધિ લઈને સમાપ્ત કરી. પરમાર્થી હનુમાનજીને નિઃસ્વાર્થ દુઃખીયાઓની સહાયતા કરવાનું ફળ મળ્યું. પરમાત્મા સ્વયં (જાતે) આવ્યા, મોક્ષ માર્ગ બતાવ્યો. જીવનું કલ્યાણ થયું. હનુમાનજી ફરીથી માનવ જીવન પ્રાપ્ત કરશે, ત્યારે પરમેશ્વર કબીરજી તેમને શરણમાં લઈને મુક્ત કરશે. તે આત્મામાં સત્ય ભક્તિ બીજનું રોપાણ થઈ ચુક્યું છે.

## ✪ ''આપણે કાળની જાળમાં કેવી રીતે ફસાયા ?''

આનો જવાબ જાણવા માટે કૃપ્યા વાંચો અધ્યાય ''સૃષ્ટિ રચના''માં જે આ જ પુસ્તક 'જીવવાનો માર્ગ'ના પાના નં. **306** થી **370** પર છે.

## ✪ ''કબીર પરમેશ્વરજીની કાળ સાથે વાર્તા''

અત્યારે આપણે કાળ બ્રહ્મના લોકમાં રહીએ છીએ. આત્મા ઉપર સ્થૂળ વગેરે-વગેરે શરીર ચઢાવીને કાળે જીવ બનાવી દીધા છે. તેણે જીવને ભ્રમિત કર્યો છે. પૂર્ણ પરમાત્મા જે આત્માનો જનક (પેદા કરનાર) છે, ભૂલાવી દીધો છે. પોતાને જ પરમાત્મા સિદ્ધ કરેલ છે. એ પરમાત્માના અંશ જીવાત્માને દુઃખી કરે છે જેથી પરમાત્મા દુઃખી થાય. એ જ મન રૂપમાં દરેક આત્માની સાથે રહે છે ભૂલ કરાવડાવે છે, જેનો દંડ જીવાત્મા ભોગવે છે.

જેમ કે શરાબ (દારૂ) વગેરે-વગેરેની કુટેવ - વ્યસનની લત (આદત) લગાડવી, બળાત્કાર **(Rape)** કરાવવો અને અન્ય (બીજાં ઘણાં બધાં) પાપ કરાવે છે. આ મનની પ્રેરણાથી કાળ કરાવે છે. જ્યારે આપજી લેખક (સંત રામપાલ)થી દીક્ષા લેશો, ત્યારે એ સીધો ચાલશે કારણ કે જીવાત્મા સાથે પરમાત્માની શક્તિ રહેવા લાગે છે. આત્માને તત્વજ્ઞાનથી વિવેક થઈ જાય છે. પરમાત્માની શક્તિના કારણે આત્મા દૃઢ થઈ જાય છે. કાળ બ્રહ્મ ફક્ત કબીર પરમાત્માથી જ ડરે છે. સંત ગરીબદાસજીએ કહ્યું છે કેઃ-

*કાલ ડરૈ કરતાર સે, જય-જય-જય-જગદીશ ।*
*જૌરા જોડી ઝાડતા, પગ રજ ડારે શીશ ।।*
*ગરીબ, કાલ જો પીસે પીસના, જૌરા હૈ પનિહાર ।*
*યે દો અસલ મજદૂર હૈં, સતગુરૂ કબીર કે દરબાર ।।*

ભાવાર્થ સ્પષ્ટ છે. પરમાત્મા કબીરજી અમારી આત્માને કાળ-જાળથી કાઢવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. કાળ બ્રહ્મ ફસાવવાનો પ્રયત્ન કરે છે. આગળના પ્રકરણમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

જ્યારે પરમેશ્વરે સર્વ બ્રહ્માંડોની રચના કરી અને પોતાના લોકમાં વિશ્રામ કરવા લાગ્યા. તેના પછી આપણે બધા જ કાળના બ્રહ્માંડમાં રહીને પોતાના કરેલા કર્મદંડ ભોગવવા લાગ્યા અને ખૂબ દુઃખી રહેવા લાગ્યા. સુખ તથા શાંતિની શોધમાં ભટકવા લાગ્યા અને આપણે બધાને પોતાના નિજ ઘર સતલોકની યાદ સતાવવા લાગી તથા ત્યાં જવાને માટે પ્રારંભ કર્યો (શરૂઆત કરી). કોઈએ ચારેય વેદોને કંઠસ્થ (મોંઢે) કર્યા તો કોઈ ઉગ્ર (ઘોર) તપ કરવા લાગ્યા અને હવન યજ્ઞ, ધ્યાન, સમાધિ વગેરે ક્રિયાઓ શરૂ કરી, પરંતુ પોતાના નિજ ઘર સતલોકમાં નહીં જઈ શક્યા. ઉપરોક્ત ક્રિયાઓ કરવાથી આગલા જન્મમાં સારા સમૃદ્ધ (સુખમય) જીવનને પ્રાપ્ત થઈને (જેમ કે રાજા-મહારાજા, મોટા વેપારી, અધિકારી, દેવ-મહાદેવ, સ્વર્ગ-મહાસ્વર્ગ વગેરે) પાછા લખ ચોર્યાસી ભોગવવા લાગ્યા. ખૂબ જ દુઃખી રહેવા લાગ્યા અને પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે હે દયાળુ ! અમને નિજ ઘરનો રસ્તો દેખાડો. અમે હૃદયથી આપની ભક્તિ કરીએ છીએ. આપ અમને દર્શન કેમ નથી આપી રહ્યા. ?

આ વર્ણન કબીર સાહેબે ધર્મદાસજીને બતાવતા કહ્યું કે ધર્મદાસ આ જીવોની પોકાર સાંભળીને હું મારા સતલોકથી જોગજીતનું રૂપ બનાવીને કાળલોકમાં આવ્યો. ત્યારે એકવીસમા બ્રહ્માંડમાં જ્યાં કાળનું નિજ ઘર છે ત્યાં આગળ ધગધગતી તપ્તશિલા પર જીવોને શેકીને સૂક્ષ્મ શરીરથી ગંધ

કાઢવામાં આવી રહી હતી. મારા પહોંચ્યા પછી તે જીવોની જલન (બળતરા) સમાપ્ત થઈ ગઈ. તેમણે મને જોઈને કહ્યું કે હે પુરુષ! આપ કોણ છો? આપના દર્શન માત્રથી જ અમને વધારે સુખ તથા શાંતિનો અહેસાસ (અનુભવ) થઈ રહ્યો છે. પછી મેં બતાવ્યું કે હું પારબ્રહ્મ પરમેશ્વર કબીર છું. તમે બધા જીવ મારા લોકથી આવીને કાળબ્રહ્મના લોકમાં ફસાઈ ગયા છો. આ કાળ દરરોજ એક લાખ માનવના સૂક્ષ્મ શરીરથી ગંધ કાઢીને ખાય છે અને ત્યારબાદ નાના (જુદા-જુદા) પ્રકારની યોનિમાં દંડ ભોગવવાને માટે છોડી દે છે. ત્યારે તે જીવાત્માઓ કહેવા લાગી કે હે દયાળુ પરમેશ્વર ! અમને આ કાળની જેલમાંથી છોડાવો. મેં કહ્યું કે આ બ્રહ્માંડ, કાળે ત્રણ વાર ભક્તિ કરીને મારાથી પ્રાપ્ત કરેલું છે, જે તમે અહીંયા બધી વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છો તે બધી જ કાળની છે અને તમે બધા તમારી ઈચ્છાથી ફરવાને માટે આવ્યા છો. એટલા માટે હવે તમારી ઉપર કાળબ્રહ્મનું ખૂબ વધારે ઋણ (દેવું) થઈ ગયું છે અને તે ઋણ મારા સાચા નામના જાપ વગર નથી ઊતરી શકતું.

જ્યાં સુધી તમે ઋણમુક્ત નથી થઈ શકતા ત્યાં સુધી તમે કાળબ્રહ્મની જેલમાંથી બહાર નથી જઈ શકતા. એના માટે તમારે મારાથી નામ ઉપદેશ લઈને ભક્તિ કરવી પડશે. ત્યારે હું તમને છોડાવીને લઈ જઈશ. અમે આ વાર્તાલાપ કરી જ રહ્યા હતા એટલામાં ત્યાં આગળ કાળબ્રહ્મ પ્રગટ થઈ ગયો અને તેણે બહુ ક્રોધિત થઈને મારા ઉપર હુમલો કર્યો. મેં મારી શબ્દશક્તિથી તેને બેભાન કરી દીધો. પછી થોડા સમય બાદ તે ભાનમાં આવ્યો. મારા ચરણમાં પડીને ક્ષમાયાચના કરવા લાગ્યો અને બોલ્યો કે તમે મારાથી મોટા છો, મારા પર થોડીક દયા કરો અને આપ એ બતાવો કે આપ મારા લોકમાં કેમ આવ્યા છો? ત્યારે મેં કાળ પુરુષને કહ્યું કે કેટલાક જીવાત્માઓ ભક્તિ કરીને પોતાના નિજ ઘર સતલોકમાં પાછા જવા માંગે છે. તેમને સતભક્તિ માર્ગ નથી મળી રહ્યો. એટલા માટે તે ભક્તિ કરતા હોવા છતાં પણ આ જ લોકમાં રહી જાય છે. હું તેમને સતભક્તિ માર્ગ બતાવવાને માટે અને તારો ભેદ જણાવવાના માટે આવ્યો છું કે તું કાળ છે, એક લાખ જીવોનો આહાર કરે છે અને સવાલાખ જીવોને ઉત્પન્ન કરે છે તથા ભગવાન બનીને બેઠો છે. હું તેમને કહીશ કે તમે જેની ભક્તિ કરો છો તે ભગવાન નથી, કાળ છે. આટલું સાંભળતા જ કાળ બોલ્યો કે અગર બધા જીવ પાછા (સતલોક) ચાલ્યા જશે તો મારા ભોજનનું શું થશે ? હું તો ભૂખ્યો મરી જઈશ. આપને મારી પ્રાર્થના છે કે ત્રણ યુગોમાં જીવો ઓછી સંખ્યામાં લઈ જજો અને બધાને મારો ભેદ ના કહેશો કે હું કાળ છું, બધાને ખાઉ છું. જ્યારે કળિયુગ આવે

ત્યારે જેટલા જીવ લઈ જવા હોય તેટલા લઈ જજો. આ વચન કાળે મારાથી પ્રાપ્ત કરી લીધું. કબીર સાહેબે ધર્મદાસને આગળ બતાવતા કહ્યું કે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગમાં પણ હું આવ્યો હતો અને ઘણા બધા જીવોને સતલોક લઈ ગયો, પરંતુ આનો (કાળનો) ભેદ કહ્યો ન હતો. હવે હું કળિયુગમાં આવ્યો છું અને કાળ સાથે મારે વાર્તા થઈ છે. કાળબ્રહ્મએ મને કહ્યું કે હવે આપ જેટલી તાકાત લગાવવી હોય તેટલી લગાવી લેજો, તમારી વાત કોઈ નહીં સાંભળે. પ્રથમ તો મેં જીવોને ભક્તિને લાયક જ નથી રહેવા દીધા. તેમનામાં બીડી, સિગારેટ, દારૂ, માંસ વગેરે ખરાબ વ્યસનોની આદત નાખીને તેમની વૃત્તિને બગાડી દીધી છે. જુદા-જુદા પ્રકારની પાખંડ પૂજામાં જીવાત્માઓને લગાવી દીધા છે. બીજી વાત એ થશે (બનશે) કે જ્યારે તમે પોતાનું જ્ઞાન આપીને પાછા તમારા લોકમાં ચાલ્યા જશો ત્યારે હું (કાળ) મારા પોતાના દૂત મોકલીને આપના પંથથી મળતા-જુલતા 12 (બાર) પંથ ચલાવીને જીવોને ભ્રમિત કરી દઈશ. મહિમા સતલોકની બતાવશે, આપનું જ્ઞાન કથશે (કહેશે), પરંતુ નામ-જાપ મારો જ કરશે, જેના પરિણામ સ્વરૂપ મારું જ ભોજન બનવાના. આ વાત સાંભળીને કબીર સાહેબે કહ્યું કે તમે તમારી કોશિશ કરજો, હું સતમાર્ગ બતાવીને જ પાછો જઈશ અને જે મારું જ્ઞાન સાંભળી લેશે તે તારા બહેકાવવામાં ક્યારેય પણ આવશે નહીં.

સતગુરુ કબીર સાહેબે કહ્યું કે હે નિરંજન! અગર હું ચાહું તો તારા બધા ખેલને ક્ષણ ભરમાં સમાપ્ત કરી શકું છું. પરંતુ આવું કરવાથી મારું વચનભંગ થાય છે. આ વિચારીને હું મારા પ્યારા હંસોને યથાર્થ (યોગ્ય-સાચું) જ્ઞાન આપીને શબ્દનું બળ પ્રદાન કરીને સતલોક લઈ જઈશ અને કહ્યું કે :

*સુનો ધર્મરાયા, હમ સંખોં હંસા પદ પરસાયા ।*
*જિન લીન્હા હમરા પ્રવાના, સો હંસા હમ કિએ અમાના ।।*

**(પવિત્ર કબીર સાગરમાં જીવોને ભૂલ-ભૂલૈયામાં નાખવા માટે તથા પોતાની ભૂખને મિટાવવા માટે જુદા જુદા પ્રકારની રીતોનું વર્ણન)**

*દ્વાદસ પંથ કરું મૈં સાજા, નામ તુમ્હારા લે કરું અવાજા ।*
*દ્વાદસ યમ સંસાર પઠહો, નામ તુમ્હારે પંથ ચલૈહો ।।*
*પ્રથમ દૂત મમ પ્રગટે જાઈ, પીછે અંશ તુમ્હારા આઈ ।।*
*યહી વિધિ જીવન કો ભ્રમાઉં, પુરુષ નામ જીવન સમજાઉં ।।*
*દ્વાદસ પંથ નામ જો લૈહે, સો હમરે મુખ આન સમૈ હૈ ।।*
*કહા તુમ્હારા જીવ નહીં માને, હમારી ઓર હોય બાદ બખાને ।।*

*મૈં દઢ ફંદા રચી બનાઈ, જામેં જીવ રહે ઉરજાઈ ।।*
*દેવલ દેવ પાષાન પૂજાઈ, તીર્થ વ્રત જપ-તપ મન લાઈ ।।*
*યજ્ઞ હોમ અરુ નેમ અચારા, ઔર અનેક ફંદ મેં ડારા ।।*
*જો જ્ઞાની જાઓ સંસારા, જીવ ન માનૈ કહા તુમ્હારા ।।*

**(સતગુરુ વચન)**

*જ્ઞાની કહે સુનો અન્યાઈ, કાટો ફંદ જીવ લે જાઈ ।।*
*જેતિક ફંદ તુમ રચે વિચારી, સત્ય શબ્દ તૈ સબૈ બિંડારી ।।*
*જૌન જીવ હમ શબ્દ દઢાવૈ, ફંદ તુમ્હારા સકલ મુકાવૈ ।।*
*ચૌકા કર પ્રવાના પાઈ, પુરુષ નામ તિહિ દેઉં ચિન્હાઈ ।।*
*તાકે નિકટ કાલ નહીં આવૈ, સંધિ દેખી તાકહં સિર નાવૈ ।।*

**ઉપરના વિવરણથી સિધ્ધ થાય છે કે જે અનેક પંથ ચાલી રહ્યા છે. જેમની પાસે કબીર સાહેબ દ્વારા બતાવેલ સતભક્તિ માર્ગ નથી, એ બધા કાળપ્રેરિત છે. અતઃ (એટલા માટે) બુદ્ધિમાને તો ખાસ ધ્યાન રાખવું જોઈએ કે સમજી-વિચારીને ભક્તિમાર્ગ અપનાવે, કારણ કે મનુષ્યજન્મ અનમોલ છે, આ વારંવાર નથી મળતો. કબીર સાહેબ કહે છે કે :-**

*કબીર માનુષ જન્મ દુર્લભ હૈ, મિલે ન બારમ્બાર ।*
*તરુવર સે પત્તા ટૂટ ગિરે, બહુર ન લગતા ડારિ ।।*

## ● કાળ નિરંજન દ્વારા કબીરજી પાસે ત્રણેય યુગોમાં ઓછા જીવ લઈ જવા અંગેનું વચન લેવા બાબત

**(વિસ્તૃત તથા સંપૂર્ણ વર્ણન)**

**પ્રશ્નઃ- કબીરજીના નામથી શરૂ થયેલ 12 પંથોના વાસ્તવિક પ્રમુખ કોણ છે અને તેરમો પંથ કોણ ચલાવશે ?**

**ઉત્તરઃ- જે પ્રમાણે કબીર સાગરના સંશોધનકર્તા સ્વામી યુગલાનંદ (બિહારી)જીએ દુઃખ વ્યકત કર્યું છે કે સમય સમયે કબીરજીના ગ્રંથો સાથે છેડછાડ (ફેરફાર) કરીને તેમની ખરાબ દશા કરી નાંખી છે.**

**ઉદાહરણઃ- પરમેશ્વર કબીરજીનો જોગજીતના રૂપમાં કાળ બ્રહ્મ સાથે વિવાદ થયો હતો. તે ''સ્વસમવેદ બોધ'' પાના નં. 117 થી 122 સુધી તથા ''અનુરાગ સાગર'' ના પાના નં. 60 થી 67 સુધી છે.**

**પરમેશ્વર કબીરજી પોતાના પુત્ર જોગજીતના રૂપમાં કાળના પ્રથમ બ્રહ્માંડમાં પ્રગટ થયા જે 21 (એકવીસ)મું બ્રહ્માંડ છે, જયાં આગળ**

તપ્તશીલા બનેલી છે. કાળ બ્રહ્મે જોગજીત સાથે ઝઘડો કર્યો. પછી મજબૂર થઈને ચરણ પકડીને ક્ષમાયાચના કરી તથા પ્રતિજ્ઞા કરાવીને અમુક સુવિધા માંગી.

(1) ત્રણેય યુગમાં (સત્યુગ, ત્રેતા યુગ, દ્વાપર યુગ)માં થોડા જીવ પાર કરજો.

(2) જોર-જબરજસ્તી કરીને જીવને મારા લોકમાંથી ના લઈ જતા.

(3) આપ આપનું જ્ઞાન સમજાવજો. જે આપના જ્ઞાનને માને (સ્વીકારે), તે આપનો અને જે મારા જ્ઞાનને માને, તે મારો.

(4) કળિયુગમાં પહેલાં મારા દૂત પ્રગટ થવા જોઈએ, પછી આપનો દૂત આવે.

(5) ત્રેતા યુગમાં સમુદ્ર પર પુલ બનાવી આપજો. તે સમયે મારો પુત્ર રામચંદ્ર રૂપમાં લંકાના રાજા રાવણ સાથે યુદ્ધ કરશે, સમુદ્ર રસ્તો નહીં આપે.

(6) દ્વાપર યુગમાં બૌદ્ધ (બોધકારક) શરીર ત્યાગીને જઈશ. રાજા ઈન્દ્રદમન મારા નામથી (જગન્નાથ નામથી) સમુદ્રના કાંઠે મારી આજ્ઞાથી મંદિર બનાવવા માંગશે. ત્યારે સમુદ્ર તેને માટે અવરોધરૂપ બનશે. આપ તે મંદિરની સુરક્ષા કરજો. પરમેશ્વરે તમામ માંગણીઓ સ્વીકારી લીધી અને વચનબદ્ધ થઈ ગયા. ત્યારે કાળ બ્રહ્મ હસ્યો અને કહ્યું કે હે જોગજીત ! આપ જાઓ સંસારમાં. જે સમયે કળિયુગ આવશે. તે સમયે હું પોતાના 12 દૂત (નકલી સતગુરૂ) સંસારમાં મોકલીશ. જ્યારે કળિયુગના 5505 વર્ષ પૂરા થશે, ત્યાં સુધી મારા દૂત તારા નામથી (કબીરજીના નામથી) 12 કબીરપંથ ચલાવી દેશે. કબીરજીએ જોગજીત રૂપમાં કાળ બ્રહ્મને કહ્યું હતું કે કળિયુગમાં મારૂ નામ કબીર હશે અને હું કબીર નામથી પંથ ચલાવીશ. એટલા માટે કાળ જ્યોતિ નિરંજને કહ્યું હતું કે આપ કબીર નામથી એક પંથ ચલાવશો તો હું (કાળ) કબીર નામથી 12 પંથ ચલાવીશ. બધા જ (તમામ) માનવીઓને ભ્રમિત કરીને પોતાની જાળમાં ફસાવીને (બાંધીને) રાખીશ. આના સિવાય બીજા (અન્ય) પણ કેટલાય પંથ ચલાવીશ જે સતલોક, સચ્ચખંડની વાતો કર્યા કરશે તથા સત્ય સાધના તેમની પાસે નહીં હોય. જેના કારણે તે સત્ય લોકની આશામાં ખોટા નામોના મંત્ર જાપ કરીને મારી જ જાળમાં ફસાયેલા રહી જશે.

કાળ બ્રહ્મે પૂછ્યું હતું કે આપ કયા સમયે કળિયુગમાં પોતાનો સત્ય કબીર પંથ ચલાવશો ? કબીરજીએ કહ્યું હતું કે જે સમયે કળિયુગ 5505 (પાંચ હજાર પાંચસો પાંચ) વર્ષ પૂર્ણ કરશે (વીતી જશે) ત્યારે હું પોતાનો યથાર્થ (યોગ્ય/સાચો) તેરમો કબીર પંથ ચલાવીશ.

કાળે કહ્યું કે તે સમય આવે તે પહેલાં હું પૃથ્વી ઉપર શાસ્ત્ર વિધિ ત્યજીને મનમાન્યું (મનમરજીવાળું) આચરણ કરાવીને શાસ્ત્ર વિરુદ્ધ જ્ઞાન બતાવીને જૂઠ્ઠા નામ (મંત્રો) તથા ખોટી સાધનાના પાકકા અભ્યાસુ બનાવી દઈશ. જ્યારે તારો તેરમો અંશ આવીને સત્ય કબીર પંથ ચલાવશે, તેની વાત ઉપર કોઈ વિશ્વાસ કરશે નહીં અને ઉલ્ટો તેની સાથે ઝઘડો કરશે. કબીરજીને ખબર હતી કે જ્યારે કળિયુગના 5505 વર્ષ પૂરા થશે (સન્ 1997માં) ત્યારે શિક્ષાની ક્રાંતિ લાવવામાં આવશે. સર્વ (તમામ) માનવને અક્ષર જ્ઞાનયુક્ત કરવામાં આવશે. તે સમયે મારો દાસ બધા જ ધાર્મિક ગ્રંથોને બરાબર સમજીને માનવ સમાજ સમક્ષ રૂબરૂ (પ્રમાણ સાથે રજૂઆત) કરશે. સર્વ પ્રમાણોને આંખોથી રૂબરૂ જોઈને શિક્ષિત માનવ સત્યથી પરિચિત થઈને તરત જ મારા તેરમા પંથમાં દીક્ષા લઈ લેશે અને આખું વિશ્વ મારા દ્વારા બતાવેલ ભક્તિ વિધિ તથા તત્ત્વજ્ઞાનને હૃદયથી સ્વીકાર કરીને ભક્તિ કરશે. તે સમયે ફરીથી સતયુગ જેવું વાતાવરણ બની જશે. પરસ્પર રાગદ્વેષ, ચોરી-જારી, લૂંટ-છેતરપિંડી કોઈ કરશે નહીં. કોઈ ધન સંગ્રહ નહીં કરે. ભક્તિને વધુ મહત્ત્વ આપવામાં આવશે. જેમ કે તે સમયે વ્યક્તિને મહાન માનવામાં આવી રહ્યો હશે જેની પાસે વધુ ધન હશે, મોટો વ્યવસાય હશે, મોટા મોટા બંગલા-મકાનો બનાવી રાખ્યા હશે, પરંતુ 13મા પંથની શરૂઆત થયા બાદ આવા વ્યક્તિઓને મૂર્ખ ગણવામાં આવશે અને જે ભક્તિ કરશે, સામાન્ય મકાન બનાવીને રહેશે. તેમને મહાન, મોટા અને સન્માનિત વ્યક્તિ માનવામાં આવશે.

## ''પ્રમાણ માટે પવિત્ર કબીર સાગરમાંથી અલગ અલગ અધ્યાયોની અમૃતવાણી''

### ''કબીરજી તથા જ્યોતિ નિરંજનની વાર્તા''

**અનુરાગ સાગરના પૃષ્ઠ નં. 62 પરથીઃ-**

### ''ધર્મરાય (જ્યોતિ નિરંજન) વચન''

*ધર્મરાય અસ વિનતી ઠાની । મૈં સેવક દ્વિતીયા ન જાની ।। 1 ।।*
*જ્ઞાની બિનતી એક હમારા । સો ન કરહૂ જિહ સે હો મોર બિગારા ।। 2 ।।*
*પુરૂષ દીન્હ જસ મોકહં રાજુ । તુમ ભી દેહહુ તો હોવે મમ કાજુ ।। 3 ।।*
*અબ મૈં વચન તુમ્હરો માની । લીજો હંસા હમ સો જ્ઞાની ।। 4 ।।*

**પૃષ્ઠ 63 પરની અનુરાગ સાગરની વાણીઃ-**

*દયાવન્ત તુમ સાહેબ દાતા । ઐતિક કૃપા કરો હો તાતા ।। 5 ।।*
*પુરૂષ શૉપ મોકહં દીન્હા । લખ જીવ નિત ગ્રાસન કીન્હા ।। 6 ।।*

**પૃષ્ઠ 64 પરની અનુરાગ સાગરની વાણીઃ-**

*જો જીવ સકલ લોક તવ આવૈ । કૈસે ક્ષુધા મોર મિટાવૈ ।। 7 ।।*
*જૈસે પુરૂષ કૃપા મોપે કીન્હા । ભૌસાગર કા રાજ મોહે દીન્હા ।। 8 ।।*
*તુમ ભી કૃપા મોપર કરહુ । જો માંગે સો મોહે દેહો બરહુ ।। 9 ।।*
*સતયુગ, ત્રેતા, દ્વાપર માંહીં । તીનોં યુગ જીવ થોડે જાહીં ।। 10 ।।*
*ચૌથા યુગ જબ કલયુગ આવૈ । તબ તવ શણ જીવ બહુ જાવૈ ।। 11 ।।*

**પૃષ્ઠ 65 પરની અનુરાગ સાગરની વાણી, ઉપરથી વાણી પંક્તિ નં.3થીઃ-**

*પ્રથમ દૂત મમ પ્રકટૈ જાઈ । પીછે અંશ તુમ્હારા આઈ ।। 12 ।।*

**પૃષ્ઠ 64 પરથી અનુરાગ સાગરની વાણી, ઉપરથી વાણી પંક્તિ નં.6:-**

*ઐસા વચન હરિ મોહે દીજૈ । તબ સંસાર ગવન તવ કીજૈ ।। 13 ।।*

**''જોગજીત વચન = જ્ઞાની વચન''**

**પૃષ્ઠ 64 પરથી અનુરાગ સાગરની વાણી, ઉપરથી વાણી પંક્તિ નં.7:-**

*અરે કાલ તુમ પરપંચ પસારા । તીનોં યુગ જીવન દુખ ડારા ।। 14 ।।*
*બીનતી તોરી લીહ મૈં જાનિ । મોકહં ઠગા કાલ અભિમાની ।। 15 ।।*
*જસ બીનતી તૂ મોસન કીન્હી । સો અબ બખ્સ તોહે દીન્હી ।। 16 ।।*
*ચૌથા યુગ જબ કલયુગ આવૈ । તબ હમ અપના અંશ પઠાવૈં ।। 17 ।।*

**''ધર્મરાય (કાળ) વચન''**

**પૃષ્ઠ 64ની અનુરાગ સાગરની વાણી, ઉપરથી વાણી પંક્તિ નં. 17:-**

*હે સાહિબ તુમ પંથ ચલાઉ । જીવ ઉબાર લોક લૈ જાઉ ।। 18 ।।*

**પૃષ્ઠ 66 ની અનુરાગ સાગરની વાણી, ઉપરથી વાણી પંક્તિ નં.8,9,16 થી 21:-**

*સન્ધિ છાપ (સાર શબ્દ) મોહે દિજે જ્ઞાની । જૈસે દેવોંગે હંસ સહદાની ।। 19 ।।*
*જો જન મોકૂં સંધિ (સાર શબ્દ) બતાવૈ । તાકે નિકટ કાલ નહીં આવૈ ।। 20 ।।*
*કહૈ ધર્મરાય જાઓ સંસારા । આનહુ જીવ નામ આધારા ।। 21 ।।*
*જો હંસા તુમ્હરે ગુણ ગાવૈ । તાહિ નિકટ હમ નહીં જાવૈં ।। 22 ।।*
*જો કોઈ લેહૈ શરણ તુમ્હારી । મમ સિર પગ દૈ હોવૈ પારી ।। 23 ।।*
*હમ તો તુમ સંગ કીન્હ ઢિઠાઈ । તાત જાન કિન્હી લડકાઈ ।। 24 ।।*
*કોટિન અવગુન બાલક કરહી । પિતા એક ચિત્ત નહીં ધરહી ।। 25 ।।*
*જો પિતા બાલક કૂં દેહૈ નિકારી । તબ કો રક્ષા કરૈ હમારી ।। 26 ।।*
*સારનામ દેખો જેહિ સાથા । તાહિ હંસ મૈં નીવાઉં માથા ।। 27 ।।*

**જ્ઞાની (કબીર) વચન**

**અનુરાગ સાગર પૃષ્ઠ 66:-**

*જો તોહિ દેહું સંધિ બતાઈ । તો તૂં જીવન કો હઈહો દુખદાઈ ।। 28 ।।*
*તુમ પરપંચ જાન હમ પાવા । કાલ ચલૈ નહીં તુમ્હરા દાવા ।। 29 ।।*

*ધર્મરાય તોહિ પ્રકટ ભાખા । ગુપ્ત અંક બીરા હમ રાખા ।। 30 ।।*
*જો કોઈ લેઈ નામ હમારા । તાહિ છોડ તુમ હો જાના નિયારા ।। 31 ।।*
*જો તુમ મોર હંસ કો રોકો ભાઈ । તો તુમ કાલ રહન નહીં પાઈ ।। 32 ।।*

**''ધર્મરાય (કાળ નિરંજન) વચન''**

**પૃષ્ઠ 62 તથા 63 ની અનુરાગ સાગરની વાણીઃ-**

*બેસક જાઓ જ્ઞાની સંસારા । જીવ ન માનૈ કહા તુમ્હારા ।। 33 ।।*
*કહા તુમ્હારા જીવ ના માનૈ । હમરી ઔર હોય બાદ બખાનૈ ।। 34 ।।*
*દઢ ફંદા મૈં રચા બનાઈ । જામેં સકલ જીવ ઉરઝાઈ ।। 35 ।।*
*વેદ-શાસ્ત્ર સમર્તિ ગુણગાના । પુત્ર મેરે તીન પ્રધાના ।। 36 ।।*
*તીનહૂ બહુ બાજી રચિ રાખા । હમરી મહિમા જ્ઞાન મુખ ભાખા ।। 37 ।।*
*દેવલ દેવ પાષાણ પુજાઈ । તીર્થ વ્રત જપ તપ મન લાઈ।। 38 ।।*
*પૂજા વિશ્વ દેવ અરાધી । યહ મતિ જીવોં કો રાખા બાંધિ ।। 39 ।।*
*જગ (યજ્ઞ) હોમ ઔર નેમ આચારા । ઔર અનેક ફંદ મૈં ડારા ।। 40 ।।*

**''જ્ઞાની (કબીર) વચન''**

*હમને કહા સુનો અન્યાઈ । કાટોં ફંદ જીવ લે જાંઈ ।। 41 ।।*
*જેતે ફંદ તુમ રચે વિચારી । સત્ય શબ્દ તે સબૈ વિડારી ।। 42 ।।*
*જૌન જીવ હમ શબ્દ દઢાવૈં । ફંદ તુમ્હારા સકલ મુક્તાવૈં ।। 43 ।।*
*જબહી જીવ ચિન્હી જ્ઞાન હમારા । તજહી ભ્રમ સબ તોર પસારા ।। 44 ।।*
*સત્યનામ જીવન સમઝાવૈં । હંસ ઉભાર લોક લૈ જાવૈ ।। 45 ।।*
*પુરૂષ સુમિરન સાર બીરા, નામ અવિચલ જનાવહૂં ।।*
*શીશ તુમ્હારે પાંવ દેકે, હંસ લોક પઠાવહૂં ।। 46 ।।*
*તાકે નિકટ કાલ નહીં આવૈ । સંધિ દેખ તાકો સિર નાવૈ ।। 48 ।।*
*(સંધિ = સત્યનામ + સારનામ)*

**''ધર્મરાય (કાળ) વચન''**

*પંથ એક તુમ આપ ચલઉ । જીવન કો સતલોક લૈ જાઉ ।। 49 ।।*
*દ્વાદશ પંથ કરૂં મૈં સાજા । નામ તુમ્હારા લે કરોં આવાજા ।। 50 ।।*
*દ્વાદશ યમ સંસાર પઠાઉં । નામ કબીર લે પંથ ચલાઉં ।। 51 ।।*
*પ્રથમ દૂત મેરે પ્રગટૈ જાઈ । પીછે અંશ તુમ્હારા આઈ ।। 52 ।।*
*યહી વિધિ જીવન કો ભ્રમાઉં । આપન નામ પુરૂષ કા બતાઉં ।। 53 ।।*
*દ્વાદશ પંથ નામ જો લૈહિ । હમરે મુખ મેં આન સમૈહિ ।। 54 ।।*

**''જ્ઞાની (કબીર) વચન'' ચૌપાઈ**

**અધ્યાય ''સ્વસમવેદ બોધ'' પૃષ્ઠ 121:-**

*અરે કાલ પરપંચ પસારા । તીનોં યુગ જીવન દુખ આધારા ॥ 55 ॥*
*બીનતી તોરી લીન મૈં માની । મોકહં ઠગે કાલ અભિમાની ॥ 56 ॥*
*ચૌથા યુગ જબ કલયુગ આઈ । તબ હમ અપના અંશ પઠાઈ ॥ 57 ॥*
*કાલ ફંદ છૂટૈ નર લોઈ । સકલ સૃષ્ટિ પરવાનિક (દીક્ષિત) હોઈ ॥ 58 ॥*
*ઘર-ઘર દેખો બોધ (જ્ઞાન) બિચારા (ચર્ચા) । સત્યનામ સબ ઠોર ઉચારા ॥ 59 ॥*
*પાંચ હજાર પાંચ સૌ પાંચા । તબ યહ વચન હોયગા સાચા ॥ 60 ॥*
*કલયુગ બીત જાયે જબ ઐતા । સબ જીવ પરમ પુરૂષ પદ ચેતા ॥ 61 ॥*

**ભાવાર્થ:-** (વાણી સંખ્યા 55 થી 61 સુધી) પરમેશ્વર કબીરજીએ કહ્યું કે હે કાળ ! તેં વિશાળ (મોટો વ્યાપક) પ્રપંચ રચી રાખ્યો છે. ત્રણેય યુગો (સતયુગ, ત્રેતા, દ્વાપર)માં જીવોને બહુ જ કષ્ટ આપીશ. જેવું તું કહી રહ્યો છે. તેં મારી સમક્ષ પ્રાર્થના કરી હતી, તે માની લીધી. તેં મારી સાથે દગો કર્યો છે. પરંતુ ચોથો યુગ જ્યારે કળિયુગ આવશે ત્યારે હું પોતાનો અંશ એટલે કે કૃપાપાત્ર આત્માને મોકલીશ. હે કાળ ! તારા દ્વારા બનાવવામાં આવેલ બધા ફંદ એટલે કે અજ્ઞાન આધારિત ખોટું જ્ઞાન તથા સાધનાને સત્ય શબ્દ તથા સત્ય જ્ઞાનથી સમાપ્ત કરશે. તે સમયે આખું વિશ્વ પ્રવાણિક એટલે કે તે મારા સંતથી દીક્ષા લઈને દીક્ષિત થશે. તે સમય સુધી એટલે કે જ્યાં સુધી કળિયુગના પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ વીતી નહીં જાય, ત્યાં સુધી સત્યનામ, મૂળ નામ (સાર શબ્દ) તથા મૂળ જ્ઞાન (તત્વજ્ઞાન) પ્રગટ નથી કરવાનું. પરંતુ જ્યારે કળિયુગ પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ પૂરો થઈ (વીતી) જશે ત્યારે ઘર ઘરમાં મારા આધ્યાત્મિક જ્ઞાનની ચર્ચા થયા કરશે અને સત્યનામ, સાર શબ્દને બધા ઉપદેશીઓને પ્રદાન કરવામાં આવશે. આ જે વાત હું કહી રહ્યો છું, આ મારા વચન તે સમયે સિદ્ધ થશે, જ્યારે કળિયુગના 5505 વર્ષ (પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ) પૂરા થઈ જશે. જ્યારે કળિયુગના એટલા વર્ષ વીતી જશે, ત્યારે તમામ માનવપ્રાણી પરમ પુરુષ એટલે કે સત્ય પુરૂષના પદ એટલે કે તે પરમ પદના જાણકાર થઈ જશે. જેના વિષયમાં ગીતા અધ્યાય-15 શ્લોક-4માં કહ્યું છે કે તત્ત્વદર્શી સંત પ્રાપ્ત થઇ ગયા પછી સાધક ફરીથી પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા. જે પરમેશ્વરે સંસારરૂપી વૃક્ષનો વિસ્તાર કર્યો છે એટલે કે જે પરમેશ્વરે સૃષ્ટિની રચના કરી છે, તે પરમેશ્વરની ભક્તિ કરો.

ઉપરોક્ત વાણીનો ભાવાર્થ છે કે તે સમયે તે પરમેશ્વરના પદ (સત્યલોક) ના વિષયમાં બધાને પૂર્ણ જ્ઞાન થશે.

**સ્વસમવેદ બોધ પૃષ્ઠ 170:-**

**અથ સ્વસમ વેદની સ્ફુટવાર્તા - ચૌપાઈ**

*એક લાખ ઔર અસિ હજારા । પીર પૈગંબર ઔર અવતારા ।। 62 ।।*
*સો સબ આહી નિરંજન વંશા । તન ધરી-ધરી કરૈં નિજ પિતા પ્રશંસા ।। 63 ।।*
*દશ અવતાર નિરંજન કે રે । રામ કૃષ્ણ સબ આહીં બડેરે ।। 64 ।।*
*ઈનસે બડા જ્યોતિ નિરંજન સોઈ । યામેં ફેર બદલ નહીં કોઈ ।। 65 ।।*

**ભાવાર્થ:- પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કે બાબા આદમથી લઈને હઝરત મોહમ્મદ સુધી કુલ એક લાખ એંસી હજાર (1,80,000) પૈગંબર તથા દસ અવતાર જે હિંદુઓ માને છે, આ બધા કાળના મોકલેલા આવ્યા છે. આ દસ અવતારોમાં રામ તથા કૃષ્ણ પ્રમુખ છે. આ બધા કાળની મહિમા બનાવીને સર્વ જીવોને ભ્રમિત કરીને કાળ સાધના દૃઢ કરાવી ગયા છે. આ બધાનો પ્રમુખ (મુખીયો) જ્યોતિ નિરંજન કાળ (બ્રહ્મ) છે.**

**સ્વસમવેદ બોધ પૃષ્ઠ 171 (1515):-**

**સત્ય કબીર વચન**

**દોહે:-** *પાંચ હજાર અરૂ પાંચ સૌ પાંચ જબ કલયુગ બીત જાય ।*
*મહાપુરૂષ ફરમાન તબ, જગ તારન કૂં આય ।। 66 ।।*
*હિન્દુ તુર્ક આદિ સબૈ, જેતે જીવ જહાન ।*
*સત્ય નામ કી સાખ ગહી, પાવૈં પદ નિર્વાન ।। 67 ।।*
*યથા સરિતગણ આપ હી, મિલૈં સિન્ધુ મૈં ધાય ।*
*સત્ય સુકૃત કે મધ્ય તિમિ, સબ હી પંથ સમાય ।। 68 ।।*
*જબ લગ પૂર્ણ હોય નહીં, ઠીક કા તિથિ બાર ।*
*કપટ-ચાતુરી તબહિ લૌં, સ્વસમ બેદ નિરધાર ।। 69 ।।*
*સબહી નારી-નર શુદ્ધ તબ, જબ ઠીક કા દિન આવંત ।*
*કપટ ચાતુરી છોડિ કે, શરણ કબીર ગહંત ।। 70 ।।*
*એક અનેક હ્વૈ ગએ, પુનઃ અનેક હોં એક ।*
*હંસ ચલૈ સતલોક સબ, સત્યનામ કી ટેક ।। 71 ।।*
*ઘર ઘર બોધ વિચાર હો, દુર્મતિ દૂર બહાય ।*
*કલયુગ મેં સબ એક હોઈ, બરતેં સહજ સુભાય ।। 72 ।।*
*કહાં ઉગ્ર કહાં શૂદ્ર હો, હરૈ સબકી ભવ પીર (પીડ) ।। 73 ।।*
*સો સમાન સમદૃષ્ટિ હૈ, સમર્થ સત્ય કબીર ।। 74 ।।*

**ભાવાર્થ:- પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કે હે ધર્મદાસ! મેં જ્યોતિ નિરંજન એટલે કે કાળ બ્રહ્મને પણ કહ્યું હતું, હવે તમને પણ બતાવી રહ્યો છું.**

**સ્વસમવેદ બોધની વાણી સંખ્યા 66 થી 74નો સરળાર્થ:-** જે સમયે કળિયુગ 5505 (પાંચ હજાર પાંચસો પાંચ) વર્ષ વીતી જશે, ત્યારે એક મહાપુરૂષ વિશ્વને પાર કરવા માટે આવશે. હિન્દુ, મુસલમાન વગેરે વગેરે જેટલા પણ પંથ ત્યાં સુધીમાં બનશે અને જેટલા જીવ સંસારમાં છે, તે માનવ શરીર પ્રાપ્ત કરીને તે મહાપુરૂષથી સત્યનામ પ્રાપ્ત કરીને સત્યનામની શક્તિથી મોક્ષ પ્રાપ્ત કરશે. તે મહાપુરૂષ જે સત્ય કબીર પંથ ચલાવશે, તે (તેરમા) પંથમાં બધા પંથો સ્વતઃ (એની જાતે જ) એવી તીવ્ર ગતિથી સમાઈ જશે જેમ કે અલગ અલગ નદીઓ પોતાની જાતે જ નિર્બાધ (રોકાયા વગર) દોડીને સમુદ્રમાં પડી (મળી) જાય છે. તેમને કોઈ રોકી નથી શકતું. એવી રીતે તે તેરમા પંથમાં બધા પંથ શીઘ્રતા (એકદમ જલ્દી)થી મળીને એક પંથ બની જશે. પરંતુ જ્યાં સુધી ઠીકનો (નક્કી કરેલો) સમય નહીં આવે એટલે કે કળિયુગ પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ પૂરા નથી કરતો, ત્યાં સુધી હું જે આ જ્ઞાન સ્વસમ વેદ હું બોલી રહ્યો છું, આપ લખી રહ્યા છો, નિરાધાર લાગશે.

જ્યારે તે નિર્ધારીત (નક્કી કરેલો) સમય આવશે, તે સમયે સ્ત્રી પુરૂષ ઉચ્ચ વિચારો તથા શુદ્ધ આચરણવાળા થઈને કપટ, વ્યર્થની ચતુરાઈ ત્યાગીને મારી (કબીરજીની) શરણ ગ્રહણ કરશે. પરમાત્માથી લાભ મેળવવા માટે એક ''માનવ'' ધર્મથી અનેક પંથ (ધાર્મિક સમુદાય) બની ગયા છે, તે તમામ પુનઃ (ફરીથી) એક થઈ જશે. બધા હંસ આત્માઓ (નિર્વિકાર ભક્ત) આત્માઓ સત્યનામની શક્તિથી સતલોક ચાલ્યા જશે. મારા અધ્યાત્મ જ્ઞાનની ચર્ચા ઘરે-ઘરે થશે. જેના કારણે બધાની દુર્ગતિ સમાપ્ત થઈ જશે. કળિયુગમાં ફરી બધા એક થઈને સહજ વર્તાવ કરશે એટલે કે શાંતિપૂર્વક જીવન જીવશે. ક્યાં ઉગ્ર એટલે કે ગમે તેવો ડાકૂ, લૂંટારો, કસાઈ હોય, ગમે તેવા શૂદ્ર કે અન્ય ખરાબ કાર્યો કરવાવાળા નીચ હશે. પરમાત્મા સત્ય ભક્તિ કરવાવાળાઓની ભવપીડા એટલે કે તેમના સાંસારિક કષ્ટો (દુઃખો) હરિ લેશે એટલે કે દૂર કરશે. સત્ય સાધનાથી બધાના સાંસારિક કષ્ટ સમાપ્ત થઈ જશે અને તે 13મા (તેરમા) પંથનો પ્રવર્તક બધાને સમાન દષ્ટિથીજોશે એટલે કે ઊંચ-નીચનો ભેદભાવ નહીં રાખે. તે સમર્થ સત્ય કબીર જ હશે. (મમ્ સંત મને જાણ મારું જ સ્વરૂપમ્)

**પ્રશ્નઃ-** તે તેરમો (13મો) પંથ કયો છે,તેના પ્રવર્તક કોણ છે ?

**ઉત્તરઃ-** તે તેરમો પંથ ''યથાર્થ સત કબીર'' પંથ છે. તેના પ્રવર્તક સ્વયં કબીર પરમેશ્વરજી છે. વર્તમાનમાં તેમનો સંચાલક તેમનો ગુલામ

રામપાલદાસ પુત્ર સ્વામી રામદેવાનંદજી મહારાજ છે (આધ્યાત્મિક દષ્ટિથી ગુરૂજી પિતા ગણાય છે જે આત્માનું પોષણ કરે છે)

**પ્રમાણઃ-** આમ તો સંત ધર્મદાસજીની વંશ પરંપરાવાળા મહંતો સાથે જોડાયેલ શ્રદ્ધાળુઓએ અજ્ઞાનતાવશ તેરમો પંથ અને સંચાલક ધર્મદાસજીની બિન્દ (પરિવાર) ની ધારા વાળાઓનેસિદ્ધ કરવાની કુચેષ્ટા કરી છે. પરંતુ હાથીના વસ્ત્રો ભેંસ પર નાંખીને કોઈ કહે કે જુઓ આ વસ્ત્ર ભેંસના છે. તો બુદ્ધિમાન તો તરત જ સમજી જાય છે કે આ ભેંસના વસ્ત્ર નથી, આ તો ભેંસ કરતા કેટલાય ઘણા ઊંચા - લાંબા - પહોળા પશુના છે. ભલે જ પછી એવું ના બતાવી શકે કે એ હાથીના છે.

**ઉદાહરણઃ-** પવિત્ર કબીર સાગરના અધ્યાય ‘‘કબીર ચરિત્ર બોધ’’ના પાના નં. **1834-1835** પર લખ્યું છેઃ-

## ✪ તેર ગાડી ભરેલા કાગળોને લખવા

એક વખત દિલ્હીના બાદશાહે કહ્યું કે કબીરજી **13**(તેર) ગાડી કાગળોને અઢી દિવસ એટલે કે **60** કલાકમાં લખી દે તો હું તેમને પરમાત્મા માની જઈશ. પરમેશ્વર કબીરજીએ પોતાની લાકડી (ડંડી) તે તેર ગાડીઓમાં મૂકેલ કાગળો પર ઘુમાવી (ફેરવી) દીધી. તે જ સમયે બધા જ કાગળોમાં અમૃતવાણી સંપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાન લખી દીધું. રાજાને વિશ્વાસ થઈ ગયો, પરંતુ પોતાના ધર્મના વ્યક્તિઓ (મુસલમાનો)ના દબાણમાં તે સર્વ ગ્રંથોને દિલ્હીની જમીનમાં દફનાવી (દાબી) દીધા. કબીર સાગરના અધ્યાય કબીર ચરિત્ર બોધ ગ્રંથના પાના નં. **1834-1835** પર ખોટું લખ્યું છે કે જ્યારે મુક્તામણી સાહેબનો સમય આવશે અને તેમનો ઝંડો દિલ્હી નગરીમાં રોપાશે, ત્યારે તે બધી પુસ્તકો પૃથ્વીમાંથી બહાર કાઢવામાં આવશે. તે મુક્તામણી અવતાર (ધર્મદાસના) વંશની તેરમી પેઢીવાળો હશે.

**વિવેચન (ખુલાસો)ઃ-** ઉપર જણાવેલ લેખમાં મિલાવટ (હેરા ફેરી)નું પ્રમાણ આ પ્રમાણે છે કે વર્તમાનમાં ધર્મદાસજીની વંશ ગાદી દામાખેડા જિ. રાયગઢ રાજ્ય છત્તીસગઢમાં છે. તે ગાદી પર **14**મો વંશ ગુરૂ શ્રી પ્રકાશમુનિ નામ સાહેબ વિરાજમાન છે. તેરમો વંશ ગુરૂ શ્રી ઉદીતનામ સાહેબ હતા જે વર્તમાન સને **2013** થી **15** વર્ષ પૂર્વે (પહેલાં) **1998**માં શરીર ત્યાગી ગયા હતા. અગર તેરમી ગાદીવાળા વંશ ગુરૂના વિષયમાં (બાબતે) આ લખેલું હોત તો તેઓ તે પુસ્તકો જમીનમાંથી કઢાવી લેતા અને દિલ્હીમાં ઝંડો રોપી દેતા. આવું નથી થયું (બન્યું) તો તે તેરમો પંથ ધર્મદાસજીની વંશ પરંપરાથી નથી.

**પછી ''કબીર ચરિત્ર બોધ''ના પાના નં. 1870 પર કબીર સાગરમાં 12 (બાર) પંથોના નામ લખ્યા છે જે કાળે (જ્યોતિ નિરંજને) કબીરજીના નામથી નકલી પંથ ચલાવવાનું કહ્યું હતું. તેમાં સૌ પ્રથમ ''નારાયણ દાસ'' લખ્યું છે. બારમો પંથ ગરીબદાસનો લખ્યો છે. વાસ્તવમાં (હકીકતમાં) પ્રથમ ચુડામણીજી છે, જાણી જોઈને સુધારો (સદ્ગ્રંથમાં ચેક-ચાક, ખોટો ઉમેરો, ગરબડો) કરવામાં આવેલ છે.**

**તેમને યાદ હશે કે પરમેશ્વર કબીરજીએ નારાયણદાસને તો શિષ્ય બનાવ્યો જ નહતો. નારાયણદાસ તો શ્રી કૃષ્ણજીના પૂજારી હતા. તેણે તો પોતાના નાના ભાઈ ચુડામણીજીનો કટ્ટર વિરોધ કર્યો હતો. જેના કારણે શ્રી ચુડામણીજી કુદુર્માલ જતા રહ્યા હતા. બાદમાં બાંધવગઢ નગર નષ્ટ થઈ ગયું હતું. ''કબીર ચરિત્ર બોધ''માં પાના નં. 1870 પર બાર (12) પંથોના પ્રવર્તકો (સ્થાપકો)ના નામ લખેલા છે. જેમાં પ્રથમ નામ ચેક-ચાક કરીને ખોટું લખ્યું છે. બાકીના સાચ્ચા છે. જે આ મુજબ લખેલાં છે:-**

**(1) નારાયણદાસજીનો પંથ (2) યાગૌ દાસ (જાગુદાસ)જીનો પંથ (3) સૂરત ગોપાલ પંથ (4) મૂળ નિરંજન પંથ (5) ટંકસારી પંથ (6) ભગવાન દાસજીનો પંથ (7) સતનામી પંથ (8) કમાલીયે (કમાલજીનો) પંથ (9) રામ કબીર પંથ (10) પ્રેમધામ (પરમધામ)ની વાણી પંથ (11) જીવાદાસ પંથ (12) ગરીબદાસ પંથ.**

**પછી ''કબીર વાણી'' અધ્યાયના પાના નં. 134 પર કબીર સાગરમાં લખ્યું છે કે:-**

**''વંશ પ્રકાર''**

*પ્રથમ વંશ ઉત્તમ* **(અહીં ચુડામણિજીના વિષયમાં કહ્યું છે)**
*દૂસરે પંથ અહંકારી* **(આ યાગૌ એટલે જાગુદાસજીનો છે)**
*તીસરે વંશ પ્રચંડ* **(આ સૂરત ગોપાલજીનો છે)**
*ચૌથે વંશ બીરહે* **(આ મૂળ નિરંજન પંથ છે)**
*પાંચવેં વંશ નિન્દ્રા* **(આ ટકસારી પંથ છે)**
*છટે વંશ ઉદાસ* **(આ ભગવાનદાસજીનો પંથ છે)**
*સાતવેં વંશ જ્ઞાન ચતુરાઈ* **(આ સતનામી પંથ છે)**
*આઠવેં વંશ દ્વાદશ પંથ વિરોધ* **(આ કમાલજીનો કમાલીય પંથ છે)**
*નૌવેં વંશ પંથ પૂજા* **(આ રામ કબીર પંથ છે)**
*દસવેં વંશ પ્રકાશ* **(આ પરમધામની વાણી પંથ છે)**
*ગ્યારહવેં વંશ પ્રકટ પસારા* **(આ જીવા પંથ છે)**

*બારહવેં વંશ પ્રકટ હોય ઉજિયારા* **(આ સંત ગરીબદાસજી ગામ - છુડાની, જિ. ઝજ્જર, રાજ્ય - હરિયાણાવાળો પંથ છે, જેમને પરમેશ્વર કબીરજી મળ્યા તે પછી તેમની મહિમા તથા યથાર્થ (યોગ્ય) જ્ઞાન બોલ્યા જેનાથી પરમેશ્વર કબીરજીની મહિમાનો થોડોક પ્રકાશ થયો)**

*તેરહવેં વંશ મીટે સકલ અંધિયારા* **{આ યથાર્થ (યોગ્ય/સાચો) કબીર પંથ છે જે સને 1994 થી પ્રારંભ (શરૂ) થયો છે,જે મુજ દાસ (રામપાલદાસ) દ્વારા સંચાલિત છે.}**

**દામાખેડાવાળા ધર્મદાસજીના વંશ ગાદીવાળાઓએ વાસ્તવિક (સાચો) ભેદ છુપાવવાની કોશિશ તો કરી છે, પરંતુ સચ્ચાઇ (સત્ય)ને મિટાવી શક્યા નથી.**

**કબીર સાગરનો અધ્યાય ''કબીર વાણી''ના પૃષ્ઠ 136 પરઃ-**

*દ્વાદશ પંથ ચલો સો ભેદ*

*દ્વાદશ પંથ કાલ ફુરમાના । ભૂલે જીવ ન જાય ઠિકાના ।।*
*તાતેં આગમ કહ હમ રાખા । વંશ હમારા ચુડામણિ શાખા ।।*
*પ્રથમ જગ મેં જાગુ ભ્રમાવૈ । બિના ભેદ વહ ગ્રંથ ચુરાવૈ ।।*
*દૂસર સુરતિ ગોપાલ હોઈ । અક્ષર જો જોગ દૃઢાવૈ સોઈ ।।*

**વિવેચન (ખુલાસો):- અહીં પ્રથમ જાગુદાસ બતાવ્યું છે. જ્યારે વાણી સ્પષ્ટ કરી રહી છે કે વંશ (પ્રથમ) ચુડામણી છે, બીજો જાગુદાસ. આ જ પ્રમાણ ''કબીર ચરિત્ર બોધ'' પાના નં. 1870માં છે. બીજો જાગુદાસ છે. અધ્યાય ''સ્વસમ વેદ બોધ''ના પાના 155 (1499) પર પણ બીજા ક્રમ પર જાગુદાસ લખેલું છે. અહીંયા પ્રથમ ક્રમે લખી દીધું. અહીં આગળ પ્રથમ ક્રમ પર ચુડામણી લખવું યોગ્ય છે)**

*તીસરા મૂલ નિરંજન બાની । લોક વેદ કી નિર્ણય ઠાની ।।*
*ચૌથે પંથ ટકસાર (ટકસારી) ભેદ લૌ આવૈ । નીર પવન કો સંધિ બતાવૈ ।।*

**(આ પાંચમો લખવો જોઈએ)**

*પાંચવાં પંથ બીજ કો લેખા । લોક પ્રલોક કહૈ હમ મેં દેખા ।।*

**(આ ભગવાન દાસનો પંથ છે જે છઠ્ઠો લખવો જોઈતો હતો)**

*છટા પંથ સત્યનામી પ્રકાશા । ઘટ કે માહીં માર્ગ નિવાસા ।।*

**(આ સાતમો પંથ લખવો જોઇએ)**

*સાતવાં જીવ પંથ લે બોલૈ બાની । ભયો પ્રતીત મર્મ નહીં જાની ।।*

**(આ આઠમો કમાલજીનો પંથ છે)**

*આઠવાં રામ કબીર કહાવૈ । સતગુરૂ ભ્રમ લૈ જીવ દૃઢાવૈ ।।*

**(વાસ્તવમાં આ નવમો પંથ છે)**

*નૌમેં જ્ઞાન કી કલા દિખાવૈ । ભઈ પ્રતીત જીવ સુખ પાવૈ ।।*

**(વાસ્તવમાં આ અગિયારમો જીવા પંથ છે. અહીં નવમું ખોટું લખ્યું છે)**

*દસવેં ભેદ પરમ ધામ કી બાની । સાખ હમારી નિર્ણય ઠાની ।।*

**(આ બરાબર લખ્યું છે, પરંતુ અગિયારમો નથી લખ્યો. અગર પ્રથમ ચુડામણીજીને માનીએ તો સાચ્ચો ક્રમ બને છે. વાસ્વતવમાં પ્રથમ ચુડામણીજી છે. એના પછી બારમો પંથ ગરીબદાસજીવાળા પંથનું વર્ણન પ્રારંભ થાય છે આ સાંકેતિક છે. સંત ગરીબદાસજીનો જન્મ વીર સંવત 1774 (સત્તારસો ચુમોત્તેર) માં થયો હતો. અહીં ભૂલથી 1775 (સત્તારસો પંચોતેર) લખ્યું છે, જે મુદ્રણદોષ છે)**

*સંવત સતરહ સૌ પચહત્તર (1775) હોઈ । તા દિન પ્રેમ પ્રકટેં જગ સોઈ ।।*
*આજ્ઞા રહૈ બ્રહ્મ બોધ લાવૈ । કોલી ચમાર સબકે ઘર ખાવૈ ।।*
*સાખિ હમારી લે જીવ સમઝાવૈ । અસંખ્ય જન્મ ઠૌર નહીં પાવૈ ।।*
*બારહવેં (બારવૈ) પંથ પ્રગટ હોવૈ બાની । શબ્દ હમારૈ કી નિર્ણય ઠાની ।।*
*અસ્થિર ઘર કા મર્મ નહીં પાવૈ । યે બાર (બારહ) પંથ હમી (કબીરજી) કો ધ્યાવૈં ।।*
*બારહેં પંથ હમહિ (કબીરજી હી) ચલિ આવૈં । સબ પંથ મિટા એક હી પંથ ચલાવૈં ।।*
*પ્રથમ ચરણ કલજુગ નિરયાના (નિર્વાણ) । તબ મગહર માંડો મૈદાના ।।*

**ભાવાર્થઃ- અહીં બારમો પંથ સંત ગરીબદાસજીવાળો સ્પષ્ટ છે કારણ કે સંત ગરીબદાસજીને પરમેશ્વર કબીરજી મળ્યા હતા અને તેમનો જ્ઞાન યોગ ખોલી દીધો હતો, ત્યારે સંત ગરીબદાસજીએ પરમેશ્વર કબીરજીની મહિમાની વાણી બોલ્યા હતા અને સાથે-સાથે એ લખાવી દીધી હતી. જે ગ્રંથ રૂપમાં વર્તમાનમાં (હાલમાં) પ્રિન્ટ કરી લેવામાં આવ્યો છે (છપાવેલ છે). વિચાર કરવો પડશે - સંત ગરીબદાસજીના પંથ સુધી 12 (બાર) પંથ ચાલી (થઈ) ચુક્યા છે. આ પણ લખ્યું છે કે ભલે જ સંત ગરીબદાસજીએ મારી મહિમાની સાખી - શબ્દ - ચૌપાઈ લખી છે, પરંતુ તે બારમાં પંથના અનુયાયી પોત-પોતાની બુદ્ધિથી વાણીનો અર્થ કરશે, પરંતુ બરાબર નહીં સમજવાના કારણે સંત ગરીબદાસજી સુધીના પંથના અનુયાયી એટલે કે બાર પંથોવાળા મારી વાણીને ઠીકથી (બરાબર) રીતે નહીં સમજી શકે. જેના કારણે અસંખ્ય જન્મો સુધી સતલોકવાળું અમરધામ ઠેકાણું પ્રાપ્ત નહીં કરી શકે. આ 12 (બાર) પંથવાળા કબીરજીના નામથી પંથ ચલાવશે અને મારા નામથી મહિમા પ્રાપ્ત કરશે, પરંતુ આ બારે બાર પંથોવાળા અનુયાયીઓ અસ્થિર એટલે કે સ્થાયી ઘર (સત્યલોક)ને પ્રાપ્ત નહીં કરી શકે. પછી કહ્યું છે કે આગળ ચાલીને**

**બારમા પંથ (સંત ગરીબદાસજીવાળા પંથમાં) અમે એટલે કે સ્વયં કબીરજી ચાલીને આવીશું, ત્યારે સર્વ પંથોને મિટાવીને એક જ પંથ ચલાઉંગા (ચલાવીશ). કળિયુગનું તે પ્રથમ ચરણ હશે, જે સમયે હું (કબીરજી) સંવત 1575 (ઈ.સ. 1518)માં મગહર શહેર (ઉત્તર પ્રદેશ)થી નિર્વાણ પ્રાપ્ત કરીશ એટલે કે કોઈ લીલા કરીને સતલોક જઈશ.**

**પરમેશ્વર કબીરજીએ કળિયુગને ત્રણ ચરણોમાં વિભાજીત કર્યો છે. પ્રથમ ચરણ તો તે જેમાં પરમેશ્વર લીલા કરીને જઈ ચુક્યા છે. વચ્ચલી પેઢી તે છે જ્યારે કળિયુગ પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ વીતી જશે. અંતિમ (છેલ્લા) ચરણમાં બધા કૃતઘ્ની થઈ જશે, કોઈ ભક્તિ નહીં કરે.**

**મુજ દાસ (રામપાલ દાસ)નો નિકાસ સંત ગરીબદાસવાળા બારમા પંથથી થયો છે. તે તેરમો પંથ હવે ચાલી રહ્યો છે. પરમેશ્વર કબીરજીએ ચલાવડાવ્યો છે. ગુરૂ મહારાજ સ્વામી રામદેવાનંદજીના આશીર્વાદ છે. આ સફળ થશે અને પૂરું (આખું) વિશ્વ પરમેશ્વર કબીરજીની ભક્તિ કરશે.**

**સંત ગરીબદાસજીને પરમેશ્વર કબીરજી સતગુરૂના રૂપમાં મળ્યા હતા. પરમાત્મા તો કબીર છે જ. તે પોતાનું જ્ઞાન બતાવવા સ્વયં પૃથ્વી પર તથા અન્ય લોકોમાં પ્રગટ થાય છે. સંત ગરીબદાસજીએ ''અસુર નિકંદન રમૈણી''માં કહ્યું છે કે** *''સતગુરૂ દિલ્લી મંડલ આયસી, સૂતી ધરની સૂમ જગાયશી,દિલ્લી કે તખ્ત છત્ર ફેર ભી ફિરાયસી, ચૌંસઠ યોગનિ મંગલ ગાયસી''* **સંત ગરીબદાસજીના સતગુરૂ ''પરમેશ્વર કબીર બંદી છોડજી'' હતા.**

**પરમેશ્વર કબીરજીએ કબીર સાગર અધ્યાય ''કબીર વાણી'' પાના નં. 136 તથા 137 પર કહ્યું છે કે 12મો (બારમો) પંથ સંત ગરીબદાસજી દ્વારા ચલાવવામાં આવશે.**

*સંવત સતરહ સૌ પચહત્તર (1775) હોઈ। જા દિન પ્રેમ પ્રકટૈ જગ સોઈ।।*
*સાખિ હમારી લે જીવ સમઝાવૈ। અસંખ્યોં જન્મ ઠૌર નહીં પાવૈ।।*
*બારહવેં પંથ પ્રગટ હો બાની। શબ્દ હમારે કી નિર્ણય ઠાની।।*
*અસ્થિર ઘર કા મર્મ ના પાવૈં। યે બારા (બારહ) પંથ હમહી કો ધ્યાવૈં।।*
*બારહવેં પંથ હમ હી ચલિ આવૈં। સબ પંથ મિટા એક પંથ ચલાવૈં।।*

**ભાવાર્થઃ- પરમેશ્વર કબીરજીએ સ્પષ્ટ કરી દીધું છે કે 12મા (બારમા) પંથ સુધીના અનુયાયી મારી મહિમાની સાખી જે મેં (પરમેશ્વર કબીરજીએ) સ્વયં કહી છે, જે કબીર સાગર, કબીર સાખી, કબીર બીજક, કબીર શબ્દાવલી વગેરે વગેરે ગ્રંથોમાં લખી છે. તે સાખીઓને તથા જે મારી**

કૃપાથી ગરીબદાસજી દ્વારા કહેવામાં આવેલી વાણીના ગૂઢ રહસ્યોને ઠીકથી (બરાબર રીતે) ન સમજીને સ્વયં ખોટા નિર્ણય કરીને પોતાના અનુયાયીઓને સમજાવ્યા કરશે, પરંતુ સત્યથી પરિચિત ન થઈને અસંખ્યો જન્મ સ્થાયી ઘર એટલે કે સનાતન પરમ ધામ (સત્યલોક)ને પ્રાપ્ત નહીં કરી શકે. પછી હું (પરમેશ્વર કબીરજી) તે ગરીબદાસવાળા પંથમાં આવીશ, જે કળિયુગ પાંચ હજાર પાંચસો પાંચ વર્ષ પૂરા થવા પર યથાર્થ (યોગ્ય/સાચો) સત કબીર પંથ ચલાવવામાં આવશે. તે સમયે તત્વજ્ઞાન પર ઘેર ઘેર ચર્ચા ચાલશે. તત્વજ્ઞાનને સમજીને સર્વ સંસારના મનુષ્યો મારી ભક્તિ કરશે. બધા જ સારા આચરણવાળા બનીને શાંતિપૂર્વક રહ્યા કરશે. આનાથી સિદ્ધ થાય છે કે તેરમો પંથ જે યથાર્થ કબીર પંથ છે, તે અત્યારે મુજ દાસ (રામપાલ દાસ) દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. કૃપા પરમેશ્વર કબીરજીની છે. જ્યારે પરમેશ્વર કબીરજી 'તોતાદ્રી' સ્થાન પર બ્રાહ્મણોના ભંડારામાં પાડાના મોંઢેથી વેદ મંત્રો બોલાવી શકે છે તો તે પોતે (સ્વયં) પણ બોલી શકતા હતા. સમર્થની સમર્થતા એમાં જ છે કે તે જેનાથી ઇચ્છે, પોતાની મહિમાનો પરિચય અપાવી શકે છે. કદાચ એટલા માટે જ પરમેશ્વર કબીરજીએ પોતાની કૃપાથી મુજ દાસ (રામપાલ દાસ) થી આ 13મો (તેરમો) પંથ ચલાવડાવ્યો છે.

## ✪ હાલમાં કળિયુગ કેટલો વીતી ચુક્યો છે ?

હિન્દુ ધર્મમાં આદિ શંકરાચાર્યજીનું વિશેષ (ખાસ) સ્થાન છે. બીજા શબ્દોમાં કહીએ તો હિન્દુ ધર્મના સંરક્ષક તથા સંજીવન દાતા પણ આદિ શંકરાચાર્ય છે. તેમના પછી જે પ્રચાર તેમના શિષ્યોએ કર્યો, તેના ફળસ્વરૂપ હિન્દુ દેવતાઓની પૂજાની જાણે ક્રાન્તિ આવી ગઈ છે. તેમના ઈષ્ટદેવ શ્રી શંકર ભગવાન છે. તેમની પૂજ્ય દેવી પાર્વતીજી છે. તે સિવાય તેઓશ્રી વિષ્ણુજી તથા અન્ય દેવતાઓના પૂજારી છે. ખાસ કરીને ''પંચ દેવ પૂજા''નું વિધાન છે. (1) શ્રી બ્રહ્માજી (2) શ્રી વિષ્ણુજી (3) શ્રી શંકરજી (4) શ્રી પારાસર ઋષિજી (5) શ્રી કૃષ્ણ દ્વૈપાયન ઉર્ફે શ્રી વેદવ્યાસજી પૂજ્ય છે.

પુસ્તક ''જીવની આદિ શંકરાચાર્ય'' માં લખ્યું છે કે આદિ શંકરાચાર્યજીનો જન્મ 508 વર્ષ ઈશાજીથી પૂર્વે થયો હતો.

પછી પુસ્તક ''હિમાલય તીર્થ''માં ભવિષ્ય વાણી કરી હતી જે આદિ શંકરાચાર્યજીના જન્મના પૂર્વે (પહેલા)ની છે. કહ્યું છે કે આદિ શંકરાચાર્યજીનો જન્મ કળિયુગના ત્રણ હજાર વર્ષ વીતી ગયા પછી થશે.

**હવે ગણિતની રીતથી ચેક કરીને જોઈ લઈએ, વર્તમાનમાં એટલે કે - 2012માં કળિયુગ કેટલો વીતી ગયો છે ?**

**આદિ શંકરાચાર્યજીનો જન્મ ઈશાજીના જન્મથી 508 વર્ષ અગાઉ થયો હતો.**

**ઈશાજીના જન્મને થઈ ગયા = 2012 વર્ષ. શંકરાચાર્યજીને કેટલા વર્ષ થયા = 2012 + 508 = 2520 વર્ષ.**

**ઉપરથી હિસાબ લગાવીએ તો શંકરાચાર્યજીનો જન્મ થયો = કળિયુગ 3000 વીતી ગયો ત્યારે.**

**કુલ વર્ષ 2012 માં કળિયુગ કેટલો વીતી ગયો છે = 3000 + 2520 = 5520 વર્ષ.**

**હવે જોઈએ કે કળિયુગના 5505 વર્ષ કઈ સન્‌માં પૂરા થાય છે.**

**= 5520 – 5505 = 15 વર્ષ 2012 થી પહેલાં**

**2012 – 15 = 1997 ઈ.સ.ને કળિયુગ 5505 વર્ષ પૂરા થઈ જાય છે. સંવતના હિસાબથી સ્વદેશી વર્ષ ફાલ્ગુની માસ એટલે કે ફેબ્રુઆરી માર્ચમાં પૂરું થઈ જાય છે.**

**જે સંતજન માને છે કે શ્રીમદ્ ભગવત ગીતા 5151 વર્ષ પૂર્વે કહેવામાં આવી હતી તે ખોટા છે.**

## ✪ ''ગુરૂ વગર મોક્ષ નથી''

**પ્રશ્નઃ- શું ગુરૂ વગર ભક્તિ ન કરી શકાય ?**

**ઉત્તરઃ- ભક્તિ કરી શકાય છે, પરંતુ વ્યર્થ પ્રયત્ન ગણાશે.**

**પ્રશ્નઃ- કારણ બતાવો ?**

**ઉત્તરઃ- પરમાત્માનું વિધાન છે જે સૂક્ષ્મવેદમાં કહ્યું છેઃ-**

*કબીર, ગુરૂ બિન માલા ફેરતે, ગુરૂ બિન દેતે દાન ।*
*ગુરૂ બિન દોનો નિષ્ફલ હૈ, પૂછો વેદ પુરાણ ।।*
*કબીર, રામ કૃષ્ણ સે કૌન બડા, ઉન્હોં ભી ગુરૂ કીન્હ ।*
*તીન લોક કે વે ધની, ગુરૂ આગે આધીન ।।*
*કબીર, રામ કૃષ્ણ બડે તિન્હૂં પુર રાજા । તિન ગુરૂ બન્દ કીન્હ નિજ કાજા ।।*

**ભાવાર્થઃ- ગુરૂ ધારણ કર્યા વગર અગર નામ જાપની માળા ફેરવે છે અને દાન આપે છે, તે બન્ને વ્યર્થ છે. અગર આપને શંકા હોય તો પોતાના વેદો તથા પુરાણોમાં પ્રમાણ જુઓ.**

**શ્રીમદ્ ભાગવત ગીતા - ચારેય વેદોનો સાર છે. ગીતા અધ્યાય-2 શ્લોક 7માં અર્જુને કહ્યું કે હે શ્રીકૃષ્ણ ! હું આપનો શિષ્ય છું, આપની શરણમાં છું. ગીતા અધ્યાય-4 શ્લોક 3માં શ્રીકૃષ્ણજીમાં પ્રવેશ કરીને કાળ બ્રહ્મે**

અર્જુનને કહ્યું કે તું મારો ભકત છે. પુરાણોમાં પ્રમાણ છે કે શ્રી રામચંદ્રજીએ ઋષિ વસિષ્ઠજી પાસેથી નામ દીક્ષા લીધી હતી અને પોતાના ઘરે તથા પોતાના રાજ-કાજમાં ગુરૂ વસિષ્ઠજીની આજ્ઞા લઈને કાર્ય કરતા હતા. શ્રીકૃષ્ણજીએ ઋષિ સંદીપનીજી પાસેથી અક્ષર જ્ઞાન પ્રાપ્ત કર્યું તથા શ્રીકૃષ્ણજીના આધ્યાત્મિક ગુરૂ શ્રી દુર્વાસા ઋષિજી હતા.

કબીર પરમેશ્વરજી આપણને સમજાવવા માંગે છે કે તમે શ્રીરામ તથા શ્રીકૃષ્ણજીથી તો કોઈને મોટા એટલે કે સમર્થ માનતા નથી. તે ત્રણ લોકના માલિક હતા, તેમણે પણ ગુરૂ બનાવીને પોતાની ભક્તિ કરી, પોતાનું માનવ જીવન સાર્થક કર્યું. આના ઉપરથી એકદમ સહેલી રીતે સમજાઇ જવું જોઈએ કે અન્ય વ્યક્તિ અગર ગુરૂ વગર ભક્તિ કરે છે તો કેટલો સાચો છે ? એટલે કે વ્યર્થ છે.

❊ ગુરૂ વગર દેખાદેખી કહેલી-સાંભળેલી વાતોના આધારે કરવામાં આવતી ભક્તિને લોકવેદ અનુસારની ભક્તિ કહે છે. લોકવેદનો અર્થ છે, કોઈ ક્ષેત્રમાં પ્રચલિત ભક્તિનું જ્ઞાન જે તત્વજ્ઞાનથી વિપરીત હોય છે. લોકવેદના આધારે આ દાસ (સંત રામપાલદાસ) શ્રી હનુમાનજી, બાબા શ્યામજી, શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રી શિવજી તથા દેવી-દેવતાઓની ભક્તિ કરતો હતો. હનુમાનજીની ભક્તિમાં મંગળવારનું વ્રત, બુંદીનો પ્રસાદ વહેંચવો, પોતે દેશી ઘીનો ચુરમો ખાતો હતો અને હનુમાનજીને ડાલડા વનસ્પતિ ઘીથી બનેલ બુંદીનો ભોગ લગાવતો હતો. હરે રામ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે નો મંત્ર જાપ કરતો હતો. કોઈએ બતાવી દીધું કેઃ-

*ઓમ નામ સબસે બડા, ઈસસે બડા ન કોય ।*
*ॐ નામ કા જાપ કરે, તો શુદ્ધ આત્મા હોય ।।*

આ કારણે ॐ નામનો જાપ શરૂ કરી દીધો. ॐ નમો શિવાયઃ આ શિવનો મંત્ર જાપ કરતો હતો. ઓમ ભગવતે વાસુદેવાયઃ નમઃ આ વિષ્ણુજીનો જાપ કરતો હતો. તીર્થો પર જવું, દાન કરવું, ત્યાં સ્નાન કરવું, આ પણ લોકવેદના આધારે કરવા જતો હતો.

જેમ કે ઘરમાં સુખ થતાં હતાં તો હું માનતો હતો કે આ બધું મારી ઉપરોક્ત ભક્તિના કારણે થઈ રહ્યું છે. જેમ કે ધોરણમાં પાસ થવું, વિવાહ થવો, પુત્ર તથા પુત્રીઓનો જન્મ થવો, નોકરી લાગવી. એ સર્વ સુખ ઉપરોક્ત સાધનાથી જ માનતો હતો. કબીર પરમેશ્વરજીએ સૂક્ષ્મવેદમાં કહ્યું છેઃ-

*કબીર, પીછે લાગ્યા જાઉં થા, મૈં લોક વેદ કે સાથ ।*
*રાસ્તે મેં સતગુરૂ મિલે, દીપક દીન્હા હાથ ।।*

ભાવાર્થ છે કે સાધક લોકવેદ એટલે કે દંતકથાના આધારે ભક્તિ કરી રહ્યો હતો. તે શાસ્ત્ર વિરુદ્ધ સાધનાના માર્ગ પર ચાલી રહ્યો હતો. રસ્તામાં એટલે કે ભક્તિ માર્ગમાં એક દિવસ તત્વદર્શી સંત મળી ગયા. તેમણે શાસ્ત્ર વિધિ અનુસાર શાસ્ત્ર પ્રમાણિત સાધનારૂપી દીપક આપી દીધો એટલે કે સત્ય શાસ્ત્રાનુકૂળ સાધનાનું જ્ઞાન કરાવ્યું તો જીવન નાશ થવાથી બચી ગયું. સતગુરૂ દ્વારા બતાવવામાં આવેલ તત્વજ્ઞાનના પ્રકાશમાં ખબર પડી કે હું ખોટી ભક્તિ કરી રહ્યો હતો.

શ્રીમદ્ ભાગવત ગીતા અધ્યાય **16** શ્લોક **23-24**માં કહ્યું છે કે શાસ્ત્ર વિધિને ત્યાગીને જે સાધક મનમાન્યું (મનમરજીવાળું) આચરણ કરે છે તેમને ન તો સુખ પ્રાપ્ત થાય છે, ન સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ન તો તેની ગતિ એટલે કે મોક્ષની પ્રાપ્તિ પણ નથી થતી એટલે કે તે વ્યર્થ સાધના છે. પછી ગીતા અધ્યાય-**16** શ્લોક-**24**માં કહ્યું છે કે હે અર્જુન ! આથી તારા માટે કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે.

જે ઉપરોક્ત સાધના આ દાસ (સંત રામપાલ દાસ) કર્યા કરતો હતો તથા જે સમગ્ર હિન્દુ સમાજ કરી રહ્યો છે, તે બધી ગીતા-વેદોમાં વર્ણિત ન હોવાથી શાસ્ત્ર વિરુદ્ધ સાધના થઈ, જે વ્યર્થ છે.

*કબીર, ગુરૂ બિન કાહુ ન પાયા જ્ઞાના, જ્યોં થોથા ભુસ છડે મૂઢ કિસાના ।।*
*કબીર, ગુરૂ બિન વેદ પઢૈ જો પ્રાણી, સમઝૈ ન સાર રહે અજ્ઞાની ।।*

એટલા માટે ગુરૂજી પાસેથી વેદ શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું (વાંચવું) જોઈએ જેથી સત્ય ભક્તિની શાસ્ત્રનુકૂળ સાધના કરીને માનવ જીવન ધન્ય થઈ જાય.

## ✪ ''પૂર્ણ ગુરૂના વચનની શક્તિથી ભક્તિ થાય છે''

**ઉદાહરણઃ-** ગુરૂજીથી દીક્ષા લઈને ભક્તિ કરવી લાભદાયક છે. વગર ગુરૂએ ભક્તિ કરવાથી કોઈ લાભ નથી થતો. ઉદાહરણઃ-

❋ એક રાજાની રાણી ખૂબ જ ધાર્મિક હતી. તેણે પરમેશ્વર કબીરજી પાસેથી ગુરૂ દીક્ષા લીધી હતી. તે દરરોજ ગુરૂ દર્શન માટે જતી હતી. રાજાને એ ગમતું નહતું, પરંતુ તે પોતાની પત્નીને ત્યાં જવાથી રોકી શકતો નહતો. કારણ, એક તો તે મોટા શક્તિશાળી રાજાની પુત્રી હતી, બીજું તે પોતાની પત્નીને પ્રસન્ન (ખુશ) જોવા માંગતો હતો.

એક દિવસ રાજાએ પોતાની પત્નીને કહ્યું કે તમે નારાજ ન થાઓ તો એક વાત કહું ? રાણીએ કહ્યું કહો. રાજાએ કહ્યું કે તમે પોતાના ગુરૂ પાસે

જાવ છો, ભક્તિ તો ગુરૂ વગર પણ થઈ શકે છે. રાણીએ કહ્યું કે ગુરૂજીએ બતાવ્યું છે કે ગુરૂ વગર ભક્તિ કરવી વ્યર્થ છે. રાજાએ કહ્યું કે હું તારી સાથે કાલે તારા ગુરૂજીને મળીશ, તેમની પાસે આ વાત સ્પષ્ટ કરીશ.

રાજાએ સંતજીને પ્રશ્ન કર્યો કે શું ભક્તિ સફળ નથી થતી ? તમે લોકોને મૂર્ખ બનાવી રહ્યા છો કે ગુરૂ વગર ભક્તિ નથી થતી, નામ મંત્ર જાપ જ કરવાના હોય છે. એકબીજાને પૂછીને જાપ કરી લો, પર્યાપ્ત (કાફી) છે. સંતે કહ્યું રાજન! તમારી વાતમાં દમ છે, હું તમારા રાજ દરબારમાં આવીશ. ત્યાં આ વાતનો ઉત્તર (જવાબ) આપીશ. નક્કી કરેલ દિવસે સંતજી રાજાના દરબારમાં ગયા. રાજા સિંહાસન પર વિરાજમાન હતો. તેની આજુબાજુ સિપાહીઓ ઊભા હતા. સંતને બેસવા માટે અલગથી એક ખુરશી મૂકેલી હતી. સંતે જતાની સાથે જ રાજાની આજુબાજુ ઊભેલા સૈનિકોને રાજાની તરફ હાથ કરીને કહ્યું કે ગિરફતાર કરી લો આને. સૈનિકો ટસથી મસ ના થયા. સંતે સતત ત્રણ વાર એકના એક વાક્યનો આદેશ ઉપરા ઉપરી કર્યો કે ગિરફતાર કરી લ્યો આને, પરંતુ રાજાના સૈનિકોએ રાજાને ગિરફતાર ન કર્યો.

રાજાને સંત પર ક્રોધ આવ્યો કે આ નાલાયક મારી પત્નીને એટલા માટે ફોસલાવી રહ્યો હતો કે મારા રાજ્યને પ્રાપ્ત કરી શકે. રાજાએ એક વાર કહ્યું કે સૈનિકો આને ગિરફતાર કરી લ્યો. રાજાના હાથનો ઈશારો સંત તરફ હતો.તે જ ક્ષણે સૈનિકોએ સંતને ગિરફતાર કરી લીધો.

સંતે કહ્યું કે હે રાજન્ ! આપ ઘરે બોલાવીને સંતનો અનાદર કરી રહ્યા છો, આ સારી વાત નથી. રાજાએ કહ્યું કે આપ આ શું બકવાસ કરી રહ્યા હતા. મને ગિરફતાર કરવાનો આદેશ આપી રહ્યા હતા. સંતે કહ્યું કે હું તો આપના પ્રશ્નનો ઉત્તર આપી રહ્યો હતો કે ગુરૂથી દીક્ષા લઈને ભક્તિ કરવી શું લાભદાયક છે ? મને છોડાવો તો હું આપને ઉત્તર આપું. રાજાએ સૈનિકોને કહ્યું કે છોડી દો. સૈનિકોએ સંતને છોડી દીધા. સંતે કહ્યું કે હે રાજાજી ! મેં આ જ વાક્ય કહ્યું હતું કે ‘‘આને ગિરફતાર કરી લ્યો.’’ સૈનિકો ટસથી મસ ન થયા. આપજીએ પણ આ જ વાક્ય કહ્યું હતું કે તરત જ સૈનિકોએ મને ગિરફતાર કરી લીધો. આપના વચનમાં રાજની શક્તિ છે. મારા વચનમાં આધ્યાત્મિક શક્તિ છે. આપ તે જ નામ-જાપ માટે કોઈને ભક્તિ કરવાનું કહેશો તો તે મંત્ર કોઈ કાર્ય નહીં કરે. પરંતુ હું તે જ નામ જાપ કરવાનું કહીશ, તે તરત જ પ્રભાવથી ક્રિયાવાન (કામ કરતું) થશે. માટે પૂર્ણ સંત પાસેથી દીક્ષા લેવાથી સાધકમાં તરત જ આધ્યાત્મિક પ્રક્રિયા પ્રારંભ (શરૂ) થઈ જાય છે, તેની આત્મામાં ભક્તિનું અંકુર ફૂટી નીકળે છે.

**સૂક્ષ્મ વેદમાં કહ્યું છે કેઃ-**

*સતગુરૂ પશુ માનુષ કરિ ડારૈ, સિદ્ધિ દેય કર બ્રહ્મ બિચારેં ।*

**ભાવાર્થઃ- સતગુરૂ પહેલા મનુષ્યને સત્સંગ સંભળાવી-સંભળાવીને સારો માનવ બનાવે છે, બધી બુરાઈઓ, વ્યસનોથી છોડાવે છે. પછી પોતાની ભક્તિની સિદ્ધિ એટલે કે શક્તિ શિષ્યના અંતઃકરણમાં શબ્દ દ્વારા પ્રવેશ કરીને બ્રહ્મ એટલે કે પરમાત્માની સાધના કરવાના વિચાર પ્રબળ કરે છે, જેનાથી સાધકની રૂચિ ભક્તિમાં દિવસે-દિવસે વધે છે. પછી તે દેવતા બની જાય છે. કબીરજીએ કહ્યું છે કેઃ-**

*કબીર, બલિહારી ગુરૂ આપના, ઘડી-ઘડી સૌ-સૌ બાર ।*
*માનુષ સે દેવતા કિયા, કરત ના લાઈ બાર ।।*

**એટલા માટે કહ્યું છે કેઃ-**

*કબીર, ગુરૂ બિન માલા ફેરતે, ગુરૂ બિન દેતે દાન ।।*
*ગુરૂ બિન દોનોં નિષ્ફલ હૈં, ચાહે પૂછો વેદ પુરાણ ।।*
*યોગ, યજ્ઞ, તપ દાન કરાવૈ, ગુરૂ વિમુખ ફલ કભી નહીં પાવૈ ।।*

**ભાવાર્થઃ- ગુરૂ વગર નામ જાપની માળા ફેરવે છે અથવા દાન આપે છે તો તે વ્યર્થ છે. જે બાબતે વેદો તથા પુરાણોમાં પણ પ્રમાણ છે. પછી અંતિમ ચોપાઈનો ભાવાર્થ છે કે અગર દીક્ષા લઈને પછી ગુરૂને છોડી દઈને તેમના જ આપેલા મંત્રોના જાપ કરતા રહો તથા યજ્ઞ, હવન, દાન પણ કરતા રહો, તે પણ વ્યર્થ છે. તેને કોઈ લાભ થશે નહીં.**

*કબીર, તાંતે સતગુરૂ શરણા લીજૈ, કપટ ભાવ સબ દૂર કરિજૈ ।।*

**અન્ય પ્રમાણઃ-**

*કબીર, ગર્ભયોગેશ્વર ગુરૂ બિના, કરતે હરિ કી સેવ ।*
*કહૈં કબીર બૈકુંઠ સે, ફેર દિયા સુખદેવ ।।*
*રાજા જનક ગુરૂ કિયા, ફિર કિન્હી હર કી સેવ ।*
*કહૈં કબીર બૈકુઠ મેં, ચલે ગએ સુખદેવ ।।*

**ભાવાર્થઃ- ઋષિ વેદ વ્યાસજીના પુત્ર શુકદેવજી પોતાના પૂર્વ જન્મની ભક્તિની શક્તિથી ઊડીને સ્વર્ગમાં ચાલ્યા જતા હતા. એક દિવસ તે શ્રી વિષ્ણુજીના લોકમાં બનેલ સ્વર્ગમાં પ્રવેશ કરવા ગયા. ત્યાંના કર્મચારીઓએ ઋષિ શુકદેવજીને સ્વર્ગના દ્વાર પર જ પૂછ્યું કે ઋષિજી આપના પૂજ્ય ગુરૂદેવજીનું નામ બતાવો. શુકદેવજીએ કહ્યું કે ગુરૂની શું આવશ્યકતા**

(જરૂરિયાત) છે ? બીજા બધા ગુરૂ ધારણ કરીને અહીં આવ્યા છે, મારામાં સ્વયં એટલી શક્તિ છે કે હું વગર ગુરૂએ અહીંયા પહોંચ્યો છું. દ્વારપાલોએ કહ્યું કે ઋષિજી આ તો આપની પૂર્વ જન્મની ભેગી કરેલી ભક્તિની શક્તિ છે. અગર ફરીથી ગુરૂ ધારણ કરીને ભક્તિ નહીં કરો તો પૂર્વે (અગાઉ)ની ભક્તિ થોડાક જ દિવસ ચાલશે. આપનું માનવ જીવન નષ્ટ થઈ જશે.

**ઉદાહરણ માટેઃ-** હાલમાં આપે ઈન્વર્ટરની બેટરીને ચાર્જર લગાડીને ચાર્જ કરી રાખી છે. અગર ચાર્જર કાઢી નાંખવામાં આવે તો પણ ઈન્વર્ટર પોતાનું કાર્ય કરતું રહેશે કારણ કે તેમાં ઊર્જા સંગ્રહ થઈ ચુકી છે. થોડાક સમય પછી તે સર્વ કાર્ય કરવાનું છોડી દે છે, ન ટ્યુબ ચાલશે, ન પંખા ચાલશે. તે ઈન્વર્ટરને ફરીથી ચાર્જ કરવું અનિવાર્ય (ફરજિયાત) છે. તેના માટે ચાર્જર જોઈશે. ચાર્જરને ગુરૂ જાણો અને વીજળીને પરમેશ્વર જાણો.

ઋષિ શુકદેવમાં પોતાની સિદ્ધિનું અભિમાન હતું, તે ન માન્યો. વાત ભગવાન વિષ્ણુજી સુધી પહોંચી ગઈ. શ્રી વિષ્ણુજીએ પણ એ જ વાત કહી કે ઋષિજી પહેલાં આપ ગુરૂ બનાવો, પછી અહીંયા આવજો. શુકદેવજીએ કહ્યું ભગવાન પૃથ્વી લોક પર મારા સમાન કોઈ નથી, ન કોઈ ઢંગનો ગુરૂ છે. કૃપા કરીને આપ જ બતાવો કે હું કોને ગુરૂ બનાઉં ? શ્રી વિષ્ણુજીએ બતાવ્યું કે આપ રાજા જનકને ગુરૂ બનાવો. એમ કહીને શ્રી વિષ્ણુજી પોતાના મહેલમાં ચાલ્યા ગયા. શુકદેવ ઋષિ પાછા પૃથ્વી પર આવ્યા. રાજા જનક પાસે દીક્ષા લઈને તેમના દ્વારા બતાવેલ ભક્તિ મંત્રોનો જાપ કર્યો, ત્યારે ઋષિ શુકદેવજીને સ્વર્ગમાં રહેવા દીધા. એટલા માટે ગુરૂ બનાવીને ભક્તિ કરવાથી જ સફળતા સંભવ (શક્ય) છે. ગુરૂ વગર ભક્તિ, દાન, વગેરે વગેરે કરવું વ્યર્થ છે.

### ❊ પૂર્ણ ગુરૂ હોવા જોઈએ, જૂઠ્ઠા ગુરૂથી કોઈ લાભ નથી થતોઃ-

**પ્રશ્નઃ-** પૂર્ણ (પૂરા) ગુરૂની ઓળખ શું છે ? અમે તો જે પણ સંત પાસેથી જ્ઞાન સાંભળીએ છીએ, તે પૂર્ણ સતગુરૂ લાગે છે.

**ઉત્તરઃ-** સૂક્ષ્મવેદમાં ગુરૂના લક્ષણ બતાવ્યા છેઃ-

*ગરીબ, સતગુરૂ કે લક્ષણ કહૂં, મધુરે બૈન વિનોદ ।*
*ચાર વેદ છઃ શાસ્ત્ર, કહ અઠારહ બોધ ॥*

સંત ગરીબદાસજી (ગામ છુડાની, જિલ્લો ઝજ્જર, રાજય-હરિયાણા) ને પરમેશ્વર કબીરજી મળ્યા હતા. તેમની આત્માને ઉપર પોતાના સત્યલોક (સનાતન પરમ ધામ)માં લઈને ગયા હતા. ઉપરના સર્વ લોકોનું અવલોકન કરાવીને પરત પૃથ્વી પર મૂકી ગયા હતા. તેમને સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન બતાવ્યું હતું. તેમનો જ્ઞાનયોગ પરમેશ્વર કબીરજીએ ખોલ્યો હતો.

**તેના આધારે સંત ગરીબદાસજીએ ગુરૂની ઓળખ બતાવી છે કે જે સાચા ગુરૂ એટલે કે સતગુરૂ હશે, તે એવું જ્ઞાન બતાવે છે કે તેના વચન આત્માને આનંદિત કરી દેશે. તેમના વચન ખૂબ જ મધુર લાગે છે, કારણ કે તે સત્ય પર આધારિત હોય છે. કારણ એ છે કે સતગુરૂ ચારેય વેદો તથા સર્વ શાસ્ત્રોનું જ્ઞાન વિસ્તારપૂર્વક કહે છે.**

**આ જ પ્રમાણ પરમેશ્વર કબીરજીએ સૂક્ષ્મવેદમાં કબીર સાગરના અધ્યાય ''જીવ ધર્મ બોધ''માં પાના નંબર 1960 પર આપ્યું છેઃ-**

*ગુરૂ કે લક્ષણ ચાર બખાના, પ્રથમ વેદ શાસ્ત્ર કો જ્ઞાના ।।*
*દુજે હરિ ભક્તિ મન કર્મ બાનિ, તીજે સમદૃષ્ટિ કરિ જાની ।।*
*ચૌથે વેદ વિધિ સબ કર્મા, યે ચાર ગુરૂ ગુણ જાનોં મર્મા ।।*

**સરળાર્થઃ- કબીર પરમેશ્વરજીએ કહ્યું છે કે જે સાચો ગુરૂ હશે, તેના ચાર મુખ્ય લક્ષણ હોય છેઃ-**

**(1) બધા વેદ તથા શાસ્ત્રોને તે યોગ્ય (બરાબર સાચી) રીતે જાણે છે.**

**(2) બીજું તે સ્વયં જ ભક્તિ મન-કર્મ-વચનથી કરે છે એટલે કે તેની કથની અને કરનીમાં કોઈ અંતર નથી હોતું.**

**(3) ત્રીજું લક્ષણ એ છે કે તે સર્વ અનુયાયીઓ સાથે સમાન વ્યવહાર કરે છે, ભેદભાવ નથી રાખતો.**

**(4) ચોથું લક્ષણ એ છે કે તે સર્વ ભક્તિ કર્મ વેદો (ચાર વેદ તો બધા જાણે છે (1) ઋગ્વેદ, (2) યજુર્વેદ, (3) સામવેદ (4) અથર્વવેદ તથા પાંચમો વેદ સૂક્ષ્મવેદ છે. આ સર્વ વેદો) અનુસાર કરે અને કરાવે છે.**

*** વેદો (ચારેય વેદો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ)માં કેવળ ઓમ્ = ૐ આ એક નામ છે જાપ કરવાનું.**

**પ્રમાણઃ- યજુર્વેદ અધ્યાય 40 મંત્ર 15 તથા 17માં. મંત્ર 15માં કહ્યું છે કે ઓમ્ (ૐ) નામનું સ્મરણ કાર્ય કરતા કરતા કરો, વિશેષ/ખાસ તડપની સાથે કરો, મનુષ્ય જીવનનું પરમ કર્તવ્ય માનીને સ્મરણ કરો. ૐ નામનો જાપ મૃત્યુ પર્યંત કરવાથી એટલું અમરત્વ પ્રાપ્ત થઈ જશે જેટલું ૐના સ્મરણથી થાય છે. (યજુર્વેદ 40/15)**

*** યજુર્વેદ અધ્યાય-40 મંત્ર 17માં વેદ જ્ઞાનદાતા બ્રહ્મ જ છે. કહ્યું છે કે જે પૂર્ણ પરમાત્મા છે, તે તો પરોક્ષ (છુપાયેલા છે એટલે કે અવ્યક્ત) છે. તે બધાની દૃષ્ટિમાં નથી આવતા (તેની જાણકારી યજુર્વેદ અધ્યાય-40 મંત્ર-10માં બતાવી છે કે તેનું યથાર્થ (યોગ્ય/સાચું) જ્ઞાન તત્વદર્શી સંત જ જાણે છે, તેની પાસેથી સાંભળો.) પછી યજુર્વેદ અધ્યાય-40 મંત્ર-17માં**

આગળ કહ્યું છે કે (અહમ્ ખમ્ બ્રહ્મ) હું બ્રહ્મ છું. મારું ઓમ = ૐ નામ છે. હું ઉપર દિવ્ય આકાશરૂપી બ્રહ્મલોકમાં રહું છું. (યજુર્વેદ 40/17)

આ જ પ્રમાણ શ્રીદેવી મહાપુરાણઃ- (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત સચિત્ર મોટા ટાઈપ કેવળ હિન્દી)ના સાતમાં સ્કંદમાં પાના નં. 562-563 પર શ્રીદેવીજીએ રાજા હિમાલયને બતાવ્યું છે કે રાજન ! અગર આપ આત્મ-કલ્યાણ ઈચ્છો છો તો મારી ભક્તિ સહિત બધી જ વાતોને છોડી દો, કેવળ એક ૐ નામનો જાપ કરો, બ્રહ્મ પ્રાપ્તિનો ઉદ્દેશ્ય રાખો. આનાથી તમે બ્રહ્મલોકને પ્રાપ્ત થઈ જશો, તે બ્રહ્મલોકરૂપી દિવ્ય આકાશમાં રહે છે. આનાથી સ્પષ્ટ થયું કે વેદોમાં કેવળ એક 'ઓમ્' નામ જ જાપનું છે. શ્રીમદ્ ભાગવત ગીતા જે વેદોનો સાર છે, તેમાં અધ્યાય-8 શ્લોક-13માં કહ્યું છે :-

*ઓમ ઈતિ એકાક્ષરમ્ બ્રહ્મ વ્યાહરન્ મામ અનુસ્મરન્ ।*
*યઃ પ્રયાતિ ત્યજન્ દેહમ્ સઃ યાતિ પરમામ્ ગતિમ્ ॥*

**અનુવાદઃ-** ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે કહ્યું છે કે મુજ બ્રહ્મનો ફક્ત ઓમ = ૐ એ એક અક્ષર છે. આનું ઉચ્ચારણ-સ્મરણ કરતો રહીને જે સાધક શરીર ત્યજીને જાય છે, તે મૃત્યુ ઉપરાંત ૐ નામના સ્મરણથી મળવાવાળી પરમ ગતિ એટલે કે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ ભાગવત ગીતા તથા વેદોમાં આના સિવાય એટલે કે ''ઓમ'' = ૐ ના સિવાય કોઈ નામ બ્રહ્મ સાધનાનું નથી.

પ્રમાણિત થયું કે ૐ = ઓમ નામનો જાપ શાસ્ત્ર પ્રમાણિત છે.

❋ ગીતા જ્ઞાનદાતાએ સ્પષ્ટ કર્યું છે કે અર્જુન ! તારા અને મારા અસંખ્ય જન્મ થઈ ચુક્યા છે અને આગળ પણ થશે. મારી ઉત્પત્તિને ઋષિ તથા દેવતાગણ નથી જાણતા. (ગીતા અધ્યાય/શ્લોક 2/12, 4/5, 10/2)

આનાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતા બ્રહ્મ નાશવાન છે તથા જન્મે છે-મરે છે. એના પૂજારી (તેને પૂજનારા) પણ જન્મ-મરણના ચકકરમાં જ રહેશે. એટલા માટે ગીતા અધ્યાય-8 શ્લોક-16માં કહ્યું છે કે બ્રહ્મલોકમાં ગયેલ સાધક પણ પુનર્જન્મમાં રહે છે. એટલા માટે ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-18 શ્લોક-62માં કહ્યું છે કે હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વરની શરણમાં જા, તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમધામ એટલે કે સત્યલોકને પ્રાપ્ત થઈશ.

❋ પછી ગીતા અધ્યાય-15 શ્લોક-4માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જયારે તત્વદર્શી સંત પાસેથી તત્વજ્ઞાન પ્રાપ્ત થઈ જાય, તેના દ્વારા બતાવવામાં આવ્યા અનુસાર સાધના કરીને તેના પછી પરમેશ્વરના તે

**પરમપદની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરીથી પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા. ફક્ત (કેવળ) તે પરમેશ્વરની પૂજા કરો.**

ગીતા અધ્યાય-7 શ્લોક-**29**માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છેઃ-

*જરા મરણ મોક્ષાય મામ્ આશ્રિત્ય યતન્તિ યે ।*
*તે તત્ બ્રહ્મ વિદુઃ કૃતસ્નમ્ અધ્યાત્મમ્ કર્મ ચ અખિલમ્ ।।*

**ભાવાર્થઃ-** ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું છે કે જે મારા બતાવેલ જ્ઞાન ઉપર આશ્રિત થઈને એટલે કેમારા કહ્યા અનુસાર તત્વદર્શી સંતો પાસેથી તત્વજ્ઞાન જાણી લે છે. તે 'જરા' એટલે કે વૃદ્ધાવસ્થા તથા મૃત્યુના કષ્ટથી મોક્ષ પ્રાપ્ત કરવાને માટે પ્રયત્ન કરે છે. સંસારની કોઈ કિંમતી વસ્તુની ઈચ્છા ભક્તિના પ્રતિફળમાં નથી કરતા. તે (તત્ બ્રહ્મ વિદુઃ) બ્રહ્મને, સંપૂર્ણ અધ્યાત્મને અને સર્વ કર્મોને જાણે છે.

* અર્જુને ગીતા અધ્યાય-**8** શ્લોક-**1**માં પૂછ્યું કે ''તત બ્રહ્મ'' શું છે ? આનો ઉત્તર ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-**8** ના શ્લોક-**3**માં આપ્યો છે. કહ્યું છે કે તે ''પરમ અક્ષર બ્રહ્મ'' છે.

* ગીતા અધ્યાય-**8** શ્લોક-**5** તથા **7**માં તો ગીતા જ્ઞાનદાતાએ પોતાની ભક્તિ કરવાનું કહ્યું છે અને વિશ્વાસ અપાવ્યો છેકે મારી ભક્તિથી મને પ્રાપ્ત થઈશ, મારી ભક્તિથી જન્મ-મરણ, કર્મચક્ર બન્યું રહેશે. યુદ્ધ પણ કરવું પડશે, પરમશાંતિ નથી થઈ શકતી.

* પછી ગીતા જ્ઞાનદાતાએ તરત જ ગીતા અધ્યાય-**8** શ્લોક-**8,9, 10**માં કહ્યું છે કે ''તત્ બ્રહ્મ'' એટલે કે ''પરમ અક્ષર બ્રહ્મ''ની ભક્તિ કરવાવાળા તે સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે મારા સિવાય બીજા (અન્ય) દિવ્ય પરમેશ્વરને પ્રાપ્ત થશે.

* આ જ પ્રમાણે પરમ અક્ષર બ્રહ્મની મહિમા ગીતા અધ્યાય-**15** શ્લોક-**17**માં બતાવી છે. ગીતા અધ્યાય-**15** ના શ્લોક-**16**માં બે પુરૂષ બતાવ્યા છે. એક ક્ષર પુરૂષ જે ગીતા જ્ઞાનદાતા છે, જેના હસ્તક **21** બ્રહ્માંડનું ક્ષેત્ર છે.

બીજો અક્ષર પુરૂષ બતાવ્યો છે જેના હસ્તક **7** શંખ બ્રહ્માંડનું ક્ષેત્ર છે. આ બન્ને પુરૂષ નાશવાન બતાવ્યા છે. એમના લોકોમાં સર્વ જીવ પણ નાશવાન બતાવ્યા છે.

ગીતા અધ્યાય-**15** શ્લોક-**17**માં બતાવ્યું છે કેઃ-

*ઉત્તમ પુરૂષઃ તૂ અન્યઃ પરમાત્મા ઈતિ ઉદાહૃતઃ ।*
*યઃ લોક ત્રયમ્ આવિશ્ય વિભર્તિ અવ્યયઃ ઈશ્વરઃ ।।*

**અનુવાદઃ-** ઉત્તમ પુરૂષ = પુરૂષોત્તમ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ તો ઉપર વર્ણિત ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષથી જુદા (અન્ય) જ છે. જેને પરમાત્મા કહેવામાં આવે છે, જે ત્રણેય લોકોમાં {ક્ષર પુરૂષના 21 બ્રહ્માંડોના ક્ષેત્રવાળા લોક, બીજા અક્ષર પુરૂષના 7 શંખ બ્રહ્માંડોવાળા લોક, ત્રીજા ઉપરના ચારેય લોકો (સત્યલોક, અલખ લોક, અગમ લોક તથા અનામી લોક) આ પ્રમાણે બનેલ ત્રણેય લોકો} માં પ્રવેશ કરીને બધાનું ધારણપોષણ કરે છે, તે વાસ્તવમાં અવિનાશી પરમેશ્વર છે.

※ ગીતા અધ્યાય-17 શ્લોક-23માં આ પરમ અક્ષર બ્રહ્મની પ્રાપ્તિના મંત્ર બતાવ્યા છેઃ-

*ૐ તત્ સત્ ઈતિ નિર્દેશઃ બ્રહ્મણઃ ત્રિવિધઃ સ્મૃતઃ ।*
*બ્રાહ્મણાઃ તેન વેદાઃ ચ યજ્ઞાઃ ચ વિહિતા પુરા ॥*

બ્રહ્મણઃ- સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની ભક્તિની સાધનાના એટલે કે પરમેશ્વરના તે પરમપદને પ્રાપ્ત કરવાના મંત્રો બતાવ્યા છે, જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા. જ્યાં પરમ શાંતિને પ્રાપ્ત થાય છે જે સનાતન પરમ ધામ છે.

ૐ = ''બ્રહ્મ'' એટલે કે ''ક્ષર પુરૂષ''નો મંત્ર છે જે પ્રત્યક્ષ છે.

તત્ = એ ''અક્ષર પુરૂષ'' નો જાપ મંત્ર છે. આ મંત્ર સાંકેતિક છે. વાસ્તવિક મંત્ર સૂક્ષ્મવેદમાં બતાવ્યો છે. આ મંત્ર દીક્ષાના સમયે દિક્ષાર્થીને બતાવવામાં આવે છે, અન્ય (બીજા)ને નથી બતાવવામાં આવતો.

સત્ = એ ''પરમ અક્ષર પુરૂષ''ની સાધનાનો મંત્ર છે. એ પણ સાંકેતિક છે. દિક્ષાર્થીને દીક્ષાના સમયે બતાવવામાં આવે છે. યથાર્થ મંત્ર સૂક્ષ્મવેદમાં લખ્યો છે. આ જ પ્રમાણ સામવેદના મંત્ર સંખ્યા 822માં પણ છે કે ત્રણ નામના જાપથી પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય છેઃ-

સંખ્યા નં. 822 સામવેદ ઉતાર્ચિક અધ્યાય-3 ખંડ-5 શ્લોક-8 (સંત રામપાલદાસ દ્વારા અનુવાદિત)

*મનીષિભિઃ પવતે પૂર્વ્યઃ કવિર્નૃભિર્યતઃ પરિ કોશાં અસિષ્યદત્ ।*
*ત્રિતસ્ય નામ જનયન્મધુ ક્ષરન્નિન્દ્રસ્ય વાયું સખ્યાય વર્ધયન્ ॥ 8 ॥*

મનીષિભિઃ – પવતે – પૂર્વ્યઃ – કવિર્ – નૃભિઃ – યતઃ – પરિ – કોશાન્ – અસિષ્યદત્ – ત્રિ – તસ્ય – નામ – જનયન્ – મધુ – ક્ષરનઃ – ન – ઈન્દ્રસ્ય – વાયુમ્ – સખ્યાય – વર્ધયન્ ।

**શબ્દાર્થઃ-** (પૂર્વ્યઃ) સનાતન એટલે કે સૌ પ્રથમ પ્રગટ (કવિર નૃભિઃ) કબીર પરમેશ્વર માનવરૂપ ધારણ કરીને એટલે કે ગુરૂ રૂપમાં પ્રગટ થઈને (મનીષિભિઃ) બુદ્ધિમાન ભક્તોને (ત્રિ) ત્રણ (નામ) મંત્ર એટલે કે નામ ઉપદેશ

આપીને (પવતે) પાપ રહિત એટલે કે પવિત્ર કરીને (જનયન્) જન્મ તથા (ક્ષરનઃ) મૃત્યુથી (ન) રહિત કરે છે તથા (તસ્ય) તેના (વાયુમ્) પ્રાણ એટલે કે જીવન-શ્વાસોને જે સંસ્કારવશ ગણતરી મુજબના નાખવામાં આવેલા હોય છે તેને (કોશાન્) પોતાના ભંડારથી (સખ્યાય) મિત્રતાના આધારે (પરિ) પૂર્ણ રૂપથી (વર્ધયન્) વધારે છે (યતઃ) જેના કારણે (ઈન્દ્રસ્ય) પરમેશ્વરના (મધુ) વાસ્તવિક આનંદને (અસિષ્યદત્) પોતાના આશીર્વાદ પ્રસાદથી પ્રાપ્ત કરાવડાવે છે.

**ભાવાર્થઃ- આ મંત્રમાં સ્પષ્ટ કર્યું છે કે પૂર્ણ પરમાત્મા કવિર્ એટલે કે કબીર માનવ શરીરમાં ગુરૂ રૂપમાં પ્રગટ થઈને પ્રભુ પ્રેમીઓને ત્રણ નામનો જાપ આપીને સત્ય ભક્તિ કરાવે છે તથા તે મિત્ર ભક્તને પવિત્ર કરીને પોતાના આશીર્વાદથી પૂર્ણ પરમાત્મા એટલે કે પોતાની પ્રાપ્તિનો માર્ગ બતાવીને પૂર્ણ સુખ પ્રાપ્ત કરાવે છે. સાધકની ઉંમર વધારે છે. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-17 શ્લોક-23માં છે કે ઓમ્ - તત્ - સત્ ઈતિ નિર્દેશઃ બ્રહ્મણઃ ત્રિવિધ સ્મૃતઃ નો ભાવાર્થ છે કે પૂર્ણ પરમાત્માને પ્રાપ્ત કરવાનો (1) ॐ (2) તત્ (3) સત્. આ મંત્ર જાપ સ્મરણ કરવાનો નિર્દેશ (ફાઈનલ આદેશ) છે. આ નામ (મંત્ર)ને તત્વદર્શી સંત પાસેથી પ્રાપ્ત કરો. તત્વદર્શી સંતના વિષયમાં ગીતા અધ્યાય-4 શ્લોક-34માં કહ્યું છે તથા ગીતા અધ્યાય-15 શ્લોક-1 તથા 4માં તત્વદર્શી સંતની ઓળખ બતાવી છે તથા કહ્યું છે કે તત્વદર્શી સંત પાસેથી તત્વજ્ઞાન જાણીને તેના પછી તે પરમપદ પરમેશ્વરની શોધ કરવી જોઈએ, જ્યાં ગયા પછી સાધક પાછા વળીને સંસારમાં (નાશવાન કાળ લોકમાં) નથી આવતા એટલે કે પૂર્ણ મુક્ત થઈ જાય છે. તે જ પૂર્ણ પરમાત્મા દ્વારા સંસારની રચના થઈ છે.**

**વિશેષઃ-** ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ થાય છે કે પવિત્ર ચારેય વેદ **પણ સાક્ષી છે કે પૂર્ણ પરમાત્મા જ પૂજાને યોગ્ય છે, તેનું વાસ્તવિક નામ કવિર્દેવ (કબીર પરમેશ્વર) છે તથા ત્રણ મંત્રના નામના જાપ કરવાથી જ પૂર્ણ મોક્ષ થાય છે.**

**આ ત્રણ મંત્રનો જાપ ચારેય વેદોના સારરૂપ શ્રીમદ્ ભાગવત ગીતામાં પ્રમાણ છે કે આનાથી તે સ્થાન પ્રાપ્ત થાય છે, જ્યાં ગયા બાદ સાધક પાછા વળીને ક્યારેય આ સંસારમાં નથી આવતા. જે સનાતન પરમ ધામ છે, જ્યાં ગયા પછી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે.**

**વેદો તથા ગીતામાં આ અનમોલ ત્રણ નામના મંત્ર અસ્પષ્ટ એટલે કે સાંકેતિક છે. એટલા માટે ચારેય વેદો તથા ગીતાનુસાર સાધના કરવાથી તે સ્થાન તથા પરમાત્મા પ્રાપ્ત નથી થઈ શકતા. એટલા માટે ગીતા અધ્યાય-**

4 ના શ્લોક 32 તથા 34 માં ગીતા જ્ઞાનદાતાએ સ્પષ્ટ કર્યું છે કે યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું યથાર્થ (યોગ્ય/સાચું) જ્ઞાન (બ્રહ્મણઃ મુખે) સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ પોતાના મુખ-કમળથી (મોંઢાથી) વાણી બોલીને બતાવે છે, તે સચ્ચિદાનંદ ધન બ્રહ્મની વાણી કહેવામાં આવે છે, તેને તત્વજ્ઞાન તથા સૂક્ષ્મવેદ પણ કહે છે. તેને જાણ્યા પછી સર્વ પાપોથી મુક્તિ થઈ જાય છે. જેમાં સંપૂર્ણ ભક્તિ મંત્ર તથા તેના જાપ અંગેની વિધિ બતાવવામાં આવેલ છે. (ગીતા અધ્યાય-4 શ્લોક-32)

ગીતા અધ્યાય-4 શ્લોક-34 → તે તત્વજ્ઞાનને તું તત્વદર્શી સંતોની પાસે જઈને સમજ. તેમને દંડવત પ્રણામ કરવાથી, કપટ છોડીને નમ્રતાપૂર્વક (સરળ ભાવે) પ્રશ્ન કરવાથી પરમાત્મા તત્વને સારી રીતે (બરાબર રીતે) જાણવાવાળા જ્ઞાની મહાત્મા તને તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

સજ્જનો ! એ (તે) તત્વદર્શી સંત આ દાસ (રામ પાલદાસ) છે. એ તત્વજ્ઞાન મારી પાસે છે. મારા સિવાય હાલમાં (વર્તમાનમાં) કોઈની પાસે (ઉપલબ્ધ) નથી. વિશ્વમાં આશરે 7 અરબ માનવ(જન ) સંખ્યા છે. આ અરબો મનુષ્યોમાં મારા સિવાય કોઈ આ જ્ઞાનને જાણવાવાળા નથી.

ગીતા અધ્યાય-7 શ્લોક-12 થી 15 સુધી તો ગીતા જ્ઞાનદાતા એ ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી તથા તમોગુણ શિવજી) ની ભક્તિ કરવાવાળાઓને 1. રાક્ષસ (આસુરી) સ્વભાવને ધારણ કરેલા 2. મનુષ્યોમાં નીચ (અધમ), 3. દૂષિત કર્મ કરવાવાળા, 4. મૂઢ (મૂર્ખ) મારી ભક્તિ પણ નથી કરતા.

પછી ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-7ના શ્લોક 16 થી 18 સુધી પોતાની સાધના કરવાવાળાઓની સ્થિતિ બતાવી છે કે મારી ભક્તિ ચાર પ્રકારના [(1) આર્ત (2) અથાર્થી (3) જિજ્ઞાસુ (4) જ્ઞાની] કરે છે. એમાં ફક્ત જ્ઞાની સાધકને શ્રેષ્ઠ બતાવ્યો છે, પરંતુ તે પણ તત્વજ્ઞાન ના થવાના કારણે મારા વાળી એટલે કે બ્રહ્મની અનુત્તમ એટલે કે અશ્રેષ્ઠ - ઘટિયા (ખરાબ) ગતિમાં જ સ્થિત રહી ગયો.

❊ ગીતા અધ્યાય-7 શ્લોક-19 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ઘણા-ઘણા જન્મો વીતી ગયા પછીના અંતિમ જન્મમાં કોઈ જ્ઞાની આત્મા મારી પૂજા યોગ્ય રીતે કરે છે - મને ભજે છે. અન્યથા (નહીં તો) અન્ય ઉપાસનાઓમાં જ લાગ્યા રહે છે. આ બતાવવાવાળા મહાત્મા તો મળવા અત્યંત દુર્લભ (ખૂબ મુશ્કેલ) છે કે કેવળ વાસુદેવ એટલે કે સર્વગતમ્ બ્રહ્મ જ સર્વ કાંઈ છે. તેની જ ભક્તિથી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે, તેની જ ભક્તિથી

સનાતન પરમ ધામની પ્રાપ્તિ થાય છે. તેની જ ભક્તિથી તે પરમપદ પ્રાપ્ત થાય છે. જ્યાં ગયા પછી સાધક (ભક્તજન) ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય નથી આવતા, તે પરમ અક્ષર બ્રહ્મ તમામ (સર્વ) ના ઉત્પત્તિ કર્તા છે, તે જ સંસારરૂપી વૃક્ષનું મૂળ છે, જે ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે, તે જ પાપનાશક છે. તે જ પૂર્ણ મોક્ષદાયક છે. તેની જ ભક્તિ કરવી જોઈએ.

પ્રિય વાંચકો ! એ તત્વદર્શી સંત વર્તમાનમાં (હાલમાં) આ દાસ (સંત રામપાલદાસ) છે. મારી પાસે સંપૂર્ણ વેદ-શાસ્ત્રોનું જ્ઞાન છે. વાસુદેવ ભગવાનની ભક્તિના સંપૂર્ણ મંત્રો છે.

હવે ''વાસુદેવ''ની વ્યાખ્યા જાણી લઈએ.

## ✪ ''વાસુદેવની (પરિભાષા) વ્યાખ્યા''

ગીતા અધ્યાય-3 શ્લોક 14-15માં કહ્યું છે કે સઘળા (સંપૂર્ણ) પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે. વધુ જાણકારી આપને આગળ (શરૂમાં) આપી રાખી છે, તેનો અભ્યાસ કરી લેવા વિનંતી. અહીંયા ફક્ત આ જ વિષયને લઈએ છીએ.

પછી કહ્યું છે કે બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષની ઉત્પત્તિ અવિનાશી પરમાત્માથી થઈ છે જેના વિષયમાં ગીતા અધ્યાય-15 શ્લોક 17માં કહ્યું છે. આનાથી સિદ્ધ થાય છે કે ''સર્વગતમ્ બ્રહ્મ'' = સર્વવ્યાપી પરમ અક્ષર બ્રહ્મ એટલે કે વાસુદેવ સદાય યજ્ઞોમાં પ્રતિષ્ઠિત છે.

**વિચાર કરોઃ-** સર્વગતમ્ બ્રહ્મનો અર્થ છે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા. (ગીતા અધ્યાય-3 શ્લોક-15)

(1) શ્રી બ્રહ્માજી, (2) શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી – ત્રણેય દેવતા એક બ્રહ્માંડમાં નિર્મિત (બનેલ) ત્રણેય લોકો (સ્વર્ગલોક, પૃથ્વીલોક, પાતાળલોક)માં ફક્ત એક-એક વિભાગના એટલે કે ગુણના પ્રધાન છે. આ (ત્રણે જણ) સર્વગતમ્ બ્રહ્મ એટલે કે સર્વવ્યાપી પરમાત્મા = વાસુદેવ નથી.

2. બ્રહ્મ એટલે કે ક્ષર પુરૂષઃ- એ ફક્ત 21 બ્રહ્માંડોનો પ્રભુ (સ્વામી) છે. તે પણ સર્વવ્યાપી એટલે કે વાસુદેવ નથી.

3. પરબ્રહ્મ એટલે કે અક્ષર પુરૂષઃ- એ માત્ર 7 શંખ બ્રહ્માંડોનો પ્રભુ છે, તે પણ સર્વવ્યાપી એટલે કે વાસુદેવ નથી.

4. પૂર્ણ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મઃ- એ સર્વ બ્રહ્માંડોના સ્વામી છે, સર્વ (તમામ)નું ધારણ પોષણ કરવાવાળા છે, આ (જ) વાસુદેવ છે.

**વિશેષઃ-** વધુ જાણકારી માટે આ જ પુસ્તકના અધ્યાય ''સૃષ્ટિ રચના'' અધ્યાયમાં વાંચો.

જેમ કે, આપજીને અગાઉ પણ બતાવ્યું છે કે પરમ અક્ષર બ્રહ્મ પોતે (સ્વયં) પૃથ્વી ઉપર પ્રગટ થઈને સારી આત્માઓને મળે છે. તેમને તત્વજ્ઞાન જણાવે છે. આ જ વિધાનાનુસાર (વિધાન મુજબ) એ જ પરમાત્મા સંત ગરીબ દાસજીને (ગામ-છુડાની, જિ. ઝજ્જર, રાજય - હરિયાણા) સને **1727**માં મળ્યા હતા. ત્યારે તે પરમાત્માએ જિંદા મહાત્માની વેશભૂષા ધારણ કરી રાખેલ હતી. ગરીબદાસજીની આત્માને તે સનાતન પરમધામમાં લઈ ગયા હતા. પછી ઉપરના તમામ (સર્વ) બ્રહ્માંડો તથા પ્રભુઓની સ્થિતિ બતાવીને તત્વજ્ઞાનથી પરિચિત કરાવીને પાછા (તેમની આત્માને) શરીરમાં મૂકી ગયા હતા. તે સમયે ગરીબદાસજીની ઉંમર **10** વર્ષની હતી. તે દિવસે સંત ગરીબદાસજીને મૃત (મરેલા) જાણીને તેમના ગામના લોકો તેમના શરીરને સ્મશાનમાં ચિતા પર મૂકી અંતિમ સંસ્કારની તૈયારી કરી રહ્યા હતા. તે જ સમયે તેમની આત્માને પરમાત્માએ તેમના (ગરીબદાસના) શરીરમાં પ્રવેશ કરાવી દીધો. પાછા એકદમ જીવતા થઈ ગયા એટલે તમામ કુળના લોકો (ગામવાસીઓ) ની ખુશીનો કોઈ પાર ના રહ્યો. તેના પછી ગરીબદાસજીએ એક અનમોલ ગ્રંથની રચના કરી. તેમાં તેમણે જાતે નજરે જોયેલું તથા સ્વયં પરમાત્મા દ્વારા બતાવેલ જ્ઞાન બતાવ્યું, જે એક ગોપાલદાસ નામના દાદુપંથી સાધુએ લખ્યું હતું. જે હાલમાં (વર્તમાનમાં) પ્રિન્ટ કરાવી (છપાવી) રાખ્યું છે.

❋ પંજાબ રાજયમાં લુધિયાણા શહેરની પાસે એક વાસીયર નામનું ગામ છે. જ્યાં રામરાય ઉર્ફે ઝૂમકરા નામનો એક પ્રભુ પ્રેમી વ્યક્તિ રહેતો હતો. તેણે સંત ગરીબદાસજીની મહિમા સાંભળી તો તેમના દર્શનાર્થે ગામ-છુડાની ખાતે પહોંચી ગયો. સંત ગરીબદાસજીએ આ જ્ઞાન સંભળાવ્યું કે જે આ દાસ (સંત રામપાલદાસ)ને સંત ગરીબદાસજીથી પ્રાપ્ત થયું છે. જે આપજીને આ પુસ્તક તથા અન્ય પુસ્તકો દ્વારા બતાવ્યું (જણાવ્યું) છે.

તે રામરાયે પ્રશ્ન કર્યો કે હે મહાત્માજી ! આ જ્ઞાન તો આજદિન સુધી કોઈએ બતાવ્યું નથી / કોઈની પાસેથી સાંભળવા મળ્યું નથી. સંત ગરીબદાસજીએ વાણી દ્વારા બતાવ્યું :-

*કોટ્યોં મધ્ય કોઈ નહીં રાઈ ઝૂમકરા, અરબોં મેં કોઈ ગરક સુનો રાઈ ઝૂમકરા ॥*

**અનુવાદ તથા ભાવાર્થઃ-** સંત ગરીબદાસજીએ ઉત્તર આપતા કહ્યું કે આ જ્ઞાન કરોડોમાં કોઈની પાસે નહીં મળે. અરબોંમાં કોઈ એકની પાસે મળશે. તે સંત સર્વ જ્ઞાન સંપન્ન સંપૂર્ણ સાધનાના મંત્રોથી ગરક એટલે કે

પરિપૂર્ણ હોય છે. પ્રિય વાચકો ! તે સંત હાલમાં (વર્તમાનમાં) બરવાલા, જિ. હિસારવાળા છે. જ્ઞાન સમજો અને લાભ મેળવો.

**પ્રશ્નઃ-** પ્રાચીન કાળથી ચાલી આવી રહેલી ભક્તિની સાધનાને આપ ખોટી કઈ રીતે કહી શકો છો ? જેમ કે તમામ ઋષિઓ તપ કર્યા કરતા હતા. આપણે પૂરા હિન્દુ સમાજમાં જોઈ રહ્યા છીએ કે - બધા હરે કૃષ્ણ, હરે રામ, રાધે-રાધે શ્યામ મિલા દે, ઓમ નમઃ શિવાય, ઓમ નમો ભગવતે વાસુદેવાયઃ નમઃ, જય સિયારામ, રાધે શ્યામ, ઓમ તત્ સત્, આમાંથી કોઈ એક મંત્રનો જાપ કરતા આવી રહ્યા છે. વર્તમાનમાં (હાલમાં) પણ કરી રહ્યા છે. શ્રી રામચંદ્રજી, શ્રી કૃષ્ણજીને આપણે પૂર્ણ પરમાત્મા માનીએ છીએ, એટલા માટે એમના નામ જપે છે. આપ એ તમામ નામ જાપ મંત્રોને વ્યર્થ જાપ બતાવો (જણાવો) છો જે અંગે સ્પષ્ટતા કરશો.

**જવાબઃ-** પ્રાચીન કાળમાં અગર આ સાધના હતી અને આ મંત્રો હતા તો શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય-4 શ્લોક 1-2માં ગીતા જ્ઞાનદાતા આમ નહીં કહેતા કે આ યોગ એટલે કે જે ભક્તિ વિધિ હું ગીતા જ્ઞાનમાં બતાવી રહ્યો છું, તે અત્યારે લગભગ લુપ્ત પ્રાયઃ થઈ ગયો છે, નષ્ટ થઈ ગયો છે. આ જ્ઞાન તથા ભક્તિ મેં જ સૂર્યદેવને કહી હતી, પછી સૂર્યએ મનુને અને મનુએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુને કહેલ. પછી કેટલાક રાજ ઋષિઓએ જાણેલું. હવે ઘણા સમયથી એટલે કે દ્વાપરના ઘણા સમય પહેલાં જ લુપ્ત હતું તથા મનુ, ઈક્ષ્વાકુ વિગેરે-વિગેરે સર્વ (તમામ) સત્યયુગના પ્રથમ ચરણમાં થઈ ગયા. અગર તમે દશરથ પુત્ર શ્રી રામચંદ્રજી અને વાસુદેવ પુત્ર શ્રીકૃષ્ણજીને પૂર્ણ પરમાત્મા માનો છો. એટલા માટે તેમના નામ હરે રામ, હરે કૃષ્ણ, વિગેરે-વિગેરે જાપ કરો છો અને તેમના વડે જ મોક્ષ થશે તેમ માનો છો તો શ્રીમદ્ ભગવદ ગીતામાં વર્ણિત યથાર્થ (યોગ્ય) પ્રાચીન યોગ એટલે કે ભક્તિની વિધિના વિપરીત હોવાથી તે વ્યર્થ છે. શાસ્ત્રવિધિ ત્યાગીને મનમરજીવાળું આચરણ થયું. જેના કારણે ઉપરોક્ત પ્રશ્નમાં લખેલ અન્ય મંત્રો પણ શાસ્ત્ર પ્રમાણિત નથી, એટલા માટે તે મંત્રો વ્યર્થ છે. ગીતા અધ્યાય-16 શ્લોક 23-24 માં કહ્યું છે કે જે પુરૂષ શાસ્ત્ર વિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરે છે, તેમને ન તો સુખ પ્રાપ્ત થાય છે, ન સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ન તેમની પરમ ગતિ થાય છે એટલે કે વ્યર્થ સાધના છે. (ગીતા અધ્યાય-16 શ્લોક-23)

❊ ગીતા અધ્યાય-16 શ્લોક 24માં કહ્યું છે કે અર્જુન આથી તારા માટે, આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. ભાવાર્થ છે કે જે ભક્તિની વિધિ પ્રમાણિત શાસ્ત્રોમાં (ચારેય વેદ - ઋગ્વેદ, યજુર્વેદ,

સામવેદ તથા અથર્વવેદ તથા એ જ ચારેય વેદોનો સાર શ્રીમદ્ ભગવત ગીતા તથા સૂક્ષ્મવેદ = જે પરમાત્માએ સ્વયં પોતાના મુખ વડે ઉચ્ચારેલ. આ તમામ ગ્રંથો ભક્તિના જ્ઞાન તથા સમાધાન માટેના પ્રમાણિત શાસ્ત્રો છે) વર્ણિત નથી, તે શાસ્ત્ર વિરુદ્ધ સાધના છે. એટલા માટે ભક્તિના કયા કર્મ કરવા જોઈએ અને કયા નહીં કરવા જોઈએ તેનો નિર્ણય કરવા માટે શાસ્ત્રોને જ આધાર માનો. શાસ્ત્રોમાં વર્ણિત ભક્તિ વિધિને અપનાવો અને બાકી તમામ - બધું ત્યાગી દો.

❊ શ્રી રામજીનો જન્મ ત્રેતા યુગના અંતિમ ચરણમાં થયો હતો. શ્રી કૃષ્ણજીઓ જન્મ દ્વાપર યુગના અંતિમ ચરણમાં થયો હતો. સતયુગથી જ માનવ ભક્તિ કરતો આવી રહ્યો છે તે સમયે કોણ રામ હતા ? તમે કહેશો કે શ્રી વિષ્ણુજી તો સતયુગથી પણ પહેલાના છે અને શ્રી રામ, શ્રીકૃષ્ણ પણ પોતે શ્રી વિષ્ણુજી જ હતા. સત્યયુગમાં પણ પ્રમાણ છે કે મહર્ષિ વાલ્મિકીજી રામ-રામનો જાપ કરતા હતા. તેઓ વિષ્ણુ-વિષ્ણુનો જાપ કરતા નહતા. આનાથી સિદ્ધ થાય છે કે શ્રી વિષ્ણુજી, શ્રીરામ, શ્રી કૃષ્ણજીથી અલગ કોઈ ‘‘રામ’’ એટલે કે ‘‘માલિક’’ છે. તે ‘‘રામ’’નો જાપ કરવો જોઈએ જે ગીતા અધ્યાય-7 ના શ્લોક 29 માં વર્ણિત છે. જેના વિષયમાં કહ્યું છે કે ‘‘તત્ બ્રહ્મ’’ને જાણવાવાળા ફક્ત જરા એટલે કે વૃદ્ધ અવસ્થા તથા મૃત્યુથી છૂટકારો મેળવવા માટે જ ભક્તિ કરે છે. અર્જુને ગીતા અધ્યાય-8 શ્લોક-1માં પ્રશ્ન કર્યો છે કે તે ‘‘તત્ બ્રહ્મ’’ શું (કોણ) છે ?

ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-8 શ્લોક-3માં જવાબ આપતા કહ્યું છે કે તે ‘‘પરમ અક્ષર બ્રહ્મ’’ છે. ગીતા અધ્યાય-8ના જ શ્લોક-5, 7માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની ભક્તિ કરવા અંગે કહ્યું છે. જેનો જાપ મંત્ર ગીતા અધ્યાય-8ના જ શ્લોક-13માં બતાવ્યો છે. *(ઓમ્ ઈતિ એકાક્ષરમ્ બ્રહ્મ વ્યવહારન મામ અનુસ્મરન્......)*

ગીતા જ્ઞાદાતાએ ગીતા અધ્યાય-8 ના જ શ્લોક-8, 9, 10 માં ગીતા જ્ઞાનદાતાએ પોતાનાથી અન્ય તે તત્ બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની ભક્તિ કરવાનું કહ્યું છે. તેની ભક્તિનો નામ-જાપ મંત્ર ગીતા અધ્યાય-17 શ્લોક-23 માં બતાવ્યો છે:-

*ૐ તત્ સત્ ઈતિ નિર્દેશ: બ્રહ્મણ: ત્રિવિધ: સ્મરત: ।*
*બ્રાહ્મણા: તેન વેદા: ચ યજ્ઞા: ચ વિહિતા: પુરા ।।*

❊ **સરળાર્થ:-** બ્રહ્મણ: = સચ્ચિદાનંદ ધન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મની ભક્તિ માટે ૐ તત્ સત્ મંત્રના સ્મરણનો (નિર્દેશ:) આદેશ છે. જે

(ત્રિવિધઃ) ત્રણ પ્રકારે (સ્મરતઃ) સ્મરણ કરવા માટે કહ્યું છે (બ્રાહ્મણાઃ) વિદ્વાન એટલે કે તત્વદર્શી સંત (તેન) તે (વેદાઃ) જ્ઞાનના આધારે ભક્તિ કરતા હતા (ચ) અને (યજ્ઞાઃ) ધાર્મિક યજ્ઞોનું અનુષ્ઠાન (ચ) અને અન્ય ભક્તિ કર્મ (પુરા) સૃષ્ટિની આદિ એટલે કે સૃષ્ટિના પ્રારંભમાં (વિહિતા) કરવામાં આવતા હતા.

શ્રીમદ્ ભગવત ગીતાથી સિદ્ધ થયું કે ગીતા જ્ઞાનદાતાથી અન્ય (બીજા જ) કોઈ પૂર્ણ પરમાત્મા છે જે શ્રી વિષ્ણુજી, શ્રી બ્રહ્માજી તથા શ્રી શિવજીથી પણ અલગ છે. જેના વિષયમાં ગીતા અધ્યાય-15 શ્લોક 1, 4, 17માં તથા ગીતા અધ્યાય-18 શ્લોક-62માં તથા અનેક જગ્યાએ ગીતામાં કહેવામાં આવ્યું છે કે તે પૂર્ણ પરમાત્મા છે. ગીતા અધ્યાય-15 શ્લોક-16માં બે પુરૂષનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. બન્ને નાશવાન બતાવ્યા છે. તેમના અંર્તગત (હસ્તક) જેટલા પ્રાણીઓ છે, તે તમામ પણ નાશવાન છે (1) ક્ષર પુરૂષ છે, એ કેવળ 21 બ્રહ્માંડોનો પ્રભુ છે (2) અક્ષર પુરૂષ જે 7 શંખ બ્રહ્માંડનો પ્રભુ છે. આ બંને જ પૂર્ણ પરમાત્મા નથી (ગીતા અધ્યાય-15 શ્લોક-16)

※ ગીતા અધ્યાય-15 શ્લોક 17માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ઉત્તમઃ પુરૂષઃ તુઃ અન્યઃ એટલે કે પુરૂષોત્તમ તો કોઈ ઉપર જણાવેલ બન્ને પુરૂષો (ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષ)થી અલગ છે જેને (પરમાત્મા ઈતિ ઉદાહતઃ) પરમાત્મા કહેવામાં આવ્યા છે. (યઃ લોકત્રયમ) જે ત્રણેય લોકોમાં (આવિશ્ય વિભર્તિ) પ્રવેશ કરીને ધારણ પોષણ કરે છે (અવ્યયઃ ઈશ્વરઃ) અવિનાશી પરમેશ્વર છે. (ગીતા અધ્યાય-15 શ્લોક-17)

※ પૂર્ણ પરમાત્મા પરમ અક્ષર બ્રહ્મ છે તે સિદ્ધ થયું. તેની ભક્તિનો મંત્ર ૐ, તત્, સત્ છે એ પણ સિદ્ધ થયું. ૐ, તત્, સત્, જે ત્રણ મંત્ર છે, તે ઉપરોક્ત ત્રણેય પ્રભુઓ (ૐ = ક્ષર પુરૂષ એટલે કે ક્ષર બ્રહ્મ - ગીતા જ્ઞાનદાતાનો. તત્ = આ સાંકેતિક છે અને તે અંગે આ જ પુસ્તકમાં અગાઉ વિગત આપવામાં આવી છે, તે વાંચો, આ તત્ નામ જાપ = અક્ષર પુરૂષનો છે. સત્ = એ પણ સાંકેતિક છે. વધુ વિસ્તારથી જાણકારી આ જ પુસ્તકમાં અગાઉના પ્રકરણમાં આપેલ છે જે વાંચો. આ સત્ મંત્ર પરમ અક્ષર બ્રહ્મ)નો છે. શ્રીમદ્ ભગવત ગીતામાં એ ત્રણેય મંત્ર પૂર્ણ મોક્ષ પ્રાપ્તિ માટેના સાંકેતિક મંત્રો છે, જે આજ સુધી (સને 2012 સુધી) કોઈએ સ્પષ્ટ કર્યા નથી. આપજી જે હરિ ઓમ્, તત્, સત્, જાપ કરો છો, તે પણ વ્યર્થ છે કારણ કે આપજીને તત્ તથા સત્ના વાસ્તવિક મંત્રો અંગેનું જ્ઞાન નથી.

**ઉદાહરણઃ-** એક ધનવાન વ્યક્તિએ પોતાના ધનને પોતાના ઘરમાં ખાડો ખોદીને દબાવી દીધું. તે સ્થાન અંગેની જાણકારી ફક્ત તે ધનવાન

વ્યક્તિને જ ખબર હતી. તે ધનવાન વ્યક્તિએ તે સ્થળ અંગે એક વહી (ચોપડા)માં સાંકેતિક ભાષામાં લખી દીધું. તે ધનવાન વ્યક્તિનું અચાનક મૃત્યુ થઈ ગયું. પિતાનો અંતિમ સંસ્કાર કરીને પુત્રોએ તે હિસાબ કિતાબનો ચોપડો ખોલીને જોયો. જે અંગે તેમના પિતા કહેતા હતા કે આ ચોપડામાં ધન ક્યાં છે એ લખ્યું છે. જેને પિતાજી કોઈને પણ દેખાડતા નહતા.

ધનવાન વ્યક્તિના મકાનની આગળ આંગણું હતું, તે આંગણાના એક ખૂણામાં મંદિર બનાવેલ હતું. તે ચોપડામાં લખ્યું હતું કે ચાંદની ચૌદશે રાત્રિના 2 વાગે તમામ ધન મંદિરના ગુંબજમાં દાટી રાખેલ છે. પુત્રોએ મંદિરના ગુંબજને રાત્રિના 2 વાગે તોડીને ધનની શોધખોળ કરી પરંતુ કંઈપણ મળ્યું નહીં. બાળકોને મોટું દુઃખ થયું. એક દિવસ તેમના પિતાનો એક મિત્ર બીજા ગામમાંથી તેમને ત્યાં શોક વ્યક્ત કરવા આવ્યો. બાળકોએ તેમના સમક્ષ પિતાએ ચોપડામાં દર્શાવેલ સ્થળે ધન નહીં મળવા અંગેની વાત કરીને ચિંતા વ્યક્ત કરી. જે સાંભળી તેમના પિતાના મિત્રએ તે ચોપડો મંગાવ્યો. જેમાં ધન સંતાડ્યાની વિગત લખી હતી, જે વ્યાખ્યા વાંચ્યા બાદ તેમણે કહ્યું કે મંદિરના તોડી પાડેલ ગુંબજીનું ફરીથી નિર્માણ કરાવો. જેવો હતો તેવો જ કરાવજો. હું ફરીથી કોઈ દિવસ આવીશ, ત્યારે ધનવાળું સ્થાન બતાવીશ. તે વ્યક્તિ ચાંદની ચૌદશે આવ્યો. રાત્રિના બે વાગે જે સ્થાન પર મંદિરના ગુંબજનો ચંદ્રના પ્રકાશના કારણે પડછાયો પડતો હતો, તે પડછાયાના સ્થાન પર ખોદકામ કરાવ્યું, બધું ધન જેનું વર્ણન ચોપડામાં લખ્યું હતું, તે મળી ગયું. બાળકો ખુશ થઈ ગયા તથા ધનવાન બની ગયા.

આપજી જે હરિ ૐ તત્ સત્નો જાપ કરી રહ્યા છો તે ઉપર જણાવ્યા મુજબ મંદિરનો ગુંબજ ખોદી રહ્યા છો, કંઈ પણ પ્રાપ્ત નહીં થાય. યથાસ્થાન વાસ્તવિક મંત્ર મારી (સંત રામપાલદાસની) પાસે છે. તેમને પ્રાપ્ત કરીને ભક્તિ ધની (ભક્તિના ધનવાન) તથા સુખી થાઓ.

**પ્રશ્નઃ-** રાધાજી ઉત્તરપ્રદેશ રાજયના વૃંદાવન ની પાસે આવેલ બરસાના નામના ગામની રહેવાસી હતી. ત્યાંના વ્યક્તિઓ ''રાધે-રાધે'' નામ જપે છે. સવારે-સવારે અથવા ક્યારેક-ક્યારેક એકબીજાથી મળે છે ત્યારે તે વ્યક્તિને રામ-રામ નથી બોલાવતા પણ રાધે-રાધે બોલે છે. તે કહે છે કાકા રાધે-રાધે અને કાકા પણ વળતા કહે છે કે બેટા રાધે-રાધે. શું તેઓ મૂર્ખ છે ?

**જવાબઃ-** તત્વજ્ઞાનના અભાવે લોકવેદને સત્ય જ્ઞાન માનીને આવા શાસ્ત્ર વિરુદ્ધ મંત્રોના જાપ ચાલી રહ્યા છે. આમ તો આપજીને અગાઉ પણ

સ્પષ્ટ કરી દેવામાં આવ્યું જ છે કે ગીતા અધ્યાય-16 શ્લોક 23-24માંકહ્યું છે કે જે શાસ્ત્ર વિધિને ત્યજીને મનમાન્યું આચરણ કરે છે એટલે કે જે નામ જાપ શાસ્ત્રોમાં નથી, તેવા નામ-જાપ (મંત્રો)નો જાપ કરે છે. તેઓ ન તો સિદ્ધિને પામે છે, ન પરમ ગતિને કે ન સુખને એટલે કે વ્યર્થ જાપ સાધના છે. માટે હે અર્જુન ! તારા માટે આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. જે અંગે હું આપને આગળ બતાવી ચૂકેલ છું. હવે વાત કરીએ એ બાબતે કે કાકા-ભત્રીજા રાધે-રાધે શબ્દનું ઉચ્ચારણ કેમ કરે છે ? શું આપ જાણો છો  કે રાધાજી કોણ હતી ? રાધા ભગવાન શ્રીકૃષ્ણજીની પ્રેમિકા હતી. તે સમયે બરસાના ગામના લોકો રાધાજીને કુલ્ટા, બદચલન, લાજ વગરની વગેરે વગેરે વિશેષણો દ્વારા સંબોધિત કરતા હતા. લોકો કહેતા હતા કે બીજા ગામના રહેવાસી નંદ બાબાના છોકરાને ચોરી-છુપેથી મળવા જાય છે, આને (આવી સ્ત્રીને) પોતાના ઘરે ક્યારેય પ્રવેશ ન આપતા, નહીં તો ઘરની પુત્રીઓ પર ખરાબ પ્રભાવ પડશે. શ્રીમાનજી ! હવે તેજ બરસાના ગામના લોકો રાધાજી માટે પોતે જ (સ્ત્રી પુરૂષ, યુવતીઓ તમામ) એવું કહે છે કે રાધે-રાધે શ્યામ મિલા દે, જે અંગે આપશ્રીએ પણ આપના પ્રશ્નમાં ઉલ્લેખ કરતાં જણાવેલ છે કે આપ આ નામનો પણ જાપ કરો છો. હવે ન તો રાધાજી હયાત છે કે ન કૃષ્ણજી. હવે સન્નિપાતનો તાવ ચઢેલા રોગીની જેમ રાધે રાધે શ્યામ મિલા દે એમ બડબડાટ કરી રહ્યા છે. આ જ સ્થિતિ અન્ય મંત્રોની પણ છે જે તમોએ અગાઉના પ્રશ્નોમાં પણ કહ્યા છે. તેમની સ્થિતિ જાણો. તે મંત્રો પણ શાસ્ત્ર પ્રમાણિત ન હોવાથી વ્યર્થ છે.

હવે આપના એ પ્રશ્નનો ઉત્તર આપું છું કે કાકા પણ કહે છે રાધે-રાધે અને ભત્રીજો પણ કહે છે રાધે-રાધે. તમે પણ જાણોછો કેરાધાજી શ્રીકૃષ્ણજીની પ્રેમિકા હતી. તમે એ પણ જાણો છો કે જ્યારે રૂકમણીજીને શ્રીકૃષ્ણજી ભગાડીને રથમાં બેસાડી રહ્યા હતા ત્યારે રૂકમણીજીનો ભાઈ પોતાની બહેનને બચાવવા-છોડાવવા માટે ઘોડા પર સવાર થઈ તેમની પાછળ દોડ્યો હતો. શ્રીકૃષ્ણજીએ પહેલાં તો તેની ધોલાઈ (માર-ઝૂડ) કરી, ત્યારબાદ રથની પાછળ બાંધીને તેને ઘસેડ્યો હતો. રૂક્મણીજી પણ શ્રીકૃષ્ણજીની પ્રેમિકા હતી. તે બંને (ના પ્રેમ) વચ્ચે રૂકમણીનો ભાઈ નડતર રૂપ થતા તેની કેવી દશા કરવામાં આવી હતી. શ્રી કૃષ્ણજીએ રૂકમણીજીની પ્રાર્થનાને માન આપી રૂકમણીના ભાઈને જીવતદાન આપ્યું. અગર આજે ભગવાન કૃષ્ણ વર્તમાન સમયમાં હાજર હોત અને રાધા પણ હયાત હોત અને બરસાનાવાળા કાકા-ભત્રીજા એકબીજા સામે આવો શબ્દ બોલતા કે ‘રાધે-રાધે’ તો શું શ્રીકૃષ્ણજી

તે પસંદ કરતા ? ક્યારેય નહીં, કાકા ભત્રીજા બંનેને પકડીને રથની સાથે બાંધીને ઘસેડતા. અગર તમે કોઈની પ્રેમિકાનું નામ લઈને બકવાસ કરશો (બોલશો) તો પ્રેમી ઉપર શું વીતશે? અગર તે પ્રેમી તાકતવર હશે તો મોઢું ફોડી નાંખશે. કમજોર હશે તો રડશે, આત્મ ગ્લાનિ અનુભવશે. શું આવી પરિસ્થિતિમાં તે (પ્રેમી) પ્રસન્ન થશે ? જરાય નહીં. એટલા માટે આ નામ (રાધે-રાધે) જે શાસ્ત્ર પ્રમાણિત નથી, તેનો જાપ વ્યર્થ છે. શાસ્ત્ર પ્રમાણિત નામ મારી પાસે છે. આવો અને પોતાનું કલ્યાણ કરાવો.

**પ્રશ્નઃ-** આપે (પૂર્ણ ગુરૂની શી ઓળખ છે ?) પ્રશ્નના ઉત્તરમાં એક જગ્યાએ એમ લખ્યું છે કે પ્રમાણિત થયું કે ૐ (ઓમ્) નામનો જાપ શાસ્ત્ર પ્રમાણિત છે. તેમજ (કાળ બ્રહ્મની પૂજા કરવી જોઈએ કે નહીં ?) ના ઉત્તરમાં ૐ નામનો જાપ કરવાવાળા ઘણા બધા ઋષિઓની પૂજાને શાસ્ત્રવિધિ ત્યજીને મનસ્વી (મનમાન્યું) આચરણ કહ્યું છે.

**જવાબઃ-** તે ઋષિઓ જે ઓમ (ૐ) નામના જાપની સાથે હઠ કરીને ઘોર તપ પણ કરતા હતા. જેના કારણે તેમની સાધનાને શાસ્ત્ર વિરુદ્ધ કહી છે. ઓમ (ૐ) નામનો જાપ શાસ્ત્ર પ્રમાણિત તો છે, પરંતુ મોક્ષદાયક નથી જેનાથી અનુત્તમ (અશ્રેષ્ઠ) ગતિ પ્રાપ્ત થાય છે. એટલા માટે તે ઋષિઓની પૂજા વિધિ શાસ્ત્ર વિરુદ્ધ છે. વેદ તથા ગીતામાં તે પૂર્ણ પરમાત્માની ભક્તિ કરવાનું કહ્યું છે, તેની ભક્તિ ન કરીને મનમાની (મનમરજીવાળી) પૂજા કરી જે શાસ્ત્ર વિરુદ્ધ છે.

**પ્રશ્નઃ-** મહર્ષિ વાલ્મીકિજી તો સતયુગમાં થયા હતા, તેઓ પણ રામ-રામનો જાપ કરતા હતા. શું તો આ મંત્ર પણ શાસ્ત્ર પ્રમાણિત નથી ?

**જવાબઃ-** અગાઉ જણાવ્યા મુજબ ગીતા અધ્યાય-4 શ્લોક 1-2 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે આ જ્ઞાન મેં સૂર્યને સંભળાવ્યું હતું, પછી સૂર્યએ તેના પુત્ર મનુજીને સંભળાવ્યું. પછી કેટલાંક રાજ ઋષિઓને આ જ્ઞાન પ્રાપ્ત થયું. સતયુગના પ્રારંભમાં જ આ તમામ સૂર્ય, મનુ તથા રાજ ઋષિઓ થઈ ગયા. (તેમના ગયા બાદ) / તેમના પછી આ જ્ઞાન નષ્ટ થઈ ગયું હતું. મહર્ષિ વાલ્મીકિજીને સપ્ત ઋષિ મળ્યા હતા. જેમણે તપસ્યા કરીને સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેમણે તે જ હઠયોગ કરીને તપ કરવાની વિધિ મહર્ષિ વાલ્મીકિજીને બતાવી દીધી.જે હઠયોગ તપને મહર્ષિ વાલ્મીકિજીએ તન-મનથી શ્રદ્ધાપૂર્વક કર્યું. થોડાક સમય બાદ શરીરના ઉપરના ભાગ (માથા)માંથી રામ-રામનો અવાજ સંભળાયો હતો. તે હતો ‘‘રામ-રામ’’. તે જ શબ્દનું ઉચ્ચારણ મહર્ષિ વાલ્મીકિજી તપસ્યા દરમ્યાન કરવા લાગ્યા. સાંભળવાવાળાને એવું લાગે છે જાણે કે આ મરા-મરા બોલી રહ્યા છે. વાસ્તવ (હકીકત)માં રામ-રામનું

જ ઉચ્ચારણ કરતા હતા. તેમને તપસ્યાનું પરિણામ મળ્યું, તેમનામાં સિદ્ધિઓ પ્રવેશ કરી ગઈ. તેમની દિવ્ય દૃષ્ટિ ખુલી ગઈ. જેના ફળ સ્વરૂપે તેમણે શ્રી રામચંદ્રજીના જન્મના હજારો વર્ષ અગાઉ જ રામાયણ એટલે કે શ્રી રામચંદ્રજીના જન્મથી લઈને તેમના સમગ્ર જીવનની તમામ ઘટનાઓ લખી દીધી હતી, ગ્રંથનું નામ છે – ''વાલ્મીકિ રામાયણ'' જે સંસ્કૃત ભાષામાં લખવામાં આવી હતી. રામ-રામના જાપથી કોઈ આધ્યાત્મિક લાભ થતો નથી પરંતુ પરમાત્માનો બોધક શબ્દ હોવાના કારણે તે ઉચ્ચારણ કરવાથી પરમાત્માની ભૂલ નથી પડતી. એટલા માટે રામ-રામ નામના ઉચ્ચારણનોરિવાજ હિન્દુ ધર્મમાં પ્રાચીન કાળથી છે.જેમ કે સ્વામી રામાનંદજી રામ-રામ શબ્દથી સંબોધિત કરતા હતા. તેમના શિષ્યો પણ એકબીજાને રામ-રામ કહીને સંબોધિત કરતા હતા, પરંતુ જાપ મંત્ર ''ૐ'' હતો. આ જ પ્રમાણે અમે કબીરપંથી ''સત સાહેબ'' સંબોધન કરીને બોલાવીએ છીએ, પણ અમારો જાપ મંત્ર તો જુદો (બીજો) જ છે. તે જ ભક્તિથી ભગવાન સુધી પહોંચી શકાય છે. સૂક્ષ્મ વેદમાં કહ્યું છે :-

*સતગુરૂ મિલે તો ઈચ્છા મેટૈ, પદ મિલ પદૈ સમાના ।*
*ચલ હંસા ઉસ લોક પઠાઊં, જો અજર અમર અસ્થાના ।।*
*ચાર મુક્તિ જહાં ચમ્પી કરતી, માયા હો રહી દાસી ।*
*દાસ ગરીબ અભય પદ પરસૈ, મિલૈ રામ અવિનાશી ।।*

## ✪ ભગવદ્ ગીતા અનુસાર ''ભક્તિ કયા પ્રભુની કરવી જોઈએ ?''

આ સંદર્ભમાં સૂક્ષ્મ વેદમાં કહ્યું છે કેઃ-

*''ભજન કરો ઉસ રબ કા, જો દાતા હૈ કુલ સબ કા''*

શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય-15 શ્લોક 1 થી 4 તથા 16-17 માં કહ્યું છે કે આ સંસાર એવો છે જેમ કે પીપળ (પીપળા)નું વૃક્ષ છે. જે સંત આ સંસારરૂપી પીપળાના વૃક્ષના મૂળ (મૂળીયાઓ)થી લઈને ત્રણેય ગુણોરૂપી શાખાઓ સુધી બધા જ ભગવાનોને અલગ અલગ બતાવી દે છે. (સઃ વેદ વિત્)તે વેદના તાત્પર્યને (ભાવને/અર્થને/ગૂઢ રહસ્યને) જાણવાવાળા છે એટલે કે તે તત્વદર્શી સંત છે.

પોતાના દ્વારા રચવામાં આવેલ સૃષ્ટિનું જ્ઞાન વાસ્તવિક આધ્યાત્મ જ્ઞાન પરમાત્મા સ્વયં પૃથ્વી પર પ્રગટ થઈને પોતાના મુખ-કમળથી બોલીને સંભળાવે છે. પ્રમાણ માટે નીચે જણાવેલ વેદ મંત્રો વાંચો. આ મંત્રોની ઝેરોક્ષ નકલ ''ગીતા તારું જ્ઞાન અમૃત'' નામના પુસ્તકમાં પણ આપ વાંચી શકો છો. જેનો અનુવાદ આર્ય સમાજના પ્રવર્તક મહર્ષિ દયાનંદ તથા તેના

અનુયાયીઓ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં થયેલ ભૂલો લેખક (સંત રામપાલદાસ) એ દૂર કરી/શુદ્ધ કરી છે.

ઋગ્વેદ મંડળ નંબર 9 સૂક્ત 86 મંત્ર 26-27, ઋગ્વેદ મંડળ નં. 9 સૂક્ત 82, મંત્ર 1-2, ઋગ્વેદ મંડલ નં. 9, સૂક્ત 96 મંત્ર 16 થી 20, ઋગ્વેદ મં.નં. 9 સૂક્ત 94 મંત્ર 1, ઋગ્વેદ મં.નં. 9 સૂક્ત 95 મંત્ર 2, ઋગ્વેદ મં.નં. 9 સૂક્ત 54 મંત્ર 3, ઋગ્વેદ મં.નં. 9 સૂ. 20 મંત્ર 1 માં પ્રમાણ છે કે જે સર્વ બ્રહ્માંડોની રચના કરવાવાળા છે, સર્વના પાલનહાર પરમેશ્વર છે. તે સર્વ ભુવનોથી પણ ઉપરના લોકમાં બેઠા છે. (ઋગ્વેદ મં.નં. 9 સૂ-54 મંત્ર 3) તે પરમાત્મા ત્યાંથી ગતિ કરીને એટલે કે સહશરીર ચાલીને અહીં પૃથ્વી પર આવે છે, ભક્તોના સંકટોનો નાશ કરે છે. તેનું નામ કવિર્દેવ એટલે કે કબીર પરમેશ્વર છે. અહીં આગળ (પૃથ્વી લોક પર) સારી આત્માઓને મળે છે, તેમને પોતાના મુખ કમળથી બોલીને તત્વજ્ઞાન સંભળાવે છે. તે પરમાત્મા ઉપરના લોકમાં બેઠેલા છે (ઋગ્વેદ મં.નં.9 સૂ.86 મંત્ર 26-27,સૂક્ત 82 મંત્ર 1-2 તથા મં.નં. 9 સૂ.20 મંત્ર 1)

પરમાત્મા પૃથ્વી ઉપર કવિઓની જેમ આચરણ કરતા રહીને, વિચરણ કરે છે. (ઋગ્વેદ મ.નં. 9, સૂ. 94 મંત્ર-1)

પરમાત્મા પોતાના મુખથી વાણી બોલીને સાધકોને ભક્તિ કરવાની પ્રેરણા કરે છે. પરમાત્મા ભક્તિના ગુપ્ત મંત્રોનો આવિષ્કાર કરે છે (ઋગ્વેદ મં.નં. 9, સૂ. 95 મંત્ર 2)

પરમાત્મા તત્વજ્ઞાનને કર્વિવાણી (કબીર વાણી) દ્વારા લોકોક્તિઓ, દોહા, ચોપાઈઓ દ્વારા બોલીને સંભળાવે છે. તે કવિર્દેવ (કબીર પરમેશ્વર) છે, જે સંત રૂપમાં પ્રગટ થાય છે. તે પરમેશ્વર દ્વારા ઋષિ અથવા સંતો દ્વારા રચવામાં આવેલ અસંખ્ય વાણીઓ જે તત્વજ્ઞાન છે, તે તેના અનુયાયીઓ માટે અમૃત તુલ્ય (અમૃત સમાન) આનંદદાયક હોય છે.

તે પરમેશ્વર પ્રસિદ્ધ કવિઓ પૈકીમાંના એક પ્રસિદ્ધ કવિની પદવી પ્રાપ્ત કરે છે. તેમને બધા કવિ કહે છે, પરંતુ તે પરમાત્મા હોય છે. તે પરમાત્મા ત્રીજા મુક્તિધામ (સત્યલોક)માં વિરાજમાન છે. જેવી રીતે મનુષ્ય અન્ય વસ્ત્ર ધારણ કરે છે એવી જ રીતે તે પરમાત્મા અલગ અલગ રૂપમાં પૃથ્વી પર પ્રગટ થાય છે. ઉપરોક્ત ઋગ્વેદના મંત્રોથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા પોતાના અમરધામથી ચાલીને પૃથ્વી પર પ્રગટ થાય છે તે સારી આત્માઓને મળે છે. તે તત્વદર્શી સંતની ભૂમિકાકરીને દોહા, ચોપાઈઓ, શબ્દો વડે તત્વજ્ઞાન બોલે છે. તે પરમેશ્વરે સને 1398 થી 1518 સુધી 120 વર્ષ પૃથ્વી પર ભારત

**વર્ષની પાવન ધરતી પર કાશી શહેરમાં જુલાહા (ધાણક) ના રૂપમાં રહીને તત્વજ્ઞાન બતાવ્યું (કહ્યું) હતું.**

***કબીર, અક્ષર પુરૂષ એક પેડ હૈ, ક્ષર પુરૂષ વાકી ડાર ।***
***તીનોં દેવા શાખા હૈં, પાત રૂપ સંસાર ॥***

**વિશેષઃ-** કબીર વાણી પુસ્તકમાં એક વાણી આવી રીતે પણ લખી છે.

*કબીર, અક્ષર પુરૂષ વૃક્ષ કા તના હૈ, ક્ષર પુરૂષ હૈ ડાર ।*
*ત્રયદેવ શાખા ભએ, પાત જાનોં સંસાર ॥*

**❊ સરળાર્થઃ- વૃક્ષનો જે ભાગ પૃથ્વીની બહાર દેખાય છે. તેની જાણકારી બતાવી છે કે વૃક્ષનું જે થડ હોય છે, તેને તો ''અક્ષર પુરૂષ'' જાણો. થડની ઉપર કેટલાંયે જાડાં ડાળાં નીકળે છે. તેમાંથી એક ડાળાને ''ક્ષર પુરૂષ'' જાણો. પછી તે ડાળામાંથી માની લો કે ત્રણ શાખાઓ નીકળી છે. તે ત્રણેય શાખાઓને ત્રણે દેવતાઃ- (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી તથા તમોગુણ શિવજી) જાણો અને તે શાખાઓ ઉપર ઉગેલ પાંદડાઓને જીવ-જંતુ જાણો.**

**પરમેશ્વર કબીરજીએ તત્વજ્ઞાનમાં બધું જ જ્ઞાન બતાવ્યું છે. ગીતા અધ્યાય-4 શ્લોક-32માં પણ કહ્યું છે કે યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોની જાણકારી (બ્રહ્મણઃ મુખે) સચ્ચિદાનંદ ઘન બ્રહ્મ એટલે કે પરમ અક્ષર બ્રહ્મ એ પોતાના મુખ કમળ દ્વારા બોલી, વાણીમાં વિસ્તારપૂર્વક કહી છે તે તત્વજ્ઞાન છે.**

**ગીતા અધ્યાય-4 શ્લોક 34માં કહ્યું છે કે જે તત્વજ્ઞાન પરમાત્મા સ્વયં બતાવે છે. તે જ્ઞાનને તેમના કૃપાપાત્ર સંત જ સમજી શકે છે. તે તત્વજ્ઞાનને તું તત્વદર્શી સંતોની પાસે જઈને સમજ. તેમને દંડવત પ્રણામ (પૃથ્વી પર પેટના ભાગે લાબાં પડીને કરવામાં આવતા પ્રણામ) કરીને, નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે તત્વદર્શી સંત તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.**

**પરમેશ્વરે આ તત્વજ્ઞાન સ્વયં પૃથ્વી પર પ્રગટ થઈને બતાવ્યું હતું. ગીતા અધ્યાય-15 શ્લોક-1 માં તત્વદર્શી સંતની ઓળખ બતાવી છે કે જે સંત સંસારરૂપી વૃક્ષને મૂળથી લઈને સર્વ અંગો (ભાગો)ને જાણે છે, તે તત્વદર્શી સંત છે.**

**❊ હવે જાણીએ સંસારરૂપી વૃક્ષના તમામ ભાગની માહિતીઃ-**

**(1) મૂળ (જડ):- એ પરમ અક્ષર બ્રહ્મ છે જે બધાનો માલિક છે. જે બધાની ઉત્પત્તિ કરે છે. બધાનું ધારણ-પોષણ કરવાવાળા છે, જેની જાણકારી ગીતા અધ્યાય-8 શ્લોક-1 ના પ્રશ્નનો ઉત્તર ગીતા અધ્યાય-8ના જ શ્લોક 3, 8, 9, 10 તથા 20, 21, 22 માં આપ્યો છે. તેનું જ વર્ણન ગીતા અધ્યાય-15 શ્લોક 17માં છે. જેમ કે ગીતા અધ્યાય-15 શ્લોક 16 માં બે પુરૂષ બતાવ્યા છે :- એક ''ક્ષર પુરૂષ'' બીજો ''અક્ષર પુરૂષ''. આ**

બંને તથા તેમના હસ્તક (હાથ નીચે) જેટલા શરીરધારી પ્રાણીઓ છે, તે તમામ નાશવાન છે. જીવ આત્મા તો કોઈનોયે નથી મરતો.

ગીતા અધ્યાય-15ના જ શ્લોક-17માં કહ્યું છે કે(ઉત્તમ પુરૂષઃ) એટલે કે પુરૂષોત્તમ તો (અન્યઃ) અન્ય જ છે જેને (પરમાત્મા ઈતિ ઉદાહૃતઃ) પરમાત્મા કહેવામાં આવે છે. (યઃ લોક ત્રયમ્) જે ત્રણેય લોકોમાં (આવિશ્ય વિભર્તી) પ્રવેશ કરીને બધાનું ધારણ પોષણ કરે છે (અવ્યયઃ ઈશ્વરઃ) અવિનાશી પરમેશ્વર છે, આ પરમ અક્ષર બ્રહ્મ સંસારરૂપી વૃક્ષનું મૂળ (મૂળીયા) રૂપી પરમેશ્વર છે. આ તે પરમાત્મા છે જેના વિષયમાં સંત ગરીબદાસજીએ કહ્યું છે :-

*‘‘ભજન કરો ઉસ રબ કા, જો દાતા હૈ કુલ સબ કા’’*

આ અસંખ્ય બ્રહ્માંડોના માલિક છે. આ પોતે ક્ષર પુરૂષ તથા અક્ષર પુરૂષના પણ કર્તા - માલિક તથા ઉત્પત્તિ કરનાર છે.


**(2) અક્ષર પુરૂષઃ-** આ સંસારરૂપી વૃક્ષનું થડ જાણો જે 7 શંખ બ્રહ્માંડોનો માલિક છે, નાશવાન છે.

**(3) ક્ષર પુરૂષઃ-** આ ગીતા જ્ઞાનદાતા છે, આને ‘‘ક્ષર બ્રહ્મ’’ પણ કહે છે. આ કેવળ (ફક્ત) 21 બ્રહ્માંડોનો માલિક છે, નાશવાન છે.

**(4) ત્રણેય દેવતાઃ-** (રજોગુણ બ્રહ્મા, સતોગુણ વિષ્ણુ તથા તમોગુણ શિવ) ત્રણેય શાખાઓ :- એ એક બ્રહ્માંડમાં બનેલ ત્રણેય લોકો (પૃથ્વી લોક, પાતાળ લોક તથા સ્વર્ગ લોક)માં એક-એક વિભાગના મંત્રી છે, માલિક છે.

જેમ કે - રજોગુણ વિભાગના માલિક શ્રી બ્રહ્માજી છે, જેના પ્રભાવથી તમામ પ્રાણીઓ સંતાન ઉત્પત્તિ કરે છે. સતોગુણ વિભાગના માલિક શ્રી વિષ્ણુજી છે, જેના પ્રભાવથી પ્રાણીઓની એકબીજામાં મમતા (મોહ) બની રહે છે, કર્માનુસાર બધાને તેમના કરેલા કર્મોનું ફળ આપે છે. તમોગુણ વિભાગના માલિક શ્રી શંકરજી છે, જેના કારણે સર્વનો અંત થાય છે. પાત રૂપ એટલે કે પાંદડાઓને સંસારના પ્રાણી જાણો. આ છે બધા અંગો (ભાગો)ની અલગ-અલગ વિસ્તારપૂર્વકની જાણકારી. આ જ્ઞાન સ્વયં પરમેશ્વર કબીરજીએ પોતાના મુખ કમળથી બોલ્યું હતું. તે કબીર વાણી, કબીર બીજક, કબીર શબ્દાવલિ તથા કબીર સાગરમાં શ્રી ધની ધર્મદાસ (બાંધવગઢ વાળા) દ્વારા લખવામાં આવ્યું હતું. તે પરમેશ્વરે તો બતાવ્યું જ હતું અથવા વર્તમાનમાં (હાલમાં) આ દાસ (સંત રામપાલદાસ) એ સમજ્યું (જાણ્યું) છે. પરમેશ્વર કબીરજીની કૃપાથી જ આ સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન મને પ્રાપ્ત થયેલ છે.

ગીતા અધ્યાય-15 શ્લોક-1 અનુસાર તત્વદર્શી સંતની ઓળખથી




**ઉપર મૂળ નીચે શાખાવાળું ઊંધું લટકેલું સંસારરૂપી વૃક્ષનું ચિત્ર**

પણ સાબિત થાય છે કે આ દાસ (સંત રામપાલદાસ) તે તત્વદર્શી સંત છે.

ગીતા અધ્યાય-15 શ્લોક 1 થી 4 તથા 16 થી 17 નું સારાંશરૂપી ચિત્ર.

ફરીથી પ્રસંગ પર પાછા આવીએ છીએ કે *'ભજન કરો ઉસ રબ કા, જો દાતા હૈ કુલ સબ કા".*

અત્યાર સુધી તો આજ બતાવ્યું છે કે ભક્તિ કરવી જોઈએ પરંતુ હવે આ સ્પષ્ટ કરીએ છીએ કે ભક્તિ કોની કરવી ? 1. શ્રી બ્રહ્માજી રજોગુણ યુક્તની અથવા 2. શ્રી વિષ્ણુજી સતોગુણ યુક્તની અથવા 3. તમોગુણ શ્રી શિવજીરૂપી ત્રણેય શાખાઓની અથવા પછી 4. ક્ષર પુરૂષ ગીતા જ્ઞાનદાતા -ડાળાની અથવા 5. અક્ષર પુરૂષ - થડની અથવા 6. પરમ અક્ષર પુરૂષ = મૂળની.

**ઉદાહરણઃ-** અગર આપણે નર્સરીથી કોઈ આંબાનો છોડ લઈ આવીએ અને તે છોડને પોતાના ખેતરમાં અથવા ઘરના આંગણામાં રોપીએ તો કેવી રીતે રોપીએ છીએ ?

જમીનમાં ખાડો ખોદીએ છીએ, છોડના મૂળને ખાડામાં મૂકી માટીથી ઢાંકી દઈએ છીએ. પછી છોડના મૂળમાં પાણી નાંખી તેની સિંચાઈ કરીએ છીએ, ખાતર નાખીએ છીએ એટલે કે છોડના મૂળની પૂજા કરીએ છીએ. મૂળીયાઓથી આહાર (ખોરાક) થડમાં પ્રવેશે છે, થડ પોતાનો જરૂર પૂરતો આહાર રાખીને બચી ગયેલ આહારને આગળ મોકલી દે છે. ડાળું પોતાના માટે જરૂર પૂરતો આહાર રાખીને વધેલો આહાર શાખાઓમાં મોકલી દે છે. આજ પ્રમાણે શાખાઓ વધુલું ભોજન પાંદડાઓ સુધી મોકલે છે. આ પ્રમાણે તે નાનકડો છોડ ઝાડ બનીને ફળ આપે છે.


વાચકજન વધારે બુદ્ધિમાન છે. સમજી ગયા હશે કે આપણે કયા પરમાત્માની પૂજા કરવી જોઈએ ?


સૂક્ષ્મવેદમાં પરમેશ્વર કબીરજીએ બતાવ્યું છે કેઃ-

*કબીર એકૈ સાધૈ સબ સધૈ, સબ સાધૈ સબ જાય ।*
*માલી સીંચૈ મૂલ કૂં, ફૂલૈ ફલૈ અધાય ।।*

એક મૂળ માલિકની પૂજા કરવાથી સર્વ દેવતાઓની પૂજા થઈ જાય છે જે શાસ્ત્રાનુકૂળ છે. જે ત્રણેય દેવતાઓમાંથી એક અથવા બે (શ્રી વિષ્ણુ - સતો ગુણ તથા શ્રી શંકરજી - તમોગુણ) ની પૂજા કરે છે અથવા ત્રણેયની પૂજા ઈષ્ટ રૂપમાં કરે છે તો તે પૂજા ગીતા અધ્યાય-13 શ્લોક 10માં વર્ણિત અવ્યભિચારિણી ભક્તિ નહિ હોવાથી તે વ્યર્થ છે. જેમ કે કોઈ સ્ત્રી પોતાના પતિ સિવાય કોઈ અન્ય પુરૂષ સાથે શારીરિક સંબંધ નથી બાંધતી તો તે સ્ત્રી અવ્યભિચારિણી સ્ત્રી છે. જ્યારે એવી સ્ત્રી કે જે કેટલાય પુરૂષો સાથે શારીરિક સંબંધ ધરાવે છે તે વ્યભિચારિણી હોવાથી સમાજમાં નિંદનીય ગણાય છે. તે પતિના હૃદયમાંથી ઉતરી જાય છે.

શાસ્ત્રાનુકૂળ સાધના એટલે કે સીધા રોપેલા ભક્તિરૂપી છોડનું ચિત્ર


બ્રહ્મા
શિવ
ગીતા અધ્યાય નં. ૧૫
વિષ્ણુ
શ્લોક નં. ૧ થી ૪ તથા
શ્લોક નં. ૧૬ તથા ૧૭
નો આશય
ડાર બ્રહ્મ
(ક્ષર પુરૂષ)
કબીર - અક્ષર પુરૂષ એક પેડ હૈ,
નિરંજન વાકી ડાળ ।
તીનોં દેવા શાખા હૈં,
પાતરૂપ સંસાર ॥
થડ
(અક્ષર પુરૂષ પરબ્રહ્મ)
કબીર સાહેબ
(મુખ્ય મૂળ)
શાસ્ત્ર અનુકૂળ સાધના
અર્થાત સીધો રોપેલો ભક્તિરૂપી છોડ


ગીતા અધ્યાય નં. ૧૫
શ્લોક નં. ૧ થી ૪ તથા
શ્લોક નં. ૧૬ તથા ૧૭
નો આશય
પૂર્ણ બ્રહ્મ કબીર સાહેબ
મુખ્ય મૂળ
કબીર - અક્ષર પુરૂષ એક પેડ હૈ,
નિરંજન વાકી ડાળ ।
તીનોં દેવા શાખા હૈં,
પાતરૂપ સંસાર ॥
થડ
(અક્ષર પુરૂષ પરબ્રહ્મ)
ડાર બ્રહ્મ
(ક્ષર પુરૂષ)
વિષ્ણુ (શાખા)
બ્રહ્મા
શિવ
શાસ્ત્ર વિરુદ્ધ સાધના
અર્થાત ઊંધો રોપેલો ભક્તિરૂપી છોડ

આ જ પુસ્તકના પાના નં. 277 પર તથા શાસ્ત્ર વિરુદ્ધ સાધના એટલે કે ઊંધો રોપેલો ભક્તિરૂપી છોડ જે પાના નંબર 278 ઉપર જુઓ.

ઉપરોક્ત પ્રમાણોથી સ્પષ્ટ થયું કે એક મૂળ માલિકની ભક્તિ કરવાથી સાધકનું આત્મ કલ્યાણ સંભવ છે.

**અન્ય પ્રમાણઃ-** ગીતા અધ્યાય-3 શ્લોક 10 થી 15માં આ જ ઉપરોક્ત ભક્તિ અંગે સમર્થન કર્યું છે.

❊ ગીતા અધ્યાય-3 શ્લોક 10 = પ્રજાપતિએ એટલે કે કુલના માલિકે સૃષ્ટિની શરૂઆતમાં યજ્ઞ સહિત એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોના જ્ઞાન સહિત પ્રજાઓને ઉત્પન્ન કરીને આદેશ આપ્યો હતો કે તમે સૌ ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા વૃદ્ધિને પ્રાપ્ત થાઓ. આ યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન તમને લોકોને ઈચ્છારૂપી ભોગ પ્રદાન કરવાવાળા છે. (ગીતા અધ્યાય-3 શ્લોક 10)

❊ આ શાસ્ત્રનુકૂળ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા દેવતાઓ (સંસારરૂપી વૃક્ષની શાખાઓ)ને ઉન્નત કરો એટલે કે પૂર્ણ પરમાત્મા (મૂળ માલિક)ને ઈષ્ટ માનીને સાધના કરવાથી શાખાઓ પોતાની જાતે જ ઉન્નત થઈ જાય છે (વિકાસ પામે છે) જેમ કે અગાઉ સ્પષ્ટ થઇ ચૂક્યું છે. પછી તે દેવતા (શાખાઓ મોટી થઈને ફળ આપશે) તમને લોકોને ઉન્નત કરશે એટલે કે જયારે આપણે શાસ્ત્રાનુકૂળ સાધના કરીશું તો આપણાં ભક્તિ કર્મ બનશે. કર્મોનું ફળ આ ત્રણેય દેવતાઓ (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીરૂપી શાખાઓ જ) આપેછે. આ પ્રમાણે એકબીજાને ઉન્નત કરતા રહીને તમારું કલ્યાણ થશે તથા આનાથી બીજા પરમાત્માને પ્રાપ્ત થઈ જશો.(આ જ્ઞાન ગીતા જ્ઞાનદાતા બતાવી રહ્યા છે) (ગીતા અધ્યાય-3 શ્લોક-11)

❊ શાસ્ત્રાનુકૂળ કરેલ યજ્ઞો એટલે કે અનુષ્ઠાનો દ્વારા વિકસાવવામાં આવેલ દેવતા એટલે કે સંસારરૂપી વૃક્ષની ડાળખીઓ (શાખાઓ) તમને લોકોને માંગ્યા વગર જ ઈચ્છિત ભોગ નક્કી જ આપતા રહેશે. જેમ કે છોડના મૂળની સિંચાઈ કરવાથી છોડ વૃક્ષ બની જાય છે તથા ડાળખીઓ (શાખાઓ) ફળોથી લથપથ થઈ જાય છે. પછી તે વૃક્ષની શાખાઓ આપમેળે જ દર વર્ષે ફળ આપતી રહેશે એટલે કે આપજીનું કરેલું શાસ્ત્રાનુકૂળ ભક્તિ કર્મનું ફળ જે સંચિત થઈ જાય છે, તેને આ જ દેવતાઓ આપતા રહેશે, તમે માંગો કે ન માંગો. અગર તે દેવતાઓ દ્વારા આપવામાં આવેલ આપના કર્મ સંસ્કારનું ધન ફરીથી ધર્મમાં નથી લગાવ્યું તો તે સાધક ભક્તિનો ચોર છે. તે ભવિષ્યમાં પુણ્ય રહિત થઈને નુકસાન ઉઠાવે છે (ગીતા અધ્યાય-3 શ્લોક 12)

❋ યજ્ઞમાં બચી ગયેલ અન્નને ખાવાવાળા સંતજન બધા જ પાપોથી મુક્ત થઈ જાય છે. ભાવાર્થ છે કે તત્વદર્શી સંત સૌ પ્રથમ પરમ અક્ષર બ્રહ્મને ભોગ લગાવીને પછી બચી ગયેલ ભોજનને સર્વ ભક્તોમાં વિતરિત કરે છે. સત્ય સાધનાની આ ઓળખ છે તેમજ તે સંત તમામ ભક્તિ મંત્રો પણ શાસ્ત્ર અનુકૂળ જ આપે છે. જેના કારણે સાધક સર્વ પાપોથી મુક્ત થઈને સત્યલોકમાં ચાલ્યો જાય છે અને જે પાપી લોકો શાસ્ત્રવિધિ અનુસાર ધાર્મિક ક્રિયાઓ નથી કરતા અથવા ધર્મ નથી કરતા, ફક્ત પોતાના શરીરના પોષણ માટે અન્ન પકાવે (ભોજન) બનાવે છે એ તો પાપને જ ખાય છે (ગીતા અધ્યાય-3 શ્લોક-13)

❋ સંપૂર્ણ પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે એટલે કે અન્ન ખાવાથી શરીરમાં સંતાન ઉત્પત્તિનો પદાર્થ બને છે જેનાથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે. અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે. વરસાદ શાસ્ત્રવિધિ અનુસાર કરવામાં આવેલ યજ્ઞ અથવા ધાર્મિક અનુષ્ઠાનથી થાય છે. યજ્ઞ એટલે કે ધાર્મિક અનુષ્ઠાન શાસ્ત્રોમાં વર્ણિત વિધિ અનુસાર કરવામાં આવે છે. કર્મને બ્રહ્મ એટલે ક્ષર પુરૂષથી ઉત્પન્ન થયેલા જાણ. કારણ કે આપણે બ્રહ્મ (કાળ)ના લોકમાં આવ્યા છીએ તો આપણને કર્મ કરીને જ બધું પ્રાપ્ત થાય છે. જ્યારે આપણે સતલોકમાં હતા, ત્યારે ત્યાં કર્મ કર્યા વગર જ બધું મળતું હતું. એટલા માટે કહ્યું છે કે કર્મને બ્રહ્મ (કાળ)થી ઉત્પન્ન થયેલા જાણ તથા બ્રહ્મ (કાળ)ની ઉત્પત્તિ અવિનાશી પરમાત્માથી થઈ. (જે અંગેનું વર્ણન ગીતા અધ્યાય-15 શ્લોક 17માં છે તથા સૃષ્ટિ રચના અધ્યાયમાં વાંચો) આનાથી સિદ્ધ થાય છે કે (સર્વગતમ્ બ્રહ્મ) સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા એટલે કે પરમ અક્ષર બ્રહ્મ સદા (કાયમ) જ યજ્ઞોમાં એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોમાં (પ્રતિષ્ઠિતમ્) પ્રતિષ્ઠિત છે એટલે કે તમામ ધાર્મિક ક્રિયાઓમાં પરમ અક્ષર બ્રહ્મ ઈષ્ટરૂપમાં પૂજ્ય છે (ગીતા અધ્યાય-3 શ્લોક 14-15)

પરમ અક્ષર બ્રહ્મ ગીતા જ્ઞાનદાતાથી કોઈ અન્ય (જુદો) છે.

ગીતા જ્ઞાનદાતાએ સ્વયં ગીતા અધ્યાય-18 શ્લોક-62માં કહ્યું છે કે હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મની શરણમાં જા, તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત સ્થાન એટલે કે સનાતન પરમ ધામને પ્રાપ્ત થઈશ.

❋ ગીતા અધ્યાય-15 શ્લોક-4માં ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું છે કે તત્વદર્શી સંત મળી ગયા પછી તત્વજ્ઞાનરૂપી શસ્ત્ર દ્વારા અજ્ઞાનને કાપીને (દૂર કરીને) પરમેશ્વરના તે પરમપદની શોધ કરવી જોઈએ. જ્યાં ગયા પછી

સાધક ફરીથી પાછા વળીને ક્યારેય આ સંસારમાં જન્મ નથી લેતા એટલે કે તેમને સનાતન પરમધામ પ્રાપ્ત થઈ જાય છે, જ્યાં પરમ શાંતિ છે, કોઈ કષ્ટ (દુ:ખ) નથી, ત્યાં મૃત્યુ નથી, ત્યાં વૃદ્ધાવસ્થા નથી થતી, કોઈ પદાર્થનો અભાવ નથી. જે પરમેશ્વર દ્વારા સંસારરૂપી વૃક્ષની પ્રવૃત્તિ વિસ્તાર પામી છે, તે જ પરમેશ્વરની ભક્તિ કરવી જોઈએ.

☀ ગીતા અધ્યાય-**13** શ્લોક-**17**માં ગીતા જ્ઞાનદાતાએ બતાવ્યું છે કે તે પરબ્રહ્મ એટલે કે મારા સિવાય અન્ય (બીજા) પ્રભુ બીજા શબ્દોમાં કહીએ તો તે પરમ અક્ષર બ્રહ્મ (જેના વિષયમાં ગીતા અધ્યાય-**8** શ્લોક-**23**માં કહ્યું છે.) જ્યોતિઓનો પણ જ્યોતિ તેમજ માયાથી અતિ પરે (સાવ પર) કહેવામાં આવે છે. એ બોધ સ્વરૂપ (જાણવા યોગ્ય) પરમાત્મા તત્વજ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે અને સૌના હૃદયમાં વિશેષરૂપે સ્થિત છે. (ગીતા અધ્યાય-**13** શ્લોક-**17**)

**વિચાર કરો:-** જે તત્વજ્ઞાનથી પરમ અક્ષર બ્રહ્મ પ્રાપ્ત થાય છે તેને સૂક્ષ્મવેદ પણ કહે છે. તેનું જ્ઞાન ગીતા જ્ઞાનદાતાને નથી. એટલા માટે ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-**4** શ્લોક **32** તથા **34**માં બતાવ્યું છે કે યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોનું વિસ્તારપૂર્વક જ્ઞાન સ્વયં (બ્રહ્મણઃ મુખે) સચ્ચિદાનંદ ધનબ્રહ્મ પરમાત્મા એટલે કે પરમ અક્ષર બ્રહ્મ પોતાના મુખકમળથી બોલીને બતાવે છે. જે વાણીને સચ્ચિદાનંદ ધન બ્રહ્મની વાણી કહેવામાં આવે છે, તેને તત્વજ્ઞાન કહે છે. તેને જાણીને સાધક સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે. (ગીતા અધ્યાય-**4** શ્લોક **32**)

☀ વાચકોને નિવેદન છે કે ગીતા અધ્યાય-**4** શ્લોક **32**ના મૂળ પાઠમાં ''બ્રહ્મણઃ'' શબ્દ છે. ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત ગીતા અથવા અન્ય સ્થાનોથી પ્રકાશિત ગીતામાં અનુવાદકોએ બ્રહ્મણઃ નો અર્થ ''વેદ'' કર્યો છે જે તદ્દન ખોટો છે.

ગીતા અધ્યાય-**17** ના શ્લોક **23**માં પણ ''બ્રહ્મણઃ'' શબ્દ છે, તેમાં અનુવાદકોએ સાચો અર્થ ''સચ્ચિદાનંદ ધન બ્રહ્મ'' કર્યો છે. એટલા માટે ગીતા અધ્યાય-**4** શ્લોક **32**માં પણ ''બ્રહ્મણઃ મુખે'' નો અર્થ સચ્ચિદાનંદ ધન બ્રહ્મના મુખ કમળથી ઉચ્ચારેલ વાણીમાં કરવો એમ જ યોગ્ય છે.

ગીતા અધ્યાય-**4** શ્લોક-**34**માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે તે તત્વજ્ઞાનને જેને પરમેશ્વર પોતાના મુખ કમળથી બોલીને બતાવે છે. તેને તું તત્વદર્શી સંતોની પાસે જઈને સમજ, તેમને દંડવત પ્રણામ કરવાથી, નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે પરમાત્મ તત્વને સારી રીતે જાણવાવાળા તત્વદર્શી મહાત્મા તને તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

**પ્રભુ પ્રેમી પાઠકજનો આનાથી સિદ્ધ થયું કે તે તત્વજ્ઞાન જેનાથી પરમ અક્ષર પરમાત્મા પ્રાપ્ત થાય છે, તે ગીતા ગ્રંથમાં નથી. ગીતા ચારેય વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ)નું સંક્ષિપ્ત રૂપ છે - સાર છે. આનાથી સિદ્ધ થયું કે સૂક્ષ્મવેદવાળું તત્વજ્ઞાન કોઈપણ પ્રચલિત સદ્‌ગ્રંથમાં નથી. તે જ્ઞાન મારી (સંત રામપાલદાસ) પાસે છે, વિશ્વમાં બીજા કોઈની પાસે નથી.**

**પ્રશ્નઃ- શું શ્રી બ્રહ્માજી રજોગુણ, શ્રી વિષ્ણુજી સતોગુણ તથા શ્રી શિવજી તમોગુણ પણ ઈષ્ટ રૂપમાં પૂજ્ય નથી ? હિન્દુ ધર્મમાં આ જ દેવતાઓની પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મગુરૂ, શંકરાચાર્ય તથા અન્યો પણ આ દેવોની જ પૂજા ઈષ્ટ રૂપમાં માનીને કરવાનું કહે છે અને તે પોતે પણ કરે છે. આપની વાત વિશ્વાસ વગરની લાગે છે, શું આપ ગીતામાંથી પ્રમાણિત (સાબિત) કરી શકો છો ?**

**ઉત્તરઃ-** હિન્દુ ધર્મના ધર્મગુરૂઓને પોતાના સદ્‌ગ્રંથોનું જ જ્ઞાન નથી. જેમ કે અક્ષર જ્ઞાન આપવાવાળા શિક્ષકને જો પોતાના પાઠ્યક્રમના પુસ્તકોના ઉલ્લેખ અંગેનું જ જ્ઞાન નથી તો તે શિક્ષક વિદ્યાર્થીઓ માટે નુકસાનકારક હોય છે. તે શિક્ષક યોગ્ય નથી, આવી જ દશા હિન્દુ ધર્મના ધર્મગુરૂઓની છે.

**પ્રમાણઃ-** શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય-7 શ્લોક-12 થી 15માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે ત્રણેય ગુણોથી (રજોગુણ શ્રી બ્રહ્માજીથી ઉત્પત્તિ, સતોગુણ શ્રી વિષ્ણુજીથી સ્થિતિ તથા તમોગુણ શ્રી શંકરજી વડે સંહાર) જે કંઈ થઈ રહ્યું છે, તેનું નિમિત્ત હું છું. પરંતુ તેમનામાં હું તથા તેઓ મારામાં નથી. (ગીતા અધ્યાય-7 શ્લો-12)

સૌ પ્રથમ એ પ્રમાણિત કરી લઈએ કે રજોગુણ બ્રહ્મા, સતોગુણ વિષ્ણુ તથા તમોગુણ શિવ શંકર છેઃ-

(1) માર્કંડેય પુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત કેવળ હિન્દી સચિત્ર મોટા ટાઈપ)ના પાના નં. 123 પર લખ્યું છે કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ બ્રહ્મની પ્રધાન / મુખ્ય શક્તિઓ છે. એ જ ત્રણ ગુણ છે અને એ જ ત્રણ દેવતા છે.

(2) શ્રી દેવી પુરાણ (શ્રી ખેમચંદ, શ્રી કૃષ્ણચંદ્ર વૈંકટેશ્વર પ્રેસ મુંબઈથી પ્રકાશિત) ના ત્રીજા સ્કંદના અધ્યાય-5 શ્લોક-8 માં કહ્યું છેઃ-

*યદા દયાદર્મના સદા અમ્બિકે કથમ અહમં વિહિતઃ તમોગુણઃ*
*કમલજઃ રજગુણઃ કથમ્ વિહિતઃ ચ શ્રી હરિઃ સતગુણઃ*

*(દેવી પુરાણ 3/5/8)*

**અનુવાદઃ-** ભગવાન શિવ પોતાની માતા દુર્ગાજીને પ્રશ્ન કરી રહ્યા છે કે હે માતા ! અગર આપ અમારી ઉપર દયાયુક્ત છો તો મને તમોગુણી

**કેમ ઉત્પન્ન કર્યો ? કમળથી ઉત્પન્ન બ્રહ્માજીને રજોગુણી તથા શ્રી વિષ્ણુજીને સતોગુણી કેમ બનાવ્યા ?**

**❊ આનાથી પ્રમાણિત થયું કે 1. રજોગુણ કહો કે ગમે બ્રહ્માજી કહો. 2. સતોગુણ કહો કે ગમે શ્રી વિષ્ણુજી કહો. 3. તમોગુણ કહો કે ગમે શિવજી કહો.**

**ગીતા અધ્યાય-7 શ્લોક-12 નો ભાવાર્થ:- ગીતા જ્ઞાનદાતા કાળ બ્રહ્મ છે. પ્રમાણ માટે જુઓ ગીતા અધ્યાય-11 શ્લોક 31-32. અધ્યાય-11 શ્લોક 31 માં અર્જુને પૂછ્યું કેઃ- હે મહાનુભાવ ! આપ કોણ છો ? જ્યારે શ્રી કૃષ્ણજી તો અર્જુનના સાળા હતા. શ્રી કૃષ્ણજીની બહેન સુભદ્રાના વિવાહ અર્જુન સાથે થયા હતા. વિચાર કરો કે અગર ગીતા જ્ઞાનદાતા શ્રીકૃષ્ણ હોત તો અર્જુનને આ જાણવાની જરૂર પડતી જ નહીં કે આપ કોણ છો ? શું જીજાજી પોતાના સાળાને જાણતા નથી ? વાસ્તવમાં (હકીકતમાં) શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રેતવશ (ભૂતની જેમ) પ્રવેશ કરીને કાળ બ્રહ્મ ગીતા જ્ઞાન બોલી રહ્યો હતો. (વધુ પ્રમાણ માટે વાંચો પુસ્તકો – ''ગીતા તારું જ્ઞાન અમૃત'', ''ગહેરી નજર ગીતામાં'', ''જ્ઞાનગંગા'', આધ્યાત્મિક જ્ઞાનગંગા તથા જુઓ સત્સંગોની ડી.વી.ડી. શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન કોણ બોલ્યું. આ બધું અમારી Website = www.jagatgururampalji.org પર ઉપલબ્ધ છે. નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકો છો. You Tube પર પણ Search કરી શકો છો. (Satsang Barwala Ashram અથવા Sant Rampalji) ગીતા જ્ઞાનદાતા કાળ બ્રહ્મ છે, જે ગીતા અધ્યાય-11 શ્લોક 32 માં પોતે કહી રહ્યો છે કે હું કાળ છું, હમણા પ્રવૃત્ત થયો છું એટલે કે હમણાં હાલ જ પ્રગટ થયો છું. અગર શ્રીકૃષ્ણજી ગીતા જ્ઞાન બોલી રહ્યા હોત તો એમ ના કહેતા કે હું હમણા જ આવ્યો છું કારણ કે શ્રીકૃષ્ણજી તો પહેલાથી જ હાજર (વિદ્યમાન) હતા. શ્રીકૃષ્ણજીએ ક્યારેય પહેલાં કહ્યું નહતું કે હું કાળ છું, ક્યારેય બાદમાં પણ નથી કહ્યું કે બધાનો નાશ કરવાવાળો બઢા હુઆ (મારા લોકમાંથી અહીંયા અત્યારે આવેલો) કાળ છું. કૌરવોની સભામાં તેમણે પોતાનું વિરાટ રૂપ પણ દેખાડ્યું હતું. વિરાટરૂપ ભક્તિયુક્ત દરેક આત્માનું હોય છે. પણ કોઈક જ એને પ્રગટ કરી શકે છે. આ ભક્તિની શક્તિ અનુસાર થાય છે.**

**ગીતા જ્ઞાદાતાએ ગીતા અધ્યાય-11 શ્લોક-47માં કહ્યું છે કે હે અર્જુન! મારું આ વિરાટ રૂપ તારા સિવાય પહેલાં કોઈએ પણ જોયું નથી. ''વાચકોને નિવેદન છે કે શ્રીકૃષ્ણજીએ તો પોતાનું વિરાટ રૂપ અગાઉ કૌરવોની સભામાં દેખાડ્યું હતું'' જે ત્યાં ઉપસ્થિત સેંકડો કૌરવો સહિત**

હજારોએ જોયું હતું. અગર શ્રી કૃષ્ણજી ગીતા જ્ઞાન બોલી રહ્યા હોત તો તેઓ ક્યારેય એવું ના કહેતા કે મારું આ વિરાટ રૂપ તારા સિવાય પહેલાં કોઈએ જોયું નહતું. એનાથી સ્પષ્ટ થાય છે કે ગીતા જ્ઞાનદાતા ''કાળ બ્રહ્મ'' છે જેને ગીતા અધ્યાય-15 શ્લોક-16માં ક્ષર પુરૂષ કહેવામાં આવ્યા છે. જેણે ગીતા અધ્યાય-8 શ્લોક 13માં કહ્યું છે કે :-

*ઓમ્ ઈતિ એકાક્ષરમ્ બ્રહ્મ વ્યવહારન્ મામ અનુસ્મરન્ ।*
*યઃ પ્રયાતિ ત્યજન્ દેહમ્ સઃ યાતિ પરમામ્ ગતિમ્ ॥*

**સરળાર્થઃ-** ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે (મામ બ્રહ્મ) મુજ બ્રહ્મનો (ઓમ ઈતિ એકાક્ષરમ્) આ એક ૐ અક્ષર છે (વ્યવહારન્) ઉચ્ચારણ કરીને (અનુસ્મરન્) સ્મરણ કરતો રહીને (યઃ પ્રયાતિ ત્યજન દેહમ્) જે સાધક શરીર છોડીને જાય છે, (સઃ યાતિ પરમામ ગતિમ્) તે સાધક ૐ નામથી થવાવાળી પરમ ગતિને પ્રાપ્ત થાય છે આને જ વધુ સ્પષ્ટ કરું છું :-

શ્રી દેવી પુરાણ (સચિત્ર મોટા ટાઈપ કેવળ હિન્દી, ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત) ના સાતમાં સ્કંદમાં પાના નં. 562-563 પર નીચે મુજબનું પ્રકરણ છે :-

શ્રી દેવીજી રાજા હિમાલયને બ્રહ્મ જ્ઞાનોપદેશ આપે છે. કહ્યું કે હે રાજન્ ! તું ઓમ (ૐ) નો જાપ કર જેનાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આ ૐ નામ બ્રહ્મ જાપ મંત્ર છે અને બધી જ વાતોને છોડીને, બધી પૂજાઓને ત્યજીને ફક્ત એક ૐ નામનો જાપ કર, બ્રહ્મ પ્રાપ્તિનો ઉદ્દેશ્ય રાખ. તારું કલ્યાણ થાય. આમ કરવાથી બ્રહ્મને પ્રાપ્ત થઈ જઈશ. તે બ્રહ્મ દિવ્ય આકાશરૂપી બ્રહ્મલોકમાં રહે છે. આ દેવી મહાપુરાણથી સ્પષ્ટ થયું કે ઓમ (ૐ) નામ જાપ બ્રહ્મનો છે.

**અન્ય પ્રમાણઃ-** શ્રી શિવ મહાપુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત સચિત્ર મોટા ટાઈપ)ના વિધ્યેશ્વર સંહિતાના પાના નં. 23 થી 25 ઉપરનું પ્રકરણ નીચે મુજબ છે :-

એક વખત રજોગુણી શ્રી બ્રહ્માજી તથા સતોગુણી શ્રી વિષ્ણુજી વચ્ચે યુદ્ધ થઈ ગયું. કારણ હતું કે શ્રી બ્રહ્માજીએ શ્રી વિષ્ણુજીના નિવાસસ્થાને જઈને કહ્યું કે હે અભિમાની ! તેં મારા આગમન પર ઊઠીને મારો સત્કાર ના કર્યો, તું પુત્ર થઈને પણ પિતાનો સત્કાર નથી કરતો. હું સર્વ જગતની ઉત્પત્તિ કરવાવાળો બધાનો પિતા છું. આ વચન સાંભળીને શ્રી વિષ્ણુજીને અંદરથી ખૂબ જ ક્રોધ આવ્યો. પરંતુ ઉપરથી હસતા હસતા કહ્યું કે આવી જા પુત્ર, હું તારો પિતા છું. તારી ઉત્પત્તિ મારા નાભિ કમળથી થઈ છે. આ જ વાત ઉપર

બન્નેએ હથિયાર ઉપાડી લીધા અને એકબીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે જ સમયે કાળ બ્રહ્મે એ બન્નેના વચમાં એક તેજોમય થાંભલો ઊભો કરી દીધો. જેના કારણે બન્ને જણાએ યુદ્ધ કરવાનુ બંધ કરી દીધું. તે જ સમયે કાળ બ્રહ્મે પોતાના પુત્ર શિવનું રૂપ બનાવ્યું (ધારણ કર્યું) તથા પોતાની પત્ની દુર્ગાને પાર્વતી બનાવીને તેમની આગળ પ્રગટ થઈ ગયા અને બન્ને જણાને કહ્યું કે તમને બન્નેને જ્ઞાન નથી કે અહીંનો ઈશ કોણ છે ? હું બ્રહ્મ છું. આ સંસાર મારો છે, હે વિષ્ણુ તથા બ્રહ્મા ! તમે બંને જણાએ તપ કરીને મારી પાસેથી એક-એક કૃત (કાર્ય) પ્રાપ્ત કરેલ છે. બ્રહ્માને સૃષ્ટિની ઉત્પત્તિ તથા વિષ્ણુને સ્થિતિ. પુત્રો સાંભળો ! મેં આ જ પ્રમાણે મહેશ તથા રૂદ્રને પણ એક-એક કૃત (કાર્ય) સંહાર તથા તિરોભાવ પ્રદાન કરેલ છે. પછી કહ્યું કે મારો એક અક્ષર ઓમ (ૐ) મંત્ર જાપ કરવાનો છે. આ પાંચ અવયવો (અ, ઉ, મ, નાદ તથા બિન્દુ)નો સંગ્રહ એક 'ૐ' અક્ષર મંત્ર બને છે. વાચકજનોને આથી સ્પષ્ટ થયું કે ''ૐ'' એક અક્ષર બ્રહ્મનો જાપ મંત્ર છે. આ પણ સ્પષ્ટ થયું કે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી મહેશથી અન્ય કાળ બ્રહ્મ છે અને બ્રહ્માજી, વિષ્ણુજી તથા શિવજી ત્રણેય કાળ બ્રહ્મના પુત્રો છે.

**અન્ય પ્રમાણઃ-** શ્રી શિવ મહાપુરાણ (ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત, સચિત્ર મોટા ટાઈપ) માં રૂદ્ર સંહિતાના પાના નં. 110 પર લખ્યું છે કે રજોગુણ બ્રહ્મા, સતોગુણ વિષ્ણુ તથા તમોગુણ શિવ ત્રણેય દેવતાઓમાં ગુણ છે. હું એમનાથી અલગ છું.

આ સર્વ (બધા જ) પ્રમાણોથી સ્પષ્ટ થયું છે કે ગીતા જ્ઞાનદાતા કાળ બ્રહ્મ છે. આને શ્રાપ લાગ્યો છે કે આ દરરોજ એક લાખ માનવ શરીરધારી પ્રાણીઓને ખાશે તથા સવા લાખ દરરોજ ઉત્પન્ન કરશે.

આ કારણથી તેણે પોતાના ત્રણેય પુત્રોને એક-એક ગુણયુકત બનાવીને રાખ્યા છે. એમના શરીરથી નીકળી રહેલ ગુણોનો સૂક્ષ્મ પ્રભાવ દરેક પ્રાણીને વિવશ (મજબૂર) કરી કાર્ય કરાવે છે. જેમ કે રસોડામાં કોઈ મરચાનો વઘાર કરે તો છીંક આવે છે. તે છીંકોને કોઈ નથી રોકી શકતું. સ્થૂળ રૂપમાં મરચું રસોડામાં હોય છે, તેમાંથી નીકળેલા ગુણ એ દૂર રૂમમાં બેઠેલા વ્યક્તિઓને પણ પ્રભાવિત કરી દીધા.

આ જ પ્રમાણે ત્રણેય દેવતા (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી) પોત પોતાના લોકમાં રહે છે, પરંતુ તેમના શરીરથી નીકળી રહેલા ગુણોનો સૂક્ષ્મ પ્રભાવ ત્રણેય લોક (સ્વર્ગ લોક, પાતાળ લોક તથા પૃથ્વી લોક) ના પ્રાણીઓને પ્રભાવિત કરતો રહે છે. જેનાથી કાળ બ્રહ્મ માટે એક લાખ

માનવનો આહાર તૈયાર થાય છે. એટલા માટે ગીતા અધ્યાય-7 શ્લોક-12 માં ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે કહ્યું છે કેઃ-

❊ ત્રણેય ગુણોથી જે કંઈ પણ થઈ રહ્યું છે તેનું નિમિત્ત કારણ હું જ છું. જેમ કે રજોગુણ બ્રહ્માથી ઉત્પત્તિ, સતોગુણ વિષ્ણુથી સ્થિતિ તથા તમોગુણ શિવજીથી સંહાર થાય છે. આ બધું મારા માટે જ એમના દ્વારા થઈ રહ્યું છે એવું જાણ, પરંતુ તે મારામાં અને હું તેમનામાં નથી કારણ કે કાળ બ્રહ્મ એ ત્રણેય દેવતાઓથી અલગ રહે છે. (ગીતા અધ્યાય-7 શ્લોક-12)

❊ સમગ્ર સંસાર આ જ ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્મા, સતોગુણ વિષ્ણુ તથા તમોગુણ શિવ) પર જ મોહિત છે. એમના સુધીનું જ જ્ઞાન ધરાવે છે. એ ત્રણેય દેવતાઓથી પર મને તથા (અવ્યયમ્) તે અવિનાશી પરમાત્માને નથી જાણતો (ગીતા અધ્યાય-7 શ્લોક-13)

❊ કારણ કે આ અલૌકિક ત્રિગુણમયી મારી માયા (એટલે કે મારા ત્રણેય પુત્રો દ્વારા ફેલાવેલી માયાજાળ) ખૂબ જ દુસ્તર છે, નિકકમી (સાવ ખરાબ) છે. જે સાધક કેવળ મને જ (કાળ બ્રહ્મ)ને ભજે છે, તે આ માયા (બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ભક્તિથી થનાર લાભથી વધુ લાભ બ્રહ્મ ભક્તિમાં છે. માટે કહ્યું છે કે જે એ ત્રણેયથી મળવાવાળા લાભને ત્યાગીને કાળ બ્રહ્મની સાધના કરે છે, તે તેમનું ઉલ્લંઘન કરી એટલે કે તેમની સાધનાનો ત્યાગ કરી દે છે) નું ઉલ્લંઘન કરી જાય છે. *(ગીતા અધ્યાય-7 શ્લોક-14)*

❊ ગીતા અધ્યાય-7 શ્લોક-15માં કહ્યું છે કેઃ- ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી તથા તમોગુણ શિવજી) રૂપી માયાજાળ દ્વરા જેમનું જ્ઞાન હરાયેલું છે, એટલે જે સાધક એ ત્રણેય દેવતાઓથી બીજા અલગ પ્રભુને નથી જાણતા. એમનાથી જ મળવાવાળા નામ માત્ર લાભથી જ મોક્ષ માની એમની સાથે ચોંટેલા રહે છે, એમની જ પૂજા કરતા રહે છે. એવા વ્યક્તિ આસુરી સ્વભાવને ધારણ કરેલા, મનુષ્યોમાં નીચ (અધમ), દૂષિત (ખરાબ) કર્મ કરવાવાળા મૂઢજનો (મૂર્ખાઓ) મુજ (મને) કાળ બ્રહ્મને નથી ભજતા. *(ગીતા અધ્યાય-7 શ્લોક-15)*

ગીતા અધ્યાય-14 શ્લોક-19માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે જે સમયે દૃષ્ટા એટલે કે તત્વજ્ઞાન સાંભળવાવાળો અને જે ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્મા, સતોગુણ વિષ્ણુ તથા તમોગુણ શિવ)ની ઈષ્ટ રૂપમાં પૂજા કરવાવાળો, પોતાની જૂની ધારણાને નથી બદલતો એટલે કે આ ત્રણેય સિવાય બીજા કોઈને કર્તારૂપે નથી માનતો અને એ ત્રણેય ગુણોથી સાવ પર એવા પૂર્ણ

પરમાત્માનું જ્ઞાન પણ પ્રાપ્ત કરી લે છે, તે મારી જ જાળમાં રહી જાય છે. *(ગીતા અધ્યાય-14 શ્લોક-19)*

ગીતા અધ્યાય-14 શ્લોક-20 માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે દેહધારી મનુષ્ય એ ત્રણેયનું ઉલ્લંઘન કરીને એટલે કે આ ત્રણેયની પૂજા ત્યાગીને જ જન્મ-મરણ તથા વૃદ્ધાવસ્થાના તથા બીજા બધા જ પ્રકારના દુઃખોથી મુક્ત થઈને પરમાનંદ એટલે કે ગીતા અધ્યાય-18 શ્લોક 62 તથા અધ્યાય-15 શ્લોક 4 માં વર્ણિત પરમ શાંતિ તથા સનાતન પરમધામને પ્રાપ્ત થાય છે.

**સારાંશઃ-** ત્રણેય દેવતાઓ (બ્રહ્માજી રજોગુણ, વિષ્ણુજી સતોગુણ તથા શિવજી તમોગુણ)ની પૂજા કરવાવાળા, રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ કહ્યા છે. ભાવાર્થ એ છે કે એમની પૂજા કરવી જોઈએ નહીં.

**કારણઃ-** (1) શ્રી બ્રહ્માજી રજોગુણની પૂજા હિરણ્યકશ્યપે કરી હતી, જે પોતાના પુત્ર પ્રહલાદનો શત્રુ બની ગયો, રાક્ષસ કહેવાયો અને કૂતરાના મોતે મર્યો. (2) શ્રી શિવજી તમોગુણની પૂજા રાવણે કરી હતી.જગત જનની સીતાને ઉઠાવીને લઈ જઈને, પત્ની બનાવવાની કુચેષ્ટા કરી, રાક્ષસ કહેવાયો અને કૂતરાની મોતે મર્યો. ભસ્માસુરે પણ તમોગુણ શિવજીની પૂજા કરી હતી, રાક્ષસ કહેવાયો અને બેમોત માર્યો ગયો. (3) શ્રી વિષ્ણુજીની પૂજા કરનારાઓ વૈષ્ણવ કહેવાય છે. એક સમયે હરિદ્વારમાં એક કુંભમેળાનો પર્વ ઉજવાઈ રહ્યો હતો. તે પર્વમાં સ્નાન કરવા માટે તમામ સંતો (ગિરી, પૂરી, નાથ, નાગા) પહોંચી ગયા. નાગા શ્રી શિવજી તમોગુણના પૂજારી હોય છે તથા વૈષ્ણવશ્રી વિષ્ણુજી સતોગુણના પૂજારી હોય છે. બધા જ હરિદ્વારમાં હર ની પૈડી (પગથિયા/ઘાટ) પર સ્નાન કરવાની તૈયારી કરવા લાગ્યા જે સંખ્યામાં આશરે 20,000 હતા. થોડા સમય પછી એટલી જ સંખ્યામાં વૈષ્ણવ સાધુ હરની પૈડીયોં પર પહોંચી ગયા. વૈષ્ણવ સાધુઓએ નાગાઓને કહ્યું કે અમે શ્રેષ્ઠ છીએ, માટે અમે પહેલા સ્નાન કરીશું. આ જ વાત પર મોટો ઝઘડો થઈ ગયો. બન્ને પક્ષો તલવાર, છરા જેવા હથિયારોથી લડવા લાગ્યા અને બન્ને પક્ષના આશરે 25 હજાર સાધુઓ ત્રણેય ગુણોના ઉપાસકો અંદરો અંદર લડીને કપાઈને મરી ગયા.

માટે ગીતા અધ્યાય-7 શ્લોક-12 થી 15માં ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી તથા તમોગુણ શિવજી)ના ઉપાસકોને રાક્ષસ સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ કહ્યા છે.

આનાથી સિદ્ધ થયું કે શ્રી બ્રહ્મા રજોગુણ, શ્રી વિષ્ણુ સતોગુણ તથા શ્રી શિવ તમોગુણની ભક્તિ કરવાવાળા મૂર્ખ, રાક્ષસ, મનુષ્યોમાં નીચ તથા

ઘટિયા (ખરાબ) કર્મ કરવાવાળા મૂર્ખ વ્યક્તિ છે એટલે કે એમની પૂજા કરવાની શ્રીમદ્ ભગવત ગીતામાં મનાઇ કરવામાં આવી છે. એમની ઈષ્ટ રૂપમાં પૂજા કરવી વ્યર્થ છે.

## ✪ ''પૂજા તથા સાધનામાં અંતર''

**પ્રશ્નઃ-** કાળ બ્રહ્મની પૂજા કરવી જોઈએ કે નહીં ? ગીતામાંથી પ્રમાણ આપો.

**જવાબઃ-** નહીં કરવી જોઈએ. પહેલાં તમે પૂજા તથા સાધના વચ્ચેનો તફાવત સમજી લો.

**ભક્તિ એટલે કે પૂજાઃ-** આપણે જાણીએ છીએ કે પૃથ્વીની અંદર સરસ પીવાલાયક (મીઠાશથી ભરપૂર) શીતળ જળ છે. તેની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે છે ? તેના માટે બોકી (બોગી) દ્વારા જમીનમાં ઊંડે સુધી હોલ પાડવામાં આવે છે. જેને **Bore** - બોર કહે છે. તે **bore** - બોરમાં લોખંડની પાઈપ નાંખવામાં આવે છે, ત્યારબાદ તેની ઉપર હેન્ડ પંપ મશીન લગાડવામાં આવે છે, ત્યારે તે શીતળ જીવનદાતા જળની પ્રાપ્તિ થાય છે.

ઉપરના ઉદાહરણમાં આપણું પૂજ્ય જળ છે તો, તેને પ્રાપ્ત કરવા માટે ઉપયોગમાં લીધેલ ઉપકરણ તથા પ્રયત્નને સાધના જાણો. અગર આપણે ઉપકરણોની પૂજામાં લાગી રહીશું તો જળ પ્રાપ્ત નથી કરી શકતા, ઉપકરણો દ્વારા પૂજ્ય વસ્તુ પ્રાપ્ત થાય છે.

**અન્ય ઉદાહરણઃ-**જેમ કે એક પતિવ્રતા સ્ત્રી પરિવારના બધા જ સભ્યોનો આદર - સત્કાર માન-સન્માન કરે છે, સાસુ-સસરાને માતા-પિતા સમાન, નણંદનો નાની-મોટી બહેનની સમાન, જેઠ-દીયરને મોટા-નાના ભાઈની સમાન, જેઠાણી-દેરાણીને મોટી-નાની બહેનોની સમાન, પરંતુ તે પૂજા તો પોતાના પતિની જ કરે છે. જ્યારે તેઓ સંયુક્ત કુટુંબથી અલગ થાય છે તો પોતાના હિસ્સાની (ભાગની) તમામ વસ્તુઓ ઉઠાવીને પોતાના પતિવાળા નવા મકાનમાં લઈ જાય છે.

**અન્ય ઉદાહરણઃ-** જેમ કે આપણી ઈચ્છા કેરી ખાવાની થાય છે, આપણા માટે કેરીનું ફળ પૂજ્ય છે. તેને પ્રાપ્ત કરવા માટે પૈસાની જરૂર પડે છે, ધન ભેગું કરવા માટે મજૂરી-નોકરી-ધંધો ખેતીવાડી કરવી પડે છે, ત્યારે કેરીનું ફળ પ્રાપ્ત થાય છે. એટલા માટે કેરી પૂજ્ય છે તથા અન્ય ક્રિયા (બીજી ક્રિયાઓ) સાધના છે. સાધ્ય વસ્તુને પ્રાપ્ત કરવા માટે સાધના કરવી પડે છે, સાધના અલગ છે, પૂજા એટલે કે ભક્તિ અલગ છે તે સ્પષ્ટ થયું.

પ્રશ્ન ચાલી રહ્યો છે કે શું બ્રહ્મની પૂજા કરવી જોઈએ ? જવાબમાં કહ્યું છે કે - ક્યારેય નહીં કરવી જોઈએ. હવે શ્રીમદ્ ભગવત ગીતામાં પ્રમાણ દેખાડું છું.

ગીતા અધ્યાય-7 શ્લોક-12 થી 15માં ગીતા જ્ઞાનદાતાએ બતાવી દીધું કે ત્રણેય ગુણો (રજોગુણ શ્રી બ્રહ્માજી, સતોગુણ શ્રી વિષ્ણુજી તથા તમોગુણ શ્રી શિવજી)ની ભક્તિ વ્યર્થ છે. પછી ગીતા અધ્યાય-7 ના શ્લોક 16-17-18માં ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે પોતાની ભક્તિથી થવાવાળી ગતિ એટલે કે મોક્ષને ''અનુત્તમ'' એટલે કે ઘટિયા (ખરાબ) બતાવ્યો છે. ગીતા જ્ઞાન દાતા જણાવે છે કે મારી ભક્તિ ચાર પ્રકારના વ્યક્તિઓ કરે છે :-

**(1) અર્થાર્થીઃ-** ધન લાભ માટે વેદો અનુસાર અનુષ્ઠાન કરવાવાળા.

**(2)આર્તઃ-** સંકટ નિવારણ માટે વેદો અનુસાર અનુષ્ઠાન કરવાવાળા.

**(3) જિજ્ઞાસુઃ-** પરમાત્માના વિષયમાં જાણવાની ઈચ્છાવાળા (જ્ઞાન ગ્રહણ કરીને સ્વયં વકતા બની જવાવાળા). આ ત્રણેય પ્રકારના બ્રહ્મ પૂજારીઓને વ્યર્થ ગણાવ્યા છે.

**(4) જ્ઞાનીઃ-** જ્ઞાનીને ખબર પડે છે કે મનુષ્ય જન્મ મળવો ખૂબ જ દુર્લભ છે. મનુષ્ય જીવન પ્રાપ્ત કરીને આત્મ કલ્યાણ કરાવવું જોઈએ. તેમને એ જ્ઞાન પણ થઈ જાય છે કે અન્ય દેવતાઓની પૂજાથી મોક્ષ લાભ થવાનો નથી. એટલા માટે એક પરમાત્માની ભક્તિ અનન્ય મનથી કરવાથી પૂર્ણ મોક્ષ સંભવ છે. તેમને તત્વદર્શી સંત ન મળવાથી તેમણે જેવા પણ વેદોને જાણ્યા, તેના જ આધારે બ્રહ્મને એક સમર્થ પ્રભુ માનીને યજુર્વેદ અધ્યાય-40 મંત્ર 15 માંથી ઓમ્ નામ લઈને ભક્તિ કરી, પરંતુ પૂર્ણ મોક્ષ ન થયો. ઓમ્ (ॐ) નામ બ્રહ્મ સાધનાનો છે, તેનાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે, જે અગાઉ પ્રમાણિત કરી દેવામાં આવ્યું છે. ગીતા અધ્યાય-8 શ્લોક-16માં કહ્યું છે કે બ્રહ્મલોક પર્યંત તમામ લોક પુનરાવર્તીમાં છે એટલે કે બ્રહ્મલોકમાં ગયેલ સાધક પણ પુનઃ (ફરી) પાછા વળીને સંસારમાં જન્મ-મૃત્યુના ચક્રમાં પડે છે.

કાળ બ્રહ્મની સાધનાથી તે મોક્ષ પ્રાપ્ત નથી થતો જે ગીતા અધ્યાય-15 શ્લોક-4માં બતાવ્યું છે કે ''તત્વજ્ઞાન દ્વારા અજ્ઞાનને કાપીને પરમેશ્વરના તે પરમ પદની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરી પાછા વળીને સંસારમાં ક્યારેય પાછા આવતા નથી''.

ગીતા અધ્યાય-7 શ્લોક-18માં ગીતા જ્ઞાનદાતાએ કહ્યું છે કે એ જ્ઞાની

આત્મા (જે ચોથા નંબરના બ્રહ્મના સાધક કહ્યા છે) છે તો ઉદાર એટલે કે નેક, પરંતુ એ તત્વજ્ઞાનના અભાવે મારી અનુત્તમ ગતિમાં જ સ્થિત રહે છે. ગીતા જ્ઞાનદાતાએ પોતાની સાધનાથી થવાવાળી ગતિને પણ અનુત્તમ એટલે કે અશ્રેષ્ઠ (ખરાબ/ઘટિયા) કહી છે. એટલા માટે બ્રહ્મ પૂજા કરવી પણ ઉચિત (યોગ્ય) નથી.

**કારણઃ-** એક ચુણક નામનો ઋષિ જ્ઞાની આત્મા હતો. તેણે ઓમ્ (ॐ) નામનો જાપ તથા હઠયોગ હજારો વર્ષ સુધી કર્યો. જેના લીધે તેની અંદર સિદ્ધિઓ આવી ગઈ. બ્રહ્મની સાધના કરવાથી જન્મ-મૃત્યુ, સ્વર્ગ-નરકનું ચક્ર સદા (કાયમ) બન્યું રહેશે. કારણ કે ગીતા અધ્યાય-2 શ્લોક 12, ગીતા અધ્યાય-4 શ્લોક 5, ગીતા અધ્યાય-10 શ્લોક 2 માં ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે કહ્યું છે કે અર્જુન ! તારા અને મારા અનેક જન્મ થઈ ચુક્યા છે, તું નથી જાણતો, હું જાણું છું. તું, હું તથા આ સર્વ રાજા લોકો પહેલાં પણ જન્મ્યા હતા, આગળ પણ જન્મીશું. એમ ના વિચારીશ કે આપણે સૌ આ વખતે જ જન્મ્યા છીએ. મારી ઉત્પત્તિને મહર્ષિજન તથા આ દેવતાઓ નથી જાણતા કારણ કે એ બધા મારાથી જ ઉત્પન્ન થયા છે.

આનાથી સ્વયં સિદ્ધ થાય છે કે જ્યારે ગીતા જ્ઞાનદાતા બ્રહ્મ પણ જન્મે છે અને મૃત્યુ પામે છે (જન્મ-મરણમાં છે) તો આના પૂજારી કઈ રીતે અમર થઈ શકે છે ? આનાથી આ સિદ્ધ થયું કે બ્રહ્મની ઉપાસનાથી તે મોક્ષ થઈ શકતો નથી, જે મોક્ષ અંગે ગીતા અધ્યાય-18 શ્લોક 62માં તથા અધ્યાય-15 શ્લોક-4માં કહ્યું છે. આ શ્લોકોમાં ગીતા જ્ઞાનદાતાએ સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વર પરમ અક્ષર બ્રહ્મની શરણમાં જા. તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમશાંતિને તથા સનાતન પરમધામ એટલે કે સત્યલોકને પ્રાપ્ત થઈશ. તત્વજ્ઞાન સમજીને તેના પછી પરમાત્માના તે પરમ પદની શોધ કરવી જોઈએ જ્યાં ગયા પછી સાધક ફરીથી પાછા વળીને આ સંસારમાં ક્યારેય નથી આવતા. વિચાર કરો કે ગીતા જ્ઞાનદાતા તો સ્વયં જ જન્મ-મરણમાં છે (જન્મે છે અને મૃત્યુ પામે છે) એટલા માટે બ્રહ્મની પૂજાથી થવાવાળી ગતિને અનુત્તમ (ખરાબ) કહી છે.

હવે ચુણક ઋષિનો પ્રસંગ આગળ સંભળાવીએ છીએઃ- ચુણક ઋષિએ ॐ (ઓમ્) નામનો જાપ તથા હઠયોગ કર્યો. વેદો (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ)માં બતાવેલી ભક્તિથી પરમાત્મા પ્રાપ્તિ નથી થતી. આનું પ્રમાણ ગીતા અધ્યાય-11 શ્લોક 47-48માં છે. ગીતા જ્ઞાનદાતા બ્રહ્મે બતાવ્યું

છે કે હે અર્જુન ! મુજ કાળ બ્રહ્મનું આ વિરાટરૂપ છે. મારા આ રૂપના દર્શન તારા સિવાય પહેલાં કોઈને થયેલ નથી, મેં તારી ઉપર અનુગ્રહ કરીને આ રૂપ દેખાડ્યું છે. મારા આ રૂપના દર્શન એટલે કે બ્રહ્મ પ્રાપ્તિ ન તો વેદોમાં વર્ણિત વિધિથી એટલે કે ન તો ૐ નામના જાપથી, ન તપથી, ન હવન વગેરે વગેરે યજ્ઞોથી થાય છે. એટલે કે વેદોમાં વર્ણિત વિધિથી બ્રહ્મની પ્રાપ્તિ નથી થતી. આ જ કારણે ચુણક જેવા ઋષિ પણ બ્રહ્મને નિરાકાર કહેતા રહ્યા. ચુણક ઋષિમાં સિદ્ધિઓ આવી ગઈ. જેના કારણે તેઓ સંસારમાં પ્રસિદ્ધ થઈ ગયા. સિદ્ધિ પ્રાપ્ત સાધક પોતાની વર્ષોની સાધનાથી ચાર્જ કરવામાં આવેલ બેટરીથી કોઈને શ્રાપ આપીને પોતાની ભક્તિનો નાશ કરે છે, કોઈને આશીર્વાદ આપીને પોતાની ભક્તિનો નાશ કરે છે. કોઈની ઉપર સિદ્ધિ વડે જંત્ર-મંત્ર કરીને પોતાની ભક્તિનો નાશ કરે છે તથા સંસારમાં પ્રશંસાના પાત્ર બનીને સ્વયં પ્રભુ બની બેસે છે.

એક માનધાતા ચક્રવર્તી રાજા હતો. તેનું સમગ્ર પૃથ્વી પર રાજ હતું. તેણે પોતાના રાજયમાં આ જાણવાનો પ્રયત્ન કર્યો કે શું પૃથ્વીના અન્ય રાજા મારા આધિન છે ? શું તેમનામાંથી કોઈ સ્વતંત્ર થવા ઈચ્છે છે ? એટલા માટે રાજાએ પોતાના અંગત ઘોડાના ગળામાં એક પત્ર લખીને બાંધી દીધો, જેમાં એવું લખાણ લખ્યું હતું કે જે કોઈ રાજાને માનધાતા રાજાની આધીનતા સ્વીકાર ન હોય તો તે રાજા આ ઘોડાને પકડી લે અને યુદ્ધ માટે તૈયાર થઈ જાય. માનધાતા રાજા પાસે 72 અક્ષૌણી સેના છે. તે ઘોડાની સાથે સેંકડો સૈનિકો પણ ચાલ્યા. સમગ્ર પૃથ્વી પર ચક્કર લગાડ્યું. કોઈ રાજાએ તે ઘોડાને પકડ્યો નહીં. આનાથી સ્પષ્ટ થઈ ગયું કે સમગ્ર પૃથ્વીના અન્ય નાના રાજાઓએ પોતાના ચક્રવર્તી શાસક માનધાતાના આધિન છે. બધા સૈનકો જે ઘોડાની સાથે હતા, તે ખુશીથી પરત આવી રહ્યા હતા. રસ્તામાં ચુણક ઋષિની ઝૂંપડી હતી. ચુણક ઋષિએ સૈનિકોને પૂછ્યું કે હે સૈનિકો ! ક્યાં ગયા હતા ? આ ઘોડાનો સવાર ક્યાં ગયો ? સૈનિકોએ ઋષિજીને બધી વિગત કહી. ઋષિએ કહ્યું કે શું કોઈપણ રાજાએ માનધાતા રાજા સાથે યુદ્ધ ના સ્વીકાર્યું ? સૈનિકો બોલ્યા કે છે કોઈની ભુજાઓમાં તાકાત, પીવડાવ્યું છે કોઈની માતાએ દૂધ કે જે અમારા માનધાતા રાજા સાથે યુદ્ધ કરી શકે. અમારા રાજા પાસે 72 અક્ષૌણી એટલે કે 72 કરોડ સેના છે. અગર કોઈએ યુદ્ધ કરવાની હિંમત કરી તો તેના દાંત તોડી નાંખીશું. ઋષિ ચુણક જે કાળ બ્રહ્મનો પૂજારી હતો તેણે કહ્યું કે હે સૈનિકો ! તમારા રાજાનું યુદ્ધ હું સ્વીકાર કરું છું. આ

ઘોડાને મારી ઝૂંપડીવાળા વૃક્ષની સાથે બાંધી દો. સૈનિકો બોલ્યા કે હે કંગાળ! તારી પાસે ખાવા માટે અન્ન નથી (ખાવાના ફાંફા છે) તું શું યુદ્ધ કરીશ રાજા માનધાતા સાથે ? પોતાની ભક્તિ કરી લે, શું તારી શ્યામત આવી છે ? ઋષિએ કહ્યું કે જે થશે તે જોયું જશે. જાઓ જઈને કહી દો તમારા રાજાને કે તમારું યુદ્ધ ચુણક ઋષિએ સ્વીકારી લીધું છે. રાજાને આ અંગે જાણ થતા તેણે વિચાર્યું કે આજે એક કંગાળ માથાના ફરેલા ઋષિની હિંમત થઈ છે. કાલે કોઈ અન્ય હિંમત કરશે. બુરાઈને પ્રારંભમાં જ સમાપ્ત કરી દેવી જોઈએ. પ્રજાને ભયભીત કરવા માટે એક વ્યક્તિને (ચુણક ઋષિને) મારવા માટે રાજાએ 72 કરોડ સેનાની ચાર ટુકડીઓ બનાવી. સૌ પ્રથમ 18 કરોડ સૈનિકોની એક ટુકડી ઋષિ સાથે યુદ્ધ કરવા માટે મોકલી. કાળ બ્રહ્મના પૂજારી ચુણક ઋષિએ સિદ્ધિ શક્તિથી ચાર પૂતળીઓ બનાવી એટલે કે ચાર પરમાણુ બોમ્બ તૈયાર કર્યા. એક પૂતળી છોડી - તેણે 18 કરોડ સેનાને કાપી નાખી. રાજાએ બીજી ટુકડી મોકલી જેની સામે ઋષિએ બીજી પૂતળી છોડી. આ પ્રમાણે રાજા માનધાતાની 72 ક્ષૌણી સેનાનો નાશ કાળ બ્રહ્મના પૂજારી ચુણકે કરી દીધો.

**વિચાર કરોઃ-** ઋષિ, મહર્ષિઓએ રાજાઓના કામકાજમાં દખલ નહિ કરવી જોઈએ. કારણ એ છે કે ઋષિજનોએ હજારો વર્ષ ૐ નામનો જાપ કર્યો પરમાત્મા પ્રાપ્તિ માટે (અર્થે). પરમાત્મા મળ્યા નહિ કારણ કે ગીતા અધ્યાય 11 શ્લોક 47-48માં લખ્યું છે કે વેદોમાં (ચારેય વેદોમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ) વર્ણિત ભક્તિ વિધિથી બ્રહ્મ પ્રાપ્તિ નથી થતી. એટલા માટે એ સાધનાથી ઋષિઓમાં સિદ્ધિઓ પ્રગટ થઈ જાય છે. અજ્ઞાનતાના કારણે તેજ ભૂલ-ભૂલૈયાને (સિદ્ધિઓને) એ ભક્તિની ઉપલબ્ધિ માની બેઠા. જેના કારણે ભક્તિ કરીને પણ તે પદને પ્રાપ્ત કરી શક્યા નહીં, જ્યાં ગયા પછી ફરીથી જન્મ નથી થતો કારણ કે તેમને તત્વદર્શી સંત ના મળ્યા. સૂક્ષ્મ વેદમાં કહ્યું છે કેઃ-

*કબીર, ગુરૂ બિન કાહૂ ન પાયા જ્ઞાના, જ્યોં થોથા ભુસ છડે મૂઢ કિસાના ।*
*ગુરૂ બિન વેદ પઢે જો પ્રાણી, સમઝે ન સાર રહે અજ્ઞાની ।।*
*ગરીબ, બહતર ક્ષૌણી ખા ગયા, ચુણક ઋષિશ્વર એક ।*
*દેહ ધારેં જૌરા ફિરેં, સબહી કાલ કે ભેષ ।।*

**ભાવાર્થઃ-** તત્વદર્શી સંત ગુરૂ નહીં મળવાના કારણે જે સાધના સાધક કરે છે તે શાસ્ત્ર વિધિ ત્યાગીને મનમાન્યું આચરણ હોય છે જેનાથી સાધકને

**કોઈ લાભ થતો નથી. ગીતા અધ્યાય-16 શ્લોક 23-24માં પ્રમાણ છે કે હે ભારત ! જે સાધક શાસ્ત્રવિધિને ત્યજીને મનમાન્યું (મનસ્વી) આચરણ કરે છે, તેને ન તો સુખ થાય છે, ન સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ન જ તેની ગતિ એટલે કે મોક્ષ થતો નથી. જેથી તારા માટે શાસ્ત્ર જ પ્રમાણ છે કે કઈ સાધના કરવી જોઈએ અને કઈ નહીં કરવી જોઈએ.**

**ગુરૂ વગર એટલે કે તત્વદર્શી સંત વગર ચાહે તમે ચારેય વેદ વાંચતા રહો, ચાહે તેમને કંઠસ્થ પણ કરી લો જેમ કે બ્રાહ્મણો વેદમંત્રોને યાદ કરી લેતા હતા. જે ચારેય વેદોના મંત્રોને યાદ કરી લેતા હતા, તે ચતુર્વેદી કહેવાતા હતા. જે ત્રણ વેદોના મંત્રોને યાદ કરી લેતા હતા, તે ત્રિવેદી કહેવાતા હતા. પરંતુ તેમને વેદોના ગૂઢ રહસ્યોનું જ્ઞાન ન હોવાના કારણે તે ઋષિજન વેદોને વાંચી - મોંઢે કરીને પણ અજ્ઞાની જ રહ્યા. સૂક્ષ્મવેદમાં કહ્યું છે કેઃ-**

*''પીઠ મનુખા દાખ લદી હૈ, ઊંટ ખાત બબૂલ.''*

**ભાવાર્થ છે કે પહેલાના સમયમાં રણપ્રદેશમાં ઊંટ ઉપર મનુખા દાખ (મોટી સૂકી દ્રાક્ષના આકાર જેવી હોય છે - અંદર નાના બીજ હોય છે) મુકીને લઈ જતા હતા. ઊંટ પીઠ ઉપર આટલી સ્વાદિષ્ટ મનુખા દાખ ઉપાડીને જતો અને સ્વયં પોતે બાવળીયાના કાંટામાં મોં મારી-મારીને બાવળના પત્તા ખાતો રહેતો હતો. જ્ઞાન વગરના તમામ ઋષિઓ ચારેય વેદ રૂપી મનુખા દાખ લઈને ફરતા હતા અને પૂજા કરતા હતા કાળ બ્રહ્મરૂપી બાવળની. જેના લીધે ન તો તેઓને સનાતન પરમ ધામની પ્રાપ્તિ થતી હતી કે ન પરમ શાંતિની. સૂક્ષ્મવેદમાં કહ્યું છે કેઃ-**

*બનજારે કે બૈલ જ્યોં, ફિરા દેશ - વિદેશ*

*ખાન્ડ છોડ ભુષ ખાત હૈ, બિન સતગુરૂ ઉપદેશ ॥*

**ભાવાર્થ છે કે પહેલાના સમયમાં બળદો ઉપર જેમ કે ગધેડા ઉપર થેલો રાખીને ઈંટો, માટી લઈ જવા લાવવામાં આવે છે એવી રીતે બળદ ઉપર થેલા મૂકીને તેમાં ખાંડ ભરીને વણઝારા એટલે કે વેપારી લોકો એક સ્થાનેથી બીજા સ્થાને ખાંડ લાવતા અને લઈ જતા હતા. બળદની પીઠ ઉપર મૂકેલા થેલામાં ખાંડ હોવા છતાં તે બળદ પોતે ભૂંસું જ ખાતો હતો. આ જ પ્રમાણે ગુરૂ દ્વારા તત્વજ્ઞાન નહીં મળવાના કારણે ઋષિજન વેદો રૂપી ખાંડને તો કંઠસ્થ (મોંઢે) કરી રાખતા હતા, પણ તેના જ્ઞાનને બરાબર નહીં સમજવાના કારણે સાધના વેદ વિરુદ્ધની કરતા હતા.**

**ઉદાહરણઃ-** શ્રી દેવી પુરાણ (સચિત્ર મોટા ટાઈપ કેવલ હિન્દી ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત) ના 5માં સ્કંદના પાના નં. 414 ઉપર લખ્યું છેઃ- વેદ વ્યાસજીએ કહ્યું કે સતયુગના બ્રાહ્મણ વેદના પૂર્ણ વિદ્વાન હતા. તેઓ દેવી એટલે કે શ્રી દુર્ગાજીની પૂજા કરતા હતા. પ્રત્યેક (દરેક) ગામમાં શ્રી દેવીનું મંદિર બનાવવાની તેમની પ્રબળ ઈચ્છા હતી.

**વાચકજન વિચાર કરોઃ-** ચારેય વેદોમાં તથા વેદોના સારરૂપ - શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ક્યાંય પણ દેવીની પૂજા કરવા અંગેનો નિર્દેશ નથી તો સતયુગના બ્રાહ્મણ શું વેદોના ખાક વિદ્વાન હતા ? આ જ શ્રી દેવી પુરાણના 7માં સ્કંદના પાના નં. 562-563 પર શ્રીદેવીજીએ રાજા હિમાલયને કહ્યું હતું કે મારી પૂજા પણ ત્યજી દે. અગર બ્રહ્મ પ્રાપ્તિ ઈચ્છે છે તો અન્ય બધી વાતોને ત્યજીને (પૂજાઓ છોડીને) કેવળ ઓમ્ (ॐ) નો જાપ કર. આ બ્રહ્મનો મંત્ર છે. એનાથી તું બ્રહ્મને પ્રાપ્ત થઈ જઈશ. તે બ્રહ્મ બ્રહ્મલોકરૂપી દિવ્ય આકાશમાં રહે છે. વાચકજન સહેલાઈથી સમજશે કે જયારે સત્ય યુગના બ્રાહ્મણોનું આવું જ્ઞાન તથા આવી સાધના હતી તો વર્તમાનના બ્રાહ્મણોનું જ્ઞાન કેવું હશે ? આ જ શ્રીદેવી પુરાણના 5મા સ્કંદના પાના નં. 414 પર એમ પણ લખ્યું છે કે સતયુગમાં જે રાક્ષસ માનવામાં આવતા હતા, તેમને કળિયુગમાં બ્રાહ્મણ માનવામાં આવે છે. બ્રાહ્મણ કોઈ જાતિ વિશેષ (ખાસ) નથી. જે (વ્યક્તિ) પરમાત્મા એટલે કે બ્રહ્મ માટે પ્રયત્નશીલ છે, તે જ બ્રાહ્મણ કહેવાય છે, ચાહે કોઈપણ જાતિનો હોય. વર્તમાનમાં પરંપરાગત બ્રાહ્મણ ઓછા છે. સંત રૂપમાં બ્રહ્મ જ્ઞાન આપવાવાળા ઘણા છે જે બ્રાહ્મણ એટલે કે માર્ગદર્શક ગુરૂ તરીકે ઓળખાય છે અને તત્વજ્ઞાનહીન (તત્વજ્ઞાન વગરના) છે. એટલા માટે કહ્યું છે કે તત્વદર્શી ગુરૂ વગર કોઈને પણ વેદોના ગૂઢ રહસ્યોનું જ્ઞાન થયું નહિ, જેના કારણે વેદ તો વાંચતા હતા પરંતુ સાધના વેદ વિરુદ્ધની કરતા હતા. વેદો તથા ગીતામાં ત્રણેય દેવતાઓ (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ની પૂજા કરવી નિષેધ છે (પૂજા કરવાની મનાઈ છે / ના પાડી છે). સમગ્ર હિન્દુ સમાજને જ્ઞાનહીન સંતો દ્વારા આ જ ત્રણેય દેવતાઓ પર કેન્દ્રિત કરી રાખવામાં આવેલ છે. શ્રી દેવી દુર્ગા તથા શ્રી વિષ્ણુજી, શ્રી શિવજીની ભક્તિ કરી રહ્યા છે તથા કરાવી રહ્યા છે. પહેલાથી જ આ લોકવેદ (દંતકથા)નું જ્ઞાન ચાલી આવી રહ્યું છે,જે આજે મારી સામે દિવાર બનીને ઊભું છે. હું શાસ્ત્રોક્ત જ્ઞાન બતાઉં છું, પ્રોજેકટર પર દેખાડું છું પરંતુ અગાઉના અજ્ઞાનને સાચું માનીને સત્યને આંખો સામે જોઈને પણ વિશ્વાસ નથી કરી રહ્યા. ઉપરથી વિરોધ કરે છે, જેલમાં મોકલી (પુરી) દે છે.

**સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે:-**

*ગરીબ, વેદ પઢૈં પર ભેદ ન જાનેં, બાંચૈં પુરાણ અઠારહ ।*
*પત્થર કી પૂજા કરેં, બિસરે સિરજનહારા ।।*

**ભાવાર્થ છે કે વેદ તથા અઢાર પુરાણોને વાંચે છે અને મૂર્તિની પૂજા કરે છે. વેદોક્ત સર્વના સર્જનહાર પરમ અક્ષર બ્રહ્મને ભૂલી ગયા છે. અન્ય (બીજા) પ્રભુઓની પૂજા કરીને તે પરમ શક્તિ તથા સનાતન પરમ ધામ એટલે કે પરમેશ્વરના તે પરમપદથી વંચિત રહી જાય છે જે ગીતા અધ્યાય-18 શ્લોક 62 તથા અધ્યાય-15 ના શ્લોક-4માં કહ્યું છે. સૂક્ષ્મવેદમાં લખ્યું છે કે:-**

*ગુરૂવાં ગામ બિગાડે સંતો, ગુરૂવાં ગામ બિગાડે ।*
*ઐસે કર્મ જીવ કે લા દિએ, ફિર ઝડૈં નહીં ઝાડે ।।*

**ભાવાર્થ છે કે વેદ જ્ઞાનહીન (વેદનું સાચું જ્ઞાન નથી તેવા) તત્વ જ્ઞાનથી અપરિચિત ગુરૂઓએ ગામે-ગામમાં શાસ્ત્ર વિરુદ્ધ જ્ઞાન તથા ભક્તિનું અજ્ઞાન સંભળાવીને તેમને એટલા બધા ભ્રમિત કરી દીધા કે તે હવે સમજાવવા છતાં પણ શાસ્ત્ર વિરુદ્ધ સાધનાને ત્યાગવા (છોડવા) માટે તૈયાર નથી થતા.**

**ગીતા અધ્યાય-16 શ્લોક-23માં લખ્યું છે કે શાસ્ત્ર વિધિ ત્યાગીને મનમાન્યું આચરણ કરવાથી ન તો સિદ્ધિ પ્રાપ્ત થાય છે,ન સુખ પ્રાપ્ત થાય છે અને ગતિ પણ નથી થતી એટલે કે વ્યર્થ સાધના છે.**

**બીજી તરફ આપજીએ ચુણક ઋષિની કથામાં વાંચ્યું કે ઋષિ ચુણકજીને સિદ્ધિઓની પ્રાપ્તિ થઈ ગઈ. વાંચકોએ આ સમજવાનું છે કે સિદ્ધિ તો ભક્તિની બાઈ પ્રોડક્ટ છે, જેમ કે જવનું પણ ભૂંસું (પળાળ) થાય છે જેમાં તુસ (કાંટા જેવું ધારદાર ભૂંસુ)નું પ્રમાણ વધુ હોય છે. જ્યારે પશુ તે ખાય છે તો તેના મોંઢામાં જખ્મ કરી દે છે. આ સિદ્ધિ પ્રાપ્ત થાય છે કાળ બ્રહ્મની ભક્તિથી જે ચુણક ઋષિને પ્રાપ્ત થઈ.**

**શાસ્ત્ર વિધિ અનુસાર ભક્તિ કરવાથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેને ઘઉંનું ભૂંસું સમજો. જે પશુઓ માટે ઉપયોગી છે તથા ખાવામાં સુગમ (સરળ) હોય છે. ભાવાર્થ છે કે શાસ્ત્રવિધિ અનુસાર સાધના નહીં કરવાથી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે (જે જવના કાંટાદાર ભૂંસા જેવી છે), તે સાધકને નષ્ટ કરે છે કારણ કે અજ્ઞાનતાવશ ઋષિજન તેમનો પ્રયોગ કરીને કોઈની પણ હાનિ (નુકસાન) કરી દે છે, કોઈને આશીર્વાદ આપીને ભક્તિની શક્તિ જે ૐ નામના જાપથી ભેગી થાય છે, તેને સમાપ્ત કરીને ફરીથી ખાલી થઈ જાય છે.**

**જેમ કે તે ચુણક ઋષિજીએ માનધાતા ચક્રવર્તી રાજાની 72 કરોડ સેનાનો નાશ કરી દીધો, પોતાની ભક્તિની સિદ્ધિ પણ ગુમાવી દીધી.**

**સૂક્ષ્મવેદમાં કહ્યું છે કેઃ-**

*ગરીબ, બહત્તર ક્ષૌણી ક્ષય કરી, ચુણક ઋષિશ્વર એક ।*
*દેહ ધારેં જૌરા (મૃત્યુ) ફિરૈં, સબ હી કાલ કે ભેષ ।।*

**ભાવાર્થઃ-** ઋષિઓમાં સર્વશ્રેષ્ઠ ઋષિ ચુણકજીએ 72 કરોડ સેનાનો નાશ કરી દીધો. એ દેખાય તો છે મહાત્મા, પરંતુ જ્યારે એમનો સામનો થાય છે તો તે અંદરથી સાપ જેવા ઝેરી નીકળે છે. જરીક નાની અમથી વાત પર શ્રાપ આપી દેવો, કોઈની સાથે પણ વગર મતલબે લડાઈ-ઝઘડો કરવો એમના માટે સામાન્ય વાત હોય છે.

## ✪ ''ઋષિ દુર્વાસાદ્વારા ગુનાની માફીની ભીખ માંગવી (કગરવું)''

દુર્વાસા નામના એક કાળ બ્રહ્મના પૂજારી (બ્રહ્મ સાધક) હતા. તે ચાલીને જઈ રહ્યા હતા. તે દરમ્યાન રસ્તામાં તેમણે એક અપ્સરા (સ્વર્ગની સ્ત્રી) જોઈ જેણે સુંદર મોતીઓની માળા પહેરેલી હતી. દુર્વાસા ઋષિએ કહ્યું કે આ માળા મને આપી દે. દેવ પરી જાણતી હતી કે આ ઋષિઓ તો સાપ જેવા ઝેરી સ્વભાવના હોય છે, અગર ના પાડીશ તો શ્રાપ આપી દેશે. તે અપ્સરાએ તુરત જ તેના ગળામાંથી માળા કાઢીને ઋષિને આદર સાથે આપી દીધી. દુર્વાસા ઋષિએ તે માળા માથાની ઉપર વાળના જૂડામાં (જટામાં) ભરાવી દીધી અને આગળ ચાલવા લાગ્યા. સામેથી સ્વર્ગનો રાજા ઈન્દ્ર પોતાના ઐરાવત હાથી ઉપર બેસીને આવી રહ્યો હતો. તેની આગળ અપ્સરાઓ તથા ગંધર્વ જન ગાતા-વગાડતા ચાલી રહ્યા હતા. તે ઉપરાંત અન્ય કરોડો દેવી-દેવતા સાથે-સાથે સન્માનમાં ચાલી રહ્યા હતા. દુર્વાસા ઋષિએ પોતાના માથાથી તે માળા કાઢીને ઈન્દ્ર ઉપર ફેંકી દીધી. ઈન્દ્રએ તે માળા હાથીની ડોક (ગરદન) ઉપર મૂકી દીધી. હાથીએ તે માળા પોતાની સૂંઢથી ઉઠાવીને જમીન પર ફેંકી દીધી. જેમ કે ઈન્દ્રને કોઈ ભક્ત કે દેવ કોઈ ફૂલમાળા ભેટમાં અર્પણ કરતો હતો ઈન્દ્ર તે ભેટને હાથીની ડોક (ગરદન) પર મૂકી દેતો હતો - જ્યારે તે હાથી પર સવાર હોય ત્યારે. હાથી તે ઉઠાવીને નીચે ફેંકી દેતો હતો. આમ હાથીએ તે જ પ્રમાણે રૂટીન (routine) મુજબ તે માળા નીચે ફેંકી દીધી.

આ વાતથી ઋષિ દુર્વાસા ક્રોધિત થઈ ગયા અને બોલ્યા કે હે ઈન્દ્ર ! તને રાજ્યનું અભિમાન છે. મારા દ્વારા આપવામાં આવેલ માળાનો તેં અનાદર કર્યો છે. હું શ્રાપ આપું છું કે તારું સમગ્ર રાજ્ય નષ્ટ થઈ જાય. દેવરાજ ઈન્દ્ર એકદમ કાંપવા લાગ્યા અને બોલ્યા હે વિપ્ર ! મેં તમારી માળાને

આદરપૂર્વક ગ્રહણ કરીને હાથી ઉપર મૂકી હતી. હાથીએ પોતાની ઔપચારિકતાવશ નીચે નાંખી દીધી, મને ક્ષમા કરો. વારંવાર હાથ જોડીને હાથીથી નીચે ઉતરીને દંડવત પ્રણામ કરીને ક્ષમાયાચના ઈન્દ્રએ કરી, પરંતુ દુર્વાસા ઋષિ માન્યા નહિ અને કહ્યું કે જે મેં કહી દીધું તે પાછું નથી થઈ શકતું. થોડાક જ સમયમાં ઈન્દ્રનો સર્વનાશ થઈ ગયો, સ્વર્ગ ઉજડી (ઉજ્જડ થઈ) ગયું.

⁕ એક વાર ઋષિ દુર્વાસાજી દ્વારકા નગરીની પાસે જંગલમાં થોડાક સમય માટે રોકાયા. દ્વારકાવાસીઓને ખબર પડી કે દુર્વાસાજી તેમની નગરી પાસે આવ્યા છે. જે ત્રિકાલદર્શી મહાત્મા અને સિદ્ધિયુક્ત ઋષિ છે. દ્વારકાવાશી શ્રીકૃષ્ણથી વધુ શક્તિશાળી કોઈને પણ નહોતા માનતા. શ્રીકૃષ્ણના પુત્ર શ્રી પ્રદ્યુમ્ન સહિત કેટલાક યાદવોએ યોજના બનાવી કે સાંભળ્યું છે કે દુર્વાસાજી ત્રિકાલદર્શી છે, મનની વાત પણ બતાવી દે છે, અંર્તયામી છે, તો તેમની પરીક્ષા લઈએ. આ વિચાર કરીને પ્રદ્યુમ્નને ગર્ભવતી સ્ત્રીના સ્વાંગમાં સાથે રાખીને દસ-બાર વ્યક્તિ તેની સાથે ગયા. એક વ્યક્તિને તેનો પતિ બનાવી લીધો. દુર્વાસાજીની પાસે જઈને કહ્યું કે હે ઋષિજી ! આ સ્ત્રી પર પરમાત્માની કૃપા ઘણા દિવસો પછી થઈ છે, આને ગર્ભ રહ્યો છે, આ તેનો પતિ છે. આ બંને જણા જાણવા ઉત્સુક છે કે ગર્ભમાં છોકરો છે કે છોકરી. આપ તો અંર્તયામી છો, કૃપા કરીને બતાવો. તેમણે પ્રદ્યુમ્નના પેટ ઉપર એક લોખંડની કઢાઈ બાંધી રાખી હતી જેના ઉપર રૂ તથા જૂના વસ્ત્રો બાંધીને ગર્ભ બનાવી રાખ્યો હતો અને ઉપર સ્ત્રીના વસ્ત્રો પહેરાવી રાખ્યા હતા. ઋષિ દુર્વાસાજીએ પોતાની દિવ્ય દષ્ટિથી જોયું અને જાણ્યું કે આ મારી મજાક કરવા આવ્યા છે. દુર્વાસાજીએ કહ્યું કે આ ગર્ભથી યાદવકુળનો નાશ થશે, આટલું બોલીને ક્રોધિત થઈ ગયા. બધા વ્યક્તિઓ ત્યાંથી જતા રહ્યા.

નગરીમાં આ વાત આગની માફક ફેલાઈ ગઈ કે ઋષિ દુર્વાસાજીએ શ્રાપ આપી દીધો છે કે યાદવોનો નાશ થશે. તેમને વિશ્વાસ હતો કે અમારી સાથે સર્વ શક્તિમાન ભગવાન અખિલ બ્રહ્માંડના નાયક શ્રીકૃષ્ણ છે. દુર્વાસાના શ્રાપનો પ્રભાવ અમારી ઉપર નહીં થાય, છતાં પણ અમુક બુદ્ધિશાળી યાદવો ભેગા થઈને શ્રીકૃષ્ણજીની પાસે ગયા તથા ઋષિ દુર્વાસા સાથે બાળકો દ્વારા કરવામાં આવેલ મજાક અને ઋષિ દુર્વાસા દ્વારા આપવામાં આવેલ શ્રાપ અંગેનો સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યો. તમામ વિગત સાંભળીને શ્રીકૃષ્ણજીએ થોડીક વાર વિચાર કરીને કહ્યું કે તે બાળકોને સાથે લઈને દુર્વાસાજી પાસે જાઓ અને ક્ષમાયાચના કરો. દુર્વાસાની પાસે ગયા,ક્ષમાયાચના કરી પરંતુ દુર્વાસાએ કહ્યું કે જે મેં બોલી દીધું, તે પાછું નથી થઈ શકતું.

સર્વે વ્યક્તિઓ ફરીથી શ્રીકૃષ્ણજીની પાસે ગયા અને તમામ વિગત જણાવી. દ્વારકામાં ભોજન પણ ન બન્યું. પૂરી નગરી ચિંતામાં ડૂબી ગઈ. શ્રીકૃષ્ણએ કહ્યું કે ચિંતા કઈ વાતની ? જે વસ્તુ ગર્ભના રૂપમાં પ્રયોગ કરીહતી, તેનાથીજ તો અમારો વિનાશ થવાનો બતાવ્યો છે. એમ કરો, કાપડ તથા રૂને સળગાવી દો અને લોખંડની કઢાઈને પથ્થર પર ઘસીને પ્રભાસ ક્ષેત્ર (યમુના નદીના કિનારે આવેલ એક સ્થાનનું નામ છે) માં યમુના નદીમાં નાંખી દો. ત્યાં જ બેસીને ઘસો, ત્યાં જ ઘસ્યા બાદ ભેગા થયેલ લોખંડના ભુકકાને નદીમાં નાંખી દો, ત્યાં જ કાપડ-રૂ સળગાવ્યાની રાખ પણ પાણીમાં નાંખી દો. નહીં રહે વાંસ, નહીં વાગે વાંસળી. જ્યારે ગર્ભની વસ્તુઓ જ નહીં રહે તો અમારો નાશ કઈ રીતે થશે ? આ વાત દ્વારકાવાસીઆને ગમી ગઈ અને પોતાને સંકટ મુક્ત માનવા લાગ્યા. શ્રીકૃષ્ણજીના આદેશાનુસાર બધું કરવામાં આવ્યું. લોખંડની કઢાઈનું એક કડું પૂરી રીતે ઘસાયું નહીં અને તેને એ જ સ્થિતિમાં નદીમાં ફેંકી દીધું. તેને એક માછલી ચળકતો ખાદ્ય પદાર્થ સમજીને ખાઈ ગઈ. તે માછલીને વાલીયા નામના ભીલે પકડી લીધી. જ્યારે માછલીને કાપી તો તેમાંથી નીકળેલ ધાતુની પરખ કરાવ્યા બાદ તે ધાતુને પોતાના તીરની આગળના ભાગમાં વિષયુકત કરાવડાવીને લગાવડાવી દીધું, તેને સાચવીને રાખી લીધું. જે કઢાઈનો લોખંડનો ભુકકો નદીના પાણીમાં નાખ્યો હતો, તેનું નદીના કાંઠે ખૂબ જ તીક્ષ્ણ અને લાંબું જંગલી ઘાસ (સરકંડે જેવું ઘાસ) યમુના નદીના કાંઠે ઊગી ગયું.

થોડાક સમય ઉપરાંત દ્વારકા નગરીમાં ઉત્પાત થવા માંડ્યો. લોકો નાની-સરખી વાત પર એકબીજાનું ખૂન કરવા લાગ્યા. અંદરો-અંદર વેર-વિરોધ વધી ગયો. નગરના લોકોની આ દશા જોઈને નગરીના ગણમાન્ય વ્યક્તિઓ ભગવાન શ્રીકૃષ્ણજીની પાસે ગયા અને જે કંઈ પણ નગરીમાં થઈ રહ્યું હતું તે બતાવ્યું અને તેનું કારણ તથા સમાધાન શ્રી કૃષ્ણજીથી જાણવાની ઈચ્છા વ્યકત કરી, કારણ કે શ્રીકૃષ્ણજી યાદવ તથા પાંડવોના આધ્યાત્મિક ગુરૂ હતા. સંકટનું નિવારણ ગુરૂદેવ પાસે જ કરાવવામાં આવે છે. શ્રી કૃષ્ણજીએ કારણ બતાવ્યું કે આ તો દુર્વાસા ઋષિનો શ્રાપ ફળી રહ્યો છે. જેનું સમાધાન એ છે કે બધા નર **(male)** યાદવ પછી ચાહે તે આજનો જન્મેલો છોકરો પણ કેમ ન હોય, બધા જ પ્રભાસ ક્ષેત્રમાં જ્યાં આગળ તે કઢાઈનો ઘસીને તેનો ભુકકો જે જગ્યાએ નાંખ્યો હતો, તે જગ્યાએ જઈને યમુનામાં સ્નાન કરો, તમે શ્રાપથી મુકત થઈ જશો. બધા દ્વારકાવાસીઓએ શ્રીકૃષ્ણના

આદેશનું પાલન કર્યું. સર્વ (બધા જ) નર યાદવ પ્રભાસ ક્ષેત્રમાં શ્રાપ યુક્ત થવાના ઉદ્દેશ્યથી સ્નાન કરવા માટે ચાલી ગયા. ઋષિ દુર્વાસાના શ્રાપના કારણે બધા યાદવો સમૂહ બનાવીને ભેગા થઈ ગયા. પહેલા સ્નાન કર્યું કે શ્રાપ મુક્ત થઈ ગયા પછી થઈ શકે છે કે એકબીજાના મનના વેરભાવ દૂર થઈ જાય. પરંતુ એવું કંઈ થયું નહીં. પહેલા બધાએ સ્નાન કર્યું. પછી અંદરો-અંદર ગાળા-ગાળી શરૂ થઈ ગઈ. પછી તે ઘાસને ઉખાડીને તે ઘાસ વડે એકબીજાને મારવા લાગ્યા. એ ઘાસ લોખંડની કઢાઈના ભુકકાથી ઉગેલું હતું, તે તલવાર જેવું કાર્ય કરવા લાગ્યું. તે ઘાસનો વાર મારતાની સાથે જ માથાં-ગરદન ધડથી અલગ થઈને જમીન પર પડવા લાગ્યા. આ પ્રમાણે બધા જ યાદવો આપસમાં (અંદરો-અંદર) લડીને મૃત્યુને પ્રાપ્ત થઈ ગયા. અમુક બસો-ચારસો (**200-400**) જેટલા બાકી બચી ગયા હતા. તે જ સમયે શ્રીકૃષ્ણજી પણ ત્યાં પહોંચી ગયા. તેમણે પણ તે ઘાસ ઉખાડ્યું. તેના લોખંડના મૂસળ બની ગયા, બાકી બચેલ પોતાના કુળના વ્યક્તિઓને સ્વયં શ્રીકૃષ્ણજીએ મોતના ઘાટ ઉતારી દીધા (મારી નાંખ્યા).

એના પછી શ્રીકૃષ્ણજી એક વૃક્ષની નીચે વિશ્રામ કરવા લાગ્યા. એટલામાં દેવયોગથી તે વાલીયા નામનો ભીલ જેણે તે લોખંડની કઢાઈના કડાનું વિષયુક્ત તીર **(arrow)** બનાવડાવ્યું હતું, તે જ તીરને લઈને શિકારની શોધમાં તે જ સ્થાન પર આવી પહોંચ્યો જયાં આગળ શ્રીકૃષ્ણજી વિશ્રામ કરી રહ્યા હતા. શ્રીકૃષ્ણજીના જમણા પગના તળિયામાં પદ્મ બનેલું હતું, તેમાં **100** વોટના બલ્બ જેટલી ચમક (રોશની) હતી. વૃક્ષની ડાળીઓ નીચે સુધી લટકેલી હતી. તેમની વચ્ચેથી પદ્મની ચમક સ્પષ્ટ દેખાતી નહતી. વાલીયા ભીલે વિચાર્યું કે આ હરણની આંખ દેખાઈ રહી છે, એટલા માટે હરણને મારવાના ઉદ્દેશ્યથી તીર છોડી દીધું. જ્યારે તીર શ્રીકૃષ્ણજીના પગમાં વાગ્યું તો શ્રીકૃષ્ણજીએ કહ્યું મરી ગયો રે, મરી ગયો. વાલીયા ભીલને આભાસ થયો કે તીર કોઈ વ્યક્તિને વાગી ગયું. દોડીને ગયો તો જોયું કે દ્વારકાધીશ દર્દના માર્યા તડફી રહ્યા હતા. વાલીયાએ કહ્યું કે હે મહારાજ ! મારાથી ગફલતમાં તીર ચાલી ગયું. તમારા પગની ચમકને મેં હરણની આંખ માનીને તીર ચલાવી દીધું, મારી ભૂલ થઈ ગઈ, ક્ષમા કરો મહારાજ. શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તારાથી કોઈ ભૂલ નથી થઈ. આ તારા અને મારા ગયા જન્મનું લેણ-દેણ છે, તે મેં ચુકતે કરી દીધું. તું ત્રેતાયુગમાં સુગ્રીવનો ભાઈ બાલી (વાલી) હતો, હું રામચંદ્ર દશરથનો પુત્ર હતો. મેં પણ તને વૃક્ષની આડમાં રહીને (પાછળ સંતાઈને) દગાથી માર્યો હતો. તે અદલો-બદલો **(Tit for Tat)** પૂરો કર્યો છે.

આ પ્રમાણે દુર્વાસા ઋષિના શ્રાપથી સમગ્ર યાદવ કુળનો નાશ થયો. જે વર્તમાન (હાલમાં) યાદવો છે, એ તો તે છે જે તે સમયે માતાઓના ગર્ભમાં હતા, બાદમાં ઉત્પન્ન થયા હતા.

સૂક્ષ્મ વેદમાં લખ્યું છે :-

*ગરીબ, દુર્વાસા કોપે તહાં, સમજ ન આઈ નીચ ।*
*છપ્પન કરોડ યાદવ કટે, મચી રૂધિર કી કીચ ॥*

**સરળાર્થઃ-** દુર્વાસાએ બાળકોની મજાકને એટલી ગંભીરતાથી લીધી કે તેમના કુળનો નાશ કરવાનો શ્રાપ આપી દીધો. તે નીચ દુર્વાસાએ એમ પણ ના વિચાર્યું કે કેવો અનર્થ થઈ જશે. વાત કંઈ પણ નહતી. દુર્વાસા - નીચ ઋષિએ એટલો જુલ્મ કરી દીધો કે છપ્પન કરોડ યાદવ કપાઈને મરી ગયા અને લોહી વહેવાથી કાદવ બની ગયો.

આ જ પ્રમાણે ચુણક ઋષિએ વગર મતલબે માથે ઝઘડો લઈને માનધાતા રાજાની 72 કરોડ સેનાનો નાશ કરી દીધો.

※ એક કપિલ નામના ઋષિ હતા. જેમને ભગવાન વિષ્ણુજીના 24 અવતારો પૈકીનો એક અવતાર માનવામાં આવે છે, તે તપશ્ચર્યા કરી રહ્યા હતા.

એક સગડ નામનો રાજા હતો. તેના 60 હજાર પુત્રો હતા. કોઈ ઋષિએ બતાવ્યું કે અગર એક તળાવ, એક કૂવો, એક બગીચો બનાવી દેવામાં આવે તો એક અશ્વમેઘ યજ્ઞ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. રાજા સગડના પુત્રોએ આ કાર્ય શરૂ કરી દીધું. સમજદાર વ્યક્તિઓએ તેમને કહ્યું કે તમે આવી રીતે દરેક જગ્યાએ તળાવ, કૂવા, બગીચા બનાવતા જશો તો પૃથ્વી પર અન્ન ઉત્પન્ન કરવા માટે સ્થાન જ નહીં રહે. કોઈ રાજાએ આનો વિરોધ કર્યો તો તેની સાથે લડાઈ કરી લીધી. તે રાજા સગડના પુત્રોએ એક ઘોડો પોતાની સાથે લીધો. તેના ગળામાં પત્ર લખીને બાંધી દીધો કે અગર કોઈ અમારા કાર્યમાં અવરોધ ઊભો કરવા માંગે છે તો તે આ ઘોડાને પકડી લે અને યુદ્ધ માટે તૈયાર થઈ જાય. હવે આવા ગાંડા-મગજ વગરનાઓ સાથે કોણ ટક્કર લે - સામનો કરે ? પૃથ્વીદેવી એક ગાયનું રૂપ ધારણ કરીને ભગવાન વિષ્ણુજીની પાસે ગઈ અને કહ્યું કે હે ભગવાન ! પૃથ્વી પર એક સગડ રાજા છે, તેના 60 હજાર પુત્રો છે. તેમને એવી ચસક ઉપડી છે કે મને આખી ખોદી નાંખી. ત્યાં મનુષ્યોના ખાવા માટે અન્ન પણ ઉત્પન્ન નથી થઈ શકતું. ભગવાન વિષ્ણુએ કહ્યું તમે જાવ, હવે તેઓ કંઈ નહીં કરે. ભગવાન વિષ્ણુએ દેવરાજ ઈન્દ્રને બોલાવ્યા અને સમજાવ્યું કે રાજા સગડના 60 હજાર પુત્રો યજ્ઞ કરી રહ્યા છે. અગર તેમના દ્વારા 100 યજ્ઞો પૂર્ણ થઈ ગયા તો

**તમારે ઈન્દ્રની ગાદી તેમને આપવી પડશે, માટે સમયસર કંઈક કરી શકો તો કરી લો. ઈન્દ્રએ તેના નોકરો મોકલ્યા અને તેમને બધું સમજાવી દીધું. રાત્રિના સમયે રાજા સગડના પુત્રો ઊંઘી રહ્યા હતા. તેમનો ઘોડો વૃક્ષની સાથે બાંધી રાખ્યો હતો. દેવરાજ ઈન્દ્રના તે ફરિશ્તાઓએ ઘોડો છોડીને તપસ્વી કપિલની જાંઘ સાથે બાંધી દીધો. કપિલ ઋષિ વર્ષોથી તપસ્યામાં મગ્ન હતા. જેથી તેમનું શરીર અસ્થિ પિંજર જેવું થઈ ગયું હતું. તે આસન પદ્મ ગાડીને બેઠા હતા, પગ ખૂબ જ પાતળા થઈ ગયા હતા. જેમકે વરસાદના કારણે વૃક્ષની માટી ધોવાઈ જાય ને વરસાદનું પાણી વૃક્ષની માટીને તેના મૂળ સુધી ધોઈ નાંખે ત્યારે બે મૂળીયા વચ્ચે જે 6-7 ઈંચનું અંતર (gap) થઈ જાય છે, ઋષિ કપિલજીના પગ એવા દેખાતા હતા. ઈન્દ્રના નોકરોએ તે ઘોડાને કપિલ ઋષિના પગની વચ્ચેના ભાગે જાંઘ સાથે દોરડાથી બાંધી દીધો.**

**રાજાના પુત્રોએ સવારે ઉઠતાની સાથે જ ઘોડો જોયો, જે ત્યાં દેખાયો નહીં. તેની શોધમાં યુદ્ધ કરવાની તૈયારી કરીને 60 હજારનો સમૂહ નીકળી પડ્યો. ઘોડાના પગના નિશાન જોઈને તેની પાછળ પાછળ ચાલતા તેઓ કપિલ મુનિના આશ્રમમાં પહોંચી ગયા. ઘોડાને બાંધેલો જોઈને સગડ રાજાના પુત્રોએ ઋષિની કાંખમાં (બંને હાથની નીચેના ભાગની બગલમાં જેને હરિયાણવી ભાષામાં હીંખ કહે છે) ભાલા ખોસી દીધા. કપિલ ઋષિની આંખની પાંપણો એટલી બધી વધી ગઈ હતી કે છેક જમીનને અડી રહી હતી. ઋષિને પીડા થઈ તો ક્રોધવશ પાંપણોને હાથ વડે ઉઠાવી, આંખોમાંથી અગ્નિબાણ છૂટચા. 60 હજાર સગડના પુત્રોની સેના પૂલની જેમ (લાઈનસર) ઢગલો થઈ ગઈ એટલે કે સગડના 60 હજાર પુત્રો મરીને ઢગલો થઈ ગયા.**

**સૂક્ષ્મવેદમાં કહ્યું છે કે :**

*60 હજાર સગડ કે હોતે, કપિલ મુનિશ્વર ખાએ ।*
*જૈ પરમેશ્વર કી કરેં ભક્તિ, તો અજર-અમર હો જાએ ॥*
*72 ક્ષૌણી ખા ગયા, ચુણક ઋષિશ્વર એક ।*
*દેહ ધારેં જૌરા ફિરૈં, સભી કાલ કે ભેષ ॥*
*દુર્વાસા કોપે તહાં, સમજ ન આઈ નીચ ।*
*56 કરોડ યાદવ કટે, મચી રૂધિર કી કીચ ॥*

**ભાવાર્થ:- કપિલ મુનિજી, ચુણક મુનિજી તથા દુર્વાસા મુનિજી સંસારમાં કેટલા પ્રસિદ્ધ છે. એ તમામ કાળ બ્રહ્મની ભક્તિ કરવાવાળા**

ભેખધારી ઋષિઓ છે. એ તમામ હરતી-ફરતી મૃત્યુની દુકાન હતી. મનુષ્ય રૂપમાં ચાલતી ફરતી ધાલ છે (ધાલ = એક માટીના નાના માટલાને તાંત્રિક દ્વારા તાંત્રિક વિદ્યાથી આકાશમાં ઉડાવીને દુશ્મન ઉપર છોડે છે. તેનાથી ખૂબ જ નુકસાન થાય છે.) ભૂલથી ભોળા પ્રાણી એમને મહાન આત્મા માને છે. (આવા ઋષિઓને ભૂલથી મહાન માની લે છે)

એ બધા જ્ઞાની આત્મા હતા, એ બધા ઉદાર હૃદયના હતા. તેમણે પરમાત્માની પ્રાપ્તિ માટે પોતાનું કલ્યાણ કરાવવા માટે તન-મન-ધન અર્પણ કરી દીધું, પરંતુ તત્વદર્શી સંત ના મળવાને કારણે તેમણે કાળ બ્રહ્મને એક સમર્થ પ્રભુ માનીને ભૂલ કરી અને તેની જ સાધના ઓમ (ॐ) નામના જાપ સાથે વધારે પ્રમાણમાં હઠયોગ - સમાધિ દ્વારા કરી. જેનાથી પરમાત્માની પ્રાપ્તિ તો છે જ નહીં, ઉલ્ટાનું નુકસાન થાય છે. કારણકે આ સાધના શાસ્ત્ર વિરુદ્ધ છે.

ગીતા અધ્યાય-16 શ્લોક-23-24માં કહ્યું છે કે શાસ્ત્રવિધિને ત્યાગીને જે મનમાન્યું (મનમરજીવાળું) આચરણ કરે છે, તેની સાધના વ્યર્થ છે. તે ઉદાર આત્માઓ આ જ કારણવશ કાળ બ્રહ્મની અનુત્તમ (ખરાબ) ગતિમાં જ સ્થિત રહ્યા.

ગીતા અધ્યાય-17 શ્લોક 5-6માં કહ્યું છે કેઃ-

※ જે મનુષ્ય શાસ્ત્રવિધિ રહિત કેવળ મન કલ્પિત ઘોર તપને તપે છે અને દંભ અહંકારથી યુકત, કામના, આશક્તિ અભિમાનથી યુકત છે. (ગીતા અધ્યાય-17 શ્લોક-5)

※ શરીરમાં સ્થિત સર્વ કમળોમાં દેવ શક્તિઓ તથા પૂર્ણ પરમાત્મા તથા મને પણ કૃશ કરવાવાળા એટલે કે કષ્ટ આપવાવાળા અજ્ઞાનીઓને તું આસુરી (રાક્ષસ) સ્વભાવના જાણ. (ગીતા અધ્યાય-17 શ્લોક-6)

※ આ જ પ્રમાણ ગીતા અધ્યાય-16 શ્લોક-17 થી 20માં છે.

તેઓ પોતે પોતાને જ શ્રેષ્ઠ માનવાવાળા ઘમંડી પુરૂષો ધન અને માનના મદથી યુકત થઈને કેવળ નામ-માત્રના યજ્ઞો વડે ઢોંગ કરીને શાસ્ત્રવિધિ રહિત પૂજન કરે છે (ગીતા અધ્યાય-16 શ્લોક-17)

※ અહંકાર, બળ, ઘમંડ, કામના, ક્રોધ વગેરેને આધીન રહેવાવાળા તથા બીજાની નિંદા કરવાવાળા પુરૂષ પોતાના અને બીજાના શરીરમાં સ્થિત (રહેલ) મારાથી જ દ્વેષ કરવાવાળા હોય છે. (ગીતા અધ્યાય-16 શ્લોક-18)

※ એવા એ દ્વેષ કરવાવાળા, પાપાચારીઓ અને ક્રૂરકર્મી ''જે વચનથી કરોડો વ્યક્તિઓની હત્યા કરવાવાળા'' નરાધમો એટલે કે નીચ

**મનુષ્યોને હું સંસારમાં વારંવાર આસુરી એટલે કે રાક્ષસી યોનિઓમાં જ નાંખું છું. (ગીતા અધ્યાય-16 શ્લોક 19) સૂક્ષ્મવેદમાં પણ તેમણે નીચે પ્રમાણે કહ્યા છેઃ-**

*દુર્વાસા કોપે તહાં, સમજ ન આઈ નીચ ।*
*56 કરોડ યાદવ કટે, મચી રૂધિર કી કીચ ।।*

*** હે અર્જુન ! એ મૂર્ખાઓ મને પામ્યા વિના જ જન્મોજનમ આસુરી યોનિને પામે છે, પછી એનાથીય ઘણી નીચ ગતિને પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે. (ગીતા અધ્યાય-17 શ્લોક-20)**

**ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થયું કે ગીતા અધ્યાય-7 શ્લોક-18માં ગીતા જ્ઞાનદાતાએ પોતાની સાધનાથી થવાવાળી ગતિને પણ એટલા માટે અનુત્તમ એટલે કે અશ્રેષ્ઠ (ખરાબ / ઘટિયા) કહી છે. કહ્યું છે કેઃ-**

*** ગીતા અધ્યાય-7 શ્લોક-18 ગીતા જ્ઞાનદાએ કહ્યું છે કે જે ચોથા પ્રકારના જ્ઞાની સાધક છે, તે બધા છે તો ઉદાર કારણ કે પરમાત્મા પ્રાપ્તિ માટે પોતાના શરીરની નષ્ટ (નાશ) થવાની પણ ચિંતા કરી નથી અને હજારો વર્ષ ભૂખ્યા-તરસ્યા સાધના કરતા રહ્યા, પરંતુ તત્વદર્શી સંત ન મળવાના કારણે તે બધા મારી અનુત્તમ એટલે કે અશ્રેષ્ઠ (ખરાબ) ગતિ એટલે કે બ્રહ્મ સાધનાથી થવાવાળો મોક્ષ જે ઉપર જણાવેલ ઋષિઓને થયો, તેમાં સ્થિત રહ્યા એટલે કે જન્મ-મરણ, ચોર્યાસી લાખ યોનિઓના ચકકરવાળી ગતિમાં રહી ગયા. (ગીતા અધ્યાય-7 શ્લોક-18)**

*** નિષ્કર્ષઃ- ચુણક ઋષિ, દુર્વાસા ઋષિ તથા કપિલ ઋષિએ જે ઓમ્ (ॐ) નામનો જાપ કર્યો, તેની ભક્તિના ફળસ્વરૂપે એ થોડોક સમય બ્રહ્મ લોકમાં જશે. ત્યાં ભક્તિ સમાપ્ત કરીને ફરીથી પૃથ્વી પર રાજા બનશે કારણકે સૂક્ષ્મવેદમાં લખ્યું છે :-**

*તપ સે રાજ, રાજ મધ માનમ્, જન્મ તીસરે શુકર સ્વાનમ્ ।*

**પછી કૂતરો, ગધેડો બનશે. પછી નરકમાં જશે. જ્યારે કૂતરો બનશે ત્યારે તેના માથામાં કીડા પડશે. જે વ્યક્તિઓ એમના શ્રાપથી મરી ગયા હતા, તેમનું પાપ એમણે (ઋષિઓએ) ભોગવવું પડશે. કીડા તેમનું માંસ તોડી તોડીને ખાશે. એટલા માટે ગીતામાં પણ આવા સાધકોની બાબતમાં જે બતાવ્યું છે, તે બધું આપજીએ ઉપર વાંચી લીધું.**

*** ઉપરોક્ત કથાઓનો સારાંશઃ-**

**(1) બ્રહ્મ સાધના અનુત્તમ (ખરાબ) છે.**

(2) ત્રણ તાપને શ્રીકૃષ્ણજી પણ સમાપ્ત નથી કરી શક્યા. શ્રાપ આપવો - એ પણ ત્રણ તાપ (દૈવિક તાપ)માં આવે છે. દુર્વાસાના શ્રાપના શિકાર સ્વયં શ્રીકૃષ્ણ સહિત તમામ યાદવ પણ થઈ ગયા.

(3) શ્રીકૃષ્ણજીએ શ્રાપમુક્ત થવા માટે યમુનામાં સ્નાન કરવા માટે કહ્યું, આવું સમાધાન બતાવ્યું હતું. તેનાથી શ્રાપ તો નાશ ના થયો પણ યાદવોનો નાશ અવશ્ય થઈ ગયો.

**વિચાર કરોઃ-** જે અન્ય સંત અથવા બ્રાહ્મણ આવાં સ્નાન અથવા તીર્થ કરવાથી સંકટ મુક્ત કરવાની સલાહ આપે છે, તે કેટલી અસરકારક છે? એટલે કે વ્યર્થ છે કારણકે જ્યારે ભગવાન ત્રિલોકીનાથ દ્વારા બતાવેલ સમાધાન એટલે કે યમુના સ્નાનથી કોઈ લાભ ન થયો તો અન્ય (બીજા) ટટ્ પુંજીયો (ઘાટો પર પૂજા કરાવવા વાળાઓ), બ્રાહ્મણો તથા ગુરૂઓ દ્વારા બતાવેલ સ્નાન વગેરે સમાધાનથી કંઈ પણ ફાયદો થવાનો નથી.

(4) પહેલા શ્રી કૃષ્ણજીએ દુર્વાસાના શ્રાપથી બચાવ માટેનો કીમિયો (રસ્તો) બતાવ્યો હતો. તે કઢાઈને ઘસીને, ભુકકો બનાવીને - ભુકકારૂપી ચૂર્ણને પ્રભાસ ક્ષેત્રમાં યમુના નદીમાં નાંખી દો, નહીં રહે વાંસ, નહીં વાગે વાંસળી, વાંસ પણ રહી ગયો ને 56 કરોડ યાદવોની વાંસળી પણ વાગી ગઈ. (આવી શાસ્ત્ર વિરુદ્ધ અજ્ઞાનથી ભરેલી સલાહ કોઈ કામમાં નથી આવતી)

સજ્જનો !

વર્તમાન (હાલ)માં બુદ્ધિશાળી માનવ છે, શિક્ષિત છે. મારા દ્વારા (સંત રામપાલદાસ દ્વારા) બતાવેલા જ્ઞાનને શાસ્ત્રો સાથે સરખાવો, પછી ભક્તિ કરીને જુઓ, શું કમાલ થાય છે.

પ્રસંગ આગળ ચલાવીએ :-

(1) ત્રણ ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી તથા તમોગુણ શિવજીની ભક્તિ કરવી વ્યર્થ છે તેમ સિદ્ધ થયું.

(2) ગીતા જ્ઞાનદાતા બ્રહ્મની ભક્તિ સ્વયં ગીતા જ્ઞાનદાતાએ ગીતા અધ્યાય-7 શ્લોક-18માં અનુત્તમ (અશ્રેષ્ઠ - ખરાબ) બતાવી છે. તેણે ગીતા અધ્યાય-18 શ્લોક-62માં તે પરમેશ્વર એટલે કે પરમ અક્ષર બ્રહ્મની શરણમાં જવાનું કહ્યું છે. આ પણ કહ્યું છે કે તે પરમેશ્વરની કૃપાથી જ તું પરમ શાંતિ તથા સનાતન પરમધામને પ્રાપ્ત થઈશ.

(3) ગીતા અધ્યાય-15 શ્લોક 1 થી 4માં સંસારરૂપી વૃક્ષનું વર્ણન છે તથા તત્વદર્શી સંતની ઓળખ પણ બતાવી છે. સંસારરૂપી વૃક્ષના બધા (જુદા જુદા) ભાગો, જડે (મૂળ) કયા પરમેશ્વર છે ? થડ કયા પ્રભુ છે ? (મુખ્ય) ડાળ કયા પ્રભુ છે, ડાળી/શાખાઓ કયા કયા દેવતા છે ? પાંદડારૂપી સંસાર બતાવ્યો છે.

આ જ અધ્યાય-15 શ્લોક-16માં સ્પષ્ટ કર્યું છે કે:-

(1) ક્ષર પુરૂષ (આ 21 બ્રહ્માંડના પ્રભુ છે):- આને બ્રહ્મ, કાળ બ્રહ્મ, જયોતિ નિરંજન પણ કહેવામાં આવે છે, એ નાશવાન છે. આપણે આના લોકમાં રહીએ છીએ. આપણે બધાએ આના લોકમાંથી મુક્ત થવાનું છે તથા આપણા પરમાત્મા કબીરજીની પાસે સત્યલોકમાં જવાનું છે.

(2) અક્ષર પુરૂષ:- આ 7 શંખ બ્રહ્માંડોનો પ્રભુ છે, એ પણ નાશવાન છે. આપણે આના 7 શંખ બ્રહ્માંડોના ક્ષેત્રમાંથી પસાર થઈને સત્યલોક જવાનું છે એટલા માટે તેનો ટોલ ટેક્સ આપવાનો છે (તેના લોકમાંથી પસાર થવાનું રસ્તાનું ભાડું આપવાનું છે). બસ આનાથી આપણને આટલું જ કામ છે.

ગીતા અધ્યાય-15 શ્લોક-17માં કહ્યું છે કે:-

*ઉત્તમ પુરૂષ: તુ અન્ય: પરમાત્મા ઈતિ ઉદાહૃત: ।*

*ય: લોક ત્રયમ્ આવિશ્ય વિભર્તિ અવ્યય: ઈશ્વર: ।।*

**સરળાર્થ:-** ગીતા અધ્યાય-15 શ્લોક-16માં કહેલ બે પુરૂષ, એક ક્ષર પુરૂષ બીજો અક્ષર પુરૂષ છે. એ બન્નેથી અન્ય છે ઉત્તમ પુરૂષ – એટલે કે પુરૂષોત્તમ તેને જ પરમાત્મા કહે છે જે ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું ધારણ-પોષણ કરે છે. તે જ વાસ્તવમાં અવિનાશી પરમેશ્વર છે (ગીતા અધ્યાય-15 શ્લોક-17) ગીતા અધ્યાય-3, શ્લોક 14-15 માં પણ સ્પષ્ટ કર્યું છે કે સર્વગતમ્ બ્રહ્મ એટલે કે સર્વવ્યાપી પરમાત્મા, જે સચ્ચિદાનંદ ધન બ્રહ્મ છે, તેને વાસુદેવ પણ કહે છે, જેના વિષયમાં ગીતા અધ્યાય-7 શ્લોક 19માં કહ્યું છે. તે જ સદા યજ્ઞો એટલે કે ધાર્મિક અનુષ્ઠાનોમાં પ્રતિષ્ઠિત છે એટલે કે ઈષ્ટ રૂપમાં પૂજય છે.

પૂર્ણ ગુરૂથી દીક્ષા લઈને મર્યાદામાં (નિયમમાં) રહીને ભક્તિ કરો. આ પ્રમાણે ''જીવવાના માર્ગ'' પર ચાલીને સંસારમાં સુખી જીવન જીવો અને મોક્ષરૂપી મંઝિલને પ્રાપ્ત કરો.

●

# ✪ સૃષ્ટિ રચના

### *(સૂક્ષ્મવેદથી નિષ્કર્ષરૂપ સૃષ્ટિરચનાનું વર્ણન)*

પ્રભુપ્રેમી આત્માઓ, પહેલી વખત નીચે મુજબની સૃષ્ટિરચનાને વાંચશે તો એમ લાગશે કે જાણે કોઈ દંતકથા હોય, પરંતુ તમામ પવિત્ર સદ્ગ્રંથોનાં પ્રમાણોને વાંચીને આશ્ચર્ય પામશે કે આ વાસ્તવિક અમૃતજ્ઞાન ક્યાં છુપાયેલું હતું ? કૃપા કરી ધીરજની સાથે વાંચતા રહો તથા આ અમૃતજ્ઞાનને સુરક્ષિત રાખજો. તમારી 101 પેઢી સુધી કામ લાગશે. પવિત્ર આત્માઓ કૃપા કરી સત્યનારાયણ (અવિનાશી પ્રભુ સતપુરુષ) દ્વારા રચેલ સૃષ્ટિરચનાનું વાસ્તવિક જ્ઞાન વાંચો.

**(1) પૂર્ણબ્રહ્મ :-** આ સૃષ્ટિરચનામાં સતપુરુષ - સતલોકનો સ્વામી (પ્રભુ), અલખ પુરુષ - અલખલોકનો સ્વામી (પ્રભુ), અગમ પુરુષ - અગમલોકનો સ્વામી (પ્રભુ) તથા અનામી પુરુષ - અનામી અકહ લોકનો સ્વામી (પ્રભુ) તો એક જ પૂર્ણ બ્રહ્મ છે, જે વાસ્તવમાં અવિનાશી પ્રભુ છે, જે અલગ-અલગ રૂપ ધારણ કરીને પોતાના ચારેય લોકોમાં રહે છે, જેના અંતર્ગત અસંખ્ય બ્રહ્માંડો આવે છે.

**(2) પરબ્રહ્મ :-** આ ફક્ત સાત સંખ બ્રહ્માંડોનો સ્વામી (પ્રભુ) છે. આ અક્ષરપુરુષ પણ કહેવાય છે. પરંતુ આ તથા તેના બ્રહ્માંડો પણ વાસ્તવમાં અવિનાશી નથી.

**(3) બ્રહ્મ :-** આ ફક્ત એકવીસ બ્રહ્માંડોનો સ્વામી (પ્રભુ) છે. આ ક્ષરપુરુષ, જ્યોતિ નિરંજન, કાળ વગેરે ઉપનામોથી ઓળખાય છે. આ તથા તેના સર્વે બ્રહ્માંડો નાશવાન છે.

(ઉપરોક્ત ત્રણે પુરૂષો (પ્રભુઓ)નું પ્રમાણ પવિત્ર શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય 15 શ્લોક 16-17 માં પણ છે.)

**(4) બ્રહ્મા :-** બ્રહ્મા - આ બ્રહ્મ (કાળ)નો જ જયેષ્ઠ પુત્ર છે. વિષ્ણુ બીજા નંબરનો પુત્ર છે તથા શિવ અંતિમ ત્રીજા નંબરનો પુત્ર છે. આ ત્રણેય બ્રહ્મ (કાળ)ના પુત્રો ફક્ત એક બ્રહ્માંડમાં એક વિભાગ (ગુણ)ના સ્વામી (પ્રભુ) છે તથા નાશવાન છે. વિસ્તૃત વિવરણ માટે કૃપા કરીને નીચે લખેલ સૃષ્ટિરચના વાંચો :-

[કવિર્દેવ (કબીર પરમેશ્વર) એ સૂક્ષ્મવેદ એટલે કે કબિર્વાણીમાં પોતાના દ્વારા રચેલ સૃષ્ટિનું જ્ઞાન પોતે જ બતાવ્યું છે જે નીચે મુજબ છે.]


સર્વ પ્રથમ કેવળ એક સ્થાન ''અનામી (અનામય) લોક'' હતું. જેને અકહ લોક પણ કહેવામાં આવે છે, પૂર્ણપરમાત્મા તે અનામી લોકમાં એકલા

# પરમેશ્વર કબીર સાહેબના અસંખ્ય બ્રહ્માંડોનું લઘુ ચિત્ર

**અનામી લોક : આ લોકમાં કબીર સાહેબ અનામી પુરૂષના રૂપમાં રહે છે. અહીં એકલા છે.**

**અગમ લોક : આ લોકમાં પણ કબીર સાહેબ અગમ પુરૂષના રૂપમાં રહે છે.**

**અલખ લોક : આ લોકમાં પણ કબીર સાહેબ અલખ પુરૂષના રૂપમાં રહે છે.**



રહેતા હતા. તે પરમાત્માનું વાસ્તવિક નામ કવિર્દેવ એટલે કે કબીર પરમેશ્વર છે. બધા આત્માઓ તે પૂર્ણ માલિકના શરીરમાં સમાયેલા હતા. આજ કવિર્દેવનું ઉપમાત્મક (પદવીનું) નામ અનામી પુરુષ છે (પુરુષનો અર્થ પ્રભુ થાય છે. પ્રભુએ મનુષ્યને પોતાના રૂપમાં જ બનાવ્યા છે, એટલા માટેમાનવનું નામ પણ પુરુષ જ પડ્યું છે.) અનામી પુરુષના એક રોમનો (શરીરના એક રૂંવાટાનો) પ્રકાશ અસંખ્ય સૂર્યોની રોશનીથી પણ વધારે છે.

**વિશેષ :-** જેમ કે કોઈ દેશના આદરણીય પ્રધાનમંત્રીજીના શરીરનું નામ તો બીજું હોય છે તથા હોદ્દાનું ઉપમાત્મક (પદવીનું) નામ પ્રધાનમંત્રી હોય છે. ઘણી વખતે પ્રધાનમંત્રીજી પોતાના હસ્તક અનેક વિભાગો રાખી લે છે, ત્યારે જે પણ વિભાગના દસ્તાવેજો ઉપર સહી કરે છે તો તે સમયે તે જ હોદ્દો લખે છે. જેમ કે ગૃહમંત્રાલયના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરશે તો પોતાને ગૃહમંત્રી લખશે. ત્યાં એજ વ્યક્તિના હસ્તાક્ષરની શક્તિ ઓછી હોય છે. આ જ પ્રમાણે કબીર પરમેશ્વર (કવિર્દેવ) ની રોશનીમાં અંતર અલગ અલગ લોકોમાં થતું જાય છે.

ઠીક, આ જ પ્રમાણે પૂર્ણપરમાત્મા કવિર્દેવે (કબીર પરમેશ્વરે) નીચેના ત્રણ બીજા લોકો (અગમલોક, અલખલોક, સતલોક)ની રચના શબ્દ (વચન)થી કરી. આ જ પૂર્ણબ્રહ્મ પરમાત્મા કવિર્દેવ, (કબીર પરમેશ્વર) જ અગમલોકમાં પ્રગટ થયા તથા કવિર્દેવ (કબીર પરમેશ્વર) અગમલોકના પણ સ્વામી છે તથા ત્યાં તેમનું ઉપમાત્મક (પદવીનું) નામ અગમ પુરુષ એટલે કે અગમ પ્રભુ છે. આ જ અગમ પ્રભુનું માનવ સદશ (માનવ આકાર જેવું) શરીર બહુ જ તેજોમય છે જેના એક રોમ કુંપનો પ્રકાશ ખરબ સૂર્યોના પ્રકાશથી પણ ઘણો વધારે છે.

આ પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીરદેવ = કબીર પરમેશ્વર) જ અલખલોકમાં પ્રગટ થયા તથા પોતે જ અલખલોકના સ્વામી પણ છે તથા ઉપમાત્મક (હોદ્દાનું) નામ અલખ પુરુષ પણ આ જ પરમેશ્વરનું છે તથા આ પૂર્ણપ્રભુનું માનવસદૃશ શરીર તેજોમય (स्वर्ज्योति) સ્વયં પ્રકાશિત છે. એક રોમ કુંપનો પ્રકાશ અરબ સૂર્યોના પ્રકાશથી પણ વધારે છે.

આ જ પૂર્ણપ્રભુ સતલોકમાં પ્રગટ થયા તથા સતલોકના પણ સ્વામી આ જ છે. એટલા માટે તેમનું જ ઉપમાત્મક (હોદ્દાનું) નામ સતપુરુષ (અવિનાશી પ્રભુ) છે. આનું જ નામ અકાલમૂર્તિ - શબ્દસ્વરૂપી રામ - પૂર્ણબ્રહ્મ - પરમ અક્ષર બ્રહ્મ વગેરે છે. આ જ સતપુરુષ કવિર્દેવ (કબીર પ્રભુ) નું માનવ સ્વરૂપ જેવું દેખાતું શરીર તેજોમય છે જેના એક રોમ કુંપનો પ્રકાશ કરોડ સૂર્યો તથા એટલા જ ચંદ્રમાઓના પ્રકાશથી પણ વધુ છે.

આ કવિર્દેવે (કબીર પ્રભુએ) સતપુરુષ રૂપમાં પ્રગટ થઈને સતલોકમાં બિરાજમાન થઈને પ્રથમ સતલોકમાં અન્ય (બીજી) રચના કરી.

એક શબ્દ (વચન) થી સોળ દ્વિપોની રચના કરી. પછી સોળ શબ્દોથી સોળ પુત્રોની ઉત્પત્તિ કરી. એક માનસરોવરની રચના કરી જેમાં અમૃત ભર્યું. સોળ પુત્રોનાં નામ છે :-

(1) 'કૂર્મ' (2) 'જ્ઞાની' (3) 'વિવેક' (4) 'તેજ' (5) 'સહજ' (6) 'સંતોષ' (7) 'સુરતિ' (8) 'આનંદ' (9) 'ક્ષમા' (10) 'નિષ્કામ' (11) 'જલરંગી' (12) 'અચિન્ત' (13) 'પ્રેમ' (14) 'દયાલ' (15) 'ધૈર્ય' (16) 'યોગ સંતાયન' એટલે કે 'યોગજીત'.

સતપુરુષ કવિર્દેવે પોતાના પુત્ર અચિન્તને સત્યલોકની અન્ય રચનાનો ભાર સોંપ્યો તથા શક્તિ પ્રદાન કરી. અચિન્તે અક્ષરપુરુષ (પરબ્રહ્મ)ની શબ્દથી ઉત્પત્તિ કરી તથા કહ્યું કે મારી મદદ કરજો. અક્ષર પુરુષ સ્નાન કરવા માનસરોવર ગયા, ત્યાં આનંદ આવ્યો અને ઊંઘી ગયા. લાંબા સમય સુધી બહાર આવ્યા નહિ ત્યારે અચિન્તની પ્રાર્થના પર અક્ષર પુરુષને ઊંઘમાંથી ઉઠાડવા માટે કવિર્દેવે (કબીર પરમેશ્વરે) તે માનસરોવરમાંથી જ થોડું અમૃતજળ લઈને ઈંડુ બનાવ્યું તથા તે ઈંડામાં એક આત્માનો પ્રવેશ કરાવીને પછી ઈંડાને માનસરોવરના અમૃતજળમાં મૂક્યું. ઈંડાના ગડગડાહટથી અક્ષર પુરુષની ઊંઘ ભંગ થઈ. તેણે ઈંડાને ક્રોધથી જોયું જેના કારણે ઈંડાના બે ભાગ થઇ ગયા. તેમાંથી જ્યોતિ નિરંજન (ક્ષર પુરુષ) નીકળ્યો જે આગળ ચાલીને 'કાળ' કહેવાયો. તેનું વાસ્તવિક નામ ''કૈલ'' છે. ત્યારે સતપુરુષે (કવિર્દેવે) આકાશવાણી કરી કે તમે બન્ને બહાર આવો અને અચિન્તના દ્વિપમાં રહો. આજ્ઞા મળવાથી અક્ષરપુરુષ તથા ક્ષરપુરુષ (કૈલ) બંને અચિન્તનાં દ્વિપમાં રહેવા લાગ્યા. [(સતપુરૂષ કવિર્દેવે) બાળકોની નાલાયકી એમને (બાળકોને) જ બતાવી કે ક્યાંક ફરીથી પ્રભુતાની તડપ ન બની જાય, કારણ કે સમર્થ વગર કાર્ય સફળ થતા નથી)] પછી પૂર્ણમાલિક કવિર્દેવે સર્વ રચના સ્વયં કરી. પોતાની શબ્દશક્તિથી એક રાજેશ્વરી (રાષ્ટ્રી) શક્તિ ઉત્પન્ન કરી, જેનાથી સર્વ બ્રહ્માંડોને સ્થાપિત કર્યા. આને જ પરાશક્તિ પરાનંદની પણ કહે છે. પૂર્ણ બ્રહ્મે (કવિર્દેવે) સર્વ આત્માઓને પોતાના જ અંદરથી પોતાની વચનશક્તિથી પોતાના માનવશરીર અનુરૂપ ઉત્પન્ન કર્યા. દરેક હંસ આત્માનું પરમાત્મા જેવું જ (નૂરીરૂપ) શરીર રચ્યું, જેનું તેજ સોળ (16) સૂર્યો જેટલું માનવ આકાર જેવું જ છે. પરંતુ પરમેશ્વરના શરીરના એક રોમ કુંપનો પ્રકાશ કરોડો સૂર્યોથી પણ વધુ છે. ઘણા સમય બાદ ક્ષર

**પુરુષ (જ્યોતિ નિરંજન) એ વિચાર્યું કે અમે ત્રણેય (અચિન્ત, અક્ષર પુરુષ - ક્ષર પુરુષ) એક જ દ્વિપમાં રહીએ છીએ તથા અન્ય (બીજા પંદર પુત્રો) એક-એક દ્વિપમાં રહે છે. હું પણ સાધના કરીને અલગ દ્વિપ પ્રાપ્ત કરીશ. તેણે આવો વિચાર કરીને એક પગ ઉપર ઊભા રહીને સિત્તેર (70) યુગ સુધી તપ કર્યું.**

## ● ''આત્માઓ કાળની જાળમાં કેવી રીતે ફસાયા ?''

**વિશેષ (ખાસ) : જયારે બ્રહ્મ (જ્યોતિ નિરંજન) તપ કરી રહ્યો હતો ત્યારે આપણે તમામ આત્માઓ, જે આજે જ્યોતિ નિરંજનના એકવીસ બ્રહ્માંડોમાં રહીએ છીએ તેની સાધના પર તે વખતે આસકત થઈ ગયા તથા અંતર આત્માથી તેને ચાહવા લાગ્યા. પોતાના સુખદાયી પ્રભુ (સત્ય પુરૂષ)થી વિમુખ થઈ ગયા. જેના કારણે પતિવ્રતા પદથી પડી ગયા. પૂર્ણપ્રભુ દ્વારા વારંવાર સાવધાન કરવા છતાં પણ આપણી આસક્તિ ક્ષર પુરુષથી હટી નહિ.** [આ જ પ્રભાવ (આજ લક્ષણ) આજે પણ કાળ સૃષ્ટિમાં વિદ્યમાન છે. જેમકે નવજુવાન છોકરાઓ ફિલ્મી સિતારાઓ (અભિનેતા, અભિનેત્રી)ની બનાવટી અદાઓ (નાચ,ગાન) તથા પોતાના રોજગાર ઉદ્દેશ્યથી કરી રહેલ ભૂમિકા પર અતિ આશક્ત થઈ જાય છે. રોકવાથી પણ નથી રોકાતા. અગર કોઈ અભિનેતા અથવા અભિનેત્રી નજીકના શહેરમાં આવી જાય તો જોઈ લેજો તે નાદાન (નાસમજ) છોકરાઓની ભીડ ફક્ત દર્શનના હેતુથી જ મોટી સંખ્યામાં એકઠી થઈ જાય છે. ''લેવાનું કંઈ નહિ અને ગુમાવવાનું ડબ્બલ'' રોજી રોટી તો અભિનેતાઓ કમાઈ રહ્યા છે, નવજુવાન બાળકો લૂંટાઈ રહ્યા છે. માતા-પિતા ગમે તેટલું સમજાવે પરંતુ છોકરાઓ માનતા નથી. મોકો મળે એટલે ગમે ત્યાં - ગમે ત્યારે ચોરીછુપીથી જતા જ રહેતા હોય છે]

**પૂર્ણબ્રહ્મ કવિર્દેવ (કબીર પ્રભુ) એ ક્ષર પુરુષને પૂછ્યું કે બોલો, શું ઈચ્છો છો ? તેણે કહ્યું કે પિતાજી, આ સ્થાન મારા માટે ઓછું છે, મને અલગથી દ્વિપ પ્રદાન કરવાની કૃપા કરો. હક્કા કબીરે (સત્ કબીરે) તેને એકવીસ (21) બ્રહ્માંડ પ્રદાન કરી દીધા. થોડાક સમય ઉપરાંત જ્યોતિ નિરંજને વિચાર્યું કે આમાં થોડીક રચના કરવી જોઈએ. ખાલી બ્રહ્માંડો (પ્લોટ) શું કામના ? આમ વિચારીને બીજી વખત પણ 70 યુગ તપ કરીને પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીર પ્રભુ) પાસેથી રચના સામગ્રીની યાચના કરી. સતપુરુષે તેને ત્રણ ગુણ તથા પાંચ તત્ત્વો પ્રદાન કર્યા. જેના વડે બ્રહ્મ (જ્યોતિ નિરંજન) એ પોતાના બ્રહ્માંડોમાં કેટલીક રચના કરી. પછી વિચાર્યું કે આમાં જીવ પણ**

હોવા જોઈએ, એકલાનું મન નથી લાગતું. આમ વિચાર કરીને 64 યુગ સુધી ફરીથી ત્રીજી વખત તપ કર્યું. પૂર્ણપરમાત્મા કવિર્દેવના પૂછવાથી કહ્યું કે મને થોડાક આત્માઓ આપી દો, મારા એકલાનું મન ત્યાં નથી લાગતું, ત્યારે સતપુરુષ કવિરગ્નિ (કબીર પરમેશ્વર)એ કહ્યું કે બ્રહ્મ તારા તપના પ્રતિ ફળના રૂપમાં હું તને વધુ બ્રહ્માંડ આપી શકું છું, પરંતુ મારા આત્માઓને કોઈપણ જપ-તપ સાધનાના ફળ સ્વરૂપે નહિ આપી શકું. હા, અગર કોઈ સ્વેચ્છાથી તારી સાથે જવા માગે તો તે જઈ શકે છે. યુવા કવિર્ (સમર્થ કબીર)ના વચન સાંભળીને જ્યોતિ નિરંજન પછી આપણા બધા (આત્માઓ)ની પાસે આવી ગયો. આપણે બધા હંસ આત્માઓ પહેલેથી જ તેની ઉપર આસક્ત તો હતા જ. આપણે (જેટલા નિરંજનથી મોહિત થયા હતા તે બધા હંસ આત્માઓ) તેને ચારે તરફથી ઘેરીને ઊભા થઈ ગયા. જ્યોતિ નિરંજને કહ્યું કે મેં પિતાજી પાસેથી અલગ 21 (એકવીસ) બ્રહ્માંડ પ્રાપ્ત કર્યા છે. ત્યાં જુદા-જુદા પ્રકારના રમણીય સ્થળો બનાવ્યા છે. શું આપ મારી સાથે ચાલશો ? આપણે બધા હંસોએ જે આજે એકવીસ બ્રહ્માંડોમાં દુ:ખી છીએ, આપણે સૌએ કહ્યું કે અમો તૈયાર છીએ, અગર પિતાજી આજ્ઞા આપે તો. ત્યારે ક્ષરપુરુષ પૂર્ણબ્રહ્મ મહાન કવિર્ (સમર્થ કબીર પ્રભુ) ની પાસે ગયો તથા સર્વ વાર્તા કહી. ત્યારે કવિરગ્નિએ (કબીર પરમેશ્વરે) કહ્યું કે મારી સામે સ્વીકૃતિ આપવાવાળાને આજ્ઞા આપીશ. ક્ષર પુરુષ તથા પરમ અક્ષરપુરુષ (કવિરમિતૌજા = કવિર અમિત ઔજા એટલે કે જેની શક્તિનો કોઈ વાર (છેડો/અંત) નથી, તે કબીર). અમે બન્ને જણ બધા હંસ આત્માઓની પાસે આવ્યા. સત્ કવિર્દેવે કહ્યું કે જે હંસ આત્મા બ્રહ્મની સાથે જવા ઈચ્છે છે તે હાથ ઊંચો કરીને સ્વીકૃતિ આપે. પોતાના પિતાની સામે કોઈની પણ હિંમત થઈ નહિ. કોઈએ સ્વીકૃતિ આપી નહિ. ઘણા સમય સુધી મૌન છવાઈ રહ્યું. ત્યારબાદ એક હંસ આત્માએ સાહસ કર્યું તથા કહ્યું કે પિતાજી, હું જવા ઈચ્છુ છું. પછી તો એની દેખાદેખી [જે હાલમાં કાળ (બ્રહ્મ)ના એકવીસ બ્રહ્માંડોમાં ફસાયેલી છે] આપણે તમામ આત્માઓએ સ્વીકૃતિ આપી દીધી. પરમેશ્વર કબીરજીએ જ્યોતિ નિરંજનને કહ્યું કે તમે તમારા સ્થાન પર જાવ. જેમણે તારી સાથે જવાની સ્વીકૃતિ આપી છે હું તે સર્વ હંસ આત્માઓને તારી પાસે મોકલી આપીશ. જ્યોતિ નિરંજન પોતાના 21 (એકવીસ) બ્રહ્માંડોમાં જતો રહ્યો. તે સમય સુધી આ એકવીસ બ્રહ્માંડો સતલોકમાં જ હતા.

ત્યારબાદ પૂર્ણ બ્રહ્મે સૌ પ્રથમ સ્વીકૃતિ આપવાવાળા હંસને છોકરીનું રૂપ આપ્યું પરંતુ સ્ત્રી ઈન્દ્રી રચી નહિ તથા સર્વ આત્માઓને [જેમણે જ્યોતિ

નિરંજન (બ્રહ્મ)ની સાથે જવાની સંમતી આપી હતી] તે છોકરીના શરીરમાં પ્રવેશ કરાવ્યો તથા તેનું નામ અષ્ટ્રા (આદિમાયા/ પ્રકૃતિ દેવી/દુર્ગા) પડ્યું તથા સત્ય પુરૂષે કહ્યું કે પુત્રી મેં તને શબ્દશક્તિ પ્રદાન કરી દીધી છે તેનાથી જેટલા જીવ બ્રહ્મ કહે તમે ઉત્પન્ન કરી દેજો. પૂર્ણબ્રહ્મ કવિર્દેવે (કબીર સાહેબે) પોતાના પુત્ર સહજદાસના દ્વારા પ્રકૃતિને ક્ષર પુરુષની પાસે મોકલી આપી. સહજદાસજીએ જયોતિ નિરંજનને બતાવ્યું કે પિતાજીએ આ બહેનના શરીરમાં તે સર્વે આત્માઓનો પ્રવેશ કરાવી દીધો છે જેઓએ તમારી સાથે આવવાની સંમતિ વ્યક્ત કરી હતી તથા આને પિતાજીએ વચનશક્તિ પ્રદાન કરી છે, તમે જેટલા જીવ ચાહશો પ્રકૃતિ પોતાના શબ્દ દ્વારા ઉત્પન્ન કરી દેશે. આમ કહીને સહજદાસ પાછો પોતાના દ્વિપમાં આવી ગયો.

યુવાન હોવાના કારણે છોકરીનું રંગરૂપ નિખરેલ હતું. બ્રહ્મની અંદર વિષય-વાસના ઉત્પન્ન થઈ ગઇ અને પ્રકૃતિ દેવીની સાથે અભદ્ર (ગંદી/ ખરાબ) ગતિવિધિ શરૂ કરી, ત્યારે દુર્ગાએ કહ્યું કે જયોતિ નિરંજન મારી પાસે પિતાજી દ્વારા પ્રદાન કરવામાં આવેલ શબ્દશક્તિ છે. તમે જેટલાં પ્રાણી કહેશો હું વચન દ્વારા ઉત્પન્ન કરી દઈશ. તમે મૈથુન (કામક્રિડાવાળી) પરંપરા શરૂ ન કરો. આપ પણ તે જ પિતાના શબ્દથી ઈંડામાંથી ઉત્પન્ન થયેલા છો તથા હું પણ તે જ પરમ પિતાના વચનથી જ બાદમાં ઉત્પન્ન થયેલી છું. આપ મારા મોટા ભાઈ છો, બહેન-ભાઈનો આ યોગ મહાપાપનું કારણ બનશે. પરંતુ જયોતિ નિરંજને પ્રકૃતિદેવીની એક પણ પ્રાર્થના સાંભળી નહિ તથા પોતાની શબ્દશક્તિ દ્વારા નખો વડે કામ ઈન્દ્રી (ભગ) પ્રકૃતિને લગાવી દીધી તથા બળાત્કાર કરવાનું નક્કી કર્યું (પાક્કું વિચારી લીધું). તે જ સમયે દુર્ગાએ પોતાની લાજની રક્ષા અર્થે (આબરૂ બચાવવા માટે) કોઈ અન્ય ઉપાય ન દેખાયો એટલે પોતાનું સૂક્ષ્મરૂપ ધારણ કર્યું તથા જયોતિ નિરંજનના ઉઘાડા મોંઢા દ્વારા તેના પેટમાં પ્રવેશ કરીને પૂર્ણબ્રહ્મ કવિર્દેવને પોતાની રક્ષા માટે યાચના (પ્રાર્થના) કરી. તે જ સમયે કવિર્દેવે (કવિર્ બંભારિરસિ) પોતાના પુત્ર યોગ સંતાયન અર્થાત જોગજીતનું રૂપ ધારણ કરીને ત્યાં પ્રગટ થયા તથા કન્યાને બ્રહ્મના ઉદર (પેટ)માંથી બહાર કાઢી અને કહ્યું કે જયોતિ નિરંજન આજથી તારું નામ ''કાળ'' રહેશે. તારું જન્મ-મૃત્યુ થતું રહેશે. એટલા માટે તારું નામ ક્ષરપુરુષ રહેશે તથા એક લાખ માનવશરીરધારી પ્રાણીઓને દરરોજ ખાધા કરીશ તથા સવા લાખ ઉત્પન્ન કરીશ. તમને બન્નેને એકવીસ બ્રહ્માંડો સહિત નિષ્કાસિત (હદ પાર) કરવામાં આવે છે. આટલું કહેતા જ એકવીસ બ્રહ્માંડો વિમાનની જેમ ચાલવા માંડ્યા. સહજદાસના દ્વિપની પાસે

થઈને સતલોકથી સોળ સંખ કોસ (એક કોસ આશરે 3 કિલોમીટરનો હોય છે) દૂર આવીને રોકાઈ ગયા.

**વિશેષ વિવરણ** : અત્યાર સુધી ત્રણ શક્તિઓનું વિવરણ આવ્યું છે.

**(1) પૂર્ણબ્રહ્મ :-** જેને અન્ય ઉપમાત્મક નામોથી પણ જાણવામાં આવે છે, જેમ કે સતપુરુષ, અકાલ પુરુષ, શબ્દસ્વરૂપી રામ, પરમ અક્ષરબ્રહ્મ/પુરૂષ વગેરે. આ પૂર્ણબ્રહ્મ અસંખ્ય બ્રહ્માંડોનો સ્વામી છે તથા વાસ્તવમાં અવિનાશી છે.

**(2) પરબ્રહ્મ :-** જેને અક્ષરપુરુષ પણ કહેવામાં આવે છે. આ વાસ્તવમાં અવિનાશી નથી. આ સાત સંખ બ્રહ્માંડોનો સ્વામી છે.

**(3) બ્રહ્મ :-** જેને જ્યોતિ નિરંજન, કાળ, કૈલ, ક્ષરપુરુષ તથા ધર્મરાય વગેરે નામોથી જાણવામાં આવે છે. જે ફક્ત એકવીસ બ્રહ્માંડનો સ્વામી છે. હવે આગળ આ જ બ્રહ્મ (કાળ)ની સૃષ્ટિના એક બ્રહ્માંડનો પરિચય આપવામાં આવશે, જેમાં ત્રણ અન્ય નામ તમને વાંચવા મળશે - બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ.


<u>બ્રહ્મ તથા બ્રહ્મામાં તફાવત</u> - એક બ્રહ્માંડમાં નિર્મિત સર્વોપરી સ્થાન પર આ બ્રહ્મ (ક્ષરપુરુષ) સ્વયં ત્રણ ગુપ્ત સ્થાનોની રચના કરીને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ રૂપમાં રહે છે તથા પોતાની પત્ની પ્રકૃતિ (દુર્ગા)ના સહયોગથી ત્રણ પુત્રોની ઉત્પત્તિ કરે છે.

તેમના નામ પણ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જ રાખે છે. જે બ્રહ્મનો પુત્ર બ્રહ્મા છે તે એક બ્રહ્માંડમાં ફક્ત ત્રણ લોકો (પૃથ્વીલોક, સ્વર્ગલોક તથા પાતાળલોક)માં એક રજોગુણ વિભાગનો મંત્રી (સ્વામી) છે. એટલા માટે તેને ત્રિલોકીય બ્રહ્મા કહ્યો છે તથા બ્રહ્મ જે બ્રહ્મલોકમાં બ્રહ્માના રૂપમાં રહે છે તેને મહાબ્રહ્મા તથા બ્રહ્મલોકીય બ્રહ્મા કહ્યો છે. આ જ બ્રહ્મ (કાળ)ને સદાશીવ, મહાશિવ, મહાવિષ્ણુ પણ કહ્યો છે.

**શ્રી વિષ્ણુ પુરાણમાં પ્રમાણઃ-** ચતુર્થ અંશ અધ્યાય-1 પૃષ્ઠ 230-231 પર શ્રી બ્રહ્માજીએ કહ્યુંઃ- જે અજન્મા, સર્વમય વિધાતા પરમેશ્વરનો આદિ, મધ્ય, અન્ત, સ્વરૂપ, સ્વભાવ અને સાર અમે નથી જાણી શકતા. (શ્લોક-83)

જે મારું રૂપ ધારણ કરીને સંસારની રચના કરે છે, સ્થિતિના સમયે જે પુરૂષ રૂપ છે તથા જે રૂદ્ર રૂપથી વિશ્વનો ગ્રાસ (સંહાર) કરી જાય છે, અનંત રૂપથી સંપૂર્ણ જગતને ધારણ કરે છે. (શ્લોક-86)

# એક બ્રહ્માંડનું લઘુ ચિત્ર



## ●''શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શિવજીની ઉત્પત્તિ''

કાળ (બ્રહ્મ) એ પ્રકૃતિ (દુર્ગા) ને કહ્યું કે, હવે મારું કોણ શું બગાડશે ? હું મનમાની કરીશ. પ્રકૃતિએ ફરીથી આજીજી (પ્રાર્થના) કરી કે તમે થોડીક તો શરમ કરો. પહેલા તો તમે મારા મોટાભાઈ છો, કારણ કે તે જ પૂર્ણપરમાત્મા (કવિર્દેવ)ની વચનશક્તિ દ્વારા તમારી (બ્રહ્મની) ઈંડામાંથી ઉત્પત્તિ થઈ તથા બાદમાં મારી ઉત્પત્તિ તે જ પરમેશ્વરના વચનથી થઈ છે. બીજું હું તમારા પેટથી બહાર નીકળી છું, હું તમારી પુત્રી થઈ તથા તમે મારા પિતા થયા. આ પવિત્ર સંબંધમાં બગાડ કરવાથી મહાપાપ થશે. મારી પાસે પિતા દ્વારા પ્રદાન કરેલ શબ્દશક્તિ છે, જેટલાં પ્રાણી આપ કહેશો હું વચનથી ઉત્પન્ન કરી દઈશ. જ્યોતિ નિરંજને દુર્ગાની એકપણ વિનંતી સાંભળી નહિ તથા કહ્યું કે મને જે સજા મળવાની હતી તે મળી ગઈ, મને સતલોકથી નિષ્કાસિત (હદ પાર) કરી દીધો. હવે પોતાની મનમાની કરીશ. આમ કહીને કાળ પુરૂષે (ક્ષર પુરૂષે) પ્રકૃતિની સાથે બળજબરીપૂર્વક લગ્ન કર્યા તથા ત્રણ પુત્રો (રજોગુણયુક્ત - બ્રહ્માજી, સતગુણ યુક્ત - વિષ્ણુજી તથા તમગુણયુક્ત - શિવ શંકરજી)ની ઉત્પત્તિ કરી. જુવાન થાય ત્યાં સુધી ત્રણેય પુત્રોને દુર્ગા દ્વારા અચેત (ભાન રહિત/બેભાન) કરાવી દે છે, પછી જુવાન થતાં શ્રી બ્રહ્માજીને કમળના ફૂલ ઉપર, શ્રી વિષ્ણુજીને શેષનાગની શૈય્યા ઉપર તથા શ્રી શિવજીને કૈલાસ પર્વત ઉપર સચેત કરી (હોશમાં લાવી) ને ત્રણેને એકઠા કરી દે છે. પછી ઉપર બ્રહ્મલોકના દર્શન કરાવીને પછી પ્રકૃતિ (દુર્ગા) દ્વારા આ ત્રણેયના લગ્ન કરાવડાવી દેવામાં આવે છે તથા એક બ્રહ્માંડમાં ત્રણેય લોકો (સ્વર્ગલોક, પૃથ્વીલોક તથા પાતાળલોક) માં એક એક વિભાગના મંત્રી (પ્રભુ) તરીકે નિયુક્ત કરી દે છે. જેમ કે બ્રહ્માજીને રજોગુણ વિભાગના, વિષ્ણુજીને સતોગુણ વિભાગના તથા શ્રી શિવશંકરજીને તમોગુણ વિભાગના તથા સ્વયં (પોતે) ગુપ્ત (મહાબ્રહ્મા - મહાવિષ્ણુ - મહાશિવ) રૂપમાં મુખ્યમંત્રીનો હોદ્દો સંભાળે છે. એક બ્રહ્માંડમાં એક બ્રહ્મલોકની રચના કરી છે તેમાં જ ત્રણ ગુપ્ત સ્થાન બનાવ્યા છે. એક રજોગુણ પ્રધાનક્ષેત્ર છે જ્યાં આ બ્રહ્મ (કાળ) સ્વયં (પોતે) મહાબ્રહ્મા (મુખ્યમંત્રી) રૂપમાં રહે છે, તથા પોતાની પત્ની દુર્ગાને મહાસાવિત્રી રૂપમાં રાખે છે. આ બન્નેના સંયોગથી જે પુત્ર આ સ્થાન ઉપર ઉત્પન્ન થાય છે તે સ્વતઃ જ (એની જાતે જ) રજોગુણી બની જાય છે. બીજું સ્થાન સતોગુણ પ્રધાન સ્થાન બનાવેલ છે. ત્યાં આગળ આ ક્ષર પુરુષ પોતે મહાવિષ્ણુ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાલક્ષ્મીના રૂપમાં રાખીને જે પુત્ર ઉત્પન્ન કરે છે તેનું નામ વિષ્ણુ

રાખે છે, તે બાળક સતોગુણયુક્ત હોય છે તથા ત્રીજું સ્થાન આ જ કાળે ત્યાં આગળ જ એક તમોગુણ પ્રધાનક્ષેત્ર બનાવ્યું છે. તેમાં તે સ્વયં (પોતે) સદાશિવ રૂપ બનાવીને રહે છે તથા પોતાની પત્ની દુર્ગાને મહાપાર્વતી રૂપમાં રાખે છે. આ બંનેના પતિ-પત્નીના વ્યવહારથી જે પુત્ર ઉત્પન્ન થાય છે તેનું નામ શિવ રાખી દે છે તથા તમોગુણ યુક્ત કરી દે છે. [પ્રમાણ અર્થે જુઓ પવિત્ર શ્રી શિવમહાપુરાણ, વિદ્યવેશ્વર સંહિતા પૃષ્ઠ 24-26 જેમાં બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તથા મહેશ્વરથી અન્ય (બીજા) સદાશિવ છે તથા રૂદ્રસંહિતા અધ્યાય 6 તથા 7, 9 પાના નં. 100 થી 105 તથા 110 પર અનુવાદકર્તા શ્રી હનુમાનપ્રસાદ પોદાર, ગીતા પ્રેસ, ગોરખપુરથી પ્રકાશિત તથા પવિત્ર શ્રીમદ્ દેવીમહાપુરાણ ત્રીજો સ્કંદ પાના નં. 114 થી 123 સુધી, ગીતા પ્રેસ, ગોરખપુરથી પ્રકાશિત જેના અનુવાદકર્તા છે શ્રી હનુમાનપ્રસાદ પોદાર ચીમનલાલ ગોસ્વામી] પછી તેઓને ભ્રમમાં રાખીને પોતાના ખાવા માટે જીવોની ઉત્પત્તિ શ્રી બ્રહ્માજી દ્વારા તથા સ્થિતિ (એકબીજાને મોહ-મમતામાં રાખીને કાળ-જાળમાં રાખવા) શ્રી વિષ્ણુજી દ્વારા તથા સંહાર [કારણ કે કાળપુરુષને શ્રાપવશ એક લાખ માનવશરીરધારી પ્રાણીઓના સૂક્ષ્મ શરીરમાંથી મેલ (કચરો) કાઢીને ખાવાનો હોય છે, તેના માટે એકવીસમા બ્રહ્માંડમાં એક તપ્તશીલા છે જે સ્વતઃ (એની જાતે જ) ગરમ રહે છે, તેની ઉપર ગરમ કરીને મેલ (કચરા)ને ઓગાળીને ખાય છે. જીવ મરતા નથી પરંતુ તે તપ્તશીલા પર સહન ન થાય તેવી ભયંકર પીડા (દુઃખ) થાય છે, પછી પ્રાણીઓને કર્મ આધારે અન્ય શરીર પ્રદાન કરાવે છે] શ્રી શિવજી દ્વારા કરાવે છે. જેમ કોઈ મકાનમાં ત્રણ રૂમ બનાવ્યા હોય, એક રૂમમાં અશ્લીલ ચિત્રો લાગેલાં હોય તો તે રૂમમાં જતાં જ મનમાં કામુક વિચારો ઉત્પન્ન થાય છે. બીજા રૂમમાં સાધુ સંતો, ભક્તોનાં ચિત્રો લાગેલાં હોય તો મનમાં સારા વિચાર, પ્રભુનું ચિંતન જ બની રહે છે. ત્રીજા રૂમમાં દેશભક્તો તથા શહીદોનાં ચિત્રો લાગેલાં હોય તો તે રૂમમાં જતાં જ મનમાં તેવા જ જોશીલા વિચાર ઉત્પન્ન થઈ જાય છે. ઠીક, આ જ પ્રમાણે બ્રહ્મ (કાળ)એ પોતાની સમજપૂર્વક (સૂઝ-બૂઝથી) ઉપરોક્ત ત્રણેય ગુણ પ્રધાન સ્થાનોની રચના કરેલી છે.

## ● ''ત્રણેય ગુણો શું છે ? પ્રમાણ સહિત ''

''ત્રણેય ગુણો - રજગુણ બ્રહ્માજી, સતગુણ વિષ્ણુજી, તમગુણ શિવજી છે. બ્રહ્મ (કાળ) તથા પ્રકૃતિ (દુર્ગા)થી ઉત્પન્ન થયેલ છે તથા ત્રણેય નાશવાન છે.''

પ્રમાણ : ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત શ્રી શિવ મહાપુરાણ જેના સંપાદક છે શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર, પાના નં. **24** થી **26** વિદ્યવેશ્વર સહિતા તથા પાના નં. **110**, અધ્યાય-**9** રૂદ્રસંહિતા ''આ પ્રમાણે બ્રહ્મા-વિષ્ણુ તથા શિવ ત્રણેય દેવતાઓમાં ગુણ છે, પરંતુ શિવ (બ્રહ્મ-કાળ) ને ગુણાતીત કહેવામાં આવ્યા છે.''

બીજું પ્રમાણ : ગીતાપ્રેસ ગોરખપુરથી પ્રકાશિત શ્રીમદ્ દેવી ભાગવત પુરાણ જેના સંપાદક છે શ્રી હનુમાનપ્રસાદ પોદાર ચીમનલાલ ગોસ્વામી, ત્રીજો સ્કંદ અધ્યાય-**5**, પાના નં. **123**:- ભગવાન વિષ્ણુએ દુર્ગાની સ્તુતિ કરી : કહ્યું કે હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શંકર તમારી કૃપાથી વિદ્યમાન છીએ. અમારો તો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થાય છે. અમે નિત્ય (અવિનાશી) નથી. તમે જ નિત્ય છો, જગતજનની છો, પ્રકૃતિ તથા સનાતની દેવી છો. ભગવાન શંકરે કહ્યું : અગર ભગવાન બ્રહ્મા તથા ભગવાન વિષ્ણુ તમારાથી જ (તમારા દ્વારા જ) ઉત્પન્ન થયા છે તો તેમના બાદ ઉત્પન્ન થવાવાળો હું તમોગુણી લીલા કરવાવાળો શંકર શું તમારું સંતાન ન થયો ? એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળી માતા તમે જ છો. આ સંસારની સૃષ્ટિ - સ્થિતિ - સંહારમાં તમારા ગુણો સદાય (કાયમ) સર્વદા છે. આ જ ત્રણેય ગુણોથી ઉત્પન્ન થયેલ અમે - બ્રહ્મા-વિષ્ણુ તથા શંકર નિયમોનુસાર કાર્યમાં તત્પર રહીએ છીએ.

આ ઉપર મુજબનું વિવરણ ફક્ત હિન્દીમાં અનુવાદિત શ્રી દેવી મહા પુરાણમાંથી છે, જેમાં થોડાંક તથ્યોને છુપાવવામાં આવ્યાં છે. એટલા માટે આ જ પ્રમાણ જુઓ શ્રીમદ્ દેવીભાગવત મહાપુરાણ સભાષટિકમ્ સમહાત્યમ્, ખેમજરાજ શ્રી કૃષ્ણદાસ પ્રકાશન મુંબઈ, આમાં સંસ્કૃત સહિત હિન્દી અનુવાદ કરેલ છે. ત્રીજો સ્કંદ અધ્યાય-**4**, પાના નં.**10**, શ્લોક-**42**:-

*બ્રહ્મા - અહમ્ ઈશ્વરઃ ફિલ તે પ્રભાવાત્સર્વે વયં જનિ યુતા ન યદા તૂ નિત્યાઃ કે અન્યે સુરાઃ શતમખ પ્રમુખાઃ ચ નિત્યા નિત્યા ત્વમેવ જનનિ પ્રકૃતિઃ પુરાણા । (42)*

**અનુવાદ** : હે માતા ! બ્રહ્મા, હું તથા શિવ તમારા જ પ્રભાવથી જન્મવાન છીએ (જન્મ્યા છીએ), નિત્ય નથી એટલે કે અમે અવિનાશી નથી, પછી અન્ય ઈન્દ્રાદિ બીજા દેવતાઓ કઈ રીતે નિત્ય હોઈ શકે છે. તમે જ અવિનાશી છો, પ્રકૃતિ તથા સનાતની દેવી છો (**42**)

પાના નં. **11-12**, અધ્યાય-**5**, શ્લોક-**8**

*યદિ દયાર્દ્રમના ન સદાંબિકે કથમહં વિહિતઃ ચ તમોગુણઃ*
*કમલજશ્ચ રજોગુણસંભવઃ સુવિહિતઃ કિમુ સત્ત્વગુણોં હરિઃ । (8)*

**અનુવાદ :** ભગવાન શંકર બોલ્યા :- હે માતા ! અગર અમારા ઉપર આપ દયાયુક્ત છો તો મને તમોગુણ કેમ બનાવ્યો ? કમળથી ઉત્પન્ન બ્રહ્માને રજોગુણ શા માટે બનાવ્યો તથા વિષ્ણુને સતોગુણ કેમ બનાવ્યો ? એટલે કે જીવોના જન્મ-મૃત્યુરૂપી દુષ્કર્મમાં કેમ લગાવ્યા ?

*શ્લોક-12 : રમયસે સ્વપતિં પુરુષં સદા તવ ગતિં ન હિ વિહ વિદ્મ શિવે (12)*

અનુવાદ : પોતાના પતિ પુરુષ એટલે કે કાળ ભગવાનની સાથે સદા ભોગ-વિલાસ કર્યા કરો છો. તમારી ગતિ કોઈ નથી જાણતું.

નિષ્કર્ષ : ઉપરોક્ત પ્રમાણોથી પ્રમાણિત થયું કે રજગુણ - બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવ છે. આ ત્રણેય નાશવાન છે. દુર્ગાનો પતિ બ્રહ્મ (કાળ) છે આ તેની સાથે ભોગ-વિલાસ કરે છે.

## ● ''બ્રહ્મ (કાળ)ની અવ્યક્ત રહેવાની પ્રતિજ્ઞા'' સૂક્ષ્મવેદથી શેષ સૃષ્ટિ રચના...

ત્રણેય પુત્રોની ઉત્પત્તિ થયા પછી બ્રહ્મે પોતાની પત્ની દુર્ગા (પ્રકૃતિ)ને કહ્યું કે હું પ્રતિજ્ઞા કરું છું કે ભવિષ્યમાં હું કોઈને પણ મારા વાસ્તવિક રૂપમાં (અસ્સલ રૂપમાં) દર્શન નહિ આપું. જેના કારણે મને અવ્યક્ત માનવામાં આવશે. દુર્ગાને કહ્યું કે તમે મારો ભેદ કોઈને આપતા નહિ. હું ગુપ્ત રહીશ. દુર્ગાએ પૂછ્યું કે શું તમે તમારા પુત્રોને પણ દર્શન નહિ આપો ? બ્રહ્મે કહ્યું કે હું મારા પુત્રોને તથા બીજા કોઈને કોઈપણ સાધનાથી દર્શન નહિ આપું, આ મારો અટલ (પાકકો) નિયમ રહેશે. દુર્ગાએ કહ્યું કે આ તો તમારો ઉત્તમ નિયમ નથી, જે તમે પોતાના સંતાનથી પણ છુપાયેલા રહેશો. ત્યારે કાળે કહ્યું કે દુર્ગા, આ મારી વિવશતા (મજબૂરી) છે. મને એક લાખ માનવશરીરધારી પ્રાણીઓનો આહાર કરવાનો શ્રાપ લાગેલો છે. અગર મારા પુત્રો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ને આ વાતની ખબર પડી ગઈ તો તેઓ આ ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારના કાર્ય નહિ કરે. એટલા માટે આ મારો અનુત્તમ (ખરાબ-) નિયમ સદા (કાયમ) રહેશે. જ્યારે આ ત્રણેય થોડાક મોટા થઈ જાય તો તેમને અચેત (બેભાન) કરી દેજે. મારા વિષયમાં (મારા અંગે / મારી બાબતે) બતાવતી નહિ, નહિ તો હું તને પણ દંડ (શિક્ષા) કરીશ, દુર્ગા આ ડર (બીક) ના લીધે વાસ્તવિકતા બતાવતી નથી. એટલા માટે ગીતા અધ્યાય-7નો શ્લોક-24 માં કહ્યું છે કે આ બુદ્ધિહીન જનસમુદાય મારા અનુત્તમ નિયમથી અપરિચિત છે કે હું ક્યારેય પણ કોઈની સામે પ્રગટ નથી

**થતો. પોતાની યોગમાયાથી છુપાયેલો રહું છું એટલા માટે મુજ (મને) અવ્યકત ને મનુષ્યરૂપમાં આવેલ એટલે કે કૃષ્ણ માને છે.**

(અબુદ્ધયઃ) બુદ્ધિહીન (મમ્) મારા (અનુત્તમમ્) અનુત્તમ એટલે કે ખરાબ (અવ્યયમ્) અવિનાશી (પરમ ભાવમ્) વિશેષ ભાવને (અજાનન્તઃ) ન જાણતા હોઈ (મામ અવ્યક્તમ્) મને અવ્યક્તને (વ્યક્તિમ્) મનુષ્ય રૂપમાં (આપન્નમ્) આવેલ (મન્યન્તે) માને છે. એટલે કે હું કૃષ્ણ નથી. (ગીતા અધ્યાય-7, શ્લોક-24)

**ગીતા અધ્યાય 11, શ્લોક 47 તથા 48 માં કહ્યું છે કે આ મારું વાસ્તવિક કાળરૂપ છે. આના દર્શન એટલે કે બ્રહ્મપ્રાપ્તિ - ન તો વેદોમાં વર્ણિત વિધિથી, ન જપથી, ન તપથી તથા ન કોઈ અન્ય ક્રિયાથી થઈ શકે છે.**

**જ્યારે ત્રણેય બાળકો યુવાન (જુવાન) થઈ ગયાં ત્યારે માતા ભવાની (પ્રકૃતિ, અષ્ટંગી)એ કહ્યું કે તમે સાગર મંથન કરો. પહેલી વખત સાગર મંથન કર્યું તો (જ્યોતિ નિરંજને પોતાના શ્વાસો દ્વારા ચાર વેદ ઉત્પન્ન કર્યા. તેમણે ગુપ્ત વાણી દ્વારા આજ્ઞા કરી કે સાગરમાં નિવાસ કરો) ચારેય વેદ નીકળ્યા તે બ્રહ્માએ લીધા. વસ્તુ લઈને ત્રણેય બાળકો (પુત્રો) માતાની પાસે ગયા ત્યારે માતાએ કહ્યું કે ચારેય વેદોને બ્રહ્મા રાખે તથા વાંચે.**

**નોંધ** : વાસ્તવમાં પૂર્ણબ્રહ્મે, બ્રહ્મ એટલે કે કાળને પાંચ વેદ પ્રદાન કર્યા હતા. પરંતુ બ્રહ્મે ફકત ચાર વેદોને પ્રગટ કર્યા. પાંચમો વેદ સંતાડી દીધો. જે પૂર્ણપરમાત્માએ સ્વયં પ્રગટ થઈને કવિર્ગિર્ભિઃ એટલે કે કવિર્વાણી (કબીર વાણી) દ્વારા લોકોક્તિઓ તથા દોહાઓના માધ્યમથી પ્રગટ કર્યો છે.

**બીજી વખત સાગરમંથન કર્યું તો ત્રણ કન્યાઓ મળી. માતાએ ત્રણેયની વહેંચણી કરી દીધી. પ્રકૃતિ (દુર્ગા)એ પોતાનાં જ બીજા ત્રણ રૂપ (સાવિત્રી, લક્ષ્મી તથા પાર્વતી) ધારણ કર્યાં તથા સમુદ્રમાં છુપાવી દીધાં (સંતાડી દીધાં) અને સાગરમંથનના સમયે બહાર આવી ગઈ. તે જ પ્રકૃતિ ત્રણ રૂપે થઈ તથા ભગવાન બ્રહ્માને સાવિત્રી, ભગવાન વિષ્ણુને લક્ષ્મી, ભગવાન શંકરને પાર્વતી - પત્નીરૂપમાં આપી. ત્રણેએ ભોગવિલાસ કર્યો, સૂર તથા અસૂર બન્ને પેદા થયા.**

**[જ્યારે ત્રીજી વાર સાગરમંથન કર્યું તો ચૌદ રત્નો બ્રહ્માને તથા અમૃત વિષ્ણુને તથા દેવતાઓને, મદ્ય (શરાબ-દારૂ) અસૂરોને પ્રાપ્ત થયો. તથા વિષ પરમાર્થ શિવે પોતાના કંઠમાં અટકાવ્યું. આ તો બહુ પછીની વાત છે.] જ્યારે બ્રહ્મા વેદ વાંચવા લાગ્યા તો ખબર પડી કે કોઈ સર્વ બ્રહ્માંડોની રચના કરવાવાળો કુલ (સર્વસ્વ)નો માલિક પુરુષ (પ્રભુ) અન્ય (બીજો જ)**

**છે. ત્યારે બ્રહ્માજીએ વિષ્ણુજી તથા શંકરજીને બતાવ્યું કે વેદોમાં વર્ણન છે કે સર્જનહાર કોઈ અન્ય પ્રભુ છે પરંતુ વેદ કહે છે કે ભેદ અમે પણ નથી જાણતા, તેના માટે ઈશારો (સંકેત) છે કે કોઈ તત્ત્વદર્શી સંતને પૂછો. ત્યારે બ્રહ્મા માતાની પાસે આવ્યા અને આખુ વૃત્તાંત કહી સંભળાવ્યું. માતા કહ્યા કરતી હતી કે મારા સિવાય બીજું કોઈ નથી. હું જ કર્તા છું. હું જ સર્વશક્તિમાન છું પરંતુ બ્રહ્માએ કહ્યું કે વેદો ઈશ્વરકૃત છે તે ખોટા ના હોઈ શકે. દુર્ગાએ કહ્યું કે તારા પિતા તને દર્શન નહિ આપે, તેણે પ્રતિજ્ઞા કરી છે. ત્યારે બ્રહ્માએ કહ્યું કે માતાજી, હવે તમારી વાત ઉપર અવિશ્વાસ થઈ ગયો છે. હું તે પુરુષ (પ્રભુ) ને શોધીને જ રહીશ. દુર્ગાએ કહ્યું કે અગર તે તને દર્શન નહિ આપે તો તું શું કરીશ ? બ્રહ્માએ કહ્યું કે હું તમને મારું મુખ નહિ બતાવું. બીજી તરફ જ્યોતિ નિરંજને સોગંદ ખાધા છે કે હું અવ્યક્ત રહીશ - કોઈને પણ દર્શન નહિ આપું એટલે કે 21 બ્રહ્માંડોમાં ક્યારેય પણ પોતાના વાસ્તવિક (અસ્સલ) કાળરૂપમાં આકારમાં નહિ આવું.**

**ગીતા અધ્યાય નં. 7નો શ્લોક નં. 24**

*અવ્યક્તમ્ વ્યક્તિમ્ આપન્નમ્ મન્યન્તે મામ્ અબુદ્ધયઃ ।*
*પરમ્ ભાવમ્ અજાનન્તઃ મમ્ અવ્યયમ્ અનુત્તમમ્ ॥ 24 ॥*

**અનુવાદ** : (અબુદ્ધયઃ) બુદ્ધિહીન લોકો (મમ્) મારા (અનુતમમ્) અશ્રેષ્ઠ/ખરાબ (અવ્યયમ્) અટલ (પરમ્) પરમ (ભાવમ્) ભાવને (અજાનન્તઃ) જાણતા ન હોવાથી (અવ્યક્તમ્) અદશ્યમાન (મામ્) મુજ-મને કાળને (વ્યક્તિમ્) નરરૂપ આકારમાં કૃષ્ણ - શરીરરૂપ અવતાર (આપન્નમ) પ્રાપ્ત થયાનું (માન્યતે) માને છે.

**ગીતા અધ્યાય નં. 7 નો શ્લોક નં. 25**

*ન અહમ્ પ્રકાશઃ, સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।*
*મૂઢઃ અયમ્ ન અભિજાનાતિ લોકઃ મામ્ અજમ્ અવ્યયમ્ ॥ 25 ॥*

**અનુવાદ** : (અહમ્) હું (યોગમાયા સમાવૃતઃ) યોગમાયાથી છુપાયેલો (સર્વસ્ય) બધાના (પ્રકાશઃ) પ્રત્યક્ષ (ન) નથી થતો એટલે કે અદશ્ય એટલે કે અવ્યક્ત રહું છું, એટલા માટે (અજમ્) જન્મ ન લેવાવાળા (અવ્યયમ્) અવિનાશી અટલ ભાવને (અયમ્) આ (મૂઢઃ) અજ્ઞાની (લોકઃ) જનસમુદાય સંસાર (મામ્) મને (ન ) નથી (અભિજાનાતિ) જાણતો - એટલે કે મને કૃષ્ણ સમજે છે. કારણ કે બ્રહ્મ પોતાની શબ્દશક્તિથી પોતાના જુદા-જુદા રૂપ બનાવી લે છે, આ દુર્ગાનો પતિ છે એટલા માટે આ મંત્રમાં કહી રહ્યો છે કે હું શ્રીકૃષ્ણ વગેરેની જેમ દુર્ગાથી જન્મ નથી લેતો.

### ● ''બ્રહ્માનો પોતાના પિતા (કાળ-બ્રહ્મ)ની પ્રાપ્તિ માટે પ્રયત્ન''

ત્યારે દુર્ગાએ બ્રહ્માજીને કહ્યું કે અલખ નિરંજન તમારો પિતા છે પરંતુ તે તમને કોઈને દર્શન નહિ આપે. બ્રહ્માએ કહ્યું કે હું દર્શન કરીને જ પરત ફરીશ. માતાએ પૂછ્યું કે અગર તને દર્શન નહિ થયા તો શું કરીશ ? બ્રહ્માએ કહ્યું, 'હું પ્રતિજ્ઞા કરું છું. અગર પિતાના દર્શન નહિ થાય તો હું આપની સમક્ષ નહિ આવું.' આમ કહીને બ્રહ્માજી વ્યાકુળ થઈને ઉત્તર દિશા તરફ ચાલી ગયા, જ્યાં અંધારું જ અંધારું છે. ત્યાં બ્રહ્માજીએ ચાર યુગ સુધી ધ્યાન લગાવ્યું પરંતુ કંઈ પણ પ્રાપ્તિ થઈ નહિ. કાળે આકાશવાણી કરી કે દુર્ગા, સૃષ્ટિરચના કેમ નથી કરી ? ભવાનીએ કહ્યું કે તમારો જ્યેષ્ઠ પુત્ર બ્રહ્મા જિદ કરીને તમારી શોધમાં ગયો છે. બ્રહ્મે (કાળે) કહ્યું તેને પરત બોલાવી લો, હું તેને દર્શન નહિ આપું. બ્રહ્મા વગર જીવ ઉત્પત્તિના બધા કાર્યો અસંભવ છે. ત્યારે દુર્ગા (પ્રકૃતિ) એ પોતાની શબ્દશક્તિ વડે ગાયત્રી નામની કન્યા (સ્ત્રી) ઉત્પન્ન કરી તથા તેને બ્રહ્માને પાછા લઈ આવવા અંગે કહ્યું. ગાયત્રી બ્રહ્માજીની પાસે ગઈ, પરંતુ બ્રહ્માજીએ સમાધિ લગાવેલ હતી જેથી તેમને કોઈ આભાસ જ ન થયો કે કોઈ આવ્યું છે. ત્યારે આદિ કુમારી (પ્રકૃતિ) એ ગાયત્રીને ધ્યાન દ્વારા બતાવ્યું કે એના (બ્રહ્માના) ચરણસ્પર્શ કર. ત્યારે ગાયત્રીએ એમ જ કર્યું. બ્રહ્માજીનું ધ્યાનભંગ થયું તો ક્રોધવશ બોલી ઉઠ્યા કે કોણ પાપણ છે ? જેને મારું ધ્યાનભંગ કર્યું છે. હું તને શ્રાપ આપીશ. ગાયત્રી કહેવા લાગી કે મારો દોષ નથી, પહેલા મારી વાત સાંભળો પછી શ્રાપ આપજો. મને માતાએ તમને પાછા લઈ આવવા માટે કહ્યું છે કારણ કે તમારા વગર જીવ ઉત્પત્તિ થઈ શકતી નથી. બ્રહ્માએ કહ્યું કે હું કઈ રીતે જઉં ? પિતાજીના દર્શન થયા નથી, આમ જઉં તો મારી મજાક થશે. અગર તમે માતાજી સમક્ષ એમ કહી દો કે બ્રહ્માને પિતા (જ્યોતિ નિરંજન)ના દર્શન થઈ ગયા છે, જે મેં પોતાની આંખે જોયું છે તો હું તમારી સાથે આવીશ. ત્યારે ગાયત્રીએ કહ્યું કે તમે મારી સાથે સંભોગ (સેક્સ-રતિક્રીડા) કરશો તો જ હું તમારી ખોટી સાક્ષી આપીશ. ત્યારે બ્રહ્માએ વિચાર્યું કે પિતાના દર્શન થયા નથી, આમ જ જઉં તો માતાની સામે જવામાં શરમ આવશે, બીજો કોઈ ઉપાય દેખાયો નહિ, પછી ગાયત્રી સાથે રતિક્રીડા કરી (સંભોગ કર્યો).

ત્યાર પછી ગાયત્રીએ કહ્યું કે એક બીજો સાક્ષી પણ કેમ ન ઊભો કરીએ ? બ્રહ્માએ કહ્યું કે વિચાર ખૂબ જ સારો છે. ત્યારે ગાયત્રીએ શબ્દ શક્તિથી એક કન્યા (પુહુપવતી નામની) ઉત્પન્ન કરી તથા તેને બંને જણાએ કહ્યું કે તમે જુબાની આપજો કે બ્રહ્માએ પિતાના દર્શન કર્યા છે. ત્યારે

પુહુપવતીએ કહ્યું કે હુ શા માટે ખોટી જુબાની આપું ? હા, અગર બ્રહ્મા મારી સાથે રતિક્રીડા (સંભોગ) કરે તો જુબાની આપી શકું છું. ગાયત્રીએ બ્રહ્માને સમજાવ્યા (ઉકસાવ્યા - પ્રેરિત કર્યા) કે બીજો કોઈ ઉપાય નથી ત્યારે બ્રહ્માએ પુહુપવતી સાથે પણ સંભોગ કર્યો. આમ ત્રણેય મળીને આદિ માયા (પ્રકૃતિ) ની પાસે ગયા. બન્ને દેવીઓએ ઉપરોક્ત શરત એટલા માટે રાખી હતી કે અગર બ્રહ્મા માતાની સામે અમારી ખોટી જુબાની અંગે કહી દેશે તો માતા અમને શ્રાપ આપી દેશે. એટલા માટે તેને પણ દોષી (ગુનેગાર) બનાવી દીધો.

અહિંયા મહારાજ ગરીબદાસજી કહે છે કે -

*''દાસ ગરીબ યહ ચૂક ધુરોં ધુર''*

## ● ''માતા (દુર્ગા) દ્વારા બ્રહ્માને શ્રાપ આપવો''

ત્યારે માતાએ બ્રહ્માને પૂછ્યું, શું તને તારા પિતાના દર્શન થયા ? બ્રહ્માએ કહ્યું, 'હા મને પિતાના દર્શન થયા છે.' દુર્ગાએ કહ્યું, 'સાક્ષી દેખાડ.' ત્યારે બ્રહ્માએ કહ્યું, 'આ બંનેની હાજરીમાં સાક્ષાત્કાર થયો છે. દેવીએ તે બન્ને છોકરીઓને પૂછ્યું, 'શું તમારી સામે જ બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે ત્યારે બન્નેએ કહ્યું, 'હા અમે પોતાની આંખે જોયું છે.' પછી ભવાની (પ્રકૃતિ)ને શંકા ઉત્પન્ન થઈ કે મને તો બ્રહ્મે કહ્યું હતું કે હું કોઈને પણ દર્શન નહિ આપું, પરંતુ આ લોકો કહે છે કે દર્શન થયા છે. ત્યારે અષ્ટંગીએ ધ્યાન ધર્યું અને કાળ (જ્યોતિ નિરંજન)ને પૂછ્યું કે આ લોકો શું કહી રહ્યા છે ? જ્યોતિ નિરંજનજીએ કહ્યું કે આ ત્રણેય ખોટું બોલી રહ્યા છે. ત્યારે માતાએ કહ્યું - તમે ખોટું બોલી રહ્યા છો. આકાશવાણી થઈ કે એમને કોઈ દર્શન થયા નથી. આ વાત સાંભળીને બ્રહ્માએ કહ્યું કે માતાજી હું સોગંદ ખાઈને પિતાની શોધ કરવા ગયો હતો. પરંતુ પિતા (બ્રહ્મ)ના દર્શન થયા નહિ. તમારી પાસે આવવામાં શરમ (સંકોચ) અનુભવતો હતો. એટલા માટે અમે ખોટું બોલ્યા, ત્યારે માતા (દુર્ગા)એ કહ્યું કે હવે હું તમને શ્રાપ આપું છું.

<u>બ્રહ્માને શ્રાપ :</u> તારી પૂજા જગતમાં નહિ થાય. આગળ તારા જે વંશજ થશે તે ખૂબ પાખંડ કરશે. ખોટી વાત બનાવીને જગતને ઠગશે. ઉપરથી તો કર્મકાંડ કરતા દેખાશે અને અંદરથી વિકાર કરશે. કથાપુરાણોને વાંચીને સંભળાવ્યા કરશે, પરંતુ પોતાને જ્ઞાન નહિ હોય કે સદ્‌ગ્રંથોમાં વાસ્તવિકતા (સાચું) શું છે, તેમ છતાં માનવશ તથા ધનપ્રાપ્તિ અર્થે ગુરુ બનીને અનુયાયીઓને લોકવેદ (શાસ્ત્રવિરુદ્ધ દંતકથા) સંભળાવ્યા કરશે. દેવી-દેવતાઓની પૂજા કરીને તથા કરાવીને, બીજાની નિંદા કરીને, કષ્ટ પર કષ્ટ (દુઃખ) ઉઠાવશે. જે તેમના અનુયાયી હશે તેમને પરમાર્થ નહિ બતાવે.

દક્ષિણા માટે જગતને ગુમરાહ કરતા રહેશે - ગેરમાર્ગે દોરતા રહેશે. પોતાની જાતને સૌથી સારી માનશે, બીજાને નીચા સમજશે. જ્યારે માતાના મોંએ (મુખ)થી આ સાંભળ્યું તો બ્રહ્મા મૂર્છિત (બેભાન) થઈને જમીન પર ઢળી પડ્યો. ઘણા સમય બાદ ભાનમાં આવ્યો.

<u>**ગાયત્રીને શ્રાપ :**</u> તારા ઘણા સાંઢ (આખલા) પતિ હશે. તું મૃત્યુલોકમાં ગાય બનીશ.

<u>**પુહુપવતીને શ્રાપ :**</u> તારી જગ્યા ગંદકીમાં હશે. તારાં ફૂલોને કોઈ પૂજામાં નહિ લાવે (તારાં ફૂલોનો કોઈ પૂજા અર્થે ઉપયોગ નહિ કરે) આ ખોટી જુબાનીના કારણે તારે આ નરક ભોગવવું પડશે. તારું નામ કેવડા-કેતકી હશે (પડશે) (હરિયાણામાં કુસોંધી કહેવાય છે, જે ગંદકી (કુરડિયોં) વાળી જગ્યાએ થાય છે)

આ પ્રમાણે ત્રણેયને શ્રાપ આપી દીધા પછી માતા ભવાનીને ખૂબ જ પસ્તાવો થયો. [આ પ્રમાણે પહેલા તો જીવ વગર વિચારે મન (કાળ નિરંજન) ના પ્રભાવથી ખોટાં કાર્યો કરી નાખે છે, પરંતુ જ્યારે આત્મા (સત્પુરુષનો અંશ)ના પ્રભાવથી તેને જ્ઞાન થાય છે તો પાછળથી પસ્તાવવું પડે છે. જે પ્રમાણે માતા-પિતા પોતાનાં બાળકોને નાની અમથી ભૂલ માટે (ક્રોધવશ થઈને) ફટકારે છે - ગુસ્સે થાય છે, પરંતુ પાછળથી ખૂબ પસ્તાય છે. આ જ પ્રક્રિયા મન (કાળ-નિરંજન)ના પ્રભાવથી તમામ જીવોમાં ક્રિયાવાન થઈ રહી છે] હાં, અહિંયા એક વાત વિશેષ (ખાસ) છે કે નિરંજને (કાળબ્રહ્મે) પણ પોતાનો કાયદો બનાવી રાખ્યો છે કે અગર કોઈ જીવ કોઈ દુર્બળ જીવને સતાવશે તો તેને તેનો બદલો આપવો પડશે. જ્યારે આદિ ભવાની (પ્રકૃતિ અષ્ટંગી) એ બ્રહ્મા, ગાયત્રી તથા પુહુપવતીને શ્રાપ આપ્યો તો અલખ નિરંજન (બ્રહ્મ-કાળ)એ કહ્યું કે હે ભવાની (પ્રકૃતિ-અષ્ટંગી) તેં આ સારું નથી કર્યું. હવે હું (નિરંજન) તને શ્રાપ આપું છું કે દ્વાપર યુગમાં તારા પણ પાંચ પતિ હશે. (દ્રૌપદી જ આદિ માયાનો અવતાર થઈ છે.) જ્યારે આ આકાશવાણી સાંભળી તો આદિ માયાએ કહ્યું કે હે જ્યોતિ નિરંજન (કાળ) હું તારા વશમાં પડી છું તું જે ઇચ્છે તે કરી લે.

## ● ''વિષ્ણુનું પોતાના પિતા (કાળ/બ્રહ્મ)ની પ્રાપ્તિ માટે પ્રસ્થાન તથા માતાના આશીર્વાદની પ્રાપ્તિ''

આના પછી વિષ્ણુને પ્રકૃતિએ કહ્યું કે પુત્ર, તું પણ પોતાના પિતાની શોધ કરી લે. ત્યારે વિષ્ણુ પોતાના પિતાજી કાળ (બ્રહ્મ)ની શોધ કરતા-કરતા

**પાતાળલોકમાં પહોંચી ગયા, જ્યાં શેષનાગ હતો. તેણે વિષ્ણુને પોતાની સીમામાં પ્રવેશ કરતો જોઈને ક્રોધિત થઈને ઝેરથી ભરેલો ફૂંફાડો માર્યો. તેના વિષ (ઝેર)ના પ્રભાવથી વિષ્ણુજીનો રંગ શ્યામ (કાળો) થઈ ગયો, જેમ કલરનો સ્પ્રે થઈ જાય છે તેમ, ત્યારે વિષ્ણુજીની ઈચ્છા થઈ કે આ નાગને સબક શીખવાડવો જોઈએ. ત્યારે જ્યોતિ નિરંજને (કાળે) જોયું કે હવે વિષ્ણુને શાંત કરવો જોઈએ. ત્યારે આકાશવાણી થઈ કે વિષ્ણુ હવે તું પોતાની માતાજીની પાસે જા અને સાચે-સાચું આખું વિવરણ બતાવી દેજે તથા જે કષ્ટ આપને શેષનાગથી થયું છે તેનો બદલો દ્વાપર યુગમાં લેજે. દ્વાપર યુગમાં તમે (વિષ્ણુ) તો કૃષ્ણઅવતાર ધારણ કરશો અને કાલીદહમાં કાલિન્દી નામનો નાગ, શેષનાગનો અવતાર થશે.**

*ઊંચ હોઈ કે નીચ સતાવૈ, તાકર ઓએલ (બદલો) મોહી સોં પાવૈ ।*
*જો જીવ દેઈ પીર પુની કાઁહુ, હમ પુનિ ઓએલ દિવાવેં તાહૂઁ ।।*

**ત્યારે વિષ્ણુજી માતાજીની પાસે આવ્યા તથા સાચે-સાચી હકીકત કહી દીધી કે મને પિતાના દર્શન નથી થયા. આ વાતથી માતા (પ્રકૃતિ) ખૂબ જ પ્રસન્ન થઈ અને કહ્યું કે પુત્ર તું સત્યવાદી છે. હવે હું પોતાની શક્તિ દ્વારા તને તારા પિતાની સાથે મેળાપ કરાવું છું તથા તારા મનનો સંશય - મનની શંકા દૂર કરું છું.**

*કબીર, દેખ પુત્ર તોહિ પિતા ભીટાઉં, તૌરે મન કા ધોખા મિટાઉં ।*
*મન સ્વરૂપ કર્તા કહ જાનોં, મન તે દૂજા ઔર ન માનો ।*
*સ્વર્ગ પાતાલ દૌર મન કેરા, મન અસ્થિર મન અહૈ અનેરા ।*
*નિરંકાર મન હી કો કહીએ, મન કી આસ નિશ દિન રહીએ ।*
*દેખ હૂં પલટિ સુન્ય મહ જ્યોતિ, જહાં પર ઝિલમિલ ઝાલર હોતી ।।*

**આ પ્રમાણે માતા (અષ્ટંગી પ્રકૃતિ) એ વિષ્ણુને કહ્યું કે મન જ જગતનો કર્તા છે આ જ જ્યોતિ નિરંજન છે. ધ્યાનમાં જે એક હજાર જ્યોતિઓ નજરે આવે છે તે જ એનું રૂપ છે, જે શંખ, ઘંટ વગેરેનો નાદ (અવાજ) સંભળાય છે તે મહાસ્વર્ગમાં નિરંજનનો જ વાગી રહ્યો છે. ત્યારે માતા (અષ્ટંગી, પ્રકૃતિ)એ કહ્યું કે હે પુત્ર તુ તમામ દેવોમાં સરતાજ છે અને તારી દરેક કામના ઈચ્છા તથા કાર્યો હું પૂર્ણ કરીશ. તારી પૂજા આખા જગતમાં થશે. તેં મને બધું સાચે-સાચું બતાવ્યું છે. કાળના એકવીસ બ્રહ્માંડોનાં પ્રાણીઓની વિશેષ (ખાસ) ટેવ છે કે પોતાની વ્યર્થ મહિમા બનાવે છે. જેમ કે દુર્ગાજી શ્રી વિષ્ણુજીને કહી રહી છે કે તારી પૂજા જગતમાં થશે. મેં તને તારા પિતાના દર્શન કરાવી દીધા. દુર્ગાએ ફક્ત પ્રકાશ બતાવીને શ્રી વિષ્ણુજીને ડફોળ**

બનાવ્યા. શ્રી વિષ્ણુજી પણ પ્રભુની આ જ સ્થિતિનું જ્ઞાન પોતાના અનુયાયીઓને સમજાવવા લાગ્યા કે પરમાત્માનો કેવળ પ્રકાશ જ દેખાય છે. પરમાત્મા નિરાકાર છે. ત્યારબાદ આદિ ભવાની રૂદ્ર (મહેશજી)ની પાસે ગઈ તથા કહ્યું કે મહેશ, તું પણ કરી લે પોતાના પિતાની શોધ. તારા બન્ને ભાઈઓને તો તમારા પિતાના દર્શન નથી થયા. તેમને જે આપવાનું હતું તે આપી દીધું છે. હવે તારે જે માંગવું હોય તે માંગી લે. ત્યારે મહેશે કહ્યું કે, હે જનેતા ! મારા બન્ને મોટા ભાઈઓને પિતાના દર્શન નથી થયા પછી પ્રયત્ન કરવો વ્યર્થ છે. કૃપા કરી મને એવું વરદાન આપો કે હું અમર (મૃત્યુંજય) થઈ જાઉં. ત્યારે માતાએ કહ્યું કે અમર કરવા હું સમર્થ નથી. હાં યુક્તિ (ઉપાય) બતાવી શકું છું, જેનાથી તારી ઉંમર બધા કરતા લાંબી બની રહેશે. તેની વિધિ-યોગસમાધિ છે (એટલા માટે મહાદેવજી મોટા ભાગે સમાધિમાં જ રહે છે) આ પ્રમાણે માતા (અષ્ટંગી, પ્રકૃતિ)એ ત્રણેય પુત્રોને વિભાગ વહેંચી આપ્યા :-

ભગવાન બ્રહ્માજીને કાળલોકમાં લાખ-ચોર્યાસીના ચોલા (શરીર) રચવા (બનાવવા)નો વિભાગ એટલે કે રજોગુણ પ્રભાવિત કરીને સંતાનોત્પત્તિ માટે વિવશ કરીને જીવઉત્પત્તિ કરાવવાનો વિભાગ પ્રદાન કર્યો.

ભગવાન વિષ્ણુને આ જીવોનું પાલનપોષણ (કર્મ અનુસાર) કરવું તથા મોહ-મમતા ઉત્પન્ન કરીને સ્થિતિ જાળવી રાખવાનો વિભાગ સોંપ્યો.

ભગવાન શિવ શંકર (મહાદેવ) ને સંહાર કરવાનો વિભાગ સોંપ્યો, કારણ કે તેમના પિતા નિરંજનને એક લાખ માનવશરીરધારી જીવ દરરોજ ખાવા પડે છે.

અહીં આગળ મનમાં એક પ્રશ્ન ઉપસ્થિત (ઉત્પન્ન) થશે કે બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરજીથી ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહાર કઈ રીતે થાય છે. આ ત્રણેય તો પોતપોતાના લોકમાં રહે છે. જેમ કે આજકાલ સંચારપ્રણાલિને ચલાવવા માટે ઉપગ્રહોને ઉપર આકાશમાં છોડવામાં આવે છે અને તે નીચે પૃથ્વી ઉપર સંચાર પ્રણાલિને ચલાવે છે. ઠીક આ જ પ્રમાણે આ ત્રણેય દેવો જ્યાં પણ રહે છે તેમના શરીરથી નીકળવાવાળા સૂક્ષ્મ ગુણના તરંગો ત્રણેય લોકોમાં પોતાની જાતે જ (ઓટોમેટીક) દરેક પ્રાણી ઉપર પ્રભાવ બનાવી રાખે છે (પ્રભાવિત કરે છે)

ઉપરોક્ત વિવરણ એક બ્રહ્માંડમાં બ્રહ્મ (કાળ)ની રચનાનું છે. આવા-આવા તો ક્ષરપુરુષ (કાળ)ના એકવીસ બ્રહ્માંડો છે.

પરંતુ ક્ષરપુરુષ (કાળ) સ્વયં (પોતે) વ્યકત એટલે કે વાસ્તવિક રૂપમાં બધાની સામે નથી આવતો. તેને જ પ્રાપ્ત કરવા અર્થે ત્રણેય દેવો (બ્રહ્માજી,

વિષ્ણુજી, શિવજી) એ વેદોમાં વર્ણિત વિધિ મુજબ ભરચક સાધના કરવા છતાં પણ બ્રહ્મ (કાળ)ના દર્શન થયા નહિ. ત્યારબાદ ઋષિઓએ વેદોને વાંચ્યા. તેમાં લખ્યું છે કે 'અગ્નેઃ તનૂર્ અસિ' (પવિત્ર યજુર્વેદ અધ્યાય-1, મંત્ર-15) પરમેશ્વર સહશરીર છે તથા પવિત્ર યજુર્વેદ અધ્યાય-5, મંત્ર-1 માં લખ્યું છે કે 'અગ્નેઃ તનૂર્ અસિ વિષ્ણવે ત્વા સોમસ્ય તનૂર્ અસિ.' આ મંત્રમાં બે વાર વેદ જુબાની આપે છે કે સર્વવ્યાપક, સર્વપાલન કર્તા સતપુરુષ સહશરીર છે (શરીર ધરાવે છે). પવિત્ર યજુર્વેદ અધ્યાય-40, મંત્ર 8 માં કહ્યું છે કે (કવિર્ મનિષી) જે પરમેશ્વરની તમામ પ્રાણીઓને ચાહ છે, તે કવિર્ એટલે કે કબીર છે. તેનું શરીર નસો/નાડીઓ વગર (અસ્નાવિરમ્)નું છે, (શુક્રમ્) વીર્યથી બનેલ પાંચ તત્ત્વોથી બનેલ ભૌતિક (અકાયમ્) કાયારહિત છે. તે સર્વનો માલિક સર્વોપરિ સત્યલોકમાં બિરાજમાન છે, તે પરમેશ્વરનું તેજપુંજનું (સ્વજર્યોતિ) સ્વયં પ્રકાશિત શરીર છે જે શબ્દરૂપ એટલે કે અવિનાશી છે. તે જ કવિર્દેવ (કબીર પરમેશ્વર) છે, જે સર્વ બ્રહ્માંડોની રચના કરવાવાળા (વ્યદધાતા) સર્વ બ્રહ્માંડોના રચનાહાર (સ્વયંભૂઃ) સ્વયં પ્રગટ થવાવાળા (યથા તથ્યઃ અર્થાન્) વાસ્તવમાં (શાશ્વત્) અવિનાશી છે. (ગીતા અધ્યાય 15, શ્લોક 17 માં પણ પ્રમાણ છે.) ભાવાર્થ છે કે - પૂર્ણ બ્રહ્મનું શારીરિક નામ કબીર (કવિર દેવ) છે. તે પરમેશ્વરનું શરીર નૂરતત્ત્વથી બનેલ છે. પરમાત્માનું શરીર અતિ સૂક્ષ્મ છે જે તે જ સાધકને દેખાઈ દે છે જેની દિવ્ય દૃષ્ટિ ખૂલી ગઈ હોય. આ પ્રમાણે જીવનું પણ સૂક્ષ્મ શરીર છે જેની ઉપર પાંચ તત્ત્વની ખોલ (કવર) એટલે કે પાંચ તત્ત્વની કાયા ચઢેલી હોય છે જે માતા-પિતાના સંયોગથી (શુક્રમ્) વીર્યથી બની છે. શરીર ત્યાગ કર્યા બાદ પણ જીવનું સૂક્ષ્મ શરીર સાથે રહે છે. તે સૂક્ષ્મ શરીર તે જ સાધકને દેખાય છે જેની દિવ્યદૃષ્ટિ ખૂલી ગઈ હોય. આ પ્રમાણે પરમાત્મા તથા જીવની સ્થિતિને સમજો. વેદોમાં ઓમ્ (ॐ) નામના સ્મરણનું પ્રમાણ છે જે ફક્ત બ્રહ્મ સાધના છે. આ ઉદ્દેશ્યથી ઓમ્ (ॐ)ના જાપને પૂર્ણબ્રહ્મનો માનીને ઋષિઓએ પણ હજારો વર્ષ હઠયોગ (સમાધિ લગાવીને) કરીને પ્રભુ પ્રાપ્તિની ચેષ્ટા કરી, પરંતુ પ્રભુદર્શન થયા નહિ, સિદ્ધિઓ પ્રાપ્ત થઈ ગઈ. એ જ સિદ્ધિઓ રૂપી રમકડાંઓ સાથે રમીને ઋષિઓ પણ જન્મ-મૃત્યુના ચક્રમાં જ રહી ગયા તથા પોતાના અનુભવનાં શાસ્ત્રોમાં પરમાત્માને નિરાકાર લખી દીધા. બ્રહ્મે (કાળે) સોગંદ લીધા છે કે હું પોતાના વાસ્તવિક રૂપમાં કોઈને દર્શન નહિ આપું. મને અવ્યક્ત માન્યા કરશે. (અવ્યક્તનો ભાવાર્થ છે કે - કોઈ આકારમાં છે પરંતુ વ્યક્તિગત રૂપે


સ્થૂળરૂપમાં દર્શન નથી આપતો. જેમકે આકાશમાં વાદળો છવાઈ જતાં દિવસ દરમ્યાન સૂર્ય અદશ્ય થઈ જાય છે. તે દશ્યમાન નથી પરંતુ વાસ્તવમાં વાદળોની પેલી પાર જેમનો તેમ છે, આ અવસ્થાને અવ્યક્ત કહે છે.) (પ્રમાણ માટે ગીતા અધ્યાય 7 શ્લોક 24-25, અધ્યાય 11 શ્લોક-48 તથા 32)

પવિત્ર ગીતાજી બોલવાવાળો બ્રહ્મ (કાળ) શ્રીકૃષ્ણજીના શરીરમાં પ્રેતવત પ્રવેશ કરીને કહી રહ્યો છે કે અર્જુન, હું પ્રવૃત્ત થયેલો (મારા નીજ લોકમાંથી અત્યારે અહીં આવેલ હું ગુપ્ત રહેવાવાળો) કાળ છું અને સર્વને ખાવા માટે આવ્યો છું. (ગીતા અધ્યાય 11 ના શ્લોક નં. 32) આ મારું વાસ્તવિક રૂપ છે, આને તારા સિવાય ન તો પહેલા કોઈએ જોયું છે તથા ના કોઈ આગળ પણ જોઈ શકશે એટલે કે વેદોમાં વર્ણિત યજ્ઞ-જપ-તપ તથા ઓમ્ (ૐ) નામ વગેરેની વિધિથી મારા આ વાસ્તવિક સ્વરૂપનું દર્શન થઈ શકતું નથી. (ગીતા અધ્યાય 11, શ્લોક 48) હું કૃષ્ણ નથી, આ મૂર્ખ લોકો કૃષ્ણરૂપમાં મુજ (મને) અવ્યક્તને વ્યક્ત (મનુષ્યરૂપ) માની રહ્યા છે. કારણ કે આ લોકો મારા ખરાબ નિયમથી અપરિચિત છે કે હું ક્યારેય પણ વાસ્તવિક આ કાળરૂપમાં બધાની સામે આવતો નથી. પોતાની યોગમાયાથી છુપાયેલો રહું છું (ગીતા અધ્યાય 7, શ્લોક નં. 24-25)


**વિચાર કરો** : પોતાના છુપાઈને રહેવા અંગેના વિધાનને સ્વયં (કાળ પોતે) અશ્રેષ્ઠ (અનુત્તમ) કેમ કહી રહ્યા છે ?

અગર પિતા પોતાના સંતાનને પણ દર્શન નથી આપતો તો તેનામાં કોઈ ત્રુટિ (ખામી) છે જેના કારણે તે છુપાઈને (સંતાયેલો) રહે છે તથા સુવિધાઓ પણ પ્રદાન કરી રહ્યો છે. કાળને (બ્રહ્મને) શ્રાપવશ એક લાખ માનવશરીરધારી પ્રાણીઓનો આહાર કરવો પડે છે તથા 25% દરરોજના જે વધારે ઉત્પન્ન થાય છે તેમને તેમના ઠેકાણે લગાડવા તથા કર્મભોગનો દંડ આપવા માટે ચોર્યાસી લાખ યોનિઓની રચના કરી છે. અગર બધાની સામે બેસીને કોઈની પુત્રી, કોઈની પત્ની, કોઈનો પુત્ર, કોઈના માતા-પિતાને ખાશે (આહાર કરશે) તો બધાને બ્રહ્મથી ધૃણા થઈ જશે તથા જ્યારે પણ કોઈ વખતે પૂર્ણપરમાત્મા કવિરગ્નિ (કબીર પરમેશ્વર) સ્વયં (પોતે) આવે અથવા પોતાનો કોઈ સંદેશવાહક (દૂત) મોકલે તો સર્વ (તમામ-બધાં) પ્રાણી સત્યભક્તિ કરીને કાળની જાળમાંથી નીકળી જાય. એટલા માટે દગો દઈને (ભ્રમિત કરીને) રાખે છે તથા પવિત્ર ગીતા અધ્યાય 7 શ્લોક 18, 24, 25 માં પોતાની સાધના દ્વારા થવાવાળી મુક્તિ (ગતિ)ને પણ (અનુત્તમામ્) અતિ અશ્રેષ્ઠ/ખરાબ કહી છે તથા પોતાના વિધાન (નિયમ)ને પણ (અનુત્તમામ્) અશ્રેષ્ઠ કહ્યું છે.

# બ્રહ્મ લોકનું લઘુ ચિત્ર



# જ્યોતિ નિરંજન (કાળ) બ્રહ્મના લોક (૨૧ બ્રહ્માંડ)નું લઘુ ચિત્ર



**દરેક બ્રહ્માંડમાં બનેલ બ્રહ્મલોકમાં એક મહાસ્વર્ગ બનાવ્યું છે. મહાસ્વર્ગમાં એક સ્થાન પર નકલી સતલોક - નકલી અલખ લોક - નકલી અગમલોક તથા નકલી અનામી લોકની રચના - પ્રાણીઓને ભ્રમિત રાખવાના (દગો દેવાના) હેતુથી પ્રકૃતિ (દુર્ગા / આદિ માયા) દ્વારા કરાવી રાખી છે. કબીર સાહેબનો એક શબ્દ છે -**

*''કર નૈનોં દીદાર મહલ મેં પ્યારા હૈ''* માં વાણી છે કે

*કાયા ભેદ કિયા નિરવારા, યહ સબ રચના પિન્ડ મંઝારા હે ।*

*માયા અવિગત જાલ પસારા, સો કારીગર ભારા હૈ ।।*

*આદિ માયા કિન્હી ચતુરાઈ, ઝુઠી બાજી પિન્ડ દિખાઈ ।*

*અવિગત રચના રચિ અંડ માહિ, વાકા પ્રતિબિંબ ડારા હૈ ।।*

**એક બ્રહ્માંડમાં અન્ય લોકોની પણ રચના છે, જેમ કે શ્રી બ્રહ્માજીનો લોક શ્રી વિષ્ણુજીનો લોક, શ્રી શિવજીનો લોક, જયાં આગળ બેસીને ત્રણેય પ્રભુ નીચેના ત્રણ લોકો (સ્વર્ગલોક એટલે કે ઈન્દ્રનો લોક, પૃથ્વીલોક તથા પાતાળલોક) પર એક-એક વિભાગના માલિક બનીને પ્રભુતા કરે છે તથા પોતાના પિતા કાળને ખાવા (આહાર)ને માટે પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ તથા સંહારનો કાર્યભાર (કારભાર) સંભાળે છે. ત્રણેય પ્રભુઓના પણ જન્મ તથા મૃત્યુ થાય છે. ત્યારે કાળ એમને પણ ખાય છે. આ જ બ્રહ્માંડ [આને અંડ પણ કહે છે કારણ કે બ્રહ્માંડની બનાવટ અંડાકાર છે, આને પિંડ પણ કહે છે કારણ કે શરીર (પિંડ) માં એક બ્રહ્માંડની રચના કમળોમાં ટી.વી. ની જેમ જોઈ શકાય છે] માં એક માનસરોવર તથા ધર્મરાય (ન્યાયાધીશ)નો લોક પણ છે તથા એક ગુપ્ત સ્થાન પર પૂર્ણ પરમાત્મા અન્ય રૂપ ધારણ કરીને રહે છે જેમ કે દરેક દેશનું રાજદૂત ભવન હોય છે. ત્યાં આગળ કોઈ નથી જઈ શકતું. ત્યાં આગળ તે આત્માઓ રહે છે, જેમની સત્યલોકની ભક્તિ અધૂરી રહી જાય છે. જયારે ભક્તિયુગ આવે છે ત્યારે તે સમયે પરમેશ્વર કબીરજી પોતાના પ્રતિનિધિ પૂર્ણ સંત સદગુરૂને મોકલે છે. ત્યારે એ અધૂરી ભક્તિવાળા આ પુણ્ય આત્માઓને પૃથ્વી પર તે સમયે માનવશરીર પ્રાપ્ત થાય છે તથા તેઓ શીઘ્ર (ખૂબ જ જલદી) જ સત ભક્તિ પર લાગી જાય છે તથા સતગુરૂથી દીક્ષા પ્રાપ્ત કરીને પૂર્ણમોક્ષ પ્રાપ્ત કરે છે. તે સ્થાન પર રહેવાવાળા હંસ આત્માઓની નિજી (પોતાની) ભક્તિની કમાઈ ખર્ચ થતી નથી (જમા રહે છે). પરમાત્માના ભંડારથી સર્વ સુવિધાઓ ઉપલબ્ધ થાય છે. બ્રહ્મ (કાળ)ના ઉપાસકોની ભક્તિની કમાઈ સ્વર્ગ, મહા સ્વર્ગમાં સમાપ્ત**

થઈ જાય છે કારણ કે આ કાળલોક (બ્રહ્મલોક) તથા પરબ્રહ્મ લોકમાં પ્રાણીઓને પોતાનું કરેલું કર્મફળ જ મળે છે.

ક્ષરપુરુષે (બ્રહ્મે) પોતાના 20 બ્રહ્માંડોને ચાર મહાબ્રહ્માંડોમાં વિભાજીત કર્યા છે. એક મહાબ્રહ્માંડમાં પાંચ બ્રહ્માંડોનો સમૂહ બનાવ્યો છે તથા ચારેય બાજુથી અંડાકાર ગોળાઈ (પરિધિ) માં રોકી રાખ્યા છે તથા આ ચારેય મહાબ્રહ્માંડોને પણ પાછા અંડ આકાર ગોળાઈ (પરિધિ)માં રોક્યા છે. એકવીસમાં બ્રહ્માંડની રચના એક મહાબ્રહ્માંડ જેટલું સ્થાન લઈને કરી છે. એકવીસમાં બ્રહ્માંડમાં પ્રવેશ કરતાં જ ત્રણ રસ્તા બનાવ્યા છે. એકવીસમા બ્રહ્માંડમાં પણ ડાબી બાજુ નકલી સતલોક, નકલી અલખ લોક, નકલી અગમ લોક, નકલી અનામી લોકની રચના પ્રાણીઓને ભ્રમિત રાખવાના (દગો દેવાના) ઉદ્દેશ્યથી આદિ માયા (દુર્ગા) દ્વારા કરાવડાવી છે તથા જમણી બાજુ બાર સર્વશ્રેષ્ઠ બ્રહ્મસાધકો (ભક્તો)ને રાખે છે. પછી દરેક યુગમાં તેમને પોતાના સંદેશવાહક (સંત/સતગુરુ) બનાવીને પૃથ્વી પર મોકલે છે, જે શાસ્ત્રવિધિરહિત સાધના તથા જ્ઞાન બતાવે છે તથા પોતે પણ ભક્તિહીન થઈ જાય છે તથા અનુયાયીઓને પણ કાળજાળમાં ફસાવતા જાય છે. પછી તે ગુરુજી તથા અનુયાયીઓ બન્ને નરકમાં જાય છે. પછી સામેની તરફ એક તાળુ (કુલુફ) લગાડી રાખ્યું છે. તે રસ્તો કાળ (બ્રહ્મ) ના નિજલોકમાં જાય છે. જ્યાં આગળ આ બ્રહ્મ (કાળ) પોતાના વાસ્તવિક માનવ સ્વરૂપી કાળરૂપમાં રહે છે. આ જ સ્થાન પર એક પથ્થરનો ટુકડો જે તવા આકારનો (રોટલી બનાવવા માટેની લોખંડની લોઢી-તવા જેવો) હોય છે. જે સ્વતઃ (એની જાતે જ) ગરમ રહે છે, જેને તપ્તશિલા પણ કહે છે. જેની ઉપર એક લાખ માનવશરીરધારી પ્રાણીઓના સૂક્ષ્મ શરીરને શેકીને તેમનામાંથી ગંદકી કાઢીને ખાય છે. તે સમયે સર્વ પ્રાણી ખૂબ જ પીડા (દર્દ) અનુભવે છે તથા હાહાકાર મચી જાય છે. પછી થોડાક સમય બાદ તે (સર્વ પ્રાણીઓ) બેભાન થઈ જાય છે. જીવ મરતો નથી. પછી ધર્મરાયના લોકમાં જઈને કર્માધારથી અન્ય જન્મ પ્રાપ્ત કરે છે તથા જન્મ-મૃત્યુનું ચક્કર બનેલું જ રહે છે. ઉપર જણાવેલ સામેની તરફ લગાવેલ તાળું કાળ (બ્રહ્મ) ફક્ત પોતાના આહારવાળાં પ્રાણીઓ માટે થોડીક જ ક્ષણો માટે ખોલે છે. પૂર્ણ પરમાત્માના સત્યનામ તથા સારનામથી આ તાળું સ્વયં (એની જાતે જ) ખુલી જાય છે. આમ કાળની જાળને પૂર્ણ પરમાત્મા કવિર્દેવે (કબીર સાહેબે) સ્વયં જ પોતાના નિજી (અંગત) ભક્ત ધરમદાસજીને સમજાવી.

## ● ''પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડોની સ્થાપના''

કબીર પરમેશ્વરે (કવિર્દેવે) આગળ બતાવ્યું છે કે પરબ્રહ્મે (અક્ષર પુરુષે) પોતાના કાર્યમાં ગફલત (ભૂલ) કરી કારણ કે તે માનસરોવરમાં ઊંઘી ગયો તથા જયારે પરમેશ્વરે (મેં એટલે કે કબીર સાહેબે) તે સરોવરમાં ઈંડુ છોડ્યું તો અક્ષરપુરુષે (પરબ્રહ્મે) તેની (ઈંડાની) તરફ ક્રોધથી જોયું. આ બન્ને અપરાધો (ગુનાઓ)ના કારણે તેને પણ સાત સંખ બ્રહ્માંડો સહિત સતલોકની બહાર કરી દીધો. બીજુ કારણ અક્ષરપુરુષ (પરબ્રહ્મ) પોતાના મિત્ર બ્રહ્મ (ક્ષરપુરુષ)ની જુદાઈમાં વ્યાકુળ થઈને પરમ પિતા કવિર્દેવ (કબીર પરમેશ્વર) ની યાદ ભૂલીને તેને જ યાદ કરવા લાગ્યો તથા વિચાર્યું કે ક્ષરપુરુષ (બ્રહ્મ) તો પોતાના એકવીસ બ્રહ્માંડમાં ખૂબ આનંદ મનાવી રહ્યો હશે, તે સ્વતંત્ર રાજ કરશે, હું પાછળ રહી ગયો તથા અન્ય કેટલીક આત્માઓ જે પરબ્રહ્મના સાત સંખ, બ્રહ્માંડોમાં જન્મમૃત્યુનો કર્મદંડ ભોગવી રહી છે, તે હંસ આત્માઓ, બ્રહ્મની સાથે ગયેલી આત્માઓની જુદાઈની યાદમાં ખોવાઈ ગઈ જે બ્રહ્મ (કાળ)ની સાથે એકવીસ બ્રહ્માંડોમાં ફસાયેલી છે તથા પૂર્ણપરમાત્મા, સુખદાયી કવિર્દેવની યાદ ભૂલાવી દીધી. પરમેશ્વર કવિર્દેવના વારંવાર સમજાવવા છતાં પણ આસ્થા ઓછી ન થઈ. પરબ્રહ્મે (અક્ષર પુરૂષે) વિચાર્યું કે હું પણ જુદું સ્થાન (જગ્યા) પ્રાપ્ત કરું તો સારું રહેશે. આમ વિચાર કરીને રાજય પ્રાપ્તિની ઈચ્છાથી સારનામનો જાપ શરૂ કરી દીધો. આ જ પ્રમાણે અન્ય આત્માઓએ (જે પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડમાં ફસાયેલી છે) વિચાર્યું કે જે આત્માઓ બ્રહ્મની સાથે ગયેલી છે તે ત્યાં મોજ-મસ્તી મનાવતા હશે અમે પાછળ રહી ગયા. પરબ્રહ્મના મનમાં એવી ધારણા બની કે ક્ષરપુરુષ જુદો થઈને ખૂબ જ સુખી (ખુશ) હશે. આમ વિચાર કરીને અંતરાત્માથી અલગ સ્થાનની પ્રાપ્તિ અંગે નક્કી કર્યું. પરબ્રહ્મે (અક્ષરપુરુષે) હઠ યોગ નથી કર્યો, પરંતુ ફકત જુદા રાજયની પ્રાપ્તિને માટે સહજ ધ્યાન યોગ વિશેષ (ખાસ) કસક (લગન) ની સાથે કરતો રહ્યો. જુદું સ્થાન પ્રાપ્ત કરવા માટે પાગલો (ગાંડા)ની જેમ ભટકવા લાગ્યો, ખાવાપીવાનું પણ ત્યાગી દીધું. સતલોકમાંના આત્માઓમાંથી અન્ય કેટલાક આત્માઓ જે પહેલાં કાળ બ્રહ્મની સાથે ગયેલા આત્માઓના પ્રેમમાં વ્યાકુળ હતા, તે અક્ષર પુરૂષના વૈરાગ્ય પર આસકત થઈને તેને ચાહવા લાગ્યા. પૂર્ણપ્રભુના પૂછવાથી પરબ્રહ્મે જુદું સ્થાન માગ્યું તથા અમુક હંસાત્માઓ માટે પણ વિનંતી કરી. ત્યારે કવિર્દેવે કહ્યું કે જે આત્મા તમારી સાથે સ્વેચ્છાથી જવા ઈચ્છે

તેમને મોકલી આપું છું. પૂર્ણપ્રભુએ પૂછ્યું કે કોણ હંસ આત્મા પરબ્રહ્મની સાથે જવા માંગે છે, સંમતિ વ્યક્ત કરો. ઘણા સમય બાદ એક હંસે સ્વીકૃતિ આપી, પછી દેખા-દેખી તે તમામ આત્માઓએ પણ સ્વીકૃતિ - સંમતિ વ્યક્ત કરી દીધી. સૌ પ્રથમ સ્વીકૃતિ આપવાવાળા હંસને સ્ત્રીરૂપ બનાવ્યો, તેનું નામ ઈશ્વરી માયા (પ્રકૃતિ સુરતિ) રાખ્યું તથા અન્ય આત્માઓને તે ઈશ્વરી માયામાં પ્રવેશ કરાવીને અચિન્ત દ્વારા અક્ષરપુરુષ (પર બ્રહ્મ)ની પાસે મોકલી દીધી (પતિવ્રતા પદથી નીચે પડી જવાની સજા મળી). કેટલાય યુગો સુધી બંને સાત સંખ બ્રહ્માંડોમાં રહ્યા, પરંતુ પરબ્રહ્મે દુર્વ્યવહાર કર્યો નહિ. ઈશ્વરી માયાની સ્વ ઈચ્છાથી અંગીકાર કર્યો તથા પોતાની શબ્દશક્તિ દ્વારા નખ વડે સ્ત્રી ઈન્દ્રિ (યોનિ) બનાવી. ઈશ્વરી દેવીની સંમતિથી સંતાન ઉત્પન્ન કર્યાં. એટલા માટે પરબ્રહ્મના લોકમાં (સાત સંખ બ્રહ્માંડોમાં) પ્રાણીઓને તપ્તશિલાનું કષ્ટ નથી તથા ત્યાં પશુ-પક્ષી પણ બ્રહ્મલોકના દેવો કરતા સારું ચરિત્ર ધરાવે છે. ઉંમર પણ ખૂબ લાંબી છે, પરંતુ જન્મ-મૃત્યુ કર્માધાર પર કર્મદંડ તથા પરિશ્રમ કરીને જ ઉદર પૂર્તિ થાય છે. સ્વર્ગ તથા નરક પણ એ મુજબ જ બનેલા છે. પરબ્રહ્મ (અક્ષરપુરુષ)ને સાત સંખ બ્રહ્માંડ તેની ઈચ્છારૂપી ભક્તિ ધ્યાન એટલે કે સહજ સમાધિ વિધિ દ્વારા તેની કરેલી કમાઈના પ્રતિફળમાં પ્રદાન કર્યા તથા સત્યલોકથી અલગ સ્થાન પર ગોળાકાર પરિધિમાં બંધ કરીને સાત સંખ બ્રહ્માંડો સહિત અક્ષરબ્રહ્મ તથા ઈશ્વરી માયાને હદ પાર (નિષ્કાસિત) કરી દીધા.

પૂર્ણબ્રહ્મ (સત પુરુષ) અસંખ્ય બ્રહ્માંડો જે સતલોક વગેરેમાં છે તથા બ્રહ્મના 21 બ્રહ્માંડો તથા પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડોના પણ પ્રભુ (માલિક) છે એટલે કે પરમેશ્વર કવિર્દેવ કુલ (સર્વસ્વ)ના માલિક છે.

શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી વગેરેની ચાર-ચાર ભુજાઓ (હાથ) તથા 16 કળાઓ છે તથા પ્રકૃતિદેવી (દુર્ગા)ની આઠ ભુજાઓ છે તથા 64 કળાઓ છે. બ્રહ્મ (ક્ષરપુરુષ)ની એક હજાર ભુજાઓ છે તથા એક હજાર કળાઓ છે અને તે એકવીસ બ્રહ્માંડોનો પ્રભુ છે. પર બ્રહ્મ (અક્ષર પૂરુષ)ની દસ હજાર ભુજાઓ છે તથા દસ હજાર કળાઓ છે અને તે સાત સંખ બ્રહ્માંડોનો પ્રભુ છે. પૂર્ણબ્રહ્મ (પરમ અક્ષરપુરુષ એટલે કે સતપુરુષ)ની અસંખ્ય ભુજાઓ છે તથા અસંખ્ય કળાઓ છે તથા બ્રહ્મના એકવીસ બ્રહ્માંડો તથા પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડો સહિત અસંખ્ય બ્રહ્માંડોના પ્રભુ છે. દરેક પ્રભુ પોતાની સર્વ ભુજાઓને સમેટીને (સંકેલીને) ફક્ત બે ભુજાઓ પણ રાખી શકે છે તથા જ્યારે ઈચ્છે ત્યારે સર્વ ભુજાઓને પણ પ્રગટ કરી શકે છે.

**પૂર્ણ પરમાત્મા પરબ્રહ્મના પ્રત્યેક (દરેક) બ્રહ્માંડમાં પણ અલગ સ્થાન બનાવીને અન્ય રૂપમાં ગુપ્ત રહે છે. એવી રીતે સમજો જાણે એક ફરતો કેમેરા બહાર લગાવી દેવામાં આવે તથા અંદર ટેલિવિઝન મૂકી દેવામાં આવે. ટી.વી. ઉપર બહારના તમામ દશ્ય નજર આવે છે તથા બીજું ટેલિવિઝન બહાર મૂકીને અંદરનો કેમેરા સ્થાયી કરીને મૂકી દેવામાં આવે, તેમાં ફક્ત અંદર બેઠેલા પ્રબંધકનું ચિત્ર દેખાય છે. આના લીધે તમામ કર્મચારીઓ સાવધાન રહે છે.**

**આ જ પ્રમાણે પૂર્ણપરમાત્મા પોતાના સતલોકમાં બેસીને બધાને નિયંત્રિત કરી રાખે છે તથા પ્રત્યેક બ્રહ્માંડમાં પણ સતગુરુ કવિર્દેવ વિદ્યમાન રહે છે. જેમ કે સૂર્ય દૂર હોવા છતાં પણ પોતાનો પ્રભાવ અન્ય લોકોમાં બનાવી રાખે છે.**

## ● ''પવિત્ર અથર્વવેદમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

**અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 1:-**

*બ્રહ્મ જજ્ઞાનં પ્રથમં પુરસ્તાદ વિ સીમતઃ સુરુચો વેન આવઃ ।*
*સઃ બુધ્ન્યા ઉપમા અસ્ય વિષ્ઠાઃ સતશ્ચ યોનિમસતશ્ચ વિ વઃ ।। 1 ।।*

**અનુવાદ :** (પ્રથમમ્) પ્રાચીન એટલે કે સનાતન (બ્રહ્મ) પરમાત્મા એ (જ) પ્રગટ થઈને (જ્ઞાનમ્) પોતાની સૂઝબૂઝથી (પુરસ્તાત્) શિખરમાં એટલે કે સતલોક વગેરેને (સુરૂચઃ) સ્વઈચ્છાથી - ખૂબ રૂચિથી સ્વપ્રકાશિત (વિસિમતઃ) સીમારહિત એટલે કે વિશાળ સીમાવાળા અલગ-અલગ લોકોને રચ્યા તે (વેનઃ) જુલાહાએ રચ્યા એટલે કે કાપડની જેમ વણીને (આવઃ) સુરક્ષિત કર્યા (ચ) તથા (સઃ) તે પૂર્ણ બ્રહ્મ જ સર્વ રચના કરે છે (અસ્ય) એટલા માટે તે જ (બુધ્ન્યાઃ) મૂળ માલિકે (યોનિમ્) મૂળ સ્થાન સત્યલોકની રચના કરી છે (અસ્ય) એના (ઉપમા) સદૃશ જેવા જ એટલે કે મળતા જુલતા (સતઃ) અક્ષરપુરુષ અર્થાત પરબ્રહ્મના લોક થોડાક અંશે સ્થાયી (ચ) તથા (અસતઃ) ક્ષરપુરુષના અસ્થાઈ લોક વગેરે (વિ વઃ) આવાસ સ્થાન અલગ (વિષ્ઠાઃ) સ્થાપિત કર્યા.

**ભાવાર્થ : પવિત્ર વેદોને બોલવાવાળો બ્રહ્મ (કાળ) કહી રહ્યો છે કે સનાતન પરમેશ્વરે સ્વયં (પોતે) અનામય (અનામી) લોકથી સતલોકમાં પ્રગટ થઈને પોતાની સૂઝ-બૂઝ દ્વારા કાપડની જેમ રચના કરીને ઉપરના સતલોક વગેરેને સીમારહિત સ્વપ્રકાશિત અજર-અમર એટલે કે અવિનાશી સ્થિત કર્યા તથા નીચેના પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મના એકવીસ (21) બ્રહ્માંડ તથા તેમાં નાનામાં નાની રચના પણ તે જ પરમાત્માએ અસ્થાયી કરી છે.**

**અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 2:-**

*ઈયં પિત્ર્યા રાષ્ટ્રયેત્વગ્રે પ્રથમાય જનુષે ભુવનેષ્ઠાઃ ।*
*તસ્મા એતં સુરુચં હ્વારમહ્યં ધર્મ શ્રીણન્તુ પ્રથમાય ધાસ્યવે ।। 2 ।।*

**અનુવાદ :** (ઈયમ્) આ જ (પિત્ર્યા) જગતપિતા પરમેશ્વરે (એતુ) આ (અગ્રે) સર્વોત્તમ (પ્રથમાય) સર્વથી પહેલી, માયા પરાનંદની (રાષ્ટ્રિ) રાજેશ્વરી શક્તિ એટલે કે પરાશક્તિ જેને આકર્ષણ શક્તિ પણ કહે છે, ને (જનુષે) ઉત્પન્ન કરીને (ભુવનેષ્ઠાઃ) લોકસ્થાપના કરી (તસ્મા) તે જ પરમેશ્વરે (સુરુચમ્) ખૂબ રૂચિની સાથે સ્વેચ્છાથી (એતમ્) આ (પ્રથમાય) પ્રથમ ઉત્પત્તિની શક્તિ એટલે કે પરાશક્તિના દ્વારા (હ્વારમહ્યમ્) એક બીજાના વિયોગને રોકવા એટલે કે આકર્ષણ શક્તિના (શ્રીણાન્તુ) ગુરુત્વાકર્ષણને પરમાત્માએ આદેશ આપ્યો - સદા રહો તે ક્યારેય ન સમાપ્ત થવાવાળા (ધર્મમ્) સ્વભાવથી (ધાસ્યવે) ધારણ કરીને સ્થિત કર્યા એટલે કે કાપડની જેમ વણીને રોકી રાખ્યા છે.

**ભાવાર્થ : જગતપિતા પરમેશ્વરે પોતાની શબ્દશક્તિ દ્વારા રાષ્ટ્રી એટલે કે સૌથી પહેલી માયા રાજેશ્વરી ઉત્પન્ન કરી તથા તે જ પરાશક્તિ દ્વારા એકબીજાને આકર્ષણ શક્તિથી રોકી રાખવાવાળા ક્યારેય ન સમાપ્ત થવાવાળા ગુણથી ઉપરોક્ત સર્વ બ્રહ્માંડોને સ્થાપિત કર્યા છે.**

**અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક 1, મંત્ર-3**

*પ્ર યો જજ્ઞે વિદ્વાનસ્ય બન્ધુર્વિશ્વા દેવાનાં જનિમા વિવક્તિ ।*
*બ્રહ્મ બ્રહ્મણ ઉજ્જભાર મધ્યાન્નીચૈરુચ્ચૈઃ સ્વધા અભિ પ્ર તસ્થૌ ।। 3 ।।*

**અનુવાદ :** (પ્ર) સર્વ પ્રથમ (દેવાનામ્) દેવતાઓ તથા બ્રહ્માંડોની (જજ્ઞે) ઉત્પત્તિના જ્ઞાનને (વિદ્વાનસ્ય) જિજ્ઞાસુ ભક્તનો (યઃ) જે (બન્ધુઃ) વાસ્તવિક સાથી એટલે કે પૂર્ણ પરમાત્મા જ પોતાના નિજ સેવકને (જનિમા) પોતાના દ્વારા સૃજન થયેલાને (વિવક્તિ) સ્વયં પોતે જ ઠીક-ઠીક વિસ્તારપૂર્વક બતાવે છે કે (બ્રહ્મણઃ) પૂર્ણ પરમાત્માએ (મધ્યાત્) પોતાના મધ્યથી એટલે કે શબ્દશક્તિથી (બ્રહ્મઃ) બ્રહ્મ-ક્ષરપુરુષ એટલે કે કાળને (ઉજ્જભાર) ઉત્પન્ન કરીને (વિશ્વા) આખા સંસારને અર્થાત સર્વ લોકોને (ઉચ્ચૈઃ) ઉપર સતલોક વગેરે (નિચૈઃ) નીચે પરબ્રહ્મ તથા બ્રહ્મના સર્વ બ્રહ્માંડ (સ્વધા) પોતાની ધારણ કરવાવાળી (અભિઃ) આકર્ષણ શક્તિથી (પ્ર તસ્થૌ) બન્નેને સારી રીતે સ્થિત કર્યા.

**ભાવાર્થ : પૂર્ણપરમાત્મા પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનું જ્ઞાન તથા સર્વ આત્માઓની ઉત્પત્તિનું જ્ઞાન પોતાના નિજી (અંગત) દાસને સ્વયં જ (પોતે જ) સાચું સંપૂર્ણ રીતે બતાવે છે કે પૂર્ણપરમાત્માએ પોતાના મધ્ય**

**એટલે કે પોતાના શરીરથી પોતાની શબ્દશક્તિ દ્વારા બ્રહ્મ (ક્ષરપુરુષ - કાળ)ની ઉત્પત્તિ કરી તથા સર્વ બ્રહ્માંડોને - ઉપર સતલોક, અલખ લોક, અગમ લોક, અનામી લોક વગેરે તથા નીચે પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મના 21 બ્રહ્માંડોને પોતાની ધારણ કરવાવાળી આકર્ષણ શક્તિથી સ્થિત (પ્રસ્થાપિત) કરી રાખ્યા છે.**

**જેમ કે પૂર્ણપરમાત્મા કબીર પરમેશ્વરે (કવિર્દેવે) પોતાના નિજી (અંગત) સેવક અર્થાત સખા શ્રી ધર્મદાસજી, માનનીય ગરીબદાસજી વગેરેને પોતાના દ્વારા રચવામાં આવેલ સૃષ્ટિનું જ્ઞાન સ્વયં જ (પોતે જ) બતાવ્યું. ઉપરોક્ત વેદમંત્ર પણ આનું જ સમર્થન કરી રહ્યા છે.**

**અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 4**

*સઃ હિ દિવઃ સ પૃથિવ્યા ઋતસ્થા મહી ક્ષેમં રોદસી અસ્કભાયત્ ।*

*મહાન મહી અસ્કભાયદ્ વિ જાતો દ્યાં સદમ પાર્થિવં ચ રજઃ ।। 4 ।।*

**અનુવાદ :**(સઃ) તે જ સર્વશક્તિમાન પરમાત્માએ (હિ) નિઃસંદેહ (દિવઃ) ઉપરના ચારેય દિવ્ય લોક જેમ કે સત્ય લોક, અલખ લોક, અગમ લોક તથા અનામી એટલે કે અકહ લોક એટલે કે દિવ્ય ગુણો યુક્ત લોકોને (ઋતસ્થા) સત્ય સ્થિર એટલે કે અજરઅમર રૂપથી સ્થિર કર્યા (સ) તેમના જ જેવા (પૃથિવ્યા) નીચેના પૃથ્વીવાળા સર્વલોક જેમકે પરબ્રહ્મના સાત સંખ તથા બ્રહ્મ/કાળના એકવીસ બ્રહ્માંડ (મહી) પૃથ્વી તત્ત્વથી (ક્ષેમમ્) સુરક્ષાની સાથે (અસ્કભાયત્) રોકી રાખ્યા (રોદસી) આકાશ તત્ત્વ તથા પૃથ્વી તત્ત્વ બંનેથી ઉપર નીચેના બ્રહ્માંડોને [જેમ કે આકાશ એક સૂક્ષ્મ તત્ત્વ છે, આકાશનો ગુણ શબ્દ છે, પૂર્ણ પરમાત્મા એ ઉપરના લોક શબ્દ રૂપે રચ્યા જે તેજપુંજના બનાવેલા છે તથા નીચેના પરબ્રહ્મ (અક્ષરપુરુષ) ના સપ્ત સંખ બ્રહ્માંડ તથા બ્રહ્મ-ક્ષર પુરુષના એકવીસ બ્રહ્માંડોને પૃથ્વી તત્ત્વથી અસ્થાયી રચ્યા] (મહાન્) પૂર્ણ પરમાત્માએ (પાર્થિવમ્) પૃથ્વીવાળા (વિ) અલગ-અલગ (ધામ) લોક (ચ) અને (સદમ્) આવાસ સ્થાન (મહી) પૃથ્વી તત્ત્વથી (રજઃ) દરેક બ્રહ્માંડમાં નાના-નાના લોકોની (જાતઃ) રચના કરીને (અસ્કભાયત્) સ્થિર કર્યા.

**ભાવાર્થ : ઉપરના ચારેય લોક - સત્યલોક, અલખ લોક, અગમ લોક, અનામી લોક - આ તો અજર-અમર સ્થાયી અર્થાત (એટલે કે) અવિનાશી રચ્યા છે તથા નીચેના બ્રહ્મ તથા પરબ્રહ્મના લોકોની અસ્થાયી રચના કરીને તથા અન્ય નાના-નાના લોક પણ તે જ પરમેશ્વરે રચીને સ્થિર કર્યા.**

## કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર નં. 5

*સઃ બુધ્ન્યાદાષ્ટ્ર જનુષોઽભ્યગ્રં બૃહસ્પતિર્દેવતા તસ્ય સમ્રાટ ।*
*અહર્યચ્છુક્રં જ્યોતિષો જનિષ્ટાથ ધ્યુમન્તો વિ વસન્તુ વિપ્રાઃ ।। 5 ।।*

**અનુવાદ :** (સઃ) તે જ (બુધ્ન્યાત) મૂળ માલિકથી (અભિ-અગ્રમ્) સૌ પ્રથમ સ્થાન પર (આષ્ટ્ર) અષ્ટંગી માયા-દુર્ગા અર્થાત પ્રકૃતિ દેવી (જનુષેઃ) ઉત્પન્ન થઈ  કારણ કે નીચેના પરબ્રહ્મ તથા બ્રહ્મના લોકોનું પ્રથમ સ્થાન સતલોક છે, આ ત્રીજું ધામ પણ કહેવાય છે. (તસ્ય) આ દુર્ગાનો પણ માલિક એ જ (સમ્રાટ) રાજાધિરાજ (બૃહસ્પતિઃ) સૌથી મોટો પતિ તથા જગતગુરૂ (દેવતા) પરમેશ્વર છે. (યત્) જેનાથી (અહઃ) બધાનો વિયોગ થયો (અથ) એના પછી (જ્યોતિષઃ) જ્યોતિરૂપ નિરંજન એટલે કે કાળના (શુક્રમ્) વીર્ય અર્થાત બીજશક્તિથી (જનિષ્ટ) દુર્ગાના ઉદરથી ઉત્પન્ન થઈને (વિપ્રાઃ) ભક્ત આત્માઓ (વિ) અલગથી (ધ્યુમન્તઃ) મનુષ્યલોક તથા સ્વર્ગલોકમાં જ્યોતિ નિરંજનના આદેશથી દુર્ગાએ કહ્યું (વસન્તુ) નિવાસ કરો એટલે કે તે આત્માઓ નિવાસ કરવા લાગી - રહેવા લાગી.

**ભાવાર્થ : પૂર્ણપરમાત્માએ ઉપરના ચારેય લોકોમાંથી જે નીચેથી સૌથી પ્રથમ એટલે કે સત્યલોકમાં આષ્ટ્રા અર્થાત અષ્ટાંગી (પ્રકૃતિ દેવી - દુર્ગા) ની ઉત્પત્તિ કરી. આજ રાજાધિરાજ, જગત ગુરુ, પૂર્ણ પરમેશ્વર (સત પુરુષ) છે, જેનાથી બધાનો વિયોગ થયો છે. પછી સર્વે પ્રાણી જ્યોતિ નિરંજન (કાળ)ના (વીર્ય) બીજથી દુર્ગા (આષ્ટ્રા)ના ગર્ભ દ્વારા ઉત્પન્ન થઈને સ્વર્ગલોક તથા પૃથ્વીલોક પર નિવાસ કરવા લાગ્યા.**

## અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1, મંત્ર 6

*નૂનં તદસ્ય કાવ્યો હિનોતિ મહો દેવસ્ય પૂર્વ્યસ્ય ધામ ।*
*એષ જજ્ઞે બહુભિઃ સાકમિત્થા પૂર્વે અર્ધે વિષિતે સસન નુ ।। 6 ।।*

**અનુવાદ :** (નૂનમ્) નિઃસંદેહ (તત્) તે પૂર્ણ પરમેશ્વર અર્થાત તત્ બ્રહ્મ જ (અસ્ય) આ (કાવ્યઃ) ભક્ત આત્મા જે પૂર્ણપરમેશ્વરની ભક્તિ વિધિવત કરે છે ને પરત (મહઃ) સર્વશક્તિમાન (દેવસ્ય) પરમેશ્વરના (પૂર્વ્યસ્ય) પહેલાના (ધામ) લોકમાં અર્થાત સતલોકમાં (હિનોતી) મોકલે છે.

(પૂર્વે) પહેલાવાળા (વિષિતે) વિશેષ ચાહેલા - પ્રિય એવા (એષ) આ પરમેશ્વરને તથા (જજ્ઞે) સૃષ્ટિ ઉત્પત્તિના જ્ઞાનને જાણીને (બહુભિઃ) ખૂબ આનંદ (સાકમ્) ની સાથે (અર્ધે) અડધું (સસન્) ઊંઘતો રહી (ઈત્થા) વિધિવત્ આ પ્રમાણે (નુ) આત્માથી સાચી સ્તુતિ કરે છે.

**ભાવાર્થ : તે જ પૂર્ણપરમેશ્વર સત્ય સાધના કરવાવાળા સાધકને તે જ પહેલાવાળા સ્થાન - અગાઉના સ્થાન (સત્યલોક) માં લઈ જાય છે, જ્યાંથી**

**વિખુટા પડીને આવ્યા હતા. ત્યાં તે વાસ્તવિક સુખદાયી પ્રભુને પ્રાપ્ત કરીને ખુશીથી આત્મવિભોર થઈને મસ્તીથી સ્તુતિ કરે છે કે હે પરમાત્મા અસંખ્ય જન્મોના ભૂલેલા-ભટકેલાને વાસ્તવિક સ્થાન મળી ગયું. આનું જ પ્રમાણ પવિત્ર ઋગ્વેદ મંડલ 10, સુકત 90, મંત્ર 16માં પણ છે.**

**માનનીય ગરીબદાસજીને આ જ પ્રમાણે પૂર્ણ પરમાત્મા કવિર્દેવ (કબીર પરમેશ્વર) સ્વયં સત્યભક્તિ આપીને સત્યલોક લઈને ગયા હતા, ત્યારે પોતાની અમૃતવાણીમાં માનનીય ગરીબદાસજી મહારાજે નજરોથી જોઈને કહ્યું :**

*ગરીબ, અજબ નગર મેં લે ગયે, હમકું સત્ ગુરુ આન ।*
*ઝિલ કે બિમ્બ અગાધ ગતિ, સૂતે ચાદર તાન ।।*

**અથર્વવેદ કાંડ નં. 4 અનુવાક નં. 1 મંત્ર 7**

*યોઙથર્વાણં પિત્તરં દેવબન્ધું બૃહસ્પતિં નમસાવ ચ ગચ્છાત્ ।*
*ત્વં વિશ્વેષાં જનિતા યથાસઃ કવિર્દેવો ન દભાયત્ સ્વધાવાન્ ।। 7 ।।*

**અનુવાદ :** (યઃ) જે (અથર્વાણમ્) અચલ અર્થાત અવિનાશી (પિત્તરમ્) જગતપિતા (દેવ બન્ધુમ્) ભક્તોનો વાસ્તવિક સાથી અર્થાત આત્માનો આધાર (બૃહસ્પતિમ્) જગતગુરૂ (ચ) તથા (નમસા) વિનમ્ર પૂજારી અર્થાત વિધિવત સાધકને (અવ) સુરક્ષાની સાથે (ગચ્છાત) સતલોક ગયેલાઓને એટલે કે જેમનો પૂર્ણ મોક્ષ થઈ ગયો, તે સત્યલોકમાં જઈ ચુક્યા છે. તેમને સતલોક લઈ જવાવાળા (વિશ્વેષામ્) સર્વ બ્રહ્માંડોની (જનિતા) રચના કરવાવાળા જગદમ્બા એટલે કે માતાવાળા ગુણોથી પણ યુક્ત (ન દભાયત્) કાળની જેમ દગો ન દેવાવાળા (સ્વધાવાન્) સ્વભાવ અર્થાત ગુણોવાળા (યથા) જેમ છે તેમ એટલે કે તેવા જ (સઃ) તે (ત્વમ્) તમે (કવિર્દેવઃ/કવિર્ દેવઃ) કવિર્દેવ છો એટલે કે ભાષા જુદી એને કબીર પરમેશ્વર પણ કહે છે.

**ભાવાર્થ : આ મંત્રમાં આ પણ સ્પષ્ટ કરી દીધું છે કે તે પરમેશ્વરનું નામ કવિર્દેવ એટલે કે કબીર પરમેશ્વર છે, જેણે સર્વ રચના કરી છે.**

**જે પરમેશ્વર અચળ અર્થાત વાસ્તવમાં અવિનાશી (ગીતા અધ્યાય 15 શ્લોક-16, 17 માં પણ પ્રમાણ છે) જગત ગુરુ, આત્માધાર, જે પૂર્ણ મુક્ત થઈને સતલોક ગયા છે તેમને સતલોકમાં લઈ જવાવાળા, સર્વ બ્રહ્માંડોના રચનહાર, કાળ (બ્રહ્મ)ની જેમ દગો ન દેવાવાળા જેમ છે તેમ (જેવા છે તેવા જ) તે સ્વયં કવિર્દેવ અર્થાત કબીર પ્રભુ છે. આ જ પરમેશ્વર સર્વ બ્રહ્માંડો તથા પ્રાણીઓને પોતાની શબ્દશક્તિથી ઉત્પન્ન કરવાના કારણે (જનિતા) માતા પણ કહેવાય છે તથા (પિત્તરમ્) પિતા તથા (બન્ધુ) ભાઈ**

**પણ વાસ્તવમાં આ જ છે તથા (દેવ) પરમેશ્વર પણ આ જ છે. એટલા માટે આ જ કવિર્દેવ (કબીર પરમેશ્વર)ની સ્તુતિ કર્યા કરે છે. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુ ચ સખા ત્વમેવ, ત્વમેવ વિદ્યા ચ દ્રવિણંમ ત્વમેવ, ત્વમેવ સર્વ મમ્ દેવ દેવ. આ જ પરમેશ્વરની મહિમાનું પવિત્ર ઋગ્વેદ મંડલ નં. 1, સૂક્ત નં. 24 માં વિસ્તૃત વિવરણ છે.**

## ● ''પવિત્ર ઋગ્વેદમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

**ઋગ્વેદ મંડલ 10 સૂક્ત 90 મંત્ર 1**

*સહસ્ત્રશીર્ષા પુરુષઃ સહસ્ત્રાક્ષઃ સહસ્ત્રપાત્ ।*
*સ ભૂમિં વિશ્વતોં વૃત્વાત્યતિષ્ઠદ્શાઙગુલમ્ ॥ 1 ॥*

**અનુવાદ :** (પુરુષઃ) વિરાટરૂપ કાળ ભગવાન અર્થાત ક્ષરપુરુષ (સહસ્ત્રશિર્ષા) હજાર માથાવાળા (સહસ્રાક્ષઃ) હજાર આંખોવાળા (સહસ્ત્રાપાત્) હજાર પગવાળા છે (સ) તે કાળ (ભૂમિમ) પૃથ્વીવાળા એકવીસ બ્રહ્માંડોને (વિશ્વતઃ) બધી બાજુએથી (દશંગુલમ્) દસે આંગળીઓથી અર્થાત પૂર્ણરૂપથી કાબૂમાં કરી રાખીને (વૃત્વા) ગોળાકાર ઘેરામાં ઘેરીને (અત્યાતિષ્ઠત્) આનાથી આગળ એટલે કે પોતાના કાળલોકમાં સૌથી ન્યારો - અલગ પણ એકવીસમા બ્રહ્માંડમાં રોકાયો છે અર્થાત રહે છે.

**ભાવાર્થ : આ મંત્રમાં વિરાટ (કાળ-બ્રહ્મ) નું વર્ણન છે. (ગીતા અધ્યાય-10-11 માં આ જ કાળ-બ્રહ્મનું આવું જ વર્ણન છે. અધ્યાય-11 મંત્ર નં. 46 માં અર્જુને કહ્યું છે કે હે સહસ્ત્રાબાહુ એટલે કે હજાર ભૂજાવાળા આપ આપના ચર્તુભુજ રૂપમાં દર્શન આપો.)**

**જેના હજારો હાથ, પગ, આંખો, કાન વગેરે છે તે વિરાટરૂપ કાળ પ્રભુ પોતાના આધીન સર્વ પ્રાણીઓને પૂર્ણ કાબૂમાં કરીને અર્થાત વીસ બ્રહ્માંડોને ગોળાકાર પરિધિમાં રોકીને સ્વયં એમનાથી ઉપર (જુદો) એકવીસમાં બ્રહ્માંડમાં બેઠેલો છે.**

**ઋગ્વેદ મંડલ નં. 10 સુક્ત 90 મંત્ર 2**

*પુરુષ એવેદં સર્વં યદભૂતં યચ્ચ ભાવ્યમ્ ।*
*ઉતામૃતત્ત્વસ્યેશાનો યદન્નેનાતિરોહતિ ॥ 2 ॥*

**અનુવાદ :** (એવ) આ જ પ્રમાણે થોડાક અંશે ઠીક ઠીક પ્રમાણમાં (પુરુષ) ભગવાન છે તે અક્ષરપુરુષ એટલે કે પરબ્રહ્મ છે. (ચ) અને (ઇદમ્) આ (યત્) જે (ભૂતમ્) ઉત્પન્ન થયેલું છે (યત્) જે (ભાવ્યમ્) ભવિષ્યમાં થશે (સર્વમ્) બધું જ (યત્) પ્રયત્નથી એટલે કે મહેનત દ્વારા (અન્નેન)

અન્નથી (અતિરોહતિ) વિકસિત થાય છે. આ અક્ષરપુરુષ પણ (ઉત) શંકાયુક્ત (અમૃતત્વસ્ય) મોક્ષનો (ઈશાનઃ) સ્વામી છે અર્થાત ભગવાન તો અક્ષરપુરુષ પણ થોડાક અંશે સાચો છે. પરંતુ પૂર્ણ મોક્ષદાયક નથી.


**ભાવાર્થ : આ મંત્રમાં પરબ્રહ્મ (અક્ષરપુરુષ) નું વિવરણ છે જે થોડાક ભગવાનવાળા લક્ષણોથી યુક્ત છે, પરંતુ આની ભક્તિથી પણ પૂર્ણ મોક્ષ સંભવ નથી, એટલા માટે એને સંદેહયુક્ત મુક્તિદાતા કહ્યો છે. આને થોડોક (કંઈક) પ્રભુના ગુણો યુક્ત એટલા માટે કહ્યો છે કે આ કાળની જેમ તપ્તશીલા પર સેકીને ખાતો નથી, પરંતુ આ પરબ્રહ્મના લોકમાં પણ પ્રાણીઓને પરિશ્રમ કરીને કર્માધાર મુજબ જ ફળ પ્રાપ્ત થાય છે તથા અન્નથી જ સર્વ પ્રાણીઓના શરીર વિકસિત થાય છે, જન્મ તથા મૃત્યુનો સમય ભલે જ કાળ (ક્ષરપુરુષ) થી અધિક છે, પરંતુ તેમ છતાં પણ ઉત્પત્તિ, પ્રલય તથા ચોર્યાસી લાખ યોનિઓમાં યાતના (પીડા, દુઃખ) તો બની જ રહે છે.**

**મંડલ 10, સુક્ત 90, મંત્ર 3**

*એતાવાનસ્ય મહિમાતો જ્યાયાઁશ્ચ પુરુષઃ।*
*પાદોઽસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ॥ 3 ॥*

**અનુવાદ :** (અસ્ય) આ અક્ષરપુરુષની અર્થાત પરબ્રહ્મની તો (એતાવાન્) એટલી જ (મહિમા) પ્રભુતા છે (ચ) તથા (પુરુષઃ) તે પરમ અક્ષર બ્રહ્મ અર્થાત પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર તો (અતઃ) આનાથી પણ (જ્યાયાન્) મોટો છે (વિશ્વા) સમસ્ત (ભૂતાનિ) ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ તથા એમના તમામ લોકોમાં તથા સત્યલોક તથા એ લોકોમાં જેટલા પણ પ્રાણીઓ છે (અસ્ય) આ પૂર્ણ પરમાત્મા પરમ અક્ષરપુરુષનો (પાદઃ) એક પગ છે એટલે કે એક અંશ માત્ર છે. (અસ્ય) આ પરમેશ્વરના (ત્રિ) ત્રણ (દિવિ) દિવ્ય લોક જેમ કે સત્યલોક-અલખ લોક - અગમ લોક (અમૃતમ્) અવિનાશી (પાદ્) બીજો પગ છે એટલે કે જે કંઈ પણ સર્વ બ્રહ્માંડોમાં ઉત્પન્ન છે તે સત્યપુરુષ પૂર્ણપરમાત્માનો જ અંશ અથવા અંગ છે.

**ભાવાર્થ : આ ઉપરના મંત્ર-2માં વર્ણિત અક્ષર પુરુષ (પરબ્રહ્મ)ની તો એટલી જ મહિમા છે તથા તે પૂર્ણપુરુષ કર્વિદેવ તો આનાથી પણ મોટો છે એટલે કે સર્વશક્તિમાન છે તથા સર્વે બ્રહ્માંડ તેના જ અંશ માત્ર પર ટકી રહ્યા છે. આ મંત્રમાં ત્રણ લોકોનું વર્ણન એટલા માટે છે કારણ કે ચોથો અનામી (અનામય) લોક અન્ય રચનાથી પહેલાનો (અગાઉનો) છે. આ જ ત્રણેય પ્રભુઓ (ક્ષર પુરુષ, અક્ષર પુરુષ તથા આ બંનેથી અન્ય પરમ અક્ષર પુરુષ)નું વિવરણ શ્રીમદ્ ભાગવત ગીતાના અધ્યાય-15 ના શ્લોક 16-17**




**ઉપર મૂળ નીચે શાખાવાળું ઊંધું લટકેલું સંસારરૂપી વૃક્ષાનું ચિત્ર**

**માં છે [આનું જ પ્રમાણ માનનીય ગરીબદાસ સાહેબજી કહે છે કે :-**

*ગરીબ, જાકે અર્ધ રુમ પર સકલ પસારા । ઐસા પૂર્ણ બ્રહ્મ હમારા ॥*

*ગરીબ, અનન્ત કોટિ બ્રહ્માંડ કા એક રતિ નહીં ભાર ।*

*સતગુરુ - પુરુષ કબીર હૈં, કુલ કે સૃજનહાર ॥*

**આનું જ પ્રમાણ, માનનીય દાદુ સાહેબજી કહી રહ્યા છે કે :-**

*જિન મોકું નિજ નામ દિયા, સોઈ સતગુરુ હમાર ।*

*દાદૂ દૂસરા કોએ નહીં, કબીર સૃજનહાર ॥*

**આનું જ પ્રમાણ માનનીય નાનક સાહેબજી આપે છે કે :-**

*યક અર્જ ગુફતમ પેશ તો દર કૂન કરતાર ।*

*હક્કા કબીર કરીમ તૂ, બેએબ પરવરદિગાર ॥*

**(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ, પાન નં. 721, મહલા 1, રાગ તિલંગ) કૂન કરતારનો અર્થ થાય છે સર્વનો રચનહાર એટલે કે શબ્દશક્તિથી રચના કરવાવાળા શબ્દસ્વરૂપી પ્રભુ, હક્કા કબીરનો અર્થ છે સત્ કબીર, કરીમનો અર્થ - દયાળુ, પરવરદિગારનો અર્થ પરમાત્મા છે**]

**મંડલ-10, સૂક્ત નં. 90, મંત્ર નં. 4**

*ત્રિપાદૂર્ધ્વ ઉદૈત્પુરુષઃ પાદોઽસ્યેહાભવત્પુનઃ ।*

*તતો વિષ્વ ઙ્વ્યક્રામત્સાશનાનશને અભિ ॥ 4 ॥*

**અનુવાદ :** (પુરુષઃ) આ પરમ અક્ષર બ્રહ્મ એટલે કે અવિનાશી પરમાત્મા (ઉર્ધ્વઃ) ઉપર (ત્રિ) ત્રાણ લોક - જેમ કે સત્યલોક - અલખ લોક - અગમ લોકરૂપ (પાદ) પગ એટલે કે ઉપરના ભાગમાં (ઉદૈત) પ્રગટ થાય છે એટલે કે બિરાજમાન છે (અસ્ય) આ જ પરમેશ્વર પૂર્ણબ્રહ્મનો (પાદઃ) એક પગ એટલે કે એક હિસ્સો/ભાગ જગતરૂપ (પુનર) ફરીથી (ઇહ) અહિંયા (અભવત) પ્રગટ થાય છે (તતઃ) એટલા માટે (સઃ) તે અવિનાશી પૂર્ણપરમાત્મા (અશનાનશને) ખાવાવાળા કાળ એટલે કે ક્ષર પુરુષ તથા ન ખાવાવાળા પરબ્રહ્મ એટલે કે અક્ષર પુરુષના પણ (અભિ) ઉપર (વિશ્વઙ્) સર્વત્ર (વ્યક્રામત) વ્યાપત છે એટલે કે તેની પ્રભુતા સર્વ બ્રહ્માંડો તથા સર્વ પ્રભુઓ પર છે તે કુલનો માલિક છે. જેણે પોતાની શક્તિને સર્વની ઉપર ફેલાવેલી છે.

**ભાવાર્થ : આ જ સર્વ સૃષ્ટિ રચનહાર પ્રભુ પોતાની રચનાના ઉપરના ભાગમાં ત્રણેય સ્થાનો (સતલોક, અલખલોક, અગમલોક)માં ત્રણરૂપમાં સ્વયં પ્રગટ થાય છે એટલે કે સ્વયં જ બિરાજમાન છે. અહીંયા અનામી લોકનું વર્ણન એટલા માટે નથી કર્યું કારણ કે અનામી લોકમાં કોઈ રચના નથી તથા અકહ (અનામય) લોક શેષ રચનાથી પૂર્વેનો છે. પછી કહ્યું છે કે**

**તે જ પરમાત્માના સત્યલોકથી વિખૂટા પડીને નીચેના બ્રહ્મ તથા પરબ્રહ્મના લોક ઉત્પન્ન થાય છે અને તે પૂર્ણ પરમાત્મા ખાવાવાળા બ્રહ્મ એટલે કે કાળથી (કારણકે બ્રહ્મ-કાળ વિરાટ, શ્રાપવશ એક લાખ માનવશરીરધારી પ્રાણીઓને ખાય છે) તથા ન ખાવાવાળા પરબ્રહ્મ એટલે કે અક્ષરપુરુષથી (પરબ્રહ્મ પ્રાણીઓને ખાતો નથી, પરંતુ જન્મ-મૃત્યુ, કર્મદંડ જેમનું તેમ બની રહે છે) પણ ઉપર સર્વત્ર વ્યાપ્ત છે એટલે કે આ પૂર્ણ પરમાત્માની પ્રભુતા સર્વ (બધા)ના ઉપર છે, કબીર પરમેશ્વર જ કુલ (સર્વશ્વ)નો માલિક છે. જેણે પોતાની શક્તિને સર્વ (બધા)ના ઉપર ફેલાવી રાખી છે જેમ કે સૂર્ય પોતાના પ્રકાશને બધાની ઉપર ફેલાવીને પ્રભાવિત કરે છે, એમ પૂર્ણ પરમાત્માએ પોતાની શકિતરૂપી રેંજ (ક્ષમતા) ને સર્વ બ્રહ્માંડોને નિયંત્રિત રાખવા માટે છોડી રાખેલ છે, જેમ કે મોબાઈલ ફોનનું ટાવર એક દેશીય (એક જગ્યાએ) હોવા છતાં પોતાની શક્તિ એટલે કે મોબાઈલ ફોનની રેંજ (ક્ષમતા) ચારેબાજુ ફેલાવતું રહે છે. આજ પ્રમાણે પૂર્ણ પ્રભુએ પોતાની નિરાકાર શક્તિ સર્વવ્યાપક કરી છે, જેનાથી પૂર્ણ પરમાત્મા સર્વ બ્રહ્માંડોને એક સ્થાન પર બેસીને નિયંત્રિત રાખે છે.**

**આનું જ પ્રમાણ માનનીય ગરીબદાસજી મહારાજ આપી રહ્યા છે (અમૃતવાણી રાગ કલ્યાણ)**

*તીન ચરણ ચિંતામણી સાહેબ, શેષ બદન પર છાએ ।*
*માતા, પિતા, કુલન ન બંધુ, ના કિન્હેં જનની જાયે ॥*

**મંડલ 10, સુકત 90, મંત્ર 5**

*તસ્માદ્વિરાળજાયત વિરાજો અધિ પુરુષઃ ।*
*સ જાતો અત્યરિચ્યત પશ્ચાદભૂમિમથો પુરઃ ॥ 5 ॥*

**અનુવાદ :** (તસ્માત્) તેના પછી તે પરમેશ્વર સત્યપુરુષની શબ્દશક્તિથી (વિરાટ) વિરાટ અર્થાત બ્રહ્મ, જેને ક્ષરપુરુષ તથા કાળ પણ કહે છે (અજાયત) ઉત્પન્ન થયો છે (પશ્ચાત) એના પછી (વિરાજઃ) વિરાટ પુરૂષ અર્થાત કાળ ભગવાનથી (અધિ) મોટા (પુરુષઃ) પરમેશ્વરે (ભૂમિમ) પૃથ્વીવાળા લોક, કાળબ્રહ્મના તથા પરબ્રહ્મના લોકને (અત્યરિચ્યત) સારી રીતે રચ્યા (અથઃ) પછી (પુરઃ) અન્ય નાના-નાના લોક (સ) તે પૂર્ણપરમેશ્વરે જ (જાતઃ) ઉત્પન્ન કર્યા એટલે કે સ્થાપિત કર્યા.

**ભાવાર્થ : ઉપરોક્ત મંત્ર 4 માં વર્ણિત ત્રણેય લોકો (અગમલોક, અલખ લોક તથા સતલોક) ની રચના કર્યા પછી પૂર્ણપરમાત્માએ જ્યોતિ નિરંજન (બ્રહ્મ)ની ઉત્પત્તિ કરી એટલે કે તે જ સર્વ શકિતમાન પરમાત્મા પૂર્ણ બ્રહ્મ કવિર્દેવ (કબીર પ્રભુ) થી જ વિરાટ એટલે કે બ્રહ્મ (કાળ) ની**

**ઉત્પત્તિ થઈ. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-3, મંત્ર 15 માં છે કે અક્ષરપુરુષ એટલે કે અવિનાશી પ્રભુથી બ્રહ્મ ઉત્પન્ન થયો, આ જ પ્રમાણ અથર્વવેદ કાંડ-4 અનુવાક-1 સૂક્ત-3 માં છે કે પૂર્ણબ્રહ્મથી બ્રહ્મની ઉત્પત્તિ થઈ. તે જ પૂર્ણબ્રહ્મે (ભૂમિમ) ભૂમિ વગેરે નાના-મોટા સર્વ લોકોની રચના કરી. તે પૂર્ણબ્રહ્મ આ વિરાટ ભગવાન એટલે કે બ્રહ્મથી પણ મોટો છે એટલે કે એનો પણ માલિક છે. (ગીતામાં અર્જુનને ગીતા બોલવાવાળા બ્રહ્મ ભગવાન કહે છે કે અર્જુન તું તે પરમેશ્વરની શરણમાં જા, ત્યાં ગયેલા ફરી પાછા વળીને અહીં નથી આવતા. તે પરમેશ્વર પણ મારો આરાધ્ય (પૂજ્ય) દેવ છે)**

**મંડલ 10 સૂક્ત 90, મંત્ર-15**

*સપ્તાસ્યાસન્પરિધયસ્ત્રિઃ સપ્ત સમિધઃ કૃતાઃ ।*
*દેવા યદ્યજ્ઞં તન્વાના અબધ્નન્પુરુષં પશુમ્ ।। 15 ।।*

**અનુવાદ :** (સપ્ત) સાત સંખ બ્રહ્માંડ તો પરબ્રહ્મના તથા (ત્રિસપ્ત) એકવીસ બ્રહ્માંડ કાળ બ્રહ્મના (સમધિઃ) કર્મ દંડ દુઃખરૂપી આગથી દુઃખી (કૃતાઃ) કરવાવાળા (પરિધયઃ) ગોળાકાર ઘેરા રૂપ સીમામાં (આસન્) વિદ્યમાન છે (યત્) જે (પુરુષમ્) પૂર્ણપરમાત્માની (યજ્ઞમ્) વિધિવત ધાર્મિક કર્મ એટલે કે પૂજા કરે છે (પશુમ) બલીના પશુ રૂપી કાળની જાળમાં કર્મબંધનમાં બંધાયેલા (દેવા) ભક્ત આત્માઓને (તન્વાનાઃ) કાળના દ્વારા રચેલી એટલે કે ફેલાવવામાં આવેલી પાપકર્મ બંધનની જાળથી (અબધ્નન્) બંધન રહિત કરે છે એટલે કે બંદી છોડાવવાવાળા બંદી છોડ છે.

**ભાવાર્થ : સાત સંખ બ્રહ્માંડ પરબ્રહ્મના તથા એકવીસ બ્રહ્માંડ બ્રહ્મના છે જેમાં ગોળાકાર સીમામાં બંધ પાપકર્મોની અગ્નિમાં બળી રહેલા પ્રાણીઓને વાસ્તવિક પૂજા વિધિ બતાવીને સાચી ઉપાસના કરાવે છે જેના કારણે બલી ચઢાવવાના પશુની જેમ જન્મમૃત્યુના કાળ (બ્રહ્મ)ના ખાવા માટે તપ્તશિલાના કષ્ટથી પીડિત ભકતાત્માઓને કાળની કર્મ બંધનની ફેલાવેલી જાળને તોડીને બંધન રહિત કરે છે એટલે કે (અર્થાત) બંધન છોડાવવાવાળા બંદીછોડ છે. આનું જ પ્રમાણ પવિત્ર યજુર્વેદ અધ્યાય-5, મંત્ર 32માં છે કે- કવિરંઘારિસિ (કવિર્) કબીર પરમેશ્વર (અંઘ) પાપનો (અરિ) શત્રુ (અસિ) છે એટલે કે પાપ વિનાશક કબીર છે. બમ્ભારિસિ (બમ્ભારિ) બંધનનો શત્રુ એટલે કે બંદી છોડ કબીર પરમેશ્વર (અસિ) છે.**

**મંડલ 10, સુક્ત-90, મંત્ર 16**

*યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।*
*તે હ નાકં મહિમાનઃ સચન્ત યત્ર પૂર્વે સાધ્યા : સન્તિ દેવાઃ ।। 16 ।।*

**અનુવાદ :** જે (દેવાઃ) નિર્વિકાર દેવ સ્વરૂપ ભક્તાત્માઓ (અયજ્ઞમ્) અધૂરી ખોટી ધાર્મિક પૂજાના સ્થાને (યજ્ઞેન) સત્ય ભકિત ધાર્મિક કર્મના આધારે (અયજન્ત) પૂજા કરે છે (તાનિ)તે (ધર્માણિ) ધાર્મિક શક્તિ સંપન્ન (પ્રથમાનિ) મુખ્ય એટલે કે ઉત્તમ (આસન્) છે (તે હ) તે જ વાસ્તવમાં (મહિમાનઃ) મહાન ભક્તિશક્તિ યુક્ત થઈને (સાધ્યાઃ) સફળ ભક્તજન (નાકમ્) પૂર્ણ સુખદાયક પરમેશ્વરને (સચન્ત) ભક્તિ નિમિતકારણ એટલે કે સત્ ભક્તિની કમાઈથી પ્રાપ્ત થાય છે, તે ત્યાં ચાલ્યા જાય છે. (યત્ર) જયાં આગળ (પૂર્વે) પહેલાવાળી સૃષ્ટિના (દેવાઃ) પાપરહિત દેવ સ્વરૂપ ભક્તઆત્માઓ (સન્તિ) રહે છે.

ભાવાર્થ : **જે નિર્વિકાર (જેમણે માંસ, દારૂ, તંબાકુના સેવનને ત્યજી દીધું છે તથા અન્ય બુરાઇયોથી રહિત છે તે) દેવ સ્વરૂપ ભક્ત આત્માઓ શાસ્ત્રવિધિ રહિત પૂજાને ત્યજીને શાસ્ત્ર અનુકૂળ સાધના કરે છે તે ભક્તિની કમાઈથી ધનવાન થઇને કાળના ઋણથી મુક્ત થઈને પોતાની સત્યભક્તિની કમાઈના કારણે તે સર્વ સુખદાયી પરમાત્માને પ્રાપ્ત કરે છે એટલે કે સતલોકમાં ચાલ્યા જાય છે જ્યાં આગળ સૌ પ્રથમ રચેલી સૃષ્ટિના દેવ સ્વરુપ એટલે કે પાપરહિત હંસ આત્માઓ રહે છે.**

જેમ કે અમુક આત્માઓ તો કાળ (બ્રહ્મ)ની જાળમાં ફસાઈને અહિંયા આવી ગયા, અમુક પરબ્રહ્મના સાત સંખ બ્રહ્માડોમાં આવી ગયા, તેમ છતાં અસંખ્ય આત્માઓ જેમનો વિશ્વાસ પૂર્ણપરમાત્મામાં અટલ રહ્યો, જે પતિવ્રતા પદથી પડ્યા નહિ તે ત્યાં જ રહી ગયા, એટલા માટે અહીંયા તે જ વર્ણન પવિત્ર વેદોએ પણ સત્ય બતાવ્યું છે. આ જ પ્રમાણ ગીતા અધ્યાય-8 ના શ્લોક 8 થી 10 માં વર્ણન છે કે જે સાધક પૂર્ણપરમાત્માની સત્સાધના શાસ્ત્રવિધિ અનુસાર કરે છે તે ભક્તિની કમાઈના બળથી તે પૂર્ણપરમાત્માને પ્રાપ્ત થાય છે એટલે કે તેમની પાસે ચાલ્યો જાય છે. આનાથી સિદ્ધ થયું કે ત્રણ પ્રભુ છે- બ્રહ્મ- પરબ્રહ્મ- પૂર્ણબ્રહ્મ. એમને જ (1) બ્રહ્મ- ઈશ- ક્ષરપુરૂષ (2) પરબ્રહ્મ-ઈશ્વર - અક્ષરપુરૂષ- અક્ષર બ્રહ્મ તથા (3) પૂર્ણ બ્રહ્મ- પરમ અક્ષર બ્રહ્મ- પરમેશ્વર - સતપુરૂષ વગેરે પર્યાયવાચી શબ્દોથી ઓળખવામાં આવે છે.

આજ પ્રમાણ ઋગ્વેદ મંડલ 9 સૂક્ત 96 મંત્ર 17 થી 20માં સ્પષ્ટ છે કે પૂર્ણપરમાત્મા કવિર્દેવ (કબીર પરમેશ્વર) શિશુ (બાળક) રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે તથા પોતાનું નિર્મળ જ્ઞાન એટલે કે તત્વજ્ઞાન (કવિર્ગીર્ભિઃ) કબીર વાણીના દ્વારા પોતાના અનુયાયીઓને બોલી- બોલીને વર્ણન કરે છે. તે કવિર્દેવ (કબીર પરમેશ્વર) બ્રહ્મ (ક્ષરપુરુષ) ના ધામ તથા પરબ્રહ્મ

(અક્ષરપુરુષ)ના ધામ થી અલગ - જુદું જે પૂર્ણ બ્રહ્મ (પરમઅક્ષર પુરુષ)નું ત્રીજું ઋતધામ (સતલોક) છે, તેમાં આકારમાં બિરાજમાન છે તથા સતલોકથી ચૌથું અનામી લોક છે, તેમાં પણ આ જ કવિર્દેવ (કબીર પરમેશ્વર) અનામી પુરૂષ રૂપમાં મનુષ્ય સદૃશ (સ્વરૂપી) આકારમાં બિરાજમાન છે.

## ● ''પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

## ''બ્રહ્મા, વિષ્ણુ તથા શિવના માતા-પિતા''

*(દુર્ગા અને બ્રહ્મના યોગથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવનો જન્મ)*

પવિત્ર શ્રીમદ્ દેવી મહાપુરાણમાં ત્રીજો સ્કંધ અધ્યાય 1 થી 3 ગીતાપ્રેસ ગોરખપુરથી પ્રકાશિત અનુવાદકર્તા શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર તથા ચિમનલાલ ગોસ્વામીજી પાના નં. 114 થી પાના નં. 118 સુધી વિવરણ છે કે કેટલાય આચાર્યો ભવાનીને સંપૂર્ણ મનોરથ (ઈચ્છાઓ) પૂર્ણ કરવાવાળી બતાવે છે. તે પ્રકૃતિ કહેવાય છે તથા બ્રહ્મની સાથે અભેદ સંબંધ ધરાવે છે જેમ કે પત્નીને અર્ધાંગિની પણ કહે છે એટલે કે દુર્ગા બ્રહ્મ (કાળ)ની પત્ની છે. એક બ્રહ્માંડની સૃષ્ટિરચનાના વિષયમાં રાજા શ્રી પરિક્ષીતના પૂછવાથી શ્રી વ્યાસજીએ બતાવ્યું કે મેં શ્રી નારદજીને પૂછયું હતું કે હે દેવર્ષે ! આ બ્રહ્માંડની રચના કઈ રીતે થઈ ? મારા આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી નારદજીએ કહ્યું કે મેં પણ મારા પિતા શ્રી બ્રહ્માજીને પૂછ્યું હતું કે, હે પિતાશ્રી, આ બ્રહ્માંડની રચના તમે કરી અથવા શ્રી વિષ્ણુજી આના રચયિતા છે અથવા શિવજી એ રચના કરી છે ? સાચે સાચું બતાવવાની કૃપા કરો. ત્યારે મારા પૂજય પિતાશ્રી બ્રહ્માજીએ બતાવ્યું કે બેટા નારદ, મેં મને પોતાને કમળના ફૂલ ઉપર બેઠેલી હાલતમાં જોયો હતો, મને ખબર નથી કે આ અગાધ જળમાં હું ક્યાંથી ઉત્પન્ન થઈ ગયો ? એક હજાર વર્ષ સુધી પૃથ્વીનું અન્વેષણ કરતો રહ્યો, ક્યાંય જળનો ઓર- છોર (શરૂઆત-અંત) પામ્યો નહિ. પછી આકાશવાણી થઈ કે તપ કરો. એક હજાર વર્ષ સુધી તપ કર્યું. પછી સૃષ્ટિ કરવાની આકાશવાણી થઈ. એટલામાં મધુ તથા કૈટભ નામના બે રાક્ષસો આવ્યા, તેમના ભયથી હું કમળની ડાંડી પકડીને નીચે ઉતર્યો. ત્યાં ભગવાન વિષ્ણુજી શેષ શૈય્યા પર અચેત પડ્યા હતા. તેમનામાંથી એક સ્ત્રી (પ્રેતની જેમ પ્રવેશેલ દુર્ગા) નીકળી. તે આકાશમાં આભૂષણ પહેરેલ હાલતમાં દેખાવા લાગી. ત્યારે ભગવાન વિષ્ણુ હોશમાં આવ્યા. હવે હું તથા વિષ્ણુજી બન્ને હતા. એટલામાં ભગવાન શંકર પણ આવી ગયા. દેવીએ અમને વિમાનમાં બેસાડ્યા તથા બ્રહ્મ લોકમાં લઈ ગઈ. ત્યાં અમે એક બ્રહ્મા એક વિષ્ણુ તથા એક શિવ અન્ય (બીજા જ) જોયા, પછી એક દેવીને જોઈ, તેને જોઈને વિષ્ણુજીએ વિવેક પૂર્વક નીચે મુજબનું વર્ણન કર્યું (બ્રહ્મ કાળે ભગવાન વિષ્ણુને

ચેતના પ્રદાન કરી દીધી, તેને પોતાના બાળપણની યાદ આવી ગઈ ત્યારે બાળપણની વાર્તા સંભળાવી).

પાના નં. **119-120** પર ભગવાન વિષ્ણુજીએ શ્રી બ્રહ્માજી તથા શ્રી શિવજીને કહ્યું કે આ આપણી ત્રણેયની માતા છે, આ જ જગત જનની પ્રકૃતિદેવી છે. મેં આ દેવીને ત્યારે જોઈ હતી જ્યારે હું નાનો-સરખો બાળક હતો, આ મને હિંચકામાં (પાલણામાં) ઝુલાવી રહી હતી.

ત્રીજો સ્કંદ પાના નં. **123** પર શ્રી વિષ્ણુજીએ શ્રી દુર્ગાજીની સ્તુતિ કરતા કહ્યું- તમે શુદ્ધ સ્વરૂપા છો, આ પૂરો સંસાર તમારાથી જ ઉદ્ભાસિત થઈ રહ્યો છે, હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શંકર અમે બધા તમારી કૃપાથી જ વિદ્યમાન છીએ. અમારો આવિર્ભાવ (જન્મ) તથા તિરોભાવ (મૃત્યુ) થયા કરે છે અર્થાત્ (એટલે કે) અમે ત્રણેય દેવ નાશવાન છીએ, ફકત તમે જ નિત્ય (અવિનાશી) છો, જગતજનની છો, પ્રકૃતિ દેવી છો.

ભગવાન શંકર બોલ્યા- દેવી, અગર મહાભાગ વિષ્ણુ તમારાથી જ પ્રગટ (ઉત્પન્ન) થયા છે તો તેમના પછી ઉત્પન્ન થવાવાળા બ્રહ્મા પણ તમારા જ બાળક થયા. પછી હું તમોગુણી લીલા કરવાવાળો શંકર શું તમારું સંતાન ન થયો ? એટલે કે મને પણ ઉત્પન્ન કરવાવાળાં તમે જ છો.

**વિચાર કરો**ઃ ઉપરોક્ત વિવરણથી સિદ્ધ થયું કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી નાશવાન છે. મૃત્યુંજય (અજર-અમર) તથા સર્વેશ્વર નથી તથા દુર્ગા (પ્રકૃતિ) ના પુત્રો છે તથા બ્રહ્મ (કાળ- સદાશિવ) એમનો પિતા છે.

ત્રીજો સ્કંદ પાના નં. **125** પર બ્રહ્માજીએ પૂછ્યું કે, હે માતા! વેદોમાં જે બ્રહ્મ કહ્યા છે તે તમે જ છો કે કોઈ અન્ય પ્રભુ છે? આના ઉત્તરમાં અહીંયા તો દુર્ગા કહી રહી છે કે હું તથા બ્રહ્મ એક જ છીએ. પછી આ જ સ્કંદ અધ્યાય **6** પાના નં. **129** પર કહ્યું છે કે હવે મારું કાર્ય સિદ્ધ કરવા માટે વિમાન પર બેસીને તમે લોકો શીઘ્ર પધારો (જાઓ). કોઈ મુશ્કેલ કાર્ય કે પરિસ્થિતિ ઉભી થતા જ્યારે તમે મને યાદ કરશો, ત્યારે હું સામે આવી જઈશ. દેવતાઓ, મારુ (દુર્ગાનું) તથા બ્રહ્મનું ધ્યાન તમારે સદાય કરતા રહેવુ જોઈએ. અમારું બન્નેનું સ્મરણ કરતા રહેશો તો તમારા કાર્યો સિદ્ધ થવામાં જરા પણ સંદેહ (શંકા) નથી.

ઉપરોક્ત વ્યાખ્યાથી સ્વસિદ્ધ થાય છે કે દુર્ગા (પ્રકૃતિ) તથા બ્રહ્મ (કાળ) જ ત્રણેય દેવતાઓના માતા-પિતા છે તથા બ્રહ્મા- વિષ્ણુ- તથા શિવજી નાશવાન છે તથા પૂર્ણ શકિતયુક્ત નથી.

**ત્રણેય દેવતાઓ (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી)ના લગ્ન દુર્ગા (પ્રકૃતિદેવી) એ કર્યા. પાના નં. 128-129 પર, ત્રીજા સ્કંદમાં. ગીતાઅધ્યાય નં. 7 નો શ્લોક નં. 12:-**

*યે, ચ, એવ, સાત્વિકાઃ. ભાવાઃ. રાજસાઃ, તામસાઃ, ચ.યે. ।*

*મતઃ. એવ, ઈતિ, તાન, વિદ્ધિ, ન, તુ, અહમ, તેષુ, તે, મયિ ॥*

**અનુવાદ :-** (ચ) અને (એવ) પણ (યે) જે (સાત્વિકાઃ) સત્વગુણ વિષ્ણુજીથી સ્થિતિ (ભાવાઃ) ભાવ છે અને (યે) જે (રાજસાઃ) રજોગુણ બ્રહ્માજીથી ઉત્પત્તિ (ચ) તથા (તામસાઃ) તમોગુણ શિવથી સંહાર છે (તાન્)તે બધાને તું (મતઃએવ) મારા દ્વારા સુનિયોજીત નિયમોનુસાર જ થવાવાળા છે (ઈતિ) એમ (વિદ્ધિ) જાણ (તુ) પરંતુ વાસ્તવમાં (તેષુ) તેમનામાં (અહમ્) હું અને (તે) તે (મયિ) મારામાં (ન) નથી.

## ● ''પવિત્ર શિવ મહાપુરાણમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

***(કાળ બ્રહ્મ તથા દુર્ગાથી વિષ્ણુ, બ્રહ્મા અને શિવની ઉત્પત્તિ)***

**આનું જ પ્રમાણ પવિત્ર શ્રી શિવ પુરાણ ગીતા પ્રેસ ગોરખપુરથી પ્રકાશિત, અનુવાદકર્તા શ્રી હનુમાન પ્રસાદ પોદ્દાર, આના અધ્યાય 6 રૂદ્રસંહિતા, પાના નં 100 પર કહ્યું છે કે- જે મૂર્તિ રહિત પરબ્રહ્મ છે, તેની જ મૂર્તિ ભગવાન સદાશિવ છે. એમના શરીરમાંથી એક શકિત નીકળી, તે શકિત અંબિકા, પ્રકૃતિ (દુર્ગા), ત્રિદેવ જનની (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીને ઉત્પન્ન કરવાવાળી માતા) કહેવાઈ, જેની આઠ ભુજાઓ છે. તે જે સદાશિવ છે, તેમને શિવ, શંભુ અને મહેશ્વર પણ કહે છે. (પાના નં.101 પર) તે પોતાનાં બધાં અંગો પર ભસ્મ લગાડી રાખે છે. તે કાળરૂપી બ્રહ્મે એક શિવલોક નામના ક્ષેત્રનું નિર્માણ કર્યું. પછી બન્નેએ પતિ-પત્ની નો વ્યવહાર કર્યો જેનાથી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ વિષ્ણુ રાખ્યું. (પાના નં.102).**

**પછી રૂદ્રસંહિતા અધ્યાય નં. 7 પાના નં. 103 પર બ્રહ્માજીએ કહ્યું કે મારી ઉત્પત્તિ પણ ભગવાન સદાશિવ (બ્રહ્મ-કાળ) તથા પ્રકૃતિ (દુર્ગા)ના સંયોગથી એટલે કે પતિ-પત્નીના વ્યવહારથી થઈ. પછી મને બેભાન કરી દીધો.**

**પછી રૂદ્રસંહિતા અધ્યાય નં. 9 પાના નં. 110 પર કહ્યું છે કે આ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર એ ત્રણેય દેવતાઓમાં ગુણ છે, પરંતુ શિવ (કાળ-બ્રહ્મ) ગુણાતીત માનવામાં આવ્યા છે.**

**અહીં આગળ ચાર સિદ્ધ થયા એટલે કે સદાશિવ (કાળ-બ્રહ્મ) તથા પ્રકૃતિ (દુર્ગા)થી જ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ ઉત્પન્ન થયા છે. ત્રણેય ભગવાનો (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ની માતાજી શ્રી દુર્ગાજી તથા**

**પિતાજી શ્રી જ્યોતિ નિરંજન (બ્રહ્મ) છે. આ જ ત્રણેય પ્રભુ રજગુણ-બ્રહ્માજી, સતગુણ-વિષ્ણુજી, તમગુણ- શિવજી છે.**

## ● ''પવિત્ર શ્રીમદ્ભાગવત ગીતાજીમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ''

**આનું જ પ્રમાણ પવિત્ર ગીતાજી અધ્યાય 14 શ્લોક 3થી 5 સુધી છે. બ્રહ્મ (કાળ) કહી રહ્યો છે કે પ્રકૃતિ (દુર્ગા) તો મારી પત્ની છે, હું બ્રહ્મ (કાળ) એનો પતિ છું. અમારા બન્નેના સંયોગથી સર્વ પ્રાણીયો સહિત ત્રણેય ગુણો (રજગુણ-બ્રહ્માજી, સતગુણ-વિષ્ણુજી, તમગુણ- શિવજી)ની ઉત્પત્તિ થઈ છે. હું (બ્રહ્મ) સર્વ પ્રાણીઓનો પિતા છું તથા પ્રકૃતિ (દુર્ગા) એમની માતા છે. હું એના ઉદરમાં બીજ સ્થાપન (સ્થાપિત) કરું છું – જેનાથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે. પ્રકૃતિ (દુર્ગા)થી ઉત્પન્ન ત્રણેય ગુણ (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ (શિવ) જીવને કર્મ આધારથી શરીરમાં બાંધે છે.**

**આ જ પ્રમાણ અધ્યાય 15, શ્લોક 1 થી 4 તથા 16, 17 માં પણ છે.**

**ગીતા અધ્યાય નં. 15નો શ્લોક નં. 1**

*ઉર્ધ્વમૂલમ, અધઃશાખમ્, અશ્વત્થમ્, પ્રાહુઃ, અવ્યયમ ।*
*છન્દાંસિ, યસ્ય, પર્ણાનિ, યઃ, તમ્, વેદ, સઃ, વેદવિત ॥*

**અનુવાદ :** (ઉર્ધ્વમૂલમ્) ઉપરની તરફ પૂર્ણપરમાત્મા આદિ પુરૂષ પરમેશ્વરરૂપી મૂળવાળું (અધઃશાખમ્) નીચેની તરફ ત્રણેય ગુણ એટલે કે રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ તથા તમગુણ શિવરૂપી શાખાવાળું (અવ્યયમ્) અવિનાશી (અશ્વત્થમ્) વિસ્તારિત પીપળનું વૃક્ષ છે, (યસ્ય) જેના (છન્દાંસિ) જેમ કે વેદમાં છંદ છે એમ સંસારરૂપી વૃક્ષના પણ નાના-નાના ભાગ અથવા ડાળખીઓ (પર્ણાનિ) પાંદડા (પ્રાહુઃ) કહ્યા છે (તમ્) તે સંસારરૂપી વૃક્ષને (યઃ) જે (વેદ) સર્વ અંગો સહિત વિસ્તારથી જાણે છે (સઃ) તે (વેદવિત્) પૂર્ણજ્ઞાની એટલે કે તત્ત્વદર્શી છે.

**ગીતા અધ્યાય નં. 15 નો શ્લોક નં. 2**

*અધઃ ચ, ઉર્ધ્વમ, પ્રસૃતાઃ, તસ્ય, શાખાઃ, ગુણપ્રવૃદ્ધાઃ,*
*વિષયપ્રવાલાઃ, અધઃ, ચ, મૂલાનિ, અનુસન્તતાનિ, કર્માનુબન્ધીનિ, મનુષ્યલોકે॥*

**અનુવાદ :** (તસ્ય) તે વૃક્ષની (અધઃ) નીચે (ચ) તથા (ઉર્ધ્વમ્) ઉપર (ગુણપ્રવૃદ્ધા :) ત્રણેય ગુણો બ્રહ્મા- રજોગુણ, વિષ્ણુ- સતોગુણ, શિવ- તમોગુણ રુપી (પ્રસૃતા) ફેલાયેલી (વિષયપ્રવાલાઃ) વિકાર-કામ, ક્રોધ, મોહ, લોભ, અહંકારરૂપી કુંપળો (શાખાઃ) . ડાળીઓ - બ્રહ્મા, વિષ્ણુ, શિવ (કર્માનુબન્ધીનિ) જીવને કર્મોમાં બાંધી રાખવાની (મૂલાનિ) મૂળ એટલે કે મુખ્ય કારણ છે (ચ) તથા (મનુષ્યલોકે) મનુષ્યલોક એટલે કે પૃથ્વી લોકમાં

(અધઃ) નીચે – નરક, ચૌર્યાસી લાખ યોનીઓમાં (ઉર્ધ્વમ) ઉપર સ્વર્ગ લોક વગેરેમાં (અનુસન્તતાનિ) વ્યવસ્થિત કરી રાખેલ છે.

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 3**

*ન, રુપમ, અસ્ય, ઈહ, તથા, ઉપલભ્યતે, ન અન્તઃ ન, ચ, આદિઃ, ન, ચ, સમ્પ્રતિષ્ઠા, અશ્વત્થમ, એનમ, સુવિરુઢમૂલમ, અસંગશસ્ત્રેણ, દૃઢેન, છિત્વા ॥*

**અનુવાદ :** (અસ્ય) આ રચનાની (ન) નહીં (આદિઃ) શરૂઆત (ચ) તથા (ન) ન તો (અન્તઃ) અંત છે (ન) ન તો (તથા) તેવુ (રુપમ્) સ્વરુપ (ઉપલભ્યતે) મળી આવે છે (ચ) તથા (ઈહ) અહીંયા વિચારકાળમાં એટલે કે મારા દ્વારા આપવામાં આવી રહેલ ગીતાજ્ઞાનમાં પૂર્ણ જાણકારી મને પણ (ન) નથી જ. (સમ્પ્રતિષ્ઠા) કારણકે સર્વબ્રહ્માંડોની રચનાની સારી રીતે સ્થિતિ છે તે અંગેનું જ્ઞાન મને પણ નથી (એનમ્) આ (સુવિરુઢમૂલમ) સારી રીતે સ્થાયી સ્થિતિવાળા (અશ્વત્થમ્) મજબૂત સ્વરૂપવાળા સંસારરૂપી વૃક્ષના જ્ઞાનને (અસંઙ્ગશસ્ત્રેણ) પૂર્ણ જ્ઞાનરૂપી (દૃઢેન) દૃઢ સૂક્ષ્મ વેદ એટલે કે તત્ત્વજ્ઞાન દ્વારા જાણીને (છિત્વા) કાપીને એટલે કે નિરંજનની ભકિતને ક્ષણિક એટલે કે ક્ષણભંગુર જાણીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, બ્રહ્મ તથા પરબ્રહ્મથી પણ આગળ પૂર્ણ બ્રહ્મની શોધ કરવી જોઈએ.

**ગીતા અધ્યાય નં. 15 નો શ્લોક નં. 4**

*તતઃ, પદમ્, તત્, પરિમાર્ગિતવ્યમ્, યસ્મિન્, ગતાઃ, ન, નિવર્તન્તિ, ભૂયઃ ।*
*તમ્, એવ, ચ, આદ્યમ્, પુરુષમ્, પ્રપદ્યે, યતઃ, પ્રવૃત્તિઃ, પ્રસૃતા, પુરાણી ॥*

**અનુવાદ :** જયારે તત્ત્વદર્શી સંત મળી જાય (તતઃ) એના પછી (તત્) તે પરમાત્માના (પદમ્) પદ સ્થાન એટલે કે સતલોકને (પરિમાર્ગિતવ્યમ્) સારી રીતે શોધવો જોઈએ (યસ્મિન) જેમાં (ગતાઃ) ગયેલા સાધક (ભૂયઃ) ફરી (ન, નિવર્તન્તિ) પાછા વળીને સંસારમાં નથી આવતા (ચ) અને (યતઃ) જે પરમાત્મા- પરમ અક્ષર બ્રહ્મથી (પુરાણી) આદિ (પ્રવૃત્તિઃ) રચના- સૃષ્ટિ (પ્રસૃતા) ઉત્પન્ન થઈ છે (તમ્) અજ્ઞાત (આધમ્) આદિ યમ એટલે કે હું કાળ નિરંજન (પુરુષમ્) પૂર્ણ પરમાત્માની (એવ) જ (પ્રપધે) હું શરણમાં છું તથા તેની જ પૂજા કરું છું.

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 16**

*દ્વૌ, ઈમૌ, પુરુષૌ, લોકે, ક્ષરઃ, ચ, અક્ષરઃ, એવ, ચ,*
*ક્ષરઃ, સર્વાણિ, ભૂતાનિ, કૂટસ્થઃ, અક્ષરઃ, ઉચ્યતે॥*

**અનુવાદઃ** (લોકે) આ સંસારમાં (દ્વૌ) બે પ્રકારના (ક્ષરઃ) નાશવાન (ચ) તથા (અક્ષરઃ) અવિનાશી (પુરુષૌ) ભગવાન છે (એવ) આ જ પ્રમાણે (ઈમૌ) આ બન્ને પ્રભુઓના લોકોમાં (સર્વાણિ) સંપૂર્ણ (ભૂતાનિ) પ્રાણીઓના

શરીર તો (ક્ષરઃ) નાશવાન (ચ) તથા (કૂટસ્થઃ) જીવાત્મા (અક્ષરઃ) અવિનાશી (ઉચ્યતે) કહેવામાં આવે છે.

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 17**

*ઉત્તમઃ, પુરુષઃ, તુ, અન્યઃ, પરમાત્મા, ઈતિ, ઉદાહૃતઃ,*
*યઃ, લોકત્રયમ્, આવિશ્ય, બિભર્તિ, અવ્યયઃ, ઈશ્વરઃ ।।*

**અનુવાદ :** (ઉત્તમઃ) ઉત્તમ (પુરૂષઃ) પ્રભુ (તુ) તો (અન્યઃ) ઉપરોક્ત બન્ને પ્રભુઓ 'ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ'થી પણ અન્ય જ છે (ઇતિ) આ વાસ્તવમાં (પરમાત્મા) પરમાત્મા (ઉદાહૃતઃ) કહેવામાં આવ્યા છે (યઃ) જે (લોકત્રયમ્) ત્રણેય લોકોમાં (આવિશ્ય) પ્રવેશ કરીને (બિભર્તિ) બધાનું ધારણ-પોષણ કરે છે તેમજ (અવ્યયઃ) અવિનાશી (ઈશ્વરઃ) ઈશ્વર (પ્રભુઓમાં શ્રેષ્ઠ એટલે કે સમર્થ પ્રભુ) છે.

**ભાવાર્થ : ગીતા જ્ઞાન દાતા પ્રભુએ કેવળ એટલું જ બતાવ્યું છે કે આ સંસાર ઊંધા લટકેલા વૃક્ષ સમાન જાણો. ઉપર જડ (મૂળ) તો પૂર્ણપરમાત્મા છે. નીચે ડાળીઓ વગેરે અન્ય હિસ્સા (ભાગ) જાણો. આ સંસારરૂપી વૃક્ષના પ્રત્યેક ભાગનું અલગ અલગ વિવરણ જે સંત જાણે છે તે તત્ત્વદર્શી સંત છે જેના વિષયમાં ગીતા અધ્યાય-4 શ્લોક નં. 34 માં કહ્યું છે. ગીતા અધ્યાય 15 શ્લોક નં. 2-3 માં ફક્ત એટલું જ કહ્યું છે કે ત્રણ ગુણરૂપી શાખા છે. અહીં વિચારકાળમાં એટલે કે ગીતામાં તમને હું (ગીતા જ્ઞાન દાતા) પૂર્ણ જાણકારી નહિ આપી શકું, કારણ કે મને આ સંસારની રચનાની ઉત્પત્તિ અને અંતનું જ્ઞાન નથી. તેના માટે ગીતા અધ્યાય 4 શ્લોક નં. 34 માં કહ્યું છે કે કોઈ તત્ત્વદર્શી સંતથી તે પૂર્ણપરમાત્માનું જ્ઞાન જાણો, આ ગીતા અધ્યાય 15 શ્લોક નં. 1 માં એ તત્ત્વદર્શી સંતની ઓળખાણ બતાવીને કહ્યું છે કે તે તત્ત્વદર્શી સંત સંસારરૂપી વૃક્ષના પ્રત્યેક ભાગનું જ્ઞાન કરાવશે, તેમને જ પૂછો. ગીતા અધ્યાય 15 ના શ્લોક 4 માં કહ્યું છે કે તે તત્ત્વદર્શી સંતના મળી ગયા પછી તે પરમપદ પરમેશ્વરની શોધ કરવી જોઈએ એટલે કે તે તત્ત્વદર્શી સંતના બતાવ્યા અનુસાર સાધના કરવી જોઈએ જેનાથી પૂર્ણમોક્ષ (અનાદિ મોક્ષ) પ્રાપ્ત થાય છે. ગીતા અધ્યાય 15 શ્લોક 16-17 માં સ્પષ્ટ કર્યું છે કે ત્રણ પ્રભુ છે : એક ક્ષરપુરુષ (બ્રહ્મ) બીજા અક્ષરપુરુષ (પરબ્રહ્મ) અને ત્રીજા પરમ અક્ષરપુરુષ (પૂર્ણ બ્રહ્મ). ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષ વાસ્તવમાં અવિનાશી નથી. તે અવિનાશી પરમાત્મા તો આ બન્નેથી અન્ય જ છે. તે જ ત્રણે લોકોમાં પ્રવેશ કરીને સર્વનું ધારણપોષણ કરે છે.**

ઉપરોક્ત શ્રીમદ્ભગવત ગીતા અધ્યાય 15 શ્લોક 1 થી 4 તથા 16-17 માં આ પ્રમાણિત થયું કે ઊંધા લટકેલા સંસારરૂપી વૃક્ષનું મૂળ એટલે કે જડ (મૂળીયું) તો પરમ અક્ષર બ્રહ્મ એટલે કે પૂર્ણ બ્રહ્મ છે જેના દ્વારા પૂર્ણ વૃક્ષનું પાલન થાય છે તથા વૃક્ષનો જે ભાગ પૃથ્વીની બહાર જમીન સાથે દેખાય છે તે થડ હોય છે તેને અક્ષરપુરૂષ એટલે કે પરબ્રહ્મ જાણો. તે થડથી ઉપર જતાં આગળના ભાગે બીજા મોટાં ડાળાં નીકળે છે તેમાંથી એક ડાળાને બ્રહ્મ એટલે કે ક્ષર પુરુષ જાણો તથા તે જ ડાળાથી અન્ય ત્રણ શાખાઓ નીકળે છે, તેમને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ જાણો તથા શાખાઓથી આગળ પાંદડાંઓના રૂપમાં સાંસારિક પ્રાણી જાણો. ઉપરોકત ગીતા અધ્યાય 15 શ્લોક 16-17માં સ્પષ્ટ છે કે ક્ષર પુરૂષ (બ્રહ્મ) તથા અક્ષર પુરૂષ (પરબ્રહ્મ) તથા આ બન્નેના લોકોમાં જેટલા પ્રાણી છે તેમના સ્થૂળ શરીર તો નાશવાન છે તથા જીવાત્મા અવિનાશી છે એટલે કે ઉપરોક્ત બન્ને પ્રભુ તથા તેમની અતંર્ગત પ્રાણી નાશવાન છે. ભલે જ અક્ષર પુરુષ (પરબ્રહ્મ)ને અવિનાશી કહ્યો છે પરંતુ વાસ્તવમાં અવિનાશી પરમાત્મા તો આ બન્નેથી અન્ય (જુદો) છે. તે ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને બધાનું પાલન-પોષણ કરે છે. ઉપરોક્ત વિવરણમાં ત્રણ પ્રભુઓના અલગ-અલગ વિવરણ આપ્યા છે.

## ● ''પવિત્ર બાઈબલ તથા પવિત્ર કુરાન શરીફમાં સૃષ્ટિ રચનાનું પ્રમાણ''

આનું જ પ્રમાણ પવિત્ર બાઈબલમાં તથા પવિત્ર કુરાન શરીફમાં પણ છે.

કુરાન શરીફમાં પવિત્ર બાઈબલનું પણ જ્ઞાન છે, એટલા માટે આ બન્ને પવિત્ર સદ્ગ્રંથોએ મળીને પ્રમાણિત કર્યું છે કે કોણ તથા કેવો છે સૃષ્ટિ રચનહાર તથા તેનું વસ્તવિક નામ શું છે ?

**પવિત્ર બાઈબલ (ઉત્પત્તિ ગ્રંથ પાના નં. 2 પર, અધ્યાય 1 : 20 - 2 : 5 પર)**

**છઠ્ઠો દિવસ :- પ્રાણી અને મનુષ્યઃ-** અન્ય પ્રાણીઓની રચના કરીને 26. પછી પરમેશ્વરે કહ્યું અમે મનુષ્યને પોતાના સ્વરૂપ અનુસાર પોતાની સમાનતામાં બનાવ્યા, જે સર્વ પ્રાણીઓને કાબૂમાં રાખશે. 27. ત્યારે પરમેશ્વરે મનુષ્યને પોતાના સ્વરૂપ અનુસાર ઉત્પન્ન કર્યો, પોતાના જ સ્વરૂપ અનુસાર પરમેશ્વરે તેને ઉત્પન્ન કર્યો, નર અને નારી બનાવીને મનુષ્યોની સૃષ્ટિ કરી.

29. પ્રભુએ મનુષ્યોના ખાવા માટે જેટલા બીજવાળા નાના છોડ તથા જેટલા વૃક્ષોમાં બીજવાળા ફળ થાય છે તે ભોજન માટે પ્રદાન કર્યા છે, (માંસ ખાવાનું નથી કહ્યું)

**સાતમો દિવસ : વિશ્રામનો દિવસઃ-**

પરમેશ્વરે છ દિવસમાં સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ કરી તથા સાતમા દિવસે વિશ્રામ કર્યો.

**પવિત્ર બાઈબલે સિદ્ધ કરી દીધું કે પરમાત્મા માનવ સદશ શરીરમાં છે, જેમણે છ દિવસમાં સર્વ સૃષ્ટિની રચના કરી તથા પછી વિશ્રામ કર્યો.**

**પવિત્ર કુરાન શરીફ (સુરત ફુર્કાનિ 25, આયાત 52, 58, 59)**

**આયાત 52 (બાવન):-**

*ફલા તુતિઅલ્-કાફિરન્ વ જહિદ્હુમ બિહી જિહાદન્ કબીરા (કબીરન્) ।52।*

આનો ભાવાર્થ એ છે કે હજરત મોહમ્મદજીનો ખુદા (પ્રભુ) કહી રહ્યો છે કે હે પૈગમ્બર ! તમે કાફીરો (જે એક પ્રભુની ભક્તિ ત્યજીને અન્ય દેવી-દેવતાઓ તથા મૂર્તિ વગેરેની પૂજા કરે છે) નું કહ્યું માનતા નહિ, કારણ કે તે લોકો કબીરને પૂર્ણપરમાત્મા નથી માનતા. તમે મારા દ્વારા આપેલા આ કુરાનના જ્ઞાનના આધાર પર અટલ રહેજો કે કબીર જ પૂર્ણપ્રભુ છે તથા કબીર અલ્લાહને માટે સંઘર્ષ કરજો (લડતા નહીં) એટલે કે અડગ- મક્કમ રહેજો.

**આયાત-58 :-**

*વ તવક્કલ્ અલલ્-હરિલ્લજી લા યમૂતુ વ સબ્બિહ્ બિહમ્દિહી વ કફા બિહી બિજુનૂબિ ઈબાદિહી ખબીરા (કબીરા) ॥ 58 ॥*

**ભાવાર્થ છે કે હજરત મોહમ્મદજી જેને પોતાનો પ્રભુ માને છે તે અલ્લાહ (પ્રભુ) કોઈ બીજા જ પૂર્ણપ્રભુની તરફ ઈશારો કરી રહ્યા છે કે ઐ પૈગમ્બર તે કબીર પરમાત્મા પર વિશ્વાસ રાખ. જે તને જિંદા મહાત્માના રૂપમાં આવીને મળ્યા હતા. તે ક્યારેય મરણ પામવાવાળા નથી એટલે કે હકીકતમાં અવિનાશી છે. તારીફની સાથે તેની પાકી (પવિત્ર મહિમા)ના ગુણગાન કરતો રહે, તે કબીર અલ્લાહ (કર્વિદેવ) પૂજાના યોગ્ય છે તથા પોતાના ઉપાસકોના સર્વ (બધા જ) પાપોનો વિનાશ કરવાવાળા છે.**

**આયાત 59 :-**

*અલ્લ્જી ખલકસ્સમાવાતિ વલ્અર્જ વ મા બૈનહુમા ફી સિત્તતિ અય્યામિન*
*સુમ્મસ્તવા અલલ્અર્શિ અર્રહ્માનુ ફસ્અલ બિહી ખબીરન્ (કબીરન્) । 59 ।*

**ભાવાર્થ છે કે હજરત મોહમ્મદને કુરાન શરીફ બોલવાવાળો પ્રભુ (અલ્લાહ) કહી રહ્યો છે કે તે કબીર પ્રભુ તે જ છે જેમણે જમીન તથા આસમાનની વચ્ચે જે કંઈ પણ વિધમાન છે- સર્વ સૃષ્ટિની રચના છ દિવસમાં કરી તથા સાતમા દિવસે ઉપર પોતાના સત્યલોકમાં સિંહાસન પર બિરાજમાન થઈ (બેસી) ગયા. તેમના વિષયમાં જાણકારી કોઈ (બાખબર) તત્ત્વદર્શી સંતને પૂછો.**

તે પૂર્ણપરમાત્માની પ્રાપ્તિ કઈ રીતે થશે તથા વાસ્તવિક જ્ઞાન તો કોઈ તત્વદર્શી સંત (બાખબર)ને પૂછો, હું નથી જાણતો.

ઉપરોક્ત બન્ને પવિત્ર ધર્મો (ઈસાઈ તથા મુસલમાન)ના પવિત્ર શાસ્ત્રોએ પણ હળીમળીને પ્રમાણિત કરી દીધું કે સર્વ સૃષ્ટિ રચનહાર, સર્વ પાપ વિનાશક, સર્વ શક્તિમાન, અવિનાશી પરમાત્મા માનવ સદૃશ (સ્વરૂપી) શરીરમાં આકારમાં છે તથા સત્યલોકમાં રહે છે. તેનું નામ કબીર છે, તેને જ અલ્લાહુ અકબિરુ પણ કહે છે.

માનનીય ધર્મદાસજીએ પૂજય કબીર પ્રભુને પૂછયું કે હે સર્વશકિતમાન ! આજ સુધી આ તત્ત્વજ્ઞાન કોઈએ નથી બતાવ્યું, વેદોના મર્મજ્ઞ જ્ઞાનિઓએ પણ નથી બતાવ્યું. આનાથી સિદ્ધ થાય છે કે ચારેય પવિત્ર વેદ તથા પવિત્ર ચારેય કતેબ (કુરાન શરીફ વગેરે) ખોટા છે ત્યારે પૂર્ણપરમાત્માએ કહ્યું :-

*કબીર, વેદ કતેબ ઝૂઠે નહીં ભાઈ, ઝૂઠે હૈં જો સમઝે નાહિં ।*

ભાવાર્થ છે કે ચારેય પવિત્ર વેદ (ઋગ્વેદ- અથર્વવેદ- યજુર્વેદ સામવેદ) તથા પવિત્ર ચારેય કતેબ (કુરાન શરીફ-જબૂર- તૌરાત-ઈજિલ) ખોટા નથી. પરંતુ જે એમને નથી સમજી શકયા તે નાદાન (ભોળા/મૂર્ખ/જૂઠ્ઠા) છે.

## ● ''પૂજય કબીર પરમેશ્વર (કવિર્ દેવ)જીની અમૃતવાણીમાં સૃષ્ટિરચના''

વિશેષ : નીચે દર્શાવેલ અમૃતવાણી સને **1403**થી [જયારે પૂજય કવિર્દેવ (કબીર પરમેશ્વર) લીલામય શરીરમાં પાંચ વર્ષના થયા] સને **1518** [જયારે કવિર્દેવ (કબીર પરમેશ્વર) મગહર સ્થાનથી સહશરીર સતલોક ગયા] ની વચ્ચેના સમય દરમિયાન આશરે **600** વર્ષ અગાઉ પરમ પૂજય કબીર પરમેશ્વર (કવિર્દેવ)જી દ્વારા પોતાના નિજી (અંગત) સેવક (દાસભકત) માનનીય ધર્મદાસ સાહેબજીને સંભળાવી હતી તથા ધની ધર્મદાસજીએ લિપિબદ્ધ કરી હતી. પરંતુ તે સમયના પવિત્ર હિન્દુઓ તથા પવિત્ર મુસલમાનોના નાદાન (મૂર્ખ/જુઠ્ઠા) ગુરુઓ (નીમ-હકીમો) એ કહ્યું કે આ ધાણક (જુલાહો-વણકર) કબીર જુઠ્ઠો છે. કોઈપણ સદ્ગ્રંથમાં શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીના માતા-પિતાનું નામ નથી. આ ત્રણેય પ્રભુ અવિનાશી છે એમના જન્મ-મૃત્યુ નથી થતા. તેમજ પવિત્ર વેદો તથા પવિત્ર કુરાન શરીફ વગેરેમાં પણ કબીર પરમેશ્વરનું પ્રમાણ નથી તથા પરમાત્માને નિરાકાર લખ્યા છે. અમે દરરોજ વાંચીએ છીએ. ભોળા આત્માઓએ તે ચાલાક (ચતુર) ગુરુઓ પર વિશ્વાસ કરી લીધો કે સાચે જ આ કબીર વણકર

**ધાણક- તો અશિક્ષિત છે તથા ગુરુજી શિક્ષિત છે, માટે સાચું કહી રહ્યા હશે. આજે તે જ સચ્ચાઈ (સત્યતા) પ્રકાશમાં આવી રહી છે તથા આપણા સર્વ પવિત્ર ધર્મોના પવિત્ર સદ્ગ્રંથો સાક્ષી છે. આનાથી સિદ્ધ થયું કે પૂર્ણપરમેશ્વર, સર્વ સૃષ્ટિ રચનહાર, કુલ (સર્વસ્વના) કરતાર તથા સર્વજ્ઞ કવિર્દેવ (કબીર પરમેશ્વર) જ છે જે કાશી (બનારસ)માં કમળના ફૂલ પર પ્રગટ થયા તથા 120 વર્ષ સુધી વાસ્તવિક તેજોમય શરીરની ઉપર માનવ સદૃશ (સ્વરૂપી) શરીર હળવા તેજપુંજવાળું બનાવીને રહ્યા તથા પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનું ઠીક-ઠીક/સાચે-સાચું (વાસ્તવિક તત્ત્વ)જ્ઞાન આપીને સહશરીર સતલોક ચાલી ગયા. પ્રેમી પાઠક કૃપા કરી વાંચો નીચે દર્શાવેલ પરમેશ્વર કબીર સાહેબજી દ્વારા ઉચ્ચારેલ અમૃતવાણી :-**

*ધર્મદાસ યહ જગ બૌરાના । કોઈ ન જાને પદ નિરવાના ॥*
*યહિ કારન મૈં કથા પસારા । જગસે કહિયો રામ નિયારા ॥*
*યહી જ્ઞાન જગ જીવ સુનાઓ । સબ જીવોંકા ભરમ નશાઓ ॥*
*અબ મૈં તુમસે કહોં ચિતાઈ । ત્રયદેવનકી ઉત્પત્તિ ભાઈ ॥*
*કુછ સંક્ષેપ કહોં ગુહરાઈ । સબ સંશય તુમ્હરે મિટ જાઈ ॥*
*ભરમ ગયે જગ વેદ પુરાના । આદિ રામકા ભેદ ન જાના ॥*
*રામ રામ સબ જગત બખાને । આદિ રામ કોઈ બિરલા જાને ॥*
*જ્ઞાની સુને સો હિરદૈ લગાઈ । મૂર્ખ સુને સો ગમ્ય ના પાઈ ॥*
*માઁ અષ્ટંગી પિતા નિરંજન । વે જમ દારુણ વંશન અંજન ॥*
*પહિલે કીન્હ નિરંજન રાઈ । પીછેસે માયા ઉપજાઈ ॥*
*માયા રુપ દેખ અતિ શોભા । દેવ નિરંજન તન મન લોભા ॥*
*કામદેવ ધર્મરાય સત્તાયે । દેવી કો તુરતહી ધર ખાયે ॥*
*પેટ સે દેવી કરી પુકારા । સાહબ મેરા કરો ઉબારા ॥*
*ટેર સુની તબ હમ તહાઁ આયે । અષ્ટંગી કો બંદ છુડાયે ॥*
*સતલોક મેં કીન્હા દુરાચારિ, કાલ નિરંજન દિન્હા નિકારિ ॥*
*માયા સમેત દિયા ભગાઈ, સોલહ સંખ કોસ દૂરી પર આઈ ॥*
*અષ્ટંગી ઔર કાલ અબ દોઈ, મંદ કર્મ સે ગએ બિગોઈ ॥*
*ધર્મરાય કો હિકમત કીન્હા । નખ રેખા સે ભગકર લીન્હા ॥*
*ધર્મરાય કીન્હાઁ ભોગ વિલાસા । માયા કો રહી તબ આસા ॥*
*તીન પુત્ર અષ્ટંગી જાયે । બ્રહ્મા વિષ્ણુ શિવ નામ ધરાયે ॥*
*તીન દેવ વિસ્તાર ચલાયે । ઈનમેં યહ જગ ધોખા ખાયે ॥*
*પુરુષ ગમ્ય કૈસે કો પાવૈ । કાલ નિરંજન જગ ભરમાવૈ ॥*
*તીન લોક અપને સુત દીન્હા । સુન્ન નિરંજન બાસા લીન્હા ॥*
*અલખ નિરંજન સુન્ન ઠિકાના । બ્રહ્મા વિષ્ણુ શિવ ભેદ ન જાના ॥*

*તીન દેવ સો ઉનકો ધાવેં । નિરંજન કા વે પાર ના પાવેં।।*
*અલખ નિરંજન બડા બટપારા । તીન લોક જિવ કીન્હ અહારા ।।*
*બ્રહ્મા વિષ્ણુ શિવ નહીં બચાયે । સકલ ખાય પુન ધૂર ઉડાયે ।।*
*તિનકે સુત હૈં તીનોં દેવા । આંધર જીવ કરત હૈં સેવા ।।*
*અકાલ પુરુષ કાહૂ નહિં ચીન્હાં । કાલ પાય સબહી ગહ લીન્હાં ।।*
*બ્રહ્મ કાલ સકલ જગ જાને । આદિ બ્રહ્મકો ના પહિચાને ।।*
*તીનોં દેવ ઔર ઔતારા । તાકો ભજે સકલ સંસારા ।।*
*તીનોં ગુણકા યહ વિસ્તારા । ધર્મદાસ મૈં કહોં પુકારા ।।*
*ગુણ તીનોં કી ભક્તિ મેં, ભૂલ પરો સંસાર ।*
*કહૈ કબીર નિજ નામ બિન, કૈસે ઉતરૈં પાર ।।*

**ઉપરોક્ત અમૃતવાણીમાં પરમેશ્વર કબીર સાહેબજી પોતાના નિજી (અંગત) સેવક શ્રી ધર્મદાસ સાહેબજીને કહી રહ્યા છે કે ધર્મદાસ આ સર્વ સંસાર તત્ત્વજ્ઞાનના અભાવથી વિચલીત છે. કોઈને પૂર્ણમોક્ષમાર્ગ તથા પૂર્ણ સૃષ્ટિરચનાનું જ્ઞાન નથી. એટલા માટે હું તમને મારા દ્વારા રચેલી સૃષ્ટિની કથા સંભળાવું છું. બુધ્ધિમાન વ્યક્તિ તો તરત જ સમજી જશે. પરંતુ જે સર્વ પ્રમાણોને જોઈને પણ નહિ માને તો તે નાદાન (મૂર્ખ/ભોળો) પ્રાણી કાળના પ્રભાવથી પ્રભાવિત છે, તે ભકિત યોગ્ય નથી. હવે હું બતાવું છું- ત્રણેય ભગવાનો (બ્રહ્માજી, વિષ્ણુજી તથા શિવજી)ની ઉત્પત્તિ કઈ રીતે થઈ ? એમની માતા તો અષ્ટાંગી (દુર્ગા) છે તથા પિતા જ્યોતિ નિરંજન (બ્રહ્મ, કાળ) છે. પહેલા બ્રહ્મની ઉત્પત્તિ ઈંડામાંથી થઈ. પછી દુર્ગાની ઉત્પત્તિ થઈ. દુર્ગાના રૂપ પર આસક્ત થઈને કાળ (બ્રહ્મ)એ ભૂલ (છેડતી) કરી, ત્યારે દુર્ગા (પ્રકૃતિ)એ તેના પેટમાં શરણ લીધી. હું ત્યાં ગયો જ્યાં જ્યોતિ નિરંજન કાળ હતો. ત્યારે ભવાનીને બ્રહ્મના પેટમાંથી કાઢીને 21 બ્રહ્માંડની સાથે 16 સંખ કોસ દૂર મોકલી દીધો. જ્યોતિ નિરંજને (ધર્મરાયે) પ્રકૃતિ દેવી (દુર્ગા)ની સાથે ભોગ-વિલાસ કર્યો. આ બન્નેના સંયોગથી ત્રણેય ગુણો (શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજી)ની ઉત્પત્તિ થઈ. એ જ ત્રણેય ગુણો (રજોગુણ બ્રહ્માજી, સતોગુણ વિષ્ણુજી, તમોગુણ શિવજી)ની જ સાધના કરીને સર્વ પ્રાણી કાળજાળમાં ફસાયેલાં છે. જ્યાં સુધી વાસ્તવિક (સાચો/ ઓરીજીનલ) મંત્ર નહિ મળે, પૂર્ણમોક્ષ કઈ રીતે થશે ?**

**વિશેષ :** પ્રિય પાઠકજન વિચાર કરો કે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની સ્થિતિ અત્યાર સુધી અવિનાશી બતાવવામાં આવી હતી. સંપૂર્ણ હિંદુ સમાજ હજુ સુધી પણ ત્રણેય પરમાત્માઓને અજર-અમર અને

જન્મ-મૃત્યુ રહિત માનતા રહ્યા, જ્યારે કે આ ત્રણેય નાશવાન છે. એમના પિતા કાળરૂપી બ્રહ્મ તથા માતા દુર્ગા (પ્રકૃતિ/અષ્ટાંગી) છે. જેના વિશે તમે વિસ્તારથી આગળ પ્રમાણોમાં વાંચ્યું. આ જ્ઞાન આપણા શાસ્ત્રોમાં પણ વિદ્યમાન છે, પરંતુ હિંદુસમાજના કળયુગી ગુરુઓ, ઋષિઓ, સંતોને જ્ઞાન નથી. જે શિક્ષક પાઠ્યક્રમ (સિલેબસ) થી જ અપરિચિત છે તે શિક્ષક યોગ્ય નથી (વિદ્વાન નથી), વિદ્યાર્થીઓના ભવિષ્યનો શત્રુ છે. આ જ પ્રમાણે જે ગુરુઓને આજ સુધી એ પણ ખબર નથી કે શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ તથા શ્રી શિવજીના માતા-પિતા કોણ છે ? તો તે ગુરુ, ઋષિ, સંત જ્ઞાનહીન છે. જેના કારણે સર્વ ભક્ત સમાજને શાસ્ત્ર વિરુદ્ધ જ્ઞાન (લોકવેદ એટલે કે દંતકથા) સંભળાવીને અજ્ઞાનથી પરિપૂર્ણ કરી દીધો. શાસ્ત્રવિધિ વિરુદ્ધ ભક્તિસાધના કરાવીને પરમાત્માના વાસ્તવિક લાભ (પૂર્ણમોક્ષ)થી વંચિત રાખ્યા. બધાનો માનવજન્મ નષ્ટ કરી દીધો કારણ કે શ્રીમદ્ ભાગવત ગીતા અધ્યાય **16**ના શ્લોક **23-24** માં આ જ પ્રમાણ છે કે જે શાસ્ત્રવિધિ ત્યાગીને મનમરજીનું આચરણ-પૂજા કરે છે, તેને કોઈ લાભ નથી થતો. પૂર્ણ પરમાત્મા કબીરજીએ પાંચ વર્ષની લીલામય ઉંમરે સન **1403** થી જ સંપૂર્ણ શાસ્ત્રોયુક્ત જ્ઞાન પોતાની અમૃતવાણી (કવિરવાણી) માં બતાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ તે અજ્ઞાની ગુરુઓએ આ જ્ઞાન ભકત સમાજ સુધી નહિ પહોંચવા દીધું, જે હાલ વર્તમાનમાં બધા સદ્ગ્રંથોમાંથી સ્પષ્ટ થઈ રહ્યું છે. આનાથી સિદ્ધ થાય છે કે કર્વિદેવ (કબીર પ્રભુ) તત્ત્વદર્શી સંતરૂપમાં સ્વયં પૂર્ણ પરમાત્મા જ આવ્યા હતા.

## ●''માનનીય ગરીબદાસ સાહેબજીની અમૃતવાણીમાં સૃષ્ટિરચનાનું પ્રમાણ''

### આદિ રમૈણી (સદ્ગ્રંથ પાના નં 690 થી 692 સુધી)

*આદિ રમૈંણી અદલી સારા । જા દિન હોતે ધુંધુંકારા ॥ 1 ॥*
*સતપુરૂષ કીન્હા પ્રકાશા । હમ હોતે તખત કબીર ખવાસા ॥ 2 ॥*
*મન મોહીની સિરજી માયા । સતપુરુષ એક ખ્યાલ બનાયા ॥ 3 ॥*
*ધર્મરાય સિરજે દરબાની । ચૌસઠ જુગતપ સેવા ઠાંની ॥ 4 ॥*
*પુરુષ પૃથ્વી જાકૂં દીન્હી । રાજ કરો દેવા આધીની ॥ 5 ॥*
*બ્રહ્માંડ ઈકીસ રાજ તુમ્હ દીન્હા । મન કી ઈચ્છા સબ જુગ લીન્હા ॥ 6॥*
*માયા મૂલ રૂપ એક છાજા । મોહિ લિયે જિનહૂઁ ધર્મરાજા ॥ 7 ॥*
*ધર્મ કા મન ચંચલ ચિત ધાર્યા । મન માયા કા રુપ બિચારા ॥ 8 ॥*
*ચંચલ ચેરી ચપલ ચિરાગા । યા કે પરસે સરબસ જાગા ॥ 9 ॥*
*ધર્મરાય કીયા મન કા ભાગી । વિષય વાસના સંગ સે જાગી ॥ 10 ॥*
*આદિ પુરુષ અદલી અનરાગી । ધર્મરાય દિયા દિલ સેં ત્યાગી ॥ 11 ॥*

પુરુષ લોક સેં દીયા ઢહાહી । અગમ દીપ ચલિ આયે ભાઈ ॥ 12 ॥
સહજ દાસ જિસ દીપ રહંતા । કારણ કૌંન કૌંન કુલ પંથા ॥ 13 ॥
ધર્મરાય બોલે દરબાની । સુનો સહજ દાસ બ્રહ્મજ્ઞાની ॥ 14 ॥
ચૌસઠ જુગ હમ સેવા કીન્હી । પુરુષ પૃથિવી હમ કૂં દીન્હી ॥ 15 ॥
ચંચલ રુપ ભયા મન બૌરા । મનમોહિની ઠગિયા ભૌંરા ॥ 16 ॥
સતપુરુષ કે ના મન ભાયે । પુરુષ લોક સે હમ ચલિ આયે ॥ 17 ॥
અગર દીપ સુનત બડભાગી । સહજ દાસ મેટો મન પાગી ॥ 18 ॥
બોલે સહજદાસ દિલ દાની । હમ તો ચાકર સત સહદાની ॥ 19 ॥
સતપુરુષ સેં અરજ ગુજારું । જબ તુમ્હારા બિવાણ ઉતારું ॥ 20 ॥
સહજ દાસ કો કીયા પીયાના । સત્યલોક લીયા પ્રવાના ॥ 21 ॥
સતપુરુષ સાહિબ સરબંગી । અવિગત અદલી અચલ અભંગી ॥ 22 ॥
ધર્મરાય તુમ્હરા દરબાની । અગર દીપ ચલિ ગયે પ્રાની ॥ 23 ॥
કૌંન હુકમ કરી અરજ અવાજા । કહાં પઠાવૌ ઉસ ધર્મરાજા ॥ 24 ॥
ભઈ અવાજ અદલી એક સાચા । વિષય લોક જા તીન્યૂં બાચા ॥ 25 ॥
સહજ વિમાઁન ચલે અધિકાઈ । છિન મેં અગર દીપ ચલિ આઈ ॥ 26 ॥
હમતો અરજ કરી અનરાગી । તુમ્હ વિષય લોક જાવો બડભાગી ॥ 27 ॥
ધર્મરાય કે ચલે વિમાના । માનસરોવર આયે પ્રાના ॥ 28 ॥
માનસરોવર રહન ન પાયે । દરૈ કબીરા થાંના લાયે ॥ 29 ॥
બંકનાલ કી વિષમી બાટી । તહાં કબીરા રોકી ઘાટી ॥ 30 ॥
ઈન પાંચો મિલિ જગત બંધાના । લખ ચૌરાસી જીવ સંતાના ॥ 31 ॥
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર માયા । ધર્મરાય કા રાજ પઠાયા ॥ 32 ॥
યૌહ ખોખા પુર ઝૂઠી બાજી । ભિસતિ બૈકુંઠ દગાસી સાજી ॥ 33 ॥
કૃતિમ જીવ ભુલાંનેં ભાઈ । નિજ ઘર કી તો ખબરિ ન પાઈ ॥ 34 ॥
સવા લાખ ઉપજેં નિત હંસા । એક લાખ વિનશેં નિત અંસા ॥ 35 ॥
ઉપતિ ખપતિ યાહ પ્રલય ફેરી । હર્ષ શોક જૌંરા જમ જેરી ॥ 36 ॥
પાઁચોં તત્ત્વ હૈં પ્રલય માઁહી । સત્વગુણ રજગુણ તમગુણ ઝાંઈ ॥ 37 ॥
આઠોં અઁગ મિલી હૈ માયા । પિન્ડ બ્રહ્માંડ સકલ ભરમાયા ॥ 38 ॥
યા મેં સુરતિ શબ્દ કી ડોરી । પિન્ડ બ્રહ્માંડ લગી હૈ ખોરી ॥ 39 ॥
શ્વાસા પારસ મન ગહ રાખો । ખોલ્હિ કપાટ અમીરસ ચાખો ॥ 40 ॥
સુનાઉં હંસ શબ્દ સુન દાસા । અગમ દીપ હૈ અગ હૈ બાસા ॥ 41 ॥
ભવસાગર જમ દન્ડ જમાના । ધર્મરાય કા હૈ તલબાંના ॥ 42 ॥
પાઁચોં ઉપર પદ કી નગરી । બાટ બિહંગમ બંકી ડગરી ॥ 43 ॥
હમરા ધર્મરાય સોં દાવા । ભવસાગર મેં જીવ ભરમાવા ॥ 44 ॥
હમ તો કહૈં અગમ કી બાની । જહાઁ અવિગત અદલી આપ બિનાની ॥ 45 ॥

*બંદી છોડ હમારા નામં । અજર અમર હૈ અસ્થીર ઠામં ।। 46 ।।*
*જુગન જુગન હમ કહતે આયે । જમ જૌંરા સેં હંસ છુટાયે ।। 47 ।।*
*જો કોઈ માનેં શબ્દ હમારા । ભવસાગર નહીં ભરમેં ધારા ।। 48 ।।*
*યા મેં સુરતિ શબ્દ કા લેખા । તન અંદર મન કહો કીન્હી દેખા ।। 49 ।।*
*દાસ ગરીબ અગમ કી બાની । ખોજા હંસા શબ્દ સહદાની ।। 50 ।।*

**ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે માનનીય ગરીબદાસ સાહેબજી કહી રહ્યા છે કે અહિંયા અગાઉ કેવળ અંધકાર હતો તથા પૂર્ણપરમાત્મા કબીર સાહેબજી સત્યલોકમાં તખ્ત (સિંહાસન) પર બિરાજમાન હતા. અમે ત્યાં ચાકર (સેવક) હતા. પરમાત્માએ જ્યોતિ નિરંજનને ઉત્પન્ન કર્યો. પછી તેના તપના પ્રતિફળમાં 21 બ્રહ્માંડ પ્રદાન કર્યા. પછી માયા (પ્રકૃતિ)ની ઉત્પત્તિ કરી. યુવાન દુર્ગાના રૂપ પર મોહીત થઈને જ્યોતિ નિરંજને (બ્રહ્મે) દુર્ગા (પ્રકૃતિ) સાથે બળાત્કાર કરવાની ચેષ્ટા કરી. બ્રહ્મને તેની સજા મળી. તેને સત્યલોકમાંથી કાઢી મૂકવામાં આવ્યો તથા શ્રાપ લાગ્યો કે દરરોજ એક લાખ માનવ શરીરધારી પ્રાણીઓનો આહાર કરીશ, સવા લાખ ઉત્પન્ન કરીશ. અહીંયા સર્વ પ્રાણી જન્મ મૃત્યુના કષ્ટ ઉઠાવી (દુઃખ ભોગવી) રહ્યા છે. અગર (જો) કોઈ પૂર્ણપરમાત્માના વાસ્તવિક શબ્દ (સાચું નામ જાપ મંત્ર) અમારાથી પ્રાપ્ત કરશે, તેને કાળની કેદમાંથી છોડાવી દઈશું. અમારું બંદી છોડ નામ છે. માનનીય ગરીબદાસજી પોતાના ગુરુ તથા પ્રભુ કબીર પરમાત્માના આધાર પર કહી રહ્યા છે કે સાચા મંત્ર એટલે કે સત્યનામ તથા સારશબ્દની પ્રાપ્તિ કરી લો, પૂર્ણ મોક્ષ થઈ જશે. નહીં તો બનાવટી (નકલી) નામદાતા સંતો તથા મહંતોની મીઠી-મીઠી વાતોમાં ફસાઈને શાસ્ત્રવિધિ રહિત સાધના કરીને કાળજાળમાં રહી જશો. પછી કષ્ટ પર કષ્ટ પામશો.**

**।। ગરીબદાસજી મહારાજની વાણી ।।**

**(સતગ્રંથ સાહિબ પાના નં. 690 થી સહાભાર)**

*માયા આદિ નિરંજન ભાઈ, અપને જાએ આપૈ ખાઈ ।*
*બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ચેલા, ૐ સોહં કા હૈ ખેલા ।।*
*સિખર સુન્ન મેં ધર્મ અન્યાયી, જીન શક્તિ ડાયન મહલ પઠાઈ ।।*
*લાખ ગ્રાસૈ નિત ઉઠ દૂતી, માયા આદિ તખ્ત કી કુતી ।।*
*સવા લાખ ધડિયે નિત ભાંડે, હંસા ઉતપતિ પરલય ડાંડે ।*
*યે તીનોં ચેલા બટપારી, સિરજે પુરુષા સિરજી નારી ।।*
*ખોખાપુર મેં જીવ ભુલાયે, સ્વપના બહિસ્ત વૈકુંઠ બનાયે ।*
*યો હરહટ કા કુઆ લોઈ, યા ગલ બંધ્યા હૈ સબ કોઈ ।।*
*કીડી કુંજર ઔર અવતારા, હરહટ ડોરી બંધે કઈ બારા ।*

*અરબ અલીલ ઈન્દ્ર હૈં ભાઈ, હરહટ ડોરી બંધે સબ આઈ ।*
*શેષ મહેશ ગણેશ્વર તાહિં, હરહટ ડોરી બંધે સબ આહિં ।*
*શુક્રાદિક બ્રહ્માદિક દેવા, હરહટ ડોરી બંધે સબ ખેવા ।।*
*કોટિક કર્તા ફિરતા દેખ્યા, હરહટ ડોરી કહૂઁ સુન લેખા ।*
*ચતુર્ભુજી ભગવાન કહાવૈં, હરહટ ડોરી બંધે સબ આવૈં ।।*
*યો હૈ ખોખાપુર કા કુઆ, યા મેં પડા સો નિશ્ચય મુવા ।*

**જ્યોતિ નિરંજન (કાળ બલી)ના વશ થઈને આ ત્રણેય દેવતા (રજગુણ બ્રહ્મા, સતગુણ વિષ્ણુ, તમગુણ શિવ) પોતાની મહિમા દેખાડીને જીવોને સ્વર્ગ નરક તથા ભવસાગરમાં (લાખ ચૌરયાસી યોનીઓમાં) ભટકાવતા રહે છે. જ્યોતિ નિરંજન પોતાની માયાથી નાગણની જેમ જીવોને પેદા કરે છે અને પછી મારી નાખે છે. જે પ્રમાણે તેને નાગણ ખાઈ જાય છે. જે પ્રમાણે નાગણ પોતાની પૂંછડીથી ઈંડાઓની ચારે તરફ ગોળ કુંડલી બનાવે છે અને તેમાં ઈંડા મૂકે છે અને પછી તે ઈંડા પર ફણ મારે છે. જેનાથી ઈંડુ ફૂટી જાય છે, તેમાંથી બચ્ચાં નીકળે છે તેને નાગણ ખાઈ જાય છે. ફેણ મારતી વખતે ઘણાં ઈંડાં ફૂટી જાય છે કારણ કે નાગણના ઘણા ઈંડાં હોય છે. જે ઈંડા ફૂટી જાય છે તેમાંથી બચ્ચાં નીકળે છે. અગર કોઈ બચ્ચું કુંડલીથી (સાપણની પૂંછડીના ગોળ કુંડાળાથી) બહાર નીકળી જાય છે તો તે બચ્ચું બચી જાય છે નહિ તો કુંડલીની અંદરનાને તે નાગણ છોડતી નથી. કુંડલીની અંદર જેટલાં બચ્ચાં હોય છે તે તમામ બચ્ચાંને ખાઈ જાય છે.**

*માયા કાલી નાગિની, અપને જાયે ખાત ।*
*કુન્ડલી મેં છોડૈ નહીં, સૌ બાતોં કી બાત ।।*

**આ જ પ્રમાણે આ કાળ બલીની જાળ છે. નિરંજન સુધીની ભક્તિ પૂરા સંતથી નામ લઈને કરીશું તો પણ આ નિરંજનની કુંડલી (21 બ્રહ્માંડો) માંથી બાહર નથી નીકળી શકતા. સ્વયં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદિમાયા-શેરોંવાલી (દુર્ગા/અષ્ટાંગી) પણ નિરંજનની કુંડળીમાં છે. આ બિચારાઓ અવતાર ધારણ કરીને આવે છે અને જન્મ-મૃત્યુના ચક્કર કાપતા રહે છે. એટલા માટે વિચાર કરો-સોહં જાપ જો કે ધ્રુવ તથા પ્રહ્લાદ તથા શુકદેવ ઋષિએ જપ્યો, તે પણ પાર ન થયા કારણ કે શ્રી વિષ્ણુ પુરાણના પ્રથમ અંશના અધ્યાય 12ના શ્લોક 93 માં પૃષ્ઠ-51 પર લખ્યું છે કે ધ્રુવ ફક્ત એક કલ્પ એટલે કે એક હજાર ચતુર્યુગ સુધી જ મુક્ત છે. એટલા માટે કાળ લોકમાં જ રહ્યા તથા 'ૐ નમઃ ભગવતે વાસુદેવાયઃ' મંત્ર જાપ કરવાવાળા ભક્તો પણ કૃષ્ણ સુધીની ભક્તિ કરી રહ્યા છે, તેઓ પણ ચૌર્યાસી લાખ**

**યોનીઓમાં ચક્કર કાપવાથી નથી બચી શકતા. જે અંગે પરમ પૂજય કબીર સાહેબજી તથા માનનીય ગરીબદાસ સાહેબજી મહારાજની વાણી પ્રત્યક્ષ પ્રમાણ આપે છે.**

*અનંત કોટિ અવતાર હૈં, માયા કે ગોવિંદ ।*
*કર્તા હો હો અવતરે, બહુર પડે જગ ફંદ ॥*

**સતપુરૂષ કબીર સાહેબજીની ભક્તિથી જ જીવ મુક્ત થઈ શકે છે.**

**જયાં સુધી જીવ સતલોકમાં પરત નહીં ચાલ્યો જાય ત્યાં સુધી કાળલોકમાં આવી જ રીતે કર્મ કરશે અને કરેલી નામ તથા દાન ધર્મની કમાઈ સ્વર્ગરૂપી હોટલોમાં સમાપ્ત કરીને પરત (ફરી પાછા) કર્મ આધારથી ચોર્યાસી લાખ પ્રકારનાં પ્રાણીઓના શરીરમાં કષ્ટ (દુઃખ/પીડાઓ) ઉપર કષ્ટ ઉઠાવવાવાળા કાળના લોકમાં ચક્કર કાપતો રહેશે. માયા (દુર્ગા) થી ઉત્પન્ન થઈને કરોડો ગોવિંદ (બ્રહ્મા-વિષ્ણુ-શિવ) મરી ચૂકયા છે. ભગવાનના અવતાર બનીને આવ્યા હતા. પછી કર્મ બંધનમાં બંધાઈને કર્મોને ભોગવીને ચૌર્યાસી લાખ યોનીઓમાં ચાલ્યા ગયા. જેમ કે ભગવાન વિષ્ણુજીને દેવર્ષિ નારદનો શ્રાપ લાગ્યો. તે શ્રી રામચંદ્રરૂપમાં અયોધ્યામાં આવ્યા. પછી શ્રી રામજી રૂપમાં વાલીનો વધ કર્યો હતો. તે કર્મનો દંડ ભોગવવાને માટે શ્રી કૃષ્ણજીનો જન્મ થયો. પછી વાલીવાળો આત્મા શિકારી બન્યો તથા પોતાનો પ્રતિશોધ લીધો. શ્રી કૃષ્ણજીના પગમાં વિષયુકત (ઝેરી) તીર મારીને વધ કર્યો. મહારાજ ગરીબદાસજી પોતાની વાણીમાં કહે છેઃ-**


*બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર માયા, ઔર ધર્મરાય કહિયે ।*
*ઈન પાઁચો મિલ પરપંચ બનાયા, વાણી હમરી લહિયે ॥*
*ઈન પાઁચોં મિલ જીવ અટકાયે, જુગન-જુગન હમ આન છુટાયે ।*
*બંદી છોડ હમારા નામં, અજર અમર હૈ અસ્થિર ઠામં ॥*
*પીર પૈગંબર કુતુબ ઔલિયા, સુર નર મુનિજન જ્ઞાની ।*
*યેતા કો તો રાહ ન પાયા, જમ કે બંધે પ્રાણી ॥*
*ધર્મરાય કી ધૂમા-ધામી, જમ પર જંગ ચલાઉં ।*
*જોરા કો તો જાન ન દૂંગાં, બાંધ અદલ ઘર લ્યાઉં ॥*
*કાલ અકાલ દોહૂઁ કો મોસૂં, મહાકાલ સિર મૂંડૂ ।*
*મૈં તો તખ્ત હજૂરી હુકમી, ચોર ખોજ કૂં ઢૂંઢૂ ॥*
*મૂલા માયા મગ મેં બૈઠી, હંસા ચુન-ચુન ખાઈ ।*
*જયોતિ સ્વરુપી ભયા નિરંજન, મૈં હી કર્તા ભાઈ ॥*
*સંહસ અઠાસી દીપ મુનીશ્વર, બંધે મુલા ડોરી ।*
*ઐત્યાં મેં જમ કા તલબાના, ચલિએ પુરુષ કીશોરી ॥*

*મૂલા કા તો માથા દાગૂં, સતકી મોહર કરુંગા ।*
*પુરુષ દીપ કૂં હંસ ચલાઉં, દરા ન રોકન દૂંગા ।।*
*હમ તો બન્દી છોડ કહાવાં, ધર્મરાય હૈ ચકવૈ ।*
*સતલોક કી સકલ સુનાવાં, વાણી હમરી અખવૈ ।।*
*નૌ લખ પટ્ટન ઉપર ખેલૂં, સાહદરે કૂં રોકૂં ।*
*દ્વાદસ કોટિ કટક સબ કાટૂં, હંસ પઠાઊં મોખૂં ।।*
*ચૌદહ ભુવન ગમન હૈ મેરા, જલ થલ મેં સરબંગી ।*
*ખાલિક ખલક ખલક મેં ખાલિક, અવિગત અચલ અભંગી ।।*
*અગર અલીલ ચક્ર હૈ મેરા, જીત સે હમ ચલ આએ,*
*પાંચોં પર પ્રવાના મેરા, બંધિ છુટાવન ધાયે ।।*
*જહઁ ઓંકાર નિરંજન નાહીં, બ્રહ્મા વિષ્ણુ વેદ નહીં જાહીં ।*
*જહઁ કરતા નહીં જાન ભગવાના, કાયા માયા પિન્ડ ન પ્રાણા ।।*
*પઁચ તત્ત્વ તીનોં ગુણ નાહીં, જોરા કાલ દીપ નહીં જાહીં ।*
*અમર કરું સતલોક પઠાઁઉ, તાતૈં બન્દી છોડ કહાઊં ।।*

**કબીર પરમેશ્વર (કવિર્દેવ) ની મહિમા દર્શાવતાં માનનીય ગરીબદાસ સાહેબજી કહી રહ્યા છે કે આપણા પ્રભુ કવિર્ (કવિર્દેવ) બંદીછોડ છે. બંદીછોડનો ભાવાર્થ છે કાળની કેદથી છોડવવાવાળા, કાળબ્રહ્મના 21 બ્રહ્માંડોમાં બધા પ્રાણી પાપોના કારણે કાળના બંદી છે. પૂર્ણ પરમાત્મા (કવિર્દેવ) કબીર સાહેબ પાપનો વિનાશ કરી નાખે છે. પાપનો વિનાશ ન બ્રહ્મ, ન પરબ્રહ્મ, ન જ બ્રહ્મા- વિષ્ણુ- શિવજી કરી શકે છે. ફકત જેવાં કર્મ છે, તેનું તેવું જ ફળ આપી દે છે. એટલા માટે યજુર્વેદ અધ્યાય-5 ના મંત્ર 32માં લખ્યું છે ''કવિરંધારિરસિ'' કવિર્દેવ (કબીર પરમેશ્વર) પાપોનો શત્રુ છે, ''બમ્ભારિરસિ'' બંધનોનો શત્રુ અર્થાત્ (એટલે કે) બંદીછોડ છે.**

**આ પાંચેય (બ્રહ્મા- વિષ્ણુ- શિવ-માયા અને ધર્મરાય) થી ઉપર સતપુરૂષ પરમાત્મા (કવિર્દેવ) છે. જે સતલોકનો માલિક છે. બાકી બધા પરબ્રહ્મ- બ્રહ્મ તથા બ્રહ્મા-વિષ્ણુ-શિવજી તથા આદિ માયા નાશવાન પરમાત્મા છે. મહાપ્રલયમાં આ બધા તથા એમના લોક સમાપ્ત થઈ જશે. સામાન્ય જીવ કરતાં કેટલીયે હજાર ઘણી વધારે લાંબી એમની ઉંમર છે. પરંતુ જે સમય નિર્ધારિત (નક્કી કરેલો) છે તે એક દિવસ પૂરો અવશ્ય થશે. માનનીય ગરીબદાસજી મહારાજ કહે છે :-**

***શિવ બ્રહ્મા કા રાજ, ઈન્દ્ર ગિનતી કહાં । ચાર મુક્તિ વૈકુંઠ સમઝ, યેતા લહ્યા ।।***
***સંખ જુગન કી જુની, ઉમ્ર બડ ધારિયા । જા જનની કુર્બાન, સુ કાગજ પારિયા ।।***
***યેતી ઉમ્ર બુલંદ મરૈગા અંત રે । સતગુરુ લગે ન કાન, ન ભૈંટે સંત રે ।।***




**યો હરહટ કા કુઆ લોઈ, યા ગલ બંધ્યા હૈ સબ કોઈ ।**
**કીડી કુંજર ઔર અવતારા, હરહટ ડોરી બંધે કઈ બારા ॥**

# કાળ લોકમાં જન્મ-મરણરૂપી ચક્ર (હરહટ/રૈંટ)

**ભલેને સંખ યુગની લાંબી ઉંમર પણ કેમ ન હોય તે એક દિવસ અવશ્ય સમાપ્ત થશે. અગર સતપુરૂષ પરમાત્મા (કવિર્દેવ) કબીર સાહેબના નુમાયંદા (નિમણુક પામેલ) પૂર્ણસંત (ગુરુ) જે ત્રણ નામનો મંત્ર (જેમાં એક ઓમ + તત્ + સત્ સાંકેતિક છે) આપે છે તથા તેને પૂર્ણસંત દ્વારા નામદાન કરવાનો આદેશ છે, તેનાથી ઉપદેશ પ્રાપ્ત કરીને નામની કમાઈ કરીશું તો આપણે સતલોકના અધિકારી હંસ થઈ શકીએ છીએ. સત્ય સાધના વગર વધારે લાંબી ઉંમર કોઈ કામમાં નહીં આવે કારણ કે નિરંજન લોકમાં દુઃખ ને દુઃખો જ છે.**

*કબીર, જીવના તો થોડા હી ભલા, જૈ સત સુમરન હોય ।*
*લાખ વર્ષ કા જીવના, લેખૈ ધરૈ ના કોય ।।*

**કબીર સાહેબ પોતાની (પૂર્ણબ્રહ્મની) જાણકારી સ્વયં (પોતે) આપે છે કે આ પરમાત્માઓથી ઉપર અસંખ્ય ભુજાવાળો પરમાત્મા સતપુરૂષ છે, જે સત્યલોક (સચ્ચ ખંડ, સતધામ)માં રહે છે તથા તેના અંતર્ગત સર્વલોક [બ્રહ્મ (કાળ)ના 21 બ્રહ્માંડ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિના લોક તથા પરબ્રહ્મના સાત શંખ બ્રહ્માંડ તથા અન્ય સર્વ બ્રહ્માંડ] આવે છે અને ત્યાં આગળ સત્યનામ - સારનામના જાપ દ્વાર જ જવાશે જે પૂરા ગુરૂથી પ્રાપ્ત થાય છે. સચ્ચખંડ (સતલોક)માં જે આત્મા ચાલ્યો જાય છે તેનો પુનર્ (ફરી)થી જન્મ થતો નથી. સતપુરૂષ (પૂર્ણબ્રહ્મ) કબીર સાહેબ (કવિર્દેવ) જ અન્ય લોકોમાં સ્વયં જ અલગ-અલગ નામોથી બિરાજમાન છે. જેમ કે અલખ લોકમાં અલખ પુરુષ, અગમલોકમાં અગમ પુરુષ તથા અકહ લોકમાં અનામી પુરૂષરૂપમાં બિરાજમાન છે. આ તો ઉપમાત્મક નામો છે, પરંતુ વાસ્તવિક નામ તે પૂર્ણપુરૂષનું કવિર્દેવ (ભાષા જુદી હોવાથી કબીર સાહેબ) છે.**

### ● ''આદરણીય નાનક સાહેબજીની વાણીમાં સૃષ્ટિરચનાનો સંકેત''

**શ્રી નાનક સાહેબજીની અમૃતવાણી મહલા-1, રાગ બિલાવલુ, અંશ-1. (ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 839)**

*આપે સચુ કીઆ કર જોડિ । અંડજ ફોડિ જોડિ વિછોડ ।।*
*ધરતી આકાશ કીએ બૈસણ કઉ થાઉ । રાતિ દિનંતુ કીએ ભઉ-ભાઉ ।।*
*જિન કીએ કરિ વેખણહારા । (3)*
*ત્રિતીઆ બ્રહ્મા-બિસનુ- મહેસા । દેવી દેવ ઉપાએ વેસા ।। (4)*
*પઉણ પાણી અગની બિસરાઉ । તાહી નિરંજન સાચો નાઉ*
*તિસુ મહિ મનુઆ રહિઆ લિવ લાઈ । પ્રણવતિ નાનકુ કાલુ ન ખાઈ ।। (10)*

**ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે સાચા પરમાત્મા**

**(સતપુરૂષ)એ સ્વયં જ પોતાના હાથો વડે સર્વ સૃષ્ટિની રચના કરી છે. તેણે જ ઈંડું બનાવ્યું પછી ફોડયું તથા તેમાંથી જ્યોતિ નિરંજન નીકળ્યો. તે જ પૂર્ણ પરમાત્માએ સર્વ પ્રાણીઓના રહેવા માટે ધરતી, આકાશ, પવન, પાણી વગેરે પાંચ તત્ત્વો રચ્યા. પોતાના દ્વારા રચેલી સૃષ્ટિનો સ્વયં જ સાક્ષી છે. બીજો કોઈ સાચી જાણકારી આપી શકતો નથી. પછી ઈંડાના ફૂટવાથી નીકળેલા નિરંજન પછી ત્રણે શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી તથા શ્રી શિવજીની ઉત્પત્તિ થઈ તથા અન્ય દેવી દેવતા ઉત્પન્ન થયા તથા અસંખ્ય (ગણી ન શકાય એટલા) જીવોની ઉત્પત્તિ થઈ. તેના પછી અન્ય દેવોના જીવનચરિત્ર તથા અન્ય ઋષિઓના અનુભવના છ (6) શાસ્ત્ર તથા 18 પુરાણ બની ગયા. પૂર્ણપરમાત્માના સાચા નામ (સત્યનામ)ની સાધના અનન્ય મનથી કરવાથી તથા ગુરૂમર્યાદામાં રહેવાવાળા (પ્રણવતિ) ને શ્રી નાનકજી કહી રહ્યા છે કે કાળ નથી ખાતો.**

રાગ-મારુ (અંશ) અમૃતવાણી મહલા-1 (ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં. 1037)

*સુનહુ બ્રહ્મા, બિસનુ, મહેસુ ઉપાએ । સુને વરતે જુગ સબાએ ।।*
*ઈસુ પદ બિચારે સો જનુ પુરા । તિસ મિલિએ ભરમુ ચુકાઈદા ।। (3)*
*સામ વેદુ, રુગુ જુજરુ અથરબણુ । બ્રહ્મમેં મુખ માઈયા હૈ ત્રૈગુણ ।।*
*તા કી કીમત કહિ ન સકૈ । કો તિઉ બોલે જિઉ બુલાઈદા ।। (9)*

ઉપરોક્ત અમૃતવાણીનો સારાંશ છે કે જે સંત પૂર્ણ સૃષ્ટિરચના સંભળાવી દેશે તથા બતાવશે કે ઈંડાના બે ભાગ થયા અને તેમાંથી કોણ નીકળ્યું, જેણે પછી બ્રહ્મલોકની સુન્નમાં એટલે કે ગુપ્ત સ્થાન ઉપર બ્રહ્મા - વિષ્ણુ- શિવજીની ઉત્પત્તિ કરી તથા તે પરમાત્મા કોણ છે જેણે બ્રહ્મ (કાળ) ના મુખથી ચારેય વેદો (પવિત્ર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ)ને ઉચ્ચારણ કરાવ્યા, તે પૂર્ણપરમાત્મા જેમ ઈચ્છે તેમ જ પ્રત્યેક પ્રાણીને બોલાવડાવે છે. આ સર્વ જ્ઞાનને પૂર્ણ બતાવવાવાળા સંત મળી જાય તો તેની પાસે જાઓ તથા જે બધી જ શંકાઓનું પૂર્ણ નિવારણ કરે છે, તે જ પૂર્ણસંત એટલે કે તત્ત્વદર્શી છે.

શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 929 અમૃતવાણી શ્રી નાનક સાહેબજીની રાગ રામકલી મહલા-1 દખણી ઓઅંકાર.

*ઓઅંકારિ બ્રહ્મા ઉત્પત્તિ । ઓઅંકારુ કીઆ જિનિ ચિત ।*
*ઓઅંકારિ સૈલ જુગ ભએ । ઓઅંકારિ વેદ નિરમએ ।*
*ઓઅંકારિ સબદિ ઉધરે । ઓઅંકારિ ગુરુમુખી તરે ।*
*ઓનમ અખર સુણહૂ બીચારુ । ઓનમ અખરુ ત્રીભવણ સારુ ।*

**ઉપરોક્ત અમૃતવાણીમાં શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે ઓંકાર એટલે કે નિરંજન (કાળ) થી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. કેટલાય યુગો સુધી મસ્તી કરીને (મોજ કરીને) ઓંકાર (બ્રહ્મ) એ વેદોની ઉત્પત્તિ કરી જે બ્રહ્માજીને પ્રાપ્ત થયા. ત્રણ લોકની ભક્તિનો ફક્ત એક ૐ (ઓમ) મંત્ર જ વાસ્તવમાં જાપ કરવાનો છે. આ ૐ (ઓઉમ્) શબ્દને પૂર્ણસંતથી ઉપદેશ લઈને એટલે કે ગુરુ ધારણ કરીને જાપ કરવાથી ઉદ્ધાર થાય છે.**

**વિશેષ :- શ્રી નાનક સાહેબજીએ ત્રણેય મંત્રો (ૐ + તત્ + સત્) નું સ્થાન-સ્થાન પર રહસ્યાત્મક વિવરણ આપ્યું છે. તેને ફક્ત પૂર્ણસંત (તત્ત્વદર્શી સંત) જ સમજી શકે છે તથા ત્રણેય મંત્રોના જાપ અંગે ઉપદેશીને સમજાવવામાં આવે છે.**

**(ગુરૂગ્રંથ સાહેબ પાના નં. 1038)**

*ઉત્તમ સતિગુરુ પુરુષ નિરાલે, સબદિ રતે હરિ રસ મતવાલે ।*
*રિધિ, બુધિ, સિધિ, ગિઆન ગુરુ તે પાઈએ, પુરે ભાગ મિલાઈ દા ॥ 15 ॥*
*સતિગુરુ તે પાએ બીચારા, સુન સમાધિ સચે ઘરબારા ।*
*નાનક નિરમલ નાદુ સબદ ધુનિ, સચુ રામૈં નામિ સમાઈદા ॥ 17 ॥*

**ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે વાસ્તવિક જ્ઞાન આપવાવાળા સતગુરુ તો નિરાળા જ છે, તેઓ કેવળ (ફકત) નામજાપને જપે છે, અન્ય હઠયોગ સાધના નથી બતાવતા. અગર તમારે ધનદૌલત, પદ, બુદ્ધિ અથવા ભક્તિ શક્તિ પણ જોઈએ તો તે ભક્તિ માર્ગનું જ્ઞાન પૂર્ણસંત જ પૂરું પ્રદાન કરશે, આવા પૂર્ણ સંત તો બહુ ભાગ્યથી જ મળે છે. તે જ પૂર્ણ સંત વિવરણ બતાવશે કે ઉપર સુન્ન (આકાશ)માં આપણુ વાસ્તવિક ઘર (સત્યલોક) પરમેશ્વરે રચી (બનાવી) રાખ્યું છે.**

**તેમાં એક વાસ્તવિક સાર નામની ધૂન (અવાજ) થઈ રહી છે. તે આનંદમાં, અવિનાશી પરમેશ્વરના સાર શબ્દથી સમાવેશ થઈ જાય છે એટલે કે તે વાસ્તવિક સુખદાયી સ્થાનમાં નિવાસ થઈ શકે છે, અન્ય (બીજા) નામોથી તથા અધૂરા ગુરુઓથી નિવાસ થઈ શકતો નથી. આંશિક અમૃતવાણી મહલા પહલા (શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં. 359- 360)**

*સિવ નગરી મહિ આસણિ બૈસઉ કલપ ત્યાગી વાદં । (1)*
*સિંડી સબદ સદા ધુનિ સોહૈ અહિનિસિ પૂરૈ નાદં । (2)*
*હરિ કીરતિ રહ રાસિ હમારી ગુરુ મુખ પંથ અતીતં । (3)*
*સગલી જોતી હમારી સંમિઆ નાના વરણ અનેકં ।*
*કહ નાનક સુણિ ભરથરી જોગી પારબ્રહ્મ લિવ એકં । (4)*

ઉપરોક્ત અમૃતવાણીનો ભાવાર્થ છે કે શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે હે ભરથરી યોગીજી તમારી સાધના ભગવાન શિવ સુધી છે, તેનાથી તમને શિવનગરી (લોક) માં સ્થાન મળ્યું છે અને શરીરમાં જે સિંગી શબ્દ વગેરે થઈ રહ્યો છે તે આ જ કમળોનો છે તથા ટી.વી.ની જેમ દરેક દેવના લોકથી શરીરમાં સંભળાઈ રહ્યો છે. **અમે તો એક પરમાત્મા પારબ્રહ્મ એટલે કે સર્વથી પાર જે પૂર્ણપરમાત્મા છે અન્ય (બીજા) કોઇ જુદા જ એક પરમાત્મામાં લૌ (અનન્ય મનથી લગન) લગાવીએ છીએ.**

**અમે બાહરી દેખાવ (ભસ્મ લગાડવી, હાથમાં ડંડો રાખવો) નથી કરતા. હું તો સર્વ પ્રાણીઓને એક પૂર્ણપરમાત્મા (સતપુરુષ)ના સંતાન સમજું છું. બધા તે જ શક્તિથી ચલાયમાન છે. અમારી મુદ્રા તો સાચું નામ જાપ ગુરુથી પ્રાપ્ત કરીને કરવાની છે તથા ક્ષમા કરવી એ અમારી વેશભૂષા છે. હું તો પૂર્ણ પરમાત્માનો ઉપાસક છું તથા પૂર્ણસતગુરુનો ભક્તિમાર્ગ આનાથી અલગ છે.**

અમૃતવાણી રાગ આસા મહલા-1લા (શ્રી ગુ.ગં.,સા. પાન. 420)

*।। આસા મહલા 1 ।। જિની નામુ વિસારિઆ દુજૈ ભરમિ ભુલાઈ ।*
*મૂલુ છોડિ ડાલી લગે કિઆ પાવહિ છાઈ ।। ।। 1 ।। સાહિબુ મેરા એકુ હૈ અવરુ નહીં ભાઈ । કિરપા તે સુખુ પાઈઆ સાચે પરથાઈ ।।3।। ગુરુ કિ સેવા સો કરે જિસુ આપિ કરાએ । નાનક સિરુ દે છુટીઐ દરગહ પતિ પાએ ।। 8 ।। 18 ।।*

ઉપરોક્ત વાણીનો ભાવાર્થ છે કે શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે જે **પૂર્ણપરમાત્માનું વાસ્તવિક નામ ભૂલીને બીજા ભગવાનોના નામોના જાપમાં ભટકી રહ્યા છે, તે તો એમ કરી રહ્યા છે કે મૂળ (પૂર્ણપરમાત્મા)ને છોડીને ડાળીઓ (ત્રણેય ગુણ રૂપ રજોગુણ-બ્રહ્મા, સતોગુણ-વિષ્ણુ, તમોગુણ-શિવજી) ની સિંચાઈ (પૂજા) કરી રહ્યા છે. તે સાધનાથી કોઈ સુખી થઈ શક્તું નથી એટલે કે છોડ સુકાઈ જશે તો છાયામાં નહીં બેસી શકો. ભાવાર્થ છે કે શાસ્ત્રવિધિ રહિત સાધના કરવી તે વ્યર્થ પ્રયત્ન છે, તેનાથી કોઈ લાભ નથી. આનું જ પ્રમાણ પવિત્ર ગીતા અધ્યાય-16 ના શ્લોક 23-24માં પણ છે. તે પૂર્ણપરમાત્માને પ્રાપ્ત કરવાને માટે મનમુખી (મન માની) સાધના ત્યાગીને પૂર્ણ ગુરુદેવને સમર્પણ કરવાથી તથા સાચા નામના જાપથી જ મોક્ષ સંભવ છે, નહીં તો મૃત્યુના ઉપરાંત નરકમાં જઈશ.**

(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 843-844)

*।। બિલાવલુ મહલા 1 ।। મૈં મન ચાહુ ઘણા સાચિ વિગાસી રામ । મોહી પ્રેમ પીરે*

*પ્રભુ અબિનાસી રામ ।। અવિગતો હરિ નાથુ નાથહ તિસૈ ભાવૈ સો થીઐ । કિરપાલુ સદા દઈઆલુ દાતા જીઆ અંદરિ તૂં જીઐ । મૈં આધારુ તેરા તુ ખસમુ મેરા મૈ તાણુ તકીઆ તેરઓ । સાચિ સૂચા સદા નાનક ગુરસબદિ ઝગરુ નિબેરઓ।। 4 ।। 2 ।।*

ઉપરોક્ત અમૃતવાણીમાં શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે **અવિનાશી પૂર્ણપરમાત્મા નાથોનો પણ નાથ છે એટલે કે દેવોના પણ દેવ છે (સર્વ પ્રભુઓ શ્રી બ્રહ્માજી, શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી તથા બ્રહ્મ તથા પરબ્રહ્મ ઉપર પણ નાથ છે એટલે કે સ્વામી છે.) હું તો સાચા નામને હૃદયમાં સમાવી ચૂક્યો છું. હે પરમાત્મા ! સર્વ પ્રાણીના જીવન આધાર પણ આપ જ છો. હું આપના આશ્રિત છું, આપ મારા માલિક છો. આપે જ મને ગુરુ રૂપમાં આવીને સત્યભક્તિનું નિર્ણાયક જ્ઞાન આપીને સર્વ (તમામ) ઝઘડો પતાવી દીધો એટલે કે તમામ શંકાઓનું સમાધાન કરી દીધું.**

(શ્રી ગુરુ ગ્રંથ સાહેબ પાના નં. 721 રાગ તીલંગ મહલા-1)

*યક અર્જ ગુફતમ્ પેશ તો દર કૂન કરતાર ।*
*હક્કા કબીર કરીમ તૂ બેઅબ પરવરદિગાર ।*
*નાનક બુગોયદ જન તુરા તેરે ચાકરાં પાખાક ।*

ઉપરોક્ત અમૃતવાણીમાં સ્પષ્ટ કરી દીધું છે કે **(હક્કા કબીર) આપ સત્કબીર (કૂન કરતાર) શબ્દશક્તિથી રચના કરવાવાળા શબ્દસ્વરૂપી પ્રભુ અર્થાત (એટલે કે) સર્વ સૃષ્ટિના રચનહાર છો, આપ જ બેએબ નિર્વિકાર (પરવરદિગાર) સર્વના પાલનકર્તા દયાળુ પ્રભુ છો. હું આપના દાસોનો પણ દાસ છું.**

(શ્રી ગુરૂ ગ્રંથ સાહેબ પાના નં.24 રાગ સીરી મહલા-1)

*તેરા એક નામ તારે સંસાર, મૈં ઐહા આસ ઐહો આધાર ।*
*નાનક નીચ કહૈ બિચાર, ધાણક રૂપ રહા કરતાર ।।*

ઉપરોક્ત અમૃતવાણીમાં પ્રમાણિત કર્યું છે કે જે કાશીમાં ધાણક (જુલાહા-કપડાં વણે) છે આજ (કરતાર) કુલ (સર્વ)નો સૃજનહાર છે. અતિ આધીન થઈને શ્રી નાનક સાહેબજી કહી રહ્યા છે કે હું સત્ કહી રહ્યો છું કે આ ધાણક એટલે કે કબીર જુલાહા જ પૂર્ણબ્રહ્મ (સત્પુરુષ) છે.

વિશેષઃ ઉપરોક્ત પ્રમાણોના સાંકેતિક જ્ઞાનથી પ્રમાણિત થયું સૃષ્ટિ રચના કેવી રીતે થઈ ? હવે પૂર્ણપરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ. જે પૂર્ણસંતથી નામ-ઉપદેશ લેવાથી જ આ સંભવ છે.

## ● ''અન્ય (બીજા) સંતો દ્વારા સૃષ્ટિરચનાની દંતકથા''

**અન્ય સંતો દ્વારા જે સૃષ્ટિરચનાનું જ્ઞાન બતાવવામા આવ્યું છે તે કેવું છે ? કૃપા કરીને વાંચો :-**

**સૃષ્ટિરચનાના વિષયમાં રાધાસ્વામી પંથના સંતોના તથા ધન-ધન સતગુરૂ પંથના સંતના વિચાર:- પવિત્ર પુસ્તક જીવનચરિત્ર પરમ સંત બાબા જયમલસિંહજી મહારાજ ''પાન નં. 102-103થી 'સૃષ્ટિકી રચના'' (સાવન કૃપાલ પબ્લિકેશન, દિલ્હી)**

''પહેલાં સતપુરૂષ નિરાકાર હતા, પછી ઈજહાર(આકાર)માં આવ્યા, તો ઉપરના ત્રણ નિર્મલ મંડલ (સતલોક- અલખલોક - અગમલોક) બની ગયા તથા પ્રકાશ તથા મંડલોંનો નાદ (ધુનિ) બની ગયો.''

**પવિત્ર પુસ્તક સારવચન (નસર) પ્રકાશક :- રાધાસ્વામી સત્સંગસભા, દયાલબાગ, આગરા 'સૃષ્ટિ કી રચના' પૃષ્ટ નં. 8:-**

પહેલાં ધૂંધૂકાર (અંધકાર) હતો. તેમાં પુરુષ શુન્ન સમાધિમાં હતા. જ્યારે કોઈ રચના થયેલી નહતી. પછી જ્યારે મૌજ થઈ ત્યારે શબ્દ પ્રગટ થયો અને તેનાથી બધી રચના થઈ. પહેલા સતલોક અને પછી સતપુરુષની કળાથી ત્રણ લોક અને બધો વિસ્તાર થયો.

**આ જ્ઞાન તો આવું છે- જેમ કે એક સમયે કોઈ યુવક નોકરી અર્થે ઈન્ટર્વ્યુ આપવા ગયો. અધિકારીએ પૂછયું કે તમે મહાભારત વાંચ્યું છે ! યુવકે જવાબ આપ્યો કે આંગળીઓના ટેરવા પર ગોખી રાખ્યું છે. અધિકારીએ પ્રશ્ન કર્યો કે પાંચ પાંડવોનાં નામ બતાવો. યુવકે ઉત્તર આપ્યો એક ભીમ હતો, એક એનો મોટો ભાઈ હતો, એક તેનાથી નાનો હતો, એક અન્ય હતો તથા એકનું નામ હું ભૂલી ગયો છું. ઉપરોક્ત સૃષ્ટિરચનાનું જ્ઞાન તો આવું છે.**

**સતપુરુષ તથા સતલોકની મહિમા બતાવવાવાળા તથા પાંચ નામ (ઔંકાર - જ્યોતિ નિરંજન - રરંકાર - સોહં - સત્યનામ) આપવાવાળા તથા ત્રણ નામ (અકાલ મૂર્તિ - સતપુરુષ - શબ્દ સ્વરૂપી રામ) આપવાવાળા સંતો દ્વારા રચવામાં આવેલ પુસ્તકોથી થોડું નિષ્કર્ષ –**

**સંતમત પ્રકાશ ભાગ-3, પાના નં. 76 પર લખ્યું છે કે ''સચ્ચખંડ અથવા સતનામ ચૌથું લોક છે'' અહીં આગળ ''સતનામ''ને સ્થાન કહ્યું છે. પછી આ પવિત્ર પુસ્તકના પાના નં. 79 પર લખ્યું છે કે ''એક રામ**

દશરથનો બેટો, બીજો રામ ''મન'', ત્રીજો રામ ''બ્રહ્મ'', ચોથો રામ ''સતનામ'' આ અસલી રામ છે'' પછી પવિત્ર પુસ્તક સંતમત પ્રકાશ પહેલો ભાગ પૃષ્ઠ નં. 17 પર લખ્યું છે કે ''જે સતલોક છે, તેને જ સતનામ કહેવામાં આવે છે'' પવિત્ર પુસ્તક ''સાર વચન નસર યાનિ વાર્તિક'' પૃષ્ઠ નં. 3 પર લખ્યું છે કે ''હવે સમજવું જોઈએ કે રાધાસ્વામી પદ સૌથી ઊંચું સ્થાન છે જેણે સંતોએ સતલોક અને સચ્ચખંડ અને સાર શબ્દ અને સત શબ્દ અને સતનામ અને સતપુરુષ કરીને બોલ્યા છે.'' પવિત્ર પુસ્તક સાર વચન (નસર) આગ્રાથી પ્રકાશિત પાના નં. 4 પર પણ ઉપરોક્ત જેમનું તેમ વર્ણન છે. પવિત્ર પુસ્તક ''સચ્ચખંડ ની સડક' પાના નં. 226 ''સંતોંનો દેશ સચ્ચખંડ અથવા સતલોક છે, તેને જ સતનામ, સતશબ્દ - સારશબ્દ કહેવામાં આવે છે.''

**વિશેષ :** ઉપરોક્ત વ્યાખ્યા એવી લાગી જેમ કે કોઈએ જીવનમાં ન તો શહેર જોયું, ન કાર જોઈ અને ન પેટ્રોલ જોયું, ન ડ્રાઈવરનું જ્ઞાન હોય કે ડ્રાઈવર કોને કહે છે અને તે વ્યક્તિ અન્ય સાથીઓ (મિત્રો)ને કહે કે હું શહેરમાં જાઉં છું. કારમાં બેસીને આનંદ મનાવું છું. પછી સાથીઓ પૂછે છે કે કાર કેવી છે ? પેટ્રોલ કેવું છે ? ડ્રાઈવર કેવો છે ? શહેર કેવું છે ? તો તેણે (ગુરુજીએ) ઉત્તર આપ્યો કે શહેર કહો કે કાર કહો એક જ વાત છે, શહેર પણ કાર જ છે, પેટ્રોલ પણ કારને જ કહે છે, ડ્રાઈવર પણ કારને જ કહે છે, સડક (રોડ) પણ કારને જ કહે છે.

ચાલો વિચાર કરીએ :-

સતપુરુષ તો પૂર્ણપરમાત્મા છે. સતનામ-તે બે મંત્રોનું નામ છે જેમાં એક ૐ (ઓમ) + તત્ સાંકેતિક છે તથા તેના પછી સારનામ સાધકને પૂર્ણ ગુરુ દ્વારા આપવામાં આવે છે. આ સતનામ તથા સારનામ બન્ને સ્મરણ કરવાના નામ છે. સતલોક તે સ્થાન છે જયાં સતપુરુષ રહે છે. પુણ્ય આત્માઓ સ્વયં (પોતે) જ નિર્ણય કરો સત્ય તથા અસત્યનો.

❑❑❑

# ✪ ભક્તિ મર્યાદા

**● ગુરુદીક્ષા ગ્રહણ કરનાર (નામ લેવાવાળી વ્યક્તિઓ) માટે આવશ્યક જાણકારી**

**(1) પૂર્ણગુરુથી દીક્ષા લેવી જોઇએ :-**

પૂર્ણ ગુરૂની ઓળખાણઃ- હાલના કળિયુગમાં પૂર્ણગુરુની ઓળખ કરવી તે ભક્ત સમાજ માટે સૌથી વધારે મુશ્કેલરૂપ પ્રશ્ન બનેલો છે. પરંતુ આ મુશ્કેલરૂપ પ્રશ્નનો ટૂંકો અને સરળ ઉત્તર એ છે કે જે ગુરુ શાસ્ત્રો અનુસાર ભક્તિ કરે છે અને પોતાના અનુયાયીઓ એટલે કે શિષ્યો દ્વારા કરાવે છે તે જ પૂર્ણસંત છે. કારણ કે ભક્તિમાર્ગનું સંવિધાન ધાર્મિક શાસ્ત્રો ઉપર આધારિત છે. જે ધાર્મિક શાસ્ત્રોમાં કબીર સાહેબની વાણી, નાનક સાહેબની વાણી, સંત ગરીબદાસજી મહારાજની વાણી, સંત ધર્મદાસજી સાહેબની વાણી, ચારેય વેદો, ગીતા, પુરાણ, કુરાન, બાઈબલ વગેરેનો સમાવેશ થાય છે. જે કોઈપણ સંત શાસ્ત્રો અનુસાર ભક્તિસાધના બતાવે છે, અને ભક્ત સમાજને માર્ગદર્શન કરે છે તે પૂર્ણ સંત છે. અન્યથા જે શાસ્ત્રો વિરુધ્ધ સાધના કરાવે છે તેને ભક્તસમાજનો મોટો શત્રુ ગણજો. કારણ કે આમ કરીને તે અણમોલ માનવજન્મ સાથે ખીલવાડ કરી રહ્યો છે. આવા ગુરુ અથવા સંતને ભગવાનના દરબારમાં ઘોર નરકમાં ઊંધો લટકાવવામાં આવશે.

ઉદાહરણ રૂપે કોઈ શિક્ષક નિશાળમાં વિદ્યાર્થીઓને પાઠ્યક્રમ બહારની વિદ્યા (શિક્ષા) આપે તો તે શિક્ષક વિદ્યાર્થીઓનો દુશ્મન છે.

ગીતા અધ્યાય નંબર **7**, શ્લોક નં. **15**

*ન, મામ્, દુષ્કૃતિનઃ, મૂઢાઃ, પ્રપધન્તે, નરાધમાઃ,*
*માયયા, અપહૃતજ્ઞાનાઃ, આસુરમ, ભાવમ, આશ્રિતાઃ ।।*

અનુવાદ : માયા દ્વારા જેમનું જ્ઞાન હણાઈ ચૂક્યું છે (નાશ પામ્યું છે) તેવા અસુર (રાક્ષસ) સ્વભાવને ધારણ કરનારા મનુષ્યોમાં નીચ દૂષિત કર્મ કરવાવાળા મૂર્ખ મને નથી ભજતા એટલે કે તે ત્રણેય ગુણો (રજોગુણ - બ્રહ્મા, સતોગુણ - વિષ્ણુ, તમોગુણ - શિવ)ની જ સાધના કરતા રહે છે.

યજુર્વેદ અધ્યાય નં. **40**, શ્લોક નં. **10** (સંત રામપાલદાસ દ્વારા ભાષા ભાષ્ય)

અન્યદેવાહુ : સમ્ભવાદન્યદાહુરસમ્ભવાત્, ઈતિ શુશ્રુમ ધીરાણાં યે નસ્તદ્વિચચક્ષિરે ।। **10** ।।

અનુવાદ : પરમાત્માની બાબતમાં સામાન્ય રીતે નિરાકાર એટલે કે ક્યારેય ન જન્મવાવાળા કહે છે. જ્યારે બીજા આકારમાં એટલે કે જન્મ લઈને અવતાર રૂપમાં આવવાવાળા કહે છે. જે સ્થાયી-ઠરેલ એટલે કે પૂર્ણ જ્ઞાની

સારી રીતે સંભળાવે છે, તેને આ પ્રમાણે સાચી રીતે તેજ સમરૂપ એટલે કે યોગ્ય રૂપમાં અલગ અલગ રૂપથી પ્રત્યક્ષ (સન્મુખ) જ્ઞાન કરાવે છે.

ગીતા અધ્યાય નં. 4, શ્લોક નં. 34

*તત્ વિદ્ધિ, પ્રણિપાતેન, પરિપ્રશ્નેન, સેવયા ।*
*ઉપદેક્ષ્યંતિ, તે, જ્ઞાનમ, જ્ઞાનિનઃ, તત્વદર્શિનઃ ।।*

અનુવાદ : તેને સમજ. તે પૂર્ણપરમાત્માના જ્ઞાન તથા સમાધાનને જાણવાવાળા સંતોને સારી રીતે દંડવત્ પ્રણામ કરવાથી તેમની સેવા કરવાથી અને કપટ છોડી દઈને સરળતાપૂર્વક પ્રશ્ન કરવાથી તે પરમાત્મ તત્ત્વને સારી રીતે જાણવાવાળા જ્ઞાની મહાત્મા તને તે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે.

**(2) નશીલી વસ્તુઓનું સેવન નિષેધ છે :-**

હુક્કો, શરાબ (દારૂ), બિયર, તમાકુ, બીડી, સિગારેટ, ગુટખા, હુલાસ (છીંકણી) સૂંઘવું, માંસ, ઈંડા, સુલ્ફા (ચરસ), અફીણ, ગાંજો તથા અન્ય નશાવાળી- નશાયુક્ત વસ્તુઓનું સેવન કરવાનું નથી. તેમજ આવી વસ્તુઓ કોઈને લાવીને પણ આપવાની નથી. બંદીછોડ ગરીબદાસજી મહારાજે આ બધી જ નશાવાળી વસ્તુઓને વધારે ખરાબ ગણાવી છે. તેઓ પોતાની વાણીમાં જણાવે છે કે –

*સુરાપાન મધ માંસાહારી, ગમન કરૈ ભોગૈં પર નારી ।*
*સતર જનમ કટત હૈં શીશં, સાક્ષી સાહિબ હૈ જગદીશં ।।*
*પર દ્વારા સ્ત્રી કા ખોલૈ, સત્તર જન્મ અંન્ધા હોવૈ ડોલૈ ।*
*મદિરા પીવૈ કડવા પાની, સત્તર જન્મ શ્વાન કે જાની ।।*
*ગરીબ, હુક્કા હરદમ પિવતે, લાલ મિલાવૈં ધૂર ।*
*ઈસમે સંશય હૈ નહીં, જન્મ પિછલે સૂર ।। 1 ।।*
*ગરીબ, સો નારી જારી કરૈ, સુરા પાન સૌ બાર ।*
*એક ચિલમ હુક્કા ભરૈ, ડુબૈ કાલી ધાર ।। 2 ।।*
*ગરીબ, સૂર ગઉ કું ખાત હૈ, ભક્તિ બિહુનેં રાડ ।*
*ભાંગ તમ્બાખૂ ખા ગએ, સો ચાબત હૈં હાડ ।। 3 ।।*
*ગરીબ, ભાંગ તમ્બાખૂ પીવ હીં, સુરા પાન સૈં હેત ।*
*ગૌસ્ત મટ્ટી ખાય કર, જંગલી બનેં પ્રેત ।। 4 ।।*
*ગરીબ, પાન તમ્બાખૂ ચાબ હીં, નાસ નાક મેં દેત ।*
*સો તો ઈરાનૈ ગએ, જ્યૂં ભડભૂજે કા રેત ।। 5 ।।*
*ગરીબ, ભાંગ તમ્બાખૂ પીવ હીં, ગોસ્ત ગલા કબાબ ।*
*મોર મૃગ કૂં ભખત હૈં, દેગેં કહાં જવાબ ।। 6 ।।*

**(3) તીર્થસ્થાનો પર જવાનો નિષેધ :-**

કોઈપણ પ્રકારનું વ્રત ઉપવાસ કરવો નહીં. કોઈ તીર્થ યાત્રા પર જવું નહીં, ગંગાસ્નાન વગેરે અર્થે જવું નહીં કે અન્ય ધાર્મિક સ્થળો પર સ્નાન અર્થે કે દર્શનાર્થે જવું નહીં. કોઈપણ મંદિર કે ઈષ્ટધામમાં પૂજા તથા ભક્તિના ભાવથી જવું નહીં કે આ મંદિરમાં ભગવાન છે. ભગવાન કોઈ પશુ તો નથી કે તેને પૂજારીજીએ તો પકડીને મંદિરમાં બાંધી રાખ્યા છે. ભગવાન તો કણ કણમાં વ્યાપક છે. આ તમામ સાધનાઓ શાસ્ત્રોથી વિરુધ્ધ છે.

જરા વિચાર કરી જુઓ કે આ તમામ તીર્થસ્થળો (જેમ કે જગન્નાથનું મંદિર, બદ્રીનાથ, હરિદ્વાર, મક્કા-મદીના, અમરનાથ, વૈષ્ણોદેવી, વૃંદાવન, મથુરા, બરસાના, અયોધ્યા-રામમંદિર, કાશીધામ, છુડાની ધામ વગેરે) મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ, ઈષ્ટધામ વગેરે એવા સ્થળો છે જ્યાં આગળ ક્યારેક કોઈ સંત રહેતા હતા. તેઓ ત્યાં આગળ પોતાની ભક્તિસાધના કરીને પોતાનું ભક્તિરૂપી ધન ભેગું કરીને શરીર છોડીને પોતાના ઈષ્ટદેવના લોકમાં ચાલ્યા ગયા. ત્યારબાદ તેમની યાદગીરીની સાબિતી રાખવા માટે તે જગ્યા ઉપર કોઈએ મંદિર, કોઇએ મસ્જિદ, કોઇએ ગુરુદ્વારા, કોઇએ ચર્ચ અથવા કોઇએ ધર્મશાળા વગેરે બનાવી દીધી. જેથી તેમની યાદગીરી બની રહે અને અમારા જેવા તુચ્છ પ્રાણીઓને પ્રમાણ મળતા રહે કે આપણે પણ આવા જ કર્મો કરવા જોઈએ કે આ મહાન આત્માઓએ કર્યા છે. આમ આ તમામ ધાર્મિક સ્થળો આપણને બધાને આ જ સંદેશ આપે છે કે જે ભક્તિસાધના એ નામી સંતોએ કરી છે તેવી જ આપ પણ કરો. એના માટે આપ આવી જ રીતે સાધના કરવાવાળા તથા બતાવવાવાળા સંતોની શોધ કરો અને પછી જેવું તે કહે તેવું જ કરો. પરંતુ સમય જતા આવાં સ્થાનોની પૂજાનો પ્રારંભ થઈ ગયો જે બિલકુલ વ્યર્થ અને શાસ્ત્રો વિરુધ્ધ છે.

આ તમામ સ્થાનો એક એવા સ્થાન જેવા છે કે કોઈ એક જગ્યાએ કોઈ કંદોઈએ ભઠ્ઠી બનાવીને સ્વાદિષ્ટ મીઠાઈઓ જલેબી, લાડુ વગેરે બનાવીને પોતે ખાધી અને પોતાના સગાસંબંધીઓને ખવડાવીને ચાલ્યો ગયો. તેના પછી તે જગ્યાએ હાલમાં તે કંદોઈ નથી કે મીઠાઈ નથી ત્યાં તો ફક્ત ભઠ્ઠી પડી રહી છે. તે ભઠ્ઠી ન તો આપણને મીઠાઈ બનાવતા શીખવી શકતી કે નથી આપણું પેટ ભરી શકતી. હવે કોઈ આપણને આવીને એવું કહે કે આવો ભાઈઓ, તમને હું એ ભઠ્ઠી બતાવવા લઇ જઉં કે જ્યાં એ કંદોઈએ મીઠાઈઓ બનાવી હતી. ચાલો જઈએ, ત્યાં જઈને એ ભઠ્ઠી જોઈ લીધી અને તેને ફરતે સાત ચક્કર લગાવીને પણ આવી ગયા. તો શું એમ કરવાથી તમને મીઠાઈ

પ્રાપ્ત થઈ ? અને શું તમને મીઠાઈ બનાવવાની વિધિ બતાવવાવાળો કંદોઈ મળ્યો ? આના માટે આપને એવો જ કંદોઈ શોધવો પડશે કે જે સૌ પ્રથમ આપણને મીઠાઈ ખવડાવે અને પછી તેને બનાવવાની વિધિ પણ બતાવે. પછી આપણે તેના કહ્યા પ્રમાણે જ ક્રિયા કરવાની રહેશે, બીજી કોઈ નહિ.

ઠીક, આજ પ્રમાણે તીર્થસ્થાનોની પૂજા કર્યા વગર તેવા જ સંતોની શોધ કરો જે શાસ્ત્રાનુસાર પૂર્ણપરમાત્મા કબીર સાહેબની ભક્તિ કરે છે તથા ભક્તિ બતાવતા હોય છે. પછી જેમ તે સંત કહે કેવળ તેજ કરવું. પોતાની મનમાની કરવી નહીં.

"સામવેદ સંખ્યા નં. 1400 ઉતારચીક અધ્યાય નં. 12, ખંડ નં. 3 શ્લોક નં. 5 (સંત રામપાલ દાસ દ્વારા ભાષા-ભાષ્ય)માં જણાવ્યા મુજબ":-

*ભદ્રા વસ્ત્રા સમન્યારુવસાનો મહાન કવિર્નિવચનાનિ શંસન્ ।*
*આ વચ્યસ્વ ચમ્વોઃ પૂયમાનો વિચક્ષણો જાગૃવિર્દેવવીતૌ ।।*

અનુવાદ : ચતુર (ચાલાક અજ્ઞાની) વ્યક્તિઓએ પોતાનાં વચનો દ્વારા પૂર્ણપરમાત્મા (પૂર્ણબ્રહ્મ)ની પૂજાનો સતમાર્ગ ન દર્શાવીને અમૃતના સ્થાને આનઉપાસના [ખોટી પૂજાઓ - જેવી કે ભૂતપૂજા, પિતૃપૂજા, શ્રાદ્ધ કાઢવાં, ત્રણે ગુણોની પૂજા - (રજગુણ - બ્રહ્મા, સતગુણ - વિષ્ણુ, તમ ગુણ - શંકર) તથા બ્રહ્મ-કાળની પૂજા મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ તથા તીર્થ, ઉપવાસ, વ્રત સુધીની ઉપાસના] રૂપી ગુમડાં અને પડેલા ઘામાંથી નીકળેલા પરુ (રસી)ને આદર સાથે આચમન (ગ્રહણ) કરાવી રહ્યા હોય છે. તેને પરમ સુખદાયક પૂર્ણબ્રહ્મ કબીર સહશરીર સાધારણ વેશભૂષામાં (વસ્ત્રનો અર્થ છે વેશભૂષા- સંતભાષામાં એને ચોલો પણ કહે છે. જ્યારે કોઈ સંત શરીર ત્યાગી જાય છે તો કહે છે કે મહાત્મા તો ચોલો છોડી ગયા.) સતલોકવાળા શરીરના જેવું બીજું તેજપુંજનું શરીર ધારણ કરીને એક સાધારણ વ્યક્તિની જેમ જીવન જીવીને થોડાક દિવસ સંસારમાં રહીને પોતાની શબ્દ - સાખીઓના માધ્યમથી સત્યજ્ઞાનનું વર્ણન કરીને પૂર્ણ પરમાત્માના છુપાયેલા વાસ્તવિક સત્યજ્ઞાનને તથા ભક્તિને જાગૃત કરે છે.

ગીતા અધ્યાય નં. 16 નો શ્લોક નં. 23 :

*યઃ શાસ્ત્રવિધિમ્, ઉત્સૃજ્ય, વર્તતે, કામકારતઃ ન, સઃ,*
*સિદ્ધિમ્, અવાપ્નોતિ, ન, સુખમ્, ન પરામ, ગતિમ્ ।।*

અનુવાદ : જે પુરુષ શાસ્ત્રવિધિને ત્યાગીને પોતાની ઈચ્છા અનુસાર મન મુજબનું (ખોટી પૂજા, ભક્તિનું) આચરણ કરે છે તેને ન તો સિધ્ધિની પ્રાપ્તિ થાય છે, ન તો પરમગતિની પ્રાપ્તિ થાય છે કે ન તો સુખની પ્રાપ્તિ થાય છે.

ગીતા અધ્યાય નં. 6, શ્લોક નં. 16

*ન, અતિ, અશ્નતઃ, તુ યોગઃ, અસ્તિ, ન, ચ, એકાન્તમ્,*
*અનશ્નતઃ, ન, ચ, અતિ, સ્વપ્રશીલસ્ય, જાગ્રતઃ, ન, એવ, ચ, અર્જુન ।।*

**“હે અર્જુન! આ યોગ એટલે કે ભક્તિ ન તો વધારે ખાવાવાળાનો અને ન કે વધારે ભૂખ્યા રહેવાવાળાનો, ન એકાંત સ્થાન પર આસન લગાડીને સાધના કરવાવાળાનો તથા ન વધારે ઊંઘી રહેવાના સ્વભાવવાવાળાનો અને ન સદાય જાગવાવાળાનો સિધ્ધ થાય છે.”** (માટે જ વ્રત અને ઉપવાસ લાભકારી નથી)

*પૂજૈં દેઈ ધામ કો, શીશ હલાવૈ જો ।*
*ગરીબદાસ સાચી કહૈ, હદ કાફિર હૈ સો ।।*
*કબીર, ગંગા કાઠૈ ઘર કરૈ, પીવૈ નિર્મલ નીર ।*
*મુક્તિ નહીં હરિ નામ બિન, સતગુરુ કહૈં કબીર ।।*
*કબીર, તીર્થ કર-કર જગ મૂવા, ઉડે પાની ન્હાય ।*
*રામ હી નામ ના જપા, કાલ ઘસીટે જાય ।।*
*ગરીબ, પીતલ હી કા થાલ હૈ, પીતલ કા લોટા ।*
*જડ મુરત કો પૂજતેં, આવૈગા ટોટા ।।*
*ગરીબ, પીતલ ચમચ્ચા પૂજિયે, જો થાલ પરોસૈ ।*
*જડ મૂરત કિસ કામ કી, મતિ રહો ભરોસૈ ।।*
*કબીર, પર્વત પર્વત મૈં ફિરયા, કારણ અપને રામ ।*
*રામ સરીખે જન મિલે, જિન સારે સબ કામ ।।*

**(4) પિતૃપૂજા નિષેધ છે :-**

**કોઈપણ પ્રકારની પિતૃપૂજા, શ્રાધ્ધ કાઢવું/કરવું, વગેરે કંઈ કરવું નહીં. ભગવાન શ્રીકૃષ્ણજીએ પણ પિતૃ તેમજ ભૂતોની પૂજા કરવાની સાફ મનાઇ કરી છે. ગીતાજીના અધ્યાય નં. 9, શ્લોક નં. 25માં કહ્યું છે કે –**

*યાન્તિ, દેવવ્રતાઃ, દેવાન્, પિતૃઋન્, યાન્તિ, પિતૃવ્રતાઃ ।*
*ભુતાનિ, યાન્તિ, ભુતેજ્યાઃ, મધાજિનઃ, અપિ, મામ્ ।।*

**અનુવાદ : દેવતાઓને પૂજવાવાળા દેવતાઓને પ્રાપ્ત થાય છે. પિતૃઓને પૂજવાવાળા પિતૃઓને પ્રાપ્ત થાય છે. ભૂતોને પૂજાવાવાળા ભૂતોને પ્રાપ્ત થાય છે અને મતાનુસાર પૂજા કરવાવાળા ભક્ત મારાથી જ લાભ મેળવે છે.**

**બંદી છોડ ગરીબદાસજી મહારાજ અને કબીર સાહેબજી મહારાજ પણ કહે છે કે –**

*ગરીબ, ભુત રમૈ સો ભુત હૈ, દેવ રમૈ સો દેવ ।*
*રામ રમૈ સો રામ હૈ, સુનો સક્લ સુર ભેવ ।।*

**એટલા માટે તે (પૂર્ણપરમાત્મા) પરમેશ્વરની ભક્તિ કરો જેનાથી પૂર્ણ મુક્તિ થાય. તે પરમાત્મા પૂર્ણબ્રહ્મ સતપુરુષ (સત કબીર) છે. આનું જ પ્રમાણ ગીતાજીના અધ્યાય નં. 18, શ્લોક નં. 46 માં છે.**

*યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિંદ તતમ્ ।*
*સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ।। 46 ।।*

**અનુવાદ : જે પરમેશ્વરથી સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે, તે પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો દ્વારા પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિને પ્રાપ્ત થઈ જાય છે.**

**ગીતા અધ્યાય નં. 18, શ્લોક નં. 62**

*તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।*
*તત્પ્રસાદાત્પરાં શાંતિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ।। 62 ।।*

**અનુવાદ : હે ભરતવંશીભદ્રવ અર્જુન ! તું સર્વ ભાવથી તે ઈશ્વરની જ શરણમાં ચાલ્યો જા. તેની કૃપાથી તું પરમ શાંતિ (સંસારથી સર્વથા ઉપરતિ)ને અને અવિનાશી પરમ પદને પ્રાપ્ત થઈ જઈશ.**

**સર્વ ભાવનું તાત્પર્ય છે કે કોઈ અન્ય પૂજા ન કરીને, મન, કર્મ, વચનથી એક પરમેશ્વરમાં આસ્થા (શ્રદ્ધા) રાખવી.**

**ગીતા અધ્યાય નં. 8, શ્લોક નં. 22 :**

*પુરુષઃ સ પરઃ પાર્થ ભકત્યા લભ્યસ્ત્વનન્યયા ।*
*યસ્યાંતઃ સ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ।। 22 ।।*

**અનુવાદ : હે પૃથાનંદન અર્જુન ! સંપૂર્ણ પ્રાણી જેની અંર્તગત છે અને જેના દ્વારા આ સંપૂર્ણ સંસાર વ્યાપ્ત છે, તે પરમપુરુષ પરમાત્મા તો અનન્ય ભક્તિથી પ્રાપ્ત થવા યોગ્ય છે.**

**અનન્ય ભક્તિનું તાત્પર્ય છે એક પરમેશ્વર (પૂર્ણ બ્રહ્મ)ની ભક્તિ કરવી, બીજા દેવીદેવતાઓ એટલે કે ત્રણેય ગુણો (રજગુણ-બ્રહ્મા, સતગુણ - વિષ્ણુ, તમગુણ-શિવ)ની નહિ.**

**ગીતાજીના અધ્યાય નં. 15, શ્લોક નં. 1 થી 4 :–**

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 1**

*ઉર્ધ્વમૂલમ્, અધઃશાખમ, અશ્વત્થમ્ પ્રાહુઃ, અવ્યયમ્ ।*
*છન્દાંસિ, યસ્ય પર્ણાનિ, યઃ, તમ્, વેદ, સઃ, વેદવિત્ ।। 1 ।।*

**અનુવાદ : ઉપરની તરફ તો મૂળવાળું નીચેની તરફ શાખાવાળું અવિનાશી વિસ્તારિત સંસારરૂપી પીપળનું વૃક્ષ છે, જેના નાના-નાના ભાગ અથવા ડાળીઓ, પાંદડાં કહ્યા છે, તે સંસારરૂપી વૃક્ષને જે આ પ્રમાણે જાણે છે. તે પૂર્ણ જ્ઞાની એટલે કે તત્ત્વદર્શી છે.**

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 2**

*અધઃ ચ, ઉર્ધ્વમ, પ્રસૃતાઃ, તસ્ય, શાખાઃ, ગુણપ્રવૃધ્ધાઃ, વિષયપ્રવાલાઃ ।*
*અધઃ, ચ, મૂલાનિ, અનુસંતતાનિ, કર્માનુબન્ધીનિ, મનુષ્યલોકે ।। 2 ।।*

**અનુવાદ : તે વૃક્ષની નીચે અને ઉપરની તરફ ત્રણેય ગુણો રજગુણ-બ્રહ્મા, સતગુણ-વિષ્ણુ, તમગુણ-શિવ રૂપી ફેલાયેલી વિકાર, કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારરૂપી કુંપળ-ડાળી – બ્રહ્મા, વિષ્ણુ, શિવ જ જીવને કર્મોમાં બાંધવાનું પણ મૂળ એટલે કે મુખ્ય કારણ છે. તથા મનુષ્યલોક સ્વર્ગ, નર્કલોક પૃથ્વીલોકમાં નીચે (ચૌર્યાસી લાખ યોનીઓમાં) તેમ જ ઉપર વ્યવસ્થિત કરેલ છે.**

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 3**

*ન રુપમ, અસ્ય , ઇહ, તથા ઉપલભ્યતે, ન, અન્તઃ, ન, ચ, આદિઃ, ન ચ,*
*સમ્પ્રતિષ્ઠા, અશ્વત્થમ્, એનમ્, સુવિરુઢમૂલમ્, અસઙ્ગશસ્ત્રેણ, દ્દઢેન, છિત્વા।।* **3** *।।*

**અનુવાદ : આ રચનાની ન શરૂઆત તથા ન અંત છે, ન તેવું જ સ્વરૂપ મેળવી શકાય છે તથા અહીં વિચારકાળમાં એટલે કે મારા દ્વારા આપવામાં આવી રહેલા ગીતા જ્ઞાનમાં પૂર્ણ જાણકારી મને પણ નથી. કારણ કે સર્વ બ્રહ્માંડોની રચનાની સાચી સ્થિતિનું મને પણ જ્ઞાન નથી. આ સારી રીતે સ્થાયી સ્થિતિવાળા મજબૂત સ્વરૂપવાળા નિર્લેપ તત્ત્વજ્ઞાનરૂપી દૃઢ શસ્ત્રથી એટલે કે નિર્મળ તત્ત્વજ્ઞાનના દ્વારા કાપીને એટલે નિરંજનની ભક્તિને ક્ષણિક જાણીને. (3)**

**ગીતા અધ્યાય નં. 15, શ્લોક નં. 4**

*તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।*
*તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિ પ્રસૃતા પુરાણી ।। 4 ।।*

**અનુવાદ : તેના પછી તે પરમપદ પરમાત્માની શોધ કરવી જોઈએ. જેને પ્રાપ્ત થયેલ મનુષ્ય ફરી પાછા વળીને સંસારમાં નથી આવતા અને જેના દ્વારા અનાદિકાળથી ચાલી આવતી આ સૃષ્ટિ વિસ્તારને પ્રાપ્ત થઈ છે, તે આદિ પુરુષ પરમાત્માની જ હું શરણમાં છું.**

**આ પ્રમાણે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણજીએ ઈન્દ્રની કે જે દેવી-દેવતાઓનો રાજા છે તેની પૂજા છોડાવીને તે પરમાત્માની ભક્તિ કરવાને માટે જ પ્રેરણા આપી હતી. જેના કારણે તેમણે ગોવર્ધન પર્વતને ઉઠાવીને ઈન્દ્રના પ્રકોપથી વ્રજવાસીઓની રક્ષા કરી.**

*ગરીબ, ઈન્દ્ર ચઢા બ્રિજ ડુબોવન, ભીગા ભીત ન લેવ ।*
*ઈન્દ્ર કઢાઈ હોત જગત મેં, પૂજા ખા ગએ દેવ ।।*

*કબીર, ઈસ સંસાર કો, સમઝાઉં કૈ બાર ।*
*પૂંછ જો પકડૈ ભેઢ કી, ઉતરા ચાહૈ પાર ।।*

**(5) ગુરુઆજ્ઞાનું પાલન :-**

**ગુરુદેવની આજ્ઞા વગર ઘરમાં કોઈ પણ પ્રકારનું ધાર્મિક અનુષ્ઠાન કરાવવું નહીં. જેમ કે બંદી છોડ પોતાની વાણીમાં કહે છે કે :-**

*"ગુરુબિન યજ્ઞ હવન જો કરહીં, મિથ્યા જાવે કબહુ નહીં ફલહીં ।"*
*કબીર, ગુરુ બિન માલા ફેરતે, ગુરુ બિન દેતે દાન ।*
*ગુરુ બિન દોનોં નિષ્ફલ હૈં, પૂછો વેદ પુરાણ ।।*

**(6) માતા મસાની પૂજવી નિષેધ (બિલકુલ પૂજવી નહીં) :-**

**પોતાના ખેતરમાં બનાવવામાં આવેલ મઢી અથવા કોઈ પાળીયા વગેરેની અથવા કોઈ અન્ય દેવતાઓની સમાધીની પૂજા કરવી નહીં. સમાધિ ભલે કોઈની પણ હોય – બિલકુલ પૂજવાની નથી. અન્ય (બીજી) કોઈ ઉપાસના કરવાની નથી. એટલે સુધી કે ત્રણેય ગુણોની રજગુણ-બ્રહ્મા, સતગુણ-વિષ્ણુ, તમગુણ-શિવની પૂજા પણ નથી કરવાની. ફક્ત ગુરુજીના જણાવ્યા અનુસાર જ કરવાનું છે.**

**ગીતા અધ્યાય નં. 7, શ્લોક નં. 15**

*ન, મામ, દુષ્કૃતિનઃ, મૂઢાઃ, પ્રપધન્તે, નરાધમાઃ ।*
*માયયા, અપહૃતજ્ઞાનાઃ, આસુરમ્, ભાવમ્, આશ્રિતાઃ ।।*

**અનુવાદ : માયાના દ્વારા જેમનું જ્ઞાન નષ્ટ થઈ ગયું છે એવા અસૂર (રાક્ષસ) સ્વભાવને ધારણ કરેલા મનુષ્યોમાં નીચ, દૂષિત કર્મ કરવાવાળા, મૂર્ખ મને પણ નથી ભજતા એટલે કે તેઓ ત્રણેય ગુણો (રજગુણ-બ્રહ્મા, સતગુણ-વિષ્ણુ, તમગુણ-શિવ)ની સાધના જ કરતા રહે છે.**

*કબીર, માઈ મસાની સેઢ શીતલા, ભૈરવ, ભૂત, હનુમંત ।*
*પરમાત્મા ઉનસે દૂર હૈ, જો ઈનકો પૂજન્ત ।।*
*કબીર, સૌ વર્ષ તો ગુરુ કી સેવા, એક દિન આન ઉપાસી ।*
*વો અપરાધી આત્મા, પરૈ કાલ કી ફાંસી ।।*
*ગુરુ કો તજૈ ભજૈ જો આના । તા પશુવા કો ફોકટ જ્ઞાના ।।*

**(7) સંકટમોચન કબીર સાહેબ છે :-**

**આપની ઉપર કર્મ કષ્ટ (સંકટ) આવી પડે તો કોઈ અન્ય ઈષ્ટદેવતા કે માતા મસાની વગેરેની પૂજા ક્યારેય કરવાની નથી. કોઈ પ્રકારની ભુવા - ડાકલા-ઉજણીની ક્રિયા કરાવવી નહીં. ફક્ત બંદી છોડ કબીર સાહેબને જ પૂજવાના છે. જે તમામ પ્રકારનાં દુઃખોનો નાશ કરવાવાળા સંકટમોચન છે.**

**સામવેદ સંખ્યા નં. 822 ઉતારચીક અધ્યાય 3, ખંડ નં. 5 શ્લોક નં. 8 (સંત રામપાલ દાસ દ્વારા ભાષા-ભાષ્ય) :-**

*મનીષિભિઃ પવતે પૂર્વ્યઃ કવિર્નૃભિર્યતઃ પરિ કોશાં અસિષ્યદત્ ।*
*ત્રિતસ્ય નામ જનયન્મધુ ક્ષરન્નિન્દ્રસ્ય વાયું સખ્યાય વર્ધયન્ ।।*

**અનુવાદ : સનાતન એટલે કે અવિનાશી કબીર પરમેશ્વર હૃદયથી ચાહવાવાળા અને શ્રધ્ધાથી ભક્તિ કરવાવાળા ભકત આત્માને ત્રણ મંત્રોનો ઉપદેશ આપીને પવિત્ર કરીને જન્મ તથા મૃત્યુથી રહિત કરે છે. તથા તેના પ્રાણ એટલે કે જીવન શ્વાસોને જે સંસ્કારવશ પોતાના મિત્ર એટલે કે ભક્તના ગણતરીના આપેલા હોય છે, તે શ્વાસોને પણ પોતાના ભંડારમાંથી પૂર્ણરૂપે વધારી આપે છે. જે કારણથી પરમેશ્વરના વાસ્તવિક આનંદને પોતાના આર્શીવાદરૂપી પ્રસાદથી પ્રાપ્ત કરાવે છે.**

*કબીર, દેવી દેવ ઠાઢે ભયે, હમકો ઠૌર બતાઓ ।*
*જો મુજ (કબીર) કો પૂજૈં નહીં, ઉનકો લૂટો ખાઓ ।।*
*કબીર, કાલ જો પીસૈ પીસના, જોરા હૈ પનિહાર ।*
*યે દો અસલ મજૂર હૈં, સદ્ગુરુ કે દરબાર ।।*

**(8) અનઆવશ્યક દાન નિષેધ :-**

**કોઈ પણ જગ્યાએ અને કોઈને પણ દાન રૂપમાં કંઈ આપવાનું નથી. ન પૈસા, ન વગર સિવડાવેલું કાપડ વગેરે કંઈપણ દાનમાં આપવાનું નથી. અગર કોઈ દાનરૂપમાં કંઈપણ માંગવા આવે તો તેને ખાવાનું ખવડાવી દો. ચા, દૂધ, લસ્સી, પાણી વગેરે પીવડાવી દો, પરંતુ આપવાનું કંઈપણ નથી. કારણ કે ન જાણે તે ભિક્ષુક દાનમાં આપવામાં આવેલ પૈસાનો ગમે તેવો ખોટો દુરપયોગ કરી શકે છે. દા.ત. એક વ્યક્તિએ કોઈ ભિખારીને તેની ખોટી વાર્તા સાંભળીને કે તેનો પુત્ર સારવાર અર્થે દવાખાનામાં તડફી રહ્યો હોવાથી પૈસાની માંગણી કરતા તે વ્યક્તિએ તે ભિખારીને 100 રૂપિયા આપી દીધા. તે ભિખારી 100 રૂપિયા લઈને સૌ પ્રથમ દારૂ પીવા ગયો. તે દિવસે તેણે અડધી બોટલ દારૂ પીધો અને પોતાની પત્ની સાથે મારઝૂડ કરી, જેનાથી ત્રાસી જઈને તેની પત્નીએ સંતાનો સાથે આત્મહત્યા કરી લીધી. તો વિચારો કે આપના દ્વારા આપવામાં આવેલ દાન તે પરિવારના નાશનું કારણ બન્યું. અગર આપ ખરેખર આવી કોઈ દુઃખી વ્યક્તિની મદદ કરવા માંગતા હોવ તો તેવા કિસ્સામાં પીડિત વ્યક્તિના પુત્રને ડૉકટર પાસેથી દવા અપાવી દો. પૈસા આપવા નહીં.**

*કબીર, ગુરુ બિન માલા ફેરતે, ગુરુ બિન દેતે દાન ।*
*ગુરુ બિન દોનોં નિષ્ફલ હૈં, પૂછો વેદ પુરાન ।।*

**(9) એઠું ખાવું નહિ :-**

એવા વ્યક્તિનું એઠું ખાવું નહીં જે દારૂ, માંસ, તમાકુ, ઈંડા, અફીણ, બીયર, ગાંજા વગેરેનું સેવન કરતો હોય.

**(10) સતલોક પ્રસ્થાન (દેહાંત) બાદ ક્રિયાકર્મ પર નિષેધ :-**

અગર પરિવારમાં કોઈનું મૃત્યુ થઈ જાય છે, ચિતામાં અગ્નિ કોઈપણ દઈ શકે છે, ઘરના અથવા અન્ય કોઈપણ, તથા અગ્નિ દેતા સમયે મંગલાચરણ બોલી દેવું. તેના ફૂલ (હાડકાં) વગેરે કંઈપણ ઉઠાવવાનું નથી, અગર તે સ્થાન સાફ કરવું જરૂરી જ હોય તો તે ઉઠાવીને જાતે જ કોઈ સ્થાને વહેતા પાણીમાં વહેવડાવી દે. તે સમયે મંગલાચરણ બોલી દેવું. પિંડ વગેરે ભરવા નહીં. ન બારમું - ન તેરમું, છ માસે તથા શ્રાધ્ધ વગેરે જેવી કોઈ ક્રિયા કરવાની નથી. કોઈપણ અન્ય વ્યક્તિ દ્વારા હવન વગેરે કરાવવાના નથી. સંબંધી તથા સગાઓ વગેરે જે શોક વ્યક્ત કરવા આવે તેમના માટે કોઈપણ એક દિવસ નક્કી કરો. તે દિવસે દરરોજની માફક કરવામાં આવતા નિત્ય નિયમ કરવા, જ્યોતિ (દીવો) પ્રગટાવવો, પછી બધાને ભોજન કરાવો. અગર તમારે મરણ થયેલ વ્યક્તિના નામે કોઈ ધર્મ (પુણ્ય) કરવું છે તો પોતાના ગુરૂદેવજીની આજ્ઞા લઈને બંદીછોડ ગરીબદાસજી મહારાજની અમૃતવાણીનો અખંડ પાઠ કરાવવો જોઈએ. અગર પાઠ કરાવવાની આજ્ઞા ન મળે તો પરિવારના ઉપદેશી ભક્ત ચાર દિવસ અથવા સાત દિવસ સુધી ઘરમાં એક અખંડ જ્યોત (દીવો) દેશી ઘીનો પ્રગટાવે તથા બ્રહ્મ ગાયત્રી મંત્ર (૧૦૮ મંત્રની માળા) પ્રતિ દિવસ (દરરોજ) ચાર વાર કરે તથા ત્રણ અથવા એક વારના મંત્રોનું દાન સંકલ્પ સતલોકવાસી (મૃત્યુ પામનાર) માટે કરે. જેટલા ઉચિત સમજો. એક, બે, ત્રણ સુધી મંત્રોના જાપનું ફળ તેને દાન કરો. દરરોજની માફક જ્યોતિ (દિવો) તથા આરતી, નામ સુમરણ કરતા રહેવાનું છે, આ યાદ રાખતા રહીને કેઃ-

*કબીર, સાથી હમારે ચલે ગએ, હમ ભી ચાલન હાર ।*
*કોએ કાગજ મેં બાકી રહ રહી, તાતે લાગ રહી વાર ।।*
*કબીર, દેહ પડી તો ક્યા હુઆ, જુઠા સભી પટીટ ।*
*પક્ષી ઉડયા આકાશ કૂં, ચલતા કર ગયા બીટ ।।*

## ● ''કર્મકાંડના વિષયમાં સત્યકથા''

મારા (સંત રામપાલદાસના) પૂજ્ય ગુરુદેવ સ્વામી રામાદેવાનંદજી મહારાજને 16 વર્ષની ઉંમરમાં કોઈ મહાત્માનો સત્સંગ સાંભળવાથી વૈરાગ્ય થઈ ગયો હતો. એક દિવસ તેઓ ખેતરમાં ગયા હતા. નજીકમાં જ જંગલ

હતું. તેઓએ જંગલમાં જઈને કોઈ મૃત (મરેલા) જાનવરના પડી રહેલ હાડપિંજરની પાસે પોતાનાં કપડાં ફાડીને ફેંકી દીધા અને પોતે મહાત્માની સાથે જતા રહ્યા.

જ્યારે તેમની શોધખોળ શરૂ થઈ તો તેમના ઘરવાળાઓએ જંગલમાં હાડપિંજરની પાસે તેઓનાં ફાટેલાં કપડાં મળી આવતાં તેમના ઘરવાળાઓએ એવું માની લીધું કે તેમને કોઈ જંગલી જાનવર ખાઈ ગયું છે. તેમના ઘરવાળા તે કપડાં તથા હાડપિંજરના હાડકાંને ઉઠાવીને પોતાની સાથે લઈ ગયા અને અંતિમ સંસ્કાર કરી દીધા. ત્યારબાદ 13મું અને છ માસી કરે છે અને પછી શ્રાદ્ધ પણ શરૂ થઈ જાય છે.

જ્યારે મારા પૂજ્ય ગુરુદેવ ખૂબ જ વૃધ્ધ અવસ્થામાં પહોંચી ગયા તે દરમ્યાન એક વખત પોતાના ઘરે ગયા, ત્યારે તેમના ઘરવાળાઓને ખબર પડી કે તેઓ તો જીવિત છે અને ઘર છોડીને ચાલ્યા ગયા હતા, ત્યારે તેમના ઘરવાળાઓએ તેમને બતાવ્યું કે તેઓ ઘર છોડીને ગયા ત્યાર બાદ તેમની શોધખોળ શરૂ થઈ. જંગલમાં એમના કપડા મળ્યા. તેની પાસે કેટલાક હાડકાં પડ્યાં હતાં તો અમે વિચાર્યું કે કોઈ જંગલી જાનવર એમને ખાઈ ગયું છે અને તે કપડાં અને હાડકાંઓ ઘરે લાવીને તેનો અંતિમ સંસ્કાર કરી દીધો.

પછી મેં (સંત રામપાલદાસે) મારા પૂજ્ય ગુરુદેવના નાના ભાઈની પત્નીને પૂછ્યું કે જ્યારે અમારા ગુરુદેવ ઘર છોડીને જતા રહેલા ત્યારે તમે પાછળથી શું કરેલું ? જેના જવાબમાં તેમણે જણાવેલું કે હું જ્યારે આ ઘરમાં લગ્ન કરીને આવી ત્યારે તે સમયે મેં ઘરવાળાને આમના શ્રાદ્ધ કાઢતા જોયા હતા. હું પોતે મારા હાથે 70 શ્રાધ્ધ કરી ચૂકી છું. જ્યારે ઘરમાં કોઈ નુકસાન થઈ જતું જેમકે ભેંસ દૂધ આપવાનું બંધ કરે અથવા કોઈ બીજું નુકસાન થઈ જતું તો અમે ભુવા તાંત્રિકોની સલાહ લેતા. તેઓ સલાહ આપતા કે તમારા ઘરમાં કોઈ નિઃસંતાન (અનમેરીડ) વ્યક્તિનું મૃત્યુ થયેલ છે અને તે તમને દુઃખી કરી રહ્યો છે. પછી અમે તેના કપડા વગેરે આપતા હતા.

ત્યારે મેં તેમને કહ્યું કે આ તો દુનિયાનો ઉદ્ધાર કરી રહ્યા છે, તો કોઈને દુઃખ કયાંથી આપે ? આ તો હવે સુખ આપનારા છે. પછી મેં (સંત રામપાલજી મહારાજે) તે વૃદ્ધાને કહ્યું કે હવે તો આ આપની સામે જીવિત હાજર છે, હવેથી આ શ્રાદ્ધ કાઢવાની વ્યર્થની સાધના બંધ કરી દો. તો તેમણે પ્રત્યુત્તર આપતા કહ્યું કે આ તો જૂનો રિવાજ છે, એ કઈ રીતે છોડી દઉં ? એટલે કે આપણે આપણા જૂના રિવાજોમાં એટલા બધા મગ્ન થઈ ચૂકયા

છીએ કે પ્રત્યક્ષ પ્રમાણ હોવા છતાં કે આ ખોટું કરી રહ્યા છીએ, છોડી નથી શકતા. આનાથી પ્રમાણિત થાય છે કે શ્રાદ્ધ કાઢવા પિતૃપૂજા કરવી બધું વ્યર્થ છે.

**(11) બાળકના જન્મ પર શાસ્ત્ર વિરુદ્ધ પૂજાનિષેધ :-**

બાળકના જન્મ ઉપર કોઈ પ્રકારની છઠ્ઠીની વિધિ વગેરે મનાવવાની નથી. સૂતકના લીધે દરરોજ કરવામાં આવતી પૂજા, ભક્તિ, આરતી, દિવો પ્રગટાવવો (જ્યોત કરવી) વગેરે બંધ નથી કરવાની.

આના જ સંદર્ભમાં એક ટૂંકી વાર્તા કહું છું કે એક વ્યક્તિને લગ્નના દસ વર્ષ બાદ પુત્રની પ્રાપ્તિ થઈ હતી. પુત્રની ખુશીમાં તેણે ખૂબ જ ખુશી મનાવી. નજીકના **20** થી **25** ગામોને ભોજન માટે આમંત્રિત કર્યા અને નાચવા ગાવાનો કાર્યક્રમ ગોઠવ્યો અને ખૂબ જ પૈસા ખર્ચ કર્યા. પછી એક વર્ષ બાદ તે પુત્રનું મૃત્યુ થઈ જાય છે. પછી તે જ સમગ્ર પરિવાર શોકમગ્ન થઈને રોળ-કકળ કરવા લાગ્યો અને પોતાના દુર્ભાગ્યને કોશવા લાગ્યા. એટલા માટે કબીર સાહેબ કહે છે કે –

*કબીર, બેટા જાયા ખુશી હુઈ, બહુત બજાયે થાલ ।*
*આના જાના લગ રહા, જ્યોં કીડી કા નાલ ।।*
*કબીર, પતઝડ આવત દેખ કર, બન રોવૈ મન માહિં ।*
*ઉંચી ડાલી પાત થે, અબ પીલે હો હો જાહિં ।।*
*કબીર, પાત જડંતા યૂં કહૈ, સુન ભઈ તરુવર રાય ।*
*અબ કે બિછડે નહીં મિલા, ન જાને કહાં ગિરેંગે જાય ।।*
*કબીર, તરુવર કહેતા પાત સે, સુનોં પાત એક બાત ।*
*યહાં કી યાહે રીતિ હૈ, એક આવત એક જાત ।।*

**(12) દેવીધામ પર વાળ ઉતારાવવા (મુંડન કરાવવા) જવું નહિ :-**

બાળકોના વાળ ઉતારવા કોઈ દેવીધામ પર નથી જવાનું. જ્યારે પણ વાળ મોટા થાય કપાવીને ફેંકી દેવા. એક મંદિરમાં જોવામાં આવ્યું કે શ્રધ્ધાળુ ભક્ત પોતાના છોકરા છોકરીઓના વાળ ઉતારવા આવ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત વાળંદે બહાર કરતા ત્રણ ગણા ભાવ લઈને ફક્ત એક કાતર મારી વાળ કાપીને માતાપિતાને આપી દીધા. તે વાળ તે માતાપિતાએ શ્રધ્ધાથી મંદિરમાં ચડાવ્યા. પૂજારીએ એ વાળ એક થેલામાં નાખી દીધા. પછી રાત્રિના સમયે તમામ વાળ એક એકાંત સ્થાન પર જઈને ફેંકી દીધા. આમ આ તો કેવળ એક નાટકબાજી છે. તો પછી કેમ ન આપણે પહેલાની જેમ સ્વાભાવિક રીતિથી જ વાળ કપાવતા રહીએ તથા બહાર ફેંકી દઈએ. પરમાત્મા તો નામથી (સાચા નામમંત્ર ભક્તિથી) પ્રસન્ન થાય છે, પાખંડથી નહિ કે ખોટી માન્યતાઓથી નહિ.

**(13) નામજાપથી સુખ :-**

**નામ (ઉપદેશ)ને ફક્ત દુઃખ નિવારણની દૃષ્ટિથી ન લેવું જોઈએ પરંતુ આત્મકલ્યાણના માટે લેવું જોઈએ. પછી તે નામ સુમરણથી (જાપથી) સર્વે સુખ તેની મેળે જ આવી જાય છે.**

*કબીર, સુમિરન સે સુખ હોત હૈ, સુમિરન સે દુઃખ જાએ ।*
*કહૈં કબીર સુમિરન કીએ, સાંઈ માહિં સમાય ।।*

**(14) વ્યભિચાર નિષેધ :-**

**પરસ્ત્રીને મા, પુત્રી, બહેનની દૃષ્ટિએ જ જોવા જોઈએ. વ્યભિચાર મહાપાપ છે. જેમ કે :–**

*ગરીબ, પર દ્વારા સ્ત્રી કા ખોલૈ । સત્તર જન્મ અંધા હો ડોલૈ ।।*
*સૂરા પાન મધ માંસાહારી । ગવન કરેં ભોગૈં પર નારી ।।*
*સત્તર જનમ કટત હૈં શિશં । સાક્ષી સાહિબ હૈ જગદીશં ।।*
*પર નારી ના પરસિયોં, માનો વચન હમાર ।*
*ભવન ચર્તુદશ તાસ સિર, ત્રિલોકી કા ભાર ।।*
*પર નારી ના પરસિયો, સુનો શબ્દ સલતંત ।*
*ધર્મરાય કે ખંભ સે, અર્ધમુખી લટકંત ।।*

**(15) નિંદા સાંભળવી તથા કરવી નહિ :-**

**પોતાના ગુરુની નિંદા ભૂલથી પણ કરવી નહિ કે સાંભળવી નહિ. સાંભળવાથી અભિપ્રાય છે અગર કોઈ આપના ગુરુજીની બાબતમાં મિથ્યા વાતો કરે તો આપે તેની સાથે ઝઘડો કરવો નહિ પરંતુ એમ સમજવું જોઈએ કે તે વગર વિચારે બોલી રહ્યો છે. એટલે કે ખોટું બોલી રહ્યો છે.**

*ગુરુ કી નિન્દા સુનૈ જો કાના । તાકો નિશ્ચય નરક નિદાના ।।*
*અપને મુખ નિન્દા જો કરહીં । શુકર શ્વાન ગર્ભ મેં પરહીં ।।*

**નિંદા તો કોઈની પણ કરવી નહિ અને સાંભળવી પણ નહિ. ભલે તે કોઈ સામાન્ય માણસ જ કેમ ન હોય. કબીર સાહેબજી કહે છે કે...**

*''તિનકા કબહુ ન નિંદીયે, જો પાંવ તલે હો ।*
*કબહુ ઉઠ આખિન પડે, પીર ધનેરી હો ।।''*

**(16) ગુરુદર્શનનો મહિમા :-**

**સત્સંગમાં, સમય મળતા જ સત્સંગમાં આવવાની કોશિષ કરો તથા નખરા (માન-અભિમાન) કરવા ન આવે તથા સત્સંગ દરમ્યાન કોઈ પણ પ્રકારના હોદા અથવા પૈસાનું અભિમાન રાખવું નહિ. પરંતુ પોતાને એક રોગી**

**સમજીને આવે. જેમ હૉસ્પિટલમાં ડૉકટર પાસે ઈલાજ કરાવવા આવે છે ત્યારે તે ગમે તેટલો ઉચ્ચ હોદ્દાવાળો કે પૈસાવાળો હોય તો પણ તેનો ઉદ્દેશ ફક્ત રોગમુક્ત થવાનો હોય છે. માટે ડૉકટર તેને જ્યાં કહે ત્યાં આડો પડી જાય છે, બેસવાનું કહે તો બેસી જાય અને જો બહાર જવાનું કહેવામાં આવે તો બહાર જતો રહે છે. પછી અંદર આવવાને માટે અવાજ આવે કે તરત જ ચુપચાપ અંદર આવી જાય છે. ઠીક આ જ પ્રમાણે આપ સત્સંગમાં આવો છો તો આપને સત્સંગમાં આવવાનો લાભ મળશે, નહિ તો આપનું આવવું નિષ્ફળ છે. સત્સંગમાં જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જવું અને જે ખાવાનું મળે તે પરમાત્મા કબીર સાહેબની રજાથી પ્રસાદ માનીને ખાઈને પ્રસન્ન ચિત્ત રહેવું.**

*કબીર, સંત મિલન કૂં ચાલિએ, તજ માયા અભિમાન ।*
*જો-જો કદમ આગે રખે, વો હી યજ્ઞ સમાન ।।*
*કબીર, સંત મિલન કૂં જાઈએ, દિનમેં કઈ-કઈ બાર ।*
*આસોજ કે મેહ જ્યોં, ઘના કરે ઉપકાર ।।*
*કબીર, દર્શન સાધુકા, પરમાત્મા આવૈ યાદ ।*
*લેખે મેં વોહે ઘડી, બાકી કે દિન બાદ ।।*
*કબીર, દર્શન સાધુકા, મુખ પર બસૈ સુહાગ ।*
*દર્શ ઉન્હીં કો હોત હૈં, જિનકે પૂર્ણ ભાગ ।।*

**(17) ગુરુમહિમા :-**

**અગર કોઈ જગ્યાએ પાઠ અથવા સત્સંગ ચાલી રહ્યો હોય અથવા એમ જ ગુરુજીના દર્શનાર્થે જાઓ છો તો સર્વપ્રથમ ગુરુજીને દંડવત્ (લાંબા સુઈ જઈને) પ્રણામ કરવા જોઈએ. ત્યારબાદ સતગ્રંથ સાહેબ તથા ફોટા જેમ કે કબીર સાહેબની મૂર્તિ - ગરીબદાસજીની તથા સ્વામી રામદેવાનંદજી તથા ગુરુજીની મૂર્તિને પ્રણામ કરવા, જેનાથી માત્ર ભાવના બની રહેશે. મૂર્તિપૂજા કરવાની નથી. કેવળ પ્રણામ કરવા, પ્રણામ કરવા તે પૂજામાં આવતું નથી આ તો ભક્તની શ્રદ્ધાને બનાવી રાખવામાં સહયોગ આપે છે. પૂજા તો વક્ત (સમયના ગુરૂ એટલે કે નિર્ધારિત સમયે જ આવવાવાળા ગુરૂ, તે સમયે તે એકલા જ સૃષ્ટિ ઉપર હાજર હોય છે) ગુરુ તથા નામ મંત્રની કરવાની છે જે પાર કરાવશે.**

*કબીર, ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય ।*
*બલિહારી ગુરુ આપને, જિન ગોવિન્દ દિયો મિલાય ।।*
*કબીર, ગુરુ બડે હૈં ગોવિંદ સે, મનમેં દેખ વિચાર ।*
*હરિ સુમરે સો રહ ગએ, ગુરુ ભજે હોય પાર ।।*

*કબીર, હરિ કે રૂઠતાં, ગુરુ કી શરણ મેં જાય ।*
*કબીર ગુરુ જૈ રૂઠજાં, હરિ નહીં હોત સહાય ॥*
*કબીર, સાત સમુંદ્ર કી મસિ કરું, લેખની કરું બનિરાય ।*
*ધરતી કા કાગજ કરું, તો ગુરુ ગુન લિખા ન જાય ॥*

**(18) માંસભક્ષણ નિષેધ :-**

**ઈંડા, માંસ વગેરે ખાવા નહિ તથા જીવહિંસા કરવી નહિ. આ મહાપાપ છે. જેમ કે કબીર સાહેબજી મહારાજ તથા ગરીબદાસજી મહારાજે કહ્યું છે :**

*કબીર, જીવ હને હિંસા કરે, પ્રકટ પાપ સિર હોય ।*
*નિગમ પુનિ ઐસે પાપ તેં, ભિસ્ત ગયા નહિં કોય ॥ 1 ॥*
*કબીર, તિલભર મછલી ખાયકે, કોટિ ગઉ દે દાન ।*
*કાશી કરૌંત લે મરે, તો ભી નરક નિદાન ॥ 2 ॥*
*કબીર, બકરી પાતી ખાત હૈ, તાકી કાઢી ખાલ ।*
*જો બકરીકો ખાત હૈ, તિનકા કૌન હવાલ ॥ 3 ॥*
*કબીર, ગલા કાટી કલમા ભરે, કીયા કહૈ હલાલ ।*
*સાહબ લેખા માંગસી, તબ હોસી કૌન હવાલ ॥ 4 ॥*
*કબીર, દીનકો રોજા રહત હૈં, રાત હનત હૈં ગાય ।*
*યહ ખુન વહ બંદગી, કહું કયોં ખુશી ખુદાય ॥ 5 ॥*
*કબીર, કબીરા તેઈ પીર હૈં, જો જાનૈ પર પીર ।*
*જો પર પીર ન જાનિ હૈ, સો કાફિર બેપીર ॥ 6 ॥*
*કબીર, ખૂબ ખાના હૈ ખીચડી, માંહીં પરી ટુક લૌન ।*
*માંસ પરાયા ખાયકૈ, ગલા કટાવૈ કૌન ॥ 7 ॥*
*કબીર, મુસલમાન મારૈં કરદસો, હિંદુ મારૈં તરવાર ।*
*કહૈ કબીર દોનું મિલિ, જૈહૈં યમ કે દ્વાર ॥ 8 ॥*
*કબીર, માંસ અહારી માનવ, પ્રત્યક્ષ રાક્ષક જાનિ ।*
*તાકી સંગતિ મતિ કરૈ, હોઈ ભક્તિમેં હાની ॥ 9 ॥*
*કબીર, માંસ ખાય તે ઢેડ સબ, મદ પીવૈં સો નીચ ।*
*કુલકી દુરમતિ પર હરૈ, રામ કહૈ સો ઉંચ ॥ 10 ॥*
*કબીર, માંસ મછલિયા ખાત હૈં, સૂરાપાન સે હેત ।*
*તે નર નરકૈ જાહિંગે, માતા પિતા સમેત ॥ 11 ॥*
*ગરીબ, જીવ હિંસા જો કરત હૈં, યા આગે કયા પાપ ।*
*કંટક જુની જિહાન મેં, સિંહ ભેડિયા ઔર સાંપ ॥*
*જોટે બકરે મુરગે તાઈ । લેખા સબહી લેત ગુસાઈ ॥*

*મૃગ મોર મારે મહમંતા । અચરા ચર હૈં જીવ અનંતા ।।*
*જિહ્વા સ્વાદ હિતે પ્રાના । નીમા નાશ ગયા હમ જાના ।।*
*તીતર લવા બુટેરી ચિડિયા । ખૂની મારે બડે અગડિયા ।।*
*અદલે બદલે લેખે લેખા । સમજ દેખ સૂન જ્ઞાન વિવેકા ।।*
*ગરીબ, શબ્દ હમારા માનિયો, ઓર સૂનતે હો નર નારિ ।*
*જીવ દયા બિન કુફર હૈ, ચલે જમાના હારિ ।।*

**સતમાર્ગી ભક્તને જ અજાણતામાં થયેલ હિંસાનું પાપ લાગતું નથી, બંદી છોડ કબીર સાહિબ કહે છે :-**

*''ઈચ્છા કર મારૈ નહી, બિન ઈચ્છા મર જાએ ।*
*કહે કબીર તાસ કા, પાપ નહીં લગાએ ।।''*

**(19) ગુરુદ્રોહીનો સંપર્ક નિષેધ :-**

**અગર કોઈ ભક્ત ગુરુજીથી દ્રોહ કરે છે (ગુરૂજીથી વિમુખ થઈ જાય છે) તો તે મહાપાપનો ભાગીદાર બને છે. અગર કોઈને આ માર્ગ સારો ન લાગે તો તે પોતાના ગુરુ બદલી શકે છે. અગર તે અગાઉના ગુરુ સાથે વેર તથા નિંદા કરે છે તો તે ગુરુદ્રોહી કહેવાય છે. આવી વ્યક્તિ સાથે ભક્તિ ચર્ચા કરવાથી ઉપદેશીને દોષ લાગે છે અને તેની ભક્તિ સમાપ્ત થઈ જાય છે.**

*ગરીબ, ગુરુ દ્રોહી કી પૈડ પર, જે પગ આવૈ બીર ।*
*ચૌર્યાસી નિશ્ચય પડૈ, સતગુરુ કહૈં કબીર ।।*
*કબીર, જાનબુજ સાચી તજૈ, કરૈ જુઠે સે નેહ ।*
*જાકી સંગત હે પ્રભુ, સ્વપન મેં ભી ના દેહ ।।*

**એટલે કે ગુરુદ્રોહીની પાસે જવાવાળા ભક્તિરહિત થઈને નર્ક તથા ચોર્યાસી લાખ યોનિઓમાં ચાલ્યા જાય છે.**

**(20) જુગાર નિષેધઃ- જુગાર-બાજીપત્તા ક્યારેય પણ રમવા જોઈએ નહિ.**

*કબીર, માંસ ભખૈ ઔર મદ પિયે, ધન વૈશ્યા સોં ખાય ।*
*જુઆ ખેલિ ચોરી કરૈ, અંત સમૂલા જાય ।।*

**(21) નાચગાન નિષેધ :-**

**કોઈપણ પ્રકારના ખુશીના પ્રસંગમાં નાચવું (ગરબારાસ) તેમ જ અશ્લીલ, બિભત્સ ગીત ગાવું ભક્તિભાવની વિરુદ્ધ છે. જેમકે એક વખતે એક વિધવા બહેન કોઈ ખુશીના અવસરમાં પોતાના સંબંધીના ઘરે ગઈ હતી. બધા ખુશીથી નાચી-ગાઈ રહ્યા હતા, પરંતુ તે બહેન એક બાજુ બેસીને પ્રભુનું ચિંતન કરી રહી હતી. પછી તેમના સંબંધીઓએ તેને પૂછયું કે કેમ આમ નિરાશ બેઠા છો ? તમે પણ અમારી જેમ નાચો, ગાઓ અને ખુશી મનાવો. આ સાંભળી બહેન કહે છે કે**

**કોની ખુશી મનાવું ! મારો (વિધવાનો) એક જ પુત્ર હતો તે પણ ભગવાનને પ્યારો થઈ ગયો, તો હવે કઈ ખુશી છે મારા માટે ! ઠીક આ જ પ્રમાણે કાળના લોકમાં દરેક વ્યક્તિની સ્થિતિ છે. અહિંયા ગુરુ નાનકદેવજીની વાણી છે કે -**

*ના જાને કાલ કી કર ડારૈ, કિસ વિધિ ઢલ પાસા વે ।*
*જિન્હાદે સિર તે મૌત ખુડગદી, ઉન્હાનૂં કેડા હાંસા વે ।।*
*સાધ મીલેં સાડી શાદી (ખુશી) હોંદી, બિછડ દાં દિલ ગિરિ (દુ:ખ) વે ।*
*અખદે નાનક સુનો જિહાના, મુશ્કિલ હાલ ફકીરી વે ।।*

**કબીર સાહેબજી મહારાજ પણ કહે છે કે :-**

*કબીર, જૂઠે સુખ કો સુખ કહૈ, માન રહા મન મોદ ।*
*સકલ ચબીના કાલકા, કુછ મુખ મેં કુછ ગોદ ।।*
*કબીર, બેટા જાયા ખુશી હુઈ, બહુત બજાએ થાલ ।*
*આવણ જાણા લગ રહા, જયોં કીડી કા નાલ ।।*

**વિશેષ : સ્ત્રી તથા પુરુષ બંને જણ પરમાત્મા પ્રાપ્તિના અધિકારી છે. સ્ત્રીઓએ માસિક ધર્મ (maínces) દરમ્યાન પણ પોતાની દૈનિક પૂજા, દિવો પ્રગટાવવો વગેરેની ક્રિયા બંધ કરવી નહીં તેમજ કોઈના મૃત્યુ અથવા જન્મ પ્રસંગે પણ દૈનિક પૂજા કર્મ બંધ નથી કરવાના.**

**નોંધ : જે ભક્તજનો આ એકવીસ સૂત્રીય આદેશોનું પાલન નહીં કરે તેનું નામ સમાપ્ત થઈ જશે. અગર અજાણતામાં કોઈ ભૂલ થઈ જાય તો માફી થઈ જાય છે. અગર જાણી જોઈને કોઈ ભૂલ કરી છે તો તે ભક્ત નામરહિત (ખંડિત) થઈ જાય છે. આનું સમાધાન એ જ છે કે ગુરૂદેવજીથી ક્ષમાયાચના કરીને ફરીથી (બીજી વખત) નામ ઉપદેશ લેવાનો રહેશે.**

**લેખક**
**સંત રામપાલદાસ મહારાજ**
**સતલોક આશ્રમ, બરવાલા**
**જિલ્લો : હિસાર, હરિયાણા (ભારત)**

❑❑❑

## ✪ ''શાસ્ત્ર અનુકૂળ ભક્તિથી થયેલા ભક્તોને લાભ''

### ● ''ઉજ્જડ થયેલ પરિવાર વસ્યો''

હું ભક્ત રમેશ, પુત્ર શ્રી ઉમેદ સિંહ, ગામ-પેટવાડ, તા. હાંસી, જિલ્લા હિસારનો રહેવાવાળો છું. હું હાલ હવે એમ્પલાઈજ કોલોની, જેલની સામે જીંદ શહેરમાં સહપરિવાર રહું છું.

નામ લીધા પહેલા અમે ભૂતોની પૂજા કરતા હતા. અમારા ગામમાં બાબા સરિયાની માન્યતા હતી, જેના પર અમે દરેક મહિનાની પૂર્ણિમાએ જ્યોતિ લગાવવા (દીવો કરવા) જતા હતા. અમે શુક્રવાર, જન્માષ્ટમી. શિવરાત્રીનું વ્રત પણ કરતા હતા. પિતૃઓના પિંડ દાન અને શ્રાદ્ધ પણ કરતા હતા. છતાં પણ અમારું ઘર બિલકુલ ઉજ્જડ થઈ ચૂક્યું હતું. જ્યારે હું 12 વર્ષનો હતો ત્યારે મારા પિતાજીનું મૃત્યુ થઈ ગયું હતું. ઘરમાં ત્રણ સદસ્ય હતા, ત્રણેની અંદરો-અંદર લડાઈ રહેતી હતી. ત્રણેને ભૂત-પ્રેત બહુ હેરાન કર્યા કરતા હતા અને ત્રણે બહુ વધારે બીમાર રહેતા હતા. પહેલા ડૉકટરને બતાવ્યું પણ કોઈ આરામ ન થયો, પછી ભુવાઓની પાસે ગયા. કોઈ કહે તમે 5000 રૂપિયા આપી દો તો હું તમને બિલકુલ ઠીક કરી દઉ, કોઈ કહેતા તમે 10000 રૂપિયા આપી દો.

અમે બિલકુલ ઉજ્જડ થઈ ગયા હતા. પરંતુ કોઈ આરામ ના થયો. મારા સંબંધી ભક્ત રઘુવીરસિંહ ગામ કૌંથકલાં, વાળાના વારંવાર કહેવાથી માતાજીએ સન્ 1996માં સંત રામપાલજી મહારાજથી નામ લીધું. મારી પત્નીને પાંચ વર્ષ પછી પણ કોઈ સંતાન ઉત્પન્ન ના થયું. મારાં માતાજીના કહેવાથી મારી પત્નીએ પણ સંતરામપાલજી મહારાજથી નામ લીધું. નામ દાન લેતા જ વર્ષની અંદર મારી પત્નીએ એક બાળક (પુત્ર)ને જન્મ આપ્યો. મારો ભગવાનમાંથી વિશ્વાસ ઉઠી ગયો હતો. આ કારણે મેં નામ (ઉપદેશ) નહોતું લીધું તથા પોતાની માતા અને પત્નીને પણ સંતજીની પાસે જવાની ના કરતો હતો. મારો દીકરો 15 દિવસનો હતો, બહુ વધારે બીમાર થઈ ગયો. ડૉકટરોએ કહી દીધું કે આ છોકરો સવાર સુધીમાં મરી જશે, આને લઈ જાઓ. સાંજે એક ભક્તએ બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજના વિશે બતાવ્યું કે તેઓ આશ્રમ જીંદમાં આવ્યા છે તે પૂર્ણ સંત છે અને તે જ આ બાળકને ઠીક કરી શકે છે. અમે ડૉકટર અને દોરા-ધાગાવાળા અને ભૂવાઓની પાસે જઈને થાકી ગયા હતા. મારો ભગવાન ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. મેં તે ભક્તને ના પાડી દીધી. પરંતુ તેણે ફરીથી પ્રાર્થના કરી

કે સ્વયં બંદીછોડ ભગવાન જ ધરતી પર આવ્યા છે. તે ભક્તના આટલા વિશ્વાસની સાથે કહેવાથી મેં મારા માતાજીને અનુમતિ આપી દીધી. મારી માએ દીકરાને લઈ જઈને સતગુરૂ રામપાલજી મહારાજની ચરણોમાં મુકી દીધો અને રડતાં રડતાં પ્રાર્થના કરી કે મહારાજજી આ બાળક મરી ગયો છે. હવે તમે જ આને ઠીક કરી શકો છો. ત્યારે બંદી છોડ સતગુરુ રામપાલજી મહારાજે કહ્યું કે કબીર પરમેશ્વરની રજાથી આ ઠીક થઈ જશે. આગળના દિવસે જ્યારે બાળકને મરવાનું હતું, તે ઠીક થઈ ગયું. બોલો બંદી છોડ સતગુરુ રામપાલજી મહારાજકી જય.

અમારું ઉજ્જડ થઈ ગયેલું. ઘર બંદી છોડ સતગુરુ રામપાલજી મહારાજની કૃપાથી ફરીથી વસી ગયું. આટલો ચમત્કાર જોઈને પણ પાપકર્મોના લીધે મેં નામ નહીં લીધું અને પહેલાવાળી પૂજા તથા ભૂતોની પૂજા જ કરતો રહ્યો. અમારા ઘર પર પાઠ રખાવ્યો હતો. બંદી છોડ ગરીબદાસજી મહારાજની વાણીનો પાઠ સંત રામપાલજી મહારાજ કરતા હતા અને હું બહાર જઈને દારૂ પીતો હતો. ફરી એક વર્ષ પછી એક દિવસ અમારા ઘરે પાઠ થઈ રહ્યો હતો ત્યારે સાંજે બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજે સત્સંગ કર્યો. ત્યારે મેં સંત્સગ સાંભળ્યો અને નામ પણ લઇ લીધું. પછી અમારા ઘરમાં દુઃખ નામની વસ્તુ જ ના રહી. મારાં માતાજીએ કોઈના બહેકાવામાં આવીને નામ ખંડિત કર્યું. થોડા સમય પછી સન-**2000**માં મારી માને અચાનક પગમાં જલન (બળતરા) થવા લાગી. ડૉકટરને બતાવ્યું. તેમને કહ્યું કે આ બ્લડકેન્સર છે. આ દસ-પંદર દિવસમાં મરી જશે. અગર પી.જી.આઈ. ચંડીગઢમાં લઈ જશો તો ત્યાં દોઢ લાખ રૂપિયા થશે અને વધારેમાં વધારે એક વર્ષ સુધી જીવિત રહી શકશે. પરંતુ દુઃખાવો ઓછો નહીં થાય. બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજે કહ્યું કે તમારી માતાજીએ નામ ખંડિત કર્યું છે. જેમ કે લાઈટનું બિલ નહીં ભરવાથી કનેકશન કપાઈ જવાથી વિદ્યુતથી મળવાવાળો લાભ બંધ થઈ જાય છે. તેને ફરી સુચારુ કરવું પડે છે. મારા માતાજીએ પોતાની ભૂલની ક્ષમાયાચના કરી. મહારાજજીએ ફરીથી નામ આપ્યું તથા માથા પર હાથ મૂકયો. માથા પર હાથ મૂક્તા જ પગની જલન અને દુઃખાવો બંધ થઈ ગયો. પછી લગભગ બે વર્ષ પછી દાઢ પડાવવાને લીધે દાઢમાંથી લોહી નીકળવા લાગ્યું. ડૉકટરની દવાઓ આપી અને ટાંકા પણ લગાવ્યા, પરંતુ લોહી નીકળવાનું બંધ ના થયું. પછી ડૉકટરએ તે બીમારી ચેક કરી અને કહ્યું કે આમને બ્લડ કેન્સર છે અને હવે તે ફેલાઈ ગયું છે. હવે આ ઠીક નહીં થઈ શકે. એને ઘરે લઈ જાઓ. આ લોહી આમ

જ નીકળશે તો બે દિવસમાં મરી જશે. પછી આગળના દિવસે પેશાબ અને લૈટરિંનમાંથી લોહી પડવાનું શરૂ થઈ ગયું. ત્યારે મેં સતગુરૂ રામપાલજી મહારાજને ફોનથી બતાવ્યું કે ડૉકટરે કહ્યું કે આ બે દિવસમાં મરી જશે. ત્યારે સદ્ગુરુ રામપાલજી મહારાજે કહ્યું કે બંદી છોડ જે કરશે તે સારું કરશે. પછી બીજી રાતના બે વાગ્યે યમદૂત તેને લેવા માટે આવ્યા. મારી માએ કહ્યું કે તારા પિતાજી (તે દસ વર્ષ પહેલા ગુજરી ગયા હતા) મને લેવા માટે આવ્યા છે. એટલું કહેતા-કહેતા તે યમદૂત મારી માની અંદર પ્રવેશ કરી ગયા અને કહેવા લાગ્યા કે હું આને લઈને જ જઈશ, આનો સમય પૂરો થઈ ચૂક્યો છે. મને ચા પીવડાવો. ત્યારે અમે તેના માટે ચા બનાવવા મૂકી જ હતી, એટલામાં તે યમદૂત કહેવા લાગ્યા કે ખબર નહીં તમારા ઘરમાં કેટલી મોટી શક્તિ છે, તે મને મારી રહી છે, હું અહીં વધારે નહીં રોકાઈ શકું, મને જલદીથી ચા પીવડાવો, હું જઈ રહ્યો છું અને ગરમ ગરમ જ ચા પી ગયા. જતા-જતા કહેવા લાગ્યા કે તમારા ઘરમાં પૂર્ણપરમાત્મા ઉભા છે. હું આને નથી લઈ જઈ શકતો, આમ કહેતા તે ચાલ્યા ગયા. એક મિનિટ પછી જ લોહી નીકળતું બંધ થઈ ગયું, જીભ અને દાંત કાળા પડી ગયા હતા. તે બિલકુલ સાફ થઈ ગયા અને બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજની કૃપાથી તે પહેલાની જેમ સ્વસ્થ થઈ ગઈ. પરમાત્મા કબીર સાહેબજીએ મારી માતાજીની પાંચ વર્ષની ઉંમર વધારી દીધી. **24** જુલાઈ **2005**માં સત્યભક્તિ કરીને સતલોક પ્રસ્થાન કર્યું. બોલો બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજ કી જય. સતસાહેબ.

●

## ●''કિડની સારી કરવી તથા શૈતાનને માણસ (ખરાબને સારો) બનાવવો''

હું ભકત જગદીશ પુત્ર શ્રી પ્રભુરામ, ગામ પંજાબ ખોડ, દિલ્લી-**81**, ડી.ટી.સી. (દિલ્લી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન)માં મિકેનિક છું. મને દારૂએ રાક્ષસ વૃત્તિનો માણસ બનાવી દીધો હતો, માંસ ખાવું, સિગરેટ પીવી, હુક્કો પીવો, દારૂ પીવો.

હું નોકરીથી સાંજે લગભગ **7** અને **8** વાગ્યે આવતો હતો. કોઈ વખતે ઘરે આવતા દારૂ વધારે પીવાથી **9** થી **10** વાગી જતા હતા. શરાબમાં પાગલ (ગાંડો) થઈને એક વાર આ બાજુ એકવાર બીજી બાજુ લથડાતા પગે ઘરમાં ઘૂસતો હતો. ઘરે આવતા જ પત્ની અને બાળકોને મારવાનું શરૂ કરી દેતો, દરરોજ ઘરમાં ઝઘડા થતા હતા. જે બાળકોને પ્રેમથી છાતીથી લગાવા જોઈએ તે માસૂમ બાળકો મને જોઈને પલંગની નીચે ઘૂસી જતા હતા. બાળકો પોતાના પિતાજીની ઘરે આવવાની રાહ જોતા હોય છે. કહેતા હોય છે કે

પપ્પા આવશે. અમારા માટે ખાવાનું કંઈક લાવશે. પરંતુ હું ખાવાની વસ્તુના બદલે દારૂ પીને પાગલની જેમ લાલ આંખો કરીને તેમને મારવા લાગતો.

બીજી બાજુ મારી ધર્મપત્ની સુમિત્રાદેવી પણ પોતાના દુ:ખી જીવનની સાથે ખતરનાક બીમારીથી ઝઝૂમી રહી હતી. ડૉકટરોએ કહી દીધું હતું કે તેની બંને કિડની ખરાબ થઈ ચૂકી છે. ડૉકટરોએ કહ્યું કે દવાઓ ખાતા રહો. પરંતુ છ મહિનાથી વધારે જીવિત નહિ રહી શકો. ઓલ ઈન્ડિયા મેડિકલ અને ડૉ. રામ મનોહર લોહિયા હોસ્પિટલ દિલ્હીથી પણ આવો જ રિપોર્ટ મળ્યો હતો કે બંને કિડની ખરાબ થઈ ચૂકી છે અને આ છ મહિનાથી વધારે જીવિત નહીં રહે અને સાથે દવાઓ પણ મરે ત્યાં સુધી ખાતા રહેવું પડશે. તે માસૂમ બાળકોની શું હાલત થશે જેનો પિતા શરાબ (દારૂ) પીતો હોય, મા મૃત્યુશૈય્યા પર હોય. કોઈ વજનવાળું કામ નહોતી કરી શકતી. તો તે બાળકોને આ વાતની ખબર પડી કે તેમની મમ્મી (માતાજી પણ) છ મહિનાથી વધારે જીવિત નહીં રહે તો તે બાળકોની આંખોથી આંસુ આવ્યા કરતાં હતાં. એક તો પિતાજી શરાબી અને બીજી બાજુ અમારી માતાજી જીવલેણ બીમારીથી પીડિત, અમારું શું થશે ? ત્રણ દીકરા અને એક દીકરી પોતાની માતાજીની પાસે ઉપર પડીને રડવા લાગ્યાં તથા કહ્યું કે હે ભગવાન અમને બધાને પણ અમારી માતાજીની સાથે જ તમારી પાસે બોલવી લેજો. અહીં કોના સહારેથી જીવશું ?

પરમાત્માએ તે બાળકોનો પણ પોકાર સાંભળ્યો અને અમારા પણ શુભ કર્મ ઉદય થયાં કે અમારા પડોશમાં જ ભક્તમતિ નિહાલી દેવીએ પોતાના ગુરુદેવ સંત રામપાલજી મહારાજની આજ્ઞાનુસાર **30-31-1** જાન્યુઆરી **1997**ના દિવસે સતગુરુ ગરીબદાસજી મહારાજની અમૃતમયી વાણી ત્રણ દિવસનો અખંડ પાઠ પોતાના ઘરે કરાવ્યો. જેમાં સંત રામપાલજી મહારાજે **31** ડિસેમ્બર **1996**ની રાત્રે **9** થી **11** વાગ્યા સુધી સત્સંગ કર્યો. મારી ધર્મપત્ની સુમિત્રાદેવી પણ પડોશમાં સત્સંગ સાંભળવા માટે ચાલી ગઈ. થોડીવાર પછી હું (જગદીશ) પણ મારી નોકરીથી ઘરે આવ્યો. ઘરે આવ્યા પછી બાળકોથી ખબર પડી કે મારી પત્ની પડોશમાં નિહાળીદેવીના ઘરે સત્સંગ સાંભળવા માટે ગઈ છે. આ જાણીને હું બહુ ક્રોધિત થયો અને મેં કહ્યું કે કેમ પાખંડીઓ પાસે ગઈ છે ? હું હમણાં જ તેને મારતો મારતો ઘરે લાવું છું. એમ વિચારીને હું ભક્તમતિ નિહાલી માતાના ઘરે ગયો. મેં દારૂ પી રાખ્યો હતો. જ્યારે હું નિહાલી માતાના ઘરે પહોંચ્યો તો સંતરામપાલજી

**મહારાજ સત્સંગ કરી રહ્યા હતા. બહુ સંખ્યામાં ભક્તજન સત્સંગ સાંભળી રહ્યા હતા. તે બધાને જોઈને હું કંઈ બોલ્યો નહીં અને ચૂપચાપ બધાંની પાછળ બેસી ગયો. મેં સત્સંગ સાંભળ્યો સત્સંગમાં મહારાજીએ કહ્યું કે :-**

*શરાબ પીવૈં કડવા પાની, સત્તર જન્મ સ્વાન કે જાની ।*
*ગરીબ, સો નારી-જારી કરૈં, સુરાપાન સો બાર ।*
*એક ચિલમ હુક્કા ભરૈં, ડૂબૈં કાલીધાર ।।*
*કબીર, માનુષ જન્મ પાયકર, નહીં ભજૈં હરિનામ ।*
*જૈસે કુઆ જલ બિના, ખુદવાયા કિસ કામ ।।*

**મહારાજજીએ સત્સંગમાં કહ્યું કે જે બાળકોને પિતાજીએ છાતીથી લગાવવા જોઈએ, તે શરાબી વ્યક્તિને જોઈને બાળકો ડરના કારણે પલંગની નીચે સંતાઈ જાય છે. શરાબી વ્યક્તિ પોતે પણ દુ:ખી, ધનહાનિ, સમાજમાં ઈજ્જત સમાપ્ત તથા પરિવાર તથા પડોશી અને સંબંધીઓ સુધીનાને પરેશાન કરીને બદદુઆઓ પ્રાપ્ત કરે છે. જેમ કે શરાબીની પત્ની અને બાળકો તો ઝઘડાના શિકાર બને છે. પરંતુ પત્નીનાં માતા- પિતા, ભાઈ-બહેન વગેરે પણ દિવસ-રાત ચિંતિત રહે છે. બધો પાપનો ભાર તે નાદાન શરાબીના માથા ઉપર આવે છે, મનુષ્યજન્મ પ્રભુએ ભક્તિ કરીને આત્મકલ્યાણ કરવા માટે આપ્યો છે, તેને શરાબ વગેરેમાં નષ્ટ ન કરવો જોઈએ. જેમ કે બાળક સ્કૂલમાં ભણતર ગ્રહણ નથી કરતો, અને રખડપટ્ટી, ગુંડા-ગરદીમાં ફર્યા કરે છે. તે ભણતરથી વંચિત રહી જાય છે. પછી પૂરી ઉંમર મજૂરી કરીને જીવન ગુજારે છે. પછી તેને યાદ આવે છે કે અગર મેં ગુંડા-ગર્દી ના કરી હોત તો આજ હું બીજા સાથી વિદ્યાર્થીઓની જેમ મોટો અધિકારી હોત. પરંતુ હવે શું થઈ શકે ? આ તો તે સમયે વિચારવાનું હતું.**

**કબીર સાહેબ કહે છે કે -**

*અચ્છે દિન પીછે ગયે, ગુરુ સે કિયા ના હેત ।*
*અબ પછતાવા ક્યા કરે, જબ ચીડિયાં ચુગ ગઈ ખેત ।।*

**આ જ પ્રમાણે અગર મનુષ્યજન્મમાં જે પ્રાણી પ્રભુભકિત નથી કરતા તે પશુ પક્ષીઓની યોનીઓને પ્રાપ્ત થઈ જાય છે. જે વ્યક્તિ દારૂ પીવે છે, તે દારૂના નશામાં ખાવાની ભરેલી થાળીને પણ લાત મારે છે. ભક્તિ ન કરવાથી અલગ-અલગ પ્રાણીઓની યોનીઓમાં કષ્ટ ઉઠાવે છે. ક્યારેક તે કૂતરાની યોની ધારણ કરે છે. કૂતરો પૂરી રાત ઠંડીમાં પણ ગલીમાં રહે છે. ઉપરથી વરસાદ અને ઠંડી (શિયાળા)ની રાતમાં મહાકષ્ટ ઉઠાવે છે. સવારે ભૂખ**

સતાવે (હેરાન કરે) છે. કોઈના ઘરના રસોડામાં ઘૂસવાની ચેષ્ટા કરે છે. પછી ઘરવાળા ડંડા અથવા પથ્થર મારે છે. કૂતરો લાંબા સમય સુધી બૂમો પાડતો રહે છે. પછી બીજા ઘરમાં ઘૂસે છે, ત્યાં ન જાણે રોટલી મળશે કે સોટી મળશે અગર ત્યાં પણ ડંડો નસીબમાં હશે, તો તે દારુડિયો જે હવે કૂતરો બન્યો છે, તે ગામની બહાર જાય છે. ભૂખથી વ્યાકુળ થઈ મનુષ્યોનો મળ ખાય છે. અગર તે નાદાન પ્રાણી જ્યારે મનુષ્યશરીરમાં હતો, જો તે સત્સંગમાં આવી જતો અને સારા વિચાર સાંભળતો પછી બુરાઈ ત્યાગીને પોતાનું કલ્યાણ કરાવતો તથા બાળકોને સારી શિક્ષા તથા પ્રભુની દિક્ષા પ્રદાન કરાવતો, તો તે હંમેશ માટે સુખી થઈ જાત. દારૂનો નશો થોડો સમય જ રહે છે. પરમાત્માના નામ ભજનથી થયેલા સુખનો આનંદ હંમેશા સાથે રહે છે.

આ પ્રમાણેનું સત્સંગ આદરણીય સંત રામપાલજી મહારાજનું સાંભળીને મારો દારૂનો નશો છુમંતર થઈ ગયો. આંખોમાંથી આંસુ વહેવાં લાગ્યાં. ઘરે ચાલ્યો ગયો, નીંદર આવી નહિ. 1 જાન્યુઆરી 1997નાં બપોરે 1.30 વાગે પોતાની પત્નીને સાથે લઈને સંતરામપાલજી મહારાજની પાસે ગયો, તેમની પાસેથી આત્મકલ્યાણના માટે ઉપદેશ પ્રાપ્ત કર્યો. તેના પછી આજ 2005 સુધી દારૂ, તમાકુ તથા માંસને હાથ પણ નથી લગાવ્યો. મારી પત્નીએ પણ સતગુરુ રામપાલજીથી ઉપદેશ લીધો. તે દિવસ પછી બિલકુલ સ્વસ્થ છે. ડૉકટરોનો ઈલાજ તથા બીમારીનો એક્સ-રે વગેરે આજે પણ અમારા ઘરે રાખેલો છે. જન-જનને બતાવીએ છીએ.

મારી બધાને પ્રાર્થના છે કે આપ પણ પ્રભુના ચરણમાં આવો. સંતરૂપમાં આવેલા પરમેશ્વરના સંદેશવાહક સંતરામપાલજી મહારાજને ઓળખો. મફત નામ ઉપદેશ પ્રાપ્ત કરીને કૃપયા તમારું કલ્યાણ કરાવો. 'સતસાહેબ',

— ભક્ત જગદીશ

●

## ● ''ભૂતો તથા રોગોએ સતાવેલા પરિવારને આબાદ કર્યો''

ભક્તમતિ અપલેશદેવી પત્ની શ્રી રામેહર પુત્ર શ્રી માંગેરામ, ગામ મિરચ, તા. ચરખી દાદરી, જિલ્લો ભિવાની (હરિયાણા).

હું અપલેશદેવી મારા દુઃખી જીવનની એક ઝલક તમને બતાવી રહી છું. હું અને મારા બાળકો રાહુલ અને જ્યોતિ છે જે વીતેલા સમયને ખરાબ હાલતોને (દુઃખોને) યાદ કરીને ડરી જઈએ છીએ. જેનું વર્ણન કરતાં સમયે હૃદય કંપી જાય છે.

6 ડિસેમ્બર 1995ની રાત્રિના બદમાશોએ મારા પતિને ડ્યુટીના સમયે જાનથી મારી દીધા હતા. પરંતુ આ પૂર્ણપરમાત્મા (કબીર સાહેબે) અમારું ધ્યાન રાખ્યું અને મારા પતિને જીવનદાન આપ્યું જે આજે અમે પરિવાર સહિત બંદી છોડ ગુરુ રામપાલજી મહારાજની દયાથી પૂર્ણપરમાત્માનાં ચરણોમાં સ્થાન મળી ગયું છે. અમારા પરિવારમાં મારા પતિને સ્વચ્છ કપડાં પહેરાવતાં જે થોડા સમય પછી અંડર વિયરના ઉપરના ભાગે ઉપર જ્યાં રબ્બડ અથવા નાડું હોય છે ત્યાં ચારેબાજુ લોહીથી કપડાં રંગીન થઈ જતાં હતા, તથા બાળકોને પણ કફની સાથે લોહી પડતું હતું અને હું પણ એક વર્ષથી હૃદયની બીમારીથી બહુ પરેશાન થઈ ચૂકી હતી. જેના માટે વર્ષોથી દવાઓ ખાઈ રહી હતી. મારા પતિદેવ દિલ્હી પોલીસમાં નોકરી કરે છે. મારા પૂરા શરીર ઉપર ફોલ્લા-ફોલ્લીઓ થઈ જતી હતી. ઘરમાં પરેશાનીઓ (તકલીફો)ના કારણે મારા પતિ રામેહરનું દિમાગી સંતુલન પણ બગડી ગયું હતું.

અમે આ પરેશાનીઓને માટે સન-1995થી 2000 સુધી એક ડઝનથી પણ વધારે લંગડા લોભી અને લાલચી ગુરુઓના દરવાજા ખખડાવ્યા તથા ભારત વર્ષમાં તીર્થસ્થાનો જેમકે યમુના, ગંગા, હરીદ્વાર, જવાલાજી, ચામુંડા, ચિંતપુરની, નગરકોટ, બાલાજી, મહેન્દીપુર અને ગુડગાવાવાળી માતા તથા ગોરખ ટીલ્લા રાજસ્થાનમાં આમ દરેક સ્થાન પર બાળકો સાથે ઘણીવાર ચક્કર લગાવતા રહ્યા, પરંતુ અમને થોડી પણ રાહત ના મળી.

આ પ્રમાણે અમારા પરિવારની હાલત એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે અમે હોળી અને દિવાળી પણ કોઈ મસ્જિદમાં બેસીને વિતાવવા લાગી ગયા હતા.

અમે ખૂબ વધારે ખુશનસીબ છીએ જે અમને સંત રામપાલજી મહારાજના દ્વારા પરમપૂજ્ય કબીર પરમેશ્વરની શરણ મળી ગઈ. હવે ક્યાં ગયા તે કાળના દૂતો તથા અમારી બીમારીઓ જેનો ઈલાજ ઓલ ઈન્ડિયા હૉસ્પિટલ દિલ્હીમાં ચાલી રહ્યો હતો, જે સતગુરુદેવના ચરણોની ધૂળની આગળ ટકી સકી નહીં.

25 ફેબ્રુઆરી 2001ને એક કાળની પૂજા કરવાવાળા ભૂવાએ ફોન કરીને પૂછ્યું કે અપલેશ તમારું નામ છે ? મેં કહ્યું કે હા, તમે તમારું નામ બતાવો. ત્યારે તે ભુવા (શ્યાના)એ કહ્યું કે આ બળવાન કોણ છે, તમારા શું થાય છે ? એટલે મેં કહ્યું કે તમે કોણ છો અને તમારું નામ શું છે ? તથા આ બધું કેમ પૂછવા માગો છો ? ત્યારે તે ભુવાએ કહ્યું કે દીકરી તમે મારું નામ ના પૂછશો. હું બતાવા નથી ઈચ્છતો હું હાંશી શહેરથી બોલી રહ્યો છું. આ

**બળવાન તથા તેની સાથે એક વ્યક્તિ આવ્યો અને બન્ને જણે મને રૂપિયા 3700 આપીને તમારા ઉપર ઘાત કરવા કહ્યું હતું. મેં તમારો ફોન નંબર પણ બળવાન પાસેથી લીધો હતો કે હું પૂછી શકું કે તેમની દુર્ગતિ થઈ કે નહીં. મારી પાસે તમારો ફોન નંબર ન હતો. બળવાને જ આપ્યો હતો. જો કે મેં આ ખરાબ કામ રાત્રિમાં કર્યું પરંતુ જેવો હું ઊંઘવા લાગ્યો તો મને સફેદ કપડામાં જે ગુરુજીની તમે પૂજા કરો છો તે દેખાયા. જેમણે મને કહ્યું કે આનું પરિણામ તું ખુદ ભોગવીશ. આ પરિવાર સર્વ શક્તિમાન, સર્વે કષ્ટહરણ પરમ પૂજય કબીર પરમેશ્વરની શરણમાં છે. તમારી તો હેસિયત જ શું છે ? અહીંનો ધર્મરાજ પણ હવે આ પરિવારનું કંઈપણ નથી બગાડી શકતો.**

*ગરીબ જમ જૌરા જાસૈ ડરૈ, મિટેં કર્મ કે લેખ ।*
*અદલી અદલ કબીર હૈં, કુલ કે સદ્ગુરુ એક ।।*

**પરમ પૂજય કબીર પરમેશ્વરજીથી જમ (કાળ તથા કાળના દૂતો) તથા મોત પણ ડરે છે. તે પૂર્ણપ્રભુ પાપકર્મના દંડના લેખને પણ સમાપ્ત કરી દે છે. એના પછી તે ભુવાએ કહ્યું કે દીકરી, તમને એ બતાવી દઉં કે તમે જે દેવ પુરુષોત્તમની પૂજા કરો છો, તે ખૂબ જ પ્રબળ શક્તિ છે. હું 25 વર્ષથી આ ખરાબકાર્ય (મેલીવિદ્યા) કરી રહ્યો છું. ન જાણે કેટલા પરિવાર ઉજાડી ચૂક્યો છું. પરંતુ આજે પહેલીવાર મેં હાર ખાધી છે. બેટી આ શક્તિને હવે તું ના છોડતી, નહીં તો માર ખાઈ જશો. તમારા વિનાશ માટે બળવાન વગેરે ફરી રહ્યા છે. મેં કહ્યું કે અમે તો પૂર્ણપરમાત્માની પૂજા કરીએ છીએ, બળવાન મારા પતિના મોટાભાઈ છે. અમારા જાની દુશ્મન બન્યા છે.**

**અમે આજે એટલા ખુશનસીબ છીએ કે અમારા દિલમાં કોઈ વસ્તુ અથવા કાર્યની આવશ્યકતા હોય છે, તેને આ સદ્ગુરુ દેવ, સત્કબીર સાહેબ પૂર્ણ કરી દે છે. *આજ ગુરુ ગોવિંદ દોનો ખડે, હમ કીસકે લાગે પાય. હમ બલીહારી સત્ગુરુ દેવ રામપાલજીકે ચરણો મેં જીન્હે પરમેશ્વર દિયા મીલાય.***

**હે ભાઈઓ અને બહેનો, અમારો પૂરો પરિવાર મળીને તમને સંદેશ આપે છે કે જો તમારે સતલોકનો માર્ગ, પૂર્ણમોક્ષ અને સર્વ સુખ પ્રાપ્ત કરવાં હોય તો અને સંસારિક દુઃખોથી છુટકારો મેળવવો હોય તો બંદી છોડ સંત રામપાલજી મહારાજથી સતનામ પ્રાપ્ત કરી લો અને તમારો અનમોલ મનુષ્યજન્મ સફળ કરી લો.**

**'સતસાહેબ'**

**- ભક્તમતિ અપલેશદેવી**

●

## ● ''ભક્ત સતીશની આત્મકથા''

હું ભક્ત સતીશદાસ 193 સેક્ટર 7, આર કે પુરમ, નવી દિલ્હીનો રહેવાસી છું. ઉપરોક્ત પંક્તિઓ અમારા જીવનમાં ચરિતાર્થ થાય છે. કારણ કે સતગુરૂ બંદીછોડ રામપાલજી મહારાજનો ડિસેમ્બર 1997માં ગામ પ્રીતમપુરા દિલ્હીમાં સત્સંગ થયો હતો, તે વખતે હું મારા એક મિત્રના કહેવાથી સત્સંગ સાંભળવા ગયો, પરંતુ વારસાગત પૂજાઓ છોડવાની વાત સાંભળ્યા પછી સત્સંગમાં મજા ન આવી. સતગુરૂજી શાસ્ત્રોમાં વાંચીને અમને સમજાવતા હતા તો અમારા મનમાં થયું કે પુસ્તકોને તો અમે ઘરે બેઠા જ વાંચી લઈશું. આ પ્રમાણે જ્યોતિ નિરંજને (કાળે) અમારી બુદ્ધિ રોકી દીધી અને અમારી ભક્તિવાળી ચેનલ બંધ કરી દીધી. સતગુરુ આપણને સમજાવે છે કે :

*ગુરુ બિન કિન્હેં ન પાયા જ્ઞાના, જ્યોં થોથા ભૂસ છડે કિસાના ।*
*ગુરુ બિન ભરમ ના છૂટેં ભાઈ, કોટિ ઉપાય કરો ચતુરાઈ ।।*

આ પ્રમાણે અમારી બુદ્ધિ રોકી દીધી હોવાના કારણે અમે આમ-તેમ વાતો કરતા-કરતા ઘરે પાછા આવ્યા, ઈ.સ.1999 માં મારી પત્નિ શ્રીમતિ મંજૂને મગજના કેન્સરની તકલીફ થઈ ગઈ, જેની અમને સફદરજંગ હોસ્પિટલમાં તપાસ તથા ઈલાજ કરાવતાં ખબર પડી. ત્યાર પછી હું તેને પંત હોસ્પીટલ તથા A. I. I. M. S. નવીદિલ્હી અને તેના પછી Apollo હોસ્પિટલ નવીદિલ્હીના ડોકટરને બતાવ્યું. બધા ડોકટરોએ તરત જ ઓપરેશનની સલાહ આપતા કહ્યું કે ઓપરેશન વખતે એમના એક હાથમાં લકવો થઈ શકે છે. એપોલો હોસ્પિટલના ડોકટરે તો રિપોર્ટ જોઈને કહ્યું કે આમની બંને આંખો હજુ સુધી ઠીક કઈ રીતે છે ? અને તે જ સમયે આઈ સ્પેશ્યાલીસ્ટથી ટેસ્ટ કરાવવા માટે કહ્યું. મેં ત્યારે ચેક કરાવી. ત્યારે આઈ સ્પેશ્યાલીસ્ટ અને ન્યૂરોસર્જને સલાહ આપી કે દર પંદર દિવસે આંખોનો ઈલાજ કરાવતા રહેવું, ગમે ત્યારે જતી રહે, કારણ કે મગજનું કેન્સર એવી જગ્યાએ છે. મારી પત્ની તથા હું અમે બન્ને પગોથી અપંગ છીએ અને હાથ તથા આંખો જતી રહેવાની વાત સાંભળીને શ્વાસ ઉપરનો ઉપર અને નીચેનો નીચે રહી ગયો, પરંતુ બીજો કોઈ ઉપાય ન હોવાથી છેવટે પંત હોસ્પિટલ નવી દિલ્હીમાં ઓપરેશન કરવાનું વિચાર્યું, અને ડોકટરના કહેવાથી INMAS, હોસ્પિટલ તિમારપુર દિલ્હીથી M.R.I. કરાવી લીધી અને બીજા ઘણા ટેસ્ટ પણ કરાવી લીધા. ફકત ઓપરેશનની તારીખ લેવાની બાકી હતી. અમને પૂર્ણપરમાત્મા તત્ત્વદર્શી સંત રામપાલજી મહારાજની પહેલા સાંભળેલી સત્સંગની સાખી (પંક્તિઓ) યાદ આવી :-

*જિન મિલતે સુખ ઉપજે, મિટેં કોટિ ઉપાધ ।*
*ભુવન ચતુર્દશ ઢુંઢિયોં, પરમ સ્નેહી સાધ ।।*

**અને અમારી ભક્તિ ચેનલ પરમેશ્વરે ચાલુ કરી દીધી અને મનમાં ભાવના ઉત્પન્ન થઈ કે ઓપરેશનના પહેલા નામ લઈને જોઈ લઈએ. પછી મારા મિત્રની સાથે પ્રીતમપુરા દિલ્હીમાં જઈને 4, ફેબ્રુઆરી 2001 ના દિવસે પૂર્ણપરમાત્મા તત્ત્વદર્શી સંત રામપાલજી મહારાજથી નામદાન લીધું. પહેલાની બધી પૂજાઓ છોડી દીધી. સતગુરુજીએ અખંડ પાઠ કરવાની સલાહ આપતાં કહ્યું કે પરમાત્માની ઈચ્છા હશે તો ઓપરેશન દૂર થઈ જશે અને બધું જ ઠીક થઈ જશે, અમે સદ્ગુરુના કહેવા મુજબ ઘરે ત્રણ દિવસનો અખંડ પાઠ કરાવ્યો અને એના પછી ડોકટર પાસે ઓપરેશનની તારીખ લેવા પંત હોસ્પિટલ નવી દિલ્હી ગયા. પહેલા જે ડોકટર આ ઓપરેશનની સલાહ આપી રહ્યા હતા, તે જ ડોકટર બીજા નવા એમ.આર.આઈ. રિપોર્ટને જોઈને કહેવા લાગ્યા કે ઓપરેશનની કોઈ જરૂર નથી. ત્યારે સત્ગુરુની વાણી યાદ આવી કેઃ-**

*સતગુરુ દાતા હૈં કલિ માહિં, પ્રાણ ઉધારણ ઉતરે સાંઈ।*
*સતગુરુ દાતા દીન દયાલં, જમ કિંકર કે તોડેં જાલં ।।*

**અને અમે સદ્ગુરુને યાદ કરીને જોરજોરથી રોવા લાગ્યા કે હે પરમાત્મા અમે તમારો મહિમા કેવા શબ્દોથી ગાઈએ. આ પ્રમાણે પૂર્ણપરમેશ્વર કબીર સાહબના અવતાર તત્ત્વદર્શી સંત રામપાલજી મહારાજની કૃપાથી અમારું ઓપરેશન ટળી ગયું, અને ત્યારપછી અમારે એક પૈસાની ગોળી (દવા) પણ ખાવી પડી નથી, અને સુખમય જીવન જીવી રહ્યા છીએ.**

**20, નવેમ્બર 2004 ના રાત્રિના સમયે કાળની ઝાપટથી મારી પત્ની મૃત જેવી થઈ ગઈ હતી, પરમેશ્વરનું અમૃતજળ પીવડાવ્યા પછી ભાનમાં આવી. પછી અમે તેને સદ્ગુરુની પાસે લાવ્યા. એટલે સદ્ગુરુજીએ કહ્યું કે, આજે એમનું મૃત્યુ થવાનું હતું. કબીર પરમેશ્વરે એમની ઉંમર વધારી દીધી છે અને હવે તેને ભક્તિ કરવાની છે.**

**પછી 22, નવેમ્બર 2004 ના મારી પત્નીને સોનીપત સત્સંગમાં લકવો (પેરાલીસીસ) નો હુમલો થયો. તેના કારણે તેના હાથની તાકાત સમાપ્ત થવા લાગી, અને તે જ સમયે સતગુરૂજીનો હાથ તેના પોતાના હાથમાં દેખાવા લાગ્યો અને લગભગ પાંચ મિનિટ સુધી દેખાતો રહ્યો. જ્યારે લકવા (પેરાલીસીસ) ની અસર સમાપ્ત થઈ ગઈ ત્યાર પછી સદ્ગુરુજીનો હાથ અદશ્ય થઈ ગયો અને આજ સુધી તે બિલકુલ ઠીક છે.**

**સતગુરૂ તત્ત્વદર્શી સંત રામપાલજી મહારાજ જે કબીર પરમેશ્વરનો જ અવતાર આવ્યા છે તે અમને સિધ્ધ થયું એટલે કે પાકું થઈ ગયું કે –**

*ગરીબ જમ જૌરા જાસેં ડરેં, મિટેં કર્મ કે અંક।*
*કાગજ કીરેં દરગહ દઈ, ચૌદહ કોટિ ન ચંપ ॥*

**ભક્ત સતીશ મેહરા**
**RLF-907/17, રાજ નગર-II,**
**પાલમ કોલોની, નવી દિલ્હી**
**ફોન : 09718184704**

## ● ''ભક્ત વહીદ્ ખાનની આત્મકથા''

***બંદી છોડ કબીર સાહેબની જય***

**બંદીછોડ સતગુરૂ રામપાલજી મહારાજના ચરણોમાં કોટી-કોટી દંડવત પ્રણામ, હું વહીદ ખાન પુત્ર મુન્શીખાન ગામ તથા તાલુકો - મેહગાઁવ, જિલ્લો - ભીંડ (મધ્યપ્રદેશ) નો રહેવાસી છું. હું ત્રણ વર્ષથી પુષ્કળ બીમાર હતો. મારી બંને કીડની ખરાબ હતી. મેં બે વર્ષ સુધી મોટા મોટા M.B.B.S. ડૉક્ટરો પાસે ઉપચાર કરાવ્યો, પરંતુ કોઈ રાહત ન થઈ. તેના પછી ડૉક્ટરોએ મને દિલ્હી A.I.M.S. (ઓલ ઈન્ડિયા મેડિકલ) માં રૈફર કરી દીધો. ત્યાં ડૉક્ટરોએ બધી રીતે તપાસ કર્યા પછી કહ્યું કે ત્રણ બાટલા લોહીની જરૂર પડશે. પહેલા તમારું લોહી ફિલ્ટર થશે પછી તમારા પરિવારમાંથી કોઈ સભ્યની કીડની કાઢીને તમને ઓપરેશન કરીને લગાવવામાં આવશે. ઓપરેશનનો ખર્ચ 4 લાખ રૂપિયા થશે. હું રૂપિયા આપવામાં અસમર્થ હતો, એટલા માટે દિલ્હીથી પોતાના ઘરે પાછો આવી ગયો તથા અસહાય થઈને મૃત્યુની રાહ જોવા લાગ્યો. કારણ કે હું ખાવા-પીવામાં, હરવા-ફરવામાં તથા ઊઠવા-બેસવામાં અસમર્થ થઈ ગયો હતો.**

**પછી કોઈ વ્યક્તિ દ્વારા ખબર પડી કે હરિયાણામાં બરવાલા જિ. હિસ્સારની અંદર પરમાત્મા આવ્યા છે જે અસાધ્ય રોગોને પરમાત્માની ભક્તિથી ઠીક કરે છે. એ શબ્દો સાંભળીને તા. 24-07-2009 ના રોજ આપના ચરણોમાં પહોંચીને નામદાન (ઉપદેશમંત્ર) લઈ લીધો. નામદાન લીધા પછી મને આરામ થવો શરૂ થઈ ગયો અને ધીર-ધીરે એક મહિનો પણ ન લાગ્યો. મારા સતગુરૂ ! હું આપની કૃપાથી બિલકુલ સારો થઈ ગયો. પ્રમાણને માટે મારી બીમારીના બધા ટેસ્ટ તથા કાગળો મારી પાસે હાજર છે. હે પરમપિતા પરમેશ્વર આપજીએ જે જીવન મને આપ્યું તેનું ઋણ હું ક્યારેય નહીં ઉતારી**

શકું. મારા સતગુરૂ "આપના દાસ પર કૃપા કરીને આમ જ આપના ચરણોમાં લગાવી રાખજો." ॥ સત સાહેબ ॥

આપનો દાસ
ભક્ત વહીદખાન પુત્ર મુનશીખાન
ગામ-પોસ્ટ તથા તાલુકો : મેહગાઁવ
જિલ્લો - ભીંડ (મધ્યપ્રદેશ)

●

## ● "ભક્તમતિ તારા કટ્ટા પર અસીમ કૃપા થઈ"

બંદીછોડ સતગુરૂ રામપાલજી મહારાજના ચરણોમાં કોટિ-કોટિ દંડવત પ્રણામ. હું તારા કટ્ટા રહેવાસી : જયપુર, સંસ્કૃતમાં એમ.એ. છું. રાજસ્થાન યુનિવર્સિટીમાંથી બી.એ. તથા સંસ્કૃતમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે. મેં છ લેખકોની ગીતા, ઉપનિષદ, પુરાણ તથા બધાં દર્શન શાસ્ત્ર તથા બધા ગુરૂઓના પ્રવચન (સત્સંગ) સાંભળ્યા પરંતુ સંતુષ્ટિ થઈ નહિ. એકવાર જયપુરમાં ભાસ્કર ભક્તિ ચેનલ પર સતગુરૂ રામપાલજી મહારાજનો પ્રોગ્રામ જોયો તથા **30-11-2003** માં નામ ઉપદેશ લીધો. તે સમયે હું બીમારીઓથી ખૂબ હેરાન-પરેશાન હતી. **1991**ના મે મહિનામાં મને બાયોપ્સી ટેસ્ટના માધ્યમથી ખબર પડી કે મને અલ્સરેટિવ કોલાઈટિસ **(Ulcerative Colitis)** નામની બીમારી છે. આ બીમારીમાં મોટા આંતરડામાં છાલા પડી જાય છે તથા ઝાડામાં લોહી આવે છે તથા આ બીમારીના વિષયમાં ડૉક્ટરે કહ્યું કે આનો ઈલાજ કોઈ જગ્યાએ નથી. મને તા. **03-06-2002** માં આંતરડામાં અલ્સર **75 cm** સુધી વધી ગયાં હતાં. તા. **10-04-2008** માં ગુરૂજીના કહેવાથી મેં દવાઓ ખાવાની બંધ કરી દીધી. એમાં ચાર ગોળીઓ તો એવી હતી જેના વિષયમાં ડૉક્ટરે કહ્યું હતું કે જો તમારે જીવતા રહેવું હોય તો આખી જિંદગી આ તો ખાવી જ પડશે. તા. **23-04-2004** માં મારા ફેફસામાં **(Infection)** થઈ ગયું. જ્યારે હું ડૉક્ટરની પાસે સારવાર કરાવવા માટે ગઈ તો ડૉક્ટરે મારો એક્ષરે જોઈને કહ્યું કે તમે એવી બીમારીથી ગ્રસિત છો જેમાં તમને તાવ રહે, વજન ઓછું થઈ જાય તથા લોહી ઓછું થઈ જાય. પરંતુ તમે બિલકુલ સ્વસ્થ છો. મેં કહ્યું આ બધી મારા સતગુરૂ રામપાલજી મહારાજની કૃપા છે. કર્મનો માર એટલે કે કર્મની સજા તો મારા ઉપર આવવા ઈચ્છે છે પરંતુ મારા ગુરૂદેવ કર્મના તે મારને મારા ઉપર પ્રભાવી નથી થવા દેતા. આ પ્રમાણે પોતાના ભક્તની પરમાત્મા રક્ષા કરે છે. આ

**વાતથી ડૉક્ટર વધારે પ્રભાવિત થયા. એકવાર જાન્યુઆરી 2009 માં પ્રચાર માટે જવાનું હતું. આખી રાત લોહી વારંવાર પીચકારીની માફક નીકળતું રહ્યું. સવારે વિચાર્યું મરવાનું તો છે જ. પ્રચાર કરતાં કરતાં મરી જવું સારું. ત્રીજા દિવસે હું વગર દવાએ સારી થઈ ગઈ. ડૉક્ટરે એકવાર કહ્યું કે કોરટિસન સ્ટેરોયડ (Cortision steroid) દવા શરીરને ચલાવવા માટે રોજ લેવી પડશે. પરંતુ સતગુરૂ રામપાલજી મહારાજના કહેવાથી મેં બધી દવાઓ છોડી દીધી. મેં એક પણ દવા ખાધી નહીં અને હવે હું સતગુરૂ રામપાલજી મહારાજની દયાથી બિલકુલ સારી થઈ ગઈ છું. આટલા લાંબા સમયથી ચાલી રહેલી બીમારી ગુરૂદેવની શરણમાં આવવાથી બિલકુલ ઠીક થઈ ગઈ. મારે ખાસ એટલું કહેવું છે કે આવું સત્યજ્ઞાન તથા સત્યભક્તિ માર્ગ પૃથ્વી પર બીજે ક્યાંય નથી. સતગુરૂ રામપાલજી મહારાજ સાક્ષાત પૂર્ણ પરમાત્મા છે. સત સાહેબ.**

**સતગુરૂના ચરણોમાં દંડવત પ્રણામ**

ભક્તમતિ તારા કટ્ટા ફોન : **09772312335**

●

## ● ''ગુરૂ કૃપાની મહિમા''

હું ત્રિલોકદાસ વૈરાગી - ગામ : ઢીમરખેડા, જિલ્લો - કટની, **મધ્યપ્રદેશનો નિવાસી છું. મેં તા. 27-06-2010 ના રોજ નામદાન (ઉપદેશ) લીધું હતું જ્યારે મેં નામદાન લીધું હતું ત્યારે મને ખબર નહતી કે નામદાન નહીં પરંતુ અમૃત લઈ રહ્યો છું. મારી વાત તમને અતિશયોક્તિવાળી લાગશે પરંતુ સોગંદ મને ગુરૂદેવના ચરણોની આમાં મેં જે પણ અનુભવ કર્યા છે અથવા જે પણ પ્રમાણ મારી સામે થયા. મેં કલ્પના પણ કરી નહતી કે મારી સાથે આવા ચમત્કાર થશે. નામદાન લીધા તેના છ મહિના પછી મારો પુત્ર બીમાર થાય છે જેનો જન્મ પાંચ પુત્રીઓ પછી થયો હતો. હું મારા પુત્રની સારવાર લાગલગાટ એક મહિના સુધી એમ.બી.બી.એસ. ડૉક્ટરો પાસે કરાવતો રહ્યો, પરંતુ એક મહિના સુધીમાં બાળક સારો ન થયો. અચાનક મારા બાળકે એક દિવસ સવારે 9-00 વાગે આંખો બંધ કરી લીધી. એટલે કે બેભાન થઈ ગયો. હું તેને લઈને ઉમરિયાપાન દોડી ગયો, ત્યાંના બધા ડૉક્ટરોએ સારવાર કરવાની ના પાડી દીધી. હું તેને લઈને સિહોરા ગયો. બધી જગ્યાએ એમ.બી.બી.એસ. ડૉક્ટરો હોવા છતાં પુત્રની હાલત જોઈને બધાએ સારવાર કરવાની ના પાડી દીધી અને ડૉક્ટરોનો કહેવાનો ભાવ**

એવો હતો કે આ બહુ ગંભીર કેસ છે એટલે કે હવે બચવો મુશ્કેલ છે. પુત્રની ઉંમર ફક્ત એક વર્ષની હતી. એક ડૉક્ટરે હિંમત આપતાં કહ્યું કે જો આને ઑક્સિજન મળી જાય તો કંઈક થઈ શકે તેમ છે. મેં તાત્કાલિક એક જીપગાડી મંગાવી અને અમે જબલપુર જવા નીકળી પડ્યા કે જ્યાં બાળકોની હૉસ્પિટલ છે. ત્યાંના ડૉક્ટરોએ બાળકની હાલત જોઈને કહ્યું કે આનામાં કોઈ હલનચલન નથી થઈ રહ્યું. ગમે તે જગ્યાએ સોય મારું છું. આને કંઈ ખબર જ નથી પડી રહી, દાખલ કરવો મારા માટે જોખમની વાત છે. મેં કહ્યું દાખલ કરો અને દાખલ કરીને તાત્કાલિક સારવાર શરૂ કરો. બાકી બધું પરમાત્મા પર છોડી દો. ડૉક્ટરે કહ્યું જો આ છ કલાકમાં ભાનમાં આવી જાય તો કદાચ બચી જાય નહિ તો મુશ્કેલ છે. સવારે નવ વાગ્યાથી રાત્રિના નવ વાગી ચુક્યા હતા. પરંતુ બાળક ભાનમાં નહોતો આવ્યો. બાળકની મા અને મેં રડવાનું શરૂ કરી દીધું, મારું ધ્યાન અચાનક 'જ્ઞાનગંગા' અને 'ભક્તિ સોદાગરને સંદેશ'માં લખેલા ચમત્કારોની તરફ ગયું, જે ભક્તોની સાથે થયા હતા. મેં મારી જાતને સંભાળી લીધી અને ગુરૂના ચરણોમાં સમર્પિત કરી દીધો તથા પ્રાર્થના કરી હે સતગુરૂજી મારા પુત્રની રક્ષા કરો અને મને જે વિશ્વાસ હતો સતગુરૂની મહિમા પર તેની લાજ રાખો. લગભગ 12 વાગે જ્યારે ડૉક્ટર વિઝીટમાં આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે બાળકની હાલતમાં શું સુધારો છે ? મેં કહ્યું જેવું સવારે હતું તેવું જ અત્યારે પણ છે. ડૉક્ટરે ઈન્જેકશન મંગાવ્યું અને બાળકની જાંઘમાં લગાડ્યું, ઈન્જેકશન લાગતાં જ બાળક રડવા લાગ્યો. જાણે કે સ્વયં ગુરૂજીએ તે ઈંજેકશન લગાડ્યું હોય એવું લાગ્યું, આખા હોલમાં (વોર્ડમાં) ખુશીની લહેર ફેલાઈ ગઈ. ડૉક્ટરે મારા માથા ઉપર હાથ રાખીને કહ્યું હવે તમારું બાળક ભાનમાં આવી ગયું છે. આવા મર્જવાળા બાળક બહુ ઓછા ભાનમાં આવે છે.

વિચારવા જેવી વાત એ છે કે ઈન્જેક્શનની અસર તો દસ અથવા વીસ મિનિટ પછી થાય છે. બાળક ઈંજેકશનની સોયના દર્દથી જ રોઈ ઊઠ્યું. આનાથી સ્પષ્ટ થાય છે કે આ સર્વ કમાલ પરમેશ્વર કબીરજીની છે. તેમની વાણી પ્રમાણ આપે છે કે :-

*''સતગુરૂ શરણ મેં આને સે આઈ ટલૈ બલા ।*
*જૈ ભાગ્ય મેં મૃત્યુ હો કાંટે મેં ટલ જા'' ।।*

સતગુરૂ રામપાલજી મહારાજ કહે છે કે કસક ની સાથે (એક લગનથી) મંત્ર જાપ કરો. કસક ની સાથે મંત્ર જાપ કરવાથી જે ચમત્કાર થયો, હું દંગ રહી ગયો. મેં હૉસ્પિટલમાં ગુરૂજીના ચરણોમાં વંદન કર્યા

અને પુત્રના સારા થઈ જવા પર ધન્યવાદ આપતાં રડી પડ્યો. ત્યારબાદ ડૉક્ટરે કહ્યું આને એકધારી આઠ દિવસ સુધી સારવારની જરૂર છે. ચોવીસ કલાકના પાંચ હજારનો ખર્ચ થઈ રહ્યો હતો. મેં ડૉક્ટર સાહેબને કહ્યું મને સવારે રજા આપી દેજો. ડૉક્ટરે કહ્યું આને અગર ઘરે લઈ જશો તો બાળક મરી પણ જાય, કારણ કે હજી હાલ ભાનમાં આવ્યો છે. મેં કહ્યું જે થશે તે જોયું જશે, બસ મને રજા જોઈએ. આજે બાળક છ મહિનાથી ઉપરનો થઈ ગયો, તેને તાવ પણ નથી આવ્યો. આવી મહિમા જોઈને હું ધન્ય થઈ ગયો.

મારી સાઈકલ લેવાની પણ શક્તિ નહતી. કારણ કે મારા પરિવારની સ્થિતિ બરાબર નહતી. અચાનક સ્ટેટ બૅંકના મેનેજરે કહ્યું કે શું તમે લોન લેવાની પસંદ કરશો ? મેં કહ્યું જો મળી જાય તો આનાથી વધારે શું છે ? મારા પરિવારની સ્થિતિ સુધરી જશે. બૅંક મેનેજરે મને દોઢ લાખની લોન આપી દીધી. સાયકલ ન ખરીદી શકવાવાળો માણસ અચાનક પંચાવન હજાર રૂપિયાનું હીરો હોન્ડા મોટર બાઈક લઈ આવ્યો. આજે હું શાનથી ગાડીમાં ફરું છું. હું સરકારી સ્કૂલમાં પટાવાળાની પોસ્ટ પર કાર્યરત હતો. નોકરી કરતાં કરતાં મને સોળ વર્ષ ગુજરી ચુક્યા હતા. પરંતુ મારા પરિવારની સ્થિતિ બરાબર ન થઈ શકી. જબલપુર સંભાગથી પ્રમોશન થયા અને મારું સિંગલ પ્રમોશન થયું હું પટાવાળામાંથી કારકુન થઈ ગયો, બીજાને ખુરશી લાવીને આપવાવાળો માણસ જાતે સાહેબ બનીને ખુરશી પર બેસી ગયો. મારો પગાર એટલો થઈ ગયો જેટલો મેં વિચાર્યો નહોતો. મારો નાનો ભાઈ બી.એડ.નો આશરો છોડીને નિરાશ થઈ ગયો હતો. એક દિવસ અચાનક તેની પાસે કાઉન્સીલીંગ લેટર આવ્યો - તેને વિશ્વાસ જ ન થયો કારણ કે તેને **29** અંક મળ્યા હતા અને બી.એડ. કરવા માટે **33** અંકથી ઉપર જોઈએ, પરંતુ આ વખતે **28** અંકવાળાઓને લઈ લેવામાં આવ્યા. જેના કારણે **29** અંક હોવાથી તેને ચાન્સ મળી ગયો અને આજે તે પણ બી.એડ્. કરી રહ્યો છે. આ ચાર ચમત્કાર એવા થયા, જેના વિશે મેં ક્યારેય પણ વિચાર્યું નહતું. પરંતુ રામાયણમાં લખેલું મને તે યાદ આવી ગયું કે 'માત-પિતા ગુરૂ કી વાણી, બિના વિચાર કરો શુભ જાની' આ બધા ચમત્કાર એક વર્ષની અંદર જ થયા છે. પ્રમાણ માટે : (**1**) ભારત હૉસ્પિટલના બધા ડૉક્યુમેન્ટ (**2**) ગાડીના બધા કાગળો (**3**) પ્રમોશનનો ઓર્ડર (**4**) બી.એડ્.નો કાઉન્સીલીંગ લેટર.

આ બધા ચમત્કાર નામદાન લીધાના છ મહિના પછી થયા છે. ફક્ત એકલું નામદાન લેવાથી ફાયદો નથી થતો પરંતુ ગુરૂના બતાવેલા માર્ગ પર ચાલવું પડે છે.

*''હરિ રૂઠે ગુરૂ ઠૌર હૈ, ગુરૂ રૂઠૈ નહીં ઠૌર.''*

**ગુરૂદેવજીના ચરણોમાં શિષ્યના અનુભવ આદર સાથે સમર્પિત છે.**

**॥ સત સાહેબ ॥**

ભકત ત્રિલોકદાસ બૈરાગી
સહા. ગ્રેડ-3
શાસ. ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, મુરવારી
તા. ઢીમરખેડા, જિ. કટની (મધ્યપ્રદેશ)

●

## ● "11000 વોલ્ટેજના તારથી છોડાવવો"

**હું ભકત સુરેશદાસ પુત્ર શ્રી ચાંદ રામ નિવાસી ગામ-ધનાના, જિલ્લો-સોનીપત જો કે હાલમાં શાસ્ત્રીનગર રોહતક (હરિયાણા) નો નિવાસી છું. સત ગુરૂજીથી નામ ઉપદેશ લીધા પહેલાં મારા ઘરની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી, પરિવારનો કોઈપણ એવો સભ્ય ન હતો કે જે ક્યારેય બીમાર ન રહેતો હોય, મારી પત્નિને ભૂતપ્રેત ખૂબ જ વધારે પરેશાન કરતા હતા. આટલું કષ્ટ રહેવા છતાં અમે દેવી-દેવતાઓની ખૂબ પૂજા કરતા હતા તથા મારી હનુમાનજીમાં ખૂબ વધારે શ્રધ્ધા હતી. પરંતુ ઘરમાં સંકટ ઉપર સંકટ આવ્યા કરતા હતા. કોઈ પણ કામકાજમાં બરકત નહોતી આવતી. પૂર્ણ પરમાત્મા સતગુરૂ રામપાલજી મહારાજજી મારા પરિવારના હોવાના કારણે અમે તેમને પૂર્ણ પરમાત્મા નહિ માની શક્યા, જેનું નુકસાન અમારે કેટલાય વર્ષો સુધી વેઠવું પડ્યું, ત્યારે ગામ-સિંહપુરા નિવાસી ભકત વિકાસે મને મળીને કહ્યું કે તમારા ઘરમાં પૂર્ણ પરમાત્મા જગતગુરૂ રામપાલજી મહારાજ આવ્યા છે અને તમે કેમ ઊંઘી રહ્યા છો ? ત્યારે મેં કહ્યું કે કાળે અમને કષ્ટ જ એટલું બધું આપી રાખ્યું છે કે અમને ત્યાંના વિશે જાણવાનો ટાઈમ જ નથી મળ્યો. ઘણો ખરો સમય ડૉકટરોના ચક્કર કાપવામાં જ ચાલ્યો જાય છે. વધારામાં આર્થિક તંગી પણ ખૂબ રહે છે. તે ભકતએ મને વધારે સમજાવ્યો. પૂર્ણ પરમાત્માની એવી દયા થઈ કે હું સંત રામપાલજી મહારાજ પાસે નામ-ઉપદેશ લેવા માટે ઑકટોબર 2010 માં સતલોક આશ્રમ બરવાલામાં પહોંચ્યો. નામ-ઉપદેશ લીધા પછી સતગુરૂજીએ દયાનો પટારો (ખજાનો/ભંડાર) ખોલી દીધો અને મને એવા સુખનો અનુભવ થવા લાગ્યો કે જેનું વર્ણન શબ્દોમાં કરવું ખૂબ જ મુશ્કેલ છે.**

**મારી પત્નીને ભૂત-પ્રેત સતાવી (હેરાન કરી) રહ્યા હતા. સતગુરૂ દેવજીની દયાથી હવે તે બિલકુલ સ્વસ્થ છે. 7 સપ્ટેમ્બર, 2011 ના રોજ**

મારો દીકરો મોહિત ઉંમર વર્ષ 12 જે મારા કહેવાથી મિસ્ત્રીને બોલાવવા ગયો હતો. મારો દીકરો મિસ્ત્રીના ધાબે ચઢી ગયો તથા ગેલેરીમાં ગયો. ગેલેરીની બાજુમાં 11000 (અગિયાર હજાર) વૉલ્ટેજની વીજળીની લાઈન જતી હતી. મારા દીકરાની તથા તારની વચમાં ફક્ત એક ફૂટનું જ અંતર હતું. જ્યારે તે તેની નજીક ગયો તો વીજળીના તારોએ મારા દીકરાને ખેંચી લીધો અને મારા દિકરાના માથા ઉપર તાર ચોંટી ગયો તથા એક ઈંચ ઊંડો ઘુસી ગયો તથા મોઢું બળી ગયું અને વીજળી શરીરમાં પ્રવેશ કરીને પગના અંગુઠાના હાડકાને તોડીને નીકળવા લાગી. તે જ સમયે સતગુરૂ રામપાલજી મહારાજ આકાશ માર્ગેથી આવ્યા તથા મારા દીકરાને ખૂબ જ ચમકદાર (તેજોમય) શરીર સાથે દેખાયા. જેમ કે હજારો ટ્યુબોનો પ્રકાશ થઈ રહ્યો હોય. તેમને દીકરાનો હાથ પકડીને વીજળીથી છોડાવીને ધાબા ઉપર સુવડાવી દીધો. પછી દિકરાની સતગુરૂજીથી ખૂબ વાતો થઈ તથા જ્યારે સતગુરૂજી જવા લાગ્યા તો મારા દીકરાએ પૂછ્યું કે ગુરૂજી ક્યાં જઈ રહ્યા છો તો ગુરૂજીએ કહ્યું કે બેટા હું તારી સાથે છું, તું ગભરાઈશ નહિ. તે સમયે મારા દીકરા મોહિતની માતાજી પણ પહોંચી ગઈ હતી. તેણે આ દશ્ય પોતાની સગી આંખે જોયું અને તે ખૂબ ગભરાઈ ગઈ. કારણ કે દિકરાના શરીરમાંથી વીજળીની લપટો (ચિનગારી) નીકળી રહી હતી.

ત્યારબાદ અમે દિકરા મોહીતને પી.જી.આઈ. રોહતક હૉસ્પિટલમાં લઈને ગયા. ત્યાં આગળ પણ દિકરાને ગુરૂજી દેખાયા તથા મારા દિકરાએ કહ્યું કે ગુરૂજી મારી સાથે છે. તમે ગભરાશો નહિ. જો આજે અમે ગુરૂજીના શરણમાં ના હોત તો અમારો દીકરો આજે જીવતો ન હોત, મારી પત્નીને પણ પ્રેત (ભૂત) મારી નાખત, અમે ઉજ્જડ થતાં બચી ગયા. આ સતગુરૂ રામપાલજી મહારાજજીની જ દયા છે.

સર્વે વાચકોને પ્રાર્થના છે કે મારી સત્યકથા વાંચીને આપ પણ સતગુરૂ રામપાલજી મહારાજજીની શરણમાં આવીને હજી પણ આપની પાસે સમય છે તો કલ્યાણ કરાવો તથા પ્રારબ્ધ (ભાગ્ય)માં લખેલ કર્મોના કારણે જે દુર્ઘટનાઓ ઘટવાની હોય છે તેનાથી પૂર્ણરૂપે બચી જશો. સતગુરૂ રામપાલજી મહારાજના સત્સંગ વચનોમાં મેં સાંભળ્યું હતું કે પૂર્ણ પરમાત્મા કબીરજી બંદીછોડ (બંધન છોડાવનાર) અમારા બધા જ પાપોનો નાશ કરી દે છે. આવું જ પ્રમાણ ઋગ્વેદ મંડલ 10 સૂક્ત 161 મંત્ર 2 માં તથા મંડલ 9 સૂક્ત 80 મંત્ર 2 માં પણ લખ્યું છે કે અગર કોઈ રોગીની પ્રાણશક્તિ ક્ષીણ થઈ ગઈ હોય તથા તેનું આયુષ્ય શેષ ન બચ્યું હોય તો તેના પ્રાણોની રક્ષા કરું

તથા તેને સો (100) વર્ષનું આયુષ્ય આપીને એટલે કે તેનું આયુષ્ય વધારીને સાધક (ભક્ત)ને સર્વ સુખ પ્રદાન કરું છું.

સજ્જનો સતગુરૂ રામપાલજી મહારાજે પોતાના અમૃત વચનોમાં આ પણ બતાવ્યું છે કે દરેક પ્રાણી (જીવ) પોતાના દ્વારા કરેલા કર્મો અનુસાર જ સુખ તથા દુ:ખ પ્રાપ્ત કરે છે. દુ:ખ તો પાપ કર્મોનું ફળ છે તથા સુખ પુણ્ય કર્મોનું ફળ છે. અત્યાર સુધી બધા સંત, આચાર્યો, ગુરૂ આવું જ કહેતા રહ્યા છે કે જે પ્રારબ્ધ (ભાગ્ય) કર્મના ભોગ છે તે તો પ્રાણી (જીવ) એ ભોગવીને જ સમાપ્ત કરવા પડશે. હે સભ્ય વાચકો ! સતગુરૂ રામપાલજી મહારાજ કહે છે કેપાપ કર્મથી દુ:ખ થાય છે. અગર પાપ કર્મોનો નાશ થઈ જાય તો દુ:ખનો જાતે જ અંત થઈ જાય છે. અગર ભક્તિ કરતાં કરતાં પણ પાપ કર્મોનું ફળ (દુ:ખ) ભોગવવું જ પડે તો ભક્તિની આવશ્યક્તા જ સમાપ્ત થઈ જાય છે. 7 સપ્ટેમ્બર, 2011 ના રોજ અમારા પ્રારબ્ધ કર્મના પાપના કારણે મારા પુત્ર મોહિતનું મૃત્યુ થવાનું હતું. અમારા સતગુરૂ રામપાલજી મહારાજજીની કૃપાથી પરમ પૂજ્ય કબીર પરમેશ્વરજીએ અમારા પાપનો નાશ કરી દીધો તથા મારા બાળકની જીવન રક્ષા કરીને ઉંમર વધારી દીધી. અગર 7 સપ્ટેમ્બર, 2011 ના રોજ પ્રારબ્ધ (ભાગ્ય) કર્મના ફળસ્વરૂપ મારો દિકરો મરી ગયો હોત તો મારા પરિવારના બધા સભ્યો ભક્તિ ત્યાગી દેતા તથા નાસ્તિક થઈ જતા. કારણ કે અમને તે સમયે પરમાત્માનું પૂરું જ્ઞાન નહતું. હવે ભગવાન ઉપર અધિક વિશ્વાસ થઈ ગયો છે. આ પણ વિશ્વાસ થઈ ગયો કે પરમ પૂજ્ય કબીરજી જ પરમેશ્વર છે. એ પાપનાશક સર્વ સુખદાયક તથા પૂર્ણ મોક્ષદાયક છે તથા સતગુરૂ રામપાલજી મહારાજ તેમના જ મોકલેલ તેમના અવતાર આવ્યા છે. એટલે આપજીને ફરીથી મારી પ્રાર્થના છે કે વિલંબ કર્યા વગર સતલોક આશ્રમ બરવાળામાં પહોંચી જાઓ અને ઉપદેશ લઈને કલ્યાણ કરાવો. આપજીને પ્રાર્થના કરવાનો મારો ઉદ્દેશ એ છે કે મારા જેવા ઘણા બધા દુ:ખીયા છે. મારી ઉપરોક્ત આત્મકથાને વાંચીને વિચાર કરીને તેઓ પણ મારી જેમ સંકટોનું નિવારણ કરાવી શકશે તથા સુખી થઈ શકશે.

*''યહ સંસાર સમજદા નાહીં, કહંદા શામ દોપહરે નૂં ।*
*ગરીબદાસ યહ વક્ત જાત હૈ, રોવોગે ઈસ પહરે (સમય) નૂં ।।''*

પ્રાર્થી, ભક્ત સુરેશદાસ પુત્ર શ્રી ચાંદ રામ,
શાસ્ત્રીનગર, હિસ્સાર બાઈ પાસ, રોહતક,
મો. નંબર : 09829588628

●

## ● ''ભક્ત દિપકદાસના પરિવારની આત્મકથા''

*બંદી છોડ સતગુરૂ રામપાલજી મહારાજ કી દયા*

મારું નામ દિપકદાસ પુત્ર બલજીતસિંહ ગામ : મહલાના જિ. સોનીપત છે. અમે ત્રણ પેઢીઓથી રાધાસ્વામી પંથ ડેરા બાબા જયમલસિંહથી નામ ઉપદેશી હતા. સૌ પ્રથમ મારા દાદાજીની માતાજી એટલે કે મારા પિતાજીની નાનીએ રાધાસ્વામી પંથથી નામ ઉપદેશ લીધો હતો. તેના પછી મારા દાદા-દાદીજી અને મારા માતા-પિતાજીએ પણ રાધાસ્વામી પંથના સંત ગુરૂવિન્દ્ર સિંહજી પાસેથી નામ લીધું હતું. અમે પણ ગુરૂવિન્દ્રજી મહારાજને પૂર્ણ પુરુષ માનતા હતા તથા આ પંથમાં પૂર્ણ શ્રદ્ધા એમ વિચારીને રાખતા હતા કે આ સંસારમાં પ્રભુ પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ પંથ છે અને તેમના વિશાળ ડેરા (આશ્રમો) અને વિશાળ સંગત સમૂહને જોઈને વધારે આકર્ષિત થયા. અને સેવા કરવા માટે ડેરા બાબા જૈમલસિંહ વ્યાસ (પંજાબ)માં તથા છત્તરપુર પુસા રોડ, દિલ્હી પણ જતા આવતા રહેતા. પરંતુ આ પંથમાં યોગ્ય ઉંમર થયા પછી નામ અપાય છે. એટલા માટે હું આ ઉંમરે નામ (ઉપદેશ) લેવા અયોગ્ય હતો.

મારા માતા-પિતા જે દિવસે છત્તરપુર નામ લેવા માટે ગયા હતા તે દિવસે જ મારા નાના ભાઈ (ઉંમર 5) ના હાથે પડોશીના એક છોકરાની આંખમાં કંઈક વસ્તુ અજાણતા વાગી ગઈ. જ્યારે સાંજે નામ-ઉપદેશ લઈને મારા માતા-પિતા પાછા આવ્યા. તે દિવસથી જ અમારા પેલા પડોશીઓની સાથે વેર-ઝેર થઇ ગયું કે તમારા છોકરાએ મારા છોકરાની આંખમાં જાણી જોઈને વગાડ્યું છે અને તે દિવસથી જ અમારા ઉપર દુઃખોના પહાડ તૂટી પડ્યા.

તે સમયમાં જ મારા દાદાજીનું બીમારીને કારણે મરણ થઈ ગયું, ત્યારે મારા દાદાજીનું પાર્થિવ શરીર (મડદુ) બીજા રૂમમાં મૂકેલું હતું તો તે સમયે મારી દાદીજી, જેમનું મરણ થયે બાર વર્ષ થયા હતા. તે મારી ફોઈ પ્રેમવતીમાં પ્રેતની જેમ (ભૂતરૂપે) પ્રવેશ કરીને બોલ્યાં (મારી દાદીએ પણ રાધાસ્વામી પંથથી પ્રાપ્ત પાંચ નામોની બહુ વધારે સાધના કરી રાખી હતી. તે નિયમિત રૂપે રાત્રે ત્રણ વાગે તથા દિવસમાં પણ ભજન તથા સ્મરણ કરવાને માટે બેસી જતાં હતાં અને કલાકો સુધી રાધાસ્વામી પંથના બતાવેલ પાંચે નામો તથા જપનો અભ્યાસ કર્યા કરતાં હતાં) કે આજે તમારા દાદાનું જીવન સંસ્કાર સમાપ્ત થઈ ગયું એટલા માટે હું તમને સંભાળવા (સાચવવા) આવી છું. મારી દાદીજીને જીવિત અવસ્થામાં શ્વાસની બીમારીના કારણે ખાંસી

(ઉધરસ) આવતી રહેતી હતી, તે બાર વર્ષ પછી (ભૂતરૂપમાં) પણ જે ઉધરસ ખાતી હતી તેવી જ ઉધરસ અત્યારે ભૂત રૂપમાં મારી ફોઈની અંદર આવીને ખાઈ રહી હતી. ત્યારે અમે પૂછ્યું કે ''દાદીજી તમે તો બહુ જ દુ:ખી દેખાવ છો, શું તમે સતલોક નથી ગયા ?'' ત્યારે મારી દાદીએ કહ્યું કે ''બેટા મેં ખોટી સાધનાને કારણે મારું અણમોલ મનુષ્ય જીવન વ્યર્થ કરી દીધું તથા હવે મૃત્યુ થયા પછી ભૂત યોનિમાં દુ:ખ ઊઠાવી રહી છું. હું ક્યાંય સતલોકમાં નથી ગઈ''. ત્યાર પછી મારી માતાજીએ પૂછ્યું કે ''મા શું તમને ગુરૂજી ચરણસિંહજી મહારાજે સંભાળ્યા (બચાવ્યા) કે નહિ ?'' તો મારી દાદીજીએ ખૂબ દુ:ખની સાથે કહ્યું કે ''તેમણે મારી કોઈ સંભાળ નથી કરી અને હું આજે પણ એવી જ દુ:ખી થઈ રહી છું.''

તે ઘટનાના બે વર્ષ પછી એક દિવસ મારી બીજી ફોઈ કમળાના શરીરની અંદર મારા દાદાજી પ્રેતવશ પ્રવેશ કરીને બોલ્યા અને કહ્યું કે ''હું ખૂબ જ દુ:ખી છું તથા મારી કોઇ ગતિ થઇ નથી. મને સ્નાન કરવાની ઈચ્છા છે'' તો આ સાંભળીને મારી માતાજીએ દુ:ખ તથા આશ્ચર્યથી કહ્યું કે ''તમે તો સતલોકમાં ગયા હતા, શું ત્યાં ન્હાવા માટે પાણી નથી ?'' પરંતુ દાદાજીએ કોઇ જવાબ આપ્યો નહીં. પછી મારી માતાજી મારા દાદાજીને (એટલે કે જે મારી ફોઈમાં પ્રેત બનીને ઘુસ્યા હતા) નવડાવવા લાગી તો તે (ભૂતરૂપે) કહેવા લાગ્યા કે ''બેટી હું મારી જાતે નાહી લઈશ''. તો મારી માતાજીએ દાદાજીને મતલબ તે મારી ફોઈમાં (ભૂતરૂપે) પ્રવેશ્યા હતા એટલા માટે ફોઈવાળા કપડા જ પહેરાવી દીધા, તો મારા દાદા બોલ્યા ''બસ બેટી મારી ધોતી લઇ આવો, હું બાંધી લઈશ''. મારી માતાજીએ એમ જ એક ચાદરનું કપડુ આપ્યું જે તેમણે કપડાની ઉપર જ લપેટી લીધું. પછી કહ્યું કે ''મારા માટે ચા બનાવો અને જલદી જલદીમાં જ ચા પી લીધી''. મેં પૂછ્યું કે દાદાજી ! તમે સતલોક નથી ગયા ? તો તેમણે કહ્યું કે ''બેટા હું તો બહુ જ તકલીફ (દુ:ખ)માં છું''. મારી માતાજીએ પછી પૂછ્યું કે તમે તો રાધા સ્વામી હજુર ચરણસિંહજી મહારાજથી નામ ઉપદેશ લીધો હતો, ભક્તિ પણ કરતા હતા, શું તેમણે તમારી કોઇ સંભાળ ના લીધી ? ત્યારે મારા દાદાજી (જે પ્રેતવત મારી ફોઈજીમાં પ્રવેશ હતા) એ કહ્યું કે તેમને મારી કોઈ સંભાળ નથી કરી, હું તો એમ જ ધક્કા ખાતો ફરી (ભટકી) રહ્યો છું.

તે સમય દરમિયાન મારી આંખો પણ એટલી કમજોર થઈ ગઈ હતી કે ઓછુ દેખાવા લાગ્યું હતું અને ચશ્મા વારંવાર બદલાવવા પડતા હતા. હું એક મિત્રની સાથે વાંચવા માટે તેની પાસે જતો હતો. ત્યાં આગળ ભક્ત

**સંતરામજીએ મને પૂર્ણ બ્રહ્મના અવતાર સતગુરૂ રામપાલજી મહારાજની મહિમા સંભળાવી અને કહ્યું કે તમે સતગુરૂ રામપાલજી મહારાજથી નામ-ઉપદેશ લઈ લો તમારી આંખો સારી થઈ જશે અને કહ્યું કે આ તકલીફો અને દુ:ખોથી આપણે સૌ જીવોને કાઢવા (તારવા) માટે પરમેશ્વર કબીર સાહેબ સંતનું રૂપ ધારણ કરીને આવે છે. મેં કહ્યું કે ''મારા માતા-પિતાજીએ રાધાસ્વામી પંથમાંથી નામ-ઉપદેશ લઈ રાખ્યો છે''. ભક્ત સંતરામજીએ કહ્યું કે ''તે પંથ પૂર્ણ નથી, તેમની ભક્તિ સાધનાથી ન તો સતલોકની પ્રાપ્તિ થશે ન તો જીવનમાં ક્યારેય કર્મનો માર (પીડા) ટળી શકશે તેને તો માત્ર કબીર સાહેબજીના નીમેલ અધિકારી સંત જ ટાળી (મિટાવી) શકે છે''.**

**મારા પિતાજીને શ્વાસની બીમારી હતી, દસ ડગલા ચાલવાથી જ બેહાલ થઈ જતા હતા. શ્વાસની બીમારીના કારણે દમ ફુલવા લાગતો હતો, હાઈ અને લો બ્લડ પ્રેશરની બિમારી પણ હતી. મારા પિતાજીને ચૂંટણીની ડ્યુટી વખતે હાર્ટ એટેક થયો પણ કર્મ સંસ્કારને કારણે તેઓ બચી ગયા, પરંતુ ત્યારે પણ અમે લોકો એવું વિચારતા રહ્યા કે રાધાસ્વામી પંથી સંત ગુરૂવિન્દ્ર સિંહજી મહારાજે હાર્ટ એટેકથી બચાવી લીધા, મોટી મહેરબાની કરી, પરંતુ તેના પછી અમે તો શિયાળાની એકે-એક રાતમાં અમારા પિતાજીનો એકે-એક શ્વાસ તૂટતો જોયો છે. બિલકુલ મૃતઃપ્રાય (મરેલા જેવા) થઈ જતા હતા અને અમે લોકો બેસીને રડવા સિવાય બીજું તો કંઈ નહોતા કરી શકતા, કારણકે દવાઓ પણ કામ નહોતી કરતી, ડૉક્ટર પણ વધારેમાં વધારે ડોઝ દવાનો વધારી શકતા હતા તેટલો વધારી ચુક્યા હતા, એનાથી વધારે ડોઝની દવા ક્યાંથી વધારી શકે ? મારી માતાજી ડેરા બાબા જૈમલ સિંહથી લાવેલો પ્રસાદ તેમને ખવડાવતી અને રાધાસ્વામી પંથી ગુરૂવિન્દ્રસિંહજી મહારાજની મૂર્તિની સામે બેસીને પ્રાર્થના કરતી અને રોતી. તે જ સમયે મારા નાનાભાઈને ઓપરા (ભૂત પ્રકોપ)ની ફરિયાદ રહેવા લાગી. તે રાત્રે ચમકીને ઊઠી જતો હતો તથા કહેતો હતો કે મારા પગ પકડીને કોઈ ખેંચી રહ્યું છે, મને ઊંઘવા નથી દેતું''. તે પણ વધારે બીમાર રહેવા લાગ્યો. પૂર્ણ પરમાત્મા કબીર પરમેશ્વરજીની દયાથી આ દાસને 8 ઑક્ટોબર, 1998ના દિવસે સતગુરૂ રામપાલજી મહારાજ પાસેથી નામ ઉપદેશ પ્રાપ્ત થયો. તો વીસ દિવસની અંદર જ પૂર્ણ સંત રામપાલજી મહારાજની દયાથી મારા ચશ્માના નંબર ઊતરી ગયા તથા મેં દવા ખાવાનું પણ છોડી દીધું. મને સતગુરૂ રામપાલજી મહારાજ પર પૂરો વિશ્વાસ થઈ ગયો હતો. ભક્ત સંતરામજીએ ઘેર આવીને મારા માતાપિતાજીને પણ**

સમજાવ્યા કે તમે પૂર્ણ પરમાત્મા કબીર સાહેબના નુમાઈન્દા (નિમેલા) પૂર્ણ સંત રામપાલજી મહારાજથી નામઉપદેશ લઈ લો, તમારા સર્વ કષ્ટો (દુ:ખો) નું નિવારણ થઈ જશે.

તેના પછી મેં પણ મારા માતાપિતાને સમજાવ્યા તો તેઓ બોલ્યા ''અમે તો પહેલાં રાધાસ્વામી પંથના હતા, હવે સંત રામપાલજી મહારાજથી નામ ઉપદેશ લઈશું, દુનિયા શું કહેશે'' ? ત્યારે મેં કહ્યું કે ''પિતાજી, અગર એક ડૉક્ટરથી રોગ નથી મટતો તો શું તમે બીજા ડૉક્ટર નથી બદલતા ? પરંતુ દુ:ખી વધારે હતા, તેઓ થોડા સમય પછી પરમેશ્વરની શરણમાં આવી ગયા અને રાધાસ્વામી પંથના તે પાંચ નામોને ત્યાગીને, પૂર્ણ સંત સતગુરૂ રામપાલજી મહારાજ પાસેથી નામઉપદેશ લીધો.

સતગુરૂ કબીર સાહેબજી કહે છે કે *''શરણ પડે કો ગુરુ સંભાલે, જાનકે બાલક ભોલા રે''*. પૂરા પરિવારે નામ લીધું તેની સાથે જ અમારા સારા દિવસો શરૂ થઈ ગયા. મારા ભાઈને ઠીક થઈ ગયું, ભૂત પણ ભાગી ગયું, પિતાજીની બિમારી બિલકુલ ઠીક થઈ ગઈ અને પહેલા તે દસ ડગલાં પણ નહોતા ચાલી શકતા હવે એક માણસની મદદથી ખાંડની બોરીને ઊઠાવી શકે છે. અમારો પરિવાર આ જે પૂર્ણ પરમાત્માના અવતાર સતગુરૂ રામપાલજી મહારાજજીની શરણમાં તેમની દયાથી પૂરો સુખી છે.

પરંતુ અમારા દાદા-દાદી તથા પિતાજીની નાની (માતાજીની માતા)જીના મનુષ્ય જીવનને જે નુકસાન થયું તેની પૂર્તિ કોઈપણ પ્રકારથી નથી થઈ શકતી. અગર કોઈ માણસનું જીવન બચાવવામાં લાખ્ખો અને કરોડો રૂપિયા ખર્ચ કરી દેવામાં આવે અને તેનું જીવન બચી જાય તો તેને તે પૈસાનો કોઈ અફસોસ નથી થતો, ઉપરથી વિચારે છે કે ચાલો જીવન તો બચ્યું છે ને. પરંતુ આજે ચાહે ગમે તેટલી કિંમત ચુકવવા છતાં પણ મારા દાદા-દાદીનું જીવન શાસ્ત્ર વિરુદ્ધ સાધના (રાધા સ્વામી પંથ દ્વારા બતાવેલ પાંચ નામોની સાધના) કરીને બિલકુલ વ્યર્થ જતું રહ્યું (તેઓ ભૂત અને પિતૃની યોનિઓમાં કષ્ટ ભોગવી રહ્યા છે), પાછું નથી મળી શકતું. જે ખરાબ મજાક (મશ્કરી) આ નકલી સંત અને પંથ સમગ્ર માનવસમાજની સાથે કરી રહ્યા છે, કારણ કે ચોર્યાસી લાખ યોનિઓ ભોગવ્યા પછી મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય છે તો આવા અનમોલ મનુષ્ય જીવનને, જે પૂર્ણ પરમાત્માને પ્રાપ્ત કરવાને માટે એક માત્ર સાધન છે તેને બરબાદ કરી રહ્યા છે. આ મહાક્ષતિ (મહા નુકસાન)ની આપૂર્તિ કોઈ પણ કિંમતથી નથી કરી શકાતી.

હે બંદીછોડ સતપુરુષ રૂપ સતગુરૂ રામપાલજી મહારાજ આપે ખૂબ મોટી દયા કરી અમારા જેવા તુચ્છ જીવો ઉપર જે પોતાનું સત્ય જ્ઞાન આપીને

આપણી શરણમાં બોલાવી લીધા, નહિ તો અમે પણ પેઢી દર પેઢીથી પ્રાપ્ત આ શાસ્ત્ર વિરુદ્ધ સાધનામાં પોતાના મનુષ્ય જન્મને સમાપ્ત કરીને ક્યાંક ભૂત અને પિતૃઓની યોનિઓમાં ચાલ્યા જતા અને આ શાસ્ત્રવિધિ યુક્ત સત ભક્તિથી વંચિત રહી જતા.

સર્વ બુદ્ધિજીવી સમાજને પ્રાર્થના છે કે હજી પણ સમય છે. આ સત્ય જ્ઞાનને સમજો તથા નિષ્પક્ષ થઈને નિર્ણય કરો. બંદીછોડ સતગુરૂ રામપાલજી મહારાજના ચરણોમાં આવીને સત્ભક્તિ પ્રાપ્ત કરીને પોતાના મનુષ્ય જીવનનું કલ્યાણ કરાવો.

॥ સત સાહેબ ॥

સતગુરૂના ચરણોનો દાસ
ભક્ત દીપકદાસ
મો. 8571973093

●

## ●પરમેશ્વરની અસીમ કૃપા

*બંદીછોડ સતગુરૂ રામપાલજી મહારાજની જય*

યજુર્વેદ અધ્યાય-8 મંત્ર-13માં પ્રમાણ છે કે પૂર્ણ પરમાત્મા પાપીથી પણ પાપી (મહાપાપી) વ્યક્તિઓનાં પણ સંપૂર્ણ પાપોનો નાશ કરીને ભયંકર રોગોથી પણ મુક્ત કરી દે છે. જેનો હું જીવતો જાગતો ઉદાહરણ (દાખલારૂપે) છું.

હું કેશવ મૈનાલી પુત્ર શ્રી ઈન્દ્ર પ્રસાદ મૈનાલી, ગામ - વિકાસ સમિતિ હરિઔન, જિ. સલૉહી, નેપાળનો રહેવાસી છું અને હાલમાં કાઠમંડુ ઉપત્યકા ટીમી ભક્તપુરમાં ઘર બનાવીને રહું છું. હું ચુરે ભાવર (નેપાળ) નામની રાજનૈતિક પાર્ટીનો અધ્યક્ષ તેમજ પૂર્વ સભાસદ છું. મારો મો. નં. +00977-9841892583 છે. મારી ઉપર સતગુરૂ રામપાલજી મહારાજે ચમત્કારિક કૃપા કરી મને તથા મારા પરિવારના સંપૂર્ણ દુઃખોનો નાશ કરી સુખી બનાવી દીધા.

સંસારની નજરમાં હું સુખી અને સન્માનિત જીવન જીવી રહ્યો હતો, પરંતુ હું મારા રોગોના કારણે ખૂબ જ દુઃખી હતો. હું છેલ્લા 20 વર્ષોથી ખૂની બવાસીરથી પીડિત હતો અને સંડાસ જતી વખતે ખૂબ જ પીડા સહન કરવી પડતી હતી. સાથે છેલ્લા 8 વર્ષોથી ક્રોનીક બ્રોંકાઈટીસથી પણ પીડાતો હતો. રાજનૈતિક કર્મચારી હોવાના લીધે ઘણા બધા લોકોને મળવાનું થતું હતું અને હંમેશા મોં ઉપર કપડું અથવા હાથ રાખીને બોલવું પડતું હતું. મેં

પોતાના રોગોના ઈલાજ માટે સારામાં સારા ડૉક્ટરોને બતાવ્યું, પરંતુ કોઈ જાતનો ફાયદો થયો નહીં. જ્યારે હું ધર્મના નામે અજ્ઞાની સંતોના ચક્કરમાં પડીને પોતાના જીવનના **62** વર્ષ બરબાદ કરી ચુક્યો હતો.

મને આ બધી વાતોની સતગુરૂ રામપાલજી મહારાજ પાસેથી નામ ઉપદેશ લીધા બાદ ખબર પડી. નેપાળ સંસદનો સભાસદ હોવાથી સરકારી ખર્ચે હું સંસારના કોઈપણ ડૉક્ટર પાસે પોતાના રોગોનો ઈલાજ કરાવી શકતો હતો, પરંતુ નેપાળના મૅડિકલ બોર્ડે એના માટે ભલામણ કરી નહીં કારણ કે તેમના અનુસાર મારો રોગ લાઈલાજ (સારવાર ન થઈ શકે તેવો) હતો અને કોઈપણ ડૉક્ટર મને ઠીક (સાજો-સારો) કરી શકે તેમ નહોતા. હવે તો મને એમ લાગતું હતું કે મારે જીવનભર આ દુઃખ ભોગવવું પડશે અને હંમેશા દવા ખાતા રહેવું પડશે.

એક દિવસ હું શોકમગ્ન થઈને બેઠો હતો ત્યારે મારો મિત્ર ભક્ત ભોલા દાસ જે કેટલાય વર્ષોથી સતગુરૂ રામપાલજી મહારાજનો શિષ્ય હતો. મારા દુઃખોને સાંભળીને, સતગુરૂથી ઉપદેશ લેવાથી તમારા દુઃખોનો અવશ્ય નાશ થશે તેમ કહીને વિશ્વાસ અપાવવા લાગ્યો. હું તથાકીત મોટા-મોટા સંતોની સંગત કરીને થાકી ગયો હતો. તે મિત્રની વાણી મારા માટે અંધકારમાં દિપકના પ્રકાશની જેમ મારા મનને સ્પર્શી ગઈ. હું ત્રીજા જ દિવસે સતલોક આશ્રમ, ચંદીગઢ રોડ, બરવાલા, જિ. હિસાર, હરિયાણા (ભારત) માટે નીકળી પડ્યો તથા સાથે મારી પત્નીને પણ લીધી કારણ કે ઘૂંટણનું હાડકું ઘસાઈ જવાના કારણે તે પણ ખૂબ જ હેરાન-પરેશાન હતી અને તેની આંખોમાં જળ બિંદુ નામનો લાઈલાજ (સારવાર ન થઈ શકે તેવો) રોગ હતો. તેમજ મેં નાના પુત્રની પત્નીને પણ સાથે લીધી. મને રસ્તામાં નેપાળના ઘણા ભક્તજન મળી ગયા, જે સતલોક આશ્રમમાં જઈ રહ્યા હતા. આ પ્રમાણે હું વગર કોઈ તકલીફે સતલોક આશ્રમ પહોંચી ગયો.

હું સંતો-મહંતોના સ્વાર્થથી પરિચિત હતો અને સતગુરૂ રામપાલજી મહારાજનું કોઈ પુસ્તક કે પ્રવચન સાંભળ્યું નહતું, કોઈના કહેવા માત્રથી આવી ગયો હતો. માટે આવતાની સાથે જ નામ ઉપદેશ લેવા માટે તૈયાર ન હતો. મારું સૌભાગ્ય હતું કે મારા આવવાના સમયે જ સત્સંગ સમાગમ થયો અને મને સતગુરૂ દેવનો સત્સંગ સાંભળવા મળ્યો જેના દ્વારા મને ખબર પડી કે આ સંસારના બધા ધર્મગુરૂ, બધા પંડિત, બધા પુરોહિત પોતાના નીજી સ્વાર્થ માટે ધર્મના નામે લોકોને કાળ-જાળમાં ફસાવીને અમને ભલી-ભોળી

આત્માઓને નરકમાં મોકલવાનો પ્રપંચ રચી રહ્યા છે. તે પ્રપંચીઓ ન તો ક્યારેય પરમેશ્વરને મળ્યા છે ન તો તેમને પરમેશ્વરની સત્ય ભક્તિનું કોઈ જ્ઞાન છે અને આ કામ તેઓ માત્ર થોડાક રૂપિયા કમાવવા તથા સમાજમાં માત્ર સમ્માન પામવા માટે કરી રહ્યા છે. પરંતુ હું છતાં પણ નામ ઉપદેશ લેવા તૈયાર થયો નહીં, પરંતુ મારી પત્ની તરત જ નામદાન લેવા માટે તૈયાર હતી કારણકે નામદાન લીધા વગર ગુરૂ દર્શન તથા ગુરૂના આશીર્વાદ મળવા સંભવ નહતા. આ મારી ઉપર કદાચ રાજનીતિના રંગનો જ પ્રભાવ હતો, જેના લીધે હું કોઈનો પણ વિશ્વાસ કરતો નહતો. છતાં પણ અમે ત્રણેય જણાએ એક બીજાથી સલાહ-સૂચન કર્યા બાદ અમે ત્રણેએ તા. **02-05-2012** ના રોજ નામ ઉપદેશ લીધો અને ગુરૂજીના દર્શન માટે ગયા. ત્યાં આગળ દયાના સાગર અમારી ઉપર કૃપા દૃષ્ટિ કરવા માટે જાણે અગાઉથી જ ઊભા હતા. જેવી જ મેં પોતાના રોગો અંગે વાત કરી તો સતગુરૂજી બોલ્યા ''બધું ઠીક (સારું) થઈ જશે'' અને મારા માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા અને મારી સાથે ચમત્કાર થઈ ગયો. સવારે સંડાસ ગયો ત્યારે થોડુંક લોહી પડ્યું અને તેના પછી બવાસીર - પાઈલ્સ - હરસ - મસા જાણે સમાપ્ત જ થઈ ગયા. બે દિવસ આશ્રમમાં રહેવાથી ક્રોનીક બ્રોંકાઈટીસ આશરે **80%** જેટલું મટી ગયું હતું જે હવે સંપૂર્ણ મટી ગયું છે.

માત્ર મહિને બે મહિને ક્યારેક ઉધરસ થઈ જાય છે. પત્નીના ઘૂંટણનો રોગ પણ ઠીક થઈ ગયો છે. કાઠમંડુ પાછા આવી ગયા પછી કાઠમંડુની એ જ હૉસ્પિટલમાં પત્નીની આંખની ફરીથી તપાસ કરાવતા ડૉક્ટર પણ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે તેમની આંખમાં જળ બિંદુ નામના રોગનું કોઈ નામ-નિશાન પણ નથી અને આંખો સંપૂર્ણ રીતે સારી છે.

મારો રોગ મુક્તિ અંગેનો ચમત્કાર, પરિવાર, સગાવ્હાલા તથ પાડોશીઓમાં ચારે તરફ ફેલાઈ ગયો (ચર્ચાનો વિષય બની ગયો). મારા પરિવારના અન્ય સભ્યો પણ કોઈને કોઈ રોગથી પરેશાન (દુઃખી) હતા. જેમ કે મારા મોટા ભાઈ જે પોતે એક ડૉક્ટર છે તેમનું આખું શરીર ફૂલી જતું હતું. મારી પુત્રીને માસિક **(mensus)** દરમ્યાન પેટમાં અસહ્ય દુઃખાવો થતો હતો. મારી બીજી પુત્રી જે વ્યવસાયે વકીલ છે તે સાઈટીકા અને ગળાના હાડકાના ઘસારાના રોગના કારણે જીવનથી નિરાશ થઈ ગઈ હતી તેમજ મારી બહેનનો પતિ પણ જળ બિંદુ નામના રોગથી પીડાતો હતો. આ બધા જ મારી ઉપર સતગુરૂ દેવની થયેલ કૃપા જોઈને ખૂબ જ પ્રભાવિત થયા. એટલા સમય સુધીમાં હું આશ્રમના નિયમો અને ભક્તિ ભાવથી થોડોક પરિચિત

**પણ થઈ ગયો હતો. મેં બધાને ''જ્ઞાન ગંગા'' પુસ્તક સારી રીતે વાંચવા માટે પ્રેરિત કર્યા. બીજી વખત જ્યારે હું આશ્રમ જવા નીકળ્યો તો બધાને સાથે લઈ લીધા. તે બધાને નામ-ઉપદેશ લેવામાં કોઈ વાંધો નહતો. બધાએ નામ-ઉપદેશ લીધો. વિશ્વાસપૂર્વક ભક્તિ કરી. આજે તે બધા રોગમુક્ત થઈને સુખી જીવન જીવી રહ્યા છે.**

**સતગુરૂ રામપાલજી મહારાજ પૂર્ણ પરમાત્માના પ્રતિરૂપ નથી પણ ''પૂર્ણ પરમાત્મા'' જ છે જે પોતાને છુપાવીને રાખી રહ્યા છે અને પોતાને ''પૂર્ણ પરમાત્માના દાસ'' તરીકે બતાવે છે. ધરતી ઉપર ફસાયેલા જીવોને બંધનમુક્ત કરીને સતલોક લઈ જવા માટે આવ્યા છે. આપણા સદગ્રંથોમાં પ્રમાણ છે કે કળિયુગના જ્યારે 5505 (પાંચ હજાર પાંચસો પાંચ) વર્ષ વીતી જશે તો તારણહાર સંત, જગતનો ઉદ્ધાર કરવા માટે ધરતી પર આવશે.**

*''કબીર પાંચ હજાર અરૂ પાંચ સૌ પાંચ જબ કલયુગ બીત જાએ*
*મહાપુરૂષ ફરમાન તબ જગ તારણ કો આએ'' ।।*

**તમામ (સર્વ) પ્રેમી ભક્તો ! સમય આવી ગયો છે, પૂર્ણ સંત પણ આવી ગયા છે અને જ્ઞાન અમૃતની વર્ષા કરી રહ્યા છે. વર્તમાનના બધા નકલી સંત મહંતરૂપી ઠગોથી બચો અને બને એટલું જલ્દીથી જલ્દી સદ્‌ગુરૂના ચરણોમાં આવીને મફતમાં નામ ઉપદેશ લઈને પોતાનું કલ્યાણ કરાવો અને પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરો. ।। સત સાહેબ ।।**

કેશવ પ્રસાદ મૈનાલી (દાસ),
કાઠમંડુ (નેપાળ)
ફોન નં. : **+00977-9841892583**

❑❑❑

**1 સતલોક આશ્રમની અન્ય પુસ્તકો (આધ્યાત્મિક જ્ઞાનગંગા, જ્ઞાનગંગા, ગહરી નજર ગીતામાં, ગીતા તારું જ્ઞાન અમૃત, સૃષ્ટિ રચના સંપૂર્ણ, માનવતાનો હ્રાસ તથા વિકાસ – વગેરે) અમારી વેબસાઈટ (www.jagatgururampalji.org) ઉપરથી ડાઉનલોડ પણ કરી શકો છો.**

❑❑❑